ॐ श्री अंतरिक्ष पार्श्वनाथाय नमः

पंडित श्री शुभशीलगणि कृतः—

विक्रम चरित्र

यानें

कौटिल्य विजय

(सचित्र)



—: प्रकाशक :—

विद्यानंद साहित्य प्रकाशक ग्रंथमाला

प्राप्तिस्थानः—मेघाड—झवेरीवाड—नवी पोळ

धीकांटारोड—चोविशजेठ पासे, अमदावाद.

ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

પંડિત શ્રી શુભશીલગણિ કૃત—

વિક્રમ ચરિત્ર

યાને કૌટિલ્ય વિજય

(સચિત્ર)



— પ્રકાશક —

વિદ્યાનંદ સાહિત્ય પ્રકાશક ગ્રંથમાલા

પ્રાપ્તિસ્થાનઃ—મેવાડ-કેમીકલ-વર્કસ

ઘીકાંટા રોડ-પોલિશગેટ પાસે, અમદાવાદ.

આવૃત્તિ બીજી

આ ગ્રંથના છાપવા છપાવવાના બધા હક્કો મેવાડ-કેમીકલ-વર્કસ-
ઉદેપુર (મેવાડ) વાલાને સ્વાધીન છે. માટે કોઇએ આ
ગ્રંથમાંથી કોઇ પણ ભાગ છાપવો છપાવવો નહિ.

નેમિ સં. ૧.

કિંમત


૩૮-૪-૦-૦

: લેખક :

મણીલાલ ન્યાલચંદ શાહ.

શાસનસમ્રાટ્–સૂરિચક્રચક્રવર્તિ જગદ્ગુરુ તપોગચ્છાધિપતિ

આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજી



જન્મ સં. ૧૯૨૯ * દીક્ષા સં. ૧૯૪૫

ગણિપદ સં. ૧૯૬૦ પન્યાસપદ સં. ૧૯૬૦ સૂરિપદ સંવત ૧૯૬૪

પ્રસ્તાવના.

વર્તમાનકાળના જૈન યુવકોની અમર અને શુદ્ધ ભાવનાને પોષવામાં જૈન સાહિત્ય અગત્યનો ભાગ ભજવે છે. આપણા પૂર્વના જૈન આચાર્યો તેમજ જૈન સાધુઓએ પોતપોતાની વિદ્વત્તાથી આ જૈન સાહિત્યની સંકલનાને અમર બનાવી છે. તેમણે અનેક નાના મોટા સાહિત્યમાં જૈન સાહિત્ય છૂપાવી રાખેલું છે. જે આજે આપણા જીવનને પવિત્ર બનાવવા માટે અતિ ઉપયોગી થઇ પડે છે. જો કે જૈનસમાજ જૈન સાહિત્ય તરફ જોઇએ તેવી લાગણી પ્રધાન ન હોવાથી કેટલુંક ઉપયોગી જૈન સાહિત્ય એમજ નાશ પામી જાય છે. પણ બહાર પ્રકાશનમાં આવવા પામતું નથી. આજના બુદ્ધિવાદના જમાનામાં જ્યારે કેટલાક જુના વિચારવાળાઓ જ્ઞાનની આશાતનાના ભયે પ્રકાશન કરતાં અચકાય છે કેમકે કોઇપણ વિશિષ્ટ જ્ઞાનના અભાવે આજે દરેકનું જ્ઞાન મન્તવ્ય જુદું જુદું હોવાથી જૈન સાહિત્ય પુરતા પ્રમાણમાં પ્રકાશન પામતું નથી, એ ઓછી દીલગીરી છે ?

છતાંય સમયને લઇને માણસોના વિચારો પલ્ટો લે છે. આજના વિચારો કાલે બદલાઇ જાય છે, નવા વિચારો જુના થાય છે, જુના સમયરૂપ એરણ ઉપર ઘડાઇને નવીન પલ્ટારૂપ થઇ જાય છે. દૈવની અનુપમ ઇચ્છાથી આ જુનો અને અપ્રસિદ્ધ ગ્રંથ જગત સમક્ષ પ્રકાશન પામે છે. વિક્રમ ચરિત્ર એ એક અપૂર્વ અને રસપ્રાધાન્ય ગ્રંથ હોવાથી સર્વજન પ્રિય થાય તો એમાં કંઇ શંકા ઉઠાવવા જેવું તો નથીજ. સમાજને ઉપયોગી સાહિત્યમાંનું આ એક અપૂર્વ સાહિત્ય સમાજને જો ઉપયોગી અને ઉપકારક થાય તો આજના જમાનામાં પણ આ સાહિત્યનો સંપૂર્ણ યશ એના કર્તા શ્રી શુભશીલગણિને ફાળે જાય છે, કારણુકે આ અપૂર્વ કૃતિ એમની વિદ્વત્તાના પરિણામ રૂપજ છે, આ ગ્રંથના મૂળ કર્ત્તા તેઓશ્રી પોતેજ છે.

વિક્રમ સંવત ૧૨૪૦ લગભગમાં જગત્ચંદ્રસૂરિશ્રીમહાવીર સ્વામિની ૩૫ મી પાટે થયા. જગત્ચંદ્રસૂરિ મહાન્ તપસ્વી હતા. બાર વર્ષ પર્યંત આયંબિલની તપસ્યા કરી હોવાથી ચિતોડના રાણાએ

જગત્ચંદ્રસૂરિને **'तपागच्छ'** બિરૂદ આપ્યું ત્યારથી નિર્ગંથ ગચ્છનું નામ તપાગચ્છ પડયું. તેમની પાટે તેમના શિષ્ય દેવેન્દ્રસૂરિ થયા. તેમણે કર્મગ્રંથ પચ્ચખાણભાષ્ય વિગેરે અનેક ગ્રંથો રચેલા છે. તેઓ સંવત ૧૨૭૧ થી ૧૩૨૦ સુધી વિદ્યમાન હતા, મહાન્ વસ્તુપાળ મંત્રીની આગેવાની નીચે શ્રી દેવેન્દ્રસૂરિને સૂરિપદ આપવામાં આવ્યું હતું. તેમની પાટે વિદ્યાનંદસૂરિ થયા. તેમની પાટે શ્રીધર્મઘોષસૂરિ થયા, શ્રીધર્મઘોષસૂરિ દેવેન્દ્રસૂરિના શિષ્ય હતા. તેમની પાટે સોમપ્રભસૂરિ થયા તેઓ ૧૩૩૨ થી ૧૩૭૩ સુધી વિદ્યમાન હતા. તેમની પાટે સોમતિલકસૂરિ થયા. તેઓ સં. ૧૩૭૩ થી ૧૪૨૪ સુધી સૂરિપદ પર હતા. તેમની પછી દેવસુંદરસૂરિ તેમની પાટે આવ્યા તેઓ સંવત ૧૪૨૪ થી ૧૪૫૬ સુધી સૂરિપદે હતા. તેમની પાટે સોમસુંદરસૂરિ થયા તેઓ ૧૪૫૬ થી ૧૪૮૩ સુધી હતા. તેમના વરદહસ્તે તારંગાજીની પ્રતિષ્ઠા થઇ છે. તેમના પછી મુનિસુંદરસૂરિ થયા. સંવત ૧૪૭૮ થી ૧૫૩૩ સુધી તે સુરિપદે હતા. તેમને કાલી સરસ્વતીનું બિરૂદ મળેલું હતું તેમજ બાદશાહ મુઝફરખાન તરફથી વાદિ ગોકળપંટનું પણ બિરૂદ મળેલું હતું. ઉપદેશ રત્નાકર. આધ્યાત્મ કલ્પદ્રુમ તેમજ સંતિકરમ્આદિ અનેક ગ્રંથોના તે કર્ત્તા છે. તેઓ સહસ્ત્રાવધાની તરીકે પ્રસિદ્ધ હતા. તેમના વિનેય શિષ્ય શુભશીલગણિ લગભગ ૧૫૨૭ સુધી વિદ્યમાન હતા. એ શુભશીલગણિજ આ વિક્રમચરિત્ર ગ્રંથના કર્તા

શુભશીલગણિએ ભરતેશ્વરવૃત્તિ તેમ જ સ્નાત્રપંચાશિકા અને પંચાસ્તિ પ્રબોધસંબંધ આદિ ગ્રંથો રચેલા છે. તેમજ આ વિક્રમચરિત્ર ગ્રંથ પણ વિક્રમ સંવત ૧૪૯૯ માં રચેલો હોય એમ લાગે છે. કર્ત્તાએ આ ચરિત્ર બે ખંડ અને બાર સર્ગમાં વહેંચી નાખ્યું. છે. પહેલા ખંડમાં એકથી સાત સર્ગ સુધી અને બીજા ખંડમાં આઠથી બાર સર્ગ સુધીમાં વિક્રમરાજાનું ચરિત્ર લગભગ સાતહજાર શ્લોકથી રસિક ભાષામાં વર્ણવ્યું છે. ભવ્યજીવોને સહેજે સ્વભાવે વાંચવાનું આકર્ષણ રહે અને તે સાથે કંઇક ઉપકારકારક

થાય એ દૃષ્ટિથી કર્ત્તાએ સુંદર વસ્તુની ગુંથણી કરેલી છે. કર્ત્તાનો એ મહાભારત પ્રયાસ ત્યારે જ સફળ થાય કે આજનો સમાજ એ કર્ત્તાની રસધારને હર્ષથી ઝીલે અને પોતાના જીવનમાં ઉતારી જીવનને આદર્શરૂપ બનાવે.

આ અપૂર્વ ઐતિહાસિક ચરિત્રને મેં મારી બુદ્ધિ અનુસાર સંસ્કૃત શ્લોક ઉપરથી નવલકથાના સ્વરૂપમાં આધુનિક સમયને અનુસરીને લખ્યું છે. આ નવલકથામાં મૂળ ચરિત્રમાં જે જે પાત્રો આવે છે બહુધા તેજ પાત્રો કાયમ રાખી ચરિત્રમાં જે વસ્તુ છે તેજ વસ્તુનું દિગ્દર્શન કરી પોતાની બુદ્ધિ કલ્પના દોડાવી નથી. કર્ત્તાએ આ ચરિત્રમાં કયાંક રસમય ઝમાવટ પણ કરી છે. વળી આ ચરિત્રમાં કૌટિલ્ય અને સ્ત્રીપાત્રોના સંબંધ વિશેષ હોવાથી મેં પણ કર્તાના આશયનો ખ્યાલ રાખી જે પાત્રો જેવી સ્થિતિમાં હતા તેને તેવી સ્થિતિમાં રાખી, વાંચકને રસિક લાગે તેવી રીતે આલેખ્યાં છે. તેમજ પુસ્તક મોટું થવાના ભયથી કયાંય બુદ્ધિકલ્પના દોડાવી નવીન પાત્રો ઉમેરવાની વૃત્તિ રાખી નથી. આજના જમાનાના યુવકોની ભાવનાને અમર બનાવી તેમના જીવનને આદર્શ બનાવતું આ કથાનક જરૂર જૈન ધર્મના ગૌરવને વધારશે. અવંતીપતિ વિક્રમ જૈન ધર્મનો કેવો રાગી અને શ્રાવક ધર્મને પાલન કરનારો, રોજ પ્રત્યાખ્યાન કરનાર, વ્રતધારી ને ત્રિકાળ જીન પૂજન કરનાર એ રાજાના સંબંધમાં આજના યુવકોને ઘણું નવીન જાણવા મળશે. જૈન બંધુઓ અને વિદ્વાનો આ નવીન પ્રગટ થતા સાહિત્યને જરૂર સત્કારે ! આદરથી, પોતાના ધાર્મિક અભિમાનથી આ સાહિત્યનો બહોળો પ્રચાર કરી ઉત્તજન આપે !

જૈન ધર્મના ગૌરવનો વધારનાર આ નવલકથામાં જૈન સિદ્ધાંત વિરૂદ્ધ લખવાનો સંભવ ન હોય છતાંય પ્રેસના દોષથી કંઇક ભૂલો જણાય તો વાચકો સુધારીને વાચવા કૃપા કરશે. એજ નમ્ર વિનંતિ!

લી. **મણીલાલ ન્યાલચંદ શાહ.**

અનુક્રમણિકા.

વિષય	પૃષ્ઠ	વિષય	પૃષ્ઠ
બાળતેજ	૧	કનકાનતીમાં	૨૧૭
તાપીને તીરે	૧૦	ઉપકાર પર અપકાર	૨૨૭
રાજમુગુટ	૧૮	વતનમાં	૨૩૪
દાવપેચ	૨૫	અવંતીપાર્શ્વનાથ	૨૪૪
એ અવધૂત કોણ	૩૪	રાજગુરૂ	૨૫૧
મેલાપ	૪૧	વિક્રમ સંવત્સર	૨૫૯
નરદ્વેષિણી	૪૮	શુકરાજકથા	૨૬૫
પ્રતિષ્ઠાનપુરમાં	૫૫	શ્રીદત્ત	૨૭૬
કૌટિલ્ય	૬૩	શુકરાજ અને હંસરાજ	૨૮૪
કલાવતી હરણ	૭૨	ચન્દ્રશેખર	૨૯૩
ખર્પરકચોર	૮૧	શત્રુંજય	૩૦૨
મદમર્દન	૯૦	શત્રુંજયનીયાત્રા	૩૦૮
દેવકુમાર	૧૦૧	પરદુઃખભંજન	૩૧૬
અવંતીમાં	૧૧૨	નગરચર્ચા	૩૨૨
ખળભળાટ	૧૨૪	ચોરનિગ્રહ	૩૨૮
બુદ્ધિ છે કોઇના બાપની	૧૩૪	દેવદમની	૩૩૫
નિષ્ફલતા	૧૪૫	રત્નનીપેટી	૩૪૪
કૌટિલ્યવિજય	૧૫૪	ઉમાદે	૩૫૪
સુવર્ણપુરૂષ	૧૬૪	પંચદંડમય છત્ર	૩૬૨
વચમાં આવતીવૃદ્ધા	૧૭૧	કાલિદાસ પંડિત	૩૭૦
સિદ્ધસેન દિવાકરસૂરિ	૧૭૬	વિચિત્ર ન્યાય	૩૭૭
વલ્લભીપુરમાં	૧૮૪	છઠ્ઠીના લેખ	૩૮૪
વિક્રમચરિત્ર	૧૯૫	નારીચરિત્ર	૩૯૨
વિક્રમાદિત્ય	૨૦૧	વફાદારી	૪૦૪
મુશીબત	૨૧૦	આલોચના	૪૧૦

વિષય

રત્નમંજરી
એકજભૂલ
ભૂલનો ભોગ
સ્ત્રી ચરિત્ર
સ્વામીભક્તિ
ઉદારતા
પ્રતિજ્ઞા
અબોલારાણ
રૂકમિણી

વિષય	પૃષ્ઠ	વિષય	પૃષ્ઠ
રત્નમંજરી	૪૨૩	પરકાય પ્રવેશવિધા	૫૧૩
એકજભૂલ	૪૩૧	આશ્ચર્ય	૫૨૧
ભૂલનો ભોગ	૪૪૧	ધર્મદેશના	૫૨૮
સ્ત્રી ચરિત્ર	૪૫૫	બુદ્ધિની પરીક્ષા	૫૩૪
સ્વામીભક્તિ	૪૬૬	અરિમર્દન રાજા	૫૪૨
ઉદારતા	૪૭૮	ધર્મનું ફલ	૫૪૯
પ્રતિજ્ઞા	૪૮૬	હા ! વિક્રમ	૫૫૬
અબોલારાણી	૪૯૫	ઉપસંહાર	૫૬૩
રૂકમિણી	૫૦૫		



આ નવલકથામા આવતા મુખ્ય પાત્રોની ઓળખાણ.



વિક્રમાદિત્ય.....અવંતીનો રાજા
ભર્તૃહરી ..... વિક્રમાદિત્યના વડિલબંધુ
વિક્રમચરિત્ર ..... વિક્રમાદિત્ય રાજાનો કુંવર
ભટ્ટમાત્ર.....અવંતીનો મહા અમાત્ય
બુદ્ધિસાગર .....અવંતીનો મંત્રી
મતિસાગર.....અવંતીનો મંત્રી
સિંહ.....અવંતીનો કોટવાલ
શાલિવાહન..... પ્રતિષ્ઠાનપુરનો રાજા
શુદ્રક..... શાલિવાહનનો બળવાન સુભટ
અઘટકુમાર.....વિક્રમરાજાનો બળવાન સુભટ
અગ્નિવૈતાલ.....વિક્રમરાજાનો સહાય કરનાર દેવ
ખર્પરક ચોર..... અવંતીને લુંટનાર ચંડિકાની સહાયથી
ગર્વિષ્ઠ થયેલો ચોર
કાલોદાસ..... વિક્રમરાજાનો જમાઇ
કમલાદેવી..... વિક્રમરાજાની મુખ્ય પટરાણી
કલાવતી ..... વિદ્યાધરબાલા વિક્રમરાજાની પત્ની
સુકુમારી..... શાલિવાહન તનયા વિક્રમરાજાની પત્ની
લક્ષ્મીવતી .....વિક્રમરાજાની રાણી રત્નની પેટીવાળી
દેવદત્તાની..... પંચદંડમય છાત્રનો રાજાને છેદ
લગાડનાર વિક્રમ
સુભદ્રા..... રાજકુમારની સ્ત્રી વિક્રમચરિત્રની પત્ની
રૂપકુમારી..... રાજકુમાર વિક્રમચરિત્રની પત્ની

નિવેદન

જૈન સમાજમાં વાંચવાને માટે ઘણાં પુસ્તકો છે, તેમાનુ આ વિક્રમચરિત્ર-યાને કૌટિલ્યવિજય (સચિત્ર) એ પણ અતિઉત્તમ બુદ્ધિગમ્ય-પરોપકારીવૃતિ અને ધર્મનિષ્ટતાના અનેક વિધ દ્રષ્ટાંતોથી ભરપુર છે.

આ ગ્રન્થ બહાર પાડતા અમોને અત્યન્ત આનંદ થાય છે કે! આ ગ્રન્થ સર્વમાન્ય તેમજ સર્વને પ્રિય થાય તેવો રસપ્રદ અને કૌટિલ્યથી ભરપુર છે આ પુસ્તકની પ્રથમાવૃત્તિ મહેતા નાગરદાસ પ્રાગજીભાઇએ શા. મણીલાલ ન્યાલચંદભાઇ પાસેથી ભાષાન્તરરૂપે તૈયાર કરાવ્યું તે બલાસ થતા. અમુક ટાઇમ પછી તેની માગણી ખુબજ ચાલુ રહી તેથી મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ પાસેથી પૂજ્યપાદ શાસન સમ્રાટ્ મહાનપ્રભાવીક **યુગપ્રધાન**-જગદ્‌ગુરૂ-આચાર્ય મહારાજશ્રી **વિજયનેમિસુરીશ્વરજી** મહારાજશ્રીના શિષ્ય રત્ન પ્રશાન્તમૂર્તિ વિનયગુણસંપન્ન મુનિરાજશ્રી **જીતવિજયજીગણી** તથા તેમના શિષ્ય રત્ન વિદ્વદ્વર્ય મુનિશ્રી **વિદ્યાનંદવિજયજી** મહારાજશ્રીના સદુપદેશથી અમોએ વિક્રમચરિત્ર તથા પૃથ્વીચંદ્ર-ગુણસાગર એમ બન્ને પુસ્તકોના સર્વ હક્કો લેઇને તેમાંથી આ ગ્રન્થ અમોએ છપાવ્યો છે તેથી હવે તેમનો કોઇપણ હક્ક રહેશે નહી. અને બીજા પણ છપાવનારાઓ અમારી રજા શિવાય છપાવી શકશે નહી.

મુનિરાજશ્રી જીતવિજયજી ગણિશ્રીની ભાવનાતો ઘણી ઉત્તમ છે કે સારામાં સારા પુસ્તકો બહાર પડે અને તેનો ઉપયોગ જનતામાં બુબથઇ ધર્મનિષ્ઠ આત્માઓ બને એવી સંપૂર્ણ ભાવનાઓ સેવે છે

આ પુસ્તક બુબ સુન્દર અને સુવ્યવસ્થિત કરવામા અને સચિત્ર બનાવવામાં બન્ને મુનિરાજોનો અમો આભાર માનીએ છીએ.

પ્રુફ વિગેરે સુધારવામાં ઘણીજ કાલજી રાખવામાં આવી છે છતાં પૂર્વની સંયોજિત રચનામાં રહેલી કેટલીક ક્ષામીઓ તથા પ્રેસદોષથી

ઉત્પન્ન થયેલી ભૂલો દેખાય છે તે હવે પછીની આવૃત્તિમાં સુધારી લેવામાં આવશે સુજ્ઞવાચક ગણને વિનંતિ છે કે તે શુદ્ધ કરી વાંચે.

શાસનદેવ પ્રત્યે અમારી પ્રાર્થના છે કે બન્ને મુનિમહારાજને સાહિત્યસેવા માટે જે ઘગશ ધરાવે છે તે ઉતેજીત થાય અને નવા-નવા પ્રકાશનો-પ્રતિવર્ષ નિકલતા રહે તેવી ક્ષ પૂર્ણ ભાવના અમો રાખીએ છીએ

પુસ્તક પ્રકાશન કરવામાં માસ્તર રતીલાલ બાદરચંદ શાહે જે જહેમત ઉઠાવી છે તે બદલ અત્રે તેમનો આભાર માની વિરમુ છું.

લિ. મેવાડ કેમિકલ વર્કસ ની સંચાલક.
નથમલ બનેચીયા જૈન.
ઉદયપુર (મેવાડ) રાજસ્થાન

ॐ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

વિક્રમ ચરિત્ર

યાને

કૌટિલ્ય વિજય

પ્રકરણ ૧ લું

यस्याग्रेणुतुलां धत्ते, प्रद्योतः पुष्पदंतयोः ।
जीयात् तत् परमंज्योति, र्लोकालोक प्रकाशकम् ॥

ભાવાર્થઃ—" લોક અને અલોકને પ્રકાશ કરનાર કેવલજ્ઞાન તે જયવંતું વર્તો; કે જે કેવલજ્ઞાનની આગળ ચંદ્રમાની કાન્તિ, સૂર્યની કાન્તિ, કામદેવની કાન્તિ અને દિશાઓનું તેજ પણ પરમાણુપણાને ધારણ કરે છે, અર્થાત્ એ કાન્તિઓ તેની આગળ કાંઈ હિસાબમાં જ નથી. "

" તારા કી જ્યોતમેં ચંદ છુપે નહિ
સૂર્ય છુપે નહિ બાદલ છાયા
રાઉ પડે રાજપુત છુપે નહિ
દાતા છુપે નહિ ઘર માંગન આયા
ચંચલ નારી કે નૈન છુપે નહિ
પ્રીત છુપે નહિ પૂંઠ દિખાયા
દેશ ફીરે પરદેશ ફીરે પણ
કર્મ છુપે નહિ ભભુત લગાયા. "

"ભાઇ ભાઇમાં ગમે તેવો સ્નેહ હોય તો ય એક લોહીની સગાઈ, છતાં એક દિવસ એવો આવે છે કે જ્યારે તે સ્નેહ પણ અદૃશ્ય થઈ જાય છે. આ જગત સ્વભાવથી જ કાંઇક વિલક્ષણ છે કે જ્યાં અખંડિત સ્નેહ હોય ત્યાં જરા શંકાને સ્થાન મલતાં વૈમનસ્ય થતાં વાર લાગતી નથી. પિતાજી હતા ત્યાં લગી અમારે ભાઇઓમાં કેવો સ્નેહ હતો! પણ પિતાજીના પરલોકગમન થયા બાદ, ભાઈ સર્વ સત્તાધીશ થયા. મારી ઉપર ખોટો વહેમ લાવી ભાભીના કહેવાથી મારી ઉપર નારાજ થયા, બલકે મારૂં અપમાન કર્યું. હશે, એ સત્તાના કેફ જ એવા છે, કે માનવીની વિચારશક્તિને હઠાવી તેમાં જોહુકમી ચલાવવાની ભાવના રહે છે. તેવી રીતે ભાઈએ પણ મારૂં અપમાન કરી ખોટી જોહુકમી ચલાવી છે. પણ મારી વાત સાંભળવાની ય પરવા કરી નહી. એવું અપમાન સહન કરી પરાધિનપણે રહેવું, તેના કરતાં વીર પુરૂષને તો પરદેશમાં પોતાના ભાગ્યની પરિક્ષા કરવી તે જ શ્રેષ્ઠ છે!

વળી સ્ત્રીઓની તો વાત જ શી કરવી? સ્ત્રી એ તો માયાનું ઘર! અસત્યનું મંદિર! એની પોતાની વાત ન બને તો તે શું નથી કરતી? શું નથી કરાવી શકતી? એ સ્ત્રીનાં અસત્ય વચન પણ ભાઇએ સત્ય માન્યાં, પરિણામ એ આવ્યું કે મારે વતનનો ત્યાગ કરી બહાર ફરવું પડયું. પરવા નહી, એક રીતે તો સારૂં જ થયું કે પરદેશમાં ફરવાથી મનુષ્ય બુદ્ધિ વધે, અનેક સ્વભાવના મનુષ્યોનો પરિચય થાય, જગતની વિવિધ રચના, કળા, કુશળતા જોવાય!" આવા ઉદ્‌ગાર વસંતઋતુના એક દિવસની મધ્યાન્હ સમયે જંગલમાં એક તરૂવરને આશ્રયે બેઠેલા એક નવયુવકના હતા. હજી યુવાનીની શરૂઆત જ હવે થાય

છે, એવો એ સુંદર, શરીરે હૃષ્ટપુષ્ટ, કદાવર બાંધાનો અને દેખાવે પ્રભાવશાળી હતો. રાજકુમાર જેવો સ્વરૂપવંત છતાં અત્યારે તે અવધુતના વેષમાં હતો. પોતાનું વતન છોડતાં જ એણે અવધુતનો વેષ ધારણ કરી એણે જગતની મુસાફરી કરવાનો નિશ્ચય કર્યો હતો. આજ કેટલાય સમયથી તે અવધુતના વેષમાં ગામ, પરગામ અને વને વન ફરતો ફરતો અત્યારે તે વૃક્ષની છાયામાં આરામ લેતો હતો. જરા વિશ્રાંતિ લઇ ત્યાંથી તે નજીકમાં કોઇકે શહેર હતું ત્યાં જવા તેનો ઇરાદો હતો. ઠકુરાઇ. વતન, વૈભવ વિગેરે છોડવા છતાં એના મુખ પર ગ્લાની ખિન્નતા, નિરાશા ભિરૂતા કે કાયરતા નહોતી, પણ પ્રભાવિક, તેજસ્વી અને વીરોનો પણ તે વીર હતો. ધૈર્ય અને સાહસ તો એને જ વરેલાં હતાં. એને જોતાં જ ખાતરી થતી કે નાનું છતાં યે સિંહનું બચ્ચું હતું. સિંહનું બચ્ચું નાનું છતાં શું મહાકાયાવાળા હાથીને જોઈ પાછાં ડગ ભરે કે?

મધ્યાન્હની વિશ્રાંતિનો અનુભવ કરતો આ અવધુત કેટલોક સમય ત્યાં પસાર કરી આગળ ચાલવાને તૈયાર થયો. દિવસ અસ્ત થતાં પહેલાં સમીપ રહેલા નગરમાં પહોંચી જવાય એ ઇરાદાથી તેણે એ નગરની દિશા તરફ જવાનું શરૂ કર્યું. અસ્ખલિત ગતિએ ચાલતો અવધુત નગરમાં પહોંચવા માટેના આનંદમાં હતો. એના મનમાં અનેક વિચારો હતા. છતાં તે દૃઢ નિશ્ચયી ને આગ્રહી હતો. તેના ભવ્ય ચહેરાથી તે સામા મનુષ્યો ઉપર પ્રભાવ પાડતો અને પોતાનું ધાર્યું કામ કરાવી લેતો; કારણ કે મનુષ્યોને સુકૃત અને દુષ્કૃત સાથે જ હોય છે, તેમજ ભાગ્યવંતને જ્યાં જાય ત્યાં સુકૃતરૂપ સગવડ જ હોય, પછી તે દેશ હોય કે પરદેશ.

અવધુત અનુક્રમે પોતાના ધારેલા નગરમાં આવી પહોંચ્યો. તેણે નગરમાં બજાર, ચોક, ચૌટાં જોતાં જોતાં નગરનું નિરીક્ષણ કરવા માંડયું. ફરતાં ફરતાં એક મોટા રસ્તા પર મોટા મકાનના ઓટલા ઉપર કપાળે ટીલાં ટપકાં કરેલો એક માણસ બેઠેલો એણે જોયો. તે માણસોના પ્રશ્નોના ઉત્તર આપતો, અને અનેકના મનનું સમાધાન કરતો જોઇ, અવધુત વિચારમાં પડયો. " " શું આ કોઈ જ્ઞાની પંડિત છે કે આટલા બધા માણસો તેની આગળ અહીં એકત્ર થયા છે ? શું આ તે બધાનાં ભવિષ્ય જુએ છે, કે મંત્ર તંત્રથી લોકોનાં દુઃખ દૂર કરે છે? જે હોય તે ખરૂં ! પરંતુ બધા લોકો એની તારીફ તો કરે છે "

માથે નાની શી ચોટલી અને ટીલાં ટપકાંથી શણગારાયેલા આ ભૂદેવે એક ઝુંકી ધોતલી પહેરેલી હતી. શરીરે જુના જમાનાનું જીર્ણ કપડું ઓઢેલું હતું. તેમજ આસન પાથરીને ઓટલા ઉપર બેઠા બેઠા હસીને સર્વનાં મનરંજન કરી રહ્યો હતો. જાણે કે ગુણોનો ભંડાર હોય નહી, તેમ પોતાના પીતાની પાસે આવેલા રાજી થઈ ને તે પાછા જતા હતા એમના મસ્તક ઉપર રહેલી નાનીશી ચોટલી પવનની લહેરોથી ધજાની માફક નૃત્ય કરતી જનતાને હસાવી રહી હતી. લોકો એમની પંડિતાઈની તારીફ કરતા ને ઉપરથી મિષ્ટાન્ન જમાડી તેમને ખુશ રાખતા હતા.

ભૂદેવની નજર આ તરફ જતાં અનુક્રમે દૂર ઉભેલા અવધુત ઉપર પડી તે ચમકયા. "આહ ! આતે અવધુત છે કે રાજપુત ? આવો પ્રભાવિક તેજસ્વી રાજકુમાર જેવો અવધુત હોઇ શકે ? પરંતુ વિધિની વિચિત્રતાથી કદાચ માનો કે હોઈ પણ શકે; છતાં આ સાચો અવધુત તો નથી જ ! આ કોઇ મહાન, સાહસિક પુરૂષ તો જરૂર

છેજ ! તેનું વિશાળ કપાળ ! વિશાળ આંખો ! વિશાળ છાતી ! જાનું પર્યંત બાહુ ! એની ભવ્ય મુખમુદ્રા અવધુતના વેશમાં એ બધાં છુપાવ્યાં છુપાતાં નથી. વિચક્ષણ માણસ તો કળી શકે કે આ સાચો અવધુત નથી. અસ્તુ. આ ભવ્ય પુરૂષની મિત્રાચારી જરૂર મને તો ભવિષ્યમાં લાભકારી થશે " આવી રીતે ભૂદેવને વિચાર તો ઘણાય આવતા. પરંતુ જેમ જેમ વિચાર આવતા તેમ તેમ અવધુતને તીવ્ર દૃષ્ટિથી જોતા હતા, પણ લોકો તેમને વિચાર કરવા દે તેમ નહોતું. જેથી લોકોના પ્રશ્નના ઉત્તર આપવા માંડયા. આ બાજુ સૂર્ય અસ્ત થવાની ઉતાવળમાં પડેલો જણાતો હતો. જેથી અવધુતે પણ કોઈ માતા કે મહાદેવના મંદિરમાં આસન જમાવા માટે ચાલવા માંડયું.

અવધુતને જતો જોઈ ભૂદેવે પણ ઉઠવાની તૈયારી કરી. લોકોનાં મન સંતોષી ઉભા થઈ લોકોને આશિર્વાદ આપતા બગલમાં આસન દબાવી પાટી પોથી ઉપાડી, ચાખડીઓ પગમાં દબાવી અવધુતની દીશા તરફ પ્રયાણ કર્યું.

ઉતાવળી ગતિએ ચાલતાં અવધુતની પાસે આવી પહોંચી 'નમસ્તે' કહી અવધુત તરફ તેણે હાથ જોડયા. જાણે પુરાણી ઓળખાણ ન હોય તેવી રીતે હાસ્યથી મુખ મલકાવતો ને આંખમાંથી જાણે અમી વરસાવતો હોય તેમ તે બોલ્યો. " આપ કોઇ નવીન પરદેશી જણાઓ છો ! આપને અહીયાં પહેલીજવાર મેં તમોને જોયા. કહો જોઉં આપ કંઇ તરફ પધારો છો ?"

" અમારે સંન્યાસીને દેશ શું કે પરદેશ શું ? આજ અહીંને કાલ બીજે. આજની રાત અહીયાં પસાર કરી આવતીકાલે પ્રાતઃકાળે આગળ ચાલ્યા જઈશું !"

"આપ કોઈ પવિત્ર ઉત્તમ મહાત્માપુરૂષ છો! બાલ્યાવસ્થામાં યોગ લઈને આપે આત્માને કૃતકૃત્ય કર્યો છે. આપ આ અજાણ્યા નગરમાં કયાં જશો? આજે આપ મારાજ મહેમાન થઇ જાઓ. આપના જેવા અતિથિ મહાન પુણ્ય યોગેજ મળે! આપનો સત્સમાગમ પણ ભાગ્ય યોગેજ મળે!"

પરદેશી અવધુતને 'ભાવતું હતું ને વૈદ્યે કહ્યું' એ કહેવત પ્રમાણે આ ભૂદેવની વાણી ગમી ગઇ. "અસ્તુ ભાઈ! જેવી તમારી ઇચ્છા" કહી બન્ને સાથે ચાલ્યા.

બન્ને જણા વાતો કરતા જાણે પુરાણા દોસ્ત હોય તેવી રીતે વર્ત્તતા ભૂદેવની મઢી આગળ આવી પહોંચ્યા. ભૂદેવે અવધુતની આગતા સ્વાગતા કરી ભોજન જમાડી તૃપ્ત કર્યા અને વાતો કરતા બન્ને જણા પથારી વશ થયા.

પ્રાતઃકાળે અવધુત અને ભૂદેવે ત્યાંથી આગળ ચાલવાની તૈયારી કરી. ભૂદેવ પણ એકાકીજ હતા. મંદિરમાં ત્યાગીની માફક રહીને ભીક્ષાવૃત્તિ યાને બ્રહ્મભોજન કરીને પડી રહેતા હતા. પોતે કાંઇક જ્ઞાની હતા, એથી અવધુત સાથેની મિત્રાચારી સાર્થક કરવા એમણે પણ અવધુતની સાથે સાથે ચાલવાની તૈયારી કરી.

અવધુત આ નવા મિત્રની સાથે અહીંથી આગળ ચાલ્યા. ગામ પરગામ જોતા તેઓ અનુક્રમે ગાઢ મિત્રો બની ગયા. બન્ને એક બીજાને ઓળખી ગયા. તેઓ ઘણી પૃથ્વિનું ભ્રમણ કરતા રોહણાચલ પર્વતની સમીપે આવ્યા. સાયંકાળની તૈયારી થતી હોવાથી રોહણાચલ પર્વતની પાસે એક ગામ હતું, ત્યાં આવીને ધર્મશાળામાં ઉતર્યા. ભૂદેવ ગામમાં જઇ ભીક્ષાવૃત્તિ માગી લાવીને પોતે જમતા અને મિત્ર અવધુતને પણ જમાડતા. ઉદરપૂર્ત્તિ કરી વાતો

કરતા નિદ્રાદેવીની રાહ જોતા હતા. ગામમાં નવા પરદેશી આવેલા સાંભળી કેટલાક ભક્તજનો પણ તેમના દર્શને આવ્યા. ભુદેવે ભક્તજનોમાંથી એક જણને પૂછયું ?

"ભાઇ! અહીં રોહણાચલ પર્વત રત્ન આપે છે તે વાત શું ખરી છે?

"હા, મહારાજ! એ રોહણાચલનો પ્રભાવ જીવતો જાગતો છે. આ કળીકાળમાં દીન દુઃખીના દિલાસા રૂપ નોધારાનો એ આધાર છે! એક ભક્તે જવાબ આપ્યો.

"રોહણાચલ પાસે જઇ શું કરવું પડે છે? એની કાંઇ વિધિ, આમન્યા, કે કોઇ રીત છે વારૂ?" ભુદેવે પૂછયું.

"હા જી! રોહણાચલ પર્વત પાસે જઈ, ખીણમાં ઉતરી પોતાને કપાળે હાથ ઠોકી 'હા દેવ! હા દેવ! એ પ્રમાણે દીનતાથી પોકાર કરી કોદાળાથી ખીણમાં ઘા કરે કે તરતજ રત્ન ચરણ આગળ પડે છે. આ એક દૈવી ચમત્કાર કે બીજું કાંઇ?" આવી વાણી સાંભળી ભુદેવ ખુશી થયા.

ઘણો સમય થઇ જવાથી ભકતજનો પોતાને સ્થાને ગયા. અહીં આ બન્ને મિત્રોએ નિદ્રામાં રાત્રી પૂરી કરી. પ્રાતઃકાળે સૂર્યોદય થતાં બન્ને રોહણાચલ પર્વત તરફ ચાલ્યા.

"મિત્ર! આ રોહણાચલ પર્વત રત્ન આપે છે કે નહીં તેની આપણે ખાતરી કરીયે, આપણે ત્યાં જઇએ ને હું ઇચ્છું છું કે તમે કોદાળાનો ઘા કરી એક રત્ન મેળવો!"

ભુદેવ! ભલે તારી ઇચ્છા છે તો જઇએ ને હું કુહારનો ઘા કરીને રત્ન મેળવવા પ્રયત્ન કરી જોઉં? પણ હું, હા દેવ! એવા દીનતાભર્યા શબ્દો તો નહિંજ બોલું. "ભુદેવના

જવાબમાં અવધુતે જવાબ આપ્યો ભુદેવનું નામ ભટ્ટ માત્ર હતું. તેમણે અવધુતને કહ્યું, "કેમ એમ! એ શબ્દો બોલવામાં શી હરકત તમને છે ભાઇ?"

"વાહ! એવા શબ્દો બોલવા એ તો કાયરનું કામ. અને એ શબ્દ બોલી રત્ન મેળવવું હોય તો મિત્ર! તું જ મેળવ. દીન વાણી વડે એ રત્ન મેળવવાની મારી ઇચ્છા નથી. દીન શબ્દો બોલ્યા વગર રોહણાચલ રત્ન આપતો હોય, તો મારૂં કામ."

અવધુતનાં વચન સાંભળી ભટ્ટ માત્ર મૌન રહ્યો. મનમાં એક યુક્તિ શોધી તેણે અવધુતની પાસે એ શબ્દો બોલાવવા જ એવો નિશ્ચય કર્યો.

રોહલાચલ પર્વત પાસે આવી ભટ્ટ માત્રે અવધુતને રત્ન મેળવવા આગ્રહ કર્યો. તેના આગ્રહને વશ થઇ અવધુત કુઠારને લઇ પર્વતની ખીણમાં ઉતર્યો. ત્યાં આવી તેણે કુઠાર ઉપાડી પર્વતનો ખીણમાં ઘા કર્યો, પરંતુ દીન વચનનો ઉચ્ચાર કર્યો નહી, તે દરમિયાન ભટ્ટે ઉપરથી કહ્યું. "મિત્ર! ઉજ્જન-અવંતીથી એક પુરૂષ તમને શોધતો આવ્યો છે. તે કહે છે કે તમારાં માતાજી રોગગ્રસ્ત થઇને મૃત્યુ પામ્યાં."

ભટ્ટના એ શબ્દો ખીણમાં રહેલા અવધુતે સાંભળ્યા, ને દુઃખપૂર્ણ નિઃશ્વાસ મુકી કપાળે હાથ ઠોકતો "હા દૈવ! હા દૈવ! આ શું થયું?" એમ બોલ્યો.

તેટલામાં સવાલક્ષ મૂલ્યની કીંમતનું એક રત્ન જ્યાં કુઠારનો ઘા લાગ્યો હતો ત્યાંથી નિકળી પડયું. રત્નને જોતાં ભટ્ટ માત્રે ખીણમાં આવીને તે ઉપાડી લીધું ને મિત્રને શાંત કરતો ખીણમાંથી બહાર આવી આગળ ચાલ્યો.

"અરે મિત્ર! આ રત્ન તો જો, અંધકારમાં પ્રકાશ કરનારૂં આનું કાંતિયુકત તેજ કયાં? અને તારી ગ્લાની કયાં? તારો ગ્લાની દૂર કર, તારી માતાને કુશલ છે; ફકત તારી પાસે એ શબ્દો બોલાવવા માટે મારી આ એક યુકિત હતી એમ સમજ."

ભટ્ટના મુખથી માતાના કુશલ સમાચાર સાંભળી અવધુત હર્ષવાન થયો. સંસારીઓને માતા પિતાનો સ્નેહ દુસ્ત્યાજ્ય હોય છે. જગતમાં પણ વિઘ્નોને તીર્થ, ધર્મ અને દેવના સંબંધમાં વિવાદ હોય છે છતાં માતાના ચરણની સેવામાં દરેક દર્શન સંમત હોય જ. ધર્મને વિષે જેમ દયા ઉત્તમ, ગુણોને વિષે દાન ગુણ ઉત્તમ, પૃથ્વી ઉપર જેમ મેઘ ઉપકારી ગણાય છે તેવી જ રીતે માતા એક તીર્થરૂપ ઉત્તમ જગદ્વંદ્ય વિભૂતિ છે કહ્યું છે કેઃ—

गंगा स्नानेन यत्पुण्यं, नर्मदा दर्शनेन च
तापी स्मरण मात्रेण, तन्मातुः पादवंदनात् ॥ १ ॥

ભાવાર્થ—ગંગામાં સ્નાન કરવાથી જે પુણ્ય થાય છે, નર્મદાના દર્શનથી જે પુણ્ય થાય છે તેમજ તાપીના સ્મરણ માત્રથી જે પુણ્ય થાય છે તે પુણ્ય માતાના ચરણને વંદન કરવા માત્રથી થાય છે.

માતા ઉપર ભક્તિવાળા આ અવધુતે રત્નને લઈને ખીણ પાસે આવી તે રત્નને ખીણમાં ફેંકી દીધું, અને બોલ્યોઃ-" અરે રોહણાચલ! દીન, દુઃખી અને અર્થીજનો પાસે આવાં દીનવચન બોલાવી તું રત્ન આપે છે તેથી તને ધિક્કાર હો!"

રત્નને ખીણમાં ફેંકી દીધાથી ભટ્ટ ચકિત થઈ બોલ્યો! અરે મિત્ર! આ તેં શું કર્યું? "મહા પ્રયાસે મેળવેલ

આવું તેજોયુક્ત રત્ન તેં વ્યર્થ નાખી દીધું ?"

"અરે ભટ્ટ ? મિત્ર ? આવાં દીન વચન વડે મેળવેલ રત્નો શું કામનાં ? પરાક્રમી પુરૂષોને તો લક્ષ્મી સ્વયંવરા થઇને ચાલી આવે. વીર પુરૂષોને તો ભૂજાના પરાક્રમમાં જ લક્ષ્મી હોય છે. દૈવ ? દૈવ ? નો ઉચ્ચાર તો કાયર પુરૂષોજ કરે." ભટ્ટ માત્ર એના તેજ ગૌરવથી ચકિત થયો અને ત્યારબાદ બન્ને ત્યાંથી આગળ ચાલ્યા.

પ્રકરણ ૨ જું
'તાપીને તીરે'

उद्यमं साहसं धैर्यं बलं बुद्धिः पराक्रमः ।
षडेते यस्य विद्यते, तस्य दवं पराङ्मुखम् " ॥ १ ॥

ભાવાર્થ—ઉદ્યમ, સાહસ, ધિરજ, બલ, બુદ્ધિ અને પરાક્રમ આ છ ગુણો જેનામાં વિદ્યમાન છે, તેને લક્ષ્મી સ્વયંવરા થઈને વરે છે ને દૈવ દરિદ્રતા દૂર થાય છે.

બન્ને જણા અનેક ગામ, જંગલ, વન ફરતાં ફરતાં નવીન કૌતકો નિહાળતાં ગુર્જરભૂમિની હદમાં દાખલ થયા. ગુજરાતની લીલી નંદનવન સમી સુકોમલ ભૂમિને જોતાં મનને હર્ષ પમાડતા અનુક્રમે તાપી નદીના તીરપ્રદેશ સમીપે આવ્યા. ભટ્ટમાત્ર એક ભૂદેવ, વિનોદી, તેમજ વાતોડીયો હોવાથી અવધુતને તેની સાથેની મુસાફરી સુખપૂર્વક થતી હતી. ભટ્ટ પણ અવધુતની સાર સંભાળ રાખવામાં ખામી આવવા દેતો નહિ. અવધુતનું સ્વરૂપ તે સારી રીતે જાણતો હોવાથી શેઠની સંભાળ જેમ નોકર રાખે તેવી કાળજીથી ભટ્ટ સેવા કરતો હતો. અવધુતના કેટલાક ગુણોથી પણ એના ઉપર ભક્તિ જાગૃત થતી

હતી. એ જાણતો હતો કે આજનો અવધુત રહેવાનો નથી, જગતના સ્વાભાવિક નિયમને અનુસરી આજનો અવધુત આવતી કાલે રાજા થાય છે, ત્યારે આજનો રાજા આવતી કાલનો યોગી-ભિક્ષુક બને છે. કારણ કે:—

સમય સમય બલવાન હૈ, નહીં પુરૂષ બળવાન;
કાબે અર્જુન લુંટીયો, એહી ધનુષ એહી બાણ.

ભટ્ટના મનમાં કંઈ વિચારો રમી રહ્યા હતા, ત્યારે અવધુત પણ પોતાની ધુનમાં મસ્ત હતો. બન્ને તાપીના તીર પર ફરતાં ફરતાં તાપીના શીતળ જળના તરંગોની શાંત લહેરોથી પરિશ્રમ દૂર કરી રહ્યા હતા. તેવામાં દૂરથી શીયાળનો શબ્દ સંભળાયો.

"મિત્ર? આ કંઈક જાનવરના જેવો શબ્દ તેં સાંભળ્યો કે?" અવધુતે પૂછયું.

"હા મિત્ર! આ એક શીયાળનો શબ્દ છે. અને આપણને કંઈક સૂચના કરે છે." ભટ્ટમાત્રના શબ્દોથી અવધુત ચકિત થયો.

"ભટ્ટ? તું શું જાનવરના શબ્દો સમજી શકે છે? આ ભાષા તું કયાંથી શીખ્યો વળી? કહે તો એ શું કહે છે!"

આ શિયાળના શબ્દો આપણને સુચના કરે છે, કે આ નદીના કાંઠે અલંકારોથી શોભાયમાન એક નારીનું શબ પડેલું છે. ત્યાં જઈ તેણીના અલંકારો તમે ગ્રહણ કરો."

ભટ્ટના શબ્દોથી ચકિત થયેલો અવધુત ખાતરી કરવાને શિયાળના શબ્દોની દિશામાં બન્ને ચાલ્યા. ભટ્ટની સાથે આગળ જતાં તેણે અલંકારોથી શોભતું એક સ્ત્રીનું શબ જોયું, અને તે જોઇ આશ્ચર્ય પામ્યો. "મિત્ર! જાનવરની ભાષા

સમજવાની તારી શક્તિ અજબ છે? ખચિત તેં કહ્યું હતું તેમજ છે. આ જો?"

"તો મિત્ર? આ અલંકારોને તું ગ્રહણ કર? કે જેથી આપણું દારિદ્ર નાશ પામે ને ભાગ્યોદય થાય. જો આ કેવા કીંમતી અલંકારો છે!

"જરૂર, તું કહે છે તેમ જ છે. પણ આ સ્ત્રીનાં આભૂષણ પણ હું લઈશ નહીં, આ મૃતકનો સ્પર્શ પણ હું કરીશ નહિ.

આ અલંકાર લેવામાં શું દોષ છે? અકસ્માત આવી મળેલી લક્ષ્મીનો અનાદર કરવો એ તો ભાઇ ઠીક ન કહેવાય. આતો લક્ષ્મીનું અપમાન કર્યું કહેવાય."

"દીન, અનાથ, દુઃખી, મરેલાને લુંટવો અથવા એની પાસેથી કાંઇ લઈ લેવું એ તો નરી કાયરતા કહેવાય. શુરવીરનું એ કામ નહિ; ભુખની વેદનાથી એ કૃશ થયેલો, વૃદ્ધ કે બાળક હોય, અથવા શિથિલ તેમજ કષ્ટકારી દશાને પ્રાપ્ત થયેલો, મદોન્મત્ત ગજેન્દ્રોના કુંભસ્થળને તોડવાની આકાંક્ષાવાળો કેશરી, શુદ્ધ એવા ઘાસને શું અડકે પણ ખરો કે?

"મિત્ર? તું તો કોઇ અજબ પુરૂષ છે? હશે, જેવી તારી ઇચ્છા.

"છતાં ભટ્ટજી! તમારી ઇચ્છા હોય તો આ આભુષણ તમે લો."

અવધુતની આ વાણી સાંભળી ભટ્ટ માત્ર તાજુબ થયો." મિત્ર? જે આભૂષણોને અસ્પૃશ્ય ગણીને તેં તજી દીધાં તેને શું હું ગ્રહણ કરૂં! શિવ? શિવ? એ પાપથી શિવ મારૂં રક્ષણ કરો? હે મિત્ર? એવું ચંડાળ કૃત્ય હું તે કેમ કરૂં?"

ભુદેવની આવી નિર્લોભતા જોઇ અવધુત ખુશી થયો, અને મનમાં ભટ્ટમાત્રના ગુણોની પ્રશંસા કરવા લાગ્યો, તેમાંય એની જાનવરની ભાષા સમજવાની શક્તિથી તો તે ઘણો જ ખુશી થયો. "અચીત આવા માણસોના સહવાસથી માણસ ઉન્નત્ત પદને પામે એમાં નવાઈ શી ?"

અવધુતે કહ્યું. "ઠીક ચાલો ત્યારે હવે ?"

"હા ! ચાલો !" ભટ્ટમાત્રે જવાબ આપીને અવધુતે સાથે ચાલવા માંડયું.

એ આભુષણયુક્ત નારીના મૃતકને છોડીને બન્ને મિત્રો ત્યાંથી આગળ ચાલ્યા. તાપી નદીના તરંગોને નિહાળતા. એ તરંગોના ધુઘવાટો જબ્બર માનવીના હૈયાને પણ ખળભળાવતા હતા. એ નદીના વિશાળ તટમાં કાળાં અને ઉંડાં જળ નિર્બળ હૃદયના માનવીને હચમચાવતાં એ જળતરંગો પરસ્પર અથડાતાં અને તાપીના વિશાળ જળમાં સમાઈ જતાં હતાં, એવી અનેક વિવિધ રમણીય તેમજ ભયંકર તાપીના જલ કલ્લોલોને નિરખતા બન્ને મિત્રો ચાલ્યા જતા હતા. એક બાજુએ તાપીનો વિશાળ તટ પ્રદેશ, ત્યારે બીજી બાજુ જંગલમાં રહેલાં નાનાં મોટાં વૃક્ષોથી શોભતી વનલીલાના મનોહર દેખાવને નિહાળતા વનચર જીવોના ભયંકર શબ્દોને પણ નહીં ગણકારતા તેઓ પોતાનો માર્ગ કાપી રહ્યા હતા ક્વચિત જંગલી જાનવરોના ભયંકર શબ્દો હચમચાવતા-ગભરાવતા હતા; એવા શબ્દો સાંભળતાં છતાં પણ અવધુતની છાતી ધડકતી નહિ. અકસ્માત પાછો શિયાળવાએ મંગળમય શબ્દ કર્યો. એ શબ્દ સાંભળી ભટ્ટ માત્ર સ્થંભિત થઈ ગયો.

"ભટ્ટજી ? કેમ અટકી ગયા ? વળી પાછું એ શિયાળ બોલ્યું કે શું ?"

ભટ્ટજી બોલ્યા, "હા, મિત્ર ? એ શિયાળનો મનોહર શબ્દ આપને માટે છે."

"મારે માટે ?" અવધુત આશ્ચર્ય પામ્યો.

"હા ! તમારે માટે સમજ્યા ?"

"એ મને શું કહે છે. વારૂ !"

"આ શિયાળ એમ કહે છે, કે તમને એક માસમાં અવંતીનું રાજ્ય મળશે."

"એ તો ? આશ્ચર્ય !" ભટ્ટજીની વાણી સાંભળી અવધુત અજાયબ થયો.

"એમાં આશ્ચર્ય શું ! ભવિતવ્યતા બળવાન છે. કુદરત ધારે તે કરી શકે છે. વિધિનું નિર્માણ કોણ સમજી શકે છે ?"

"આ એક અસંભવિત ઘટના તમે કહો છો. ભટ્ટજી ! માળવાની ગાદી ઉપર મહાપ્રતાપી ભર્તૃહરી આજે રાજ્ય ચલાવે છે. છતાં તમે અવંતીનું રાજ્ય મને મળશે એમ કહો છો તે શું સત્ય કહેવાય ? બરાબર શબ્દ સાંભળવામાં ભુલતા તો નથીને ?"

"મિત્ર ! આ શિયાળના શબ્દથી નક્કી તમે અવંતીનાથ થશો. એ સત્ય વાણી છે, એમાં જો હું ખોટો પડીશ તો આ તાપીના વિશાળ તટના ઉંડાણમાં હું સમાઈ જઇશ. અને કોઇ દિવસ તમને મારૂં મુખ પણ નહિ બતાવું."

ભટ્ટજીનો નિશ્ચયાત્મક શબ્દ સાંભળી અવધુત તાજુબ થયો. અને કહ્યું, "ઠીક ! ભાઇ ? અત્યારે હવે વિવાદથી શું ! જે હશે તે એક માસમાં જણાશે.

"જરૂર, તમે જોયા કરો ! એક માસમાં શું થાય છે. ગમે તેમ થાય પણ આ શિયાળવાનો શબ્દ એક માસમાં તમે અવંતીનાથ થાઓ એમ જરૂર સૂચવે છે."

"ભટ્ટજી ? તમારું કથન જો કદાચ સત્ય થશે તો જરૂર તમારા ઉપકારનો બદલો તમને આપીશ, પરદેશમાં તમારા સહવાસથી હું પોતાના ગૃહની જેમ સુખમાં દિવસો ગાળું છું. તે હું ભુલી તો નહી જાઉં."

"મહારાજ ! તમે પરાક્રમી, સાહસિક ને શૂરવીર છો ! ખચીત રાજા થવાને તમે યોગ્ય નર છો ! ક્યાં કુંજર ને ક્યાં ગર્દભ ? ક્યાં શૂરવીર ને ક્યાં કાયર ? ક્યાં તમે ને ક્યાં અમે ?"

"છતાં પણ ભટ્ટ માત્ર ! તમને હું ભુલી જાઉં તો મારા આત્માને ભુલી જાઉં એમ તમે ખચીત માનો ! કદાચ માનો કે હું રાજા થવાને યોગ્ય છું, તો તમારા જેવા મંત્રી થવાને યોગ્ય નથી શું ? જે રાજ્યમાં તમારા જેવા મહાઅમાત્ય હોય તે રાજ્ય આબાદી અને જાહોજલાલી ભોગવે એમાં નવાઈ શી ?"

"જાહોજલાલીમાં મિત્ર ! તમે અમને સંભારો એ બની શકે ખરૂં કે ? અમારા જેવા લંગોટીયા મિત્ર તો તેવા અવસરે યાદ પણ ન આવે !"

અવધુતે કહ્યું કે, "છતાં ય હું તમને મારા મહાઅમાત્ય બનાવીશ. સમજ્યા ?"

"ઉત્તમજનોનું એ લક્ષણ છે કે તેઓ કોઇનું કાંઇ રાખતા નથી. થોડો પણ ઉપકાર હોય તો તે વ્યાજ સાથે પાછો આપે છે. જેવું બોલે છે તેવું જ તેમનું વર્તન હોય છે, પણ દુર્જનની માફક બોલવું કાંઇ ને વર્તવું કાંઇ એવું ન હોય !"

"મિત્ર ભટ્ટજી ! તારા જેવો મિત્ર ભાગ્યે જ મલે છે. દુઃખમાં પણ તેં મારી સાથે મિત્રતા જાળવી રાખી છે તો સુખમાં પણ તું મારી સાથે જ રહે એ મિત્રતાનું લક્ષણ છે. કહ્યું છે કે—

" ददाति प्रतिगृह्णाति, गुह्यमाख्याति पृच्छति ।
भुङ्क्ते भोजयते नित्यं, षड्विधं प्रीति लक्षणम् ॥

ભાવાર્થ:—પોતાને ઘેરથી મિત્રને કંઇક વસ્તુ આપવી અને તેની પાસેથી લેવી, ખાનગી વાત પૂછવી અને કહેવી તેમજ પોતાને ઘેર મિત્રને જમાડવો અગર મિત્રને ઘેર જમવા જવું એ છ બાબતો પ્રીતિને વધારનારી છે.

બન્ને જણા વાર્તાવિનોદ કરતા આગળ ચાલ્યા જતા હતા. માર્ગમાં કે ગામમાં જે મલે તે સંતોષથી ભોજન કરતા ને લોકોના અતિથિ સત્કાર ચાખતા. તેઓ માળવાની હદમાં દાખલ થયા. પોતાના વતન તરફ આવતાં અવધુતને જે કે હર્ષ હતો, છતાં સાથે વિચાર આવતો કે મોટાભાઇ રાજ્ય ઉપર છતાં નાનાભાઈને ગાદી શી રીતે મળે? ભાવીની અનેક મુંઝવણનો વિચાર કરતો તે અવધુત પોતાના મિત્ર સાથે માલવાની હદમાં આગળ વધ્યો. પછી તો માલવપતિ સંબંધી અનેક વાતો લોકોના મુખેથી તેમના સાંભળવામાં આવી. "અવંતીનાથ ભર્તૃહરી રાજ્ય છોડી વૈરાગી થઇ ગયા છે ને રાજ્યગાદી રાજા વગરની ખાલી પડી છે." એ સંબંધી લોકો કંઈ કંઈ વાતો કરતા હતા, તે આ બંને મુસાફરો ધ્યાન દઇને સાંભળતા હતા.

"મિત્ર! ભટ્ટ? હવે આપણે જુદા પડવું પડશે. લોકો કહે છે કે અવંતીની ગાદી ખાલી પડી છે. તો હું ત્યાં જાઉં ને મારૂં ભાગ્ય અજમાવું."

"મહારાજ! તમારૂં કથન સત્ય છે. આપ સુખેથી સીધાવો. અવંતીનો રાજમુગટ શોભાવો." ભટ્ટ માત્રે અનુમતિ આપી.

"તારી વાણી સત્ય થાઓ! પણ મને એક વચન આપ? કે જ્યારે તું સાંભળે કે હું રાજા થયો છું, ત્યારે હે મિત્ર? તારે મારી પાસે જરૂર આવવું!"

"તમારા જેવા ઉત્તમ નરને તે યોગ્ય છે. આપની મિત્રતાની યાદશક્તિ તાજી—સજીવન કરવા એક વખત તો હું આપની પાસે જરૂર આવીશ."

"જરૂર! તારે આવવું ને તારા આવવાથી મારૂં રાજ્ય શોભાને પામશે. સર્વ મંત્રીઓમાં મુખ્ય મંત્રી થતાં તારાથી રાજ્ય ગૌરવ પામશે!"

"અસ્તુ, આપની અને મારી મિત્રતા સત્ય હશે તો આપણે જરૂર ફરીને મલશું. આપનો માર્ગ હવે વિઘ્ન રહીત થાઓ!"

બન્ને મિત્રો ફરી મલવાનો સંકેત કરી ત્યાંથી જુદા પડયા. અવધુત પોતાના મિત્રને છોડીને તુરેલ જીગરે અવંતીના માર્ગ તરફ પ્રયાણ કરી ગયો. ભટ્ટ માત્ર પણ એ અવધુત મિત્રના ગુણોને સંભાળતો પોતાના વતન તરફ ગયો. શરીરથી બન્ને મિત્રો જુદા થયા હતા, પણ એક બીજાનાં જીગર એક બીજાની સાથે દૂધ અને પાણીની માફક, અરણિ અને અગ્નિની માફક, પુષ્પમાં રહેલી સુગંધીની માફક મળેલાં હતાં. પ્રીતિ એ વસ્તુ જ એવી છે કે તેનું લોહચુંબકની માફક દૂરથી આકર્ષણ રહ્યા કરે છે— કહ્યું છે કેઃ—

"પ્રીતિ ઐસી કીજીયે, જયસા ટંકણ ખાર;
આપ જલે પર રીજવે, ભાંગ્યા સાંધે હાડ"

પ્રકરણ ૩ જું

'રાજમુગટ'

"દિવસના ઉજાસથી, ધુવડને દેખાશે શું ?
ઘડા જે ફુટેલ તે, ફરી સંધાશે શું ?
બેરના અંગારમાં, જલની ધારા દેવાથી શું ?
પાપીઓને ધર્મના શ્લોકો કહેવાથી શું ?"

"વાહ ! શું પરિવર્તન થઇ ગયું ? કાલે શું હતું ? આજે શું થઇ ગયું ? માલવાની ગાદી આજે નધણીયાતી થઈ પડી છે. એ પ્રૌઢ પ્રતાપી અવંતીપતિ મહારાજા ભર્તૃહરી કયાં ? અને અંધાધુંધી ભરેલો આજનો સમય કયાં ? એક વખતનો રાજાધિરાજ આજે વૈરાગી-તપસ્વી થયો, માલવદેશ આજે નધણીયાતો થયો. દૈવની ગતિ ન્યારી છે માણસ દૈવની સાથે બાથ ભીડી શું કરી શકે ? એક સરખા દિવસો જગતમાં કોના ગયા છે ? મનુષ્યે તો સમયને માન આપીને તેને આધિન થવાનું જ રહ્યું. વાહ ? કુદરત તારી કરામત !" માળવાની રાજધાની અવંતી નગરીની બાજુમાં ક્ષીપ્રા નદીનાં કાળાં ભ્રમર સમાન નીર, એનાં કલ્લોલો, જળતરંગો, અવંતીની શોભામાં વૃદ્ધિ કરી રહ્યાં છે, એવા ક્ષીપ્રાના તટપ્રદેશ ઉપર અનેક મનોહર નાનાં મોટાં વૃક્ષોમાંનો એક મહાન સિદ્ધવડ એ રમણીયતામાં વધારો કરી રહ્યો હતો. એ વિશાળ વડલાની નીચે એક સુંદર શિવાલય આવેલું છે. તેના ઓટલા ઉપર એક અવધુત આસન લગાવીને "ૐ નમો શિવાયં" નો જાપ કરતો માલુમ પડતો હતો. આ તરૂણ અવધુતને નિરખી નગરનાં નર-નારીઓના હૈયામાં ભક્તિ જાગૃત થતી હતી. લોકો અવધુતને

જોઈને નમી પડતા. એનું ગૌરવ, અને તેજયુક્ત વદન નિરખી સુંદર લલનાઓ મનમાં કંઇકંઈ ભાવના ભાવતી, જુવાન હૃષ્ટપુષ્ટ શરીર, ઘાટીલા મનોહર અવયવો જોઈ તરૂણ બાળાઓના હૈયામાં નવીન અભિલાષાઓ થયા કરતી. "આહ? હજી તો યુવાની હવે ઉગે છે. મુચ્છનો દોરો પણ બરાબર હવે ફુટે છે ત્યાંતો આ અવધુતનો વેષ? શું એમને માબાપ નહી હોય? કયા દુઃખે એમણે ભેખ લીધો હશે? એમને યોગ્ય ત્રિયા નહી મલવાથી શું અવધુત થયા હશે? આવા સુંદરને બાલ્યાવસ્થામાં જ અવધુતપણું એતો વિધિનો નરી વકતા કે બીજું કાંઇ? એવા તો અનેક વિચારો નારીઓના હૃદયો હચમચાવા નાખતા હતા. ત્યારે પુરૂષોના હૃદયની ભાવના વળી કંઈ જુદી જ હતી. એ બધીય જગતના વિચિત્ર સ્વભાવની ભિન્નતા કહેવી કે બીજું કાંઇ?

આખાય નગરમાં અવધુતના ગુણોની તારીફ થવા લાગી. વાત રાજદ્વારે જઇને અથડાઇ અને મંત્રીઓના કાન ચમકયા. "શું આ કોઇ એવો અપૂર્વ અવધુત છે કે શું? કોઇ શક્તિનો ઉપાસક છે કે મંત્ર, તંત્ર વિદ્યાનો પારગામી છે અથવા દેવતાની શક્તિ ધરાવનારો છે! એના પરિચયથી આપણું કાર્ય સિદ્ધ થઇ શકે કે કેમ? દિવ્ય શક્તિની સામે કોઇ મહાન દિવ્ય શક્તિ હોય તો જ કાર્ય સિદ્ધ થાય." મંત્રીઓ પણ અરસપરસ ઉપર પ્રમાણે મંત્રણા કરવા લાગ્યા.

મધ્યાન્હ સમયે એ વિશાળ રસ્તા ઉપર માનવીઓની અવરજવર કાંઇક ઓછી જણાતી હતી, તેવા અવસરે એક સારા દેખાવવાળો પુરૂષ સિદ્ધવડની નજીક નીચે રહેલા શિવાલયમાં દાખલ થયો. મૃગચર્મ પાથરીને બેઠેલા તરૂણ

અવધુતને નમી એ સુંદર આકૃતિવાળો પુરૂષ તેમની સામે બેઠો. અવધુતે એને સંપૂર્ણ નિરખી લીધો.

"કેમ મહાશય? તમારૂં સુંદર વદન ગ્લાન કાંઈ?" અવધુતે પૂછયું.

"મહારાજ? શું કહીયે? રાજના મામલામાં પડેલાને ચિંતા કયાં છોડે તેમ છે; અવંતીનાથ ભર્તૃહરી રાજ્ય ત્યાગી વનવાસી થયા. ત્યારથી અમારા સુખના દીવસો સૌ પુરા થયા." મંત્રીશ્વર બુદ્ધિસાગરે કહ્યું.

"મહારાજ ભર્તૃહરી ગયા તેમાં તમોને દુઃખ શું થયું? રાજ્ય, લક્ષ્મી, ઐશ્વર્ય, વૈભવ, ઠકુરાઈ કાંઇ એ બધું સાથે તો નથી લઇ ગયા? એ બધું તો તમને અર્પણ કરી ગયા, એ તો વનવાસી--તપસ્વી થઇ તપ કરવા ગયા" અવધુતે જાણવા છતાં નવીન વાત જાણવાના ઈરાદાથી બુદ્ધિસાગર મંત્રીને ઉપર પ્રમાણે જવાબ આપ્યો.

"છતાંય ખચ્ચીત એમના ગયા પછી રાજ્ય ઉપર ભારે આફત ઉતરી પડી છે. એ અવંતીનો રાજમુગુટ આજે કંટકપૂર્ણ તાજ બન્યો. એનો પહેરનારો બીજા દીવસની ઉગતી પ્રભાત જોવાને પણ જીવતો ન રહે એ ઓછા દુઃખની વાત?"

"એ તમારી વાત તો ખરી છે પણ એનોય ઉપાય કરવો જોઇએ, બળી બાકુળા કે મંત્ર જંત્રથી રૂષ્ટ થયેલા દેવતાને સંતોષવો જોઇએ કે જેથી આપોઆપ વિઘ્ન કરતો અટકે ને રાજ્યવ્યવહાર સારી કુશળતાથી ચાલે."

"એ બધુંય કરી ચુકયા, પણ એ કાંટાળો તાજ જેને પહેરાવી સિંહાસને બેસાડીએ છીએ, તેને રાત્રીના સમયે એ દુષ્ટ નીશાચર મારી નાખે છે, ને હોમ હવન કરી

એને પ્રસન્ન કરવાના પ્રયત્ન પણ નિષ્ફળ નિવડે છે ત્યાં અમારે શો ઉપાય કરવો.”

“છતાંય ઉપાય તો કરવો જોઈએ, શામ, દામ, દંડ અને ભેદ આ ચારથી પણ એને વશ તો કરવોજ જોઇએને ?” અવધુતે કહ્યું.

“અમારી બુદ્ધિ પ્રમાણે અમે બધાય ઉપાય કરી ચુક્યા, પણ એ દુષ્ટ રાક્ષસ પોતાની નીચતા ત્યાગતો નથી. મને તો લાગે છે કે એ અગ્નિવૈતાળ અમારી અવંતી ઉપર કોપ્યો છે, અને તેમાંય એના રાજા ઉપર તો વિશેષ !”

“અરે ! પાપી તે આવો ? એવા તો કેટલાય નવાનવા રાજાઓને એણે મારી નાખ્યા, આખીય અવંતી એના ત્રાસથી ત્રાહી ત્રાહી પોકારી રહી છે. મહારાજ ? હવે તો કાંઈ ઉપાય હોય તો તમે જ બતાવો. તેમજ હવે અમે શરણ પણ કોનું લઇએ.”

“કદાચ એમ પણ બને કે બીનહકદારને તમે ગાદીએ બેસાડો છો તેથી અગ્નિવૈતાલ તેમને મારી નાખતો હશે, તમે અવંતીપતિ ભર્તૃહરીના નાના ભાઇ વિક્રમને ગાદી ઉપર બેસાડો તો કદાચ એ દુષ્ટ એની દુષ્ટતા છોડે ખરો.”

“એમની શોધ કરવાની અમે શી કમીના રાખી હશે ? પણ એ અત્યારે ક્યાં હશે ? ને એ મલે પણ ક્યાંથી ? છતાંય એવું કાંઇ નથી કે એમને ગાદી ઉપર બેસાડવાથી રાક્ષસ સંતુષ્ટ થાય ?” મંત્રીએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

“ત્યારે તો રાજ્ય ઉપર અત્યારે તો પુરેપુરી આફત. એ કાંટાળો રાજમુગુટ પહેરી મરવા માટે કોણ તૈયાર થાય !

“કોઇ નહીં મહારાજ ! હવે તો આપ કાંઈ રસ્તો બતાવો તો સારૂં ! ઉપાય પણ એવો બતાવો કે એ દુષ્ટ

રાક્ષસ પોતાની દુષ્ટતા છોડે, ને અવંતીથી દૂર થાય?" તો અમોને શાંતિ થાય.

"અરે ભાઇ! એ તો કેમ બને? દુષ્ટો કાંઈ સહેલાઈથી પોતાની દુષ્ટતા છોડતા નથી. પાપીઓ હિતવચન કદી માનતા જ નથી. કહ્યું છે કે:—

खलः सत्क्रियमानोपि, ददाति कलहं सताम् ।
दुग्धधौतोपिकिंयाति, वायसः कलहं सताम् ॥

ભાવાર્થ—દુષ્ટ પુરૂષો પછી તે દેવ હોય કે મનુષ્ય હોય, અને તેનો ગમે તેવો સત્કાર કર્યો હોય તો પણ તે સજ્જન-પુરૂષોને કલેશકારી થાય છે. ગમે તેટલા દૂધથી ધોવા છતાં કાગડો શું હંસપણાની ઉજ્વલ કાંતિ પામી શકે કે!"

"માટે જ કાંઈ આપ જાણતા હો! અગર આપની પાસે કોઈ અપૂર્વ શક્તિ હોય તો આ અવંતી ઉપર ઉપકાર કરો? દુષ્ટ અગ્નિવૈતાલના ભયથી હવે આ અવંતીનું રક્ષણ કરો મહારાજ?"

બુદ્ધિસાગરનું વચન સાંભળી અવધુત વિચારમાં પડ્યો. એણે વિચાર્યું કે આ માણસ મારી પાસેથી કાંઇ સહાય લેવા આવેલો છે આ માણસ સામાન્ય નથી પણ અવંતીનો મંત્રી-અમાત્ય બુદ્ધિસાગર હતો વાહ! ભટ્ટ માત્રને શિયાળનો શબ્દ પારખવાની શક્તિ તો અપૂર્વ! ત્યારે આ કાંટાળો તાજ હું જ પહેરું તો કેમ? આ દુષ્ટ વૈતાલ મારા પણ શું હાલ હવાલ કરી નાખે તેની કાંઈ ખબર? હશે? પણ એ ચિંતા અત્યારે મારે કરવાથી શું? એ વિધિનું કામ એને જ સુપરત કરવું? જેવા દાવ પડશે તેવા દેવાશે." વર્ત્તમાન પરિસ્થિતિનો વિચાર કરતાં અવધુત આ રીતના ઊંડા વિચારમાં ઉતરી પડ્યો.

મંત્રીએ પૂછયું. "કેમ? આપ એનો કાંઈ ઉપાય કરશો ખરા?"

"હા?" અવધુતે કાંઇ નિશ્ચય કરી જવાબ આપ્યો;

"તો જરૂર આપ આખા માળવાદેશનું રક્ષણ કરશો? અને એ દુષ્ટ રાક્ષસના ત્રાસથી સર્વેને બચાવી મહાન પુણ્ય મેળવશો?" એવું મારૂં માનવું છે.

"જરૂર?" અવધુતની આંખોમાં કંઈક નવું તેજ આવ્યું.

"કહો ત્યારે એ ઉપાય?"

"ઉપાય? ઉપાય એટલો જ કે કંટકથી ભરેલો તાજ-મુગુટ મારે મસ્તકે મુકો! આ અવધુતને માથે એ બધો ભાર મુકો, પછી હું શું કરૂં છું તે તમે જુઓ.

અવધુતની વાણી સાંભળી મંત્રી બુદ્ધિસાગર ચકિત થયો. આ અણચિંતવ્યો ઉપાય સાંભળી તેનેય નવાઇ તો લાગી. છતાં તે પણ આ આપત્તિમાંથી છુટવા ચાહતો હોવાથી કાંટાળો તાજ અવધુતના મસ્તકે મુકવાથી જો આફત દૂર થતી હોય તો એથી રૂડું બીજું શું?

"આપની વાત અમને મંજુર છે મહારાજ! આપ જેવા શક્તિશાળી અવંતીનાથ થાઓ અને આખુંય અવંતી વૈતાલના ત્રાસથી મુક્ત થાય એ તો મજેહની વાત" આ પ્રમાણે કહી બુદ્ધિસાગર મંત્રીએ અવધુતની વાત સ્વીકારી લીધી.

બુદ્ધિસાગર મંત્રી અવધુત સાથે મંત્રણા કરી મનમાં ખુશી થતો ત્યાંથી ચાલતો થયો. આ અવધુતનું તેજ, ગૌરવ, એનું મોટું ભાગ્ય, ભવ્યતા આ સર્વ મંત્રીના હૈયાને સાક્ષી આપતાં હતાં. એને લાગ્યું કે આ અવધુત કોઇ સાક્ષાત વીરોમાં પણ વીર, સાહસિક, ભડવીર છે. પોતાની

કોઇ પણ અપૂર્વ શક્તિથી તે કાંટાળો રાજમુગુટ શોભાવશે. અને અવંતીને એ અધમ દૈવના ત્રાસમાંથી જરૂર મુક્ત કરશે.

મંત્રી બુદ્ધિસાગરના ગયા પછી અવધુત વિચારમાં પડયો. "અરે? કદાચ એ કાંટાળો, વિષમ અને ભયંકર રાજમુગુટ આવતી કાલની ઉગતી પ્રભાતે મારા મસ્તક પર મુકાશે તો પછી મારૂં થશે શું? એ દુષ્ટ વૈતાળને હું શી રીતે જીતી શકીશ! મારામાં એવી કયી શક્તિ છે કે તે શક્તિવડે હું તેનો પરાભવ કરીશ! ખચીત મેં જરા ઉતાવળ તો કરી છે. પણ હવે શું કેલું કાંઈ ચટાતું-ગળાતું નથી. કાંટાળો તાજ પહેરી એ મુશીબતોનો સામનો હવે તો કરે જ છુટકો! ગમે તેવી મુશીબતોમાં ધીર અને વીર પુરૂષો માર્ગ કરી શકે છે, પણ પોતાની નીતિ રીતિ કે વાણીનો ત્યાગ કરી ફરી જતા નથી. વીર પુરૂષોને તો તેની ભૂજાબળમાં જ લક્ષ્મી રહેલી છે. માટે જ જ્યાં સાહસ ત્યાં જ સિદ્ધિ?

તે પછી બીજા દિવસની ઉગતી પ્રભાતે શુભ મુહૂર્તે અને શુભ લગ્ને સિદ્ધવડના શિવાલયમાં રહેલા પરદેશી અવધુતના મસ્તકે અવંતીનો કાંટાળો એ રાજમુગુટ મુકાયો, અને એક વખતનો અવધુત અવંતીનાથ તરીકે જાહેર થયો.

"ભલાઇ કરી લે, જગતમાં શું લઈ જવાનું છે,
ધન અને દૌલત બધું અહીં રહેવાનું છે;
વાવીશ તેવું લણીશ, વિધિની એ જ નીતિ છે,
કરીશ તેવું પામીશ, જગતની એહ રીતિ છે."

પ્રકરણ ૪ થું.

एकोऽहमसदायोऽहं कृशोहम् परिच्छदः ।
स्वप्नेप्येवंविधार्चिता मृगेन्द्रस्य न जायते ॥ १ ॥

ભાવાર્થ—આ સેંકડો શત્રુઓ વચ્ચે હું એકલો છું, વળી સહાય વગરનો છું, દુર્બળ છું, પરીવાર વગરનો છું, એવી ચિંતા સ્વપ્નામાં પણ શું મૃગેંદ્રને થાય ખરી કે? ના મૃગેંદ્રને એવી ચિંતા સ્વપ્નામાં પણ થતી નથી.


અવંતીની રાજ્યલક્ષ્મીથી શોભતો મહીપતિ (અવધુત) મનમાં અનેક વિચાર કરવા લાગ્યો, રાજમુગટ ધારણ કર્યો તો ખરો પણ હવેએ કસોટીનો સમય નજીક આવતો હતો. આખોય દિવસ ધામધુમ, ઉત્સવ, ગીત, ગાન, આલાપ સંલાપમાં પસાર કર્યો નગરને શણગારવામાં તો કાંઈ બાકી હોય! રાજમાર્ગો ધ્વજા, તોરણ, પતાકાઓથી શોભી રહ્યા હતા. રાજસેવકો, કર્મચારીયો, અમલદારો મંત્રીઓ સર્વે કોઇ આજના ખુશનુમા દિવસનો આનંદ માણી રહ્યા હતા. રંકથી રાય પર્યંત ને અમીરથી ફકીર સર્વે આજે અપૂર્વ મોજ ભોગવી રહ્યા હતા. રાત્રીની ભયંકર આપત્તિને નહિ જાણનારા તેઓ અત્યારની મોજ ખુબ આનંદથી લુંટી રહ્યા હતા. નવા રાજાએ વૈતાળને જાણે વશ કર્યો હોય તેમ સર્વે એની આપદાને ભૂલી ગયા હોય નીં શું? એ મોજ, આનંદને ભોગવતાં આખોય દિવસ પસાર થયો ને ધીરે ધીરે નિશાએ પોતાની ભયંકરતા શરૂ કરી.

ધીરે ધીરે સર્વે કોઈ નવા રાજાને એના ભાગ્ય ઉપર છોડી પોતપોતાના સ્થાનકે આરામ લેવા ગયા. મોડી રાતે

મંત્રીઓ પણ નવા મહીપતિને સાવધાન રહેવાની સૂચના કરી હૃદયમાં અકથ્ય સંકલ્પ કરતા પોતપોતાને ઘેર ગયા.

મહીપતિએ રાજમાર્ગો ઉપર સેવકોને ગોઠવી દીધા. તેમને જાગૃત રહેવાની સુચના કરી, તેમજ જે દિશા તરફથી એ દુષ્ટ નિશાચર આવતો હતો તે તરફના દરવાજા આગળ અનેક જાતિનાં પકવાનો, મેવા, મીઠાઈના મોટા મોટા થાળો મુકાવ્યા, તેમજ ફળ, ફુલ, અત્તર વગેરે અનેક પ્રકારની સામગ્રી ત્યાં મુકવામાં આવી, તેની આજુબાજુ ગુપ્ત રીતે પહેરેગીરો (રાજસેવકો)ને ગોઠવી સુચના કરી રાજા રાજમહેલમાં આવ્યો. રાજમહેલના એક વિશાળ ખંડની પાસે શયનગૃહ હતું ત્યાં રાત્રીએ દીપકોની જ્યોતથી જાણે દિવસ હોય તેવો આભાસ થતો હતો. એ વિશાળ ખંડમાં પણ મહીપતિએ સેવકો પાસે અનેક પ્રકારના પકવાનના થાળો, દ્રાક્ષના કટોરાઓ તેમજ ફળ, ફુલ અને મેવાની અમુક સામગ્રીઓના મનોહર થાળો ગોઠવાવ્યા, સુગંધી તેલ, પુલેલ અત્તરના ફોરાઓની ખુશબોથી સારાય રાજમહાલયની હવામાં નવચેતન આવ્યું. આજુબાજુ રાજસેવકોને જાગૃત પણે રક્ષણ કરવાની આજ્ઞા ફરમાવી મહિપતિ એ વિશાળ ખંડના શયનગૃહના દ્વાર પાસે પલંગ ઉપર તલવાર હાથમાં લઈને સાવધાનપણે બેઠો. મધ્યરાત્રીનાં ચોઘડીયાં વાગી રહ્યાં, ને નિશાએ પોતાનું ભયંકર રૂપ ધારણ કર્યું. ત્યાં તો શી ભયંકર ગર્જના ? આફત !

એ ભયંકર ગર્જનાએ અનેકનાં હૃદય હલાવી નાખ્યાં. આખાય દિવસની મોજ અદૃશ્ય થઈ ગઈ, અને આ ભયંકર દૈત્ય શું કરશે ને શું નહિ કરે, તેમજ આ નવા રાજાનેય તે દુષ્ટ રાક્ષસ મારી નાખશે કે શું ! આવા વિચારે લોકોનાં કલેજાં કાંપવા લાગ્યાં.



રાજમહેલમાં જ્યાં અવન્તિપતિ વિક્રમાદિત્ય સૂતેલા છે, આવવાના દરવાજા તરફ ફળ, ફુલ, પકવાન્ન, મેવા, મિઠાઈ વિગેરેના થાળો ગોઠવેલા છે. રાજસેવકો શસ્ત્રો સહિત ગુપ્ત રીતે ઉભા છે, ત્યાં ભયંકર સ્વરૂપને ધારણ કરનાર દુષ્ટ નિશાચર અગ્નિવૈતાલ રાજમહેલમાં પ્રવેશે છે. પૃષ્ટ ૨૬

ભયંકર સ્વરૂપને ધારણ કરનારો કાળરાત્રી સમો એ અધમ સૂર હુંકાર કરતો નગરના દરવાજામાં પ્રવેશ કરી નગરમાં ભમતો ત્રાસકારક સિત્કાર, ફુત્કાર ને હુંકારથી નગરજનોને ભય પમાડતો નવા રાજાને હણવાને રાજમહાલય આગળ આવી પહોંચ્યો. રાજમહાલયમાં પ્રવેશ કરી જાણે પોતાનું મકાન હોય તેમ ભયને નહીં જાણતો રાજાના શયનગૃહ આગળ આવ્યો. નવા મહીપતિને નિર્ભયપણે પલંગ ઉપર સાવધાનપણે બેઠેલો જોતાં આ અધમ રાક્ષસ ક્રોધથી દાંતને કચકચાવતો ભયંકર રૌદ્ર સ્વરૂપ ધારણ કરી હાથમાં તલવાર લઈ નવા રાજાને મારવા માટે ધસ્યો.

રાક્ષસને પોતા સામે ધસી આવતો જોઈ, રાજા સાવધ થયો. રાક્ષસ પોતાના બન્ને ખભાઓને જોતો ભુજાની ચપળતા નિહાળતો ગર્જ્યો.

"સબુર! વૈતાલ! સબુર!" આ પ્રમાણે ભયરહિત નવા મહીપતિની હાકલ સાંભળી રાક્ષસ વૈતાલ ચમકયો.

"અરે વાહ! શું તને મારો ભય જરા પણ નથી! કઇ હીંમતથી તું મારી સામે બોલી શકે છે!" હવે તું જો કે તને મોત કેવી સરસ રીતિયે ભેટી શકે છે?" રાક્ષસ ગર્જના કરી ઉપર પ્રમાણે મોટા અવાજે બોલ્યો.

"એ બધુંય પછી, પહેલાં આ બધું તારા સત્કારને માટે તૈયાર રાખ્યું છે તે બલિને આરોગ તો ખરો? આ ફળ, ફુલ, મેવાથી તૃપ્ત થા; આ ખુશબોદાર, તેલ, ફુલેલ અત્તરથી તારો મિજાજ જરી શાંત કર; અને તે પછી મારી સાથે તારી મરજી હોય તે પ્રમાણે વિગ્રહ શરૂ કર."

"આહ! એક મગતરા સરખા માનવીનું શું ગુમાન? આ મિથ્યાભિમાન! મને શું આ મેવા મીઠાઇમાં લલચાવી

છટકી જવા પ્રયત્ન કરી શકીશ ? આ પ્રમાણે બોલી વૈતાલે હાથીના દાંત સરખા ભયંકર દાંતો કચકચાવ્યા.

" ખચીત તારા સકંજામાંથી હવે હું નથી છટકનાર ! માટે આ બલિ આરોગીને મારી સાથે યુદ્ધ કરવા તૈયાર થજે, તેમાં મને કોઇ પણ જાતનો વાંધો નથી. માટે પહેલાં તો તું આ બલિ આરોગ. "

મહીપતિના આવા નિર્ભય શબ્દો સાંભળી, વૈતાલ એની હીંમતથી ચકિત થયો, એ મેવા મીઠાઇના ભરેલા થાળો આરોગતાં એને શી વાર ? ફૂલ કુલ અને છેવટે અત્તરના ખુશનુમા કટોરા શરીર ઉપર તેણે ઢોળી નાખ્યા. એ ખુશનુમા અત્તરથી સ્નાન કરી રાક્ષસ શાંત થયો, એનો ગરમાગરમ મિજાજ ઠંડાગાર થઈ ગયો. નવા રાજાને હણવાનો ખ્યાલ હવામાં ઉડી ગયો, બલિથી પ્રસન્ન થયેલો વૈતાલ મધુર શબ્દે નવા રાજાની સામે બોલ્યો.

" હે નરોત્તમ ? તારી ઉપર હું પ્રસન્ન થયો છું. હે સત્યશાળી ! બોલ તને હું શું આપું ! અથવા તો હે પરાક્રમી ! તારા સારા ભાગ્યને આધિન થયેલો હું તને આ માળવાનું રાજ્ય આપું છું; તેના વડે તું ન્યાયનીતિથી પ્રજાનું પાલન કર અને સુખેથી રાજ્ય ભોગવ. "

" તમારૂં વચન મારે માન્ય છે, " નિશાચરને આ રીતે સંતુષ્ટ થયેલો જાણી રાજા ખુશી થયો.

" છતાં તારે મારૂં રોજ એક કામ કરવું પડશે. સમજ્યો રાજન ! "

" અને તે કામ વળી શું " રાજાએ પૂછયું.

" બીજું શું કામ હોય, પણ રોજે તારે આ પ્રમાણે મારે માટે બલિની ગોઠવણ કરી મને રાજી કરવો પડશે. "
" બોલ ! મારી એ શરત તને મંજુર છે ? આ રીતે રાક્ષસે રાજાને કહ્યું. "

"હા." રાજાએ અત્યારે તો ટુંકમાં પતાવ્યું.

એ પ્રસન્ન થયેલો વૈતાલ તરતજ અદૃશ્ય થઇ ગયો, અને રાજા નિદ્રાધિન થયો.

બીજી સવારે પ્રાતઃકાળના મંગલમય વાજીંત્રના નાદોને સાંભળતો મહીપતિ જાગૃત થયો. મંત્રીઓ રાજાનું ભાવી જાણવાને અધીરા થયેલા ઉતાવળા ત્યાં આવી મહીપતિને કુશળક્ષેમ જોઈ તેમના ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા. રાજાએ રાત્રીનું સર્વ વૃત્તાંત મંત્રીઓ સમક્ષ કહ્યું. નવા રાજાને પુનર્જીવન મળેલું જાણી મંત્રીઓએ મોટો ઉત્સવ કર્યો. આવા મહોત્સવમાં આખોય દિવસ નગરજનોએ પસાર કર્યો.

દરરોજ એ પ્રમાણે બલિ આપવાથી રાજાને ને વૈતાલને મિત્રતા થઈ, છતાં રાજાને આ મિત્ર થયેલો શત્રુ આંખમાં કણાની માફક ખુંચતો હતો. રોજ બલિ જો આવી રીતે આપવામાં આવે તો મોટા ભંડારો પણ ખાલી થતાં શી વાર લાગે! છતાંય અત્યારે તો સમયને માન આપીને ચલાવી લેવું એ ચતુરાઈનું કામ છે.

એક રાત્રીએ બલિને ગ્રહણ કરીને નવા રાજાની રજા લઇ રાક્ષસે અદૃશ્ય થવાની તૈયારી કરી તે વખતે નવા રાજાએ રાક્ષસને કહ્યું કે, "અરે મિત્ર? આટલી ઉતાવળ શી? જરા બેસો તો સહી. આપણે કાંઇક નવીન વાતચીત કરીએ."

મહીપતિની આવી વાત સાંભળી એ ભયંકર જીભ્હા ને દાંતવાળો ઘોર રાક્ષસ રાજાની પાસે આવીને પલંગ ઊપર બેઠો. "તમે દેવતાઓ ઘણા શક્તિવાળા ગણાવ છો. કહો, તમારો શક્તિ કેટલી? અને તમારું જ્ઞાન પણ કેટલું? એની કાંઈ હદ હશે કે નહીં!"

"રાજન! અમારી શક્તિ અમારૂં જ્ઞાન, અમારૂં સામર્થ્ય અમાપ છે. હું સર્વ શકિતમાન છું. જલ ત્યાં થલ ને થલ ત્યાં જલ કરવાને સમર્થ છું. સર્વ કાંઈ જાણી શકું છું. સર્વ કરી શકું છું. અમારા સામર્થ્ય, જ્ઞાન આગળ માનવીની અલ્પ શકિત બિચારી શું કરે? મગતરારૂપ માનવીનો અમારે મન કાંઈ હિસાબ ન હોય?"

" આહ શું આવું જ્ઞાન, અને સામર્થ્ય તમે ધરાવો છો?" રાજા જાણે ચકિત થયો હોય તેવો ડોળ કરીને કહ્યું.

"હા! રાજન? એમાં શી મોટી વાત? ગમે તેવાં મહાભારત કામ જે માનવીને મનમાં પણ અગમ્ય હોય તેવાં અમે ઓછી મહેનતે સહેલાઇથી કરી શકીયે છીએ.."

"ત્યારે તો ઠીક! તો કહો ત્યારે મારૂં આયુષ્ય કેટલું છે તે તમે જાણી શકો છો વારૂ?" મહીપતિએ વૈતાલને પૂછયું.

" ઓહો? એમાં શું મોટી વાત! રાજન? તમારૂં આયુષ્ય પુરેપુરૂં સો વર્ષનું છે. હજી ઘણા કાળ પર્યંત તમે આ પૃથ્વીને ભોગવશો."

રાક્ષસનાં વચન સાંભળી રાજા જરા ઝંખાણું વદન કરીને બોલ્યો " અરે? અરે? શું એકસો વર્ષ પુરા? એકડા આગળ બે શુન્ય એ તો નહી સારૂં."

"કેમ નહી સારૂં? આટલો દીર્ઘકાળ પર્યંત તમે પૃથ્વીને ભોગવો એમાં બોટું શું ત્યારે!"

" બોટું કેમ નહીં, મિત્ર? શુન્ય એ તો અમંગળ રૂપ છે. તમે નથી સાંભળ્યું કે.

शून्यं गृहं वनं शून्यं, शून्यं चैत्यं महत्पुनः
नृपशून्यं बलं नैवं, भाति शून्यमिव स्फुटम् ॥

ભાવાર્થ—શૂન્યગૃહ, શૂન્યવન જેમ શોભાને પામતાં નથી. તેમજ પ્રતિમા વિનાનું મોટું વિશાળ ચૈત્ય (મંદિર) પણ શોભા પામતું નથી, જગતમાં લશ્કરે કરી રાજા પણ શોભતો નથી. શુન્ય એવી સુંદર વસ્તુઓ જેમ જગતમાં શોભતી નથી, તેમ મારા આયુષ્યમાં બે શુન્ય પડી છે તે અરેઅર નથી શોભતી."

ત્યારે એમાં બીજો ઉપાય પણ શુ ? રાક્ષસ બોલ્યો.

"કેમ ઉપાય નહિ ? એ બે શુન્યમાંથી એક વધાર કે બોછી કર તું આવો સામર્થ્યવંત હોવા છતાં આટલું મિત્રતાનું કામ નહીં કરે વારૂ ?"

"રાજન્! હું ગમે તેવો શક્તિશાળી હોવા છતાં તમારા આયુષ્યમાંથી એક વર્ષ વધારવું કે ઘટાડવું એ મારી તો શું બલ્કે સાક્ષાત ઇંદ્રની પણ શક્તિ નથી."

"અરે એ તો બોટું ? શું એટલું પણ તારાથી ન બની શકે ?" રાજા મનમાં તો આ સાંભળી ખુશી થયો, પણ રાક્ષસની શક્તિનું માપ કાઢવા ખાતરી કરવા લાગ્યો.

"રાજન ! હું તે શું બલ્કે પૂર્વે ખુદ ચરમ તીર્થંકર મહાવીરસ્વામી જે સમયે મોક્ષે જવાની તૈયારીમાં હતા તે સમયે સાક્ષાત્ ઇંદ્રે આવીને આયુષ્ય એક ક્ષણ માત્ર વધારવાની પ્રાર્થના કરી પણ એ કોઈથી બની શકયું છે! કે હું તે બનાવી શકું ?"

"હશે ત્યારે જેવી મારી ભવિતવ્યતા" રાજા નિરાશ થતો હોય તેમ બોલ્યો.

સમય થઈ જવાથી વૈતાલ તરતજ અદૃશ્ય થઈ ગયો. મહીપતિ પણ રાક્ષસના ગયા પછી નિદ્રાદેવીના આધીન થયો.

પ્રાતઃકાળે મંગળમય શબ્દોના મધુર શબ્દોએ રાજાને જાગૃત કર્યો. પ્રાતઃક્રિયા પુરી કરી નાહી ધોઇ રાજસભામાં હાજરી આપી. મંત્રીઓ સાથે ગોષ્ઠિ વિનોદ કરતાં દિવસ પૂરો થયો. રાત્રીની શરૂઆત થતાં નગરના દરવાજે અને મધ્ય દિવાન ખંડમાં બલિ મુકવાનો સેવકોને રાજાએ નિષેધ કર્યો. કાંઇ પણ બલિની વ્યવસ્થા કર્યા વગર રાજા નિર્ભયપણે ખડગને પડખે રાખીને શયનગૃહમાં આવીને જાગૃતપણે પલંગ ઉપર પોઢી ગયો. એ દુષ્ટ નિશાચરના આગમનની રાહ જોતો તે સમય વ્યતિત કરવા લાગ્યો. બરાબર મધ્ય રાત્રીએ એ દુષ્ટ અસુર અટ્ટહાસ્ય કરતો પોતાના બલિનો સ્વાદ લેવાને નગરના દરવાજે થઇને મહેલના વિશાળ ખંડમાં હાજર થયો.

એ વિશાળ ખંડમાં કાંઇ પણ પોતાને ઉપભોગ્ય સામગ્રી નહી જોતાં રાક્ષસ ક્રોધથી જનુની બન્યો. "રે? રે? દુષ્ટ? મને બલિ આપ્યા વગર શું તું હવે નિર્ભય રહી શકવાનો છે? નક્કી આજે તું મોતનો મેમાન બનવાનો છે"

રાક્ષસની તાડના સાંભળી મહીપતિ એકદમ સાવધ થયો. પોતાનું ખડગ પોતાના હાથમાં નચાવતો પલંગ ઉપરથી એકદમ નીચે કુદ્યો.

"અરે? દુષ્ટ! તું મને શું કરવાનો છે? આજ સુધી તેં અનેકના પ્રાણ હર્યા પણ આવ મારો સામે આવ? તારી શકિતનો જેટલો પરચો હોય તેટલો આજ તું મને બતાવ?"

મહીપતિનાં સાહસિક વચન સાંભળી રાક્ષસે દાંત કચકચાવ્યા. યમની જીહ્વા સમી પોતની જીહ્વાને બહાર કાઢતો ને ફુત્કાર શબ્દો કરતો રાક્ષસ તાડુકયો અને બોલ્યો. "અરે? ઓ મોતના મુસાફર હવે તું સાવધ થઇ મરવાને તૈયાર થા.

" અરે ? અધમ રાક્ષસ ? કોઇને મારવાની તારામાં શક્તિ જ કયાં છે ?

" જીવવું કે મરવું, એ કાંઇ તારા હાથમાં નથી, મરવું કે જીવવું, એ તો છે વિધાતાના હાથમાં "

" વિધાતાના હાથમાં છે ? અરે દુષ્ટ જો વિધાતા નહીં પણ મારા હાથમાં છે. "

થયું છે નિર્માણ તારું, આ હાથથી મરવાને
યાદ રાખ જીવું છું, તુજને સાફ કરવાને;

" અરે હોશીયાર ! મને તું શું મારીશ, તું પોતે જ હારીશ. વિક્રમના શબ્દો સાંભળતાં રાક્ષસ તલવાર સાથે ધસી ગયો, વિક્રમ રાજા એની સામે થયો, અને ખડગાખડગી યુદ્ધમાં વિક્રમે પોતાનું બાહુબલ બતાવી રાક્ષસની તલવાર ઉપર પોતાની તલવાર ઝીંકી. વૈતાલના હાથમાંથી તલવાર પડી ગઇ. પોતે પણ તલવારને દૂર ફેંકી રાક્ષસ ઉપર કુદ્યો, બાહુ યુદ્ધમાં વિક્રમ વૈતાળને હરાવી એની છાતી ઉપર ચડી બેઠો.

વિક્રમનું આ સાહસ જોઈ રાક્ષસ બોલ્યો. આજથી હું તારો સેવક છું. બોલ તને શું વરદાન આપું ? "

રાક્ષસની પ્રસન્નતા જોઇ વિક્રમ રાક્ષસને મુક્ત કરી બોલ્યો. હું તને જ્યારે યાદ કરું ત્યારે તારે હાજર થવું. ને મારું જે કાર્ય હોય તે તારે કરવું, અને હરહંમેશ મારી સાથે તારે સ્નેહથી મિત્રની માફક રહેવું. '

" મહીપતિ ! મારી સંપૂર્ણ તમોને સહાય છે, માટે તારે સુખપૂર્વક રાજ્ય કરવું. અને મારી શુભ આશિષ છે, કે તું શત્રુ મંડળને જીતીને સકળ ભારતનો અધિપતિ થા.

અગ્નિવૈતાળ એ રીતે રાજાને વરદાન આપી ભક્તિથી નમીને અદૃશ્ય થઈ ગયો. મહાનપુણ્યથી રાજાનો એક

મહાન શત્રુ આજથી હંમેશને માટે સેવક થયો. પ્રાતઃકાળે રાજાએ પોતાનો સર્વ વૃત્તાંત મંત્રીમંડળને કહી સંભળાવ્યો. આવા પરાક્રમી અને સાહસિક રાજાને મેળવવો એ કાંઇ ઓછા ભાગ્યની વાત છે? જગતમાં મહાન્ પુણ્યવંતને શું નથી મળી શકતું?

પ્રકરણ ૫ મું.

' એ અવધુત તે કોણ. '

' अमोघा वासरे विद्युत्, अमोघंनिशि गर्जितम ।
नारी बाल बचोऽमोघ, ममोघं देव दर्शनम् ॥ '

ભાવાર્થ—જગતમાં સામાન્ય એવો નિયમ છે કે દિવસે વિજળી ઝબકારા લેતી હોય તો જરૂર વૃષ્ટિ થાય, રાત્રીએ મેઘની ગર્જના પણ અમોઘ એટલે નિષ્ફળ જતી નથી, તેમ કોઇ વખતે સ્ત્રી અને બાળકનાં વચન પણ સફળ થાય છે એવી રીતે દેવદર્શન પણ જગતમાં નિષ્ફળ જતું નથી."

માળવાની રાજધાનીનું શહેર અવંતી ક્ષીપ્રા નદીના તટ ઉપર આવેલું રમણીય અને મનોહર હતું. પૂર્વે શ્રી ઋષભદેવના અવંતિ નામના કુમારને આ માળવદેશની સુબાગીરી મળેલી જેથી એ અવંતિ રાજકુમારે માળવામાં આવીને આ ક્ષીપ્રાના કાંઠા ઉપરની રમણીય ભૂમિ ઉપર નગરી વસાવી પોતાના નામ ઉપરથી અવંતી નગરી નામ પાડયું હતું, સ્વર્ગપુરીસમી એ નગરી અનુક્રમે જાહોજલાલીને ભોગવતી માળવાની શોભાને વધારવા લાગી. અનેક મનોહર અને રમણીય ઈમારતોથી એની શોભા વૃદ્ધિ પામી. એ અવંતીમાં કાળે કરીને અનેક રાજ્યક્રાંતિઓ થઈ. એક પછી એક નવીન રાજ્યો આવ્યાં અને ગયાં, ચરમતીર્થપતિ શ્રી મહાવીર સ્વામીના સમયમાં ચંદ્રપ્રદ્યોત

અવંતીનો શાસક થયો. ચંદ્રપ્રદ્યોતની ગાદી ઉપર તેનો પૌત્ર પાલક રાજા થયો. આ નગરીના નવનંદ, ચંદ્રગુપ્ત, અશોક વિગેરે અનેક શાસકો થયા. ક્રમે કરીને મહાવીર સ્વામીના નિર્વાણ બાદ પાંચમા સૈકામાં ગંધર્વસેન નામે રાજા અવંતીનો શાસક થયો. જીનેશ્વરનો ભક્ત એવો તે રાજા ન્યાયનીતિથી પ્રજાનું પાલન કરી સારો રીતે રાજ્ય ચલાવતો હતો. જીનમંદિરોથી સુશોભિત અવંતિમાં અનેક કોટીપતિઓ ને અબજોપતિઓ જીનેશ્વરની ભક્તિ કરતા પોતાના કાળ સુખમાં વ્યતિત કરતા હતા. દેવતાની માફક શાંતિના સમયમાં જતા એવા કાળને પણ તે જાણતા નહિ. કારણ કે જ્યાં રાજા દયાપ્રેમી, ધર્મપ્રેમી, ન્યાયી હોય તો તેની પ્રજા પણ દયામાં પ્રીતિ રાખી, ધર્મ ધ્યાનમાં પોતાનો સમય પસાર કરી રાજાનું અનુકરણ કરે તો એમાં નવાઈ શી? શત્રુઓને ત્રાસકારી, ને સજ્જનોને શરણ કરવા યોગ્ય આ રાજાને ધીમતિ અને શ્રીમતિ નામની બે રાણીઓ હતી, કામદેવને રતિ અને પ્રીતિના સરખી બન્ને રાણીઓ રાજાના હૃદયને પ્રાણવલ્લભા સ્વરૂપ હતી. સુખમાં કાળ વ્યતિત કરતાં ધીમતિ રાણીને સુંદર સ્વપ્નથી સૂચીત એક પુત્ર ઉત્પન્ન થયો. પુત્રનો જન્મોત્સવ કરી સજ્જન, સંતપુરૂષોને સંતોષ પમાડી તેમ જ બંધુજનોને આમંત્રી બાળકનું ભર્તૃહરી નામ રાખ્યું. બાળ ભર્તૃહરી બીજના ચંદ્રની માફક વૃદ્ધિ પામતો સર્વના હૃદયને આનંદ આપતો, બાળચેષ્ટાથી રાજાના હૃદયને પણ એ બાળક શું ન કરી શકતો? રાજાનું હૃદય પણ એ બાળપુત્રની કાલીઘેલી ભાષાથી થનથના જતું. માતાપિતા અને મંત્રીવર્ગની આંખનીકીકી સમો એ બાળક અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યો.

ગંધર્વસેન રાજાની બીજી રાણી શ્રીમતિ નામે હતી

તેણે પણ કાળે કરીને સારા સ્વપ્નથી સુચીત સુંદર ગર્ભને ધારણ કર્યો. ગર્ભના પ્રભાવથી તેણી દાન, શીયળ, તપ અને ભાવપૂર્વક ધર્મનું આરાધન કરવા લાગી. જીનેશ્વરના મંદિરને વિષે જઇને જીનપૂજન કરવામાં તત્પર બની. જીનભક્તિમાં ને ધર્મમાં કાળ નિર્ગમન કરતી રાણી શ્રીમતીને નિશાના અંત સમયે એક સુંદર પુત્રનો પ્રસવ થયો. સ્વપ્નામાં સૂર્યને જોયેલો હોવાથી તેમજ જન્મ સમયે પણ સૂર્યોદયનો સમય થયેલો હોવાથી રાજાએ એ બાળપુત્રનું વિક્રમાદિત્ય એવું નામ રાખ્યું. જ્યોતિષના જ્ઞાતા પુરૂષોએ સૂર્યોદય સમયે એ પુત્રનો જન્મ હોવાથી દીર્ઘ આયુષ્યવાળો એને પરાક્રમથી પૃથ્વી મંડળને જીતીને અવંતીના રાજમંડળમાં પોતાની આણ ફેરવશે એવું ઉત્તમ ભવિષ્ય ભાખ્યું. વિક્રમાદિત્યનો જન્મથી રાજાના હર્ષનો તે શું પાર? આને જાણે રામ લક્ષ્મણની જોડી વિધાતાએ નવી સરજી કે શું?

બન્ને પુત્રો કાળે કરીને વૃદ્ધિ પામતાં શસ્ત્રવિદ્યા, અને શાસ્ત્રની કળાના પારંગામી થયા. રાજાએ ભીમ રાજાની પુત્રી અનંગસેના સાથે ભર્તુહરીનું પાણિગ્રહણ કરાવ્યું. ભર્તુહરી પણ અનંગસેના જેવી સુંદર રાજકુમારીને પત્ની બનાવી પોતાની નવીન યુવાવસ્થાને સફળ કરવા લાગ્યો. સુખમાં સમય જતાં કંઈ વાર લાગતી નથી. એવા સુખમાં કાળ વ્યતીત કરતાં રાજા ગંધર્વસેન એક દિવસ શુળ રોગને આધિન થઇ મૃત્યુ પામી ગયો. આ મૃત્યુલોકનું રાજપાટ છોડી સ્વર્ગ ભૂમિનો તે અતિથિ થયો.

મંત્રી વિગેરે અધિકારીઓએ રાજાનું મૃત્યુકાર્ય કરી શુભ મૂહુર્તે પાટવી કુમાર ભર્તુહરીને રાજ્ય ઉપર બેસાડ્યો. માળવા દેશની રાજ્ય લક્ષ્મીને પૂર્વના પુણ્યથી પ્રાપ્ત કરી ભર્તુહરી રાજતેજથી અધિક શોભવા લાગ્યો. ન્યાયથી

પ્રજાનું પાલન કરી, શઠ અને દુર્જનને શિક્ષા કરી તે સંત સાધુ અને સજ્જન જનોનું રક્ષણ કરતો હતો. કહ્યું છે કે.

दुर्बलान्त मनाथानां, बाल वृद्ध तपस्वीनाम् ।
अन्यायैः परिभूतानां, सर्वेषां पार्थिवोगतिः ॥

ભાવાર્થ—દુર્બલ, અનાથ, બાળ, વૃદ્ધ, તપસ્વી, સંત, સાધુ અને સજ્જનો તેમજ અન્યાયથી પરાભવ પામેલાઓને રાજા એજ શરણભૂત છે.

ભર્તૃહરીનો રાજાભિષેક થયો તે સાથે વિક્રમાદિત્યને યુવરાજ પદવીથી વિભૂષિત કરવામાં આવ્યો હતો. પ્રજાને ન્યાયથી પાળતાં અને શત્રુઓથી પોતાના રાષ્ટ્રનું રક્ષણ કરતાં ભર્તૃહરીનો સુખમાં કેટલોક કાળ વ્યતીત થયો.

સ્ત્રીઓની ચંચળતા જગતમાં શું નથી કરતી ? અવંતી જેવા દેશની મહારાણી તેમજ દરેક પ્રકારની સુખ સગવડતા છતાં મનની ચપળતાથી પટ્ટરાણી અનંગસેનાનું મન અવનવા વિચારોમાં રમી રહ્યું હતું. એવી જ એક દુષ્ટ ચપળતાથી રાણીએ રાજાના કાન ભંભેર્યા. સ્ત્રીઓને આધિન એવા અલ્પજ્ઞ પુરૂષો કોઇનું અરે પોતાના ભાઇનું પણ સાચું માનતા નથી. બલ્કે તેનો તિરસ્કાર કરી અપમાન કરવાને પણ આંચકો ખાતા નથી.

રાજા ભર્તૃહરીએ અનંગસેનાની ઉશ્કેરણીને વશ થઈ યુવરાજ વિક્રમનો તિરસ્કાર કરી અપમાન કર્યું. તાડના તર્જના કરી, યુવરાજની સત્ય વાત લેશ પણ ધ્યાનમાં ન લેતાં નહી કહેવા યોગ્ય રાજાએ કહેવાથી વિક્રમને બહુ જ ખોટું લાગ્યું. તેણે વિચાર્યું કે " આવું અપમાન સહેવા કરતાં પરદેશ સારો. જ્યાં અનેક પ્રકારની બુદ્ધિ વધે, નવીન માણસોનો સમાગમ થાય, અનેક નવીનતા, વિચિત્રતા, રીતભાતો જાણવાની મળે." મહામાની યુવરાજ વિક્ર-

આદિત્ય તેજ રાતના એક ખડગ માત્ર ધારણ કરી જીર્ણ વસ્ત્રભેર એકાકી અવન્તીથી ગુપચુપ ચાલી ગયો, અનંગ-સેનાના માર્ગમાં નડતું વિઘ્ન એ રીતે અત્યારે તો દૂર થયું. તેણી પોતાની બુદ્ધિની તારીફ કરતી હર્ષિત થઇ. પરદેશમાં ભમતા વિક્રમે સરળતાને લીધે અવધુત વેશ ધારણ કર્યો,

અવંતીમાં નારાયણ નામે એક બ્રાહ્મણ ઘણોજ દુઃખી દરીદ્રી અને કંગાળ હાલતમાં દિવસ વિતાવતો હતો. રોજના દારિદ્રના દુઃખથી કંટાળી ક્ષીપ્રા નદીના તટ ઉપર આવેલા નગરની બહાર હરસિદ્ધ માતાના મંદિરમાં દેવીની ઉપા-સના કરવા બેઠો. તેની ભક્તિ અને ઉપાસનાથી તેમજ દૃઢતાથી દેવીએ પ્રસન્ન થઇને દીર્ઘજીવિતને આપવાવાળું એક ફળ આપ્યું. એ ફળ જોઇને એ દુઃખી બ્રાહ્મણ બોલ્યો "દેવી આ ફળમાં શું ગુણ છે ? આ ફળ મારું દારિદ્ર શી રીતે દૂર કરશે ?"

"એ ફળનું ભક્ષણ કરવાથી તું અમર થઇશ. દીર્ઘ આયુષ્યવાળો થઇશ." દેવીની વાણી સાંભળી બ્રાહ્મણ બોલ્યો "અરે માતા ? એ અમરપણાને તે હું શું કરું ?" લક્ષ્મી વગર જગતમાં હું મુએલો છું દારિદ્ર પૂર્ણ એવા અમરપણાને તે હું શી રીતે વ્યતીત કરું ?

"નારાયણ ? તારા ભાગ્યમાં લક્ષ્મી નથી તેમાં હું શું કરું ? અમે દેવતાઓ પણ જેના ભાગ્યમાં જેટલું હોય તેટલું જ આપવાને શક્તિમાન છીએ, ભાગ્યથી અધિક આપ-વાની તો અમારી શક્તિ કયાંથી હોય ? છતાં પણ જા ? આ ફળના પ્રભાવથી તને કાંઇક ધન મળશે." દેવીનું વચન સાંભળી નારાયણ પોતાને ઘેર ગયો,

સ્નાન કરી શુદ્ધ થઇ જેવો ફળના ભક્ષણનો વિચાર કરે છે, તેવામાં એકાએક વિચાર બદલાયો. "આ ફળ હું

ખાઉં તેના કરતાં અમારા રાજાને ભેટ ધરૂં તેજ સારૂં. ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ એ રાજા નિરોગી અને દીર્ઘકાળ સુધી જીવશે તો પ્રજાને ન્યાયથી પાળશે. અને દીન દુઃખી અનાથના તે રાજા આધારભૂત થશે.”

નારાયણે એ અમરફળ અવંતીનાથ ભર્તૃહરીની રાજસભામાં આવીને રાજાની આગળ ભેટ કરી એનો પ્રભાવ કહી સંભળાવ્યો. એ અમર ફળથી તુષ્ટમાન રાજાએ તેને ધન આપીને સંતોષ પમાડયો. રાજાનું સન્માન પામી ધન મેળવી નારાયણ ખુશી થતો પોતાને ઘેર ગયો.

માળવાધિપતિ ભર્તૃહરીએ આ અમરફળ પોતે ન ભક્ષણ કરતાં પોતાની પટ્ટરાણી અનંગસેનાને આપી તેનો પ્રભાવ કહી સંભળાવ્યો અનંગસેનાએ પણ ફળનું પોતે ભક્ષણ નહી કરતાં રાજા કરતાં પણ અધિક પ્રિય પોતાના આશક હસ્તિપાળકને આપ્યું, પટ્ટરાણી અનંગસેનાના હૃદયનું સર્વસ્વ એ હસ્તિપાળક હતો. જેના કારણે ભર્તૃ-હરીએ લઘુબંધુ વિક્રમને દેશવટો આપેલો હતો. પણ જગતમાં પ્રાણીઓના બધાય દિવસો કાયમ એક સરખા જતા નથી. એ તો વેળા વેળાની છાંયડી. સમય પોતાનું કામ નિયમિત કરે જ જાય છે.

હસ્તિપાળકને પણ અનંગસેનાથી પણ અધિક પ્રિય એક વેશ્યા હતી. એ વેશ્યાને આ અમરફળ આપી એનો પ્રભાવ કહી સંભળાવ્યો. પોતાના આશકની સાચી મહો-બત જાણીને વેશ્યા રાજી થઈ, વેશ્યાને પોતાના દુષ્ટ જીવન ઉપર તિરસ્કાર હોવાથી એણે એ અમરફળ રાજસભામાં રાજાની આગળ ભેટ ધર્યું અમરફળનો પ્રભાવ સાંભળી તેમજ વારી વારીને જોતાં એ અમરફળ પોતાની પાસે

પ્રથમ આવેલું એવી ખાતરી થતાં " અમરફળ કયાંથી આવ્યું ? " એ સંબંધી હકીકત રાજાએ વેશ્યાને પૂછી.

" હા ! ના ! કરતાં આખરે વેશ્યાએ હસ્તિપાળકનું નામ આગળ ધર્યું. હસ્તિપાળકને બોલાવી રાજાએ અમર ફળનો સઘળો ઇતિહાસ જાણી લીધો. તેથી સંસાર ઉપર રાજાને તિરસ્કાર આવ્યો. એના હૃદયમાં એકદમ પલટો આવ્યો. " આહા ! શું આવું જ જગતનું સ્વરૂપ હશે !

यां चिन्तयामि सततं, मयि सा विरक्ता
साप्यन्यमिच्छति जनं, सजनोन्यसक्तः
अस्मत्कृते च परितुष्यति काचिदन्या
धिग् तांच तांच मदनंच इमां च मांच ॥ १ ॥

ભાવાર્થ—રાત દિવસ જેનું હું ધ્યાન ચિંતવન કરું છું તે મારા ઉપરથી રાગ રહીત થઈ ને બીજાની ઉપર આસકત થઈ, તે પુરૂષ પણ તેણીને છોડી કોઇ વેશ્યામાં મોહાધીન એવી તેણીને, તે આશકને, મદનને તેમ જ રાણી અને મને ધિક્કાર હો ! ધિક્કાર હો !

અતિઉત્કટ વિરકત દશાને પામેલા રાજન ભર્તૃહરી રાજપાટ છોડી કફની ધારણ કરી જંગલમાં તપ કરવાને ચાલ્યા ગયા. મંત્રીઓ, પ્રધાનો, અમલદારો, રાણીઓ તેમજ નગરજનો સર્વેની પ્રાર્થના આજીજી તેમને મોહમાં આકર્ષવાને શકિતવાન થઇ નહીં. અનંગસેના પણ જગતના ધિક્કારથી ત્રાસેલી ગળે ફાંસો ખાઇ મરણ પામી.

રાજ્યને રાજા વગરનું જાણીને મંત્રીઓ વિચારમાં પડયા. અનેક મંત્રણાને પરિણામે તેમણે નજીકના સગા સંબંધીમાંથી કોઇને ગાદીએ બેસાડવાનો નિશ્ચય કર્યો.

રાજા વગરનું શુન્ય રાજય દેખીને અવંતીની નજીકમાં

ચિત્ર ૬૪. ઉદયગિરિ ગુફા નં. ૧૯ માં વરાહ અવતાર પ્રસંગ. ઉદયગિરિ ગુફા નં. ૧૯ માં વરાહ અવતાર પ્રસંગ.

રહેલો કોઇ અધમ અસુર અગ્નિવૈતાળ ઉપર અધિષ્ઠિત થયો. મંત્રીઓએ શ્રીપતિનામના પુરૂષને ગાદી ઉપર બેસાડયો. તેને રાત્રીના સમયે અગ્નિવૈતાળે મારી નાખ્યો. જે જે પુરૂષને ગાદીએ બેસાડતા તેમને એ અધમ અસુર મારી નાખતો. મંત્રીઓએ બલિ બાકુલા વિગેરે તેમજ હોમ હવનથી તેને સંતોષ પમાડવાના બહુ પ્રયત્ન કર્યા, છતાંય તે દુર્જન બનેલો પિશાચ ગાદી ઉપર બેઠેલાને મારી નાખતો પણ કોઇ રીતે તુષ્ટમાન થતો નહી. ને રાજા વગર અનાથ બનેલા મંત્રીઓના અનેક ઉપાયો પણ સફળ થયા નહી. અસુર તુષ્ટમાન નહી થવાથી રાજા વગરની અવંતીની ગાદીના મંત્રીઓ ચિંતાતુરપણે કારભાર કરવા લાગ્યા. ધાર્યું કોનું થાય છે?

"માનવી ન જાણે કે અમારૂં શું થવાનું છે.
ન જાણ્યું જાનકી નાથે, સવારે શું થવાનું છે."

પ્રકરણ ૬ ઠું

'મેળાપ'

"સંપત ગઇ તે સાંપડે, ગયાં વળે છે વ્હાણ,
ગયો વખત આવે નહી, ગયા ન આવે પ્રાણ."

એ અવંતીની ગાદીનો રાજમુગુટ ધારણ કરીને અવધુતે પોતાની શકિત અને સાહસથી અગ્નિવૈતાળને વશ કર્યો. વૈતાળને વશ કર્યા પછી મહીપતિ એક દિવસે રાજસભામાં બેઠેલા હતા, મંત્રીઓ વિગેરે બધા પણ પોત પોતાની જગાએ બેઠેલા હતા, તેવામાં પ્રતિહારીની રજા મેળવીને એક પુરૂષે રાજસભામાં પ્રવેશ કરી રાજાને નમસ્કાર કર્યો. મહીપતિ એ પુરૂષને જોઈ રહ્યો, અને પીછાણી

"ઓહો ! ભટ્ટજી ! ભટ્ટમાત્ર ? કુશળ તો છો ને ! આજ ઘણે દિવસે આ તરફ ભૂલ્યા પડયા કાંઈ ?

મિત્રને જોઈ ખુશી થયેલા રાજાએ પોતાના લંગોટીયા મિત્રને ઓળખીને કહ્યું, મિત્ર ? તમારી વાણી સાચી પડી છે ને એક વખતનો અવધુત અત્યારે અવંતી બલકે માળવાદેશનો સ્વામી બન્યો છે. ભાગ્યની વિચિત્રતાથી પ્રાણીઓને શું શું નથી મળતું ?"

"જરૂર ? મહારાજ ? આપ રાજા હતા ને રાજા થયા. આખરે પણ જગતમાં તો જે જેનું હોય તે તેને મળે છે. વિધિ પણ તેને જરૂર મદદ કરે છે."

"એમ નહી મિત્ર ! આ તો અવધુતને રાજ્ય મલ્યું, ખુદ વિધાતાએ જ આ જોર કર્યું ? નહીતર એક અવધુતના ભાગ્યમાં તે રાજ્ય કયાંથી હોય ? રાજાએ ભટ્ટમાત્રના સામે દૃષ્ટિ કરી કાંઇક સૂચક હાસ્ય કર્યું.

"શું એમ હકીકત છે !" ભટ્ટજીએ રાજાની સામે જોઇ સુચક રીતે મંત્રીઓ અને સભાજનો તરફ દૃષ્ટિ કરી. મહામંત્રીજનો ! તમે આવા અજાણ્યા અવધુતને અવંતીનો રાજમુગુટ પહેરાવી બહુ જ સારૂં કામ કર્યું છે ! તમારી એ દીર્ઘદૃષ્ટિને જરૂર ધન્યવાદ કહેવાય !"

"કેમ વારૂ ? એતો જેના ભાગ્યમાં હતું તેને રાજ્ય મળ્યું છે. અમે તો એમાં નિમિત્ત ભૂત છીએ. અમને તો અવધુતના વેશમાં વિધિએ રાજા જ આપ્યો એમ સમજી આજે આખો દેશ રાજી થયો. એમની જ શક્તિથી દિવ્ય શકિતને ધારણ કરનારો વૈતાળ અસુર આજે પરાસ્ત થયો," મંત્રીઓમાં મુખ્ય મંત્રી બુદ્ધિસાગરે ઉપર મુજબ કહ્યું.

"તમે મંત્રી છતાં આ અવધુતને પૂરેપૂરા ઓળખ્યા નથી, એથી મને આશ્ચર્ય તો જરૂર થાય છે, જાણો છો કે

જેને તમે રાજ્યમુગુટ સોંપ્યો તે અવધુત કોણ છે?" ભટ્ટજીએ કૌતક ભરી વાણીથી સર્વે સભાજનોને આવી વાત કહી આશ્ચર્ય પમાડયા.

"શું એમાં કાંઈ ભેદ છે? આ અવધુત સાચા અવધુત નથી ત્યારે? એની પાછળ કંઈ ઇતિહાસ છે કે?" આતુરતાથી સર્વે સાંભળવાને અધીરા થયા મંત્રીઓના કાન પણ ચમકયા. "આ બાબતમાં શું ભેદ હશે ત્યારે!

"જરૂર ભેદ છે! આ અવધુત તે બીજો કોણ હોય? મહારાજા ભર્તૃહરીના લઘુ બાંધવ યુવરાજ વિક્રમાદિત્ય પરદેશ ગયેલા તે અવધુતનો વેશ ધારણ કરીને જગતની લીલાને જોતા જોતા એક નગરમાં આવ્યા. ત્યાં મારે ને એમને મેળાપ થયો. અવધુતે અનુક્રમે ફરતાં ફરતાં અવંતી આવ્યાને તમોએ એમને રાજમુગટ પહેરાવ્યો. છતાં તમે ઓળખ્યા નહી એ તો આશ્ચર્ય?" ભટ્ટજીએ સ્પષ્ટ વાત કહી સંભળાવી.

ભટ્ટજીની વાત સાંભળી મંત્રી સહીત સર્વે આશ્ચર્ય ચકિત થયા. વિક્રમાદિત્યને ઓળખી અથવા અત્યંત હર્ષીત થયા. એ સભામાં થયેલી વાત જળમાં તેલના બિંદુની જેમ સારાય નગરમાં ફેલાઈ ગઇ. મહારાજા વિક્રમાદિત્યને ઓળખી પ્રજા હર્ષઘેલી થઈ ગઇ. રણવાસમાં શ્રીમતીદેવીને પોતાના પુત્રની જ્યારે અબર પડી, ત્યારે તેના હર્ષનો તે કાંઈ પાર? માતાના એ અવર્ણનીય હર્ષની આપણે તે શું તુલના કરી શકીએ? અગ્નિવૈતાળ જેવા અધમ પિશાચને વશ કરવાનું પરાક્રમ પોતાના પુત્રનું જાણી એવી કયી માતા હોય કે તેને હર્ષ ન થાય? પગે ચાલતાં માતાના નિવાસસ્થાનમાં જઈ વિક્રમે માતાના હર્ષમાં વધારો કર્યો. સારાય નગરમાં આનંદ આનંદ વર્તાઈ રહ્યો.

હર્ષઘેલા બનેલા મંત્રીઓએ વિક્રમાદિત્યનો મહા મહોત્સવપૂર્વક ફરીને પટ્ટાભિષેક કર્યો. મહીપતિ વિક્રમાદિત્યે એ મહોત્સવમાં પોતાના મિત્ર ભટ્ટમાત્રને સર્વે મંત્રીઓમાં મુખ્ય મહામાત્યની પદવીથી વિભૂષિત કર્યો, પોતાના મિત્રનો પૂર્વ ઉપકાર સાંભળીને પોતાના સુખદુઃખનો સાથી કર્યો. ભટ્ટમાત્ર પણ એક નિષ્ઠાથી પોતાના-મિત્ર સ્વામીની સેવા કરવા લાગ્યો. ધીર, વીર, ગાંભીર્ય ને ઉદારતાથી બુદ્ધિ અને ચાતુર્યતાથી રાજ્યની આબાદીને વધારતો રાજા અને પ્રજા ઉભયને પ્રિય થઇ પડયો, મનુષ્યમાં પ્રચ્છન્ન રહેલા ગુણ કે દોષ અવસર પામીને ઝળકયા વગર રહે ખરા?

ભટ્ટમિત્રનું બુદ્ધિચાતુર્ય, અગ્નિવૈતાળની મદદ અને પોતાના પરાક્રમથી રાજાએ દુર્જન અને શત્રુઓને જીતી લઈને રાષ્ટ્રને નિર્ભય કર્યું, સંત સજ્જન વર્ગને સંતોષ પમાડયો. પ્રજાજનને શાંત અને સુખમાં મશગુલ કર્યા. પરાક્રમી વિક્રમ જેવા સ્વામીને પામી લોકો ધર્મકાર્યમાં મગ્ન બની સુખમાં દિવસો વ્યતિત કરવા લાગ્યા. અનેક શત્રુ મંડળના દેશો જીતીને રાજાએ પૃથ્વીમાં વધારો કર્યો. દરરોજ પ્રાતઃકાળે વિક્રમાદિત્ય માતાના ચરણમાં નમી પછી બીજાં કાર્ય તેમજ રાજકાર્ય કરતો હતો.

લક્ષ્મીથી અનેકના દુઃખોને દુર કરતો રાજા ધનની ઇચ્છાવાળાને ધન આપવા લાગ્યો, અર્થની ઇચ્છાવાળાને અર્થ ને કામની ઇચ્છાવાળાને તેના તેવા મનોરથ પૂરવા લાગ્યો. જુદા જુદા વિચારના લોકોનાં મનવાંછિત પુરતો રાજા રૈયતને આ રીતે સુખી કરવા લાગ્યો.

રાજા વિક્રમાદિત્યે સેના તૈયાર કરી પોતાના પરાક્રમનો ચમત્કાર શત્રુ રાજાઓને તેમના દેશમાં જઇ ને પણ બતાવ્યો. અંગ વંગ અને તૈલંગ આદિ દેશો પર ચડાઇ

કરીને જીતી લીધા. ત્યાંના રાજાઓને જીતી પોતાની આણ પ્રવર્ત્તાવી. મોટા દેશોના રાજાઓને તાબે કરી મહાન રાજાઓના વિક્રમ રાજાધિરાજ થયા.

એક દિવસ તેમનાં માતા શ્રીમતી રોગે વ્યાપી ગયાં. તેમની શાંતિને માટે મોટા મોટા વૈદ્યોના ઉપાયો પણ ચાલી શક્યા નહિ. સદ્ધ્યાનમાં તત્પર એવાં શ્રીમતી અનેક માણસોને જોત જોતામાં સ્વર્ગનાં અતિથિ થયાં. સારાય અવંતીમાં શોક અને ગ્લાનીનું વાતાવરણ ફેલાવતાં ગયાં. રાજા વિક્રમ પણ શોકથી વ્યાકુલ ચિત્તવાળો બની ગયો. શ્રીમતી દેવીનું મૃત્યુકાર્ય કર્યા છતાં, રાજા શોક રહિત થયો નહિ, જેથી મંત્રીઓએ અનેક પ્રકારે બોધ કરીને રાજાને શોક મુક્ત કર્યો.

તે સમયે ભારત વર્ષમાં લક્ષ્મીપુર નગરને વિષે વૈરીસિંહ રાજાને પદ્માવતી નામે પ્રાણપ્રિયા હતી, તેમને સંસાર સુખ ભોગવતાં અનેક પુત્રો ઉપર એક પુત્રી થવાથી માતા પિતાને તે પ્રાણથી પણ અધિક પ્રિય થઇ. જન્મોત્સવ કરીને રાજાએ પુત્રીનું કમલાકુમારી નામ રાખ્યું હતું. તે કુમારી અત્યારે બાલ્યાવસ્થામાં ચપળતા છોડીને યુવાનીની આછી આછી લાલિત્યતાને છુપાવવા લાગી. મહા સૌંદર્યવતી કમલાકુમારી મોટા મહોત્સવ પૂર્વક વિક્રમાદિત્ય સાથે પરણી અવંતી આવી, બીજી પણ અનેક કન્યાઓ સાથે પાણિગ્રહણ કરી રાજાએ પોતાનું અંતઃપુર સૌંદર્યથી શણગાર્યું. અવંતિના અન્તપુરમાં અનેક રાણીઓ છતાં રાજાના ચિત્તને અનુસરનારી કમલાકુમારી વિષ્ણુને લક્ષ્મીની જેમ, રાજાને અતિ પ્રાણવલ્લભા થઇ. એ પ્રાણવલ્લભાઓના પ્રેમની રેજ અવનવી મોજ ભોગવતો રાજા વિક્રમાદિત્ય એવા સમયને પણ જાણતો નહી,

અન્યદા અવન્તિપતિને પોતાના વડીલબંધુ ભર્તૃહરીનું સ્મરણ થયું. "આહા વિધિનો ન્યાય તો જુઓ! એક જ પિતાના બે પુત્રો છતાં એક મોટો રાજાધિરાજ અને બીજો વનવાસી તપસ્વી! એક શ્રીમાન એક સંન્યાસી! એ બંધુ અત્યારે શું કરતા હશે! ક્યાં રહેતા હશે? અરે વનવાસના દુઃખથી મારા વડીલ બંધુ કૃશ થઈ ગયા હશે. તેમની સાર સંભાળ નહી લેનાર ને સંસારસુખમાં લુબ્ધ રહેનાર એવા મને ધિક્કાર છે."

રાજાએ રાજસેવકોને પોતાના બંધુ ભર્તૃહરીને શોધીને અહીં તેડી લાવવાની આજ્ઞા કરી. આજ્ઞાને આધીન સેવકો રાજયોગી ભર્તૃહરીને વિનંતિ કરી તેડી લાવ્યા

એ શરીરે કૃશ થયેલા રાજયોગી તપસ્વી ભર્તૃહરીને રાજા વિક્રમાદિત્યે ચરણમાં નમીને પ્રણામ કર્યા. "આહા! વડીલ બંધુ તપસ્યાથી કેવા કૃશ થઇ ગયા છે!

બંધુ? આ વનવાસના કષ્ટનો ત્યાગ કરો! મારી ઉપર કૃપા કરી આ અવંતીનું રાજય ગ્રહણ કરો! હે ભગવન? એટલી મારા પર કૃપા કરો!"

"રાજન? ગંધનકુળના સર્પોની માફક ઉત્તમ પુરૂષો પોતે ત્યાગ કરેલી રાજયલક્ષ્મીને ફરી ઇચ્છતા નથી. એ બાહ્યલક્ષ્મી કરતાં અંતરંગ લક્ષ્મીને મેળવવા જ યોગીઓ તો પ્રયત્ન કરે છે. તેમ તપાસ્યા કરવામાં જ પ્રીતિ વધે!"

ભર્તૃહરીની ત્યાગવૃત્તિ જોઈને રાજાએ ફરી પ્રાર્થના કરી. "ભગવન્? ત્યારે આપ અહીયાં રાજમહેલમાં મનગમતાં ભોજન કરી સુખેથી મારી સાથે રહો!"

"રાજમહેલમાં રહી મનગમતાં ભોજન કરવાં એ સાધુનો ધર્મ નથી. અમે તો વનમાં રહી તપસ્યામાં જ

આનંદ માનનારા મનુષ્યોના સંસર્ગમાં અમારો ધર્મ શી રીતે રહે ?"

"ભલે તો આપ અવંતીની પાસેના ઉદ્યાનમાં રહો, પણ રોજ આહાર લેવાને મારા મંદિરે પધારવા કૃપા કરો ને આટલી મારી વિનંતિ સ્વીકારો !"

યોગી પુરૂષો એક જ ઘરનો આહાર હંમેશાં કરે તો એમને ઘણા દોષો ઉત્પન્ન થવાનો સંભવ છે, માટે એવી વાત કરશો નહિ."

"ત્યારે આપ ફકત એક જ વખત મારા મહેલમાં આહાર લેવાને પધારો ? હું આપને નિર્દોષ આહાર આપીશ." ઋષિએ રાજાની વાત માન્ય કરી નગરી બહાર ઉદ્યાનમાં આવીને જ્ઞાન ધ્યાનમાં સમય પસાર કર્યો.

બીજે દિવસે ઋષિ ભર્તૃહરી રાજમહેલમાં આહાર માટે આવ્યા તે સમયે પટ્ટરાણી કમલાકુમારીને સ્નાન કરવાને તત્પર થયેલી જોઇ તત્કાળ પાછા ફરી ગયા. મુનિને પાછા ફરતા જાણી પટ્ટરાણી વસ્ત્ર પહેરી ઉતાવળથી ઋષિની પાસે આવી પહોંચી. રાજા તેમજ આપ્તમંડળ પણ આવી પહોંચ્યું. ઋષિને આહાર લેવાની પ્રાર્થના કરી.

"આપે બાહ્ય ઇંદ્રિયોના વિષયો જીત્યા છે, પણ આવી રીતે વર્તવાથી આપે હજી અંતરંગ શત્રુઓને જીત્યા જણાતા નથી.' પટ્ટરાણી કમલાકુમારીનાં વચન સાંભળી યોગી મૌન થઈ ગયા. એ ઉચ્ચ દશા પ્રાપ્ત કરવાનો જ મારો પ્રયાસ છે. અભ્યાસ કરતાં એક દિવસે એ દશા પ્રાપ્ત થશે કે જ્યારે-હું ?

શત્રૌ મિત્રે તૃણે સ્ત્રૈણે, સ્વર્ણેઽશ્મનિ મણૌ મૃદિ
મોક્ષે ભવે ભવિષ્યામિ, નિર્વિશેષ મતિઃ કદા ॥ ૧ ॥

ભાવાર્થ—શત્રુ અને મિત્રમાં, સ્ત્રીના સૌંદર્યમાં ને ઘાસમાં, સુવર્ણ અને પત્થરમાં તેમજ મણિ અને માટીમાં સંસારમાં અને મોક્ષમાં સરખી મતિવાળો થઈશ ત્યારે જ હું કૃત્યકૃત્ય થઇશ. યોગી ભર્તૃહરીનો ઉપદેશ સાંભળી બધા ખુશ થયા.

રાજાને ત્યાંથી આહાર લઇને જગતને બોધ કરવાને રાજયોગી અન્યત્ર ચાલ્યા ગયા. રાજયોગી ભર્તૃહરીને જંગલને માર્ગે જતાં વિક્રમાદિત્ય આપ્ત વર્ગ સાથે અશ્રુ-ભીની આંખે જોઈ રહ્યા. અત્યારે એમના હૃદયમાં અકથ્ય મુંઝવણ થવા લાગી. પણ એમાં માનવીનો ઉપાય શું ? વિધાતાએ સૌનાં ભાવી જુદાં જુદાં જ નિર્માણ કરેલાં ત્યાં બુદ્ધિ તે શું કામ કરે ?

" મનુષ્ય કહે આ મેં કર્યું, પણ કરનારો છે કોય
આદર્યા અવળચ રહે, વિધિ કરે સો હોય. "

પ્રકરણ ૭ મું
' નરદ્વેષિણી. '

' મન તું ગમાર થા મા, પ્રેમમાં દટાઈ જા...મા
એ મોહમાં લપટા...મા, ભુંડા ખુવાર થા...મા. ॥

એ રમણીઓના હાવભાવમાં, વિલાસોમાં, નેત્રના કટાક્ષોમાં ક્ષણિક વૈરાગ્યને ભૂલી જઈ સુખમાં લુબ્ધ રાજા વિક્રમાદિત્ય, એક દિવસ સભા ભરીને બેઠા હતા. મંત્રી, સામંતો, અધિકારીઓ, સો કોઈ પોતપોતાની જગાએ બેઠેલા જ્ઞાન ગોષ્ઠિ કરી રહ્યા હતા. અકસ્માત એ રાજ-સભામાં દેવતાની માફક પ્રગટ થયેલો એક પુરૂષ રાજસભાને ક્ષોભ ઉત્પન્ન કરવા લાગ્યો. બધાય દિગ્મૂઢ થઈને એ કાંતિમાન પુરૂષને જોઈ રહ્યા, રાજા વિક્રમ પણ એ પુરૂષનું

દિવ્ય રૂપ જોઇને તાજુબ થયો. "મારા કરતાં પણ આ પુરૂષનું સૌંદર્ય કેટલું અદ્‌ભૂત ?" આ પ્રગટ થનાર પુરુષનું નામ દિવાકીર્તિ હતું.

બહુરૂપીની માફક રૂપ ફેરવીને વળી પાછું તેણે અદ્‌ભૂત સ્વરૂપ ધારણ કર્યું. થોડીવારમાં તો જુદાં જુદાં સ્વરૂપ કરી રાજસભાને ચકિત કરી દીધી. ભિન્ન ભિન્ન રૂપથી સભાને ક્ષોભ કરતો દિવાકીર્તિ બોલ્યો.

હે "રાજન્! તમારા જેવું મારૂં રૂપ છે કે નહી. અથવા તો જુઓ તમારા કરતાં પણ હું અતિ સુંદર છું. જગતમાં મારા બરાબર સૌંદર્ય તમે કોઇનું જોયું છે કે !"

દિવાકીર્તિના શબ્દો સાંભળી રાજા આશ્ચર્ય ચકિત થયો. "છતાંય મારે અને તમારે આ નાશવંત રૂપમાંનો ગર્વ કરવો ન જોઇએ. દુનિયા મહાન્ છે. જ્યાં અનેક પ્રકારે તરતમતા જોવામાં આવે છે. એક બીજાથી અધિક રૂપવંત પ્રાણીઓ આ જગતમાં મળી આવે છે."

"દિવાકીર્તિ શું ત્યારે તમે એવી અદ્‌ભૂતતા કયાંઈ જોઇ છે ? જોઇ હોય તો મારી આગળ નિર્ભય થઇને કહો !"

"રાજન્ ? તારા અને મારા રૂપોની તે શી વિશેષતા છે ! સાંભળો ! દક્ષિણ દેશમાં પ્રતિષ્ટાનપુર નગરમાં શાલિવાહન રાજાને વિજયા નામે પટરાણી છે. તેને એક પુત્રીનો ભાગ્યવસાત્ જન્મ થયો તેનું નામ સુકુમારી; યુવાવસ્થાને આમંત્રણ આપતી એ બાળા દિશા અને વિદિશાઓને પોતાની કમનીય કાંતિથી ઉજવલ પ્રકાશિત કરતી હતી. સકલ કળામાં પણ પારંગત થઇને રૂપ, ગુણ અને લાવણ્યથી શોભતી બાળાની આજે કોણ સરખામણી કરી શકે તેમ હતું ?

એક દિવસ જાતિ સ્મરણથી એણે પોતાના સાત ભવો પાછલના જોયા, ત્યારથી એ નરદ્વેષીણી બની, પુરૂષને દેખે

તો તરત જ મારી નાખે છે, ભુલચુકે નામ સાંભળે તોય સ્નાન કરી નાખે, કહો એ મનોહર બાળા પુરૂષનું નામ ન સાંભળે તો પછી તેનાં લગ્ન કરવાની તો તેની આગળ વાત જ કોણ કરે ! રાજન્ તમારાં રૂપ તેમજ તમારી રાણીઓનાં રૂપ એ બાળાની આગળ અણુમાત્ર પણ નથી. તમારાથી તો તેણીનું સ્વરૂપ જોઇ પણ શકાય તેમ નથી. ”

દિવાકીર્તિ પાસેથી સુકુમારીની તારીફ સાંભળી રાજા હર્ષિત થયો “ હોય ! તમારી વાત તદ્દન સત્ય છે. મનુષ્યોના શરીરની પણ ભાગ્યને લઇને તરતમતા હોય જ ! પણ એ બાળા ત્યારે તો રોજ એવા કેટલાય પુરૂષોને મારી નાખતી હશે શું ? ”

“ તેથી તો શાલીવાહન રાજાએ નગરની બહાર એક કીલ્લો બંધાવી અંદર રાજમહેલમાં સખીઓ સાથે સુકુમારીને [સુકોમલા] રાખી છે. બાગ, બગીચા, હવા, વિગેરે દરેક સગવડથી એ ઉદ્યાન પરિપૂર્ણ સગવડવાળું છે. સર્વે ઋતુમાં ફળ આપે એવા વૃક્ષોથી મનોહર ઉદ્યાનમાં દૂધ જેવા સ્વચ્છ જળવાળું એક સુંદર સરોવર બાળાને ક્રિડા કરવા માટે બાંધેલું છે જેનાં તળીયાં, કાંઠા-પાળ સોપાન સુવર્ણથી જડવામાં આવ્યાં છે સુવર્ણમય પગથીઆં, પાળ અને બેઠકોથી એ ઉદ્યાનની શોભા પણ કોઇ અનેરીજ જણાય છે. તળાવને કિનારે માર્જારી નામે કોઇ દેવીએ ઉદ્યાનનું રક્ષણ કરનારી તેમજ બાળા સુકુમારીના પુણ્યથી તેનું પણ રક્ષણ કરનારી છે. એવી એ કમનીય બાળાનાં હું વિશેષ વખાણ તે શું કરું ? ”

દિવાકીર્તિનાં વચન સાંભળી વિક્રમ અત્યંત ખુશી થયો ને એ દિવાકીર્તિને પણ પુષ્કળ ધન આપીને હર્ષ પમાડવા પ્રધાનો પાસે ધન મંગાવીને રાજાએ જેવું તે

પુરૂષને આપ્યું કે તરતજ સભામાં સાત ક્રોડ સુવર્ણની કીમતનાં રત્નની વૃષ્ટિ થઇ. કે જેના તેજથી દિશાઓ ચમકવા લાગી. રાજા અને મંત્રીઓ આ ચમત્કાર જોઈ ચકિત થયા. એ રાજસભાની અજાયબી વચ્ચે એણે પે તાનું દેવના જેવું સ્વરૂપ પ્રગટ કર્યું. દિવ્ય એવાં કુંડલ અને દીવ્ય પોશાકને ધારણ કરનાર એ દેવને જોઈ સર્વે આશ્ચર્ય ચકિત થયા.

" તમે કોણ છો? અને કયાંથી આવો છો? " રાજાએ પૂછ્યું.

રાજાના જવાબમાં તે સુર બોલ્યો. " હે રાજન્ ! સ્વર્ગમાંથી મેરૂ પર્વત ઉપર હું જીનેશ્વરોને નમવાને ગયો હતો, માર્ગમાં જતાં તારા સાહસનાં ગુણગાન સાંભળી જીનેશ્વરને નમી તને જોવાને માટે ચાલ્યો આવતો હતો, પણ રસ્તામાં પ્રતિષ્ઠાનપુર નગરમાં શાલીવાહન તનયા સુકુમારીને જોવા ગયો ત્યાંથી અહી આવી તારી પરીક્ષા કરી. હું હવે સ્વર્ગમાં જઇશ. " સુંદર કે જે દેવતાનુ નામ હતું તેણે રાજાને કુંકમાં ઉપર પ્રમાણે કહ્યું.

" તમારા દર્શનથી અમે બધા ખુશી થયા છીએ. દેવ દર્શન મોટા ભાગ્યથીજ થાય, જેથી આજનો દિવસ અમારો સફળ થયે. " રાજાએ દેવની સ્તુતિ કરતાં કહ્યું.

" રાજન્ ! તારા સાહસપણાથી હું સંતુષ્ટ થયો છું. કાંઇક વરદાન માગ ? તમારી ઇચ્છા હું શી પુરી કરૂં ? "

" મારે શી ન્યુનતા છે કે તમારી પાસે માગું ? જે જે વસ્તુની મારે જરૂર છે તે મને મળેલી છે. માગવા જેવું છે શું તે હું તમારી પાસે માગું ?

રાજાની ઇચ્છા નહી છતાં રૂપ પરિવર્ત્તન કરવાની ગુટિકા આપી દેવતા અદશ્ય થઇ ગયો. રાજા વિક્રમાદિત્ય

ત્યારપછી સર્વે સુખોની મધ્યમાં રહેવા છતાં તેમના હૃદયમાં છુપો અસંતોષ રહ્યા કરતો હતો. વારે વારે એને સુકુમારી બાળાના વિચારો આવતા હતા. તે રાજાના હૃદયને હચમચાવી નાખતા હતા. અંતઃપુર રમણીયોથી ભરેલું છતાં રાજાનું મન બાળા સુકુમારી તરફ આકર્ષાયું હતું. એ સુકુમારીને મળવાને, ભેટવાને, એનું સુંદર વદન નિરખવાને આતુર થઇ રહ્યું હતું. જેથી રાજ્યનાં અનેક કાર્યમાં ચિત્ત વ્યગ્ર છતાં ગ્લાનિ તેમને છોડતી નહી. અનેક સુંદરીયોના સહવાસમાં પણ સુકુમારી ભુલાતી નહિ.

રાજાની ઉદાસિનતા જોઇ એક દિવસે ભટ્ટમાત્રે રાજાને પૂછ્યું. "હે સ્વામી ? એવી કઇ વસ્તુની ન્યુનતા છે કે તમારૂં મન દુભાય છે. કહો ? મનમાં શું થાય છે. આવા સુખમાં પણ હૃદય શાથી દુઃભાય છે ? "

" મિત્ર ? શું વાત કહું ? પેલા દેવતાએ કહેલી શાલીવાહન તનયાના પાણિગ્રહણ વિના મારી આ સમૃદ્ધિ નકામી છે. મારા ભાગ્યમાં એ એક મોટી ખામી છે. "

" રાજન્ ? એ નરદ્વેષિણીની વાત છોડો ? એ મોહની બેલછાને મારો એક જોડો ? એને મેળવવા જતાં તો મહા અનર્થ થાય ? "

" ગમે તે થાય ? એના વગર આ જીંદગી ભલે ખુવાર થાય ! જો એ પ્રાણપ્રિયા નથી તો મારે જીવિતનું કામ પણ નથી. મિત્ર ? "

" મિત્ર ? આ તને શું થયું છે ? એની પાસે શી રીતે જવાય ? અને શી રીતે મળાય ? જે પુરૂષ ઉપર દૃષ્ટિ પડતાંજ તેને મારી નાખે. એની ઇચ્છા પણ તમારા વગર કોણ રાખે ?

" જો મારા જીવિતનું તમારે કાંઇ પ્રયોજન હોય તો

એ બધી વાત છોડીને એને મેળવવાનો ઉપાય શોધી કાઢો. નહીતર આ રાજ્ય, સમૃદ્ધિ, વૈભવ બધું તમે સંભાળો !"

"અને તમે ?"

"હું ? હું તો પ્રિયા માટે ફકીરી લઇશ, વનવન ભમીશ, પણ એને મેળવીશ તો જ રાજધાનીમાં પાછો ફરીશ." રાજા તો છેલ્લે પાટલે બેઠા અને મંત્રીને પરખાવી દીધું.

રાજાનો નિશ્ચય સાંભળી ભટ્ટમાત્ર વિચારમાં પડયો. "રાજહઠ હંમેશાં બળવાન હોય છે રખેને પ્રેમને પરવશ થયેલો રાજા ઉતાવળ કરી નાખે." વિચાર કરી મંત્રી બોલ્યો. "રાજન ! ધીરજ ધરો ? એને મેળવવા જતાં તો મોતને ભેટવા જેવું છે છતાં માત્ર એક ઉપાય તો આપણે જરૂર અજમાવીયે."

"અને તે ઉપાય ?" રાજાએ ઉત્સુકતાથી પૂછયું.

"મદના અને કામકળા નામની બે વેશ્યાઓ આપણા નગરમાં રહે છે, તેમની સાથે મસલત કરીને આપણે પ્રતિષ્ઠાનપુર જઇએ તો કદાચ કાર્ય બને ? અન્યથા બીજો કોઇ ઉપાય જણાતો નથી." મંત્રીના કહેવાથી રાજાએ મદના અને કામકળાને તરતજ ત્યાં બોલાવી અને પૂછયું. "પ્રતિષ્ઠાનપુરમાં રાજાની માનિતી અને મુખ્ય નાયિકા-વેશ્યા કોણ છે તે તમે જાણો છો ?"

"રૂપશ્રી નામે અમારી બેન રૂપના અવતાર સમી રાજાને પ્રાણથી પણ વલ્લભ છે, દરરોજ સુકુમારી આગળ તે અદ્‌ભુત નૃત્ય કરી તેને આનંદ પમાડી તેનો સમય સુખમાં પસાર કરાવે છે. એના સહવાસથી રાજકુમારી જતા સમયને પણ જાણતી નથી." મદના અને કામકળાએ રાજાને કહી સંભળાવ્યું.

"અમારે જલદીથી પ્રતિષ્ઠાનપુર જવાનો વિચાર છે તો અમારી સાથે આવવાને તમારે બન્નેએ પણ તૈયાર

થવું ?" રાજાએ ટુંકાણમાં મુદ્દાની વાત કહી સંભળાવી.

" તમારા હુકમને માન આપી અમે પણ તમારી સાથે આવીશું. મહારાજ ? "

રાજાએ તેમને તરતજ વિદાય કરીને તૈયાર થવાની સૂચના આપી. તેમના ગયા પછી વિક્રમાદિત્યે અગ્નિવૈતાળનું સ્મરણ કર્યું. તે પણ રાજા સમક્ષ હાજર થયો.

બુદ્ધિસાગર મંત્રીને રાજ્ય વ્યવસ્થા તેમજ રક્ષણ કરવાનું કામ ભળાવી વિક્રમ, અગ્નિવૈતાલ, ભટ્ટ માત્ર, મદના અને કામકળા એ પાંચ ઘોડા ઉપર સ્વાર થઇને અવંતીથી ગુપચુપ રવાના થઇ ગયાં.

માર્ગમાં અનેક ગામ, નગર, વન, જંગલ નદી તળાવ, પર્વત વિગેરે જોતાં કેટલેક દિવસે એ પાંચે ઘોડસ્વારો પ્રતિષ્ઠાનપુરની સમીપે આવી પહોંચ્યાં. તેઓ પેલા ઉદ્યાન સમીપ આવ્યાં કે ઉદ્યાનની રક્ષિકા માર્જારીએ ત્રણ વખત ફુત્કાર શબ્દ કર્યો. એ ફુત્કાર શબ્દ સાંભળી રાજાએ ભટ્ટ માત્રને પૂછયું. " મિત્ર ? આ માર્જારી શું કહે છે ? આપણને કાંઇ સૂચવે છે કે શું ? "

" રાજન્ ? માર્જારી આપણને કહે છે કે પુરૂષનો દ્વેષ કરનારી રાજપુત્રી હમણાં આવીને તમને મારી નાખશે. "

ભટ્ટમાત્રની વાણી સાંભળીને રાજા વિચારમાં પડયો. " ઓહો ? શું આપણે અહીં મરવા આવ્યા છીએ ? નહિ ! નહિ ! એક સ્ત્રીના હાથથી મરવું એના જેવું નીચ બીજું શું ? મિત્ર ? કાંઇ ઉપાય ? "

जीवन भद्राण्यवाप्नोति जीवन् धर्म करोतिच ।
जीवनुपकृतिं, कुर्यात् जीवनः किं न जाय ते ॥

ભાવાર્થ:-જીવતો મનુષ્ય કોઇ વખતે કલ્યાણને મેળવી શકે છે, જીવતો હોય તો તે ધર્મ કરી શકે છે, તેમજ ઉપકારનાં

કોક સજ્જન કૈલાસ દેવાલય ગળકૃષ્ણ પ્રેક્ષક.

ઉદયપુર પીચોળી પ્રતિમાસમેત દેવળ સમીપે આવ્યો ત્યાં ઉદ્યાનની ચોકીદારે આપેલી ખબરથી

પોતાના સાથી પાંચ સુંદર ઘોડા ઉપર પોતે જાણે સ્વાર થઈને અવગુમનગરથી

મહારાજા વિક્રમાદિત્ય, ભટ્ટમાત્ર, ચારિણીદાસ અને સદનની તથા કામદત્તા આવ્યા બન્ને

કાર્ય પણ કરે છે. જીવતો હશે તો તે ભવિષ્યમાં સર્વે કાંઈ કરી શકાશે પણ મુવા પછી કાંઇ બની શકતું નથી.

" કામકળા ! મદના ! અત્યારે જીવનનો ઉપાય કાંઇ પણ તું બતાવી શકે છે ? " રાજાની વાણી સાંભળી મદના બોલી.

" મહારાજ ! એક ઉપાય છે, તમે ત્રણે જણ સ્ત્રીરૂપ ધારણ કરીને મારી બેનને ત્યાં આવો ! વિલંબ ન કરતાં ઝટ પ્રાણ બચાવો ! એ રાજકુમારી હમણાં આવે તે પહેલાં આ દાવ બજાવો ! "

તરતજ ત્રણ જણાએ સ્ત્રી સ્વરૂપ ધારણ કર્યું અને એ પાંચે સ્ત્રીઓ નગરનાયિકાના મકાનમાં આવી. રૂપશ્રીએ બધે બેનોને ઘણે દિવસે જોઈ તેમનો આદર સત્કાર કર્યો. મનગમતાં ભોજન કરી બધાં આનંદ મગ્ન થયાં.

" રે સમજ એ માનવી, પુરૂષ નહી બળવાન
રાઇનો પર્વત કરે, જગમાં એહ બળવાન. "

પ્રકરણ ૮ મું

' ફાટ્યું હીરાગલ હોય, તાંતણ લઈ ને તૃણીયે,
કાળ જ ફાટ્યું હોય, સાંધો ન લાગે સુરનો ! "

પોતાની બહેન મદના અને કામકળાની તેમજ તેમની સાથે આવેલી સ્ત્રીઓ-નર્તકીઓની આગતા સ્વાગતા કરતાં જરા વાર લાગી ને રૂપશ્રીને રાજકુંવરી પાસે જવાનો સમય વહી ગયો હોવાથી, તેણીએ પોતાની બહેનોને સમજાવી મેમાનોની રજા લઈને રાજકુંવરી પાસે જવાને ઉતાવળ કરી. નૃત્ય કરવા રૂપશ્રીને રાજકુંવરી પાસે જતી જોઈને વિક્રમે કહ્યું.

" તમને વાર લાગી હોવાથી ભુપકુમારી જરૂર તમને

પૂછશે કે કેમ અસુરૂ થયું ? તો તમે કહેજો કે અવંતીથી રાજાની પાંચ નર્તકીઓ આવી છે, તેમની સાર સંભાળ કરવાથી જરા ઢીલ થઈ છે માટે ક્ષમા કરશો !"

વિક્રમની વાણી અંગીકાર કરીને રૂપશ્રી ઝટ રાજકુમારિ પાસે હાજર થઈ. તેને જોઈને રોજના સમય કરતાં આજે અસુરૂ થઈ ગયું તે માટે પૂછયું. તેના જવાબમાં રૂપશ્રીએ કહ્યું "ગીતગાનમાં તેમજ નૃત્યકળામાં પ્રવિણ એવી પાંચ નર્તકીઓ અવંતીથી આવેલી હોવાથી તેમની આગતાસ્વાગતા કરતાં મને વાર લાગી."

નવી નર્તકીઓની વાત સાંભળી ભુપાળકુંવરીનું મન તેમનાં ગીતગાન સાંભળવાને ઉત્સુક બન્યું. રૂપશ્રીનો નાચ તો દરરોજ થતો હતો, જેથી એ નર્તકીઓને બોલાવવાનો વિચાર થતાં રાજકુમારીએ રૂપશ્રીને એ પાંચેને પોતાની આગળ હાજર કરવા ફરમાન કર્યું. પ્રાયઃકરીને પ્રાણીઓને જગતમાં નવીન નવીન જોવાની ને સાંભળવાની અતિ ઉત્સુકતા રહે છે એવો નિયમ છે, રૂપશ્રી પણ નૃપકુમારીનો વાત અંગીકાર કરીને ઝટ ઘેર આવી એ પાંચેને નૃપકુમારીની હકીકત કહી સંભળાવી અને તેમને ઝટ સુકુમારીની પાસે તેડી લાવી.

નવીન યૌવનવાળી અને દિવ્ય અલંકાર અને વસ્ત્રોથી શોભાયમાન સૌંદર્યશાળી એ પાંચ લલનાઓને જોઇ સુકુમારી તાજુબ થઇ. "જે રાજા આગળ આવી નર્તિકાઓ હંમેશ નૃત્ય કરતી તેના દિલને રંજન કરે છે તેવા અવંતિપતિને ધન્ય છે ? ખચિત આ તે સ્વર્ગલોકમાંથી દેવાંગનાઓ નૃત્ય કરવા આવી છે કે શું ?"

વિક્રમ પણ ભુપબાળા સુકુમારીને જોઈને ક્ષોભાયમાન થઈ ગયો. "શું આ તે પાતાલકન્યા ! યા કોઇ વિદ્યાધરબાળા

હશે કે દેવબાળા ? કિન્નરી કે ગાંધર્વ કન્યા " એના સૌંદર્યનું પાન કરતો વિક્રમ એના રૂપને નિરખી જ રહ્યો.

એ પાંચેએ રૂપગર્વિતા બાળા સુકુમારી અને એના સખીવર્ગના પરિવાર આગળ પોતાનું અદ્‌ભુત નૃત્ય શરૂ કર્યું મદના અને કામકળા નૃત્ય કરવા લાગી. વિક્રમ મધુર આલાપ સંલાપ પૂર્વક ગાવા લાગ્યો, માત્ર એના ગાનમાં સૂર પૂરાવીને એ ગાનને શોભાયમાન બનાવતો ગયો અને પેલો વૈતાલ વીણાના સૂર મેળવીને પોતાની ચતુરાઈ બતાવવા લાગ્યો એ સંગીત એ નૃત્યમાં હવે રહી કાંઈ ખામી !

આ અદ્‌ભુત નૃત્ય તેમજ વિક્રમનું ગાયન સાંભળી રાજબાળા અધિક પ્રસન્ન થઈ છતી તેમને ખૂબ પારિતોષિક (ભેટ) આપીને ખુશી કર્યા, અને વિક્રમને કહ્યું. 'વિક્રમ ? તું અદ્‌ભુત ગાઇ જાણે છે ? તારૂં મધુર ગાયન હજી પણ મારા અંતરમાં ગુંજારવ કર્યા કરે છે. રાત્રીના સમયે તું એકાંતમાં મારી પાસે ગાવા આવી શકે ?"

' હા ? જરૂર રાજબાળા ? મને જો ખુબ ઇનામ આપશો તો જરૂર આવીશ ? મારા મંજુલ અને કોકીલ કંઠથી આપને રાજી કરીશ "

" જરૂર આવજે, પણ શું લઇને તું રાજી થઇશ. વિક્રમ ?

" એક લાખ સોનૈયા ?" વિક્રમે સ્મિત કરતાં કહ્યું.

" સાર ! જરૂર ? તારા જેવી સુંદર નર્તકીને તો એથી યે કાંઇ વધુ મળવું જોઇએ, સમજી ?"

રાજકુમારીની રજા મેળવી રૂપશ્રી એ પાંચે મેમાનોને લઈ પોતાના મકાને ગઈ. સ્નાનથી શરીર સ્વચ્છ કરી પરિશ્રમ ઉતારો ભાવતાં ભોજન કરી વિક્રમ નિશાનાં સામ્રાજ્ય જગત ઉપર જામતે છતે રાજતનયાની સેવામાં હાજર થયો.

રાજકુમારી અત્યારે સ્નાનગૃહમાં સ્નાનની તૈયારી

કરતી હોવાથી દાસીએ તેણીનો પાસે જઈને વિક્રમના આગમનના સમાચાર નિવેદન કરતાં કુંવરી બોલી. 'વિક્રમને અહીં મારી પાસે બોલાવી લાવ?" દાસીએ વિક્રમ પાસે આવીને કહ્યું. "ચાલો! ભુપબાળા સુકુમારી તમને સ્નાનગૃહમાં જ બોલાવે છે." દાસીના શબ્દો સાંભળી વિક્રમ વિચારમાં પડયો. "એ સ્નાન કરતી બાળાની પાસે જવું એ મારે યોગ્ય નથી. જો કે કેટલાક પ્રપંચ વગર એ બાળા જરૂર વશ તો નહીં જ થાય એને આધિન કરવાને માટે કૌટિલ્યની જરૂર તો પડશેજ. પણ એ સ્નાન કરતી બાળાના વસ્ત્રરહિત સાંગોપાંગ જોવાનું પાપ તો નહીં જ કરવું.

"દાસી? તારી સ્વામિનીને કહે હું અહીં બેઠી બેઠી તારી સ્વામિનીની રાહ જોતી તેમનાં વસ્ત્રાભરણ ઠીક કરૂં છું. વિક્રમે વિચાર કરી કહ્યું.

અલ્પ સમયમાં સ્નાન કરીને સુકુમારી બાળા આવી પહોંચી. વિક્રમને જોઇને અત્યંત ખુશી થતી બોલી. "આજે તો આપણે સાથે જ એક થાળમાં ભોજન કરીશું."

જવાબમાં વિક્રમ હસ્યો. "બન્ને સ્ત્રીઓ એકત્ર ભોજન કરે એ તે કાંઈ સારૂ લાગે! પુરુષ અને સ્ત્રી ભેગાં બેસી ભોજન કરે તો તે શોભે પણ ખરું?"

પુરૂષનું નામ સાંભળી રાજબાળા ચમકી, "છી? છી? પુરૂષનું નામ મારી આગળ ન બોલ? ફરીને બિલકુલ મારી આગળ પુરૂષનું નામ ન બોલ?" રાજકુમારી એરંડીયું પીધેલાના જેવું કટાણું મોં કરતી બોલી. ને બન્ને જણે ભોજન કર્યું.

ભોજનકાર્યથી પરવારી વિક્રમે પોતાના મધુર કંઠથી ગાયન શરૂ કરી ભુપકુમારીને પ્રસન્ન કરી. એ મનોહર ચિત્રશાળામાં વિક્રમનું ગાયન સાંભળી બાળા ચિત્રવત્ થઇ ગઇ.

મધ્યરાત્રી થતાં સુકુમારી (સુકોમલતા) નો પરિવાર તો નિદ્રાને વશ થઈ ગયો, પણ બાળા સુકુમારી જાગૃતપણે વિક્રમનું ગીત સાંભળવા લાગી. વિક્રમે હવે પુરૂષ અને સ્ત્રીનું મિશ્રગાયન આરંભ્યું. "મહામાયા પાર્વતી સાથે મહેશ્વર અદ્‌ભુત શોભાને પામો! વિષ્ણુ લક્ષ્મીની સાથે શોભા પામો. ઇંદ્ર શચીની સાથે શોભો, ચંદ્ર રોહિણિની સાથે રમો. કામદેવ રતિ અને પ્રીતિની સાથે પ્રેમ કરો, સૂર્ય રત્નાદેવીની સાથેની રમત શોભાને પામો?

"એક લોચન જેનું ધ્યાનમાં મગ્ન રહેલું છે. બીજું વિપુલ એવા પાર્વતીના સ્તન પ્રદેશ ઉપર ચોંટી આળસુ બની ગયું છે. ત્રીજું પેલા ધનુર્ધારી કામદેવને દહન કરવાને ક્રોધથી અતિ ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલું છે એવાં ભિન્ન ભિન્ન રસવાળાં શંભુનાં નેત્રો તમારૂં રક્ષણ કરો!." વિક્રમે દેવતાઓની સ્તુતિને બહાને ललકારવા માંડયું.

પુરૂષની સ્તુતિ સાંભળી તેમજ ગાયનમાં પુરૂષનું નામ આવતું જાણી રાજતનયા ચોંકી. "આ શું? વિક્રમ? બસ કર? બસ કર? મને દુઃખકારી આ પુરૂષનાં નામ તું વાર-વાર કેમ બોલે છે?" ક્રોધથી રક્ત વદન કરતી બાળા બોલી.

"રાજબાળા? આ તો દેવતાઓનાં નામ છે. મનુષ્યનાં નહિ; શું દેવતાઓના નામનું ગીત ગાવામાં પણ તમને ગભરામણ થાય છે કે?"

"હા! જરૂર! તારે દેવોનાં પણ નામ ન લેવાં. પુરૂષમાં દેવ કે મનુષ્ય કોઈનું પણ નામ મને અપ્રિય થયું છે. મારા હૃદયને એ બધું અસહ્ય થયું છે." માટે નામ પણ લઇશ નહિ.

"જરી એનું કારણ તો કહો ભલા? રાજબાળા! એ બધું શા કારણથી થયું છે! પુરૂષ ઉપર દ્વેષ કરવાનું તમને કાંઇ ખાસ કારણ મળ્યું છે કે શું?"

"હા! એમજ છે. વિક્રમ! પૂર્વના સાતે ભવથી મને પુરૂષના સમાગમથી કલેશ—દુઃખ અને અસંતોષ થયો છે. તેથી જ પુરૂષ ઉપર દ્વેષ થયો છે, મારા હૈયાને પુરૂષ શબ્દ પણ આજે દહન કરનારો થયો છે."

"તમને હરકત ન હોય તો એ તમારા સાતે ભવ મને કહો!" વિક્રમના પૂછવાથી સુકુમારીએ પોતાના સાત ભવ કહેવા શરૂ કર્યા.

"સાતમા ભવને વિષે લક્ષ્મીપુર નગરમાં ધન નામના શાહુકારની હું શ્રીમતી નામની પત્ની હતી. અમારે કર્મણ નામે એક પુત્ર હતો. ધન, લક્ષ્મીવાન છતાં અતિ કંજુસ હોવાથી સારૂં ખાતો નહી, ખાવા દેતો નહીં, સારાં વસ્ત્ર પહેરતો નહીં, પહેરેલાં જોઈ શકતો નહી, તેમ જ ધર્મ માર્ગમાં એક કોડી પણ વાપરતો નહી. એક દિવસ એના ના કહેવા છતાં હું શત્રુંજય અને ગિરનારની યાત્રા કરવા ત્યાંથી સંઘની સાથે ગઈ યાત્રા કરીને હર્ષથી જેવી હું ઘેર આવી કે તરતજ એ દુષ્ટે અરૂણ લોચન કરી મારા ઉપર લાકડીઓના પ્રહાર કરીને મને મારી નાખી.

છઠ્ઠે ભવે ત્યાંથી મરીને ચંપાપુરીમાં મધુરાજાની પુત્રી થઈને જીતશત્રુ રાજાને પરણી. મારી પછી ધનરાજાની પુત્રી કળાવતીને પરણીને રાજાએ પટ્ટરાણી કરી એને સાથે લઇને અષ્ટાપદ વિગેરે તીર્થોએ યાત્રા કરવા જતો, તેમ જ નવાં નવાં આભૂષણ, વસ્ત્ર, કળાવતીને કરાવી આપતો પણ અણમાનિતીની માફક મારી કોઈ વાત અંગીકાર કરતો નહી. મારા એકે મનોરથ પૂરા નહી થવાથી કાળે કરીને આર્તધ્યાને હું મરણ પામી.

પાંચમે ભવે હું મૃગલીનો અવતાર પામી. દુષ્ટ આશયવાળો એક મૃગ મારો પતિ થયો. કારણ વગર પણ તે મને

દુઃખ દેવા લાગ્યો. કાંઇ શિખામણની વાત કહેવા જાઉં તો મને મારવાને પણ ચુકતો નહી. એક દિવસે એક મુનિને વંદન કરવા માટે મેં એને શિખામણ આપી, તો એ શઠે મને તિરસ્કાર કરીને એવી તો મારી કે એના મારથી હું મરણ પામી.

ચોથે ભવે હું મૃગલીના ભવમાં શુભ ધ્યાનમાં તત્પર પણે મરેલી હોવાથી વિભાવસુ દેવતાની દેવી થઈ. દેવતાઓમાં પણ મને પતિ તરફનું સુખ ન મળ્યું, પોતાનો પૂર્વ પત્ની સાથે યાત્રા, વિહાર, આનંદ, મોજ વિગેરે કરી પોતાનો દેવ ભવ સફળ કરતો પણ તે દુષ્ટ હૃદયવાળો મારી એકે વાત ન માનતાં ઉલટો મારો તિરસ્કાર કરતો. એવા કલેશમાં દેવભવનું આયુષ્ય પુરૂ કરીને ત્યાંથી પણ ચ્યવી.

ત્રીજે ભવે પદ્મપુર નગરમાં મુકુંદ નામના વિપ્રની મનોરમા નામે પુત્રી થઈ. યૌવનવયની થતાં દેવશર્મા નામના બ્રાહ્મણને પરણી હું સાસરે આવી, નિરંતર રાત્રી ભોજન કરનારો કંદમૂળનું ભક્ષણ કરનારો તેમજ સ્નાનાદિક કરીને પુષ્કળ જળનો વ્યય કરી પોરા વિગેરેનો નાશ કરનારો મારો પતિ અતિ દુષ્ટ આશયવાળો હોવાથી હું તેને શિખામણ આપવા લાગી. છતાં પણ એ દુષ્ટ મારી વાતને નહિ સાંભળતાં પોતાના દુષ્ટ આશયને વળગી રહ્યો ને મારો તિરસ્કાર કરવા લાગ્યો. ત્યાં પણ દુર્ધ્યાનથી હું મરણ પામી.

બીજે ભવે—આગલા ભવમાં દુર્ધ્યાન પણાથી હું શુકીનો ભવ પામી. મલયાચળ પર્વતમાં એક શુકની સાથે હું રહેવા લાગી. એક દિવસે મારે પ્રસવનો અવસર હોવાથી શુકને કહ્યું કે કોઈ વૃક્ષ ઉપર માળો બાંધ. પણ આળસુના પીર એવા તેણે મારી વાત સાંભળી નહિ. જેથી બહુ મહેનતે મેં વનમાંથી તૃણ કાષ્ટ લાવીને શમી વૃક્ષ ઉપર

માળો બાંધી ત્યાં બચ્ચાંને જન્મ આપ્યો. વનમાંથી ફળ લાવીને બચ્ચાંને હું પોષવા લાગી. એક દિવસે વનમાં વાંસના ઘર્ષણથી અગ્નિ પ્રગટ થયો તે અગ્નિ ઘાસને બાળતો બાળતો અમારા વૃક્ષ નજીક આવવા લાગ્યો.

અગ્નિને નજીક આવતો જોઇ મેં કહ્યું કે "આ અગ્નિ પાસે આવે તે પહેલાં એક બચ્ચાને તમે લ્યો અને બીજાને હું લઇને આપણે ઉડી જઇએ." પણ આળસુના શિરોમણી તેણે મારી વાત ઉપર ધ્યાન આપ્યું નહિ. વન સળગતો સળગતો અમારા વૃક્ષને પણ બાળવા લાગ્યો. એટલે એ શઠ શુક પોતાના પ્રાણનું રક્ષણ કરવાને ઉડી ગયો ને હું બચ્ચાંની સાથે વનમાં બળીને મૃત્યુ પામી શુભધ્યાનમાં મૃત્યુ પામેલી હોવાથી ત્યાંથી મરીને હું શાલીવાહન નૃપની પુત્રી થઈ. એ સાતે ભવના જ્ઞાનથી પુરૂષ ઉપર હું દ્વેષવાળી થયેલી હોવાથી પુરૂષનું નામ પણ મને દુઃખકારી થઇ પડયું છે. છતાં તું વારંવાર પુરૂષનું નામ લઇને તેની સ્તુતિ કેમ કરે છે?"

રાજબાળાની સાત ભવની વાત સાંભળીને વિક્રમ ખુશી થતો બોલ્યો. "તમે જે કહ્યું તે સર્વ સત્ય છે. જેને જેની ઉપર ભવાંતરમાં દ્વેષ રહે છે, તેના તરફ તને દ્વેષનોજ લાગણી થાય છે."

વિક્રમે ગીત ગાયનથી રાજબાળાને સંતોષ પમાડી. રાત્રી પૂર્ણ કરી પ્રાતઃકાળે રાજબાળાએ આપેલા લાખ સોનૈયા લઇ વિક્રમ પોતાના મકાને આવ્યો. ભટ્ટમાત્ર અને વૈતાળને સર્વ હકીકત કહી સંભળાવી. સંકેત કરીને પાંચે જણ રૂપશ્રીને રાજી કરી વનમાં-બાહ્ય ઉદ્યાનમાં ગયા.

किं करोति नरः प्राज्ञः, प्रेर्यमाणः स्वकर्मभिः
प्रायेणहि मनुष्याणां, वृद्धिः कर्मानुसारिणी ॥

ભાવાર્થ—આ જગતમાં પોતપોતાના કર્મથી પ્રેરાયેલા બુદ્ધિમાન પુરૂષો પણ શું કરી શકે છે? કારણ કે પ્રાયઃ કરીને મનુષ્યોને બુદ્ધિ કર્મને અનુસારે જ હોય છે.

પ્રકરણ ૯ મું.

' કૌટિલ્ય '

"પ્રિયા ન એવી નિરખી અરે ? મેં
પ્રિયા ન એવી રીઝવી અરે ? મેં
પ્રિયા ન એવી લીધી ઉર રે ? મેં
વસંત કેલિ ન કીધી ખરે ? મેં "

બહાર ઉદ્યાનમાં આવી ત્રણે જણે ગુટિકાના પ્રભાવથી પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કર્યું અને પછી વિક્રમે અગ્નિ-વૈતાળને કહ્યું. "આ પાંચ ઘોડા અને બે વેશ્યાઓને અવંતીમાં મુકીને કમળાદેવી પાસેથી ત્રણ દિવ્ય શણગારને લાવ. કારણ કે જગતમાં તો આડંબર પૂજાય છે. ને મોટા આડંબર વગર રાજકુમારીને મેળવવાનું આપણું કાર્ય પાર શી રીતે પડે!"

વિક્રમનું વચન સાંભળીને વૈતાળ પાંચ ઘોડા અને બે વેશ્યાની સાથે આકાશ માર્ગે ઉડયો. દિવ્યશક્તિને શી વાર લાગે? અવંતીમાં આવી પાંચ ઘોડા અને વેશ્યાઓને પોતપોતાના સ્થાનકે મુકી કમળાદેવી પાસેથી ત્રણ દિવ્ય શણગાર લઈને વિક્રમ પાસે હાજર થયો. વૈતાળના ઝટ આવાગમનથી વિક્રમ રાજી થયો.

"કેટલાંક કાર્ય એવાં હોય છે કે જે બહાદુરીથી થાય છે. ત્યારે કેટલાંક કૌટિલ્ય વગર થતાં નથી. આપણું કાર્ય ભય વગર થશે નહિ. અત્યારે હવે પુરેપુરી કૌટિલ્યકળા બજાવ્યા વગર આપણું કાર્ય સિદ્ધ થશે નહિ. " વિક્રમ

રાજાની વાણી સાંભળી વૈતાળે કહ્યું.

"અરે રાજન્! એક પુષ્પ સમાન કોમળ બાળા માટે આટલો બધો પ્રયાસ? આટલું બધું કૌતિલ્ય! કહો તો એને ઉપાડી લાવી અહિં હાજર કરું! અને તમારી દાસી બનાવું?"

નહિ? અમે અમારી શક્તિથી જ એને મેળવીશું. યુક્તિ પ્રયુક્તિથી જરૂર એને વશ કરીશું. શાલિવાહન રાજા જીનેશ્વરનો ભક્ત હોવાથી એણે પોતાની ભક્તિ માટે ઋષભદેવનું મંદિર બંધાવ્યું છે. તેથી આપણે ત્રણે જણ આ દિવ્ય આભુષણ પહેરીને દેવ સરખા બની જીવનમંદિરમાં જઈએ ત્યાં માનવીને અપૂર્વ એવું ઋષભદેવ આગળ આપણે નૃત્ય કરીએ."

રાજાનું વચન બન્નેએ માન્ય કર્યું દિવસ અસ્ત થયા પછી ત્રણે જણા ઋષભદેવના ચૈત્યમાં આવી મોટી ભક્તિએ કરીને યુક્ત ગીત ગાન સહિત નૃત્ય કરવા લાગ્યા. ભવનો નાશ કરનારી રૂડી ભાવનાએ કરીને રાજાએ પ્રભુની સંગીતથી ભક્તિ કરી. કહ્યું છે કે.

दारिद्र नाशनंत दानं, शीलं दुर्गति नाशनं
अज्ञान नाशिनी प्रज्ञा, भावना भवनाशिनी ॥ १ ॥

ભાવાર્થ—દાનથી દરિદ્રતા નાશ પામે છે, શીલ દુર્ગતિનો નાશ કરે છે; જ્ઞાન અજ્ઞાનનો નાશ કરનાર છે, ત્યારે ભાવના ભવરૂપી બધા સંસારનો નાશ કરે છે.

બીજે દિવસે પણ પ્રાતઃકાળમાં પહેલા એ ત્રણે જણા દેવ સ્વરૂપ ધારણ કરીને જીનેશ્વરની આગળ નૃત્ય, ગાન કરવા લાગ્યા. તે અવસરે પુજારી અર્હંતની પૂજા કરવાને માટે આવ્યો દેવ સરખા સ્વરૂપવાળા આ ત્રણેને મંદિરમાં સંગીત કરતા જોઇ વિચારમાં પડયો "શું આતે દેવતાઓ છે? કે પાતાલ કુમારો! અથવા તો શું વિદ્યાધરો જીનેશ્વરનાં દર્શન કરવા આવેલા છે. આ છે કોણ?"

પૂજારીએ તરતજ શાલિવાહન રાજા પાસે આવીને આ આશ્ચર્યની વાત કહી. રાજા પણ ખુશી થયો છતો પરિવાર સાથે એકદમ ઋષભદેવના મંદિરમાં આવ્યો. પરિવાર સાથે નૃપતિને આવેલો જાણીને વિક્રમે પોતાની આંગુલીથી સંજ્ઞા કરતાં, બન્નેને લઇ વૈતાલ આકાશમાં ઉડવા લાગ્યો. તેમને આકાશમાં જતા જોઈ રાજા બોલ્યો, "હે દેવો! નૃત્યને અધુરું મુકીને જશો તો હું તમને આત્મહત્યા આપીશ."

રાજાના આક્રંદથી ત્રણે જણ નીચે ઉતર્યા. ને જગતને આશ્ચર્યકારી એવું અદ્‌ભુત નૃત્ય એ ત્રણે દેવતાઓએ શરૂ કર્યું. તેમનું મનોહર નૃત્ય જોઈને રાજા બોલ્યો, "અમારી રાજસભામાં આવીને હે દેવો! તમે નૃત્ય કરો તો સારીય પૃથ્વી ઉપર મારી કીર્તિ વિસ્તાર પામે." ઉત્તમ જનો માનના અભિલાષી હોય છે; કારણકે માન છે તેજ ઉત્તમ પુરૂષોનું ધન છે. માનની અભિલાષાવાળા રાજાએ પોતાની સભામાં નૃત્ય કરવાનું કહેવાથી વિક્રમ બોલ્યો; હે "રાજન્! અમે દેવ વિદ્યાધરો છીએ. ભક્તિના કારણે ફક્ત જિનેશ્વર આગળ અમે નૃત્ય કરીએ છીએ, અન્યત્ર નહિ."

"છતાં પણ તમે લોકોની આગળ અમારી સભામાં નૃત્ય કરશો તો તમને લેશ પણ દોષ લાગશે નહિ. જો તમે દેવબુદ્ધિથી અમારી આગળ નૃત્ય કરો તો તો અવશ્ય દોષ લાગે." રાજાની વાત સાંભળી વિક્રમ વિદ્યાધર બોલ્યો.

"તમારો આવો આગ્રહ છે તો તમારી વાત અમારે મંજુર છે, પણ રાજસભામાં કોઇ સ્ત્રીઓનો પ્રવેશ થશે તો અમોને પ્રાણસંકટ આવશે, માટે અમે એકલા પુરૂષવર્ગ સમક્ષ નૃત્ય કરીશું." વિદ્યાધરની એ શરત રાજાએ મંજુર કરી.

રાજાએ નગરઘોષણા કરવા માટે પડહ વગડાવ્યો અને બીજે દિવસે નગરની સર્વે સ્ત્રીઓને–આબાલવૃદ્ધ સર્વ નારીઓને ગૃહમાં રહેવાની આજ્ઞા ફરમાવી.

પ્રાતઃકાળે રાજસભામાં આવી એ ત્રણે વિદ્યાધર દેવોએ અદ્‌ભુત નૃત્ય શરૂ કર્યું. રાજતનયા સુકુમારી દેવોના અદ્‌ભુત નૃત્યની વાત સાંભળીને જોવાને આતુર થયેલી પુરૂષનો વેશ ધારણ કરીને રાજસભામાં દાખલ થઇ. કોઇ દિવસે નહિ જોયેલું એવું અદ્‌ભુત નાટક જોઈને રાજા વિગેરે સર્વે સભાજનો તલ્લીન એકચિત્તવાળા બની મસ્તક ધુણાવવા લાગ્યા. તેમનું નૃત્ય જોઇ પ્રસન્ન થયેલા રાજાએ કહ્યું, "હે દેવો! સર્વે દેવતાઓને દેવાંગના હોય છે, છતાં તમે સ્ત્રીઓનો દ્વેષ કરો છો, તેથી મને નવાઈ લાગે છે, કહો એમાં શું કાંઈ કારણ રહેલું છે?"

રાજાનું વચન સાંભળી વિક્રમદેવ બોલ્યો, "સ્ત્રીઓ પાપિષ્ઠા, દુરાચારી, નિર્લજ્જ અને દુષ્ટ ચિત્તવાળી હોવાથી અમે તેમના તરફ રોષવાળા છીએ."

વિક્રમદેવની આવી આશ્ચર્યકારક વાણી સાંભળી રાજાએ વિક્રમદેવને પૂછ્યું, "સ્ત્રીઓ આવી પાપિષ્ઠા અને નીચ છે, એવું તમે શા ઉપરથી કહો છો?"

"મને સાત ભવથી સ્ત્રી તરફનો સંતોષ નથી, કારણ કે મારા તે ભવોમાં સ્ત્રીએ મને દુઃખી કરેલો હોવાથી આ ભવમાં હું સ્ત્રીદ્વેષી થયો છું." વિક્રમે કટાણું મુખ કરીને કહ્યું.

"જો એ તમારા સાતે ભવો કાંઇ હરકત ન હોય અને તમે જાણતા હો તો મને કહો." રાજાએ પૂછ્યું.

રાજાના પૂછવાથી વિક્રમદેવે સાતે ભવ સુકુમારીએ કહેલા તે ઉલટી રીતે કહી સંભળાવ્યા.

"સાતમા ભવને વિશે લક્ષ્મીપુર નગરમાં હું ધન નામે શ્રેષ્ઠી હતો. ત્યાં શ્રીમતી નામે મારી પત્ની હતી.

અમારે એક પુત્ર થયો. વ્યવસાયથી ધનને વધારતાં ધનશેઠે ધર્મકાર્ય અને દાનમાં પુષ્કળ ધન વાપરવા માંડયું. શ્રીમતી ધર્મથી રહિત થઇને મારી આગળ જેમ તેમ દુષ્ટ વચન કહેવા લાગી. તેમજ મારા કથનથી તે ઉલટું જ કરવા લાગી. પર્વને દિવસે પણ સારૂં ખાય નહિ, સારાં વસ્ત્ર પહેરે નહિ, યાચકને દાન પણ આપે નહિ ને અમને પણ સારાં કામ કરવા દે નહિ. અને તેણી પગલે પગલે મને હેરાન કરવા લાગી.

"છઠ્ઠા ભવને વિષે ચંપાપુરીમાં હું જિતશત્રુ રાજા થયો. ત્યાં પદ્મા નામે મારી એક પત્ની થઇ. ત્યાં પણ મારાથી પ્રતિકુળ રહીને મને હરેક રીતે સંતાપવા લાગી.

"પાંચમા ભવમાં હું મૃગ થયો. મલયાચલ પર્વતમાં એક મૃગલી મારી પત્ની થઇ તેણે પણ મારાથી પ્રતિકુલ વર્તીને જીવનપર્યંત મને સંતાપ્યો. ચોથે ભવે દેવભવમાં પણ પ્રતિકુળ દેવી મને મળી.

"ત્રીજે ભવે ધર્મકાર્યમાં તત્પર જીવદયાનો પાલક અને વ્રતનિયમને ધારણ કરનારો દેવશર્મા નામે હું વિપ્ર થયો. મનોરમા નામે મારે એક દુષ્ટ ભાર્યા થઇ.

"બીજે ભવે એટલે ગત ભવમાં મલયાચલ પર્વત ઉપર હું પોપટ થયો. ભાગ્યવશાત્ એક પ્રતિકુળ એવી શુકી મારી પત્ની થઇ, પ્રસવ સમયે મેં તેને શમીના વૃક્ષ ઉપર માળો બાંધવાનું કહ્યું; પણ આળસુ એવી તેણીએ મારા કહેવા તરફ ધ્યાન આપ્યું નહિ. જેથી મેં યત્નથી શમીના ઝાડ ઉપર માળો બાંધ્યો, અમે બન્ને તેમાં રહેવા લાગ્યાં. શુકીને બે બચ્ચાં થયાં; તેને હું બહારથી આહાર લાવીને તેમજ પાણી લાવીને પોષતો હતો. ક્રમે કરીને તે વૃદ્ધિ પામવા લાગ્યાં.

"એકદા વનમાં વાંસના ઘસારાથી અગ્નિ ઉત્પન્ન થતાં, વૃક્ષ અને તૃણાદિકને બાળતો તે અમારા માળા પાસે આવ્યો;

જેથી મેં કહ્યું કે આ અગ્નિ અહીં આવીને આપણને દહન કરે તે પહેલાં એક એક બચ્ચાને લઇને આપણે દૂર ઉડી જઇએ, છતાં એ આળસુની શિરોમણિ શુકીએ મારી વાત સાંભળી નહિ. અગ્નિ વૃક્ષતૃણાદિકને બાળતો અમારા વૃક્ષને બાળવા લાગ્યો. શુકી પાપિણી તો પોતાના પ્રાણ બચાવવાને તુરતજ ત્યાંથી ઉડી ગઈ. બચ્ચાંને ગ્રહણ કરીને હું મનમાં શુભ ધ્યાનને ચિંતાવતો એ દવમાં બળીને દગ્ધ થઇ ગયો. સારા ધ્યાનના યોગથી મરીને હું વિદ્યાધરોથી ઉત્તમ તેમનો દેવ થયો છું, પણ એ શુકીનીની શી ગતિ થઇ તે જાણતો નથી. એ પૂર્વના છએ ભવમાં મારી શક્તિ અનુસારે મેં તેણીને યાત્રા આદિ ઉત્સવ કરાવવા વડે ઉપકાર કરેલા છે. તેના સર્વે મનોરથો મેં પુરેલા છે; છતાં તેણીએ પ્રતિકુલપણે વર્તીને માટે એક પણ કાર્ય કર્યું નથી. તેથી હે રાજન્! આ ભવમાં હું સ્ત્રીદ્વેષી થયો છું" વિદ્યાધર દેવની વાત સાંભળીને રાજા વગેરે સભાજનો ખુશી થયા.

પોતાનેજ મળતા સાત ભવ સાંભળીને ખુશી થયેલી રાજસુતા પુરૂષવેશમાં બેઠેલી હતી તે બોલી; "એ દાવાનલ આવ્યે છતે તું દુરાત્મા નાસી ગયો ને હું બન્ને અપત્ય સાથે દગ્ધ થયેલી શુકી ત્યાંથી મરીને શુભ ધ્યાનથી આ રાજાની પુત્રી થઈ."

"એવું બોલું તું ન બોલ! તેમાંય રાજાની આગળ તો સાચુંજ બોલવું. જો અપત્યની સાથે દાવાગ્નિમાં તું બળી ગયેલી હોય તો તે બન્ને અપત્ય બચ્ચાં હાલમાં મને બતાવ! નહિ તો હાલમાં તે અપત્ય હું તને બતાવું." એમ કહીને તે દેવતાએ બન્ને બચ્ચાં દેવમાયાથી પીતાની સાથે બળી ગયેલાં બતાવ્યાં. એ પ્રમાણે પોતાના બચ્ચાંઓને જોઇને પુરૂષવેશધારિણી સુકુમારીએ વિચાર

કર્યો; "આ દેવની વાણી સત્ય છે. મને વિભંગજ્ઞાન હોવાથી ઉંધાચત્તુલટી જણાયું; છતાં આખરે તેની ને મારી પૂર્વ-ભવની હકીકત તો મળતી આવે છે." પછી તો એ અદ્‌ભુત સુકુમારીના હૈયામાં અદ્‌ભુત પરિવર્તન થયું. દ્વેષના સ્થાને પ્રેમનો ઉત્પાત શરૂ થયો; એ દેવ પોતાની આંખની કીકી સમો વલ્લભ જણાયો. તરતજ બાળા સુકુ-મારીએ પોતાનો જે નારીવેશ હતો તે ધારણ કર્યો.

એ ત્રણે દેવતાઓ પોતાની હકીકત પુરી કરીને જેટલામાં આકાશમાં ઉડવાની તૈયારી કરે છે; તે દરમિયાન રાજપુત્રી બોલી; કે "હે પિતાજી! જો આ દેવ મને પરણ્યા વગર ચાલ્યો જશે તો હું જરૂર આત્મહત્યા કરીશ."

સુકુમારીની વાણી સાંભળી, રાજા મનમાં વિચારવા લાગ્યો અને પુત્રીને પુરૂષ ઉપરથી દ્વેષરહિત થયેલી જાણીને રાજા ખુશી થયો. પુત્રીને કદાગ્રહરહિત જાણી રાજા આકાશમાં જતા દેવ પ્રત્યે બોલ્યો; "હે દેવ! તમે આ મારી કુંવરીને પરણીને લઇ જાવ, નહિતર કુટુંબ સહિત હું તમને આત્મહત્યા આપીશ, અને આ બાળા પણ તમને હત્યા આપશે તો હે કૃપાળુ! મને મારા અમાત્યોને અને આ મારી કન્યાને જીવિતદાન આપો!"

શાલિવાહન રાજાની આ પ્રમાણેની વિનંતી સાંભળી વિક્રમદેવ ભટ્ટમાત્ર અને અગ્નિવેતાલ સાથે આકાશમંડલથી નીચે ઉતરી રાજાની પાસે આવીને બોલ્યો; "હે રાજન્! તમારી વાત સત્ય છે, પણ હું દેવ ને આ મૃત્યુલોકની નારી એ અસંભવિત યોગ શી રીતે બની શકે? જગતમાં તો મનુષ્યોને સરખે સરખામાં જ સંબંધ કરવો યોગ્ય છે; માટે કોઇ સુંદર રાજપુત્રને આ કેળના ગર્ભસમી સુકન્યા આપો!"

દેવની આ પ્રમાણે વાણી સાંભળી અને તેનો જમીન સાથે પગનો સ્પર્શ થયેલો જોઇ રાજા વિચારમાં પડયો અને આ જોઇ ચમકયો. "શું આ દેવ છે? દેવ હોય તો તેના પગ જમીનને ન અડકે! ત્યારે શું આ કોઇ મનુષ્ય છે કે વિદ્યાધર? અથવા તો કોઇ વિદ્યાસિદ્ધિ કે મંત્રતંત્રને જાણનારો પુરુષ છે? પણ નેત્રના મિલોન્મીલનથી દેવ તો ન જ હોય!" એ પ્રમાણે વિચાર કરીને રાજાએ મહામહોત્સવ પૂર્વક આગ્રહથી પોતાની પુત્રી એ કહેવાતા દેવ સાથે પરણાવી. સાત ભૂમિકાવાળો રમણીય મહેલ તેમને રહેવાને માટે આપ્યો; જે મહેલમાં દરેક પ્રકારની સામગ્રી ભરેલી હતી. સુખ, સગવડ, વૈભવથી શોભતા રાજમહેલ સમા એ પ્રાસાદમાં આ દેવ પોતાના મિત્રો અને મહાપ્રયાસે પ્રાપ્ત થયેલી સુકુમારી પત્ની સાથે વિવિધ પ્રકારે ક્રીડા કરવા લાગ્યો.

अचिंतितानि दुःखानि, यथैव आयान्ति देहीनाम्।
सुखान्यपि तथा मन्ये, दैवमत्रातिरिच्यते ॥

ભાવાર્થ—જગતમાં પ્રાણીઓને અકસ્માત્ જેવી રીતે દુઃખો આવી પડે છે. તેવી રીતે સુખો પણ હું માનું છું કે અકસ્માત્ આવે છે. એમાં જો ખરૂં કારણ હોય તો તે દૈવ જ છે. ભાગ્ય એ જ મોટું કારણ છે.

બીજે દિવસે વિક્રમે ખાનગીમાં અગ્નિવૈતાલ અને ભટ્ટમાત્રને કહ્યું કે, "આપણને અહીં આવે અધિક સમય થયો હોવાથી નગરી ઉપર કોઇ દુશ્મન આવે તો રક્ષણ કરનાર ત્યાં કોણ છે? માટે ભટ્ટમાત્ર! તમારે સત્વર ઉજ્જયિની જવું અને અગ્નિવૈતાલ! તારે અદૃશ્યપણે હંમેશાં મારી સાથે રહેવું. રોજ મને દેવતાઈ ભોજન આપવું કે જેથી પ્રિયા વિગેરે કોઈ આપણો ભેદ જાણી શકે નહિ."

વિક્રમનાં વચન સાંભળીને ભટ્ટમાત્ર ત્યાંથી અવંતી તરફ રવાના થઇ ગયો, અને વૈતાલ અદૃશ્યપણે રાજાની સાથે રહેવા લાગ્યો.

શાલિવાહન રાજાએ વિક્રમદેવને પૂછ્યું, તમારા મિત્રો કેમ કાંઇ દેખાતા નથી. "શું તમે તમારા મિત્રોને લઈને અમારે ત્યાં જમવા ન આવો ?"

"હે રાજન્ ! એ દેવતાઓ ક્રીડા કરવાને કયાંય ગયા હશે. મનુષ્યના હાથના અન્નનો આહાર અમે કરતા નથી. અમે તો પુષ્પ, ફળ, અત્તર વિગેરે બલિથી પ્રસન્ન થઇએ છીએ." વિક્રમદેવનાં વચન સાંભળી રાજા વિચારમાં પડયો. નક્કી આ કોઇ ઉત્તમ કુળનો નર કે વિદ્યાધર છે, પણ કારણવશાત્ પોતાના કુળજાતિને પ્રગટ કરતો નથી. ગમે તેમ પણ મારી પુત્રીનું નસીબ મોટું છે, એમાં તો શક નહિ. આવો વર તો મોટા ભાગ્યયોગે જ મળે !"

બાળા સુકુમારી પણ પૂછતી ત્યારે તે દેવ, રાજાને કહ્યું હતું તેની માફક જ જવાબ આપતો; જેથી સુકુમારી પોતાને આવા વરની પ્રાપ્તિ માટે ધન્ય માનતી, સુકુમારીની માતા પણ વરને જોઈ પુત્રીના ભાગ્યનાં વખાણ કરતી હતી. એ નવલ વધુવરને સંસારસુખ ભોગવતાં કેટલોક સમય વ્યતીત થયો, ને ભોગના ફલ તરીકે બાળા સુકુમારી ગર્ભવંતી થઇ. બાળા સુકુમારીને ગર્ભ રહેલો જાણી વિક્રમ હવે પોતાના વતન જવાને તૈયાર થયો; વૈતાલને એક દિવસે ખાનગીમાં બોલાવી કહ્યું, "મારી પ્રિયા હવે ગર્ભવંતી હોવાથી સુખે સુખે તે પોતાનો સમય પસાર કરશે. આપણા વગર બધી નગરી દુઃખી થતી હશે, માટે આપણે હવે જલદી આપણા નગર તરફ જઇએ." મંત્રણા કરીને રાજાએ મહેલના એક ભારવટ્ટ ઉપર ચોકખા અક્ષરે લખ્યું;

"अवंतीनगरे गोपः परिणीय नृपांगजाम् । गां पातुं दण्डभूत् पद्मोत्कर क्रिडापरानद्यः ॥ दृस्या च पुरूषे द्रष्टां कुर्वतीं काष्ठ· भक्षणं अहमेकोधुनावीरः। परिणीय स्यादूजगाम् ॥

પ્રાણપ્રિયા સુકુમારીના જોતાં જોતાં અદૃશ્ય રહેલા વૈતાલના ખભા ઉપર બેઠેલો વિદ્યાધર વિક્રમદેવ આકાશમાં ઉડયો. અદૃશ્ય રહેલા વૈતાલના ખભા ઉપર બેસીને ઉડવાની પતિની આવી શક્તિને જોઇ સુકુમારી પોતાને ધન્ય માનવા લાગી. નૂપનંદિનીના દેખતાં નલોમંડલમાં ક્રીડા કરતો વિક્રમ શ્રી યુગાદિજિનેશ્વરને નમીને પ્રાણપ્રિયા સુકુમારીની નજરથી અદૃશ્ય થઈ પોતાની નગરી અવંતી તરફ ચાલ્યો ગયો. જિતાયેલા પ્રાણાધિક દેવને બાળા ફાટી આંખે જોઈ રહી.

"કયા કરે ચાહને વાલે કા, ભરોંસા કોઈ,
દુનિયામેં કિસીકા, હોતા નહિ કોઇ !"

પ્રકરણ ૧૦ મું.

કલાવતી હરણ

"ભર્યા અંગારમાં જલની ધારા દેવાથી શું ?
દુર્જનને ધર્મના શ્લોકો કહેવાથી શું ?
દિવસના ઉજાસમાં ધુવડને દેખાશે શું ?
ઘડો જે ફુટેલ તે સંધાશે શું ?"

અવન્તીના વિશાળ અને રમણીય રાજમહેલમાં મજબુત બાંધાનો, સુંદર આકૃતિવાળો એક તરૂણ શણગારેલા દીવાનખાનામાં ઝુલણ ખુરશી ઉપર અત્યારે બેઠેલો છે. વીરોમાં પણ વીર ગણાતો અને સાહસિકમાં શિરોમણી તેમજ પોતાને બુદ્ધિવંત માનતો એ પુરૂષ અત્યારે કંઇક વિચારમાં



મહાપરાક્રમી અવંતિપતિ મહારાજા વિક્રમાદિત્ય પૃષ્ટ ૭૨

વિજય
ભદ્રા



અવંતિપતિ મહારાજા વિક્રમાદિત્યના
વિશ્વાસુ મહામંત્રી ભટ્ટમાત્ર પૃષ્ઠ ૭૩

એમ દેખાય છે. તેનું સુંદર અને તેજસ્વી વદન કંઇક હર્ષ અને કંઇક વિચારમાં જણાતું હતું. એ વિચાર કરતો માનસિક પુરુષની નજર સામે ઉભેલા એક પુરુષ ઉપર "ઓહો! ભટ્ટમાત્ર! આવો! કયારનીય હું તમારી રાહ જોઉં છું! કયારના ઉભા છો?"

"રાજન્! મને થોડીક વાર તો થઇ. આપ કંઇક વિચારમાં હોવાથી હું જરા ઉભો રહ્યો. મારા માલિકને ઘણે દિવસે રાજધાનીમાં જોઇ હું ખુશી થયો છું." રાજા વિક્રમની નજર પડતાં, બે હાથ જોડી નમસ્કાર કરતાં, મધુર વચનથી મહારાજની સુખશાતા પૂછતાં રાજાની પાસે આવીને મહામાત્ય ભટ્ટમાત્ર એ મુજબ બોલ્યો.

"દીવાનજી! મારી ગેરહાજરીમાં રાજ્ય સારી રીતે ચાલે છે ને? પ્રજા તો સુખમાં મ્હાલે છે ને? સારીય અવંતી આનંદમાં તો છે ને?" અદ્‌ભુત બુદ્ધિકૌશલ્યથી અચ્છિત પ્રિયાને વરેલા રાજાએ મનમાં ખુશી થતાં નગરીના સમાચાર પૂછયા. નગરને છોડયા પછી ઘણે દિવસે પાછા ફરેલા હોવાથી પોતાની ગેરહાજરીમાં કાંઇ નવાજુની બની હોય તે જાણવાની ઉંતેજારી દરેક વ્યક્તિને થાય એ સ્વાભાવિક છે.

"સ્વામી! આપ જેવા વીરોમાં વીર અને સાહસિક રાજા છતે પ્રજાને શું દુઃખ હોય? રામરાજ્યની માફક આપના રાજ્યમાં પ્રજા કલ્લોલ કરે છે."

"ત્યારે તમારા મુખ ઉપર ગ્લાનિ કેમ રહે છે?"

"ગ્લાનિ? ગ્લાનિનું પણ એક કારણ છે, મહારાજ!"

"તો કહો! શું કારણ છે એમાં?"

"બાપુ! એ કારણ આપને પણ ચિંતા કરાવે તેવું છે.

"એમ ? કહો ! ઝટ કહો ત્યારે !" ગંભીર મુદ્રા ધારણ કરતો વિક્રમ બોલ્યો.

"મહારાજા !" રાજાની સામે દૃષ્ટિ સ્થાપન કરતો નમ્રવાણીથી ભટ્ટમાત્ર બોલ્યો.

"આપણા અવંતીનગરીને દરેક રીતે સુખસગવડ અને આરામ છે, પણ હમણાં હમણાં એ સુખ અને આરામને લુંટનારો એક લુંટારો ઉત્પન્ન થયો છે. તે આંખમાં કણાની માફક, શરીરને ગુમડાની માફક, પ્રજાને ત્રાસ પોકરાવી રહ્યો છે તેથી ખુંચે છે.

ભટ્ટમાત્રની આવી વાણી સાંભળી રાજા આવેશમાં આવી એકદમ ઉભો થઇ ગયો. સુંદર વદન રક્તતાને ધારણ કરતું અધિક શોભવા લાગ્યું. ગુસ્સાથી વિચાર કરતો સાહસથી હાથની મૂઠીઓ વાળતો દીવાનખાનામાં આમ તેમ ફરવા લાગ્યો; "ચોર ? શું એક ચોરને પકડવામાં આપણું લશ્કર, ફોજ, અફસરો, સેનાપતિઓ લાજલાજ થઇ ગયા છે ? તમારા જેવા બુદ્ધિવંત મંત્રીઓ પણ એને પકડવામાં થાકી ગયા છે ?"

"હા, કૃપાનાથ ! આપણી નગરીને એ અદૃશ્ય રહીને લુંટે છે ? શક્તિશાળી અફસરો કે બળવાન સેનાપતિઓ કે બુદ્ધિવંત મંત્રીઓ તેને શું કરી શકે ? દિવ્યશક્તિને ધારણ કરનારો એ ચોર અદ્‌ભુત રીતે જ કામ કરે છે." મંત્રીએ ખુલાસો કર્યો.

"બહુજ નવાઇની વાત ! મારા રાજ્યમાં આ શું ઉત્પાત ! શું તમારાથી પણ એ પકડાતો નથી ? માથા કે બુદ્ધિના સકંજામાં પણ આવતો નથી શું ?"

"ના, અવંતીનાથ ! ચોરનાં પગલાં, તેનું સ્થાન, એની હિલચાલ જાણવાને મેં બહુ પ્રયાસ કર્યો, પણ મારી

સઘળી મહેનત વ્યર્થ ગઈ. એની દિવ્યશક્તિ આગળ અલ્પજ્ઞ માનવીનું તે શું ગજું, બાપુ!"

"અરે! ગમે તેવો શક્તિસંપન્ન હોય તેથી શું થઇ ગયું! એને પકડીને એના ગુનાની શિક્ષા કરવી જ જોઇએ. નહિતર રાજ્યમાં અરાજકતા ફેલાઈ જાય અને પ્રજાના જાનમાલ અને ઈજ્જતઆબરૂની પાયમાલી થાય."

"પાયમાલી થવામાં હવે બાકી પણ શું રહ્યું છે, સ્વામી! આપણા નગરમાંથી મોટા ચાર ધનાઢયોની કન્યાઓને તે ઉપાડી ગયો છે! આખા નગરમાં કાળો કેર વરતાવી રહ્યો છે; અને હવે કોને માલુમ કે તે કયે વખતે શું કરશે?"

પ્રજાની ઈજ્જતની વાત સાંભળી એ મહાપુરૂષ આંખમાંથી આગ વરસાવતો, ચરણના આઘાતથી પૃથ્વીને કંપાવતો બોલ્યો; "ઓહ! શું તે આવો જુલમ કરી રહ્યો છે? ત્યારે તો જરૂર તેના પાપનો ઘડો ભરાઈ રહ્યો છે! ભટ્ટજી જરૂર હું તેને પકડીશ! અને પ્રજાને એના ત્રાસમાંથી જરૂર મુક્ત કરીશ!"

"જુલમગારો જગતમાં કદિ ફાવતા નથી.
પાપીઓને, સુખના દિવસો આવતા નથી."

ક્રોધથી રક્ત થયેલા રાજાના વદનમાંથી નીકળેલા શબ્દો સાંભળી અમાત્ય મનમાં ખુશી થતો બોલ્યો; "બાપુ! એ શક આપને જ ગ્રાહ્ય છે. કોઇ પણ ઉપાયે એ પકડાય. તોજ અવંતીની પ્રજાનો ત્રાસ દૂર થાય!"

"જરૂર, એ ચોર પોતાને ભલે દુર્ભેદ્ય માનતો હોય, વીરોમાં વીર પોતે ભલે કહેવડાવતો હોય, પણ એ દિવ્યશક્તિવાળા ચોરને પકડી જરૂર પ્રજાને નિર્ભય કરીશ. જેમ પેલી કાગડીએ સર્પના ભયથી પોતાના બચ્ચાનું રક્ષણ કર્યું હતું તેમ હું મારી પ્રજાનું રક્ષણ કરીશ."

કાગડીનું નામ સાંભળી અમાત્ય ચમકયો, ચકિત થતો તે બોલ્યો કે હે નાથ "કાગડીએ પોતાનાં બચ્ચાં શી રીતે સાપના ભયથી બચાવ્યાં, બાપુ?"

અમાત્યના પ્રશ્નના જવાબમાં વિક્રમે કાગડીની ચતુરાઇની વાત આ પ્રમાણે કહી. 'એક વનમાં વૃક્ષ ઉપર કાગડીએ માળો બાંધિને ઈંડાં મુકયાં. ભાગ્યયોગે એ વૃક્ષમાં એક મોટો કાળો સર્પ રહેતો હતો. તે કાગડીની ગેરહાજરીમાં દરમાંથી બહાર નીકળી બચ્ચાંને ખાઇ જઈ પીપરના વૃક્ષમાં પેસી ગયો. સર્પના એ દુષ્ટ કૃત્યની કાગડીને ખબર પડતાં તેણીએ વિચાર્યું, 'આ દુષ્ટને હણવાનો ઉપાય શું? નહિ તો મારાં બધાં બચ્ચાંને તે મારીને ખાઈ જશે, માટે એના નાશનો ઉપાય તો કરવોજ.' છેવટે નિર્ણય કરી કોઇ ધનાઢયના ઘરમાંથી લક્ષ મૂલ્યનો હાર ઉપાડી લાવી સર્પની પીપરમાં જરા દેખાય એવી રીતે ગુસાડી દિધો. હારના ગુમ થવાની ખબર પડતાં એ શાહુકાર અને તેના ચાકરોએ તપાસ કરવા માંડી. તપાસ કરતાં તે જંગલમાં ફરતા એ વૃક્ષમાં કાંઈક જોઈને ચમકયા બધાએ ત્યાં તપાસ કરવા માંડી તો પીપરમાં હાર દેખાતાં શાહુકારે કોદાળા મંગાવી એ પીપરનું વૃક્ષ ખોદાવી નાખ્યું ને અંદર રહેલા ભયંકર ભુજંગને મારી નાખ્યો. એ રીતે કાગડીએ કૃષ્ણ સર્પને બુદ્ધિથી મરાવીને પોતાના બચ્ચાનું રક્ષણ કર્યું. તે ચોર પણ એના પાપે પકડાશેજ!" રાજાએ છેવટે મંત્રીને રજા આપી.

ચોરને પકડવાનો વિચાર કરતો એ સાહસિક પુરૂષ દિવસને અંતે નિશાદેવીનું રાજ્ય જામી જતાં પલંગ ઉપર સૂતો ને એ વિચારમાં રાજા નિદ્રાવશ થયો. કંઇક રાત્રી બાકી રહી તે દરમિયાન રાજસેવકોની ગરબડે રાજાને એક

મીઠા મધુરા સ્વપ્નની મોજ માણતાં જાગૃત કર્યો. એ ખુશનુમા સ્વપ્નની મોજ લુંટાઇ જવાથી રાજા વિક્રમે ગુસ્સે થઇ રાજસેવકોને ધમકાવવા માંડયા. રાજાની ખડ્ગીથી સેવકો ભય પામતા કંપવા લાગ્યા, અને પોતાની થયેલી ભૂલની માફી માગવા લાગ્યા.

પ્રાતઃકાળે મંત્રીઓએ આવીને રાજાને વિનંતિ કરી, "ઉદાર દિલના મનસ્વી પુરૂષોએ સેવકોના નજીવા અપરાધ તો ક્ષમા કરવા જોઈએ, બાપુ!"

"તમારી વાત તો મજાની છે, પણ આ દુષ્ટ સેવકો તો સમયને પણ જાણતા નથી. જે સમયને જાણતો નથી એ તે માણસ કહેવાય? મારા એક સુંદર સ્વપ્નની મોજનો નાશ કરનારા એ શઠ તો દંડનેજ યોગ્ય ગણાય."

"આપનું મધુરું સ્વપ્ન? કહો તો વારૂં એ સ્વપ્ન?" ભટ્ટમાત્ર આશ્ચર્યચકિત થતો બોલ્યો. જેના જવાબમાં રાજા વિક્રમે કહ્યું કે, "પૂર્વ દિશા તરફ જતાં જંગલમાં એક વિશાળ કુવો મેં જોયો. ત્યાં એ કુવાની અંદર એક મોટા કૃષ્ણ સર્પના મુખમાં એક દિવ્ય કન્યા મેં જોઇ. એને જોતાંજ એ સર્પ બોલ્યો, 'ઓ મુસાફર! જો તું વીર હોય તો મારા મુખમાં રહેલી આ કન્યાને લઈ લે, અન્યથા ઝટપટ અહીંથી નાસી જા!'

"એની વાણી સાંભળીને હું એ કુવામાં સર્પ ઉપર કુદ્યો, અને તેના મુખમાંથી કન્યાને ગ્રહણ કરવા જતો હતો, તેવામાં આ દુષ્ટ લોકોએ મને જગાડયો અને મારા એ સુંદર સ્વપ્નનો નાશ કર્યો."

રાજાનું સ્વપ્ન સાંભળી ભટ્ટમાત્ર ખુશી પ્રદર્શિત કરતો બોલ્યો, "જરૂર એ સ્વપ્નાવાળી કન્યા આપને મળવી જોઇએ. સર્પના સ્વરૂપમાં રહેલો એ કોઈ વિદ્યાધર કિન્નર

કે દેવ હશે, જે આપને કન્યા આપવા ઇચ્છતો હશે. આપણે એ દિશા તરફ તપાસ તો કરીએ, કે જેથી સ્વપ્નની પ્રતીતિ સત્ય સાબિત થાય.”

ભટ્ટમાત્રના કહેવાથી રાજા આપ્તજનોને લઈને એ દિશા તરફ ચાલ્યો. જંગલમાં જરી આગળ ચાલતાં એક કૂવો જણાયો ને સ્વપ્નની હકીકત પ્રમાણે સર્પના મુખમાંથી તેણે કન્યા ગ્રહણ કરી. રાજાની સાહસિક વૃત્તિ જોઇ પ્રસન્ન થયેલા સર્પે પોતાનું મૂળ વિદ્યાધરનું રૂપ પ્રગટ કર્યું, અને પોતાની વાત કહી સંભળાવી “વૈતાઢ્ય પર્વત ઉપર રહેલા શ્રીપુરનગરમાં ધીર નામે હું વિદ્યાધર ને મારી સુરૂપા, મનોહર પુત્રી આ કલાવતી! તેને યોગ્ય વર નહિ મળવાથી તારી પરીક્ષા કરી. હે સાહસિક! આ દિવ્ય કન્યા હું તને આપું છું.”

રાજાએ તે પછી પોતાની નગરીમાં આવી મહોત્સવપૂર્વક તે કન્યાનું પાણિગ્રહણ કરી વિદ્યાધરનું સન્માન વધાર્યું. પુત્રીને પરણાવીને વિદ્યાધર પોતાને સ્થાનકે ગયો.

પરભવનાં પુણ્ય જાગૃત હોય, ત્યારે પ્રાણીઓને સંપત્તિઓ, ઠકુરાઈ અને વૈભવો અણચિંતવ્યા મળે છે. પૂર્વના મહાન પુણ્યથી વિક્રમને એકથી એક વધે તેવી અદ્ભુત રૂપલાવણ્યવાળી કન્યાઓ પ્રાપ્ત થવા લાગી. નરદ્વેષિણી બાળા સુકુમારીના રૂપગુણથી મોહિત થયેલા રાજાએ એને પ્રાપ્ત કરવા માટે શું શું ઉપાય નથી કર્યા? ઉપાય, ચાતુર્ય અને બુદ્ધિ પણ પુણ્ય હોય તો જ સફળ થાય; બાકી તો બકરીના ગળામાં રહેલા આંચળની જેમ નિર્ભાગીના મનોરથો વ્યર્થ થાય છે, અને તેના પ્રયત્નોના પરિણામમાં ઉપરથી જુતાં પડે છે. એ સંસારના નિયમને યાદ કરી સુખ મેળવવા ખાતર પણ માણસે પુણ્યરૂપી

કમાણી પેદા કરવી જોઇએ. પાપને માર્ગે ચાલીને સુખી થવાની, સુખી રહેવાની અભિલાષા કરવી એ તો નરી મુર્ખતા કહેવાય કે બીજું કાંઇ ?

બાળા કલાવતીની કળા અને ચાતુર્યથી અત્યંત પ્રસન્ન થયેલો રાજા એ બાળા માગે તે શું શું ન કરતો ? રૂપના આકર્ષના જાદુ જગતમાં અદ્‌ભુત હોય છે. અદ્‌ભુત જાદુના જોરે જાદૂગર ભયંકર મણિધરને પણ વશ કરી શકે, તો પછી રૂપવતી બાળાઓ, એ સૌંદર્ય જાદુના જોરે વીરોમાં વીર ગણાતા માંધાતાઓને પણ જરૂર વશ કરે? બાળાઓને રૂપલાલિત્યને આધીન થયેલા વીર પુરૂષો પણ એમની પ્રીતિ મેળવવા માટે એમના ચરણમાં પડેલા હોય છે. એ સૌંદર્યથી પરવશ બનેલો વિક્રમ પણ ચોરને ભૂલી પ્રિયાની દ્રષ્ટિથી દૂર થઇ શકતો નહિ; વિદ્યાધરબાળા કલાવતી સાથેના હાસ્યવિનોદમાં જતા કાળને પણ જાણતો નહિ. એ મનોહર વદન વારંવાર જોવા છતાં રાજાને સંતોષ થતો નહિ. નાગદમનની-નાગની ફેણ સમા એના કેશકલાપને પોતાના હાથે ગુંથવા છતાં એને તૃપ્તિ થતી નહિ. આભૂષણો, અલંકારો પોતાને હાથે પહેરાવવા છતાં ને શરીરનો વારંવાર સ્પર્શ કરવા છતાં પણ એનું હૃયું ધરાતું નહિ. વિદ્યાધરબાળાની અભિલાષા પુરવા માટે રાજા શું શું ન કરતો ? પ્રિયાના પ્રેમને આધીન થયેલા રાજાને પ્રિયા સિવાય બીજું કાંઇ પણ ગમતું નહિ. જગતમાં પુણ્યના ફલરૂપ મળેલાં દિવ્ય સુખોમાં મશગુલ બનેલાં પ્રાણીઓને બીજાના દુઃખોમાં દરકાર ઓછી જ હોય છે.

છતાંય ગમે તેવા ભાગ્યવંતના ભાગ્યમાં પણ મનુષ્યને એના પુણ્યમાં કંઇક ખામી તો અવશ્ય હોય છે; જેથી એ

સુખોમાં પણ એને વિઘ્ન આવે છે. ને એ સુખો ચિરકાલ પર્યંત દેવતાની માફક સ્થાયી રહી શકતાં નથી. પુણ્યશાળીઓને પણ મનુષ્યભવમાં તો અનેક મુશ્કેલીઓ ભોગવવી પડે છે. જો કે એ મુશ્કેલીઓમાં એ આફતોમાં પણ તેઓ વિજય મેળવી હરીફોરૂપ કાંટા દૂર કરી સંસારમાં પોતાનો માર્ગ મોકળો કરે છે, છતાંય તેઓને પણ અવશ્ય સહન તો કરવું પડે છે, એ નિઃસંદેહ સત્ય વાત છે.

વિક્રમ ને કલાવતીનાં લગ્ન થયાને હજી અધિક સમય તો થયો નથી તે દરમિયાન એક રાત્રીએ એકાએક કલાવતીને કોઇ હરી ગયું. એ અવંતી જેવી નગરીમાં આવેલા વિશાળ રાજમહેલમાંથી અનેક ચોકી, પહેરેગીરો અને રાજસેવકોના ખડા પહેરા છતાં, સાહસિક અને વીર શિરોમણિ મહારાજા વિક્રમ જેવા માથે પતિ અને રક્ષણ કરનાર છતાં, એ મનોહર અને દીવ્ય વિદ્યાંવરબાળા ઉપર આસકત થયેલો કોઈ પુરૂષ એ વિક્રમની પ્રાણપ્રિય પ્રિયતમાને ઉપાડી ગયો.

પ્રાતઃકાળે રાજમહેલમાં ભયંકર કોલાહલ મચી રહ્યો. મહારાજા વિક્રમ પોતાની નજર આગળ પ્રાણપ્રિયાનું હરણ થવાથી ક્રોધથી ગાંડાતુર બની ગયો. એ વિશાળ મહેલની ભૂમિમાં પોત ના પાદપ્રહારથી કંપાવતો ને મહેલને ગજાવતો એ મનોહર રંગમંડપ પણ ડોલાવવા લાગ્યો. સૈનિકોને, મોટા મોટા અફસરોને, ઘોડેસ્વારોને ચારે દિશાએ પ્રિયાની શોધ માટે વહેતા મુકી દીધા. અનેક ગુપ્તચરોને પણ એ કાર્યને માટે દોડાવી દીધા. અનેક પ્રકારનાં વિચિત્ર સ્વરૂપો ધારણ કરાવી કેટલાક નર અને વીર પુરૂષોને શોધ કરવા માટે રવાના કર્યા. બુદ્ધિગમ્ય જે જે ઉપાયો સૂઝયા તે સર્વે અજમાવવા શરૂ કર્યા. અનેક પ્રયત્નો કરવા છતાં, અનેક હોશિયાર અને ગુપ્ત પુરૂષોનો ઉપયોગ કરવા છતાં

મહારાજા વિક્રમ પ્રિયાના લેશ પણ સમાચાર મેળવી શક્યો નહિ. પ્રિયાને કોણ હરી ગયું તેની સંભાળ પણ મળી શકી નહિ. પોતાના દરેક પ્રયત્નો નિષ્ફળ જવાથી વિક્રમ કંઈક ક્રોધ અને પ્રિયાના વિરહથી ખેદને અનુભવતો કેટલ અનેરો ઉપાય શોધવા લાગ્યો.

" અરે અરે કું દુઃખ હય, છોટે સેં દુઃખ દૂર,
તારે સબ ન્યારે રહે, ગ્રહે ચંદ ઔર સુર. "

પ્રકરણ ૧૧ મું.

ખર્પરક ચોર

दुर्जनः परिहर्त्तव्यो, विद्ययालंकृतोपिसन् ।
मणिना भूषितः सर्पः किमसौ न भयंकरः ॥

ભાવાર્થ—વિદ્યા, મંત્ર, તંત્ર વગેરે અનેક શક્તિથી સુશોભિત દુર્જન ગમે તેવો હોય પણ તે ત્યાગ કરવાને યોગ્ય છે; કેમકે મણિથી વિભૂષિત સર્પ શું ભયંકર નથી હોતો ?

" માનો યા ન માનો ! પણ મહારાજ ! જે ચોર સારાય નગરમાં ત્રાસ વર્તાવી રહ્યો છે; તેમજ નગરના શ્રીમંતોની ચાર કન્યાને ઉપાડી ગયો છે, તેજ અદ્‌ભુત શક્તિવાળો ચોર આપના રાજમહેલમાં પ્રવેશ કરી રાજ-પત્નીને પણ હરી ગયો હશે. " રાજાના દુઃખમાં ભાગ લેતા મંત્રીઓ રાજાને આશ્વાસન આપતા છતાં ભટ્ટમાત્રે દુઃખી હૃદયે ઉપર પ્રમાણે કહ્યું.

" કેવી સખ્તાઇથી આપણે તપાસ કરવા છતાં એ દુષ્ટ ચોરનો પત્તો લાગતો નથી. છળથી આખીય નગરીને તે અધમ પોતાની મલીન વિદ્યાથી છેતરી રહ્યો છે. જે દુષ્ટ

મારા અંતઃપુરમાં પ્રવેશવાની હિંમત કરી છે, તે બીજું શું ન કરી શકે" નિરાશ થયેલો રાજા બોલ્યો.

"રાજન્! ચોર મનુષ્ય છતાં દૈવીશક્તિનો ધરનારો, કોઈ દેવતા સાનિધ્યથી પોતાને અજેય માનતો આખીય અવંતીને પીડી રહ્યો છે. જેણે આપના અંતઃપુરમાં પ્રવેશી રાજાની ઇજ્જત ઉપર હાથ નાખ્યો છે, તો તેની શક્તિની વાત શી કરવી? આપનો પણ ભય નહિ ગણકારતો એ ચોર માનો કે બીજા કરતાં નક્કી પોતાને સવાશેર માની રહ્યો છે.

અમાત્યનાં વચન સાંભળી રાજા બોલ્યો, "એ ગમે તેવો શક્તિશાળી હોય છતાંય આકાશ પાતાલમાંથી ખેંચી કાઢી હું તેને શિક્ષા કરીશ-" નેત્રમાં રક્તતા ધારણ કરતો રાજા આંખમાં અંગાર વરસાવતો મનમાં કંઈક નિશ્ચય કરીને ઉપર મુજબ બોલ્યો.

"જરૂર, આખરે તો તે આપનેજ વશ થશે. બળવાન પણ અધર્મને માર્ગે ચાલનારા કોઈ ફાવ્યા નથી. સતી સીતાને હરીને રાવણે શું લાડવો લીધો? દ્રૌપદીની લાજ લેતાં દુર્યોધન રણમાં રોળાયો. સરવાળે તો પાપીને માથે મોતનોજ છાંયો છે." મંત્રીએ કહ્યું.

મંત્રીના વચનથી રાજાએ મનમાં કંઈક નિશ્ચય કરી આખો દિવસ પસાર કર્યો. ચોરને પકડવાના દરેક પ્રયત્નો નિષ્ફળ જવાથી પોતે જાતે જ રાત્રીને સમયે નગરચર્યા જોવા નીકળ્યો, અને નગરચર્યાની વાત તેણે ગુપ્ત રાખી. જ્યાંસુધી પોતાનું કાર્ય સિદ્ધ ન થાય ત્યાં લગી ડાહ્યા પુરુષો કેટલીકવાર પોતાની વાત ગુપ્ત રાખે છે. જગતમાં એવો સામાન્ય નિયમ છે કે છ કાને થયેલી વાત જરૂર ફેલાઈ જાય, ચાર કાને થયેલી વાત ગુપ્ત રહે અથવા ન પણ રહે, પરન્તુ બે કાનની વાત અથવા તો પોતાની ગુપ્ત મંત્રણા

બ્રહ્મા પણ જાણવાને શક્તિવાન નથી.

નિશાનું સંપૂર્ણ વાતાવરણ જામતે છતે રાજા હાથમાં ખડ્ગને ધારણ કરી પોતે એકાકી વેશ બદલીને રાજમહેલની બાનગી બારી મારફતે નગરમાં નીકળી ગયો, અને નગરમાં અદૃશ્ય રીતે ફરવા લાગ્યો.

ગુપ્ત વેષે રાજા નગરમાં ફરતો ફરતો, બજાર, ચોક, ચૌટાં, શેરીઓ, નાની ગલીઓમાં તપાસ કરતો, ઉંચા અને નીચા રસ્તાઓને જોતો નગરીમાં ફરી વળ્યો. આખી નગરીની પ્રદક્ષિણા ફરીને રાજા નગરની એક બાજુએ રહેલા એક ભવ્ય મંદિરમાં આવ્યો. મધ્ય રાત્રિના શાંત સમયે જગત શાંતિને ખોળે હતું. દુઃખીયાને શાંતિ આપનારી નિશા સમયે જલચર અને થલચર બધુંય શાંત હતું, ત્યારે જેનું મોટું ભાગ્ય છે એવા આ નરપતિના હૃદયમાંજ માત્ર અશાંતિ હતી. અશાંતિથી અશાંત મનવાળો રાજા દેવમંદિરમાં આવી ચક્રેશ્વરી માતાની ભવ્ય અને તેજસ્વી મૂર્તિ આગળ ધ્યાન ધરીને બેઠો. દેવીની સ્તુતિ કરતો દેવીના ગુણગાનમાં એકાગ્ર ચિત્ત કરીને પ્રતિમા સમક્ષ દૃષ્ટિ સ્થાપન કરનાર રાજાના સત્ત્વથી ચક્રેશ્વરી પ્રસન્ન થયાં; કારણ કે દેવતાઓ તો ભક્તિને વશ હોય છે. શુદ્ધ ભક્તિથી એકાગ્ર મન વડે આરાધન કરનારનું કાર્ય સહેલાઇથી પાર પડે છે. કહ્યું છે કે–

तुष्यन्ति भोजनैर्विप्राः मयूरा घनगर्जितैः ।
साधवः परसंपत्त्या देवता भक्तितः पुनः ॥

ભાવાર્થ—બ્રાહ્મણો ભોજન મળવાથી જેમ ખુશી થાય છે, મેઘની ગર્જનાથી મયુરો જેમ આનંદ પામે છે, પરસંપત્તિને જોઇ સજ્જનો હૈયામાં ખુશી થાય છે, તેમ દેવતાઓ ભક્તિને આધીન હોય છે ભક્તિને આધીન ભગવાન!

રાજાના પુણ્યપ્રભાવથી પ્રસન્ન થયેલાં ચક્રેશ્વરી પ્રગટ

થઇને બોલ્યાં, "હે રાજન ! શા માટે તેં મારું સ્મરણ કર્યું ? જે કામ હોય તે મને સુખેથી કહે.

"હે દેવી ! તમારી કૃપાથી મારે સર્વે કાંઇ છે. કયી ન્યુનતા પૂર્ણ કરવાની તમારી પાસે યાચના કરું ? હા ! છતાંય મને એક વાત તો કહો ! મારી પ્રાણપ્રિયાને હરી જનાર એ ચોરનું સ્વરૂપ મને કહો ! " દુઃખિત થયેલા રાજાએ ચોરનો ઇતિહાસ જાણવાને તેનું સ્વરૂપ દેવીને પૂછયું.

રાજાના પ્રશ્નના જવાબમાં દેવી બોલી. "રાજન્ ! એ ચોરને દેવતાઓ પણ શંકાની નજરથી જુએ એવા એ ચોરને મારવાને કોઇ સમર્થ નથી. આજે જેમ એ તારી પ્રિયા હરી ગયો, તેવી રીતે તારા મહાન્ રાજ્યની અભિલાષાવાળો એ ચોર તારાથી પણ દુ:સાધ્ય છે. "

રાજાએ કહ્યું, "છતાંય એનું સ્વરૂપ, એની સ્થિતિ સ્પષ્ટ રીતે મને કહો હે દેવી ! "

"પ્રથમ એ ચોરની ઉત્પત્તિ હે રાજા ! તું સાંભળ ! આ નગરમાં પહેલાં ધનેશ્વર નામે શેઠને પ્રીતિમતિ નામે પ્રિયા થકી ગુણસાર નામે એક પુત્ર થયો. યુવાવસ્થા છતાં રૂપગુણ કરીને યુક્ત રૂપવતી નામે કન્યા ગુણસારને પરણાવી. એકદા પરદેશ જવાની ઇચ્છાવાળો ગુણસાર પિતાની રજા મેળવીને કરીયાણાની ગુણો ભરીને પરદેશ ગયો.

"ગુણસાર ગયા પછી, ધનેશ્વર શેઠના મકાન આગળ એક મોટું પીંપળાનું વૃક્ષ હતું. એ વૃક્ષનો અંદર નિવાસ કરીને રહેલો કોઇ અધમ વ્યંતરદેવ ગુણસારની પ્રિયા રૂપવતીનું સુંદર રૂપ જોઇને મોહ પામ્યો. એ બાળા રૂપવતીના રૂપમાં દિવાનો બનેલો એ અધમ વ્યંતર ગુણસારના પરદેશ જવાથી છળ પામીને ગુણસારનું રૂપ ધારણ કરી, ગુણસાર

જેવી સ્થિતિમાં ગયો હતો તેવી સ્થિતિમાં પાછો આવી પિતા ધનેશ્વર શેઠને નમ્યો.

"તાત! આપને પ્રણામ કરું છું."

ગુણસારને તાત્કાલિક પાછો ફરેલો જોઈ એનો પિતા વિસ્મય થતો બોલ્યો. "હે પુત્ર! પરદેશ જવાની ઉત્કૃષ્ટ અભિલાષાવાળા તને પાછો ફરેલો જોઇ હું તાજુબ થયો છું. એવી શું ઘટના બની કે જેથી તારે તરતજ પાછા ફરવું પડ્યું."

પિતાનું વાક્ય સાંભળી વ્યંતર-ગુણસાર બોલ્યો, "હે પિતા! શું વાત કહું? કેવી મોટી આશાએ હું પરદેશ જતો હતો. ધન-ઉપાર્જન કરવાની કેવી અભિલાષા હતી, પણ મા એ અભિલાષા એક જ્ઞાની પુરૂષે મૃત્યુ બતાડી દીધી. તેણે મને કહ્યું કે, 'પરદેશ જવાથી ત્યાં તારૂં મૃત્યુ થશે.' એવું વચન સાંભળી હે પિતાજી હું પાછો આવ્યો છું."

"ગુણસાર થયેલો વ્યંતર પિતાનો પ્રસાદ પામીને રોજ ઘરમાં રહ્યો છતો પોતાને આવશ્યક કૃત્ય કરતો ને રૂપવતી સાથે નિત્ય અનુપમ ભોગોને ભોગવતો સ્વપ્નની માફક સુખમાં કાલ વ્યતીત કરવા લાગ્યો. એવી રીતે રૂપવતી સાથે ભોગ ભોગવતાં એ વ્યંતરને ઘણો સમય વહી ગયેલ, ત્યારે પેલો ગુણસાર કાંઇક ધન મેળવીને પોતાના વતન પાછો આવીને પિતાના ચરણમાં નમ્યો. પરદેશથી નવા આવેલા ગુણસારને જોઇ ધનેશ્વર ચમકયો. "ગુણસાર તો મારી પાસે છે તે, તું વળી બીજો કયાંથી આવ્યો!"

"હું? હું જ સાચો ગુણસાર છું. બીજો કોણ ધૂર્ત

માફ઼ રૂપ કરીને આવ્યો છે વળી ? તે દિવસે પરદેશ ગયેલો હુજી આજે જ પાછો આવું છું, પિતાજી !"

આ વાતચીત સાંભળી ઘરનાં માણસો ભેગાં થઇ ગયાં. ગુણસાર બનેલો વ્યંતર પણ આવી પહોંચ્યો, "અરે દુષ્ટ ! સાચો ગુણસાર તો હું છું. તું કોઈ માયાવી. પાખંડી કે ધુર્ત માફ઼ રૂપ ધારણ કરીને મને છેતરવા માટે આવ્યો છે. જો ફરીને બોલીશ તો હે પાપી, તને મારી નાખીશ !" ગુણસાર બનેલા વ્યંતરે પોત પ્રકાશવા માંડયું.

બન્નેને સરખી આકૃતિવાળા, સરખા મન, વચન કાયાવાળા સરખું બોલનારા, સંકેત કહેવામાં પણ સરખા જોઇ લોકો વિચારમાં પડયા. ધનેશ્વર શેઠ પણ વિચારમાં મુંઝાયો. "આ શું આફ઼ત ! આ બન્નેમાંથી હુવે સાચો ગુણસાર કયો ? એની પરીક્ષા પણ હુવે શી રીતે થાય ?"

કોઇ પણ બુદ્ધિવંત પુરૂષ આનો નિર્ણય કરી શકયો નહિ. રાજાની પાસે એ ફરિયાદ પહોંચી ને બન્ને ગુણસાર રાજાની પાસે આવ્યા. બન્ને પોતપોતાનું સત્ય કરાવવા પોતપોતાની વાત કરવા લાગ્યા એમની વાત સાંભળી મુંઝાયેલ રાજા પણ એમનો વિવાદ ભાંગી શકયો નહિ. મંત્રીઓ પણ અનેક પ્રશ્નો પૂછવા છતાં તેનો નિવડો લાવી શકયા નહિ. મૂઢ માયાજાલને રચતા ધુર્ત પુરૂષો કોઇ વખતે એવા બુદ્ધિવંતોને પણ ઠગી જાય છે, ત્યારે તેઓની બુદ્ધિ પણ એમની કપટકળાનો પાર પામી શકતી નથી.

રાજસભાની ચિંતાતુર સ્થિતિ જોઈ અકસ્માત્ ત્યાં આવેલી કોઇક વેશ્યા એમનો વિવાદ ભાંગવાને તૈયાર થઈ. તેણે એક સુંદર ગૃહમાં બન્નેને પૂરીને "બારણાં ઉઘાડયા વગર જે પોતાની શક્તિથી મને સ્પર્શ કરે તે સાચો ગુણ-

સાર છે" એમ તે બન્ને ગુણસારોને કહ્યું.

મકાનની અંદર પૂરાયેલા બન્ને ગુણસારમાં જે વ્યંતર હતો, તેણે પોતાની દિવ્ય શક્તિથી બહાર આવીને વેશ્યાનો સ્પર્શ કર્યો. સર્વે જોતે છતે વેશ્યાએ રાજી થઈ તેને ઓળખવા માટે તેના શરીરે ઉભી રેખા કરી ને રાજાને કહ્યું; આ સાચો ગુણસાર છે ને અંદર રહેલો કપટી ને પાખંડી છે.' એમ કહીને બન્નેને સાથે લઇ રાજા પાસે હાજર કર્યા. ગુણકાના સત્ય કહેવાથી પેલા છબી-રેખાંકિત ગુણસારને નિર્ભર્ત્સના કરીને તેને હાંકી કાઢયો, અને સત્ય ગુણસાર જે પરદેશથી હાલમાં જ પાછો ફરેલો હતો તેને ધનેશ્વર શેઠને સ્વાધીન કર્યો.

એ વ્યંતરની સાથે ભોગ ભોગવતાં અધિક કાળ વ્યતીત થવાથી એ ભોગોના ફલ તરીકે રૂપવતીને ગર્ભ રહ્યો હતો. આ પ્રપંચની રૂપવતીને ખબર પડવાથી બાળા રૂપવતી ગભરાણી ને ગર્ભને પાડવા માટે અનેક તરકીબો અજમાવી. આખરૂ ઇજ્જતથી ભય પામેલી બાળા રૂપવતીને એક ભયમાં બે પતિ થવાથી મરવા જેવું દુઃખ થયું. " વ્યંતરથી રહેલા આ ગર્ભને જાણશે ત્યારે પોતાની શી દશા થશે, માટે કોઇ જાણે નહિ, તે પહેલાં ગર્ભની વ્યવસ્થા કરી નાખું," એવી ચિંતા કરતી રૂપવતીએ કોઈ પણ ઉપાયે પોતાના ગર્ભને એક મોટી ખોપરીમાં મુકીને નિશાના સમયે તેને નગરીની બહાર ઉદ્યાનમાં જઇને મુકી દીધો. ખોપરીમાં રહેલા ગર્ભને એના ભાગ્ય ઉપર છોડી સમાજમાં ઇજ્જત-આબરૂથી ભય પામેલી બાળા એ આફતને જંગલમાં વળાવીને મનમાં કંઇક નિશ્ચિંત બની.

જંગલમાં પડેલી ખોપરીમાં રહેલા ગર્ભના પ્રભાવથી

આકાશમાં ગમન કરતી કોઇ દેવી ચંડિકાનું વિમાન આગળ ચાલતું અટકી ગયું. પોતાના વિમાનની ગતિ એકદમ અટકેલી જોઇ દેવી ચંડિકા વિચારમાં પડી, "મારૂં વિમાન કોણે અટકાવ્યું ?"

ચારે દિશાએ તેમજ આજુબાજુએ જોયું. છેવટે પોત ના વિમાનની નીચે દૃષ્ટિ કરી તો ખોપરીમાં રહેલા નાના બાળ-કગર્ભને જોયો. "આ પુણ્યવંત બાળકના પ્રભાવથી મારા વિમાનની ગતિ સ્ખલિત થઈ ગઇ જરૂર આ બાલક મને લાગે છે કે ભાવી કાળમાં કોઇ મહાન થશે" એવું વિચારીને દેવી ચંડિકાએ બાળકને ઉપાડી લીધો ને પોતાની ગુફામાં લાવીને તેને વૃદ્ધિ પમાડવા માંડયો. ખર્પરક એવું એ બાળકનું નામ આપ્યું. દેવીની પ્રસન્નતા અને મમતાથી વૃદ્ધિ પામતો ખર્પરક અનુક્રમે આઠ વર્ષનો થયો. એ આઠ વર્ષના બાલકને જોઈ ખુશી થયેલી ચંડિકાએ વરદાન આપ્યું, "તું મહાન પુરૂષોથી પણ પરાભવ પામીશ નહિ. આ ગુફાની બહાર રહેલા તને મનુષ્ય તો શું બલકે દેવ પણ મારી શકશે નહિ." એમ કહીને દેવી ચંડિકાએ એક તલવાર આપીને ઉમેર્યું, કે તું "આ તલવારથી સદા વીરોમાં વીર ગણાતા એવા બળવાન પુરૂષોને પણ જીતી શકીશ."

"માતાજી! આપના વરદાનથી હું ખુશી થયો છું. માનો કે આપની કૃપાથી હું દુનિયામાં દુર્જય થઈ મોટો પરાક્રમી થયો."

"જરૂર તું મોટો બલવાન ને પરાક્રમી થઈશ. યાદ રાખજે કે આ ગુફામાં જ તારૂં મોત થવાનું હશે તો થશે, બાકી આ ગુફા બહાર તારો નાશ કરવાને કોઇ શક્તિવંત થશે નહિ. વળી મારા પ્રભાવથી ગુફાની બહાર તું ચાહે તેવી રીતે અદૃશ્યપણે ફરીશ, તો પણ તને લોકો જોઇ શકશે

નહિ. તારૂં પોતાનું સ્વરૂપ ગુફામાં આવ્યા પછી તું ધારણ કરીશ ને ગુફાના બહાર અદૃશ્યપણે અથવા તો બીજા રૂપે તું દેખાઇશ." એમ કહીને દેવી અદૃશ્ય થઈ ગઇ. તે સમયથી વૃદ્ધિ પામતો એ અપરંપાર આજે મહાસમર્થ શક્તિવાળો અને દેવતાઓને પણ દુર્જય થયો છે. દેવીના વરદાનથી પોતાને અજર અમર માનતો નિર્ભય થઈને તારી નગરીને તે લુંટી રહ્યો છે. તારી પ્રિયા કલાવતીને પણ એજ દુષ્ટ ઉપાડી ગયો છે. તે તારી પ્રિયા હજી અખંડિત વ્રતવાળી ને નિષ્કલંકપણે ગુફામાં જ રહે છે. દેવીના પ્રસાદથી તેણે ઠેકાણે ઠેકાણે ઘણી સુરંગો બનાવીને પોતાનું રહેઠાણ બનાવ્યું છે. અનેકનાં ધન લુંટી લુંટીને સુરંગો ધનથી ભરી છે. રોજ રાતના નવા નવા રૂપ કરીને તારી નગરીને લુંટીને એ દુષ્ટ પ્રાતઃકાળ પહેલાં પોતાની ગુફામાં જતો રહે છે. એવા દુષ્ટનો વધ તારાથી શી રીતે થશે?"

"દેવી! એ દુષ્ટના ત્રાસથી આજે આખીય અવંતી ત્રાહી ત્રાહી પોકારી રહી છે. જેણે મારા મહેલમાંથી મારી પાસેથી મારી પ્રિયાને હરી લીધી, જે મારાથી પણ ભય પામતો નથી તે દુષ્ટ બીજાંના ધન, માલ ને આબરૂ લુંટતાં શી વાર લગાડે! કોઇ પણ ઉપાયે તેનો નાશ થાય તેવો રસ્તો તો બતાવો, દેવિ!"

"તેને વશ કરવા માત્ર એક જ તારે માટે રસ્તો છે. નગરચર્યા જોતાં કોઇક સમયે તને મળે તો તેની ચેષ્ટા ઉપરથી તેને ચોર જાણી લેજે નમ્રતા ને વિવેક ધારણ કરી તેની સાથે રહી તેની ચર્યા જોજે. પણ બહાર હોય ત્યાં લગી તેને મારવાની કે પકડવાની ચેષ્ટા કરીશ તો પરિણામ વિપરીત આવશે. કોઇક બહુન કરીને તેની સાથે તેની ગુફામાં જો તું જઇશ તો ત્યાં તું તેને મૂળસ્વરૂપે જોઇશ ને ત્યાં

તારૂં પરાક્રમ બતાવજે. કારણકે ફક્ત ગુફામાંજ એનું મરણ થઈ શકે તેમ છે.”

દેવી ચક્રેશ્વરીએ ઉપરમુજબ ખર્પરક ચોરની વાત કહી અદૃશ્ય થઇ ગઈ. દેવીને અદૃશ્ય થતી વખતે નમીને રાજા પણ ચોરના સ્વરૂપથી માહિતગાર થયેલો મનમાં અનેક વિચાર કરતો રાજમહેલમાં પહોંચી ગયો. શેષ રાત્રી બાકી હોવાથી પોતાના સુંદર પલંગ ઉપર પોઢી શ્રમિત થયેલો વિક્રમાદિત્ય નદ્રાધિન થઇ ગયો. પોતાનું કાર્ય સિદ્ધ થતાં દેવ, દાનવ કે માનવ ગમે તે હોય, પણ તે ચંદ્રમાને જોઈ જેમ સમુદ્ર પોતાનો આનંદ પ્રગટ કરે છે તેમ તે હૃદયમાં સંતોષ પામે છે. બીજી સવારે રાજાએ પ્રાતઃકૃત્યથી પરવારી રાજસભામાં આવી મંત્રીઓની સમક્ષ શત્રુ સંબંધી રાત્રીની હકીકત કહી સંભળાવી.

પ્રકરણ ૧૨ મું.

મદમર્દન

“દુર્જન કી કૃપા બૂરી, ભલેા સજ્જન કેા ત્રાસ;
સુરજ જબ ગરમી કરે, તબ બરસન કી આશ.”

રાજા વિક્રમાદિત્ય પ્રિયાની શોધ માટે પ્રતિરાત્રીએ પ્રિયાનું હરણ થયા પછી નગરચર્યા જોવાને નીકળતો હતો. ચક્રેશ્વરી પાસેથી ચોરની ઉત્પત્તિ જાણીને રાજા વિક્રમાદિત્ય સાવધાનપણે ચોરની માફક ભિન્ન ભિન્ન રૂપ ધારણ કરીને રાત્રીને સમયે નીકળતો. એક રાત્રીએ જીર્ણ વસ્ત્ર ધારણ કરી દારિદ્રની મુર્તિ સમો બનેલો વિક્રમાદિત્ય નગર બહાર ભ્રમણ કરતો દેવીના મંદિર પાસે આવ્યો. ત્યાં ચક્રેશ્વરીને નમી

સ્તુતિ કરતો એક ચિત્તે ધ્યાન કરવા લાગ્યો. પંચ પરમેષ્ઠિનો મનમાં જાપ કરતો રાજા દેવીને નમી બાહ્ય ઉદ્યાનોમાં પરિભ્રમણ કરતો મધ્યરાત્રિના સમયે ચંડિકા દેવીના મંદિરના ઓટલા પાસે આવ્યો. કંઈક ગરબડ સાંભળવાથી ચમકી કુપાદને ઉભો રહ્યો.

"અરે ! તમે અમોને અમારા માબાપ પાસેથી ઉપાડી લાવી કયાં સુધી અહીં પૂરી રાખશો ?" શ્રીમંતની ચાર કન્યાઓમાંથી એક કન્યા આખરે કંટાળીને ગુફામાંથી બહાર જતા ચોરને ટકોર કરતાં ઉપર પ્રમાણે બોલી.

"બાળા, શાન્ત થા ! હવે થોડીક વાર છે ! મોટા મહોત્સવપૂર્વક તમો ચારેનું તેમ જ વિદ્યાધર બાળા કલાવતી સાથે તમો પાંચેને હું રાજરાણીઓ બનાવીશ." કુશળતાને ધારણ કરતો પોતાને વીર માનતો ચોર ખર્પરક બોલ્યો. "રાજરાણીઓ એટલે ? તમે બોલો છો શું ! તમે કયાંના રાજા થવાના છો ? કયી ગાદી તમારા માટે સુની પડી રહી છે ?"

"ગાદી સુની નહિ પડી હોય તો પડશે. મારી તલવારના બળે એ ગાદી ખાલી પડશે, જુઓ ! આ ભુજ-પરાક્રમથી આ વીર ખર્પરક રાજા થશે, રાજાઓનો રાજા થશે." મિથ્યાભિમાની ખર્પરક પોતાની મજબૂત ભૂજાઓને જોતો અને વિલક્ષણ હાસ્ય કરતો બોલ્યો.

"તમે રાજા થશો ? કહો તો ખરા કયાંના રાજા થવાના છો ?" મશ્કરીની ઢબે તે બાળાઓ બોલી.

"કયાંના તે અવંતીના ?" ખર્પરકે ધડાકો કર્યો.

"અવંતીનો અધિપતિ તો વીર વિક્રમ છે. એ વીર

પુરૂષની પાસેથી તમે અવંતીનો રાજમુગુટ શી રીતે મેળવી શકશો ? શું તેની સાથે તમે યુદ્ધ કરશો ?"

"હું યુદ્ધ કરીશ કે શું કરીશ તે હે બાળા, તું થોડા જ દિવસમાં જાણીશ. જેવી રીતે એના પડખામાંથી એની પ્રાણપ્રિયા કલાવતીને હરી લીધી તેવી જ રીતે છળથી એના પ્રાણનો નાશ કરી એના રાજમુગુટ સાથે તમારો અંગીકાર કરીશ." ઉપર પ્રમાણે બોલતો ચોર ગર્જ્યો.

બાળાઓને ગુફામાં છોડી ગુફાના દ્વાર બંધ કરી ચોર નગર તરફ ચાલ્યો ગયો. ચોરની વાત સાંભળતો વિક્રમ મનમાં અનેક વિચાર કરતો બીજે રસ્તે ચાલ્યો. ખર્પરક ચોર વિક્રમને હણવાના અનેક વિચારોમાં મશગુલ થયેલો માર્ગમાં ચાલ્યો જતો હતો. ત્યાં માર્ગમાં એક જ્ઞાની સાધુને જોઈ ખર્પરક બોલ્યો "હે સાધુ મને આજે વિક્રમ મળશે કે નહિ ?"

ચોરનાં આવાં વચન સાંભળી સાધુ બોલ્યા, "વિક્રમ તમને જરૂર મળશે."

સાધુના વચનથી સંતોષ પામેલો ખર્પરક આગળ ચાલતાં ચક્રેશ્વરીના મંદિર નજીક આવ્યો. ત્યાં ઓટલા ઉપર એક કંગાલ ચીંથરેહાલ પુરૂષને જોઈ તે બોલ્યો, "અરે ! તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? તારૂં નામ શું ?"

મધ્યરાત્રીના સમયે આવા સ્થળને વિષે પોતાને નિર્ભયપણે પૃચ્છા કરતો જોઈ તે મંદિરના ઓટલા ઉપર બેઠેલો પુરૂષ ચમકયો, "આકાર, વિકાર અને ચેષ્ટા ઉપરથી જરૂર આ પુરૂષના ચરિત્રમાં કંઈક ભેદ છે." વિચાર કરવાનો સમય નહિ હોવાથી તે પુરૂષ ઝટ બોલ્યો. "તિલંગ દેશનો એક દરિદ્રી, મારૂં નામ વિક્રમ ! ત્યાં મજુરી નહિ મળવાથી દેશપરદેશ ફરતો આજે સાંજનાજ હું આ નગરમાં આવ્યો

છું, બે દિવસનો ભુખ્યો છું. અહીં કાંઈ કામકાજ જડશે ભાઈ? તમારા જેવાની મહેરબાનીથી કાંઇ મજુરી મળે તો સારૂં, ભાઇ ?"

એ પરદેશીની વાણી સાંભળીને ખર્પરક મનમાં ખુશી થયો. "અરે પરદેશી! ચાલ મારી સાથે, તને કંદોઈની દુકાનેથી ખાવાનું અપાવીશ"

એ પરદેશી ખાવાની લાલચે ત્યાંથી ઉઠી ખર્પરક ચોરની સાથે ગયો. બન્ને જણા નગરમાં પ્રવેશ કરી કંદોઈની દુકાને આવ્યા. પેલા પરદેશીને પેટ ભરીને ખવડાવ્યું ત્યાંથી બન્ને નગરમાં કોઈ શ્રીમંતના ગૃહમાં પ્રવેશ કરી, કીંમતી હીરા માણેક મોતીના અલંકારો ગ્રહણ કરી ખર્પરક કલાલની દુકાને આવ્યો. કલાલની દુકાનેથી મદિરાના બે ઘડા લઇને પેલા વિદેશી મજુર પાસે ઉપડાવી, નગરના બહાર તે બન્ને જણા નીડરપણે ચાલ્યા જતા હતા. માર્ગમાં પેલા ઋષિને જોઈને ખર્પરક બોલ્યો, "હે મુનિ! મને વિક્રમ કેમ મળ્યો નહિ?" ખર્પરકનું વાક્ય સાંભળી ઋષિ ચમકયો. "જો હું આને સત્ય હકીકત કહીશ તો મહાઅનર્થ થશે."

સાધુએ જવાબ આપ્યો કે," મેં તમને કહ્યું હતું કે વિક્રમ તમને મળશે. તમે કરીને આ પુરૂષ પણ વિક્રમ જ છે." ઋષિએ ખર્પરકના મનનું સમાધાન કર્યું.

ખર્પરક પરદેશી પાસે મદિરાના ઘડાને ઉપડાવી ફરતો ફરતો ઝટ પોતાની ગુફાના દ્વાર પાસે આવ્યો. ગુફાનું દ્વાર ઉઘાડી ખર્પરકે અંદર પ્રવેશ કર્યો. મજુરને ત્યાં બારણા નજીક બેસાડી ખર્પરક એ વિશાળ ગુફામાં ચાલ્યો ગયો. મજુર પણ લપાતો છુપાતો ત્યાંથી બસી વિશાળ ગુફામાં સરકી ગયો. ચોરીનો માલ ભંડારમાં મુકીને મનમાં પ્રસન્ન થતો ચોર ખર્પરક કન્યાઓ પાસે આવીને બોલ્યો," બા-

બાઓ ! આજે વિક્રમને હણીને હું તમને પરણીશ."

ખર્પરકનો આ ધડાકો સાંભળી કન્યાઓ ચમકી, અને તેઓએ કહ્યું કે "કેવી રીતે વિક્રમને હણશો ?"

બાળાઓના જવાબમાં ખર્પરક બોલ્યો. "આજે સાંજ સમયે અદૃશ્યપણે રાજમહેલમાં જઈ પલંગ ઉપર નિદ્રાને આધીન થયેલા વિક્રમને હું હણી નાખીશ." પછી બાળાઓને સમજાવી પેલા મજુરને મળવા તે તૈયાર થયો. "આ પુષ્કળ ખજાનો ભેગો કર્યો છે કે જેની અંદર સાત કોટી સુવર્ણ છે તેમજ સવા લક્ષના મૂલ્યવાળાં દશ તો રત્નો રહેલાં છે, ત્રણસો તો દિવ્ય વસ્ત્રાભુષણ છે. બેમૂલાં મોતીઓ પડેલાં છે; વળી બીજું ચૌદ કોટિ દ્રવ્ય તો નગદ છે, તેનાં રાજલક્ષ્મી ભેગી થશે, એ રાજલક્ષ્મી અને આ પાંચ પ્રિયાઓ! કહો હવે મારા સુખમાં તે કાંઈ ખામી ?" વિક્રમને મારવો એ તો આ બહાદુર ચોરને જાણે નજીવું કામ હોય તેમ તેનો હિસાબ પણ નહિ કરતો ખર્પરક આશાના હવાઈ કિલ્લાઓ મનમાં રચતો ગુફાના દ્વાર તરફ જવા નીકળ્યો.

એ અત્યંત મનોહર ગુફામાં અનેક નાના મોટા વિશાળ ખંડો આવેલા છે. અનેક પ્રકારની એમાં સગવડ રહેલી છે. એક નાનું ગામ સમાઈ શકે તેવી વિશાળ ગુફાના દ્વરવાજા તરફ ચાલ્યો. આવતા ખર્પરકને પેલો મજુર જેવો જણાતો માણસ સામે મળ્યો. "અરે શેઠ સાહેબ! હું તો ભૂખ્યો થયો છું. મારી મજુરીનું પણ આપે કાંઇ આપ્યું નહિ. કયરનોય હું તો તમારી રાહ જોઇ રહ્યો છું. આપો છો કાંઇ ?"

આ હૃષ્ટપુષ્ટ છતાં જાણે કંથાધારી મજુરને મારવા ખર્પરકની વિચારશ્રેણિ તુટી. "આ પરદેશી મજુર મારી ગુફા જોઈ ગયો છે. તેનું નામ પણ વિક્રમ છે, તો રખેને આમાં કંઈક

ભેદ હોય! મારે આની જ ખબર લઇ નાખીએ તો ઠીક!"

મજુરને લઇ ત્યાંથી પાછા ફરતાં ગુફામાંના એક ખાનગી ખંડમાં આવી મજુરને બેસવાનું કહી ખર્પરક અંદર ચાલ્યો ગયો ને કંઇક ખાવાનું લાવીને મજુરને આપ્યું. મજુરને કાંઇ ખાવું નહોતું; તેમજ આ જગાએ દુર્જનના હાથનું ખાવું ને મોતના મેમાન થવું એ બરાબર હોવાથી ખાવા તરફ ધ્યાન નહિ આપતાં ખર્પરકને નખથી શિખા સુધી બરાબર જોવા લાગ્યો. દેવીના વરદાનથી ગુફામાં પોતાના મૂળ સ્વરૂપને ધારણ કરેલા ખર્પરકને જોઇ રાજા-મજુર વિચારમાં પડયો. "નક્કી આ પોતે જ ખર્પરક છે. આજની તક જો ગઈ તો કોઇ કાળે ગયેલી તક પાછી આવતી નથી; માટે આજે હિસાબ ચુકતે કરવો જોઇએ."

મજુરને વિચારમાં પડેલો જોઇ ખર્પરક છળ મેળવી તેની ઉપર ધસ્યો. "દુષ્ટ! નરાધમ! શું વિચાર કરે છે? જાણે છે કે તું અહીં યમના ઘરે છે!"

પોતાની ઉપર ધસી આવતા ખર્પરકને જોઇ મજુર ચેત્યો. આવાનું તેની ઉપર ફેંકી દેતો જરા દૂર ખસી જતાં ગર્જ્યો, "ખબરદાર! તુ જાણે છે; હું પણ વિક્રમ છું?"

"તું વિક્રમ? તો સમજે કે આજે વિક્રમ આ પૃથ્વી ઉપરથી નાબુદ થશે! હમણાં તું મોતને શરણ થશે!"

"ઠીક, તો હોશિયાર! તુંજ મરવાને થા તૈયાર!" વિક્રમે પોતાની જે કંથા ધારણ કરેલી હતી તેને દુર ફેંકી દેતાં ને કમરમાંથી પોતાની સમશેરને ખેંચી કાઢતાં કહ્યું. આ અદ્‌ભુત બનાવ જોઇ ખર્પરક ચોંકયો. "ઓહો! આતો મજુરના વેશમાં છુપાયેલો કોઇ શેતાન છે કે શું?" મનમાં વિચાર કરતો ખર્પરક પોતાની તલવારને આમતેમ નૃત્ય કરાવતો બોલ્યો, "ઓહ! શયતાન! તું છે કોણ? જાણી-

બુજીને આ સિંહની ગુફામાં મરવા આવ્યો છે, તો સમજ કે તારા પાપનો ઘડો આજે સંપૂર્ણ ભરાઈ ગયો છે.'

"અરે અધમ! ચોર! મારા પાપનો ઘડો ભરાયો છે કે તારા? મને મારાં કયાં પાપ સંભળાવે છે તું?

"મને સંભળાવે શું પાપ મારાં;
પહેલાં સંભાળ તું પાપ તારાં."

"મારી ગુફામાં મારાં પાપ મને સંભળાવે છે? નક્કી સમજ કે તારૂં મોત તને ભમાવે છે. તું પરદેશી મારાં પાપ શું જાણે?" ક્રાંત કચકચાવતો ચોર બોલ્યો.

"તારાં પાપ? આહ! આખીય અવંતીનગરીના ધન, માલ, ઈજ્જત, આબરૂ તું લુંટી રહ્યો છે. અરે! પ્રજાની બેટીઓની લુંટેલી લાજ શું ભૂલી ગયો? અરે દુષ્ટ! એથીય ન ધરાતાં તું રાજાની રાણી કલાવતીને હરી ગયો! આવાં કાળાં કર્મ કરતાં તું પાપથી તો ન ડર્યો, પણ રાજાથીયે શું ના ડર્યો!"

"રાજા! રાજા તો મારે મન એક મગતરા જેવો છે. પાપ પુણ્ય એ તો બાયલાઓનો વિચાર છે. બળવાનને તે વળી પુણ્ય કે પાપ શું કરનાર છે?

"કાળા અને ધોળા, બધા દુનિયા તણા વહેવાર છે;
બળીયાના બે ભાગ, એ જગતમાં જોવાય છે.
સુખ સાહ્યબી ને વૈભવ, ખુબ રંગરાગો માણવા;
કરવાં પડે કોઇ કામ, એમાં પાપ શાને માનવા."

"અરે દુષ્ટ તારૂં મોત તને આમ બોલાવે છે. પાપીઓ કોઇ દિવસ પ્રભુને સંભારે છે? ઠોકર વાગે ત્યારે જ પ્રભુને દુઃખથી સંભારે છે?"

"વૈભવ સુખો સંસારનાં, ચીરકાલ તે રહેતાં નથી;
આંખો મીંચાતાં આખરે, જરૂર તે રહેતાં નથી.

આવ્યો ત્યારે હાથ ખાલી, પાપે પીંડ ભરી જશે;
કરી જારી વ્યભિચારી, નરકમાં ચાલી જશે ”

“ ઓહ ! શું આ ગુમાન ? આ અભિમાન ? હોશિયાર, હમણાં જ તારૂં ગુમાન ઉતારૂં છું ! ”

“ થયું નિર્માણ તારૂં, આ હાથથી મરવાને;
જીવું છું જગતમાં, તને સાફ કરવાને.”

‘ અરે ! મને તું સાફ કરીશ, તે પહેલાં તો હું જ તારાં પાપનો હિસાબ કરીશ.

“ પ્રભુ માફ નહી કરે કામ કાળાં;
વિના પ્રાયશ્ચિત્ત નહી ધોવાય પાપ તારાં.”

વિક્રમના શબ્દો સાંભળી ખર્પરક તરવારને નમાવતો ક્રોધથી પૃથ્વીને ધમધમાવતો ધસી આવ્યો. વિક્રમ એનો સત્કાર કરવાને તૈયાર હતો. બન્ને એકબીજા ઉપર તુટી પડયા. શત્રુ ને હંફાવવાની યુદ્ધકળાનો ઉપયોગ કરી પોતાની કુશળતા પ્રગટ કરતા બન્ને એકબીજાને હરાવવાના દાવપેચ અજમાવતા ભયંકર યુદ્ધ કરવા લાગ્યા.એ વીરોની ગર્જનાથી, એમના હાકોટાથી, એમની ધમાધમથી ગુફા બધી હલબલી ગઈ, પૃથ્વી કંપાયમાન થઈ ગઇ, લક્ષ્યપૂર્વક ઘાવ કરતા તેઓ એક બીજાના દાવને વ્યર્થ કરવા લાગ્યા. પ્રલયકાળ સમાન તેમનું ખડ્ગયુદ્ધ થયું. બન્ને શુરવીર અને પરાક્રમી હોવાથી ઘણીવાર સુધી એમનું યુદ્ધ ચાલ્યું, પણ એકબીજાનો પરાભવ કરવા તેઓ શક્તિવાન થયા નહિ. બન્ને ક્રોધથી ભરેલા એકબીજાનો જીવ લેવાને ઉતાવળ કરી રહ્યા હતા. ભાગ્યયોગે તક મળતાં વિક્રમે પોતાની તલવાર ખર્પરકની તલવાર ઉપર ઝીંકી. ખર્પરકના હાથમાંથી તલવાર બે કટકા થઈને દૂર પડી.

શત્રુને તલવાર વગરનો જાણી પોતે પણ પોતાની તલ-

વાર દૂર નાખી તેની સાથે બાહુયુદ્ધ કરવાને વિક્રમ ધસ્યો. પોતાના હરીફને બલવાન જાણી ખર્પરક ગુફામાં જઇ ચંડિકાએ આપેલું દીવ્ય ખડ્ગ લઇને ધસી આવ્યો. ભયંકર કૃતાંત સમો ધસ્યો આવતો ખર્પરક જાણે જગતનો પ્રલય કરશે કે શું ! યમના સરખા ભયંકર ખર્પરકને દીવ્ય ખડ્ગ સહીત પોતાની સામે ધસી આવતો જોઈ વિક્રમ એકદમ સાવધ થઇ ગયો. તરત જ તેણે અગ્નિવૈતાલનું સ્મરણ કર્યું.

અગ્નિવૈતાલે પ્રગટ થઇ પ્રહાર કરવા ધસી આવતા યમના બંધુ સમા ખર્પરકના હાથમાંથી ચંડિકાએ આપેલું દીવ્ય ખડ્ગ હરી લઈ વિક્રમના હાથમાં મૂકી દીધું.

વિક્રમની ઉપર ખડ્ગનો પ્રહાર કરવાને ધસી આવેલો ખર્પરક પોતાનું ખડ્ગ વિક્રમના હાથમાં જોઈ ચમક્યો. અને ભોંઠો પડયો, અને મનમાં વિચાર કરવા લાગ્યો કે, "આ શું ?"

"તારો કાળ ! ઓ મોતના મેમાન ! થઈ જા હવે મરવાને તૈયાર ! હું જ તે વિક્રમ છું કે જેના રાજ્યની તું અભિલાષા કરી રહ્યો છે; એની પ્રિયાને હરી ગયો છે ? સમજ, આજે તારો કાળ ભમી રહ્યો છે !"

'ઓહો ! તું જ શું વિક્રમ છે ! દગો ! દગો !"

ખર્પરક તરત જ પલાયન કરી ગુફામાં સંતાઇ ગયો. 'આહ ! ગજબ થઈ ગયો. 'હાથનાં કર્યાં હૈયે વાગ્યાં.' કાબેલ અને હોશિયાર છતાં હું છેતરાઈ ગયો. જાણી જોઇને કાળના હાથમાં હું ફસી ગયો. આને હું શા માટે ગુફામાં સાથે લાવ્યો. હા ! હા ! નક્કી આજ હું કાળના સકંજામાં સપડાયો !"

ખર્પરકના પલાયન કરી જવાથી વિક્રમ બોલ્યો, "વૈતાળ ! એને ગમે ત્યાંથી શોધીને પકડી લાવ. એ ગુફા-

માં જ કયાંક સંતાયો છે; આજે એને માથે મોતનો છાયો છે! યાદ રાખ, એ ગુફામાંથી બહાર જવા ન પામે. બહાર જસે તો આજની આપણને મળેલી તક ફોગટ જશે, બહાર રહેલો ચોર દેવ અને દૈત્યને પણ દુર્જય થશે."

વિક્રમનાં વચન સાંભળી વૈતાળ ગુફામાં અંદર પહોંચી ગયો. કયાંય ઉંડાણમાં છુપાયલા ખર્પરકને પકડીને વૈતાલે વિક્રમ આગળ હાજર કર્યો. ચોરને પોતાની સમક્ષ જોઇને ગર્જના કરતો વિક્રમ બોલ્યો, "અરે અધમ! હવે નાસીને કયાં સંતાય છે? તલવાર હાથમાં લે ને મારી સાથે યુદ્ધ કર! બાયલા! શરમાતો નથી? સ્ત્રીની માફક પીઠ ફેરવતાં લાજતો પણ નથી?"

પોતાના બાહુને જોતો ને વિક્રમાદિત્યના વચનથી ઉત્સાહિત થયેલો ક્રૂર ખર્પરક યુદ્ધ કરવાને તૈયાર થયો. આ પાર કે પેલે પાર! યા હોમ કરી તેણે ફરીને યુદ્ધમાં ઝંપલાવ્યું. જો કે ઉત્સાહ તેનો મંદ પડી ગયો હતો, છતાં પણ હિમ્મત ધારણ કરી વિક્રમાદિત્ય સાથે યુદ્ધ કરવાને મેદાને ઉતર્યો. બન્ને જણ એકબીજા ઉપર તુટી પડયા. એકબીજાના ઘાને ચુકવતા ને ઘા કરવાનો લાગ જોતા યુદ્ધ કરવા લાગ્યા. પુણ્ય અને પાપનું આ યુદ્ધ હતું. ન્યાય અને અન્યાય સામસામે હતાં. સત્ય અને અસત્યનું આજે આખર પરિણામ આવવાનું હતું. બન્ને એકબીજાને પોતાના માર્ગમાંથી હંમેશને માટે દૂર કરવાને ઝઝુમતા હતા. જાનના દુશ્મન થઇને બન્ને યુદ્ધ કરતા હતા. એ યુદ્ધમાં તક મળતાં ખર્પરકે વિક્રમના મસ્તક ઉપર તલવારનો ઘા કર્યો. પોતાના માથે તલવારનો ઘા આવતો જોઇ વિક્રમાદિત્ય જરા ખસી ગયો ને તલવાર સહિત ખર્પરકને બન્ને હાથે કમરમાંથી ઉંચકી નીચે જમીન ઉપર પટકયો, તલવારને દૂર ફેંકી ખર્પરકની

ઉપર વિક્રમાદિત્ય કુદ્યો. બન્નેનું બાહુયુદ્ધ ચાલ્યું. એક-બીજાને નીચે પાડતા, કળવિકળથી એકબીજાના બળનો તેઓ ક્ષય કરવા લાગ્યા–થકવવા લાગ્યા. અવસર મેળવી ખર્પરકે કમરમાંથી જમૈયો કાઢયો. વિક્રમાદિત્યે જમૈયાવાળો હાથ પકડી આમળી નાખ્યો ને જમૈયાની ખેંચાખેંચ ચાલી. ખર્પરકે પોતાની અનેક કુટિલતા પ્રગટ કરવા માંડી ને વિક્રમને છળીને મારવાનો વિચાર કર્યો. વિક્રમાદિત્ય પણ સાવધાનપણે આ દુનિયાના એક મોટા દુર્જન અને માનવદૈત્ય સામે યુદ્ધ કરતો હતો. જગતમાં જીવનના અંત-પર્યંત પણ દુર્જનો પોતાની દુર્જનતા ત્યાગતા નથી; સજ્જનો પણ તો પછી શું છેવટ લગી પોતાની સજ્જનતા ત્યાગે ખરા ? બન્નેના માર્ગ ન્યારા છે. દુર્જન દુર્ગતિ તરફ પ્રયાણ કરવાનો હોવાથી તેને યોગ્ય કાર્યવહી તે કર્યે જાય છે. સુગતિએ જનાર સજ્જન પણ પોતાને યોગ્ય કાર્યવહી કરે છે. ખર્પરકે વિક્રમાદિત્યને મારવા માટે અનેક છળપ્રપંચ કરવા છતાં તેના દહાડા ભરાઈ ગયેલા હોવાથી એ ખર્પર-કના બધાય ઝાવાંવા વ્યર્થ થઇ ગયા.

યુદ્ધના પરિશ્રમથી શ્રમિત થયેલા ખર્પરકના હાથમાંથી જમૈયો છટકી દૂર જઈ પડયો, એકબીજાને જમીન સાથે પછાડતા ને ભૂમિ ઉપર પટકતા બન્ને ગબડતા ગબડતા જ્યાં ચંડિકાદેવીની દિવ્ય તલવાર પડેલી હતી ત્યાં આગળ આવ્યા આ દિવ્ય ખડગને ઉપાડી લઇ શત્રુ ઉપર વેર લેવાને ખર્પરક છેલ્લી તક અજમાવવા લાગ્યો. વિક્રમાદિત્ય એની આ ચેષ્ટા કળી જવાથી ખર્પરક એ ખડગ લેવાનો પ્રયત્ન કરે તે પહેલાં વિક્રમે ખડગ ઉપાડી લીધું, ને ખર્પરકની છાતી ઉપર ચઢી બેસી ખડગની અણી તેના ગળે ભોંકી એને પડકાર્યો, "દુષ્ટ ! સંભાળ તારા બચાવનારને !"

યુદ્ધના પરિશ્રમથી શ્રમિત થયેલો ને મુઢ મારની પીડાથી વ્યાકુળ થયેલો ખર્પરક પોતાનો આખર સમય જાણી ચંડિકાને યાદ કરવા લાગ્યો. સ્મરણ કરવા છતાં અત્યારે તો એ ચંડિકા પણ એ પાપીને મદદ કરવાને આવી નહિ. પોતાના જ દિવ્ય ખડગના ઘાથી હણાયેલો તે મુર્ચ્છિત થઈ ગયો: પાપનો હિસાબ ભરપાઇ કરવાને તે અધોભૂમિ તરફ ચાલ્યો ગયો. ત્યારપછી પ્રભાતે કલાવતીને લઇ વિક્રમાદિત્ય અવંતીમાં આવ્યો ને પેલી ચાર કન્યાઓ તેમજ ધનદૌલત સૌ સૌને સુપ્રત કરી સારાય અવંતિને દુષ્ટ ખર્પરકના ત્રાસમાંથી મુક્ત કરી.

જયસી કરણી વયસી ભરણી, આજ કીયા કલ પાવેગા;
ધોંકા દેગા ગયરો કો તો, આપ હી ધોકા આવેંગા.

પ્રકરણ ૧૩ મું.

દેવકુમાર

સાગર સુખ ન હોય, રાત દિવસ હિલોળતો:
હાલક હોલક હોય, હૈયે, હમારે હે સખી!

બાળા સુકુમારીને, પોતાના દેવને જતો જોઈ પોતાના હૈયે જાણે ગભરામણ થતી હોય તેમ હૃદયમાં બેચેની થવા લાગી. આકાશમાં જતા એના પ્રિયતમને તે જોઇ રહી. જોતાં જોતાં એ પ્રિયતમ તો અદૃશ્ય થઇ ગયો-હંમેશને માટે પોતાને તરછોડી ચાલ્યો ગયો શું? ઘડી બે ઘડી થઇ, સાંજ પડી છતાં એ પ્રિયતમનાં દર્શન જ નહિ! "આહ! મને અબળા...ગભરૂ બાળાને તજી એ પ્રિય શું ચાલ્યો ગયો?" હૃદયમાં મુંઝવણ થવાથી બાલા અવાક બની મૂર્ચ્છિત થઈ ગઈ. સખીઓ દાસીઓ દોડી આવી પહોંચી; અનેક શીતળ

ઉપચારથી બાળા સુકુમારીને હોશિયાર કરી. બાળા રૂદન વિલાપ કરવા લાગી. પ્રિયતમના દર્શનની આતુર, વિરહથી વ્યાકુળ, ચિત્તવાળી બાળા કલ્પાંત કરવા લાગી. એનાં માતા-પિતા આવી પહોંચ્યાં. એના પતિના ચાલ્યા જવાની વાતની તેમને ખબર પડતાં તેઓ પણ દુઃખી થયાં, પુત્રીના દુઃખમાં ભાગીદાર થયાં. પુત્રીને ગર્ભવંતી જાણી માતાપિતા એક રીતે ખુશી પણ થયાં. બાળાને શિખામણની વાત કહી માતાએ સમજાવી, "અરે પુત્રી! એદ શા માટે કરે છે? તારો પતિ જરૂર પાછો આવશે. પોતાને સ્થાનકે કદાચ ગયો હશે તોપણ તે જરૂર તને તેડવાને તો આવશે જ."

"અરે, પણ એમને પોતાને ઘેર અગર પોતાની ભૂમિ તરફ જવું તું, તો મને કહીને ગયા હોત તો મને દુઃખ જ ન થાત!"

"તેથી શું? પુરૂષો વારે વારે કાંઇ સ્ત્રીઓને પૂછીને કામ કરતા હશે? ન પૂછયું તેથી કાંઇ ગભરાવાનું તારે કારણ નથી, દીકરી!" માતાએ દિલાસો આપવા માંડયો.

"ખરી વાત છે. ગયા તો ભલે ગયા, તેમાં આટલી બધી વ્યાકુળતા શી, બાઈ?" એક સખીએ માતાના વચનની પાદપૂર્તિ કરી અનુમતિ આપી.

"તમો બધાં કહો, પણ મારૂં મન માનતું નથી. મારા પતિ હવે જરૂર અહીં નહિ આવે. એ ગયા તે ગયા, કયાં ગયા તેના સ્થાનકની પણ હવે કોણ ખબર લાવે?"

"એના સ્થાનકની ખબર પણ કોણ જાણે છે? એ તે દેવ છે કે માનવ કે વિદ્યાધર? એનીય ખબર નથી તો પછી સ્થાનકની ખબર કયાંથી પડે, દીકરી?" શાલિવાહન-એના પિતાએ પુત્રીનું મન મનાવવા માંડયું.

"અરે મા! મારૂં શું થશે?" સુકુમારીનું હૈયું ભરાઇ

આવવાથી રોઇ પડીને ડુસકાં ભરતાં બોલી, "અરે પરભવમાં મને કયાં પાપ નડયાં? વિધાતા આજે કેમ વેરણ બની? મારાં કયાં પાપ ઉદયમાં આવ્યાં? શું હતું ને શું થઈ ગયું આજે?"

"દીકરી! એ મિથ્યા શોકને હવે છોડી દે. તારા પતિ પાછા ફરીને ફરી તારી સંભાળ લેશે તો ઠીક, નહિતર તારા ગર્ભનું તું યત્નપૂર્વક રક્ષણ કર. એ બાલકને હું મોટું રાજ્ય આપીશ. તને સર્વે વાતે સુખી કરીશ." પિતાએ ધીરજથી શિખામણ આપી.

"તારા પિતાજી સત્ય કહે છે, દીકરી! ગભરાઇશ નહિ. ધર્મધ્યાનમાં તારા દિવસો પસાર કરી તારા ગર્ભનું તું રક્ષણ કર. આગળ સૌ સારાં વાનાં થશે." માતાએ પણ શિખામણ દીધી.

માતાપિતાની ધીરજથી તેમનું આશ્વાસન મેળવી ગર્ભનું રક્ષણ કરતી બાળા સુકુમારી ધર્મધ્યાનમાં દિવસો ગાળવા લાગી. સખીઓ એના મનને બીજી તરફ વાળી બીજા અનેક વિષયોમાં એને ખેંચી જઇ પતિનો શોક ભુલાવવા પ્રયાસ કરતી. અનેક રમતગમત, ભિન્ન ભિન્ન હાસ્યવિનોદમાં કાળ વ્યતીત કરવા છતાં એ સુજ્ઞ મનોહર બાળા પોતાના દેવને ભૂલી શકતી નહિ; એ દેવના સુંદર વદનને નીરખતી બાળા કાકલુદી કરતી હોય તેવા હાવભાવપૂર્વક પતિને વીનવતી–અરજ કરતી; આંખમાંથી અશ્રુ ઝેરવતી બાળા બહાવરી બની જતી. હૃદયની ઉર્મિઓ ઉત્પન્ન થઇને અત્યારે તો હૃદયમાં જ સમાઇ જતી. અરે, પ્રીતિના પહેલા જ પગથિયે પગ માંડતાં આવી ભૂલ થઇ ગઇ. હૃદયની લાગણી તે શી રીતે શાન્ત રહે? એ તરફડતું જીઅર ધર્મધ્યાનથી પણ શાન્ત ન રહે?

શું જાણે કે પરવશ થઈને, આંશુ છે પાડવાનાં ?
શું જાણે કે હૃદય ધરતાં, વાજ છે લાગવાનાં ?
શું જાણે કે પ્રીતિ કરતાં, દુઃખ છે વ્હોરવાનાં ?
શું જાણે કે અમૃત પીતાં, ઝેર છે ઓકવાનાં ?

વ્યાકુળ છતાંય એ રાજબાળા પતિને સંભાળતી ધર્મ-ધ્યાનમાં પોતાનો સમય વ્યતીત કરવા લાગી. પતિને ગયાને અધિક સમય થઇ ગયો છતાં પતિ તરફથી કાંઇપણ સંદેશો-સમાચાર આવ્યા નહિ. નિરાશ થતી બાળા મનમાં પતિને ઓળંભા દેતી આશામાં દીવસો ગાળવા લાગી આ તરફ બાળા સુકુમારીનો ગર્ભ દિન પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો. ગર્ભના પ્રભાવથી અનેક સારા સારા અભિલાષ થવા લાગ્યા; તે સર્વે રાજાએ પુર્ણ કર્યા.

સારા ગ્રહનો યોગ મળે છતે અને શુભ દિવસે બાળા સુકુમારીએ એક મનોહર દેવકુમાર સરખા કાન્તિવાળા બાળકનો જન્મ આપ્યો. બાળકના જન્મથી રાજકુટુંબમાં આનંદનું વાતાવરણ છવાઇ રહ્યું. રાજા પણ બાળકને જોઈ મનમાં રાજી થયો. બાળક સ્વરૂપે જેવો અદ્‌ભુત હતો, તેવું તેનું ભાગ્ય પણ જ્યોતિષીઓએ અદ્‌ભુત જ ભાખ્યું હતું. રાજકુટુંબને સંતોષી એક શુભ દિવસે શાલિવાહન રાજાએ એ બાળકનું નામ દેવકુમાર રાખ્યું. પંચધાત્રીઓથી લાલન-પાલન કરાતો દેવકુમાર સમો દેવકુમાર દેવની માફક વૃદ્ધિ પામતો ગયો. પોતાની દુઃખીણી માતાની આંખોના આધાર-ભૂત થયો. પતિના જેવી કાન્તિવાળા પોતાના નાનકડા કેળના ગર્ભ સમા બાળકને જોઇ માતા દુઃખી છતાં મનમાં રાજી થતી દિવસો વ્યતીત કરવા લાગી; પતિના વિયોગે પુત્રને નીરખી પતિને ભૂલવા લાગી.

યોગ્ય ઉંમરનો થતાં રાજાએ શાસ્ત્રકળા શીખવાને માટે

તેને પાઠશાળામાં પંડિતની પાસે મુક્યેા. બુદ્ધિમાન પુરૂષોને પરભવના પુણ્યપ્રતાપથી વગર કલેશે વિદ્યા સિદ્ધ થાય છે, તેમ દેવકુમાર પણ શિક્ષકોને સાક્ષીભૂત રાખીને શાસ્ત્ર અને શાસ્ત્રની કળામાં પ્રવીણ થયેા. કહ્યું છે કે—

पितृभिस्ताडितः पुत्रः शिष्यश्च गुरूशिक्षितः ।
बनाहतं सुवर्णं च, जायते जनमण्डनम् ॥

ભાવાર્થ—પિતાથી તાડન કરાયલેા પુત્ર, ગુરૂની શિક્ષાથી શિક્ષિત થયેલેા શિષ્ય અને હથેાડાથી ટીપાયેલું સુવર્ણ એ ત્રણે સમાજમાં-જગતમાં શેાભાને પામે છે.

એક દિવસ લેખશાળામાં કેાઈક વિદ્યાર્થી સાથે દેવકુમારને તકરાર થતાં બન્ને લડી પડયા. દેવકુમારે એ બાળકની નિર્ભર્ત્સના કરીને તાડના કરી. ક્રોધે વશ થયેલેા તે છેાકરેા બેાલ્યેા, "અરે બાપ વગરનેા છે એટલે આટલું બધું અભિમાન રાખે છે? તારેા બાપ કેાણ છે એની તેા તપાસ કર! બાપનું તેા ક્યાંય ઠેકાણું નથી ને ખીંગાણા કરવામાંથી તેા ઊંચેા આવતેા નથી."

એ છેાકરાનાં મર્મભેદક વચન સાંભળી દેવકુમાર તાડુકયેા, "દુષ્ટ! મને બાપ વગરનેા કેમ કહે છે? શાલિવાહન રાજા શું મારા પિતા નથી? શાલિવાહન જેના મારે પિતા છતાં તું મને નબાપેા કહે છે?" દેવકુમારે પેલા છેાકરાને પકડી મારવા માંડયેા. બીજા છેાકરા વચમાં પડયા અને બન્નેને જુદા કર્યા.

"દેવકુમાર! ગુસ્સે ન થઈશ. એ છેાકરાએ કહ્યું તેના મર્મ હજી તું સમજ્યેા નથી. પહેલાં એના કથનનેા અર્થ તેા વિચાર!" એક છેાકરેા વચમાં શાંતિથી બેાલ્યેા.

"શું તું મને એનેા અર્થ સમજાવે છે? શાલિવાહન

શું મારા પિતા નથી, એમ તું કહેવા માગે છે? બોલ, બોલ?"

દેવકુમારનાં વચન સાંભળી પેલો બહાદુર છોકરો ધીરજથી બોલ્યો "ભાઇ! દેવકુમાર! જો સાંભળ. મહારાજ શાલિવાહન તારા પિતા તો ખરા એની કોઈ ના પાડી શકતું નથી, પણ એ જેમ તારા પિતા છે તેવી રીતે તારી માતાના પણ એ પિતા છે, સમજ્યો?"

એ છોકરાની વાણી સાંભળી દેવકુમાર ચમક્યો, "આહ! હું આવો બુદ્ધિશાળી છતાં આ પરમઅર્થ સમજી શક્યો નહિ; તેમ તેનો ખ્યાલ પણ કરી શક્યો નહિ."

"તારું કથન સત્ય જણાય છે. એ ગૂઢાર્થની હવે મને સમજ પડી." મ્લાન વદનવાળો દેવકુમાર તરતજ પોતાને આવાસે આવ્યો, પોતાની માતા પાસે આવી માતાની સામે દૃષ્ટિ સ્થાપન કરીને ઉભો રહ્યો. સિંહના બચ્ચાની માફક તેને સ્થિર ઉભેલો જોઈ માતા એની ગંભીરતાથી ચમકી, "શું છે, બેટા?"

"માતા! સત્ય કહે! મારે પિતા નથી છતાં આવા મનોહર વસ્ત્રાભુષણ તું શા માટે ધારણ કરે છે?" અચાનક દેવકુમારના મુખમાંથી આ શબ્દો સાંભળી બાળા સુકુમારીની પૂર્વ સ્મૃતિ તાજી થઇ. પૂર્વના સુખોનું સ્મરણ થતાં એનું ચંદ્રવદન તેજરહિત થઇ ગયું. વ્યાકુળ ચિત્તવાળી પુત્રના પ્રશ્નનો શું જવાબ આપવો, તેનો વિચાર કરવા લાગી.

"માતા, કેમ બોલતી નથી? બોલ, મારા બાપુ ક્યાં છે?"

"મહારાજ શાલિવાહન તારા પિતા છે; એટલું'ય સમજતો નથી કે એ તારા પિતા છે!"

બાળા સુકુમારીના જવાબમાં દેવકુમાર બોલ્યો; "અરે માતા! એ તો તારા પિતા છે, પણ મારા પિતા કયાં છે? કોણ છે? બોલ, ઝટ બોલ."

પિતા સંબંધી હકીકત જાણવાની પુત્રની આટલી બધી આતુરતા જાણી એની માતા ક્ષોભ પામી, એ બીને પણ કાંઈ જાણતી નહોતી. પતિના સ્થાનકની વાત પણ એણે સાંભળી નથી, તો પછી એ બિચારી શું બતાવી શકે?

"માતા! નહિ કહે? નહિ કહે તો હું આત્મહત્યા કરીશ. લોકોનાં નબાપા એવાં મહેણાં કે મર્મવચન સાંભળી હું જીવીશ નહિ. બાપ વગરના એવા મારે હવે જીવિતનું કાંઈ કામ નથી." હૃદયની ગભરામણ બહાર કાઢતો શોકથી આકુળવ્યાકુળ થયેલો દેવકુમાર બોલ્યો.

માતા પુત્રની રકઝકથી આપ્ત વર્ગ બધો ભેગો થઈ ગયો, છતાં કોણ શું કહે? એના પિતાની હકીકત કોણ જાણતું હતું તે કહે? બધાંય દેવકુમારને સમજાવવા લાગ્યાં.

"પુત્ર! એવું બોલી તારી અભાગી માતાને વધારે દુઃખી કરીશ નહિ, એને બળતીને બાળીશ નહિ. તારા પિતા એક દેવ હતા એટલું જ માત્ર હું અને આ બધાં જાણે છે, એક દિવસ તેઓ આકાશમાર્ગે ક્રીડા કરવાને ગયા તે ગયા. નિર્દોષ એવી મને તજીને તે જતા રહ્યા. રોજ તેઓ આકાશમાં ક્રીડા કરવાને જતા ને પાછા આવતા. પણ તું ગર્ભમાં આવ્યા પછી મને નિરાધાર મુકી હંમેશને માટે તેઓ ગયા!" આંખમાંથી આંસુ પાડતી સુકુમારી બોલી. પૂર્વની સ્મૃતિને તાજી કરતી ધ્રુસકાં ખાવા લાગી. પતિ વગરની નિરાધાર બાળા સુકુમારીનો આજે કોણ બેલી હતું? પુત્ર પણ અત્યારે એની સામે ઉભો હતો. જગતમાં એનું કોઈ નહોતું. જરા પણ મુશ્કેલીમાં અબળાનું અંતઃકરણ દ્રવી જાય છે. અબળા તે અબળા જ!

માતાની વાત સાંભળી દેવકુમાર વિચારમાં પડ્યો, "કેવી અસંભવિત વાત બની છે?" પોતાની દુઃખી માતાને વધારે દુઃખી ન કરતાં તે પોતાના મકાનમાં બધે ભમવા લાગ્યો–કાંઈક શોધ કરવા લાગ્યો સુકુમારીનાં માતાપિતા વિગેરે પણ આવી પહોંચ્યાં દેવકુમારને ઘણો સમજાવ્યો પણ પિતાની હકીકત જાણવાની ધુનમાં એણે કોઈની વાત સાંભળી નહિ. એ વિશાળ મહાલયના ખુણેખુણા શોધી વળ્યો. કાંઈ પણ ભાળ નહિ મળવાથી દેવકુમાર વધારે નિરાશ થયો. ચારેખુણે ઊંચે નીચે બધેય તપાસ કરી, પણ કાંઈ સમજ નહિ પડવાથી એને પોતાની માતા ઉપર તિરસ્કાર આવ્યો એનાં દાદા દાદી ઉપર પણ એ બાળક ગુસ્સે થયો. "કેવી ગંભીર ભૂલ કરી નાખી છે? આવા દગાખોર માણસને પોતાની કન્યા આપી. એ રાજાની કેવી ભૂલ છે? જેનું સ્થાન કે નામ પણ જાણતા ન હોઇએ એવાને કન્યા આપવાથી પાછળથી કેવાં ગંભીર પરિણામ આવે છે એનું હું જ પ્રત્યક્ષ દૃષ્ટાંત છું! મારે લોકોનાં અને દુર્જનનાં મર્મ વચનો કેવાં સાંભળવાં પડે છે અત્યારે?'

"દીકરા! જમી લે! એ રોજ નવીન ક્રીડામાં આસક્ત દેવતાઓ કાંઈ એક સ્થાને રહેતા નથી. આપણે માનવી એમના સ્થાનને શી રીતે જાણીએ?" પુત્રને શોધતી એની પાસે આવેલી દીન અને દુઃખીયારી માતાના શબ્દ સાંભળી બાળક દેવકુમાર અત્યંત નિરાશ થતો માતા તરફ દૃષ્ટિ સ્થાપન કરતો બોલ્યો. "માતા! પિતાનું સ્થાન જાણ્યા વગર હું રહેવાનો નથી. બાપ વગરના થઇને દુનિયામાં જીવવું એ કેટલું મુશ્કેલ છે, તેની તને ઘરમાં રહી શી ખબર પડે, માતા!"

"પણ તું કહી રીતે પત્તો મેળવીશ, દીકરા?" માતાએ પૂછ્યું.

"ગમે તે રીતે; પણ પૃથ્વીના પડમાંથી એ દગાખોર પિતાને હું શોધી કાઢીશ, માતા!" દુઃખમાં પતાવીને એ બાળક દેવકુમાર નિરાશપૂર્ણ હૃદયે ઊંચે દૃષ્ટિ કરતો બોલ્યો, "અરે ભગવન્! આ શું આફત!"

ઊંચે જોતાં મહાલયના વિશાળ પાટડા-ભારવટ ઉપર તેણે અક્ષરો જેવું કાંઈક દીઠું. વિશેષ ખાતરી કરવા બાળકે પાસે જઈ એ અક્ષરો તપાસ્યા ને બરાબર વાંચ્યા, એ શ્લોક વાંચી બાળક રાજી થયો અને મનમાં ખુશી થતો બોલ્યો "વાહ, પિતજી!"

અચાનક, શોકથી વ્યાકુળ થયેલા બાળકને આનંદ પામતો જોઈ માતા ચમકી "કેમ તારા પિતાની કાંઈ ખબર પડી? આવ્યા કે શું? એ મનમોજી દેવતાઓ સંભારતામાં શું હાજર થઈ શકે છે? દર્શન આપી શકે છે?"

"માતા! મારા પિતા કોઈ દેવ નથી. તારા ને મારા જેવા એ પણ એક માણસ જ છે, સમજી?" પુત્રનાં વચન સાંભળી માતા ચકિત થતી બોલી, "તેં કેમ જાણ્યું કે એ દેવ નથી? રોજ આકાશમાં ઉડીને જતા, અન્નપાન નહિ કરતા પણ દેવતાઈ ભોજન જમતા, ને દેવતાઈ-દિવ્ય વસ્ત્રાભૂષણ પહેરતા, એ બધુંય મેં નજરે જોયેલું તે શું ખોટું?"

માતાની મુગ્ધતા ઉપર હાસ્ય કરતો દેવકુમાર બોલ્યો. "ખોટું નહિ તો શું સાચું? એમણે દેવ બનીને તને છે, મા! પુરૂષનો દ્વેષ કરનારી તને છેતરવા માટે મારા પિતાની એ કુટિલતા હતી, મા! બાકી જરૂર

એમને કોઈ દેવ સહાયકારક તો હશે જ!" દેવકુમારે પિતાનો પરિચય કરાવતાં કહ્યું. પુત્રની અદ્‌ભુત શૌર્યથી માતા આશ્ચર્ય પામવા લાગી.

"ત્યારે એમનું સ્થાન કયાં છે તે તું જાણી શકે છે વારૂ?" માતાએ પૂછ્યું.

"હા! જો આ ભારવટ્ટ ઉપર લખેલું છે તે! મારા પિતા દેવ તો નથી પણ નરદેવ તો જરૂર છે.—અને તે અવંતી નગરીના રાજા છે"

"તો ત્યાં ગયા પછી એમણે આપણને કાં તેડાવ્યાં નહિ, અરે! યાદ પણ કર્યાં નહિ, કેવા એ!"

"કેવા તે કપટી! પ્રપંચી! યાદ કર્યા પણ નહિ ને કરશે પણ નહિ, માતા! આપણને તેડાવ્યા પણ નહિ ને તેડાવશે પણ નહિ, સમજી?" દેવકુમાર હસ્યો.

"એનું કારણ?"

"કારણ એ જ કે એ પોતાને વીરોમાં વીર, સાહસિક માને છે!"

"તો વીરપુરૂષો શું પોતાની પત્ની અને બાળકને ભૂલી જતા હશે વારૂ?"

"રાજકાર્યમાં કદાચ ભૂલીએ જાય, અથવા તો પોતાના કરતાં પોતાના પુત્રને સવાયો જોવાની અભિલાષા-વાળા તો તે જરૂર હોય!"

"અરેરે! ત્યારે આપણી શી દશા? તારા પિતાને આપણે નહિ જોઈ શકીએ કે શું?" માતા ઉદાસ થઈ ગઇ. અને નિરાસ વદને બોલી "અરે ભગવન્!"

"માતા, શોક ન કર! તું મને અવંતી જવાની રજા આપ. એ પિતાએ તને છેતરી ને ઠગી છે તો હું તેનો બદલો લઈશ; અને મારા બાપુને છેતરીશ!"

"અરેરે! એ શું બોલ્યો? હજી બચપણ તો તારૂં પુરૂં થયું નથી, ત્યાં વળી બળીઆ સાથે બાથ ભીડવા ક્યાં જાય છે? તારા પિતા બહુ બળવાન છે; તેમાંય રાજ સમૃદ્ધિ ને દેવતાની સહાય પામીને તો તે ઇંદ્રને પણ દુર્જય છે. એમની સાથે તું સરસાઇ શી રીતે કરી શકીશ!"

માતાનાં ભીરૂ વચન સાંભળી એ બહાદુર બાળક હસ્યો, "માતા! હાથીઓના કુંભસ્થળ તોડવાની તાકાત ધરાવતા સિંહના બચ્ચાને પણ સિંહણ પંપાળતી સૌમ્ય દૃષ્ટિથી જુએ છે. એની નજર આગળ નિર્દોષ અને ભીરૂ જણાતું એ જ બચ્ચું હાથીઓના કુંભસ્થળ તોડે છે. મા, ગભરાઇશ નહિ! હું પણ એ વીર પિતાનો પુત્ર છું; તેમજ એના કરતાં સવાયો છું."

"હશે! પણ તું હજી બચ્ચું છે દીકરા, મોટો થા! પછી આપણે બન્ને સાથે અવંતી જઇશું. તારા પિતાને મળીશું." માતાએ દિલાસો આપતાં કહ્યું.

"ના માતા, મારા પિતા એવી રીતે તો તને કે મને મળશે નહિ અને સાંભળશે પણ નહિ. પોતાને વીર કહેવડાવતા એ પિતા એવી રીતે લાજી મરશે. માતાજી! એમને ઓળખાવવા માટે તો મારે કાંઇક પરાક્રમ કરવું પડશે."

"કદાચ એવો પ્રસંગ આવે તો તું એમનો જ પુત્ર છે. તને યોગ્ય લાગે તે કરજે."

"તેથી જ મને અત્યારે જવાની રજા આપ! તું ના કહીશ તો હું અહીંથી ચુપચુપ જતો રહીશ; માટે ભલી થઇને રજા આપ! પોતાને વીર કહેવડાવતા એ અભિમાની પિતાના માનનું મર્દન કરવાની મને રજા આપ!"

પુત્રની પિતા પાસે જવાની ઉત્કટ ઇચ્છા જોઇ સુકુમારી ચમકી. "અરે પતિ ગયા ને પુત્ર પણ જાય તો પછી

એકલી અટુલી મારી શી દશા થાય ?"

મનમાં વિચાર કરતી પુત્રના નિશ્ચયને જાણી સુકુમારી બોલી, "દીકરા ! એમના વિજોગે તેમના પ્રતિબિંબ જેવા તને જોઇને હું દહાડા ગુજારું છું. મને નિષ્કલંક તજીને તેઓ તો ગયા, પણ તું ય જતો રહેવા માગે છે શું ? પછી એકલી અટુલી મારી શી દશા એનો કંઈ વિચાર કર્યો !" બાળકે મોટો નિઃશ્વાસ નાખતાં ઉપર મુજબ કહ્યું.

દુઃખી માતાનો દીર્ઘ નિશ્વાસ જોઇ, દેવકુમાર ગદ્‌ગદ્ થતો બોલ્યો, "માતા ! આટલો સમય જેમ વ્યતીત કર્યો તેમ થોડોક વખારે ! પિતાજી સાથે ઓળખાણ થશે કે જરૂર હું પહેલાં તને તેડવા આવીશ. તારા સિવાય હું પિતાજી પાસે રહીશ નહિ."

દેવકુમારનાં આશાજનક વચન સાંભળતાં પણ માતાનું હૈયું માન્યું નહિ. "અરે દૈવ ! આ શું ? દીકરાને કોણ સમજાવે ? દીકરો પણ મને તજીને જતો રહેશે ?"

"માતા ! શા માટે દુઃખી થાય છે ? તારા ચરણના સોગન લઈ કહું છું કે જરૂર હું જેમ બને તેમ વહેલો પિતાજીને મળી પાછો આવીશ અને તને તેડી જઇશ." માતાને સમજાવી, એક દિવસ શુભ મુહુર્તનો યોગ પામીને અગ્નની સાથે દેવકુમાર અવંતિ તરફ ચાલ્યો.

જનની જણ તો ભક્તજન, કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

પ્રકરણ ૧૪ મું.

અવંતીમાં

एकोऽहमसहायोऽहं, कृशोऽहमपरिच्छदः ।
स्वप्नेयेवंविधा चिंता मृगेन्द्रस्य न जायते ॥

ભાવાર્થ—હું એકલો અને સહાય વગરનો છું તેમજ દુર્બલ અને પરિવાર વગરનો છું, એવી ચિંતા સ્વપ્નામાં પણ મૃગેંદ્રને થતી નથી.

માતાની રજા લઇને હાથમાં એકાકી ખડ્ગને મિત્ર બનાવી પ્રતિષ્ઠાનપુરથી ચુપચુપ નીકળેલો દેવકુમાર મનમાં અનેક વિચાર કરતો અવંતીની સમીપમાં આવી પહોંચ્યો. "જે પિતા મારી નિર્દોષ માતાનો ત્યાગ કરી રાજ્યમાં પ્રીતિવાળા બની તેને ભૂલી ગયા છે તેવા પિતાને મારું પરાક્રમ બતાવ્યા સિવાય શી રીતે મોં બતાવું? સિંહનાં બચ્ચાં સિંહ જેવાંજ પરાક્રમી હોય છે. એવી પિતાને ખાતરી કરાવી આપવી જોઈએ. પોતાના કરતાં સવાયા પુત્રને જોઈને વીર પિતા ખુશી થાય છે. પૂર્વે શ્રીકૃષ્ણને પ્રદ્યુમ્ન-કુમારે પોતાના પરાક્રમનો ચમત્કાર બતાવી આશ્ચર્યચકિત કર્યા હતા. ગર્ભવંતી નંદાને મુકીને જતા રહેલા શ્રેણિક નરપતિને પણ તેમના પુત્ર અભયકુમારે પોતાની બુદ્ધિનો ચમત્કાર બતાવ્યો હતો. આજે હું પણ પિતાને આશ્ચર્યચ-કિત કર્યા વગર, એમની આગળ શું મોં લઈને જાઉં? તેમણે મારી ગરીબ માતાને છેતરીને દગો દીધો, તો આજે હું આખીય અવંતીને છેતરું એમાં ખોટું ય શું?"

દેવકુમાર વિચાર કરી નગરની મુખ્ય વેશ્યા-નાયિકાના મકાન આગળ આવ્યો; કારણકે અનેક પુરૂષોનો સમાગમ કરનારી, નગરની દરેક ગુહ્ય વાત જાણનાર વેશ્યાના ઘર વગર કાર્ય સિદ્ધ થતું નથી. રાજકુમારો પાસે વિનય, પંડિ-તજનો પાસેથી બોલવાની ચતુરાઈ, જુગારીઓ પાસેથી અસત્ય અને સ્ત્રીઓ પાસેથી છળપ્રપંચનું શિક્ષણ મેળવી શકાય છે; જેથી દેવકુમાર વેશ્યાને ઘેર પહોંચી ગયો. તેને જોતાંજ વેશ્યાએ-નગરનાયિકાને પૂછયું, "કયાંથી આવો છો?

કેમ આવ્યા છો ? શું લાવ્યા છો ? ”

વેશ્યાના પ્રશ્નના જવાબમાં રાજકુમાર સ્મિત કરતો બોલ્યો, “ હું સર્વહર નામે ચોર તમારા મકાનમાં નિવાસ કરી અન્ય નગરજનોની સાથે રાજાની લક્ષ્મી લુંટી તમારું ઘર ભરવાને આવ્યો છું. ” આ રીતની સર્વહરની વાણી સાંભળી નગર નાયિકા ચમકી.

“ તમારી વાત તો મજાની છે, પણ કિંપાકના ફલની માફક પરિણામે અનર્થ કરનારી છે, રાજાને જો તમારા જેવાની જરાપણ ગંધ આવે તો મારા ઘરબાર લુંટીને મને પાયમાલ તો જરૂર કરી નાખે ! સમજ્યા ભાઈ સાહેબ ? સીધે સીધા આગળ પધારો મહેરબાની કરીને ! ”

“ અરે, પણ હું પકડાઇશ તો રાજા ભલે મને શિક્ષા કરે; તમે નાહક આટલાં બધાં શાને ગભરાવ છો ? ”

“ તારી ચોરીના પાપે અમારાં ઘરબાર પણ લુંટાઇ જાય; કારણકે ચોર, ચોરને સહાય કરનાર, ચોરને આશ્રય આપનાર, ચોરની સાથે લે-વેચ કરનાર, તેને અન્ન દેનાર, તેનો ભેદ જાણનાર, એની સાથે ગુપ્ત સંબંધ રાખનાર પણ ચોરજ કહેવાય છે. તેમજ વણિક, વેશ્યા, ચોરી, વ્યભિચારી, અને જુગારી એ બધાને તેમની સાથે સંબંધ રાખનાર પણ અસત્યના મંદિર કહેવાય છે ! ”

બુદ્ધિનિધાન સર્વહર (દેવકુમાર) નકામો એની સાથે વિતંડાવાદ ન કરતાં ત્યાંથી આગળ ચાલ્યો. બીજી વેશ્યાની પાસે જઈને પોતાને રહેવા માટે માગણી કરી. તેણીએ પણ ના પાડી; કારણકે રાજાની સાથે વિરોધ કરીને એને સ્થાનક કોણ આપે ? જગતમાં ભયંકર પુરૂષો સાથેની મિત્રતા, અગર વાતચીત પણ દુઃખ કરનારી નીવડે છે. અકાલે ગમન, અગર અકાલે પઠનપાઠન, વિષમ ગોષ્ટિની જેમ દુર્જનની સેવા

આકૃતકારક સમજીને કોઈએ સર્વહરને સ્થાન આપ્યું નહિ. નગરની અનેક વેશ્યાઓનાં દ્વાર આગળ ભટકયો પણ કયાંય જગા નહિ મળવાથી નગરીમાં ફરતો ફરતો તે આખરે કાલી નામની વેશ્યાને ઘેર ગયો. તેની પાસે જઈને પોતાને રહેવા માટે સ્થાનની માગણી કરી.

" રાજાનો વિરોધ કરીને તમને રાખવા જતાં અમારાં ઘરબાર પણ લુંટાઈ જાય માટે તમારે ચોરીનો ત્યાગ કરીને રહેવું હોય તો રહો. " કાલી બોલી.

" અરે કાલીદેવી ! આ નગરમાં હું ગમે તે ઉપદ્રવ કરું તેથી તારે જરીય ગભરાવું નહિ. રાજા તારું કશુંય નુકસાન કરશે નહિ, સમજી ? નગરમાં રહેવા છતાં રાજા મને જાણી પણ શકશે નહિ. તું તારે નિશ્ચિંત થઈ રહે. "

સર્વહરનાં વચન સાંભળી કાલી વિચારમાં પડી ગઈ. " મારે ઘેર એવા કોઈ ધનાઢય પુરૂષો આવતા નથી માટે આ યુવક ભલે રહે ! થોડા દિવસ સુધી એની ચેષ્ટા તો જોવા દે ! જો કાંઇ નુકસાન કરનાર જણાશે તો કાઢતાં કયાં વાર છે ? " મનમાં વિચાર કરી વેશ્યા બોલી, " ઠીક રહો, પણ મને નુકસાન થાય તેવું વર્તન કરશો નહિ. " કાલીની અનુજ્ઞા મેલવી સર્વહર એના ઘરમાં રહ્યો. અનુક્રમે બે દિવસનાં વહાણાં વહી ગયાં, પણ વેશ્યાને તેના તરફથી કાંઇ મળ્યું નહિ. તેથી વેશ્યાએ તેને પોતાની પાસે બોલાવીને કહ્યું, " અરે પરદેશી ! દ્રવ્ય વિના વેશ્યાના મકાનમાં રહી શકાતું નથી. આજે ગમે તેમ કરીને નગરમાંથી ધન પેદા કરી લાવ, અગર તો આ મારા મકાનમાંથી બહાર નીકળી જા. "

" જરા ધીમી પડ ! કાલી ! મહાકાલી ! જરા ધીરજ ધર ! તારું મકાન હું એકદમ ધનથી ભરી દઇશ, પણ અત્યારે તો જરા શાંતિ રાખ. "

"અરે, એવા ઉપદેશની અમારે જરૂર નથી. આજે ગમે તેમ કરીને ધન લાવ. જાણતો નથી કે વેશ્યાઓ તો દ્રવ્યની સગી હોય ! દુનીયામાં ધન-પૈસો એજ પરમેશ્વર છે. ધન વગરના ખાલી એવા તને આશ્રય આપવામાં મેં મોટી ભૂલ કરી છે. ગમે તેમ કરીને પૈસા લાવ ! ધન લાવ !"

'દુનિયા મેં પૈસા, ચાહે સો કર સકતા હુય
સચ્ચેકો જુઠા કરકે, જુઠેકો સચ્ચા કર સકતા હુય."

"તારી વાત ખરી છે, કાલી! પણ હવે એક દિવસ વધારે ધીરજ ધર. તને દ્રવ્ય નહિ આપું તો હું ચાલ્યો જઈશ, પછી કાંઇ ? તમારી વાતમાં હું એક વાત તો ભૂલી જ ગયો. કહે તો ખરી કે આ સામે રહેલો રમણીય મનોહર આવાસ કયા ભાગ્યવંતનો છે ? "

"મહારાજા વિક્રમાદિત્યનો આ મહેલ છે. મહારાણી કલાવતી સાથે અવંતીપતિ, રોજ રાત્રીના આકાશમાં વાતો કરતા સાત માળના આ પ્રાસાદમાં સાતમી ભૂમિકાએ ન્યાયમાર્ગે પૃથ્વીનું રક્ષણ કરતા તે શયન કરે છે. હજારો પહેરે. ગીરોથી રક્ષાયેલ આ મહેલમાં પ્રવેશ કરવાને કયો મનુષ્ય હિંમત ધરે ? " કાલીએ કહ્યું.

"ત્યારે આ ડાબી બાજુએ છે તેય રાજમહેલ છે કે બીજા કોઇનો પ્રાસાદ છે ! "

"આ મહેલ પણ રાજમહેલના જેવોજ રાજાના મહાઅમાત્ય ભટ્ટમાત્રનો છે. બુદ્ધિનો નિધાન તે મંત્રી શબ્દ ઉપરથી માનવીને પકડી શકે છે. તે જેમ જાનવરની ભાષા સમજી શકે છે તેવીજ રીતે મનુષ્યના શબ્દ ઉપરથી મનુષ્યના હૈયામાં રહેલી ગૂઢ વાત પણ જાણી શકે છે."

"બહુજ સારી વાત છે કે! જ્યાં બહાદુર ન્યાયપ્રિય

પ્રજાપાલક રાજા અને બુદ્ધિનિધાન મંત્રી હોય તેના રાજ્યમાં અશાંતિ તે કયાંથી હોય ? ”

વાતચીતથી પરવારી સર્વહર નગરચર્યા જોવાને તૈયાર થયો ને વેશ્યાને કહ્યું કે, “ હું જ્યારે ત્રણ તાલી પાડું ત્યારે તારે બારણાં ઉઘાડવાં; જરાય વાર લગાડવી નહિ,” એવી રીતે વેશ્યા કાલીની સાથે સંકેત કરી સર્વહર (દેવકુમાર) કાલીના મકાનમાંથી બહાર નીકળ્યો–આ અજાણ્યા નગરમાં કોઇની મદદ વગર પોતાના પરાક્રમ ઉપર આધાર રાખતો સર્વહર એકાકી બહાર નીકળ્યો. હાથીઓનાં કુંભસ્થળ તોડવા સિંહ જ્યારે બહાર પડે છે તે સમયે તે શકુન, ચંદ્રબલ કે ગ્રહબલ કાંઇ જોતો નથી. પોતાના પરાક્રમ ઉપર આધાર રાખીને તે ગજરાજોનાં કુંભસ્થળ તોડે છે. એ તો સાહસ ત્યાંજ સિદ્ધિ હોય છે; કારણ કે પરાક્રમી અને બુદ્ધિનિધાન પુરૂષો બીજાની મદદ ઉપર આધાર તો ન જ રાખે !

તેજ દિવસે અવંતીનાથ વિક્રમાદિત્યની પાસે અકસ્માત્ પ્રગટ થઈને અગ્નિવૈતાળ બોલ્યો, “ રાજન્ ! મનોહર એવા દેવદ્વીપને વિષે દેવતાઓ નૃત્ય કરવાને જતા હોવાથી હું પણ ત્યાં જાઉં છું, જેથી તમારી અનુજ્ઞા લેવા આવ્યો છું.”

“ ભલે ખુશીથી જાઓ ! ભગવાનની આગળ નૃત્યગાન કરી તમારો દેહભવ સફળ કરો ! વળી પાછા કયારે પધારશો ?”

“ પાછા ફરતાં ઓછામાં ઓછા બે માસ જરૂર થશે, મહારાજ ! બે માસ પર્યંત દેવતાઓ ત્યાં ઓગણીસ-મહોત્સવ કરશે તો તેટલા સમય પર્યંત તમારે મને સંભારવો નહિ, કે જેથી મારૂં કાર્ય પાર પડે, ગમે તેવા કાર્યમાં મારી જરૂર પડે તોય મને સંભારશો નહિ. ત્યાંનું કામ પુરૂં થશે એટલે જરૂર હું આવીને તમારી પાસે હાજર થઇશ. ”

વિક્રમાદિત્યની અનુજ્ઞા મેળવીને અગ્નિવૈતાળ દેવદ્વી-

પમાં થતું અદ્‌ભુત નૃત્ય નીરખવાને શીઘ્ર અદૃશ્ય થઈ ગયો; અદૃશ્ય થતાંની સાથે જ દેવદ્વીપમાં હાજર થઈ ગયો.

નગરચર્યા જોવા નીકળેલો સર્વહર નગરીમાં ભ્રમણ કરતો, નગરી બહાર ઉદ્યાનમાં પહોંચી ગયો. ક્ષીપ્રાના તટ ઉપર ફરતો, તેની રમણીય લીલાને નીહાળતો. નજીક આવેલા ચંડિકાના મંદિરમાં તે આવ્યો; મનને શુદ્ધ કરી દેવી ચંડિકાનું ધ્યાન કરતો દેવીના સન્મુખ પદ્માસન લગાવીને બેઠો અને દેવીની સ્તુતિ કરવા લાગ્યો; "હે દેવિ! તમે જગત માત્રને મનવાંચ્છિત આપનારાં છો. ભક્ત ઉપર પ્રસન્ન થઇ તમે તેને શું નથી આપતાં? આપ મારી ઉપર પ્રસન્ન થઈને મને અદૃશ્યકારી અને રૂપપરાવર્તની એ બે વિદ્યા આપો! અને મારાં કષ્ટ કાપો!"

સર્વહરની સ્તુતિ સાંભળવાની દેવીને કાંઇ અત્યારે ફુરસદ નહોતી; જેથી સાહસિક એવા સર્વહરે પોતાના મસ્તકથી દેવીની કમળપૂજા કરવાને પોતાની તલવાર પોતાની ગરદન ઉપર ત્રાટકી.

સર્વહરની આવી સાહસિક વૃત્તિ જોઇને અચાનક નિદ્રામાંથી માણસ ઝબકીને જાગે તેમ દેવી ચંડિકાએ પ્રગટ થઈને તેનો હાથ પકડી લીધો; "હાં! હાં! શું કરે છે આ? શા માટે મરે છે?"

ચંડિકાને સાક્ષાત્ પ્રગટ થયેલાં જોઈ સર્વહર બોલ્યો; "માતાજી! આટલી બધી વિનવણી કરવા છતાં પ્રગટ થતાં નથી, માગણી કરવા છતાં કાંઈ આપતાં નથી, ત્યારે શું કરું?"

"અરે સાહસિક! તારી ઉપર પ્રસન્ન થઇ તને બન્ને વિદ્યાઓ આપું છું, મારી કૃપાથી તું તારા દરેક કાર્યમાં વિજય પામીશ; માટે હે વીર! હવે તારી હઠ છોડ અને

તારૂં કાર્ય સિદ્ધ કર !" પ્રગટ થયેલ ચંડિકા વરદાન આપી તુરત જ અદૃશ્ય થઇ ગઈ.

સદાચારી ધીર અને વીરપુરૂષો પોતાના પરાક્રમથી જ કાર્ય સિદ્ધ કરે છે, ઈષ્ટને દેનારા દેવતાઓ સામાન્ય યાચનાથી તો કાંઇ આપતા નથી. તેમને આકર્ષવા માટે તો અદ્‌ભુત બલિદાન જોઇએ. પરાક્રમ વગર દેવતાઓની પ્રસન્નતા મેળવી શકાતી નથી. રથ એક ચક્ર હોવા છતાં, સાતે અશ્વો કાણા; તેમ જ કંટક ભરેલો માર્ગ આલંબન વગરનો છે છતાં, અરૂણ વગરના સારથિ સાથે સૂર્ય પ્રતિદિવસ સાંજસુધીમાં પોતાના નિયત સ્થળે આવી પહોંચી જાય છે; કારણકે મહાપુરૂષોને પોતાના સત્યમાંજ–પરાક્રમમાં જ કાર્યસિદ્ધિ રહેલી છે–સાધનોમાં નહિ. ચારે તરફ સમુદ્રથી વીંટાયેલી ને કોઇથી ન જીતી શકાય એવી મજબૂત કિલ્લાવાળી અજેય લંકાનગરી હતી, ને રાક્ષસોની વિપુલ સહાયથી મદોન્મત્ત અને અનેક ચમત્કારિક શક્તિઓવાળો હોવા છતાં માત્ર કપિ [વાનર] ઓની સહાયથી રામે રાક્ષસના કુલસહિત રાવણનો નાશ કરી નાખ્યો.

દિવસ જેમતેમ પૂરો કરીને નિશાનું સામ્રાજ્ય અવંતીને રૂંધે છતે સર્વંહર ચોર દેવીના વરદાનથી પોતાને અજેય માનતો અદૃશ્ય થઇ ને રાજમાર્ગે ફરવા લાગ્યો. નિશા સમયે ફરતો આ નિશાચર રાજમહેલ આગળ આવી પહોંચ્યો, અદૃશ્યપણે મહેલમાં પ્રવેશ કરી સાતમી ભૂમિએ પહોંચી ગયો. ત્યાં પલંગ ઉપર ભરનિદ્રામાં પોઢેલા પોતાના પિતાને જોઇ તેમના ચરણમાં નમી સર્વંહર મનમાં પ્રમોદ પામ્યો. પિતાની સુંદર કાંતિથી રાજી થતો સર્વંહર ભક્તિથી માતાપિતાને નમ્યો પિતાના ચમત્કાર માટે પિતાના પલંગ નીચે રહેલા રાજરાણીને પહેરવાના અલંકારની પેટી અઠ્ઠા-

બીસકોટી સુવર્ણની કિંમતની હતી તે સાવધાની પૂર્વક યત્નથી ગ્રહણ કરીને સર્વહર રાજમહેલમાંથી અદૃસ્ય થઇ ગયો.

કાલીના મકાન આગળ આવી ત્રણ તાલી પાડવાથી વેશ્યા ઊંઘી–બારણું ઉઘાડ્યું. સર્વહરે પ્રવેશ કરી ઊંઘી બંધ કરી દીધી; મકાનની અંદર આવી ચોરે વેશ્યાને પેટીમાંથી આભૂષણો બહાર કાઢીને બતાવ્યાં. આ અદ્‌ભુત અલંકારો જોઈ વેશ્યા ચકિત થઇ ગઇ. "કોના છે આ? કયાંથી લાવ્યો.

કાલીના જવાબમાં ચોર બોલ્યો, "રાજારાણીને પહેરવાના આ અલંકારો છે."

"તારો વાત સત્ય છે! વિદ્યાધર બાળા કલાવતીને પહેરવાના આ આભૂષણો છે ને આ મહારાજા વિક્રમાદિત્યના!"

"ગમે તેના હોય! આપણે તો દ્રવ્યથી કામ છે ને? રાજાના હોય કે રાણીના–આપણે શું? પ્રાતઃકાલે રાજારાણી જાણશે ત્યારે વાગશે તેવા દેવાશે?"

ચોરની નીડરતા જોઇ કાલી આશ્ચર્ય પામી. "જે આટલી સહેલાઇથી રાજારાણીને લુંટે છે તેને બીજા સામાન્ય પુરૂષોને લુંટવા એ શું મોટી વાત છે?" મનમાં નવાઇ પામતી કાલી બોલી; આ પેટી હવે રાખવી કયાં? પ્રાતઃકાળે આખાય નગરની જડતી લેવાશે. તે સમયે જો જરાકે રાજાને મારા માટે શંકા આવી તો શી દશા થાય?"

"તારે તેની ચિંતા કરવી નહિ, કાલી! તે બધુંય હું સંભાળી લઈશ. તું આ પેટીને તારા જીવની માફક સંભાળી ગમે ત્યાં છુપાવી દે! આ અલંકારો કોઇ સમય રાજાની આગળ હાજર કરવા પડશે, માટે એને તારા જીવની માફક સાચવજે,

"તો એમાંથી હું એકેય ન લઉં? મારે માટે તો તું કાંઇ દ્રવ્ય લાવ્યો નહી ત્યારે?"

"હવેથી તારે માટે! નગરમાંથી હું જે જે દ્રવ્ય લાવું તે બધું તારે ગ્રહણ કરવું, સમજીને મહાકાલી!"

સર્વહરનું વચન સાંભળીને એ દ્રવ્યલાલચુ કાલી મનમાં રાજી થઇ, સર્વહરની ભક્તિ કરતી કાલીએ સર્વહરને સારી રીતે પાનપાન કરાવ્યું. પછી તેઓ પોતપોતાના સ્થાનકે નિદ્રાધીન થઇ ગયાં.

પ્રાતઃકાળે રાજમહેલમાં જાગૃત થયેલો રાજા પલંગ ઉપરથી નીચે ઉતરી, પલંગ નીચેથી આભુષણની પેટી લેવા ગયો તો પલંગ નીચે કાંઇ ન મળે! પ્રિયા કલાવતીને જગાડી પૂછ્યું; "પ્રિયે! આભુષણની પેટી ક્યાં?"!

"પલંગ નીચે મુકી છે ને! કેમ આજે પૂછવું પડયું? શું પલંગ નીચે નથી?"

"પલંગ નીચે તો કાંઈ નથી. જરા યાદ કર! બીજે તો નથી મુકીને?"

"ના રે ના! પલંગ નીચેજ પેટી મુકી છે. ઘડીવારમાં હું શું ભુલી જાઉં?" કલાવતીએ પલંગ નીચે દૃષ્ટિ કરી. "અહીં તો કાંઇ નથી, આ શો ઉત્પાત? અત્યંત રક્ષણીય સ્થાનકમાંથી કોઈ હરી ગયું કે શું? સ્વામી! આ શું?" કલાવતી આકુળ વ્યાકુળ બની ગઇ.

"પ્રિયે! એમજ થયું છે. કોઇક અદ્‌ભુત શક્તિવાળા ચોરે અહીંથી જ ચોરીની શરૂઆત કરી મને પડકાર્યો છે." રાજાએ ધીરજથી કહ્યું. તે પછી પગીઓને બોલાવી પગલું જોવાને કહ્યું, ઘણી સારી રીતે જોવા છતાં પગલું મળી શક્યું નહિ.

વિક્રમાદિત્યે તલારક્ષક-કોટવાલને બોલાવી ધમકાવ્યો, "રાત્રે તમે કેવી ચોકી કરો છો? મારા મહેલની પણ ચોકી કરતા નથી તો શહેરની વ્યવસ્થા તમે શું જાળવતા હશો?"

"મહારાજ! આપના મહેલની પાછળ ફરતી સૈનિકોની ટુકડી કાયમ રહે છે. આખી રાત્રીપર્યંત તેઓ પ્રમાદ નહિ સેવતાં મહેલનું રક્ષણ કરે છે."

ત્યારે અમારા આભૂષણની પેટી કોણ ઉપાડી ગયું? સત્વર તમો ચોરને પકડી લાવો નહિતર ચોરની શિક્ષા તમોને કરવી પડશે." તલારક્ષકને કહી રાજા પ્રાતઃવિધિથી પરવારી રાજસભામાં આવ્યો, મંત્રીઓ આગળ રાત્રી સંબંધી વૃત્તાંત કહી સંભળાવ્યો. "મારા મહેલમાં પ્રવેશ કરી કોઇએ અદ્‌ભુત કામ કર્યું છે. સૈનિકોની સુંદર વ્યવસ્થા છતાં આભૂષણની પેટી ઉપાડી જનારની શક્તિની વાત જ શી કરવી?" વિક્રમાદિત્યની વાત સાંભળી મંત્રીઓ વિચારમાં પડયા. ભટ્ટમાત્ર પણ આ વાત સાંભળી ઉદાસ થઈ ગયો, "રાજા હજી ખર્પરકને મારીને માંડ પરવાર્યા છે, ત્યાં વળી આ બીજો દુષ્ટ કોણ ફાટી નીકળ્યો."

"મહારાજ! આપના મહાલયમાં પ્રવેશ કરી ચોરે આપની સામે યુદ્ધ જાહેર કર્યું છે કે, તમારે તમારા સૈનિકોની શક્તિ હોય તો મને પકડો—હવે હું આખીય નગરીને લુંટીશ." ભટ્ટમાત્ર નિરાશ, ઉદાશ તેમજ ગંભીર મુખમુદ્રા કરી બોલ્યો.

"તમારું કથન સત્ય છે. ખર્પરકને મારીને નિવૃત્ત થયો ત્યાં તો આ બીજો ખર્પરક પેદા થયો એ દુષ્ટ નિરાસમયે વનિકોના ગૃહમાં પ્રવેશ કરી નિઃશંકપણે ખર્પરકની માફક લોકોને લુંટી પાયમાલ કરશે–સારાય શહેરને ત્રાહીત્રાહી પોકરાવશે."

રાજાએ વિચાર કરી રાજસભામાં પાનનું બીડું સુવર્ણના થાળમાં મુકીને ફેરવ્યું, "જે કોઈ ચોરને પકડી રાજા પાસે હાજર કરે તે આ બીડું ગ્રહણ કરે." આ અદ્‌ભુત ચોરને પકડવાની કોઇને હિંમત ચાલી નહિ. રાજસભામાં ફરીને

બીડું પાછું આવ્યું તેથી મતિસાર મંત્રી બોલ્યો, " અરે, શું આ રાજસભામાં કોઈ વીર નથી? ચોરને પકડવાની કોઈનામાં શક્તિ નથી શું? તમે બધા શૂરવીરો થઈ ને રાજાની આવીજ સેવા કરો છો? રાજાના ચિત્તને જાણી સમયને અનુસરનારા સેવકો પોતાના માલિક માટે શું શું નથી કરતા? સેવક ઉપર પ્રસન્ન થયેલો રાજા પણ પોતાના સેવકોને શું શું નથી આપતો?"

મતિસાર મંત્રીના ઉત્સાહપૂર્વક વચન સાંળળી સિંહ નામે કોટવાળ મંદ મંદ ડગલાં ભરતો રાજા પાસે આવી નમ્યો, ને સુવર્ણથાળમાંથી બીડું ઉપાડી લીધું; " સ્વામિન! ત્રણ દિવસમાં ચોરને હાજર ન કરું તો ચોરની શિક્ષા મને કરજો." સિંહ, પ્રતિજ્ઞા કરી રાજસભામાંથી ચાલ્યો ગયો.

બજાર, ચોક, ચૌટા, ગલી, કુંચી, પોળો વિગેરેમાં ચોકી-પહેરો ગોઠવતો સિંહ કોટવાળ સૈનિકો સાથે ચોરની શોધ કરવા લાગ્યો. આજુબાજુ જંગલમાં; ગુફાઓમાં શોધ કરવા માટે સૈનિકો રવાના થઇ ગયા. સિંહને પણ શોધ કરતાં ત્રીજા દિવસનો સાયંકાળ થયો.

સર્વદત્ત નગરીના નવીન સમાચાર જાણવા માટે કાલીને પૂછ્યું; " કેમ, શહેરમાં નવીન શા સમાચાર છે?"

કાલીએ સર્વ વૃત્તાંત કહેતાં સિંહ તલારક્ષકનું વૃત્તાંત કહી સંભળાવ્યું; " ચોરની શોધ માટે તે ભારે જહેમત ઉઠાવી રહ્યો છે. અહીં આવી આપણા મકાનની જડતી લે તો મારી શી વલે થાય! તું પણ આજનો દિવસ ક્યાંક છુપાઇ જા!"

" ગભરાઇશ નહિ, કાલી! એ બિચારો સિંહ નામે કરીને ભલે સિંહ હોય, પણ જોજે કાલે સવારે તે બકરા જેવો થઈ જાય છે કે નહિ?"

"તને પકડવા માટે આટલી બધી તૈયારી છતાં તને જરાય ભય નથી, ખચિત તું તો બહુ બહાદુર છે, ભાઈ!"

"હશે! એ વાત જવા દે! એક વાત કહે!"

"શી!" કાલીએ આતુરતાથી પૂછયું.

"એ સિંહનું કુટુંબ કયાં રહે છે, તેનો કંઇક ઈતિહાસ મને કહે."

પ્રકરણ ૧૫ મું.

उद्यमं साहसं धैर्यं, बलं बुद्धिः पराक्रमम् ।
षडेते यस्य विद्यन्ते, देवोऽपि तस्य शंकते ॥

ખળભળાટ

ભાવાર્થ—ઉદ્યમ, સાહસ, ધીરજ, બલ, બુદ્ધિ અને પરાક્રમ આ છ ગુણો જે પુરૂષમાં રહેલા છે તેવા પુરૂષની દેવ પણ શંકા કરે છે–દેવતાઓ પણ તેનાથી દૂર રહે છે.

"સિંહ-કોટવાલના કુટુંબમાં તેને પુત્ર તો એકે નથી, પરંતુ તેને એક બહેન અને એક સ્ત્રી છે. સોમા નામની તેની બહેનનો શ્યામલ નામનો ભાણેજ છ સાત વર્ષથી યાત્રા કરવાના બહાને પરદેશ ગયો છે. તે ગંગા, ગોદાવરી વિગેરે તીર્થોમાં ભટકતો આજકાલ પાછો આવે એવી લોકવાયકા સંભળાય છે. એ શ્યામલ નામે શ્યામલ છતાં તારા જેવો ગોરો અને સુંદર વદનકમલવાળો હતો. તેના પ્રતિબિંબ સમો જાણે તું જ કેમ ન હોય?" કાલીએ સિંહના કુટુંબ સંબંધી હકીકત કહી.

સર્વહર, વેશ્યાના મુખથી તલારક્ષકની વાત સાંભળીને મનમાં પ્રસન્ન થયેલો ત્યાંથી નીકળ્યો. નગરીની અદ્‌ભુત રચનાને જોતો અને નવિન આશ્ચર્ય જોઇને ખુશી થતો સર્વહર તલારક્ષકને સપડાવવાના વિચાર કરતો કોઇ કાર્ય-

ટિકના મકાનમાં જઈ તીર્થિક જેવો વેશ કરી ખભે બે કાવડને ભરાવી નગરમાં ચાલ્યો. ફરતો ફરતો નગરીના પૂર્વ દરવાજા આગળ ચોરની શોધના પરિશ્રમથી શ્રમિત થયેલો કોટવાળ જ્યાં બેઠો હતો ત્યાં જઈને, "મામા! આપને નમસ્કાર કરું છું" એમ બોલતો સર્વહર સિંહ કોટવાલને નમ્યો.

આકાર, વર્ણ અને સ્વરૂપથી પોતાના ભાણેજ સરખો જાણી. પોતાનો ભાણેજ જાણી તેની ખબર અંતર પૂછી. "કયાં કયાં યાત્રા કરી, શું શું નવીન જોયું?" વિગેરે પૂછયું.

મામાના પ્રશ્નના જવાબમાં ભાણેજ બોલ્યો, "મામા! તમારી કૃપાથી ગંગા, ગોદાવરી, ગોમતી, નર્મદા આદિ મોટાં મોટાં તીર્થોની મેં યાત્રા કરી. આ કાવડમાં ગંગા અને ગોદાવરીનાં પવિત્ર જળ લાવેલો છું તે આપ ગ્રહણ કરીને પાપરહિત થાઓ!" ભાણેજની હકીકત સાંભળી સિંહ કોટવાળ હર્ષથી ગંગા ગોદાવરીનાં જળનું આચમન કરી પવિત્ર-શુદ્ધ થયો

"મામા! આજ ઘણે વર્ષે હું આવ્યો છતાં તમે ઉદાસ કેમ છો? તમારે શું દુઃખ આવી પડયું છે કે ચિંતાથી વાદળમાં રહેલા સૂર્યની જેમ તમે નિસ્તેજ થઇ ગયા છો?"

"અરે એક ચોર રાજાના મહેલમાંથી આભૂષણ ચોરી ગયો છે, તેને પકડવાની મેં પ્રતિજ્ઞા કરી છે. આજ એ પ્રતિજ્ઞાનો છેલ્લો દિવસ હોવાથી ચોરને પકડવાના અનેક ઉપાય છતાં એ પકડાયો નથી, તેથી આવતી કાલે રાજા આપણું સર્વસ્વ લુંટી લેશે-પાયમાલ કરશે."

દુઃખી મામાની કથની સાંભળી ભાણેજ મનમાં કંઇક નિશ્ચય કરતો બોલ્યો: "મામા! તમે ચોરને પકડવાની

પ્રતિજ્ઞા કરી તે સારૂં કર્યું નહિ, કારણકે રાજાઓ ઘણા દુષ્ટ હૃદયના હોય છે. કાલે રાજા આપણું બધું લુંટી ન લે, તે પહેલાં માલમિલ્કત બધી વગે કરી ક્યાંક છુપાવી દો.”

ભાણેજની સલાહ મામાને ગળે ઉતરી.

“ તારી વાત તો સાચી છે, પણ હું ઘેર જવાને શક્તિવાન નથી. ચોર પકડાયો નથી ને રાજા જાણે કાલે શું કરી નાખશે ? તો ભાણા ! તું ઘેર જઈને સર્વ વ્યવસ્થા કર !” મામાની વાત ભાણેજને ગમી અને જોવે તેવીજ હતી. “પણ મામા ! ઘેર જઇશ ને હું અહીંથી આવેલો છું એમ કોણ જાણશે ? માટે મારી સાથે તમારા એક સેવકને મોકલો કે તેના કહેવાથી મારી મામી તમારી પાસેથી હું આવું છું એમ સમજી જાય !”

“ ભાણા ! તું ય બુદ્ધિશાળી છે હો !” મામાએ એમ કહી હિમત કરી પોતાના એક સેવકને ભાણાની સાથે ઘેર મોકલ્યો. સેવક ભાણેજની સાથે ઘેર આવી, તલારક્ષકની પત્નીને બધી વાત સમજાવી ચાલ્યો ગયો.

સેવકના કહેવાથી ભાણેજને આવેલો જાણી, આકાર, ઘાટ વિગેરે ભાણેજ સરખો જાણી, મામી વિગેરેએ ભાણાની ખબરઅંતર પૂછી. સોમાએ પણ પોતાના પુત્રનાં દુઃખડાં લીધાં ને ઘણા દિવસે પુત્રને જોઈ રાજી થઈ. ભાણેજે પોતાની માતાને તેમજ મામીને કાવડમાં રાખેલું ગંગોદક પાયું ને પવિત્ર કર્યાં.

“ મામી ! હજી લગણ ચોર પકડાયો ન હોવાથી મામા તો ત્યાં ચિંતાતુર થઇને દરવાજે બેઠા છે. આવતી કાલના સૂર્યોદયે રાજા આપણું બધું ય ધન લુંટી લેશે ને આપણને બધાંને અંધારી કોટડીમાં પૂરી દેશે !” ભાણાએ મામીને ગભરાવ્યાં.

“ મેં ના પાડી હતી કે તમે પ્રતિજ્ઞા લેશો નહિ, છતાં

પ્રતિજ્ઞા કરી પોતાના હાથે પોતાનાં માલમિલ્કત લુંટાવ્યાં, આબરૂ ઇજ્જત ગુમાવ્યાં" મામીએ વ્યાકુળ થઇ ને કહ્યું.

"હજીય કાંઈ બગડી ગયું નથી. મામી! આ માલ-મિલ્કત આપણે છુપાવી દઈએ, ને તમે બધાં પણ કયાંક છુપાઈ જાવ."

ભયથી વ્યાકુળ થયેલી મામીએ ભાણાને બધીય મિલ્કત બતાવી ને પોતે પણ છુપાઈ જવા માટે તૈયાર થઈ. ભાણેજે મામીને ખાલી કોઠીમાં સંતાડી કોઇ બોલાવે તો કાંઇ પણ ન બોલવાની સૂચના કરી. મામીનાં પહેરેલાં વસ્ત્ર પણ કઢાવી લીધાં, પોતાની માતા સોમાને ગુણીમાં સંતાડી દીધી. બીજાં માણસોને પોતપોતાને ઠેકાણે જવાને કહ્યું, અને ત્યારપછી એ મામાનું અમુલ્ય જર ઝવેરાત, સુવર્ણવિગેરે પોતાની બન્ને કાવડમાં ઠસાઠસ ભરી આ ભાણાભાઈએ મામાના મકાનને નમસ્કાર કર્યા; આ ભાણેજે મામાનું ઘર સાફ કરી નાખી ત્યાંથી ચાલતી પકડી.

કાલીના મકાન પાસે આવી ત્રણ તાળી પાડી ને વેશ્યાએ બારણું ઉઘાડયું તે અંદર દાખલ થયો ને આસ્તેથી બારણું દેવાયું. મકાનમાં જઇને સર્વહરે-ભાણેજે કાલીની આગળ સર્વ ધનનો ઢગલો કર્યો, તલારક્ષકની કહાણી કહી સંભળાવી. કાલી અને સર્વહર ખુબ હસ્યાં. ચોરની ચૌર્યકળાથી પ્રસન્ન થયેલી કાલીએ સર્વહરની પાનપાનથી ખુબ ભક્તિ કરી. સર્વહરે પણ એ તલારક્ષકનું બધુંય ધન કાલીને બક્ષીસ આપી દીધું, ચોરની આવી ઉદારતાથી કાલીના હર્ષનો કાંઇ પાર ન રહ્યો!

પ્રાતઃકાળે નિરાશ થયેલો કોટવાળ રાજસભામાં રાજા પાસે આવીને બોલ્યો, "કૃપાનાથ? ત્રણ ત્રણ દિવસની મારી મહેનત બાલી ગઇ. ચોરને પકડવાની મારી હોશિ-

યારી-પ્રતિજ્ઞા અફળ ગઈ. આપને ધ્યાન પડે તે આપ મને શિક્ષા કરો!"

સિંહનાં ભક્તિવાળાં વચન સાંભળી ખુશી થયેલો રાજા બોલ્યો; "અરે ભાઈ! સુખેથી તારે ઘેર જા; મારે તારો કાંઇ દંડ કરવો નથી. તેં તો તારી ફરજ બજાવી, હવે તું સુખેથી તારે સ્થાનકે જા!" રાજાના વચનથી સિંહ મનમાં રાજી થયો.

"મહારાજ! આપ દયાળુ, ધર્માવતાર છો! હું દુષ્ટ પ્રતિજ્ઞાભ્રષ્ટ થયો છતાં આપે મને બંધનમાંથી મુક્ત કર્યો!"

"અરે જે મારા શયનાગારમાંથી પ્રવેશ કરીને અલંકારો ઉપાડી ગયો એ તે કાંઈ જેવો તેવો ન હોય કે જા પકડાઈ જાય!"

રાજાની અનુજ્ઞા મેળવી સિંહ-કોટવાલ પોતાને ઘેર ગયો ને ઘરમાં પગ ધોવા માટે પાણી માગ્યું; પણ કોણ જવાબ આપે? બેચાર વખત કહ્યા છતાં કોઇએ જવાબ આપ્યો નહિ, ત્યારે સિંહે ઘાંટો પાડી બુમ મારી તે વારે તેની બહેન સોમા બોલી, "અરે ભાઈ! બુમ ન પાડ. અમે સંતાયેલાં છીએ. હું અહીં ગુણીમાં ને મારી ભાભી કોઠીમાં સંતાયાં છીએ. વસ્ત્ર રહિત હોવાથી પહેલાં અમને પહેરવાનાં કપડાં આપ; જે પહેરી અમે બહાર નીકળીએ." સોમાનાં વચન સાંભળી સિંહ ગભરાયો, અને "ભાણો ક્યાં ગયો?" એમ પૂછયું.

"ભાણો? તારો ભાણેજ પેલા શુન્ય ઘરમાં આપણું દ્રવ્ય લઈને છુપાયો છે ત્યાં જઇને શોધી કાઢ." સિંહ પોતાની બહેન અને સ્ત્રીને લુગડાં આપી ભાણાને શોધવા ગયો. આખુંય ઘર શોધી લીધું પણ ભાણાની ભાળ મળી નહિ. પોતાનું સર્વસ્વ હરાયું જાણી સિંહ પકાડ ખાતો

ભૂમિ ઉપર પડયો. અરે, ભાણો ભરખી ગયો ! ”

સિંહની બહેન અને પત્ની તેમજ સેવકો દોડી આવ્યાં. એક સેવકે રાજા પાસે જઈ પોકાર કર્યો. કોટવાલની પાયમાલીની વાત સાંભળી વિક્રમાદિત્ય પ્રધાનો સાથે તલારક્ષકને મકાને આવ્યો; શીતોપચાર કરી તલારક્ષકને સાવધાન કર્યો. સિંહ વિલાપ કરવા લાગ્યો, “ મહારાજ ! મરી ગયો ! પાયમાલ થઈ ગયો ! એ ભાણો અનેલા ચોરે મારો ગર્વ ઉતારી દીધો. હવે હું તો મરી જઈશ અથવા તો પરદેશ જતો રહીશ. ”

સિંહના કરૂણાજનક શબ્દો સાંભળી રાજા બોલ્યો, “ શાંત થા ! જેણે મારા અલંકાર લીધા છે તેણેજ તને પાયમાલ કર્યો છે. ગભરાઈશ નહિ, સૌ સારાં વાનાં થશે. ” રાજાએ ભંડારમાંથી દ્રવ્ય આપી એને સજીવન કર્યો–શાંત કર્યો–ચિંતારહિત કર્યો.

ચોરની કુટિલતાનો વિચાર કરતો રાજા પરિવાર સાથે પોતાના આવાસે ગયો. રાજસભામાં સિંહાસનને શોભાવતો રાજા રાજસભાને ઉત્તેજિત કરતો બોલ્યો, “ છે આ સભામાં કોઈ વીર, કે જે ચોરને પકડી મારે હવાલે કરે ? તેજ મારા હાથનું બીડું ગ્રહણ કરે ! ” રાજાની વાણી સાંભળી ભટ્ટમાત્રે બીડું ગ્રહણ કર્યું. સભામાં રાજાની સમક્ષ તે બોલ્યો, “ ત્રણ દિવસમાં ચોરને આપની આગળ હાજર ન કરૂં તો ચોરની સજા મને કરવી. ” એ પ્રમાણે બોલી રાજાને નમીને ભટ્ટમાત્ર એક ખડગને સાથે લઈને રાજસભામાંથી ચાલી ગયો. નગરમાં જ્યાં બે રસ્તા, ચાર રસ્તા, ત્રણ રસ્તા ભેગા થાય છે, એવા સ્થાનકે સુભટોને ગોઠવતો ભટ્ટમાત્ર ચોરની શોધ માટે સુભટોની સાથે અનેક સ્થળે ભ્રમણ કરવા લાગ્યો; ગુપ્તવેષ કરીને ફરવા લાગ્યો.

સર્વહરે કાલીને નગરીની નવીન બીના જાણવા માટે પૂછ્યું, "કેમ, સિંહ બકરી બની ગયો કે નહિ, કાલી ?"

"અરે બકરી તે શું ! બિચારો મરી જતો હતો, એ તો ! રાજાએ દ્રવ્ય આપીને માંડમાંડ એનું રક્ષણ કર્યું. તું જબરો તો ખરો ! એ અભિમાનીનું અભિમાન ઉતારી બકરી જેવો રાંક બનાવી દીધો તેં !"

"એ બધાય ભાણેજના પ્રતાપ ને ! એવા ભાણા તો મોટા ભાગ્ય યોગેજ મળે છે, નહિ કાલી ?"

"હા ! ભાઈ ! તારા જેવા ભાણા ભાગ્ય પરવાર્યું હોય ત્યારેજ મલે ને ?" કાલી હસતી હસતી ધીમેથી બોલી. "પણ બીજું કાંઈ તું જાણે છે ?"

"ના, શું છે વળી ?" આતુરતાથી સર્વહરે પૂછ્યું.

"રાજાના મહાઅમાત્ય ભટ્ટમાત્રે ચોરને પકડવાનું બીડું ઝડપ્યું છે તે ! હવે તે ચોરને પકડવાને માટે આખ-જમીન એક કરી રહ્યો છે. જુદા જુદા વેષબદલા કરીને શોધ કરતા મંત્રીની ખબર પણ શી રીતે પડે ? અહીં આવે તો આપણા હાલ તો બહુ સારા થાય હો !"

કાલીનાં વચન સાંભળી સર્વહર બોલ્યો, "હશે ! પડશે તેવા દેવાશે, તું ગભરાઈશ નહિ. એ મહાઅમાત્યની બુદ્ધિને કાલની પ્રભાતે હું બુઠી બનાવી દઈશ."

કાલીને ધીરજ આપી સર્વહર નગરમાં ચાલ્યો ગયો. અદૃશ્ય સ્વરૂપે નગરમાં પરિભ્રમણ કરતા ચોરે સાયંકાળે નિસ્તેજ તેજવાળા ભટ્ટમાત્રને જોયો. "ચોરને પકડવાવાળા આ અમાત્યની બુદ્ધિને કુંઠિત કરું તોજ હું ખરો !" મનમાં એવા કંઈક વિચાર કરતો સર્વહર આગળ ચાલ્યો.

ત્રીજા દિવસની રાત્રી જેમ જેમ પોતાનું સામ્રાજ્ય વિસ્તારતી ગઈ, તેમ તેમ નગરી બધી જનરહિત સૂમસામ

બની ગઈ. તે સમયે પણ ભટ્ટમાત્ર ફરતો ફરતો નગરીની બહાર નીકળ્યો.

"અરે નરોત્તમ ! હે બુદ્ધિનિધાન ! અહીં આવ ! ક્યાં જાય છે ? આટલી મોજમ રાતે શું કરે છે તું ?" અકસ્માત્ પોતાને કોઈ બોલાવતું જાણી પ્રધાન ચકિત થયો. ચારે બાજુએ આમતેમ નજર કરતો ભટ્ટમાત્ર જોવા લાગ્યો.

"અરે તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? આવા હાલ કોણે કર્યા છે ?" ભટ્ટમાત્ર જેના બન્ને પગ બેડીમાં જકડાયેલા છે એવા પુરૂષને જોઈ બોલ્યો.

"હે મંત્રી ! રાજાએ મને વગર કારણે બેડી પહેરાવી અહીં રાખ્યો છે. બેડીના કષ્ટથી પીડાતા મને તમે શું જોતા નથી ?"

"હું પણ અત્યારે તો દુઃખીજ છું. રાજાની આગળ ચોરને પકડવાની પ્રતિજ્ઞા કરી તેને ત્રણ ત્રણ દિવસો વહી ગયા છતાં ચોર પકડાતો નથી. હવે રાજા કાલે શું કરશે ?"

"મને ઘણાં ગામ ઈનામમાં રાજા પાસેથી અપાવે તો ચોરને પકડવાનો ઉપાય તને બતાવું !"

એ બેડીવાળા પુરૂષની વાણી સાંભળી ખુશી થતો ભટ્ટમાત્ર બોલ્યો, "કહે, ઝટ કહે ! ચોર પકડાશે તો તને ઘણાં ગામ ઈનામમાં અપાવીશ, બોલ !"

પેલો બેડીવાળો પુરૂષ બોલ્યો, "પ્રજાપતિનો હું ભીમનો પુત્ર ! એક દિવસે ચોર મને માર્ગમાં મળ્યો. મને સાથે આવવાનું કહેતાં હું તેની સાથે ગયો. તે ચોરી કરીને ઘણું ધન ઉપાડી ગયો ને મને કાંઈ આપ્યું નહિ; બદલામાં રાજાને ખબર પડવાથી મને બેડીઓથી બાંધી અહીં રાખ્યો છે. નાસી ગયેલો ચોર હાલમાં ફરીને અહીં આવશે. જરા રાહ જુઓ !" એ પુરૂષના વચનમાં વિશ્વાસ રાખી ભટ્ટમાત્ર ત્યાં ઉભો રહ્યો, પણ ચોર આવ્યો નહિ.

"અરે પુરૂષ ! તું કહે છે તેમ તે કેમ આવ્યો નહિ ?" કંટાળીને મંત્રી બોલ્યો.

"તે મારે માટે ભોજન લેવા ગયો છે, પણ એ અહીં તમને જોઈ બીજા પુરૂષની શંકા કરી પાછો જતો રહેતો હશે, માટે તમે જો એક ઉપાય કરો તો પકડાય !"

"શો ઉપાય ?" આતુરતાથી ભટ્ટમાત્રે પૂછ્યું.

"મારી જગાએ તમો બેડીમાં સ્થિર રહો ! તમને બેડીમાં રહેલા જોઈ એ ચોર ભોજન આપવા આવે કે બે હાથે તમે મજબુત પકડી લેજો, નહિતર અદૃશ્ય થઈ જશે."

એ પુરૂષનાં વચન અમાત્યના ગળે ઉતરવાથી તેણે પુરૂષને બેડીમાંથી છુટો કર્યો ને પોતે બેડીમાં બંધાયો. પેલો પુરૂષ મંત્રીને બેડીમાં જકડી તેને બે શિખામણના શબ્દો કહી ગચ્છતિ કરી ગયો.

સમય જવા છતાં પોતાને ભોજન આપવા કોઈ આવ્યું નહિ તેથી ભટ્ટમાત્ર ગભરાયો. તેણે બેડીમાંથી છુટવાને અનેકવાર ધમપછાડ કરી પણ વ્યર્થ ! પેલો પુરૂષ પણ આવ્યો નહિ કે એને બંધનમાંથી છોડે ! "અરેરે ! સવારે શી કમ-અખ્તી ! લોકો જોશે ને મારી મૂર્ખતા ઉપર કેવા હસશે ? નક્કી એજ દુષ્ટ ચોર હતો જે પોતાના વાગ્ચાતુર્યમાં મને સપડાવી ગયો !"

પ્રાતઃકાળે સૂર્યના ઉદય થવાથી ભટ્ટમાત્રે માથા ઉપર લુગડું નાખીને મોં સંતાડયું; પણ લોકો ભટ્ટમાત્રને જોઈ અનેક તર્કવિતર્ક કરવા લાગ્યા. "ચોરને નહિ પકડવાથી રાજાએ શું એને બેડી પહેરાવી હશે ? એને બેડીમાંથી મુક્ત પણ કોણ કરે ?"

રાજસભામાં રાજાની આગળ હર નામના મંત્રીએ ખબર આપી. "અરે નરપતિ ! આ તે શો જુલમ ? નાના અને

મોટા બન્નેને આપ સરખી શિક્ષા કરો છો શું ? છોરૂ કછોરૂ થાય તેથી માવિતર કાંઈ તુચ્છ થતાં નથી. પિતા તો ઉલટું શિખામણ આપી પુત્રને સન્માર્ગે વાળે છે મોટાઓ કાંઈ ગુન્હામાં આવી પડે તો એમની બાનગીમાં તાડના કરવી જોઈએ ! શિક્ષા પણ બાનગી કરવી જોઈએ ! ”

હર મંત્રીનાં વચન સાંભળી વિક્રમાદિત્ય વિચારમાં પડયો, “ અરે ! તું આ શું બોલે છે ? કોની શિક્ષાની વાત કરે છે ? ”

“ આપે સિંહને તો ચોર ન પકડવા છતાં માફી આપી; ને ભટ્ટમાત્ર મહાઅમાત્યને કેમ શિક્ષા કરી, મહારાજ ? ”

“ શિક્ષા શું ને વાત શું ? હું કાંઈ જાણતો નથી. ” રાજા આશ્ચર્ય પામતો બોલ્યો.

“ ત્યારે કોણે શિક્ષા કરી એને ? આપ નજરે જુઓ એટલે ખબર પડે ! મંત્રીએ કહ્યું.

રાજા, હર મંત્રી અને બીજા પરિવાર સાથે ભટ્ટમાત્ર જ્યાં બેડીમાં બંધાયેલો હતો ત્યાં આવ્યો, બેડીના બંધને જોઈ રાજા દંગ થઈ ગયો. એની બેડીઓ કાઢી નાખ્યા બાદ રા એ પૂછયું, “ મંત્રી ! આ બધું શી રીતે બન્યું ? ”

“ સ્વામિન્ ! એ બધું કહેવાને હું સમર્થ નથી. હું આપને બાનગીમાં સર્વે હકીકત કહીશ. ” ભટ્ટમાત્રે ખુલાસો કર્યો, છતાં રાજાએ કહ્યું.

“ ના ! અહીંજ લોક સમક્ષ સર્વે હકીકત કહે, જેથી ખુલાસો થાય. ”

રાજાના આગ્રહથી ભટ્ટમાત્રે રાત્રીની કથની સર્વ સમક્ષ કહી સંભળાવી. તે પછી સર્વે પોતપોતાને સ્થાનકે ગયા. ચોરના પરાક્રમની વાત સાંભળી આખી નગરીમાં ખળભળાટ મચી ગયો, હાહાકાર થઈ રહ્યો.

પ્રકરણ ૧૬ મું.

બુદ્ધિ છે કોઈના બાપની ?

कालः समविषमकरः कालः सन्मानकारको लोके
कालः करोति पुरुषं, दातारं याचितारं वा ॥

ભાવાર્થ—સમય શું નથી કરતો ? કાલની ગતિ ન્યારી છે. કાલે કરીને સારૂં અગર નઠારૂં થયા કરે છે. કાલે કરીને રોજનો સન્માનિત પુરૂષ અપમાન પામે છે. એક સમયે જે પુરૂષ દાતાર હોય છે તે અન્ય સમયે યાચક-ભિક્ષુક બની જાય છે. સમયની એ બલિહારી છે.

ભટ્ટમાત્ર જેવા બુદ્ધિનિધાનની બુદ્ધિ વ્યર્થ જવાથી રાજાસહિત સકલ રાજસભા ક્ષોભ પામી ગઇ. લોકો અનેક પ્રકારે ઉહાપોહ કરવા લાગ્યા. જ્યાં જાઓ ત્યાં ચોરના પરાક્રમનીજ વાત. ઘરમાં કે બહાર, બજારમાં કે રાજમહેલમાં ચોરના પરાક્રમથી લોકો ત્રાસી ગયા હતા; નગરીનો ત્યાગ કરી જતા રહેવાની તૈયારી કરવા લાગ્યા હતા. ચોરને પકડવાની સર્વેની કળા વ્યર્થ જતી હતી. જે બીડું ઝડપતા હતા તેમની તો બુરી વલે થતી જોવાતી હતી. કયા દિવસે એ ચોર શું કરશે તે કોણ જાણી શકે તેમ હતું !

રાજાએ ભટ્ટમાત્રને આશ્વાસન આપી તેને સંતોષ પમાડયો; " મંત્રી ! તેમાં તમારો કંઈ દોષ નથી. સર્વ પ્રકારે પ્રયત્ન કરવા છતાં કાર્ય સિદ્ધ ન થાય એમાં મનુષ્ય નો શું દોષ ? જેણે મને, કોટવાલને હેરાન કર્યા તે તમને પણ સપડાવે એમાં તમારો શો દોષ ? તમારે જરા પણ ખેદ કરવો નહિ. " રાજાએ મંત્રીના મનને કંઈક શાંત કર્યું.

રાજસભામાં રાજાએ ચોરને પકડવાનો ઉપાય પૂછયો;

" આ અદ્‌ભુત ચોરને માટે શું કરવું ? તેના સ્થાનકનો પણ પત્તો લાગતો નથી શું ? "

' રાજન્ ! ગમે ત્યાં પણ એ ચોર આપણી નગરીમાં કોઇનો આશ્રય લઈને રહેલો હોવો જોઈએ ! તે આશ્રય આપનાર જો રાજી થઈને પકડી આપે તોજ પકડાય ! અન્યથા ચોર આપણી આખી નગરીને પાયમાલ કરશે. " ભટ્ટમાત્રે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

મંત્રીઓ સાથે સલાહ કરીને રાજાએ નગરીમાં ઉદ્‌ઘોષણા કરાવી; " જે કોઈ પુરૂષ અગર સ્ત્રી ચોરને પકડી આપશે અગર પત્તો આપશે તેને રાજા આઠ લાખ સુવર્ણમહોરો આપી તેનું સન્માન કરશે. " નગરીમાં પટહ વાગતો વાગતો વેશ્યાઓના સ્થાનક તરફ આવ્યો. ત્યાં પણ એ પ્રમાણે ઉદ્‌ઘોષણા થઇ. વેશ્યાવાડાના ચોકમાં ભેગી થયેલી ચાર વેશ્યાઓ જે પોતાને કુડકપટનું મંદિર ને હોશિયાર માનતી હતી, તેમણે આ પટહ સાંભળીને માંહોમાંહે વિચાર કર્યો; " આપણેજ ચોરને પકડી આપી આ રકમ બહુંચી લઇએ ! "

" અને આપણે ઘેર અનેક વીર-બદમાસ પુરૂષો આવે છે તેમાંથી એકને ચોર ઠેરવી રાજા સમક્ષ હાજર કરી દઇએ. " બીજીએ કહ્યું. અન્યોઅન્ય એ ગુણિકાઓએ મંત્રણા કરી પટહનો સ્પર્શ કર્યો. એ માયાના મંદિર સરખી વેશ્યાઓ રાજસભામાં રાજાની સમક્ષ હાજર થઇ. " આઠ દિવસમાં અમે ચોરને તમારી સમક્ષ હાજર ન કરીએ તો અમારાં ઘરબાર લુંટી અમને કઠીન શિક્ષા કરજો. " ગુણિકાઓની પ્રતિજ્ઞા સાંભળી મંત્રીઓ પણ ખુશી થયા.

" ખચિત, વેશ્યાઓ બુદ્ધિશાળી હોય છે, તે આમણે સત્ય કરી આપ્યું. જરૂર તેઓ ચોરને સપડાવશે પ્રજાને

ત્રાસમાંથી બચાવશે.” મતિસાગર મંત્રીએ વેશ્યાઓની પ્રશંસા કરતાં કહ્યું.

રાજાની આગળ પ્રતિજ્ઞા કરી વેશ્યાઓ પોતાના સ્થાનકે ચાલી ગઇ, અદ્‌ભુત ચોરની ચતુરાઇ જાણવા છતાં વેશ્યાઓએ સાહસ કરી ચોરને પકડવાની પ્રતિજ્ઞા કરવાથી રાજા વિગેરે બધા ખુશી થયા; કારણ કે જગતમાં પોતાનું ઇચ્છિત કાર્ય સિદ્ધ થયે છતે ચંદ્રને જોઇને સમુદ્રની માફક મનુષ્યો ખુશી નથી થતા શું? કુટિલતાનું મંદિર એવી ગુણિકાઓ પોતાને ઘેર આવતા મનુષ્યોમાં કોને ચોર બનાવીને રાજા આગળ હાજર કરશે? ત્યારે તો નક્કી કોઇકનું ભાગ્ય ફુટી જ જશે.

દરરોજ ગુણિકાઓ એકઠી મળીને વિચાર કરતી કે કેવી રીતે ચોરને પકડવો; તેની મનમાં અનેક યોજનાઓ પણ ઘડતી હતી. આખા નગરમાં આ ચાર ગુણિકાઓની વાત ફેલાઇ હોવાથી લોકોએ તેમને ત્યાં આઠ દિવસ સુધી જવાનું પણ બંધ કરી દીધું. ‘રહેને એ પાપિણી પોતાને પકડાવી દે!”

દિવસ ઉપર દિવસ જતાં ચોર પકડાયો નહિ. ચોરને પકડવાનો આજે આઠમો દિવસ હતો છતાં ચોર હાથમાં ન આવવાથી ગુણિકાઓ મનમાં વ્યાકુળ બની ગઇ હતી.

કાલી પાસેથી આ સર્વે હકીકત જાણી આજે આઠમો દિવસ હોવાથી સર્વહર ચોર કાલીના મકાનમાંથી મનમાં ગુણિકાઓની ગડભાંગ કરતો નીકળ્યો. ઉતાવળે નજીકના ગામમાં જઇને વીશ ગુણી ખરીદ કરી તેમાં છાણા, રેતી, કાંકરા, પથરા વિગેરે ભરી સીવી બરાબર બંધ કરી દીધી. ત્યાંથી અવંતી લાવવા માટે ભાડું નક્કી કરી રાત્રીને સમયે પોઠીયાઓ ઉપર ગુણો લાદીને અવંતીના બજારમાં ફરી, રાજમાર્ગ પર થઇને પેલી મુખ્ય નાયિકાઓના મકાન આગળ

આવી ઉતારી, પડાવ નાંખ્યો. ધુધરિયાળા અને મનોહર પોઠીયા જોઈને લોકો વિચારમાં પડયા; " આહ! કોઇ મોટો સોદાગર વ્યાપારી કે સાર્થવાહ આવ્યો છે! ન જાણે કેટલો બધો માલ લઇને અવંતી સાથે વેપાર કરવા આવ્યો છે!" લોકોના ભિન્ન ભિન્ન મનસુબા સાંભળતાં સાર્થવાહે નગરનાયિકાના મકાન આગળ ઉતારો કર્યો. પોઠીયાવાળાઓને ભાડું આપીને વિદાય કરી દીધા. નજીક કલાલની દુકાનેથી ઉત્તમ મદિરાના બે ઘડા મંગાવ્યા. વૈદ્યને ત્યાંથી જુદી જુદી જાતનાં અદ્‌ભુત ચૂર્ણનાં બે પડિકાં લાવી તે મદ્યના ઘડાઓમાં મેળવી દિધાં. વેપારીની દુકાનેથી સારાં સારાં વસ્ત્ર ખરીદ કર્યાં. માળીની દુકાનેથી પુષ્પમાળાઓ તેમજ અનેક જાતિનાં સુગંધિત-પુષ્પો ગજરા ખરીદ કર્યા. બહારના એ બધા કાર્યથી પરવારી નિરાંતે પોતાના સ્થાનકે બેઠેલા એ સાર્થવાહે પોતાની સાથેના એક મનુષ્યને કાંઈક ઇશારત કરી અને કાર્યના પરિણામની તે રાહ જોતો બેઠો.

સાર્થપતિનો મોકલેલો તે પુરૂષ પેલી ચાર વેશ્યાઓ મંત્રણા કરતી હતી ત્યાં આવીને બોલ્યો; " અરે ભોળી! આમ મૂઢ જેમ કેમ બેઠી છો? તમારા મકાન નજીક કોઈ મોટો સોદાગર સાર્થવાહ પડયો છે. શું એની ઉદારતા! લોકોને મોં માગ્યાં દાન આપે છે! કષ્ટ કાપે છે! તમે તેની આગળ નૃત્ય કરશો તો દાનથી તમારૂં દારિદ્ર ફીટાડી નાખશે; અને તમને મોંમાગ્યાં દાન આપશે, સમજ્યા?" પેલા પુરૂષનાં વચન સાંભળી વેશ્યાઓ મંત્રણા કરતાં બોલી; " ચાલો! પહેલાં તેની પાસેથી ધન ગ્રહણ કરીએ; પછી યોગ્ય લાગશે તેમ કરીશું."

" અરે યોગ્ય શું? રાજાની પાસે લઇ જઇને તેને ચોર તરીકે જાહેર કરીએ, વળી બીજું શું?"

"આઠ ગામ ઇનામમાં લઇને પછી આપણે હુંમેશને માટે સુખી થઈશું." ગુપ્ત રીતે મંત્રણા કરીને વેશ્યાઓએ તે પુરૂષને પોતાના આગમનની ખબર આપવા રવાને કર્યો.

થોડીક વારે તે વેશ્યાઓ સાર્થવાહની સમક્ષ નૃત્ય કરવાને તૈયાર થઇને આવી. એકલા સાર્થપતિને જોઇ તેઓ મનમાં નવાઇ પામતી સાર્થપતિ આગળ નૃત્ય કરવા લાગી. એક ગાયન કરતી, બીજી વાજીંત્ર વગાડતી ને ત્રીજી સૂર પુરતી–એવી રીતે ચારે ગુણિકાઓએ અદ્‌ભુત નૃત્ય, ગીત ગાન વડે સાર્થપતિને પ્રસન્ન કર્યો. સાર્થવાહે સારાં સારાં મનોહર વસ્ત્ર ગુણિકાઓને આપ્યાં. સાર્થપતિના દાનથી સંતોષ પામેલી ગુણિકાઓ ફરીને ચમત્કાર ભરેલું નૃત્ય સાર્થપતિ આગળ કરવા લાગી.

નૃત્ય સમાપ્ત થયા પછી સાર્થપતિ બોલ્યો, "તમારા નૃત્યથી હું ખુબ પ્રસન્ન થયો છું, તમને શું આપું? હું તમોને જે આપું તે પહેલાં આ ઉત્તમ જાતીની મદિરાનું પાન કરી તમારો શ્રમ દૂર કરો!"

મદિરાની ઇષ્ટ વાત સાંભળી ગુણિકાઓ પ્રસન્ન થઇ, "જરૂર, તમારી પાસે રહેલી મદિરા ઘણીજ સ્વાદિષ્ટ અને ઉત્તમ જાતીની હશે."

"બેશક! અમારે પોતાને પીવાની, અમે હલકી મદિરા વાપરતાજ નથી. ત્યાં શું કરવા હલકી રાખીએ? એ તો તમો પાન કરશો ત્યારેજ ખબર પડશે કે વાહ, અમૃત કરતાં પણ શી એની મીઠાશ!" સાર્થવાહે મધુર વાણીથી સંતોષ પમાડી એક ઘડો તેમને આપ્યો. મધુર સુરાપાન કરી તેના સ્વાદમાં લયલીન થયેલી તેઓ ફરીને ગીતગાન કરવા લાગી. કર્ણને સુખકારક તેમનું મધુર ગીતગાન શ્રવણ કરી સાર્થવાહે વસ્ત્રો તાંબુલ વિગેરે ખુબ દાન આપ્યું. દાતારની આવી

ઉદારતા જોઈ નગરનાયિકાઓ પાછી સર્વોત્તમ, અદ્‌ભુત નૃત્ય કરવા લાગી.

"કેમ, હવે ઉત્તમ મદિરા તમને રૂચે છે ?" વચમાં સાર્થપતિએ કહ્યું.

"જરૂર ! જરૂર ! તમારી મદિરા અમને બહુ ગમે છે." એક વેશ્યા બોલી.

નિશ્ચેષ્ટ કરનાર ચૂર્ણવાળી ઉત્તમ સ્વાદ આપનારી મદિરાનો ઘડો તેમને આપ્યો ને મદિરાનું તેમણે સારી રીતે પાન કર્યું; તેના પાનથી તેમનો નાચ અધુરો રહ્યો. બરાબર મધ્યરાત્રી વહી ગઈ હતી તે સમયે મદિરાના પ્રભાવથી ચારે ગુણિકાઓ મુર્ચ્છિત થઈ ગઈ. તેમનાં વસ્ત્રાભૂષણ ઉતારી પોતાનું આપેલું ધન પણ લઇને તેમને નગ્ન કરીને નજીકના મહાદેવના મંદિરના કુવાના રેંટ સાથે ચારેને બાંધી તેમના મોંમાં દહીં મુકીને એ ચતુર સાર્થવાહ—સર્વહર ત્યાંથી છ પાંચ ગણી ગયો.

કાલી પાસે આવી સંકેતપૂર્વક દ્વાર ઉઘડાવી તે અંદર દાખલ થયો. બાંધો બંધ કરી કાલી પાછળથી અંદર આવી એટલે સર્વ આભૂષણ બતાવી પેલી ગુણિકાઓનો વૃત્તાંત તેણે કહ્યો. સર્વહરની વાત સાંભળીને કાલી ચમત્કાર પામતી વિચારમાં પડી, "આ તે કોઈ અદ્‌ભુત ચોર છે કે શું; જેણે કપટના મંદિરસમી પ્રસિદ્ધ આ વેશ્યાઓને પણ છેતરી લીધી ! ખરે ભાવી બલવાન છે. તે ભલભલાને પણ ભુલાવે છે. જે બનવાનું હોય તેજ જગતમાં બને છે.

अवश्यं भाविनो भावा, भवन्ति महतामपि ।
नग्नत्वं नीलकंठस्य महाहिशयनं हरे ॥

ભાવાર્થ—જે ભાવી બનવાનું હોય છે તે મોટા પુરૂષોને પણ બને છે, એમાં કોઈ મિથ્યા કરી શકતું નથી; નહિતર

મહાદેવ જેવાને નગ્નપણું અને ભયંકર સર્પની પીઠ ઉપર હરિની શય્યા શી રીતે બની સકે ? નજ બની શકે, છતાં બને છે તો ભાવીજ બળવાન છે.

કાલી ભાવિનો વિચાર કરતી સર્વહરને પ્રીતિથી જમાડી પોતાના શયનગૃહમાં ચાલી ગઈ. સર્વહર પણ આરામ લેવાને પોતાના આરામ મંદિરમાં ગયો.

ઉગતી પ્રભાતે મહાદેવનો પૂજારી શિવજીની પૂજા કરવા માટે મંદિરમાં આવ્યો. મહાદેવને સ્નાન કરાવવા માટે કુવા-માંથી પાણી ખેંચવા માટે તે અરઘટ્ટ-રેંટ ચલાવવા લાગ્યો; પણ અરઘટ્ટ સાથે ચાર નગ્ન નારીઓને બાંધેલી જોઈ ચમક્યો, " આહ ! આ તે શું કોઈ શાકિની, કે પિશાચિની છે, કે છે શું ? શું મારી કે શું મરકી ? અથવા કોઈ વ્યંતરીઓ છે કે શિકોતરીઓ ! નગ્નસ્વરૂપવાળી અને બેભાન એવી નારી-ઓને જોઈ ભય પામેલા પૂજારીએ રાજા આગળ પોકાર કર્યો,

" મહારાજ ! શંભુના કુવાના અરઘટ્ટ પાસે કોઇ ચારે શિકોતરીઓ કે શક્તિઓ અરઘટ્ટને રૂંધીને પડી છે માટે તેમની શાંતિ માટે કાંઇ ક્રિયા કરો ! નહિ તો દુષ્ટાશયવાળી તે શક્તિઓ નગરનાં લોકોમાં ઉત્પાત મચાવશે. "

પૂજારીનાં વચનથી ચકિત થયેલો રાજા પરિવાર સાથે ત્યાં આવીને જુએ છે તો નગ્ન એવી તે સ્ત્રીઓને જોઈ ઝટ પાછો ફરી ગયો.

મંત્રીઓએ તપાસ કરીને નરપતિને કહ્યું, " કૃપાનાથ ! આ કાંઇ શક્તિઓ નથી, પણ ચોરને પકડવાની પ્રતિજ્ઞા કર-નાર પેલી ચાર વેશ્યાઓજ છે. નક્કી એ ચોરે તેમને છેતરી મૂર્ચ્છિત બનાવી નગ્ન કરીને આ અરઘટ્ટ સાથે બાંધી છે ! "

મંત્રીના વાત સાંભળી કેટલીક સ્ત્રીઓને બોલાવી અરઘટ્ટથી તેમને છોડાવી કપડાં પહેરાવ્યાં; સાકર મિશ્રિત

દૂધનું પાન કરાવી તેમને સાવધાન કરી. સાવધાન થયેલી અને લજ્જાતુર તેમને જોઇ રાજાએ પૂછ્યું; " અરે ! તમારી આવી સ્થિતિ કોણે કરી ? " રાજાના પૂછવાથી ગુણિકાઓએ રાત્રી સંબંધી સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું.

ગુણિકાઓનું વૃત્તાંત સાંભળી રાજા આશ્ચર્ય પામતો બોલ્યો; " અરે ! એ દુષ્ટ ચોરેજ તમારી આ દશા કરી છે. કાર્પટિકના સ્વરૂપમાં તમારી ઇજ્જત એણે હરી છે. હવે સુખેથી મારાથી ભય ન પામતાં તમે તમારે ઘેર જાઓ !"

રાજાની આજ્ઞાથી મનમાં લજ્જાથી મરવા જેવી થયેલી નિસ્તેજ વદનવાળી વેશ્યાઓ પોતાનો ગર્વ છોડતી પોતાના મકાનમાં ગઇ. ચતુર અને કલાનું મંદિર-વેશ્યાઓની મહેનત બરબાદ જવાથી નિરાશ થતો રાજા પરિવાર સાથે પોતાના આવાસે આવ્યો.

રાજસભામાં બેઠેલા અને મંત્રીઓ સાથે મંત્રણા કરતા રાજાને કોડિક નામના જુગારીએ નમીને કહ્યું; " ચોરને લીલામાત્રમાં હું કબજે કરીશ મને આજ્ઞા આપો, મહારાજ ! "

" અરે કોડિક ! એ બળવાન ચોરને પકડવાનું તારૂ કામ નહિ. " રાજાની મના છતાં કોડિકે બીડું ઝડપ્યું. " જો હું એને પકડીને ત્રણ દિવસમાં તમારી પાસે હાજર ન કરૂં તો મારૂં મસ્તક મુંડાવી ગધેડા ઉપર બેસાડી આખા નગરમાં ફેરવજો ! " એવી પ્રતિજ્ઞા કરી કોડિક રાજસભામાંથી નીકળ્યો. રાજાએ પોતાના કેટલાક સુભટો તેને સહાય કરવા માટે આપ્યા.

કાલીના મુખથી કોડિકની વાત સાંભળી સર્વહર વેશ્યાગૃહથી નીકળી નગરીમાં અદૃશ્યપણે ફરતો રાત્રિનો સમય થતાં ચંડિકાના મંદિર તરફ ચાલ્યો ગયો. કોડિક

જુગારી ફરતો ફરતો નગરીની બહાર ચંડિકાના મંદિરમાં દેવીને નમવાને આવ્યો. દેવીને નમી સ્તુતિ કરી કોડિક બહાર આવ્યો. બોટલા ઉપર બેઠેલા જટાધારી યોગીને જોઈ તેમની પાસે આવ્યો; "યોગીરાજ! નમસ્કાર!" કોડિક યોગીને નમન કરતો બોલ્યો.

"નમસ્કાર, બચ્ચા! આવી ભાજમ રાતે જગત બધું શાંત છે, ત્યારે તું કેમ અશાંત છે બચ્ચા?" યોગીરાજે ધીમેથી પૂછયું.

"મહારાજ! આ નગરીમાં એક અદ્‌ભુત ચોર પેદા થયો છે. આપ એનું સ્થાનક કે નામ કાંઈ જાણો છો? આપ જ્ઞાનથી જાણી એને પકડાવી શકો તો આખીય નગરીના આશીર્વાદ મળે! લોકોને ત્રાસમાંથી મુક્તિ મળે!"

"એમાં શું મોટી વાત છે, બચ્ચા? તારાથી બની શકે તો એક કામ કર!"

"શું કામ? મહારાજ! યોગીરાજ!" આતુરતાથી કોડિક જુગારીએ પૂછયું.

"કામ તો કઠિન છે. પણ તું મારા કહ્યા પ્રમાણે કરીશ તો ચોરનું સ્થાન, નામ સર્વે કંઈ તું જાણી શકીશ"

"અરે ગમે તેવું વિકટ કાર્ય હશે તોપણ હું કરીશ."

"જો ત્યારે સાંભળ! મસ્તક મુડાવીને મારું આપેલું ચૂર્ણ માથા ઉપર ચોપડી-લગાવી ગળા સુધી પાણીમાં રહીને હું કહું એ મંત્રનો જાપ કર! સૂર્યનો ઉદય થયા પછી બે ઘડી થતાં તું ચોરની તમામ હકીકત જાણી શકીશ"

જુગારી પોતાના સેવકો સાથે મસ્તક મુંડાવી માથે ચુર્ણ લગાવી પોતાનાં વસ્ત્ર, ખડ્‌ગ વિગેરે યોગી પાસે મૂકી પાસેના તળાવમાં ગળા સુધી પાણીમાં ઉભો રહી યોગીએ આપેલો મંત્ર જપવા લાગ્યો. યોગી જુગારીના વસ્ત્ર

આભૂષણ વિગેરે લઇને ત્યાંથી પલાયન કરી ગયો; યોગીનો વેશ ફેરવી સર્વહરના સ્વરૂપે વેશ્યાના મકાન આગળ આવી સંકેતથી દ્વાર ઉઘડાવી મકાનમાં દાખલ થયો. દ્વાર બંધ કરીને આવેલી વેશ્યાને જુગારીની સર્વ હકીકત કહી તેનાં વસ્ત્ર વિગેરે તેણીને આપી દીધાં ત્યાર-બાદ ભોજનથી પરવારી બન્ને પોતપોતાના સ્થાને આરામ લેવા માટે ગયાં.

પ્રભાત સમયે પાણી ભરવાને આવેલી નગરની રમણીઓ કોડિકને જોઇ "આ શું? આ તે કોડિક કે નહિ? માથું મુંડાવી પાણીમાં રહી શું મંત્ર જપે છે, વારૂ?" "અથવા તો રાજાએ શિક્ષા કરી કે શું?" માંહોમાંહે વાત કરતી તળાવમાંથી પાણી ભરીને લલનાઓ ચાલી ગઈ.

લોકો પોતપોતાને ફાવે તેમ બોલતા હતા, "અરે, ઘણાને લુંટીને આણે ધન ભેગું કર્યું છે. આજ સુધી આખાય અવંતીને તે ઠગતો હતો પણ આજે એનો બદલો એને અહીંજ મળવાનો છે."

મંત્રીઓને કાને આ વાત આવવાથી તેમણે રાજા પાસે આવીને વિનંતિ કરી, "આપે કોડિકને એની અક્ષુરી મુદ્રત છતાં કેમ શિક્ષા કરી?"

મંત્રીઓની વાત સાંભળી રાજા આશ્ચર્ય થતો બોલ્યો, "મેં કાંઇ એને શિક્ષા કરી નથી. કેમ શું થયું છે કોડિકને?"

મંત્રીઓને લઇને રાજા કોડિક જ્યાં હતો ત્યાં તળાવના કિનારા ઉપર આવ્યો ને કોડિકને બહાર નીકળવાનું કહ્યું, "મહારાજ! થોડીક રાહ જુઓ! ચોરની સ્થિતિ જાણીને હમણાં હું બહાર આવું છું."

રાજા પરિવાર સાથે તળાવની પાળે બેઠો. બે ઘડી

દિવસ ચડવા છતાં કોડિક કાંઈ જાણી શક્યો નહિ; નિરાશ થઇ તે બહાર નીકળ્યો. રાજાએ પૂછયું, "આ શું?"

"ચંડિકાના મંદિરે રહેલા યોગીએ ... ઉપાય બતાવ્યો હતો. નક્કી એ યોગી અમોને ઠગી ગયો, મહારાજ!" કોડિક અને રાજા પરિવાર સાથે ચંડિકાના મંદિરે આવ્યા, પણ ત્યાં ન મળે જોગી કે ન મળે કોઈ?"

"અલ્યા કોડિક! તું પણ આ યોગીની જાળમાં ફસાઈ ગયો. દરરોજ નવાં નવા સ્વરૂપ ધારણ કરીને આ ધુર્ત ચોર મારી નગરીને ઠગે છે શું?"

"મહારાજ! મને ધુર્તને પણ એ છેતરી ગયો; આજે હું તમારો ગુન્હેગાર થયો."

"એ ધુર્તે અમને બધાંને ઠગ્યા તો તારૂં શું ગજું? મારાથી કાંઇ પણ ભય રાખ્યા વગર તું તારે સ્થાનકે જા, ભાઈ!"

કોડિકને વિદાય કરી રાજા પરિવાર સાથે પોતાના સ્થાનકે આવ્યો. રાજા રાજસભામાં બેસી મંત્રીઓ સાથે મંત્રણા કરવા લાગ્યો, "આ ધુર્ત ચોરને પકડવા માટે આપણે શું કરવું?"

"એ ચોરે નક્કી આપણા નગરમાં જ રહીને એણે કોઈકનો આશ્રય લીધો છે. દિવસે ઘરમાં છુપાઇ રાત્રીના સમયે ભિન્ન ભિન્ન રૂપ ધારણ કરી બુદ્ધિવાનોને પણ છેતરે છે; કાં તો એનું પુણ્ય પ્રબળ છે અથવા તો તે દેવતાના વરદાનવાળો હોય એમ જણાય છે."

મંત્રીનાં વચન સાંભળી રાજા કંઈક વિચાર કરતો બોલ્યો, "ગમે તેવો હોય પણ એને પકડવો તો જોઇએ. નગરીના લોકોને એના ત્રાસમાંથી મુક્ત કરવા જ જોઈએ."

"પણ એ પકડાય શી રીતે, મહારાજ?"

"હું જ એને પકડું! ત્રણ દિવસમાં ગમે તેમ કરીને એ ચોરને હું પકડીશ જ." નિશ્ચય કરીને રાજા મંત્રીઓ આગળ બોલ્યો.

"બાપુ! આ કામ કરવું આપ રહેવા દો! એના પાપમાં જ એને મરવા દો!"

"હું પણ મારો પુરૂષાર્થ અજમાવું! જોઉં તો ખરો કે એ ધુર્ત મને કયા વેષમાં ઠગી શકે છે." રાજા ચોરને પકડવાનો નિશ્ચય કરી હાથમાં ખડ્ગ ધારણ કરી સુભટોને સૂચના કરતો રાત્રી દિવસ નગરીમાં ફરવા લાગ્યો અને ચારે બાજુ ઝીણવટથી તપાસ રાખવા લાગ્યો.

પ્રકરણ ૧૫ મું.

નિષ્ફળતા

"ચલનો ભલો ન પાઉસે, દુગ્ધા ભલી ન એક,
મંગનો ભલો ન બાપડુ, જો વિધિ રાખે ટેક."

ત્રણ દિવસમાં મહારાજા વિક્રમાદિત્ય ચોરને પકડવાના છે, એવી વાત કાલી પાસેથી સાંભળી આજ ત્રીજા દિવસની રાત્રી હોવાથી સર્વહર કાલીના મકાનમાંથી નીકળ્યો. રાત્રીને સમયે અદૃશ્યપણે નગરમાં ફરતો લોકોની ગુપ્ત વાતો સાંભળતો ચોર એક ધોબીના મકાન આગળ આવ્યો. દૈવયોગે ધોબી આજે રાજાનાં કપડાં ધોવા લાવેલો હોવાથી ને સવારના પાછાં આપવાનાં હોવાથી તે પોતાની ધોબણને કહેવા લાગ્યો, "આ આપણા રાજાનાં કપડાં વહેલી સવારે ધોવાનાં છે માટે મને ઉઠાડજે. કપડાં કીંમતી હોવાથી ઓશીકે મુકીને હું સુઇ જાઉં છું."

ધોબી કપડાં ઓશીકે મુકીને નિદ્રાવશ થઇ ગયેા. તે વાત ચોરે સાંભળી હતી, એટલે અદૃશ્યપણે મકાનમાં દાખલ થઈ ઓશીકા નીચેથી કપડાં હરી લીધાં. અને ગધેડા ઉપર કપડાં ભરી ચોરે નગરના દરવાજે આવી કહ્યું, "અરે પહેરેગીર દરવાજો ખોલ!"

"રાજાની રજા નહિ હોવાથી અત્યારે દરવાજો નહિ ઉઘડે!" પહેરેગીરે કહ્યું.

"આ રાજાનાં કપડાં ધોવાનાં છે તે જોતો નથી? કાલે આ કપડાં ધોઈ રાજાને પાછાં આપવાનાં છે, માટે અત્યારે તે ધોવાંજ પડશે, તેથી જલ્દી દરવાજો ઉઘાડ!"

"કોઇ પણ હિસાબે દરવાજો નહિ ઉઘડે અત્યારે!"

"તો આ કપડાં અહીંયાંજ મુકીને હું જતો રહીશ. કપડાં ચોરાઈ જશે તો કાલે તારી વાત." કપડાં મુકીને ચાલ્યા જતા ધોબીને જોઇ કપડાં ચોરાવાના ભયથી ને રાજાની બીકથી દરવાને દરવાજો ઉઘાડયેા. પાછેા ફરેલેા ધોબી પોતાના ગધેડાને લઇને દરવાજા બહાર કુવા તરફ ગયેા.

મોટી પરોઢ થતાં જાગેલેા ધોબી રાજાનાં કપડાં ધોવા જવાની તૈયારી કરવા લાગ્યેા, પણ કપડાં જ ન મળે. શોધા-શોધ કરી બૂમરાણ મચાવી. નજીકમાં ફરતેા રાજા ત્યાં આવી પહોંચ્યેા. "શું છે? શું છે? ધીમેથી બોલ!"

રાજાને ઓળખી શાંત થતેા ધોબી બોલ્યેા, "આપનાં કપડાં લાવેલેા તે ઓશીકે મુકીને સુતેા'તેા ત્યાંથી કપડાં કોઇક ઉપાડી ગયું, બાપુ!"

"ચૂપ રહે, શોર મચાવીશ નહિ, હું તેની તપાસ કરું છું." રાજા નગરમાં ફરતેા દરવાજા પાસે આવ્યેા. પહેરેગીરને પૂછવાથી માલુમ પડયું કે, "કપડાં ગધેડા ઉપર લાદી ધોબી જેવેા એક માણસ નગરની બહાર ગયેા છે."

દરવાજો ઉઘડાવી રાજાએ પોતાનો ઘોડો બહાર દોડાવી મુક્યો. અંધારી રાત્રે તે કુવા નજીક આવ્યો. રાજાને આવેલો જાણી ચારે તરફ નજર કરતો તે ચકોર ચોર ચમકયો. એક મોટો પત્થર લાવી તેણે કુવામાં નાખ્યો ને પોતે કુવાની બાજુમાં છુપાઈ ગયો. ધબકારો સાંભળી કુવા નજીક આવેલો રાજા ચેત્યો. "નક્કી ચોરે મને આવેલો જાણી કુવામાં ભુસ્કો માર્યો, પરંતુ હું તેને કુવામાંથી પકડીશ."

રાજા ઘોડા ઉપરથી ઉતરી પોતાનાં વસ્ત્ર, અલંકાર, ખડ્ગ ત્યાં ઉતારી કુવામાં ચોરની પાછળ ફક્ત ટુંકા ધોતીયાભેર પડયો. રાજાને કુવામાં પડયો જાણી ચોર બહાર આવી રાજાનાં કપડાં પહેરી ઘોડેસ્વાર થઇ દરવાજે આવ્યો. દરવાજો ઉઘડાવીને ઘોડેસ્વારે અંદર દાખલ થઇ દરવાજો બંધ કરવાનો હુકમ આપ્યો; ફરીને દરવાજો નહિ ઉઘાડવાની સૂચના કરી ઘોડેસ્વાર આગળ ચાલ્યો ગયો. માણસનું પુણ્ય જ્યારે જાગૃત હોય ત્યારે ઉંધા દાવ પણ સવળા પડે છે. જગત બધું તેની હાએ હા ભણે છે, તેનીં જ સાહે ચાલે છે, તેનું ગાયું જ ગાય છે. ઘોડેસ્વાર થયેલા સર્વહરે કાલીના મકાન આગળ આવી પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરી ઘોડાને છુટો મુકી દીધો ને રાજાનાં વસ્ત્રાભૂષણ ગ્રહણ કરી કાલીના મકાનમાં દાખલ થયો. રાજાને છેતરીને ચોરેલાં રાજવસ્ત્ર કાલીને બતાવ્યાં; સંભાળપૂર્વક મૂકવાની સૂચના કરી સર્વહર પોતાનો શ્રમ ઉતારવા શયનગૃહ તરફ ચાલ્યો ગયો. વાહ ચોર! તારી ચતુરાઇ!

કુવામાં પડેલા રાજાએ ચોરની તપાસ કરી પણ હાથમાં ચોરને બદલે એક મોટા પત્થરને જોઇ પોતે છેતરાયો જાણી તરત જ ઉપર આવ્યો. બહાર નીકળી જુએ તો પોતાનાં વસ્ત્રાભૂષણ કે અશ્વ કાંઇ ન મળે! રાજા વિલયો થયો છતાં

દરવાજા તરફ દોડયો, "અરે ચોર મનેય છેતરી ગયો ને શું ?" દરવાજા પાસે આવી તેણે ઉપરા ઉપરી હાકલ મારી કહ્યું કે, "હે દરવાન દરવાજો ઉઘાડ ! દરવાજો ઉઘાડ !"

"અરે ! અત્યારે કોણ દરવાજો ઉઘડાવે છે ?"

"હું વિક્રમાદિત્ય ! હમણાં ઘોડેસ્વાર થઈને બહાર આવ્યો હતો તે ! ઉઘાડ, ઝટ ઉઘાડ ! ચોર નગરમાં પેઠો છે કે શું ?"

"અરે વાહ ! તારી ચતુરાઈ ! મહારાજા વિક્રમાદિત્ય તો કયારનાય ઘોડેસ્વાર થઈને રાજમહેલમાં ચાલ્યા ગયા. વિક્રમાદિત્યનું નામ લઈને મને ઠગવા આવ્યો છે કે શું ?"

"અરે, હું જ વિક્રમાદિત્ય છું, ઉઘાડ ! ઝટ ઉઘાડ !"

"ગમે તેટલી રાડો પાડીશ પણ દરવાજો ઉઘાડવાનો મહારાજનો હુકમ નથી; ને સુર્યોદય સિવાય દરવાજો ઉઘડશે પણ નહિ, સમજયો ?" દરવાને રોકડું પરખાવ્યું.

"એ ચોર મારા ઘોડા ઉપર બેસી મારાં કપડાં પહેરી મને છેતરીને તને પણ છેતરી ગયો છે. એ કાંઇ રાજા નથી; રાજા તો હું પોતે છું." રાજાના અનેક પ્રયત્ન છતાં દરવાને દરવાજો ઉઘાડયો નહિ. નિરાશ થયેલો રાજા ઠંડીથી કંપતો નજીકના એક મંદિરમાં આવીને સૂર્યોદયની રાહ જોતો બેઠો. વાહ, વૈતાળને વશ કરનાર રાજાની આ દશા ! અત્યારે ઠંડીથી બચવાને પાસે એક કપડું પણ ન હતું. સાધનરહિત નિસ્તેજ થયેલા વિક્રમાદિત્યને દૈવ શું પરાઙ્મુખ થયા હતા ? તેની ચતુરાઇની જાળમાં જોતે સપડાઇ ગયો. જરૂર દૈવ વિચિત્ર છે.

शशि दिवाकरयोर्ग्रहपीडनं, गजभुजंगविहंगमबंधुनम् ।
मतिमतां च विलोक्य दरिद्रतां, विधिरहा बलवानिति मे मतिः ॥

ભાવાર્થ—ચંદ્ર અને સુર્ય જેવા સમર્થ રાહુથી પીડાય

છે. પ્રસાય છે; મદ ઝરતા હાથીઓ, ભયંકર ભુજંગો અને આકાશવિહારી પંખીઓ પણ બંધનથી બંધાઈ જાય છે; વિદ્વાન પુરૂષો જગતમાં દરિદ્રી જોવાય છે તેનું કારણ એ કે વિધિ હંમેશાં બલવાન છે.

પ્રાતઃકાળે રાજા નહિ આવેલા હોવાથી કોલાહલ થયો ને રાજમહેલમાંથી સેવકો રાજાની શોધ માટે દોડાદોડ કરવા લાગ્યા; ભટ્ટમાત્રાદિ મંત્રીઓને બોલાવ્યા. તે સમયે પટ્ટ અશ્વ ફરતો ફરતો પોતાને સ્થાનકે આવ્યો. રાજા વગરના અશ્વને જોઇ મંત્રીઓ વિચારમાં પડયા; " અરે ! આપણા નરપતિને શું થયું ? કાંઇ અમંગલ થયું હશે કે શું ? " અવંતીમાં તપાસ કરતા અને કલ્પાંત કરતા બધા દરવાજા આગળ આવ્યા. રાજાના ગુમ થવાની વાત આખીય નગરીમાં ફેલાઇ જવાથી લોકો આકુળવ્યાકુળ થઇ ગયા. બધીય નગરી હલબલી ગઇ. ચારે બાજુ રાજાની શોધ થવા લાગી. રાજમહેલમાં તેમજ નગરીમાં બધે શોકની છાયા પ્રસરી ગઈ. રાણીઓ કલ્પાંત કરવા લાગી. રાજાના ગુણો સંભારતા નગરજનો પણ રૂદન કરવા લાગ્યા.

દરવાજે આવેલા મંત્રીઓએ દરવાન-દ્વારપાળને રાજાની ખબર પૂછી; નિશાસમયે આપણા રાજા દરવાજે થઈને બહાર ગયા હતા ? આપણા રાજાનો પત્તો નથી, રાજાને બેસવાનો પટ્ટ અશ્વ રાજાને કયાંય પાડી નાખી રાજમહેલ આગળ આવ્યો છે, તો તું કાંઇ જાણે છે ! "

" આપણા રાજા નગર બહાર ગયા હતા, પણ પાછા તુરતજ તેઓ નગરીમાં આવી ગયા છે ને મને મારી રજા વગર દરવાજો નહિ ઉઘાડવાની મનાઇ કરી ગયા છે. "

દ્વારપાળના ખુલાસાથી મંત્રીઓ ચમકયા. " અરે, રાજા શું ને વાત શું ? નક્કી આપણા રાજાને છેતરી એ અશ્વ

ઉપર ચોર રાજાનું સ્વરૂપ ધારણ કરી નગરીમાં પેસી ગયો."

"આપણા રાજા નથી આવ્યા ? અરેરે ! ગજબ થઇ ગયો ! હું માર્યો ગયો !" દ્વારપાળ પોક મુકી રડવા લાગ્યો. "મારી એક વાત સાંભળો ! મને ક્ષમા કરો !"

"બોલ ! બોલ ! શી વાત ? રાજા સંબંધી તું કાંઇ જાણતો હોય તો કહે !"

"હું માત્ર એટલું જ જાણું છું કે તે ઘોડેસ્વારના નગરમાં ગયા પછી થોડીક વારે દરવાજા બહાર એક પુરૂષ આવ્યો. તેણે કહ્યું કે દરવાજો ઉઘાડ ! હું રાજા છું. પણ મેં કહ્યું તું ચોર છે. રાજા તો હમણાં જ ઘોડેસ્વાર થઇને ગયા. તેણે દરવાજો ઉઘડાવવા બહુ મહેનત કરી પણ તેને ગાજો દીધી ને મેં દરવાજો ઉઘાડ્યો નહિ. તે પુરૂષ હારીને છેવટે કયાંય ચાલ્યો ગયો હશે."

દ્વારપાળની હકીકત જાણી દરવાજો ઉઘડાવી મંત્રીઓ બધા પરિવાર સાથે રાજાને શોધતા બહાર નીકળ્યા. શોધ કરતાં નજીકના મંદિરમાં રાજાને ખુલ્લે શરીરે, શરીર સંકોચીને બેઠેલો જોઈ મંત્રીઓ ચમકયા. રાજાના દુ:ખમાં ભાગ લેતા તેઓએ રાજમહેલમાંથી નવાં વસ્ત્ર મંગાવી રાજાને પહેરાવ્યાં. અને કહ્યું કે "મહારાજ! આ બધું કેમ બન્યું ? આપ જેવાને પણ એ દુષ્ટ ઠગી ગયો કે શું ?"

રાજાએ રાત્રી સંબંધી સર્વ હકીકત બધા સમક્ષ કહી સંભળાવી. દ્વારપાળ પણ રાજાના પગમાં પડી ક્ષમા માગવા લાગ્યો; "અન્નદાતા ! મારો અપરાધ ક્ષમા કરો !"

રાજાએ દ્વારપાળને ક્ષમા કરતાં કહ્યું, "એમાં તારો પણ શું દોષ ? તું પણ મારી માફક ચોરના છળમાં ફસાઇ છેતરાઇ ગયો."

નિસ્તેજ વદનવાળો રાજા અશ્વારૂઢ થઇ મંત્રીઓ

સાથે પોતાના મહેલમાં આવ્યો; પ્રાતઃક્રિયા કરી રાજસભામાં આવી મંત્રીઓ સાથે મંત્રણા કરવા લાગ્યો. તે સમયે દેવદ્વીપે યાત્રા કરવા ગયેલો અસુર અગ્નિવૈતાલ પણ પોતાનું કામ ત્યાં પુર્ણ થવાથી અચાનક આવી પ્રગટ થયો. રાજા વિગેરે તેને જોઇ ઘણા ખુશી થયા, "કેમ! તમારી યાત્રા તો સારી થઇને?" રાજાએ વૈતાલની ખબર પૂછી.

"હા, મજાથી બધુંય અમારૂં કાર્ય સમાપ્ત થઈ ગયું; પણ તમે બધા ઉદાસ કેમ જણાવ છો?" રાજા અને મંત્રીઓનાં ક્ષોભ પામેલાં હૃદય જાણીને વૈતાલે પૂછયું.

"શું કરીએ? તમારા ગયા પછી એક એવી ઘટના બની છે કે જેના આગળ હું આ બધા મંત્રીઓ અને બધી નગરી લાઇલાજ બની ગઇ છે."

રાજાનાં વચન સાંભળી ચકિત થતો વૈતાલ બોલ્યો, "ઓહો! એવી તે શું હકિકત બની છે કે જેનો સામનો કરવાની કોઇનામાં શક્તિ નથી?"

"તમારા ગયા પછી, નગરીમાં એક ચોર ઉત્પન્ન થયો છે; તે સારાય નગરને ત્રાસ પમાડવા મને તેમજ ભટ્ટ-માત્રાદિક બુદ્ધિવંતોને પણ સતાવી રહ્યો છે. ભિન્ન ભિન્ન સ્વરૂપને ધારણ કરતો, અદૃશ્યપણે શહેરમાં ફરતો તે કોઇ-નાથી પકડી શકાતો નથી. એની આગળ અમે બધા હારી ગયા છીએ, વૈતાલ!"

રાજાની આવી વાતથી આશ્ચર્ય પામતો વૈતાલ બોલ્યો; હું ત્રણ દિવસમાં એને પકડી તમારી આગળ હાજર કરીશ." ચોરને પકડવાની પ્રતિજ્ઞા કરી વૈતાલ હાથમાં ખડ્ગને ધારણ કરતો નગરીમાં ચોરની તપાસ કરવા લાગ્યો.

અદ્‌ભુત ચોર સર્વહરનાં એકેએકથી અધિક પરાક્રમ સાંભળી કાલી આ ચોરની અદ્‌ભુત શક્તિથી આશ્ચર્ય

પામતી વિચાર કરવા લાગી; "અરે, આ તે કોઈ દેવ છે કે વિદ્યાધર! ખપ્પરિક જેવાને હણી નાખનાર વિક્રમાદિત્યને પણ છેતરીને તેમનાં વસ્ત્રાભૂષણ પડાવી લાવ્યો! નથી સમજાતું કે આ કોણ છે?"

"કેમ મહાકાલી! શું વિચાર કરો છો? નગરીમાં નવી નવાઈ છે કાંઇ?" સર્વહરે તેના વિચારમાં ભંગાણ પાડયું.

"હું તારો જ વિચાર કરું છું. તું તે દેવ છે કે વિદ્યાધર? તારી પાસે તો અદ્‌ભુત વિદ્યાઓ રહેલી છે કે જેનાથી તું બધી નગરીને લુંટે છે!"

"શક્તિ વગર તે આવાં કઠીન કામો થતાં હશે વળી?"

"તારી વાત ખરી છે, સર્વહર! તારું નામ તારી કોઈ એ બરાબર રાખ્યું છે. તું સર્વનું અને રાજાનું પણ હરણ કરનારો છે!"

કાલીની વાત સાંભળી સર્વહર હસ્યો. કાલીને કયાં ખબર હતી કે પોતે કોણ છે. "હશે જવા દે એ વાત! નગરમાં હાલમાં નવીન શું છે તે મને કહે!"

"હવેની વાત કઠીન છે. તારી શક્તિ હવે ત્યાં ચાલવાની નથી. હવે ખબર પડશે કે તારી શક્તિ કેટલી છે!"

"કેમ એટલું બધું શું છે?"

"સાંભળ જરા! રાજાએ વશ કરેલો અગ્નિવૈતાલ દેવ કાલે દેવદ્વીપથી આવી ગયો છે, આજસુધી તે જણાતો ન હતો તેથી જ તું ફાવી ગયો છે. તેણે ત્રણ દિવસમાં ચોરને પકડવાની પ્રતિજ્ઞા કરી છે. અને પકડીને રાજાની સામે ખડો કરવાની શરત કરી છે."

"એથી શું? એ શું મને પકડશે? જેવા ભાગશે તેવા દેવાશે!"

"અરે! એ દેવશક્તિથી પણ તું ભય પામતો નથી?

પોતાના જ્ઞાનથી તને અહીં જાણીને અહીં આવી તને ને મને પકડે તો આપણી શી વલે થાય?"

"એનાથી કાંઈ થવાનું નથી. તું જરાય ગભરાઇશ નહિ, કાલી! હું એવું કરીશ કે જેથી તને ને મને સુખ થશે; પછી કાંઈ!"

સર્વહરનાં વચન સાંભળી કાલી વિચારમાં પડી ગઇ. "દેવતાની શક્તિથી પણ નહિ ડરનારો આ કોણ હશે? નક્કી આ કોઈ ઘણી વિદ્યાશક્તિવાળો વિદ્યાધર કે માનવી હશે; પણ એવાઓને રાજા વિક્રમને પીડા કરી નગરીને ત્રાસ આપવાની શી જરૂર?"

કાલીને વિચારમાં વહેતી મુકી ત્રીજા દિવસની રાત્રીએ સર્વહર કાલીના મકાનમાંથી નીકળ્યો; અદૃશ્યપણે નગરમાં ભમતો વૈતાલની સન્મુખ આવ્યો. વૈતાલને પોતાની સન્મુખ ચાલ્યો આવતો ઊઈ અદૃશ્ય રહેલા તે સર્વહરે વૈતાલના હાથમાંથી ખડ્ગ હરી લીધું. પોતાનું ખડ્ગ અચાનક ગુમ થવાથી વૈતાલ ચમકયો; ચારે બાજુએ નજર કરી પણ કોઇને જોયો નહિ. સર્વહરના પ્રબળ પુણ્યથી વૈતાલ જ્ઞાનથી પણ જાણી શકયો નહિ. વ્યાકુળ બનેલો વૈતાલ ત્રણ અહોરાત્રી પૂર્ણ થવા છતાં ચોરને પકડાયા વગર રાજા પાસે પાછો આવ્યો.

સર્વહર પણ વૈતાલનું ખડ્ગ હરી નગરમાં ફરતો પોતાને સ્થાનકે ચાલ્યો ગયો. એ ખડ્ગ કાલીને હવાલે કરી ટુંકાણમાં તેનો ઇતિહાસ કહ્યો. તેના અદ્‌ભુત પરાક્રમથી કાલીના આનંદનું તે પૂછવું જ શું?

રાજા પાસે આવેલો વૈતાલ બોલ્યો; "રાજન! આ ચોર કોઇ અદ્‌ભુત પુણ્યપ્રભાવવાળો હોવાથી મારી શક્તિ ચાલી શકતી નથી. મને લાગે છે કે હવે એ કોઈનાથી પકડી

સકાશે નહિ; માટે તેને પ્રગટ કરવા બીજો કોઈ ઉપાય કામે લગાડવો જોઈએ."

વૈતાલનાં વચન સાંભળી રાજાએ મંત્રીઓ સામે જોયું. "મહાસત્ત્વશાલી ચોરને પકડવા માટે નગરીમાં ઘોષણા કરાવીએ કે જે ચોરને પકડાવી આપશે તેને રાજા પોતાનું અર્ધ રાજ્ય આપશે."

રાજાની એ વાત મંત્રીઓએ માન્ય કરી. "ભલે એ રીતે પણ જો ચોર પકડાઈ જાહેર થાય તો આખા નગરની આફત દૂર થાય." રાજાની પટહ-ઘોષણા નગરમાં જ્યાં ત્યાં જાહેર થવા લાગી. રાજસેવકો પટહ વગાડી કહેવા લાગ્યા કે, "જે કોઈ ચોરને પકડી આપશે તેને રાજા પોતાનું અર્ધ રાજ્ય આપશે."

"જે મતિ પીછે નીપજે, સો મતિ પહેલાં હોય;
કાજ ન બીગરે આપણો, દુર્જન હસે ન કોય."

પ્રકરણ ૧૮ મું.

કૌટિલ્યવિજય

"પવન ફરે વાદળ ફરે, ફરે નદીમાં પુર;
ઉત્તમ બોલ્યા નવી ફરે, પશ્ચિમ ઉગે સૂર."

રાજસેવકો પટહ વગાડી ઉદ્‌ઘોષણા કરતા વેશ્યાવાડા તરફ આવ્યા. પટહ વગાડી ત્યાં પણ તેમણે ઉદ્‌ઘોષણા કરી. પટહનો અવાજ સાંભળી સર્વહર ચમકયો કાલીને બોલાવી એણે પુછ્યું.

"શું છે આ? કાંઈ જાણવા જેવું છે કે નકામું?"

"હા! તારા લાભનું છે. પટહ વગાડી રાજસેવકો

રાજાની આજ્ઞા જાહેર કરે છે કે, જે કોઇ ચોરને પકડી આપશે તેને રાજા અર્ધ રાજ્ય આપશે."

"તો જા, પટહનો સ્પર્શ કરી મને રાજા આગળ જાહેર કર, ને અર્ધ રાજ્ય મેળવી તું સુખી થા!"

"અરે ના! ના! એ અર્ધ રાજ્યનો લોભ કરવા જતાં મારી લક્ષ્મી પણ જતી રહે! પોતાનું કાર્ય સિદ્ધ થતાં રાજા મારાં ઘરબાર પણ તારાજ કરે! રાજા વાજાને વાંદરાં એ તો!" કોઇનાં થયાં નથી ને થવાનાં નથી.

"તારે જરાયે ભય રાખવો નહિ. તું તારે પટહનો સ્પર્શ કર, હું બધુંય સારૂં કરીશ."

સર્વહરનાં વચન સાંભળી લાલચને વશ થયેલી કાલી-એ રાજસેવકો પાસે જઈને પટહનો સ્પર્શ કર્યો. પોતાનું કાર્ય સિદ્ધ થવાથી રાજસેવકોએ રાજસભામાં આવી રાજાને બધી વાત નિવેદન કરી. રાજા મંત્રીઓ સામે જોઇ વિચારમાં પડયો.

"કૃપાનાથ! શું વિચાર કરો છો? વેશ્યા ચોરને પકડાવી આપે તો એથી રૂડુંય બીજું શું?" મંત્રીઓ ખુશી થયા પણ ભટ્ટમાત્રે રાજાની વિચારશ્રેણિ તોડી; "એ વેશ્યા જો ચોરને પકડી આપે તો તેને રાજ્ય શી રીતે આપવું? મોટી વિચારવાની વાત છે એ તો!"

"એમાં વિચાર કાંઇ નથી કરવાનો મહારાજ! ચોરને પકડી એને શિક્ષા કરી એક વખત એના બાપનો બદલો તો એને આપો! તે પછી વેશ્યાની વાત."

"પછી વેશ્યાની વાત તો રહી જ ને! આ તો ધર્મસંકટ!"

"એનો પણ ઇન્સાફ થઈ શકશે. આપ એ વેશ્યા સાથે પાણિગ્રહણ કરો એટલે એ રાજ્ય લક્ષ્મી પણ આપનીજ!"

ભટ્ટમાત્રે રસ્તો બતાવ્યો.

"એ કેમ બને? એ નીચ હલકી વેશ્યા સાથે મારાથી પાણિગ્રહણ શી રીતે થાય? મારી ઈજ્જત આબરૂ સર્વેનું તો તો સારી રીતે લિલામ થાય."

"હીનજાતિ સાથે પણ રાજાઓ લગ્ન કરી શકે છે. એવું થતું આવ્યું છે ને થાય છે. રાજાને એમાં કાંઈ દોષ નથી. પ્રસંગને અનુસરી કરવું એ તો રાજનીતિ છે. શાસ્ત્ર પણ કહે છે કે—

विषादप्यमृतं ग्राह्यममेध्यादपि कांचनम !
अधमादुत्तमां विद्यां, स्त्रीरत्नं दुष्कुलादपि ॥

ભાવાર્થ—વિષમાંથી પણ અમૃત ગ્રહણ કરવું, માટી-માંથી સુવર્ણ પડયું હોય તો તે પણ ગ્રહણ કરવું, નીચ જન પાસેથી ઉત્તમ વિદ્યા લેવી; તેવીજ રીતે નીચ કુલમાંથી સ્ત્રીરત્ન પણ લેવું.

"તમને રૂચે તેમ કરો!" રાજા વિક્રમાદિત્યે મંત્રી-ઓની વાતને અનુમતિ આપી. મંત્રીઓએ રાજસેવકોને કાલી વેશ્યાને હાજર કરવા માટે રવાને કર્યા. ગુણિકાને ઘેર સવારમાં કેટલોક દિવસ ચડયે છતે રાજસેવકો હાજર થઇ કહેવા લાગ્યા; "ચાલ, કાલી! તને રાજા બોલાવે છે. રાજાની આગળ ચોરને હાજર કર! પહેલાં તારા દેહને તો રજી કર!"

પોતાને બોલાવવા આવેલા રાજસેવકો જોઈ વેશ્યા ચમકી; "અરે! મેં વળી કયાં આ આફત વહોરી? મારા કયા ભોગ લાગ્યા કે પેલા ધૂર્તના કહેવાથી પટહનો સ્પર્શ કર્યો? અરે ભગવન! છેલ્લી મારી વારી પણ આવી શું! આ હવે શું થશે?"

મનમાં કલ્પાંત કરતી વેશ્યા નિશ્ચિત પોઢેલા સર્વેહર

પાસે દોડી આવી તેને ઢંઢોળવા લાગી; "ઉઠ! મુવા ઉઠ! હજી નફકરો થઈને સૂતો છે શું? જો તો ખરો જરી આંગણે વાડ આવી છે તે!"

હાવરી બ્હાવરી કાલીને જોઈ જાગૃત થયેલો ચોર મનમાં જરીક હસ્યો, "અરે આતું છું, ગભરાય છે શું એમાં?" તેનું ન ફકરૂં વચન: સાંભળી ગભરાએલી વેશ્યા બોલી; "મને ભોળીને ભોળવી પટહનો સ્પર્શ કરાવી હવે મુખે પોદતાં લાજતો નથી? રાજનો પણ તને ભય નથી શું? જા, હવે રાજની પાસે આ સેવકોની સાથે!"

રાજસેવકોની ઉતાવળથી વેશ્યાએ તાકીદ કરેલો ચોર નાહી ધોહી પરવાર્યો. બરાબર મધ્યાન્હ સમયે તે તૈયાર થયો; "ચાલ! મારી સાથે તું પણ ચાલ!"

"અરે, ભુંડા! મને કાં આપદામાં નાખે છે? તું તારે એકલો જા! તારા ગુન્હા કબુલ કરી નૃપની આગળ જાહેર થા!"

"અરે પણ નિર્ભય થઈને તુંય મારી સાથે ચાલ તો ખરી!"

"હાથે કરી કુવે પડવા હું નથી આવવાની! તારા જેવાના વિશ્વાસમાં હું નથી ફસાવાની! સમજ્યો? હાય! હાય! હું શું જાણું કે તારા જેવા મનુષ્યો પોતાના આશ્રિતોને જ ફસાવતા હશે તે!" કાલી વલોપાત કરવા લાગી. "આને પકડી જાઓ, આજ ચોર છે, એ મુવો મારો ઘડો લાડવો કરવા માગે છે કે શું?"

"અરે તું ભલી થઇને મારી સાથે ચાલ તો ખરી!" ચોરે એને સમજાવવા માંડી. ચોરની સમજાવટથી વેશ્યા ભાવી ઉપર આધાર રાખી તેની સાથે જવાને તૈયાર થઇ. રાજાનાં વસ્ત્રાભરણ તેમજ ખડ્ગને ધારણ કરી તે ચોર

રાજસેવકોની સાથે ચાલ્યો. માર્ગમાં ચોરના અદ્‌ભુત સ્વરૂપને જોઈ લોકો કંઈ કંઈ વિચાર કરતા, પોતપોતાનાં કાર્ય પડતાં મુકીને સ્ત્રી કે પુરષો તેને જોવાને ઉલટ્યાં. નદીના પૂરની માફક ધસ્યા આવતા લોકોના સમુદાયમાંથી મુશ્કેલીએ જગા કરતા સેવકો ચોરને લઇને રાજદરબારમાં આવ્યા. લોકો તો આ સુંદર બાળકને જોઈ મનમાં અનેક વિચાર કરતા હતા; " શું રાજા આ બાળકને મારી નાખશે? આવો સુંદર છતાં આ બાળક ચોરી કરતાં શીખ્યો ? વાહ વિધાતા! તું ગુલાબમાં પણ કાંટા સરજી શકે છે. કસ્તુરીને કાળી બનાવી શકે છે. ગુણમાં પણ દોષ સ્થાપન કરવો તે તારા સિવાય કોણ કરી શકે ? "

કેટલાક વિચાર કરતા કે, " રાજા આને શું પોતાનું સર્વ રાજ્ય આપશે ? અગર આપે પણ ખરો ! પ્રસન્ન થયેલા રાજાઓ શું શું નથી કરતા ? "

કોઈ વળી કહેવા લાગ્યા, ' અરે, અકાળે આ ચોર તો મરશે, પણ જે આને આશ્રય આપનારી આ વેશ્યાની પણ બૂરી વલેહ થશે. "

ભિન્ન ભિન્ન લોકવાયકાને સાંભળતો ચોર વેશ્યા સાથે રાજદરબારમાં આવી પહોંચ્યો; રાજાની આગળ રાજસભામાં ચોરીનો માલ—વસ્ત્રાભરણનો ઢગલો કરી રાજાને નમીને બે હાથ જોડીને ઊભો રહ્યો. એ સુંદર આકૃતિવાળા ચોરને જોઈ રાજા વૈરભાવ ભૂલી ગયો. એના અંતરમાં કાંઈક અકથ્ય ભાવના જાગૃત થઇ. " અરે ચોર ! તું કોણ છે ? કયાંથી આવ્યો છે ? કોનો પુત્ર છે ? મારી નગરીને શા માટે તું લુંટે છે ? " રાજાએ ચોરને પૂછયું.

" પ્રતિષ્ઠાનપુરથી આવું છું, મહારાજ !" એ ચોરબાળકે ઘડાકો કર્યો. પ્રતિષ્ઠાનપુરનું નામ સાંભળતાં રાજા ચોંકયો.

"શું તું પ્રતિષ્ઠાનપુરથી આવે છે? તું કોનો બાળક છે? ત્યાંના રાજાને તું ઓળખે છે ત્યારે?"

"હા મહારાજ! પ્રતિષ્ઠાનપુરનરેશ શાલિવાહન માટે આપ પૂછો છો ને?" એ અદ્‌ભુત બાળક નિડરતાથી બોલ્યો.

"હા, ભાઈ! તે સિવાય તું રાજાના આત્મીય જનોને પણ ઓળખે છે કે શું?"

"કેમ નહિ? મહારાજ શાલિવાહનને નરદ્વેષિણી સુકુમારી નામે પુત્રી હતી તેને પોતાના સાત ભવની વાત સંભળાવી છેતરીને પોતાને વીર માનતો કોઇ પરદેશી પોતાને દેવ તરીકે ઓળખાવી પરણી ગયો." એ સુંદર બાળક જરા હસ્યો. બધી સભા બાળકને જોઈ સ્તબ્ધ થઇ ગઈ. "આ તે બાળક કે જાદુગર?" પોતાની વાત સાંભળી રાજા પણ હસ્યો.

"પછી શું?" રાજાએ આતુરતાથી મસ્તક ધુણાવતાં પૂછ્યું.

"પછી શું કૃપાનાથ! એ બિચારી નિર્દોષ અને પોતાને આશ્રયે રહેલી બાળાને ગર્ભવતી જાણી એક દિવસ એનો દેવ જે પતિ તે જતો રહ્યો."

"ઘણું જ ખરાબ એ તો!" સભામાંથી અવાજ આવ્યો.

પોતાને મળતી આવતી વાત સાંભળી રાજા વિક્રમાદિત્ય જડ જેવો થઈ ગયો. "આ બાળક પોતાનો ઇતિહાસ શી રીતે જાણે?"

"આગળ શું થયું?" રાજાએ પુછ્યું.

"પછી તો મહારાજ! એ દગાખોર પતિના વિજોગમા બાળાએ અનેક વલોપાત કર્યા, રૂદન કર્યા છેવટે એના માતપિતાએ સમજાવી અને શાંત કરી. પતિના વિજોગે પતિને સંભારતી બાળા દુઃખે દિવસો વ્યતીત કરવા લાગી."

"એ દેવે ફરિને એની સંભાળ પણ ન લીધી!" વચમાં વિક્રમાદિત્ય બોલ્યો. "ના! એ ધુર્ત્ત એને છેતરીને ચાલ્યો ગયો. બીજી અનેક મનોહર રાજ્યલક્ષ્મીમાં લોભાઇ એને ભૂલી ગયો." એ બાળક મુદ્દાસર બોલતો ગયો.

"હા, પછી?"

રાજાના પુછવાથી બાળક બોલ્યો; "પછી એ ગર્ભવંતી બાળાને પુર્ણ માસે એક મનોહર દેવકુમાર સરખો દેવકુમાર નામે પુત્ર થયો. ક્રમે કરીને તે પુત્ર મારા જેવડો થયો."

"એ દેવકુમાર પુત્રને તું ઓળખે છે? તે સિવાય તું આવી રહસ્યમય હકીકત શી રીતે જાણે?!"

"હા, કૃપાનાથ! હું એને કેમ ન ઓળખું? એ ને હું એકજ છીએ. એજ દેવકુમાર એક દિવસ અવંતીમાં આવ્યો ને પોતાના પરાક્રમથી આજે તે આપની આગળ હાજર થયો છે!"

રાજા વિક્રમાદિત્ય પોતાના પુત્રને ઓળખી હર્ષથી હર્ષિત થયો છતો સિંહાસનથી ઉતરી પુત્રની પાસે આવ્યો તેને ભેટી પડ્યો.

આ અદ્‌ભુત બનાવથી રાજસભા સહિત મંત્રીઓ આશ્ચર્યચકિત થયા; ચોરમાંથી પિતાપુત્રનુ મિલન જાણી સર્વે ચકિત થયા. "પુત્ર! એ દેવ બનેલો પુરૂષ બીજો કોઇ નહિ પણ હું પોતેજ વિક્રમાદિત્ય!" રાજાએ એ ભેદનો સ્ફોટ કર્યો.

"હા, પિતાજી! હું તો કયારનોય આપને ઓળખી ગયો છું! આપના સિવાય આવાં પરાક્રમ બીજો કોણ કરે?" ઠંડે કલેજે દેવકુમાર બોલ્યો.

દેવકુમારના શબ્દથી આશ્ચર્ય પામતો વિક્રમાદિત્ય

બોલ્યો; "અહીંયાં હું પોતેજ છું એવું તેં શા પરથી જાણ્યું?"

"પેલા ભારવટ્ટ ઉપર લખેલા આપના અક્ષર ઉપરથી વળી એ બે શ્લોક વાંચી આપની સ્થિતિ હું સમજી ગયો. પછી તો આપની તપાસ કરવા, હું અવન્તીમાં હાજર થયો."

"દીકરા! ત્યારે તું તો મારા કરતાંય સવાયો થયો, અમારા કરતાં અધિક તું કોની સહાયથી થયો?" રાજાએ આતુરતાથી પુત્રની શક્તિ જાણવાની ઈન્તેજારી બતાવી.

"પિતાજી! નગરી બહાર રહેલી દેવીચંડિકાના પ્રાસાદથી! તેમના વરદાનથી રૂપપરાવર્તિની અને અદૃશ્યકારિણી એ બે વિદ્યાઓ સિદ્ધ કરીને તમારા જેવા મહાપુરુષોથી પણ હું દુઃખસાધ્ય થયો." દેવકુમારનાં વચન સાંભળી બધી સભા રાજી થઈ અને ચોરના સકંજામાંથી આજથી બધી અવંતી મુક્ત થઈ. ચોરને શિક્ષા કરવાની વાત તો હવે હવામાં ચાલી ગઈ. રાજાએ પુત્રનું નામ એના અદ્‌ભુત ચરિત્ર ઉપરથી વિક્રમચરિત્ર રાખ્યું. રાજા વિક્રમાદિત્યે વેશ્યાને વસ્ત્રાભરણ આપી તેનું માનસન્માન વધાર્યું; નગરનાયિકા ને મુખ્ય વેશ્યા બનાવી આઠ ગામ ઈનામમાં આપ્યાં. રાજાની કૃપા મેળવીને કાલી પ્રસન્નતાથી પોતાને આવાસે ચાલી ગઈ. રાજસભા બરખાસ્ત થતાં મંત્રી વિગેરે પોતપોતાને સ્થાનકે ગયા. રાજાએ તલારક્ષક વિગેરેનું જે ધન લુંટાયું હતું, તે બધું તેમને પાછું આપી દીધું, ને દેવકુમારને લઈ તે અંતઃપુરમાં ગયો.

एकेनापि सुपुत्रेण, सिंही स्वपिति निर्भयम्।
सहैव दशभिः पुत्रैर्भारं वहति गर्दभी॥

ભાવાર્થ – એક પરાક્રમી પુત્રનો જન્મ આપી સિંહણ નિર્ભય થઇને સૂઇ જાય છે. ત્યારે દશ દશ પુત્રોની સાથે

ગધેડીને ભાર વહન કરવો પડે છે.

રાજમહેલમાં આવેલો રાજા પુત્રને જોઇ ખુશી થતો બોલ્યો; " હે પુત્ર ! પ્રતિષ્ઠાનપુરથી આવીને સીધો તું મારી પાસે આવ્યો હોત તો ? નકામો કાલવિક્ષેપ કર્યો ને બધી નગરીને તેં હેરાન કરી. "

પિતાજી ! મારી નિર્દોષ માતાને ઠગીને તમે પરણ્યા અને તેને છેતરીને તમે અહીં આવ્યા. હવે હું પછવાડે અહીં આવીને તમારી સભામાં નમાલો થઇને ઉભો રહું ને હું તમારો પુત્ર છું એમ કહું એ તમારા જેવા બલવાન પુરૂષોને શરમાવનારૂં તો ખરૂંજ ને ! "

" પણ તેથી શું ? તું મારો પુત્ર છે. પુત્ર પિતા પાસે જાય એમાં વાંધો પણ શું ? "

" તમારા જેવા વીરોના પણ વીર ગણાતા પુરૂષોની પાસે નમાલા આવીને ઉભા રહેવું એના કરતાં કાંઇ ચમત્કાર કરીને ઓળખાણ આપવી એજ ઠીક. પિતાજી ! તમે મારી માતાને ઠગીને છેતરી ગયા, તો મારે પણ મંત્રી સામંત, ગુણિકા અને આપ સહિત સર્વને ઠગીને બરાબર વ્યાજ સાથે બદલો લેવો જોઇએ; અને તેથી લીધો કેમ ખરૂને ? "

ખરૂં છે પુત્ર ? તારી માતાને મેં પરણીને છોડી એ કાંઇ સારૂં કર્યું નથી. એ કપટકળા કાંઇ ઠીક કરી નહિ. " એમ બોલી રાજા પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

" હશે, પિતાજી, એ બધો કર્મનો પ્રભાવ છે. તમારો એમાં શું દોષ છે ? પણ હવે મારી માતાને મારે તેડવા જવું જોઇએ. કારણ કે પ્રતિજ્ઞા કરી હતી, કે પિતાને મળી જરૂર તને તેડવાને આવીશ. તેથી મારી માતા સિવાય અહીં મારાથી ભોજન પણ લઇ શકાશે નહિ. "

આ પ્રમાણે કહી પિતાની રજા મેળવી વિક્રમચરિત્ર

મંત્રીઓ, સામંતો અને રાજસૈનિકોની સાથે માતાને નમવાને પ્રતિષ્ઠાનપુર આવ્યો. માતાના ચરણમાં નમી શાલિવાહન ભૂપતિને ને રાજકુટુંબને હર્ષનું કારણ થયો. અવંતીમાં કરેલા પરાક્રમની વાત માતાને પુત્રે સવિસ્તર કહી સંભળાવી પુત્રના પરાક્રમની વાત સાંભળી માતાના મનમાં કેટલો હર્ષ થતો હશે વારૂ ! કેટલાક દિવસ પછી શાલીવાહન મહારાજાની રજા લઇને વિક્રમચરિત્ર માતાની સાથે પોતાના પરિવારને લઇ અવંતી તરફ ચાલ્યો. અવંતીનગરીની સમીપે આવી પહોંચ્યાની રાજા વિક્રમને ખબર પડવાથી, રાજાએ સામે આવીને સ્ત્રી અને પુત્રનો મોટો પ્રવેશ-મહોત્સવ કર્યો. એ માળવાની રાજધાની ઇંદ્રની સ્વર્ગપુરી સમી મનોહર અવંતીને જોઇ રાજપત્ની સુકુમારી અત્યંત રાજી થઈ. ક્ષીપ્રા નદીના રમણીય પ્રદેશો અને અવંતીની બહારનાં ઉદ્યાનો સુકુમારીને ઘણાંજ રમણીય લાગ્યાં. આ નરદેવિણીને હર્ષભરી આંખે લોકો જોવા લાગ્યાં. જેના પુત્રે પોતાના પરાક્રમથી નગરીને સ્તબ્ધ કરી હતી, તેની માતા સુકુમારીને જોવાને નગરનાં નરનારો હર્ષથી ગાંડાં થઇ ગયાં. નગરીના આશીર્વાદ ઝીલતી રાજમાળા સુકુમારી રાજમહેલમાં આવી પહોંચી. રાજાએ સાત ભૂમિનો રમણીય મહેલ તેના નિવાસ માટે આપ્યો. પત્ની અને પુત્રને મેળવી રાજા સુખમાં જતા એવા કાલને પણ જાણતો નહિ. ન્યાયથી પ્રજાનું પાલન કરતો રાજા દીન-દુઃખી અનાથોને સહાય કરતો પોતાનો કાલ વ્યતીત કરતો હતો. રાજા વિક્રમ પરોપકારમાંજ હમેશાં તત્પર રહેવાથી જગતમાં પરદુઃખભંજન કહેવાયો.

" જબ તુંમ આયે જગતમાં, જગત હસે તુંમ રોય;
કરણી ઐસી કર ચલો, તુંમ હસો જગ રોય. "

પ્રકરણ ૧૯ મું

સુવર્ણ પુરૂષ

" કાજળ તજે ન શ્યામતા, મોતી તજે ન શ્વેત,
દુર્જન તજે ન કુટિલતા, સજ્જન તજે ન હેત."

આ સંસારના સુખોમાં મશગુલ થયેલા રાજાએ એક દિવસ કોઈ વિદ્યાસિદ્ધ શિલ્પી-કારીગરોને સન્માનપૂર્વક બોલાવી અપૂર્વ અને અદ્‌ભુત કાષ્ઠનું સિંહાસન કરાવ્યું. ઉંચી જાતિના કાષ્ઠમાંથી રાજાએ સિંહાસન બનાવ્યું હોવાથી કારીગરોએ એમાં હીરા, માણેક, રત્ન, સુવર્ણ વિગેરે જડીને અદ્‌ભુત બનાવી પોતાની વિદ્યા સફલ કરી. એ સિંહાસનને બત્રીશ પુતળીઓ મુકેલી હતી. દેવબાળાસમી મનોહર એ બત્રીશ પુતળીઓ-શાલિભંજિકાઓ કાલે કરીને દેવતાઓથી અધિષ્ઠિત થવાથી સિંહાસન ઉપર આરૂઢ થયેલો રાજા વિક્રમાદિત્ય દેવતાઓને પણ દુર્જય થયો હતો. જગતમાં તે અદ્‌ભુતથીય અદ્‌ભુત કાર્ય કરતો હતો. એ બત્રીશે પુતળીઓ રાજાના અનેક કાર્યમાં સહાય કરવા લાગી. આ અદ્‌ભુત સિંહાસનથી તુષ્ટમાન થયેલા રાજાએ કારીગરોને ખુબ સંતુષ્ટ કરી રવાને કર્યા. દિનપ્રતિદિન અદ્‌ભુત સિંહાસનથી રાજાની ખ્યાતિ જગતમાં વધવા લાગી. "શું સ્વર્ગના રાજા ઇન્દ્રે પ્રસન્ન થઇને આ દેવાધિષ્ઠિત સિંહાસન રાજાને ભેટ આપ્યું કે વિદ્યાધર કિંન્નર વા ગંધર્વે ભેટ આપ્યું !"

રાજાની આગળ દરરોજ પ્રાતઃકાળના કોઇક યોગી એક સુંદર ફળ ભેટ મુકીને ચાલ્યો જતો હતો. રાજાએ ફળો ભંડારમાં ભેગાં કરવા માંડયાં. વરસ દિવસ થવા આવ્યા છતાં એ ક્રમ ચાલુ રહ્યો હોવાથી એક દિવસે રાજા

વિક્રમાદિત્યે યોગીએ મુકેલું ફળ હાથમાં લઈને ભાગ્યું તો તેમાંથી એક રત્ન નીકળ્યું. રત્નને જોઈ આશ્ચર્ય પામતો રાજા બોલ્યો; "હે યોગીરાજ! આવું રત્નમય ફળ ભેટ કરવામાં તમારો શું ઉદ્દેશ છે?"

"રાજન્! આજના ફળમાં નહિ કિંતુ વર્ષ દિવસથી આવતાં સર્વે ફળોમાં આવાં અમૂલ્ય રત્ન રહેલાં છે." યોગીના કથનથી આશ્ચર્ય પામતા રાજાએ ભંડારમાંથી બધાં ફળ મંગાવી તેમાંથી રત્નો કઢાવ્યાં. એ રત્નોને ફળમાંથી બહાર કાઢી રાજા બોલ્યો; "કે હે યોગીરાજ તમો પણ આમ આ પ્રકારની ભેટ કરો છો?

"મહારાજા! રાજા, દેવતા, ગુરૂ, ઉપાધ્યાય અને વૈદ્ય એમની પાસે ખાલી હાથે જવું નહિ. પરંતુ એમની પાસે ફળ લઈને જવાથી ફળની પ્રાપ્તિ થાય છે." યોગીએ ખુલાસો કરવા માંડયો.

"તમારે શું કાર્ય છે તે કહો, યોગીરાજ!" રાજાએ મુદ્દાની વાત કરી.

"રાજન્! હું આજ કેટલાક સમયથી એક અપૂર્વ વિદ્યા સિદ્ધ કરવાને મંત્રની સાધના કરું છું. પણ કુશળ ઉત્તરસાધક વગર મારી વિદ્યા સિદ્ધ થતી નથી. તો હે સાહસિક! વીર! તમે મારા ઉત્તરસાધક થાઓ; જેથી મારો પ્રયત્ન સફળ થાય." યોગીએ પોતાનું કાર્ય કહી સંભળાવ્યું.

રાજાએ યોગીનું વચન અંગીકાર કર્યું. અને પોતાનું કાર્ય સિદ્ધ થવાથી સ્થાનકનો નિર્દેશ કરી રાતના રાજાને આવવાનું આમંત્રણ આપી યોગી ચાલ્યો ગયો. દિવસના કાર્યથી પરવારી નિશાનું સામ્રાજ્ય વિસ્તાર પામે છતે રાજા એક ખડગ માત્ર લઈને ગુપચુપ યોગીની પાસે ચાલ્યો ગયો.

અત્યારે રાત્રીની શરૂઆત થતી હતી. રાજા આવ્યો ત્યારે યોગી મોટા વડવૃક્ષની નીચે અગ્નિકુંડ તૈયાર કરી બેરનાં લાકડાંને સળગાવી જવાળાઓ પ્રગટાવતો હતો. એ અગ્નિની જવાળાઓના તેજમાં ક્રિયા કરતા ને ધ્યાનમાં બેઠેલા યોગીને રાજાએ જોયો. રાજાને જોતાં યોગીએ વડલાના ઝાડ ઉપર રહેલા મનુષ્યના શબને લાવવાની આજ્ઞા કરી અને પુનઃ ધ્યાનમાં લીન થઈ ગયો. યોગીનાં વચન સાંભળી રાજા એ મોટા વૃક્ષ ઉપર ચઢયો. પેલા મૃતકની પાસે જઇ વૃક્ષની શાખા સાથે બાંધેલા તેના બંધ કાપીને રાજાએ શબને જમીન ઉપર નાખ્યું ને તેની પાછળ રાજા વિક્રમાદિત્ય પણ ઉતરી પડયો.

રાજા જમીન ઉપર આવ્યો, એટલે મૃતક પાછું તુરત જ વૃક્ષનો શાખાએ જઇને ચોટયું. આશ્ચર્ય ચકિત થતો રાજા મૃતકને લેવાને ફરી વૃક્ષ ઉપર ચઢયો, તે મૃતકને લઇને નીચે આવ્યો ને પાછું મૃતક ઝાડની ડાળીએ જઇને વળગ્યું. વારંવાર રાજા મૃતકને હસ્તગત કરવાના પ્રયત્ન કરતો, પણ શબ રાજાના હાથમાં રહેતું નહિ. આ વિષય સ્થિતિ જોઈ વૈતાલ તરત જ ત્યાં પ્રગટ થયો. વૈતાલ પેલા વૃક્ષની ડાળીએ વળગેલા મડદામાં પ્રવેશ કરીને બોલ્યો; " હે અવંતીનાથ! સાંભળો!

गीतशास्त्रीविनोदेन, कालो गच्छति धीमताम् ।
व्यसनेन हि मूर्खाणाम्, निद्रया कलहेन वा ॥

ભાવાર્થ—કાવ્ય, શાસ્ત્ર અને સંગીતના વિનોદમાં બુદ્ધિમાન પુરૂષો પોતાનો કાલ વ્યતીત કરે છે; ત્યારે મુર્ખાઓનો સમય પ્રમાદમાં, નિદ્રામાં કે કલેશમાં જ વ્યતીત થાય છે.

" અત્યારે મધ્યરાત્રી થતી હોવાથી નિશાનો સમય

વ્યતીત કરવા હું તમને આશ્ચર્ય કરનારી મનોહર કથા કહું છું, તે હે ભૂમિનાથ! તમે સાંભળો."

મૃતકના જવાબથી રાજા ખુશી થતો બોલ્યો; "કહે ભાઈ! કોઇ અદ્‌ભુત યા પ્રાચીન કથા કહે!"

"સાંભળો ત્યારે!"

તે મૃતકે રાજા વિક્રમાદિત્યને અનુક્રમે પચ્ચીશ વાતો કહી સંભળાવી. એ પચ્ચીશ મૃતકની વાર્તા સાંભળતાં આશ્ચર્યચકિત થયેલા રાજાએ રાત્રી પૂરી કરી. પ્રાતઃકાલનો સમય થવા આવ્યો એટલે વૈતાલ પ્રગટ થઇને બોલ્યો, "હે મહારાજ! આ દુષ્ટ યોગી આપ જેવા પુરૂષોત્તમ પુરૂષનો બળતા અગ્નિમાં હોમ કરી સુવર્ણ પુરૂષ સિદ્ધ કરવાને ઇચ્છે છે, તો આ છળવાન્ યોગીનો આપે વિશ્વાસ કરી ઠગાવું નહિ; એના માયાવચનથી આપ લોભાઇ ઠગાશો નહિ." વૈતાળનાં વચનથી સાવધ થયેલો રાજા મનમાં વિચાર કરવા લાગ્યો; "અહો! આ દુર્બુદ્ધિ યોગી આવો ખોટો કદાગ્રહ કરી નરભવ હારી જાય છે, એક ભવમાં નિરંતર છળકપટ કરી લાખો ભવ હારો જાય છે. ખચિત, સર્પોને દુગ્ધનું પાન વિષનેજ પેદા કરનારૂં થાય છે. મુર્ખને, દુર્જનને ઉપદેશ પણ ક્રોધ ઉત્પન્ન કરે છે. આ દુષ્ટ યોગી મને શું કરે છે તે જોવા દે. હું પણ સમયને ઉચિત જે યોગ્ય લાગશે તે કરીશ."

अतीतं नैव शोचंति, भविष्यं नैव चिंतयेत् ।
वर्त्तमानेन कालेन, वर्त्तयन्ति विचक्षणाः ॥

ભાવાર્થ—બુદ્ધિવંત પુરૂષો જે થઇ ગયું તેનો વિચાર કરતા નથી તેમજ ભવિષ્યમાં શું થશે તેનો પણ વિચાર કરતા નથી, પણ વર્ત્તમાનકાળમાં અત્યારે શું કરવા યોગ્ય છે તેનો જ માત્ર વિચાર કરે છે.

એ પ્રમાણે વિચાર કરી રાજા મૃતકને પોતાની પીઠ સાથે મજબૂત બાંધી પકડીને નીચે ઉતાર્યો. રાજાએ મૃતકને યોગીની પાસે મુકવાથી યોગી ઘણો જ ખુશી થયો. આ પરાક્રમી વિના મૃતકને લાવવાને કોણ શક્તિમાન હતું ?

શબને જોઈ પ્રસન્ન થયેલા યોગીએ રાજાને કહ્યું, "હે રાજન્ ! તમારા મસ્તક ઉપર હવે હું શિખાબંધ કરીશ, કે જેથી હોમની ક્રિયા કરતાં તમને કાંઈપણ ઉપદ્રવ થાય નહિ. રાક્ષસ, વ્યંતર, દેવ કે અસુર અથવા ભુતપ્રેત તમને વિઘ્ન કરવાને સમર્થ થાય નહિ, તે માટે વિદ્યા સાધનારાઓ પહેલાં શિખાબંધ કરીને પોતાની અંગરક્ષા કરે છે, ને તે પછી બીજી ક્રિયા કરી પોતાની વિદ્યા સિદ્ધ કરે છે." રાજાને એ પ્રમાણે કહી યોગીએ સર્વ સામગ્રી લાવીને રાજાના મસ્તક ઉપર શિખાબંધ કર્યો. રાજાએ શિખાબંધ કરવા દીધો, તેથી આ દુષ્ટ યોગી મનમાં ઘણો ખુશી થયો. પોતાના મસ્તક ઉપર શિખાબંધ કરતો જોઇ રાજા વિચારમાં પડયો; "નક્કી આ દુષ્ટ અધમ યોગી મારો વધ કરવા ઇચ્છે છે, તો સમયને જાણનાર હું એવું કરીશ કે જેથી મને સુખ થાય."

શિખાબંધ કર્યા પછી યોગીએ હોમહવનની ક્રિયા કરવા માંડી. એ ક્રિયા પુરી કરી યોગી જેવો રાજાને અગ્નિના કુંડમાં હોમવાનો વિચાર કરે છે તેવો રાજા ચેત્યો. "અરે, આ દુરાત્મા મને હોમીને પોતાનું કાર્ય સિદ્ધ કરશે શું ? પોતાના ઉદરની પૂરતીને માટે પ્રપંચમાં મશગુલ બની આવા યોગીયો પણ કેટલીક બધી મર્યદા ઓળંગી જાય છે; તો એક સામાન્ય જનની તે શી વાત ? હવે તો વાગે તેવા દેવા દે !"

હોમક્રિયાથી પરવારી યોગી બોલ્યો, "રાજન્!

હવે આ અગ્નિકુંડ પાછળ પ્રદક્ષિણા ફરો કે જેથી મારી વિદ્યા સિદ્ધ થાય!"

"એ કઈ રીતે બની શકે? પહેલાં તમે ફરો. તમારી પછવાડે હું ફરું છું!" રાજાએ સાવધાન થતાં કહ્યું.

"ઠીક, ચાલો મારી સાથે!" તક મળતાં આ યોગી રાજાને અગ્નિકુંડમાં હોમવાનો વિચાર કરતો રાજાની સાથે પ્રદક્ષિણા ફરવા લાગ્યો. પ્રદક્ષિણા કરતો યોગી રાજાને ઉંચકીને અગ્નિકુંડમાં નાખવા જાય છે તેવો જ રાજાએ તેને ઉપાડીને અગ્નિકુંડમાં ફેંકી દીધો. અગ્નિકુંડમાં પડતાંની સાથે જ યોગી બળીને સુવર્ણ પુરૂષ થઇ ગયો.

એ સુવર્ણનરના અધિષ્ઠાયક ગાંગેય દેવે તરતજ પ્રત્યક્ષ થઇને એ સુવર્ણ પુરૂષના પ્રભાવનું વર્ણન કર્યું, "હે સાત્ત્વિક! હે સાહસિક! તારા સત્ત્વપણાથી જ આ સુવર્ણ પુરૂષ તને પ્રાપ્ત થયો છે. મોટા ભાગ્ય વગર આ સુવર્ણ પુરૂષની પ્રાપ્તિ જગતમાં કોઇને થતી નથી. આ સુવર્ણ પુરૂષનો પ્રભાવ અદ્‌ભુત છે. આખા દિવસમાં એનાં ગમે તેટલાં અંગ છેદનભેદન કર્યાં હોય છતાં બીજા દિવસની પ્રભાતે પાછાં તે અક્ષત થઇ જાય છે, ને કાયમ આ પ્રમાણેજ રહે છે. હું એનો અધિષ્ઠાયક દેવ છું. તો મારા પ્રભાવથી જગતનાં દારિદ્ર દૂર કરી તું પરદુઃખભંજન થા!" આમ કહી અધિષ્ઠાયક તરતજ અદૃશ્ય થઇ ગયો. એના પ્રભાવનો વિચાર કરતો રાજા ત્યાંજ ઉભો હતો. "ખચિત, આ બધોય પ્રભાવ પરભવમાં કરેલી શુભ કરણીનો છે; કયાં યોગી ને કયાં હું? 'રામનું સ્વપ્ન ભરતને ફળ્યું' એ મુજબ અથાગ મહેનત કરી સુવર્ણ પુરૂષ મેળવવાનો પ્રયત્ન કરનાર યોગી-પોતે જ યોગી કીટીને સુવર્ણ પુરૂષ બની ગયો, ને ભાગ્યયોગે મારાજ કામમાં આવી ગયો. તો શું ધર્મ વગર આ બધું

બની શકે છે? શ્રદ્ધા, ચારિત્ર, તપ, શીલ આદિ ધર્મનું આરાધન કરનારને દેવતાઓ પણ નમે છે, તેની અભિલાષા પૂરી કરે છે. અરે! જેની બુદ્ધિ ધર્મમાંજ તનમય થયેલી છે એવા ધર્મપરાયણ જનોનાં કાર્ય ગમે તેવી મુશ્કેલીમાં, ગમે તેવા ભયંકર સંયોગોમાં પણ સિદ્ધ થાય તો જગતમાં અદ્વિતીય એવા ધર્મની તે શી વાત!"

નિશાસમયે રાજા ચુપચુપ નગરીમાંથી નીકળી ગયેલો હોવાથી પ્રાતઃકાળે રાજાને નહિ જોવાથી મંત્રીઓ રાજાને શોધવા લાગ્યા. નગરમાં કંઇ ભાળ ન મળવાથી મંત્રીઓ નગરી બહાર ફરતા ફરતા ઉદ્યાનો અને જંગલ જોતા જોતા ક્ષીપ્રાના તટ ઉપર પેલા યોગીના અગ્નિકુંડ પાસે આવ્યા. ત્યાં અગ્નિકુંડ પાસે રાજાને ઉભેલા જોયા, ને સામે કુંડમાં સુવર્ણ પુરૂષને જોઇ મંત્રી સહિત બધા વિચારમાં પડયા; "મહારાજ! આ શું? આ સુવર્ણ પુરૂષ શું? આપ અત્યારમાં અહીંયાં કયાંથી?"

મંત્રીઓના જવાબમાં રાજાએ પેલા યોગી સંબંધી સર્વે હકીકત કહી સંભળાવી. રાજાની વાત સાંભળી મંત્રી સહીત સર્વે લોકો અજાયબ થયા. રાજા સુવર્ણપુરૂષને અગ્નિકુંડમાંથી બહાર કાઢી રથમાં સ્થાપી નગરીમાં લાવ્યો ને તે નિમિત્તે તેણે મોટો પ્રવેશમહોત્સવ કર્યો. યાચક અને ગરીબ જનને છુટે હાથે દાન આપી તેમને સંતોષ્યા.

એ સુવર્ણ પુરૂષને રાજમહેલમાં લાવી પોતાના શયનગૃહની બાજુના બાનગી ખંડમાં રાખ્યો. એ પુરૂષનાં અંગોપાંગ છેદીને રાજા રોજ પ્રાતઃકાળે દાન કરતો ને બીજી સવારે તે સુવર્ણપુરૂષ અક્ષત બની જતો; કપાયેલ અંગોપાંગ નવીન પ્રગટ થતાં હતાં. મહેનત બીજાએ કરી જયારે ફળ તો ભાગ્યમાં હોય તેને જ મળે.

"પડતી ઇચ્છે પર તણી, ચઢતો આપ ચહાય,
પણ પાપી શું કરી શકે? ધાર્યું વિધિનું થાય."

પ્રકરણ ૨૦ મું

વચમાં આવતી વૃદ્ધા

"રાજ ગયાં રાવણ તણાં, તાજ થયાં તારાજ:
કૃત્ય કરે સો ખલકને, વનિતા કાંટાબાજ."

પરદુઃખભંજન રાજા વિક્રમાદિત્ય રાજસભામાં બેઠેલા હતા. મંત્રીઓ પણ સામે પોતપોતાની જગાએ બેઠા હતા. બીજા અધિકારીઓ સર્વ પોતપોતાને યોગ્ય સ્થાનકે બેઠા હતા. સુવર્ણ પુરૂષની હકીકત જાણી મસ્તક ધુણાવતો ભટ્ટમાત્ર બોલ્યો: "મહારાજા! આપનું ભાગ્ય અદ્‌ભુત છે. દુષ્ટ યોગી કપટ રાખી પ્રપંચથી આપનો નાશ કરવાને ઇચ્છતો હતો. પણ બીજાનો દ્રોહ કરવા જતાં પોતાનો જ નાશ થઇ ગયો. જગતમાં પોતાનું કલ્યાણ ઇચ્છનારા મનુષ્યે બીજા પર દ્વેષ રાખી તેને કષ્ટમાં પાડવાનો વિચાર કરવો નહિ; નહિતર પેલી વીરમતી જેવા હાલ થાય?"

"એ વીરમતી કોણ ને એના શું હાલ થયા?" રાજાએ પૂછયું.

ભટ્ટ માત્ર બોલ્યો—ચંદ્રપુર નગરમાં વીર નામે એક શેઠ રહેતો હતો. તેને વીરમતી નામની પ્રિયા હતી. વીર શેઠને જયા નામે એક વૃદ્ધ માતા હતી. વીરમતી કાંઇક ઉચ્છૃંખલ હોવાથી તે સાસુની ભક્તિ કરતી નહિ ને પોતાના ધણીને આડું અવળું સમજાવી સાસુ સામે ઉશ્કેરતી હતી. વારેવારે જયારાણીની ટેકથી વીરમતીને બહાર કરવામાં પોતાની સાસુ નડતી હોવાથી એ કાંટો હંમેશને માટે દૂર કરવાનો તેણીએ વિચાર કર્યો. એક દિવસે પર્વ આવવાથી

તે દિવસે સાસુએ વીરમતીને કહ્યું, "હે વધુ! આજે પર્વ હોવાથી દુકાનેથી ઘઉં, ગોળ, કાષ્ટ વિગેરે લઈ આવ, કે જેથી લાડું બનાવી આપણે પર્વને ઉજવીએ."

સાસુનાં વચન સાંભળી વીરમતી દુકાને આવીને પોતાના પતિને ગદ્‌ગદ કંઠે કહેવા લાગી, "ઘડપણ અને રોગથી પીડાતી તમારી માતા કાષ્ઠ ભક્ષણને ઇચ્છે છે." પત્નીની વાત સાંભળી દુઃખીત થયેલો વીરશ્રેષ્ઠી ઘેર આવ્યો.

"માતા! શું તું કાષ્ઠ ભક્ષણને ઇચ્છે છે! શા માટે જીવતી બળી મરવાને ઇચ્છે છે! તારા વગર અમારું શું થશે?" પુત્રનાં વચન સાંભળી ચકિત થતી માતા મનમાં વિચારવા લાગી. "આ બધો વહુનો જ પ્રતાપ છે. મેં શું માંગ્યું ત્યારે વહુએ શું બાકી રાખ્યું? તે તો મારું જ કાઢવા માગે છે શું? કોઇક દિવસ એ મને મારી નાખશે. એના કરતાં અત્યારે જ અવસર સાચવવા દે. પછી જે થવાનું હશે તે થશે."

"હા પુત્ર! આ દુઃખથી હું કંટાળી ગઇ છું. આમે હું મરવાની તો છું જ; રીબાઇ રીબાઇને મરવું એના કરતાં એકદમ મરવું કે જેથી મારે દુઃખ ભોગવવું ન પડે." ડોસી વિચાર કરીને બોલી.

માતાના આગ્રહને વશ થઇને નદીકાંઠા ઉપર ક્રૂર જંગલમાં પતિ પત્નીએ ચિતા રચવા માટે કાષ્ઠ લાગાં કર્યાં; ને કાષ્ઠની ચિતા તૈયાર કરી. રાત્રી સમયે વીરશ્રેષ્ઠી પોતાની પત્ની સાથે માતાને લઇને હાથમાં અગ્નિ ગ્રહણ કરી નદીના તટ ઉપર આવ્યો, માતાએ ચિતાને જોઇ ભગવાનનું સ્મરણ કરી તેને પ્રદક્ષિણા ફરવા માંડી, અને ભગવાનનું નામ લઇ ચિતામાં બેઠી. તે અવસરે પોતાની સાથે લાવેલો અગ્નિ ઠરી જવાથી વીરશ્રેષ્ઠી પોતાની પ્રિયાને ત્યાં બેસાડી

નગરમાં અગ્નિ લેવા ગયો. એકલી પડેલી વીરમતી ભય પામેલી હોવાથી જરા દૂર ખસીને પતિની રાહ જોવા લાગી.

ચિતામાં બેઠેલી સાસુ પણ આ તકનો લાભ લઇ આસ્તેથી ચિતામાંથી ઉઠીને ધીમે પગલે નજીકના વૃક્ષ ઉપર ચઢી ગઇ. થોડીક વારે અગ્નિ લઇને આવેલા વીરશ્રેષ્ઠીએ ચિતામાં અગ્નિ મુકી સળગાવી દીધી ને વીરમતીએ એમાં મદદ કરી. સાસુનું નહતર એવી રીતે દૂર કરાવી વીરમતી પતિ સાથે ઘેર આવીને નચિંત થઇને સૂતી.

દૈવયોગે તેજ રાત્રીએ કેટલાક ચોરો શ્રીપુરનગરમાં કોઇક શ્રીમંતના ઘરમાં પ્રવેશ કરી પેટી તોડી વસ્ત્રાભૂષણ લઇને ફરતા ફરતા તેજ વૃક્ષ નીચે આવ્યા. ત્યાં બેસી અગ્નિ સળગાવી તેના પ્રકાશમાં પેલાં આભૂષણ ને કીમતી વસ્ત્રોના ભાગ પાડવા લાગ્યા. વૃક્ષ ઉપર રહેલી પેલી બુદ્ધિશાળી વૃદ્ધા મનમાં વિચાર કરવા લાગી, "અરે! આ દુષ્ટો પાસેથી હરામથી મેળવેલ ધન શી રીતે તફડાવવું?" મનમાં કાંઇક નિશ્ચય કરતી માથાના શ્વેત વાળ ખુલ્લા-છુટા મુકી, પહેરેલું લુગડું કમરે બાંધી, કછોટાવાળી ખાઉં! ખાઉં! કરતી તે વૃક્ષ ઉપરથી નીચે ઉતરવા લાગી.

અગ્નિના મંદ મંદ પ્રકાશમાં ડાકણ જેવી આ સ્ત્રીને જોઇ ચોરો ગભરાયા, "આ ડાકણ તો આપણને ખાઇ જશે કે શું?" એ ભયંકર રૂપધારી સ્ત્રીને જોતાંજ પેલાં આભૂષણ એમનાં એમ મૂકીને જેને જ્યાં ઠીક પડયું તે દિશા તરફ મુઠીઓ વાળીને ચોર નાઠા.

ચોરોના ભાગી જવા પછી ખુશી થતી ને મલકાતી એ વૃદ્ધાએ પેલાં સારાં વસ્ત્ર પહેરી લીધાં ને પોતાનાં જીર્ણ વસ્ત્રમાં બીજા કામતી આભૂષણ ને વસ્ત્રની એક મોટી પોટલી કરી માથે મુકીને તે પોતાને ઘેર આવી.

વહેલી સવારે માતાને જોઇ આશ્ચર્યચકિત થયેલો વીરશ્રેષ્ઠી પત્ની સાથે ઉઠીને ખુશી થતો બોલ્યો, " અરે માતા ! આ શું ? આ બધી લક્ષ્મી તું ક્યાંથી લાવી ?"

પુત્રનાં વચન સાંભળી વૃદ્ધા બોલી, " અરે દીકરા ! તને શું વાત કહું ? અગ્નિમાં બળીને હું ઇંદ્રના દરબારમાં હાજર થઇ. મારા સાહસથી પ્રસન્ન થયેલા સુરેંદ્રે મને આ આભૂષણ ને કીંમતી વસ્ત્રો આપી સ્વર્ગભૂમિ ઉપરથી અહીં આપણે ઘેર મને મોકલી દીધી." વૃદ્ધાએ કહેલી વાત કહી

" માતા ! ભારે કામ થયું—ઇંદ્ર તારી ઉપર પ્રસન્ન થઇ તને અહીં મોકલી તે ! સારૂં થયું તું આવી તે !"

" હા ! દીકરા ! મને ઇંદ્રે કહ્યું કે અરે વૃદ્ધા, હાલમાં તારૂં કામ નથી, તારે ઘેર જા, ને તારૂં ઘર સંભાળીને રહે."

" માતા ! તમારી પેઠે હું કાષ્ઠ ભક્ષણ કરૂં તો ઇંદ્ર મને આવી સમૃદ્ધિ આપે કે નહિ વારૂ ?" સાસુ પાસેની લક્ષ્મી જોઇને તો મેળવવાને ઇચ્છતી પેલી વીરમતી બોલી. સાસુ કરતાં પણ અધિક દ્રવ્ય લાવવાનું તેને મન થયું હતું.

" જરૂર વહુ બેટા ! તારા જેવી જુવાન અને સુંદર વહુને જોઇને તો ઇંદ્ર બહુ રાજી થાય ને મારા કરતાં આઠ-ગણા અલંકારો અને વસ્ત્રો આપી તારૂં સન્માન કરશે." સાસુની વાત સાંભળી વીરમતી રાજી થઈ.

" ત્યારે ચાલો, આજ રાતે હું પણ સ્વર્ગમાં જાઉં. મારે માટે ચિતા રચો અને રાતે હું તેમાં પ્રવેશ કરીશ."

વીરમતી, તેની સાસુ અને વીરશ્રેષ્ઠી એ ત્રણેએ મળીને નદીના કાંઠે જઇ ચિતા તૈયાર કરી. રાત્રીને સમયે વીરમતી અને એની સાસુ ચિતા પાસે આવ્યાં. વીરમતી ભગવાનનું નામ યાદ કરતી પ્રદક્ષિણા દઇને ચિતા ઉપર

બેઠી. સાસુએ–વૃદ્ધાએ અગ્નિ મુકી, એ ચિતાને સળગાવી મુકી. એ ચિતાની સાથે વીરમતી પણ હંમેશને માટે બળીને ખાખ થઇ ગઇ. એ દુષ્ટા વહૂનું કાસળ કાઢી વૃદ્ધા નિરાંતે પોતાને ઘેર આવીને સૂઇ ગઇ.

બીજા દિવસનો સૂર્યોદય થતાં વીરશ્રેષ્ઠી ઘરની બહાર આવી પ્રિયાના આગમનની રાહ જોવા લાગ્યો. "પ્રિયા આવશે ને સાથે ઘણું ધન લાવશે," એવા મધુર સુખસ્વપ્નમાં વિહાર કરતા પુત્રને જોઇ વૃદ્ધા મનમાં હસતી બોલી,

"દીકરા! આમતેમ જોતો તું કોની રાહ જુએ છે?"

"કેમ! તમારી પુત્રવહૂની વળી!"

"મરેલાં માણસો કયારેય પાછાં આવેલાં સાંભળ્યાં છે, દીકરા?" ઠંડે કલેજે મા બોલી.

"કેમ એમ બોલે છે, માતા? તું મરેલી પાછી આવી કે નહિ, તો પછી એ કેમ નહિ આવે? જરૂર આવશે."

"કદી નહિ આવે!" એમ કહી વૃદ્ધાએ પોતાની સર્વ સત્ય હકીકત કહી સંભળાવી, અને કહ્યું કે, "દીકરા! એ દુષ્ટા વીરમતીનો શોક કરીશ નહિ. આદ્રવ્યથી હું તને એનાથી પણ સારી કન્યા પરણાવીશ."

વૃદ્ધાનાં વચન સાંભળી વીર ચકિત થયો. "તારી ઉપર ઇર્ષ્યા કરી તારો નાશ કરવા જતાં એનો પોતાનો જ નાશ થઇ ગયો. બારકા ઉપર ઇર્ષ્યા કરવી એજ ખોટું છે. બીજાનું બગાડવા જતાં પોતાનું તો જરૂર બગડે છે."

થોડા દિવસમાં વૃદ્ધાએ કોઇ સારા ઘરની કન્યા જોઇ પોતાના દિકરાને પેલું ધન અર્પીને પરણાવી દીધો. વીરશ્રેષ્ઠી પણ તે નવી પ્રિયાને મેળવી સુખી થયો ને પેલી વૃદ્ધા નવી વહુની સેવાચાકરીથી સંતોષ પામતી સુખે સુખે ધર્મ-ધ્યાન કરવા લાગી. ખાડો ખોદે તે જ પડે! ભદ્રમાત્રની

વાત સાંભળી સભા ચકિત થઇ ગઇ.

"ઇચ્છો જેવું અવરનું, તેવું પોતાનું થાય,
માનો ના તો કરી જુઓ, જેથી અનુભવ થાય."

પ્રકરણ ૨૧ મું

સિદ્ધસેન દિવાકરસૂરિ

दानं भोगो नाशस्तिस्त्रो गतयो भवंतिवित्तस्य ।
यो न ददाति भुंक्ते ते, तस्य तृतीया गति भवति ॥

ભાવાર્થ—આ દુનિયામાં લક્ષ્મીની ત્રણ ગતિ છે. દાન દેવું, પોતે જાતે ભોગવવી એટલે પોતાની સુખસગવડ માટે વાપરવી અને ત્રીજી નાશ થઇજવું. જે પુરૂષ લક્ષ્મીને મેળવીને નથી તો દાન કરતો, નથી તો પોતાના સુખને માટે વાપરતો, તો પછી એ કૃપણની એકઠી કરેલી લક્ષ્મીનો નાશ તો નક્કી જ છે.

એ સુવર્ણ પુરૂષના પ્રતાપથી રાજા વિક્રમાદિત્યે લોકોનાં દુઃખદારિદ્રય દૂર કરવા માંડયાં. તે કોઇની યાચના નિષ્ફળ કરતા નહિ. યાચક લોકો રાજા પાસેથી પોતપોતાનું મનોવાંછિત મેળવી સુખી થયા, ને પ્રાયઃ જગતમાં કોઇ દુઃખી રહ્યું નહિ. રાજા પાસે આવેલો નિરાશ થઇને પાછો જતો નહિ. સૌ પોતપોતાના ભાગ્ય પ્રમાણે મેળવી મનમાં સંતોષ પામવા લાગ્યા. પંડિતો વિદ્વાનો રાજદરબારમાં આવી નવીન કાવ્ય બનાવી રાજાને આશીર્વાદ દેતા તેની સ્તુતિ કરવા લાગ્યા. રાજા તેમનાં કાવ્ય પ્રમાણે કવિઓની પણ અભિલાષા પૂરવા લાગ્યો. પંડિતો તેની કિર્તિને દેશાવરમાં ખેંચી ગયા. ભાટચારણો વિક્રમાદિત્યના દાનથી સન્માન પામેલા બીજા મોટા રાજદરબારોમાં જઇ તેની કીર્તિ ગાવા લાગ્યા.

દેશપરદેશમાં વિક્રમાદિત્યની કીર્તિ સાંભળી દૂર દૂરથી ભિન્ન ભિન્ન સ્વભાવના લોકો વિક્રમના દરબારમાં આવવા લાગ્યા. તેઓ રાજા પાસેથી પોતાનું મનોવાંચ્છિત ઇનામ મેળવી આનંદ પામતા પાછા ફરતા હતા.

એક દિવસ રાજા ભટ્ટમાત્ર સાથે હાથી ઉપર બેસી બહાર ઉદ્યાનમાં ફરવા જતો હતો. પ્રાતઃકાળનો ખુશનુમા સમય હતો. મંદમંદ વાયુની શીતલ લહેરીઓના અનુપમ સ્વાદને ચાખતો રાજા ભટ્ટમાત્ર સાથે હાથીને ખેલાવતો ક્ષીપ્રાના તટના રમણીય પ્રદેશ તરફ આવ્યો; "મહારાજ! અવંતીનાથ! આપ આમને જાણો છો?" એક મહાન યોગીનાં દર્શન થતાં ભટ્ટમાત્રે રાજાને પૂછ્યું.

"કોણ એ? કોઈ પ્રતિભાશાળી સાધુ છે, ખરું કે નહિ?" રાજા વિક્રમાદિત્ય એ શ્રેષ્ઠ સાધુ તરફ દૃષ્ટિ કરતાં કહ્યું.

"એથીય વધારે કૃપાનાથ?" ભટ્ટમાત્રે રાજાની ઉત્સુકતામાં વધારો કરી કહ્યું.

"તમે વધું શું જાણો છો? તે મને કહો."

"સ્વામિન્! આજના સમયના એ સર્વજ્ઞ છે. અને પોતાને સર્વજ્ઞપુત્ર તરીકે ઓળખાવે છે."

પ્રધાનની આવી વાણી સાંભળી રાજા ચમકયો. અને કહ્યું કે જો એમ હોય તો આપણે તેની પરીક્ષા કરીએ.

બન્ને જણાઓ ગજરાજ પર બેઠેલા, જ્યાં એ સર્વજ્ઞ-પુત્ર સિદ્ધસેનદિવાકરસૂરિ પોતાના શિષ્ય સાથે એક વૃક્ષ નીચે ઉભા હતા ત્યાં થઇને નીકળ્યા. તેમની પાસે આવેલા રાજાએ હાથીને ધીમો પાડતાં મન વડે સૂરિને નમસ્કાર કર્યો.

સૂરિએ તરત જ પોતાનો હાથ ઊંચો કરી રાજાને ધર્મલાભ આપ્યો. સૂરિના ધર્મલાભથી રાજા ચકિત થઇને બોલ્યો; "આપે મને ધર્મલાભ આપ્યો ! શા માટે ! રસ્તે જતા એવા મને આપે ધર્મલાભ આપ્યો ? મેં તમને વંદના તો કરી નથી. વંદના કર્યા વગર જતા આવતા ગમે તેને ધર્મલાભ આપી શકાય છે શું ?"

"રાજન્ ! વંદના કરનારને જ ધર્મલાભ અપાય છે. તમે મને વાંધા તેથી જ તમને ધર્મનો લાભ થાઓ એમ કહ્યું. જો કે તમે અમને કાયાથી તો વંદના કરી નથી, છતાં મનથી વંદના કરનારને પણ ધર્મલાભ અપાય છે !"

સૂરિશ્વરનાં વચન સાંભળી રાજા વિક્રમાદિત્ય ખુશ થયો છતો, હાથી ઉપરથી નીચે ઉતરી તેણે પ્રધાનની સાથે સૂરિને વંદના કરી, અને સર્વજ્ઞપણાના ગુણથી પ્રસન્ન થયેલા રાજાએ કોટી સુવર્ણ અમાત્ય પાસે મંગાવીને ગુરૂને અર્પણ કર્યું.

"અરે ! આ તમારા સુવર્ણને હું શું કરૂં ? કંચન અને કથિર, કામિની અને પાષાણ, સંસાર અને મોક્ષમાં સમદૃષ્ટિથી જોનાર હું તમારા ધનને તે શું કરૂં, રાજન્ ?"

"ગુરૂ, આપને મેં દાન કરેલું હોવાથી હવે મારાથી તે લઇ શકાય નહિ. પાછું લઇને હું એને શું કરૂં ?"

"રાજન્ ! મારાથી તો એને સ્પર્શ પણ થઇ શકે નહિ, છતાં તમારો આગ્રહ છે તો એક રસ્તો બતાવું."

"ખુશીથી કહો" રાજાએ કહ્યું.

"અવંતીના આગેવાન શ્રાવકોને બોલાવી આ ધન તેમને આપી જીર્ણોદ્ધારમાં ખર્ચાવો !" એમ કહી ગુરૂ સિદ્ધસેનસૂરિ નગરમાં પોતાને સ્થાનકે ચાલ્યા ગયા. રાજાએ શ્રાવકોને બોલાવી એ બધી રકમ જીર્ણોદ્ધારના કાર્યમાં

વાપરી નાખી. મંત્રીઓએ રાજવહીમાં લખાવ્યું કે, દૂરથી હાથ ઊંચો કરી ધર્મલાભ, એટલા શબ્દો બોલવા માત્રથી નરપતિ વિક્રમાદિત્યે સિદ્ધસેનસૂરિને કોટી સુવર્ણ અર્પણ કર્યું.

ગુરૂ સિદ્ધસેનસૂરિ કેટલાક દિવસ અવંતીમાં રહી ત્યાંથી વિહાર કરતા કરતા ને ભવ્ય જીવોને પોતાની જ્ઞાનમય દેશનાથી પ્રતિબોધ પમાડતા સૂરિ ૐકારપુર પધાર્યા. એક દિવસ ત્યાંના આગેવાન શ્રાવકોએ સૂરીશ્વરને વિનતિ કરી; કહ્યું "ૐકારપુરમાં સમૃદ્ધિ અને શ્રાવકોની જાહોજલાલી છતાં એક વાતની અહીં ખામી છે! શિવના પ્રખ્યાત મંદિર કરતાંય સુંદર એક જીનમંદિરની જરૂર છે. તે અહીંના બ્રાહ્મણો થવા દેતા નથી. આપ વિક્રમાદિત્યને પ્રસન્ન કરો, અને તે કામ આપનાથી જ માત્ર બની શકે તેમ છે, અન્યથા નહિ."

શ્રાવકોની વાત સાંભળી સૂરિજીએ કહ્યું, "તમારી ઇચ્છા મુજબ હું અહીંયાં ચૈત્ય કરાવી આપીશ."

ગુરૂ સિદ્ધસેનસૂરિ ૐકારપુરમાં કેટલાક દિવસ સ્થિરતા કરી ત્યાંથી વિહાર કર્યો. પોતાના સંયમગુણની રક્ષા કરવા માટે સાધુઓ એકજ સ્થાનકે સ્થિરવાસ કરીને રહેતા નથી. જુદે જુદે સ્થાનકે વિહાર કરવાથી અનેક ભવ્યજનોને ધર્મ પમાડી શકાય. અને સારા ખોટા મનુષ્યોનો પરિચય પણ થાય. આવા કારણથી દિવાકરસૂરિ વિહાર કરતા કરતા ઉજ્જયિની નગરીમાં આવ્યા.

એક દિવસ ગોચરીના કાર્યથી પરવારી મધ્યાન્હ સમયે ચાર શ્લોકને લઈને દિવાકરસૂરિ રાજસભામાં આવવાને નીકળ્યા. રાજદ્વાર આગળ આવી તેમને પ્રતિહારીને પત્ર ઉપર એક શ્લોક લખી આપીને રાજસભામાં મોકલ્યો. પ્રતિહારીએ વિક્રમાદિત્યની સભામાં પ્રવેશ કરી, રાજાને નમી

એ શ્લોક રાજાના હાથમાં આપ્યો. એ શ્લોકમાં સૂરિજીએ મહારાજને પૂછયું કે, "ચાર શ્લોક સાધને એક સાધુ દ્વાર આગળ ઉભા છે તે રાજસભામાં આવે કે પાછા જાય."

એ શ્લોકના ભાવાર્થથી પ્રસન્ન થયેલા રાજાએ કહેવડાવ્યું કે, "આ શ્લોકની તમને દશ લાખ સુવર્ણ મહોર આપવામાં આવે છે; છતાંય ચાર શ્લોકવાળા સાધુને આવવાની ઇચ્છા હોય તો ભલે આવે!"

રાજાની આજ્ઞા પ્રતિહારીએ સૂરિને કહી સંભળાવી. એ સુવર્ણની મનથી પણ ઇચ્છા નહિ કરનારા સૂરિરાજ સભામાં આવ્યા. પૂર્વ દિશા તરફ બેઠેલા રાજાની સન્મુખ ઉભા રહીને તે સૂરિ નીચે મુજબ શ્લોક બોલ્યા.

अपूर्वेयं धनुर्विद्या, भवतो शिक्षिता कुतः ।
मार्गणौघः समभ्येति, गुणो याति दिगन्तरम् ॥

ભાવાર્થ—હે રાજન્! આપ આવી અપૂર્વ ધનુર્વિદ્યા કયાંથી શીખ્યા કે માગણ-યાચકનો સમુહ તમારી પાસે આવે છે, અને ગુણ ને પ્રશંસા દૂર જાય છે; અથવા તો બાણનો સમુહ તમારી પાસે આવે છે, ને ગુણરૂપી જે પણછ તે દૂર જાય છે.

બે અર્થને સુચવનારા અપૂર્વ શ્લોકને સાંભળી રાજા તે દિશાએથી પોતાનું મુખ ફેરવી દક્ષિણ દિશા તરફ મુખ રાખીને બેઠા; સૂરિ દક્ષિણ દિશા તરફ રાજાની સન્મુખ જઇને ફરીથી બીજો શ્લોક બોલ્યા.

सर्वदा सर्वदोऽसीति, मिथ्या संस्तूयते बुधैः ।
नास्यो लेभिरे पृष्ठं, न वृक्षः परयोषितः ॥

ભાવાર્થ—હે રાજન્! તમે હંમેશાં સર્વને બધું આપનારા છો, એવી તમારી સ્તુતિ પંડિત પુરૂષો ખોટી કરે છે; કેમકે તમે શત્રુઓને પૂંઠ બતાવતા નથી. અને પરસ્ત્રીઓને

તમારૂં હૃદય આપતા નથી.

આ બીજા શ્લોકથી ખુશી થયેલ રાજા, દક્ષિણ દિશા તરફથી મુખ ફેરવીને પશ્ચિમ દિશા તરફ બેઠા. સૂરિ પશ્ચિમ દિશા તરફ રાજાની સન્મુખ આવીને ત્રીજો શ્લોક બોલ્યા. આવા અપૂર્વ શ્લોક સાંભળી રાજસભાના બધા પંડિતો પણ દીંગ થઇ ગયા.

त्वत्कीर्तिर्जातजाड्येव, चतुरम्भोधि मज्जनात् ।
आतपाय महीनाथ, गता मार्त्तण्डमण्डलम् ॥

ભાવાર્થ—હે રાજન્! ચારે દિશામાં ફરી ફરીને થાકી ગયેલી તારી કીર્તિએ પરિશ્રમને ઉતારતા ચારે દિશાના સમુદ્રમાં એવું સ્નાન કર્યું છે કે, તેને સ્નાનના પ્રભાવથી શરદી લાગી ગઇ; જેથી હે મહીનાથ! ગરમી લાવવાને માટે તે સુર્યમંડળમાં ચાલી ગઇ. અર્થાત્ સમુદ્રમાં સ્નાન કરીને ઉચ્ચે સૂર્યમંડળ સુધી પહોંચી ગઇ.

રાજા પશ્ચિમ દિશા તરફથી મુખ ફેરવીને ઉત્તર દિશા તરફ બેઠા. સૂરી ઉત્તર દિશાએ રાજાના સન્મુખે આવીને બોલ્યા.

सरस्वती स्थितावक्त्रे लक्ष्मीः करसरोरुहे ।
कीर्तिः किं कुपिता राजन्, येन देशान्तरं गता ॥

ભાવાર્થ—હે રાજન્! સરસ્વતી તો તમારી જીહ્વાએ વસી છે, લક્ષ્મી તમારા હસ્તકમલમાં રહે છે, અને કીર્તિ શું કોપાયમાન થઇ ગઇ છે, કે તે પરદેશમાં ચાલી ગઈ?

ચારે શ્લોક સાંભળીને પ્રસન્ન થયેલો રાજા સિંહાસનથી નીચે ઉતરી સૂરિને નમસ્કાર કરીને બોલ્યા "આ ચારે દિશાનું રાજ્ય હાથી, અશ્વ, રત્ન અને લક્ષ્મી સહિત મેં આપને અર્પણ કર્યું, તો આપ મારી ઉપર કૃપા કરીને આ સામ્રાજ્ય ગ્રહણ કરો!"

રાજાની આવી ભક્તિ જાણી સૂરિ બોલ્યા, "મહાનુભાવ!

માતા, પિતા, સ્ત્રી, પુત્ર, લક્ષ્મી આદિ સકલ પરિવારનો ત્યાગ કરી અમે વીતરાગ થવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. એ વમન કરેલા ભોગોને પાછા શું અમે ગ્રહણ કરીએ! એનો ત્યાગ કરી એક મોક્ષને માટે જ અમે ઉદ્યમશીલ છીએ. શત્રુ અને મિત્ર, સુવર્ણ અને પત્થરમાં, મણિ અને માટીમાં સરખી દૃષ્ટિવાળા અમે તમારા રાજ્યને તે શું કરીએ?"

"મહારાજ! મેં આપને ખુશી થઇને રાજ્ય અર્પણ કર્યું છે." રાજા વિક્રમાદિત્યે પુનઃ પ્રાર્થના કરી કહ્યું.

"અરે! ભિક્ષામાં મળેલા અન્નથી નિર્વાહ કરનારા, જીર્ણ વસ્ત્રને ધારણ કરનારા, અને પૃથ્વીની પીઠ ઉપર સંથારો કરનારા અમે તમારા ઐશ્વર્યને શું કરીએ?"

સૂરિની નિર્લોભતા જોઈ વિક્રમાદિત્ય અધિક પ્રસન્ન થયો; "પ્રભો! મને કાંઇક આજ્ઞા કરો! અને મારે યોગ્ય કામ હોય તે મને ફરમાવો!" સર્વજ્ઞના ધર્મની પ્રસંશા કરતાં રાજાએ કહ્યું.

"હે રાજન્! ઉંકારપુરમાં ત્યાંના શ્રાવકોના ધર્મ આરાધન માટે એક ભવ્ય જીનાલયની જરૂર છે તે કરાવી આપો!" આ પ્રમાણે રાજાને સૂચના કરી સિદ્ધસેન દિવાકરસૂરિ પોતાને સ્થાનકે ચાલ્યા ગયા. રાજાએ ઉંકારપુરના સુબા તરફ એક લેખ મોકલી સૂચના કરી કે, "ત્યાંના જૈન શ્રીમાનો કહે તે પ્રમાણે તમારે ત્યાં ભવ્ય જિનમંદિર બનાવી આપવું."

રાજાની આજ્ઞાથી બ્રાહ્મણોના વિરોધ હોવા છતાં પણ શિવના મંદિર કરતાં પણ ઉન્નત સુંદર જીનમંદિર તૈયાર થઈ ગયું. યથાસમયે પ્રતિષ્ઠાવિધિ કરીને ઋષભદેવ ભગવાનની પ્રતિમા સ્થાપન કરવામાં આવી. એ જીનમંદિરમાં ઋષભદેવની ભક્તિ કરતા શ્રાવકો ધર્મકાર્યમાં પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યા.

એક દિવસ સિદ્ધસેનસૂરિ જીનાલયમાં શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરી અનેક માણસોની સાથે ચૈત્યવંદન કરવા બેઠા. ભગવાનનું ચૈત્યવંદન સંસ્કૃત ભાષામાં કરતાં કરતાં તેઓ અલંકારયુક્ત ભાષામાં ચૈત્યવંદન કરવા લાગ્યા. તે પછી 'નમુત્થુણં' વિગેરે કહી તેમણે ચૈત્યવંદન કર્યું ખરૂં, પણ તેમના હૃદયમાં એકાએક એક અભિનવ વિચાર સ્ફુર્યો. "આ માગધી પ્રાકૃત ભાષામાં રચેલાં સૂત્રોને સંસ્કૃત કર્યાં હોય તો!"

આવો દૃઢ વિચાર થયો, પરંતુ પોતાના ગુરૂ વૃદ્ધવાદિસૂરિ પ્રતિષ્ઠાનપુરમાં હતા અને તેમની રજા વગર કાંઈ બની શકે નહિ. જેથી સિદ્ધસેનસૂરિ ત્યાંથી વિહાર કરીને પ્રતિષ્ઠાનપુર આવ્યા. ગુરૂને નમી એક દિવસે અવસર મેળવી ગુરૂને પૂછયું; "હે પ્રભો! આ વંદનાદિક સૂત્રો પ્રાકૃત ભાષામાં કાંઇ સુંદર શોભાને આપતાં નથી. આપની આજ્ઞા હોય તો હું તે સૂત્રોને પ્રાકૃત ભાષામાંથી સંસ્કૃત ભાષામાં ફેરવી બનાવું!"

દિવાકરસૂરિની આવી વાણી સાંભળી ગુરૂ વૃદ્ધવાદિસૂરિ ચકિત થયા, અને કહ્યું કે "હે મહાભાગ! ચૌદપૂર્વ આદિ અનેક શાસ્ત્રના પારગામી ગૌતમસ્વામી આદિક ગણધરોએ આ સૂત્રો અલ્પ બુદ્ધિવાળા જીવોની સરળતાને માટે પ્રાકૃતમાં રચેલાં છે. સંસ્કૃત ભાષામાં રચવાની તેમની શક્તિ હતી, પરંતુ બાલ, વૃદ્ધ, મંદ અને મૂર્ખ જનોના હિતને માટે બધા સિદ્ધાંત પ્રાકૃત ભાષામાં રચ્યા છે; માટે હે સુભગ! આ વચનથી તેં તેમની આશાતના કરી મહાન પાપ બાંધ્યું છે; જેથી તારે દુર્ગતિમાં જવું પડશે, માટે અહીંજ તેનું પ્રાયશ્ચિત્ત કર!" વૃદ્ધવાદિસૂરિની આવી વાણી સાંભળી સિદ્ધસેનસૂરિ સંસારથી ભય પામ્યા છતાં ગુરૂને પગે પડતાં બોલ્યા; "હે ભગવન્! મારી મોટી ભૂલ થઈ ગઇ. કહો!

કહો ! એનું પ્રાયશ્ચિત્ત શું ?" ગદ્‌ગદિત થયેલા સિદ્ધસેન દિવાકરસૂરી બોલ્યા.

"એનું પ્રાયશ્ચિત્ત મહાન છે. તે તારાથી બનવું અશકય છે. બાર વર્ષ સુધી અવધૂતનો વેષ ધારણ કરીને ગુપ્ત વેષે રહી તપ કર ! ત્યારપછી એક મોટા રાજાને પ્રતિબોધી જૈન ધર્મ પમાડ ! અને જૈન ધર્મનો મહિમા આ જગમાં વધે તેમ કર; તો જ આ પાપમાંથી તારો છુટકારો થાય ! અન્યથા એ પાપનાં મહાન અનર્થકારી ફળ તારે પરલોકમાં ભોગવવાં પડશે." વૃદ્ધવાદિસૂરિની પ્રાયશ્ચિત્તની વાત સિદ્ધસેન દિવાકરસૂરિએ તરત જ અંગીકાર કરી.

બીજેજ દિવસે સિદ્ધસેનદિવાકરસૂરિ પોતાનો સાધુનો વેશ ગોપવી એક અદ્‌ભુત અવધૂત બની પ્રતિષ્ઠાનપુરથી વિહાર કરી ગયા. વસ્તીમાં શું કે જંગલમાં, એ અવધૂત મહાન તપ કરતા ધ્યાનમાં આરૂઢ થઇને જેમ બને તેમ જનપરિચયથી દૂર રહેવાનો પ્રયત્ન કરતા હતા. એક વખતના મહાન સમર્થ શાસનના ધોરી આજે વનવાસી તપસ્વી જેવા બની ગયા. માણસના હૃદયમાં કંઇ વિચાર હોય છે, ત્યારે દૈવ ગમે તેવા સમર્થના વિચારને પણ કેવા અન્યથા કરી નાખે છે ! કુદરતની એ મહાન શક્તિનો પાર તે કોણ પામી શકે !

"ભરતામાં ભરતી કરે, દુઃખમાં દે છે દુઃખ;
સુખમાં ઝાઝું સુખ દે, ભૂખમાં દે છે ભૂખ.

પ્રકરણ ૨૨ મું

વલભીપુરમાં

"તીર લગો ગોળી લગો, લગો બરછી કે ઘાવ,
નૈનાં કીસીકો મત લગો, જીસકો નહિ ઉપાય."

"આજે મારી સાહ્યબી, વૈભવ, ઠકુરાઈ અને ઐશ્વર્યમાં શું ખામી છે? પૂર્વના પુણ્ય પ્રભાવથી આજે સર્વે કંઈ મારે ત્યાં છે. હાથી, ઘોડા, રથ, પાયદલ, મનને અનુકુળ વર્તનાર રમણીઓ, અમાત્યો, અધિકારીઓ અને સેવકવર્ગ સઘળુંય છતાં પ્રધાનજી! જરૂર મારે એક વાતની તો ખામી છે." એક દિવસે રાજા વિક્રમાદિત્યે પોતાના વિશાળ અને રમણીય મહાવનના મનોહર અને સુશોભિત શણગારેલા દીવાનખાનામાં બેઠા બેઠા પોતાની આગળ બેઠેલા ભટ્ટમાત્રને કહ્યું. મહારાજા વિક્રમાદિત્યનું આ વચન સાંભળી અમાત્ય ચમકયો.

"એ શું મહારાજ? આજે જગતમાં આપની બરોબરી કરી શકે તેવો કોણ વીર છે? બળ, બુદ્ધિ, સાહસ અને ઠકુરાઇમાં આજે આપને સર્વે કંઇ છે. સુવર્ણ પુરૂષના પ્રભાવથી આપે અનેકનાં દારિદ્ર દૂર કર્યાં છે. સર્વેની અભિલાષા આપે પૂરી કરી છે. વિક્રમચરિત્ર જેવા પરાક્રમો આપને રાજકુંવર છે છતાં આપ કેમ કહો છો કે હજી મારા ભાગ્યમાં એક ખામી છે." ભટ્ટમાત્રે રાજાના મનની વાત જાણવાની ઇંતેજારી બતાવતાં કહ્યું.

"પ્રધાનજી! તેથી શું? જગતમાં નિયમ છે કે માણસને જેમ અધિક અધિક લાભ થાય છે, તેમ તેમ લોભ તૃષ્ણા વધે છે. એક કામ સિદ્ધ થાય છે ત્યારે બીજું કામ આવીને હાજર રહે છે."

"અને તે કામ, મહારાજ! હવે એવું કયું કામ બાકી રહ્યું છે કે આપ તે પૂર્ણ કરવાની આટલી બધી અભિલાષા ધરાવો છો?"

"મારા અંતઃપુરમાં એક એકથી વધે એવી અનેક રમ-

ણીઓ છે. સુકુમારી, કમલાવતી, કલાવતી આદિ મનોહર રમણીઓ જેવી પુત્રવધૂ મેળવવાની અભિલાષા રાખી જાતે દેશદેશાવર ફરીને મેળવવા હું ઇચ્છું છું."

"પુત્રવધૂ મેળવવા માટે નરપતિ જાતે ફરે એવું આપે ક્યાંય સાંભળ્યું છે, કે જાણ્યું છે? ન ભૂતો ન ભવિષ્યતિ. અનેક માણસો હુકમના તાબેદાર છતાં આપે જાતે જવાની કાંઇ જરૂર નથી."

"ત્યારે રાજસેવકોને મોકલો અનેક રજવાડાઓમાં તપાસ કરાવો. બ્રાહ્મણોને મોકલો દેશપરદેશમાં શોધ કરાવો."

રાજા વિક્રમાદિત્યની અનુજ્ઞા મેળવી મંત્રીશ્વરે અનેક રાજસેવકો અને પુરાણીઓને દેશપરદેશ ચારે દિશાએ યોગ્ય કન્યાની તપાસ કરવાને મોકલ્યા. તેઓ ચારે દિશાએ અનેક રાજકુળોમાં ફર્યા પણ વિક્રમચરિત્રને લાયક કન્યા નહિ મળવાથી અવંતીમાં આવી રાજાની આજ્ઞા પાછી હવાલે કરી.

સાહસિક રાજા હિંમત ન હારતાં પોતાની જાતે જવાને તૈયાર થયો. તેને અટકાવીને ભટ્ટમાત્રે, રાજાને સમજાવી તેમની રજા મેળવી, સૈન્યની સાથે નગરીમાંથી શુભ મુહૂર્તે નીકળી, નગરી બહાર પ્રસ્થાન કર્યું.

દેશપરદેશ પરિભ્રમણ કરતા અલ્પ પરિવારવાળા ભટ્ટમાત્રે અવંતી તરફ આવતાં રસ્તામાં પડેલા સૈન્યને જોઇ એક માણસે પૂછ્યું; "અરે ભાઇ! આ સૈન્ય કોનું છે?"

"તમે પરદેશી જેવા જણાવ છો તેથી આવી પ્રસિદ્ધ વાત પણ તમે જાણતા નથી. આ સૈન્ય તો રાજા વિક્રમાદિત્યના મહામાત્ય ભટ્ટમાત્રનું છે."

"પ્રધાનનું પોતાનું આ સૈન્ય છે, ત્યારે રાજાનું સૈન્ય

તો કેટલું હશે ?" એ પરદેશી પુરૂષે આશ્ચર્ય ચકિત થતાં કહ્યું.

" અરે ભાઇ ! રાજાના બળની તે વાત શી કરવી ? એ તો સંખ્યાતીત છે. એમના બળની તો સંખ્યા જ થઇ શકતી નથી."

સૈનિકની વાતથી નવાઇ પામતો એ પરદેશી ભટ્ટ બોલ્યો, " તમારો અમાત્ય-ભટ્ટમાત્ર આ સૈન્ય લઇને કયાં જાય છે? શું રાજાની આજ્ઞાથી કોઇ દેશ જીતવા જાય છે, કે કોઇ બીજા કારણે જાય છે ?"

" ના રે ભાઇ ના ! એવો કોણ બે માથાવાળો છે કે મરવાને અમારા મહારાજા સામે માથું ઉંચકે ? એ તો અમારા રાજકુંવર માટે યોગ્ય કન્યાની તપાસ કરવા અમારા મંત્રી-શ્વર જાય છે." સૈનિકે ખુલાસો કર્યો.

" કન્યા શોધવા ?" ભટ્ટજીની નિરાશ થયેલી આંખમાં કાંઇક તેજ આવ્યું. અને કહ્યું કે તો મને તમારા અમાત્ય પાસે લઇ જા, ભાઇ ? હું તારા મંત્રીની અભિલાષા પૂરી કરીશ."

" એ...મ ! " સૈનિક ખુશી થતો બોલ્યો. " ચાલો ત્યારે ! મન ચંગા તો ઘર બેઠાં ગંગા !" સૈનિકે, એ પરદેશી ભટ્ટજીને મહાઅમાત્ય જ્યાં પોતાના તંબુમાં બેઠા હતા ત્યાં લાવીને હાજર કર્યો. મહાઅમાત્યે ભટ્ટનો સત્કાર કરતાં આસન ઉપર બેસાડી પૂછયું, " કેમ ? કયાંથી આવો છો ? કેમ આવ્યા છો ?" ભટ્ટમાત્રનો પ્રશ્ન સાંભળી ભટ્ટજી બોલ્યા, " હું આવું છું તો સૌરાષ્ટ્રમંડળમાંથી ! જે કામે તમે નીકળ્યા છો તે કામે હું નીકળ્યો છું."

" એટલે ? હું તો અમારા પરાક્રમી અને દેવકુમાર એવા રાજકુંવર માટે કન્યા શોધવા નીકળ્યો છું." ભટ્ટમાત્રે ખુલાસો કર્યો.

" તો પ્રધાનજી ! હું અમારી મનોહર લાવણ્યવાળી

અને કળાકૌશલ્યથી પરિપૂર્ણ રાજકુમારી માટે વર શોધવા નીકળ્યો છું.”

ભટ્ટજીની વાત સાંભળી ભટ્ટમાત્રની આંખ હસી. “વાહ! મજાની વાત! કયા નગરની એ તમારી રાજકુમારી છે?” ભટ્ટમાત્રે આનંદ પામતાં પૂછ્યું.

એ બન્નેની વાચચીત ચાલતી હતી તેવામાં એક સુંદર અને પરાક્રમી નવજુવાન ભટ્ટમાત્રની પાસે આવ્યો. ભટ્ટમાત્રે ઉભા થઇ તેનો આદરસત્કાર કર્યો. પોતાના આસન ઉપર તેને બેસાડ્યો. ભટ્ટજી તરફ નજર કરી ભટ્ટમાત્ર બોલ્યો, “ભટ્ટજી! આ અમારા રાજકુંવર વિક્રમચરિત્ર! એમના પરાક્રમની અદ્‌ભુત વાર્ત્તા તમે સાંભળશો ત્યારે આશ્ચર્ય પામશો. સમજ્યા!” ભટ્ટ એ સુંદરકુમારને જોઇ મનમાં અત્યંત હર્ષ પામ્યો. “વાહ! મારી રાજકુંવરી આ નરને જ યોગ્ય છે.”

“પ્રધાનજી! તમે કન્યા જોવા જાઓ છો તો ભલે! પણ મારે લાયક હોય તો જ વિવાહ નક્કી કરશો, અન્યથા કરશો નહિ. અને યોગ્ય કન્યા મળે તો નક્કી કર્યા વગર આવશો નહિ. તમારી સાથે હું મારા માણસોને પણ મોકલું છું.” સિવાય બીજીય પણ કેટલીક વાતચીત કરી રાજકુમાર ચાલ્યો ગયો.

વલભીનગરની રાજકુંવરીના રૂપગુણનું વર્ણન સાંભળી ભટ્ટમાત્ર મહારાજા વિક્રમાદિત્યને મળવા આવ્યો; તેમને વલભીની રાજકુંવરી સંબંધી વાતચીત કહી સંભળાવી. સાથે આવેલા વલભીના ભટ્ટને પૂછીને પણ રાજાએ ખાતરી કર્યા પછી રાજાને કન્યા પસંદ પડવાથી પ્રધાનને કહ્યું, “તમે વલભી જઇ રાજાને મળી વિવાહ નક્કી કરી આવો! જેમ બને તેમ આ કામ જલ્દી થવું જોઇએ.

વિક્રમાદિત્યની આજ્ઞા પામી, ભટ્ટમાત્ર અવિચ્છિન્ન પ્રયાણ કરતો વલભીના ભટ્ટ સાથે વલભીનગરની નજીક આવી પહોંચ્યો. વલભીપુરના ઉદ્યાનમાં પડાવ નાખી ત્યાંજ ઉતારો કર્યો. ભટ્ટે વલભીમાં જઇને પોતાના રાજા મહાબલને વાત કરવાથી મહાબલે ભટ્ટમાત્રનો સત્કાર કરવાને પોતાના પ્રધાનો મોકલ્યા.

ભટ્ટમાત્રે મહાબલ રાજાને મળી અનેક વાતચીત કરી વિવાહ સંબંધી વાત છેડી. રાજાએ પણ પોતાની કન્યા શુભમતી માટે વાત કરતાં બન્નેએ લગભગ નક્કી કરી દીધું. ચાંલ્લો કરવા માટે શુભમુહૂર્તે નક્કી કરી ભટ્ટમાત્ર પોતાને ઉતારે ગયો. મહાબલરાજાએ પોતાના ભટ્ટને બોલાવી રાજકુમારના રૂપગુણનું વર્ણન પૂછ્યું. ભટ્ટ પોતે જોયેલો હોવાથી, સ્વરૂપનું વર્ણન કર્યું, તે વર્ણન સાંભળી મહાબલ રાજા ખુશી થયો.

સારૂં મુહૂર્ત આવે છતે, ભટ્ટમાત્ર રાજસભામાં આવ્યા. વિવાહ કરવાની તૈયારી થવા લાગી. સ્ત્રીઓ મંગલ ગીત ગાવા લાગી. ભાટચારણો સ્તુતિ કરવા લાગ્યા. મંગલ વાજીંત્રો વાગવા લાગ્યાં. બ્રાહ્મણો ચાંલ્લા સંબંધી વિધિ કરવા લાગ્યા. તે સમય દરમિયાન મહાબલરાજાનો એક અમાત્ય શુભમતીનો વિવાહ કરવા માટે દેશાવર ગયેલો, તે બરાબર ચાંલ્લા કરવાને સમયે રાજસભામાં આવી પહોંચ્યો. મંત્રીને જોઇ મહાબલ વિધિ કરતાં અટકી ગયો.

" મહારાજ ! વલભીરાજ ! મુહૂર્ત વહી જાય છે, કેમ અચકી ગયા ? " ભટ્ટમાત્રની વાત સાંભળી મહાબલ બોલ્યો; " ભલે જાય ! મારે મંત્રી મને કાંઇક કહેવા માગે છે. જરી એમની સાથે વાત કરી લેવા દો, પછી જોયું જશે."

મહાબલ ત્યાંથી ઉઠીને મંત્રીની બાનગી બેઠકમાં

ચાલ્યો ગયો; મંત્રીની વાત સાંભળી રાજસભામાં પાછો આવી ભટ્ટમાત્રને કહેવા લાગ્યો; " પ્રધાનજી ! ધર્મસંકટ આવ્યું આ તો ! તમારા જેવા બુદ્ધિનિધાન આમાંથી કાંઇ રસ્તો કાઢે તો ઠીક ! " મહાબલની વાત સાંભળી ભટ્ટમાત્ર ચમકયો.

" કેમ, મહારાજ ! શું વાત બની છે ? " ભટ્ટમાત્રના હૈયામાં ફાસકો પડયો. " વિવાહમાં વિઘ્ન નડે તેમ છે કે શું ? " મનમાં કંઈ કંઇ ગુંચળાં વળવા લાગ્યાં.

" અમારો મંત્રી શુભમતીનો વિવાહ તો કરી આવ્યો છે, પ્રધાનજી ! આવતી દશમીએ વર પરણવા પણ આવવાનો છે. બધુંય નક્કી થઇ ગયું છે. હવે શું કરીએ ? "

" કોણ વર પરણવા આવે છે, મહારાજ ? "

" સપાદલક્ષ દેશના ગજવાહન રાજાનો કુમાર-યુવરાજ ધર્મધ્વજ ! "

" ત્યારે તો બાળા સુભદ્રા (શુભમતી) પરપત્ની થઇ, હવે ચાંલ્લા ન થાય. "

" મારી પણ એવીજ મરજી છે, પ્રધાનજી ! તમે બહુ ડહાપણનો વિચાર કર્યો છે. તમારા જેવા બુદ્ધિવિશારદ મંત્રીઓથી જ મહારાજા વિક્રમાદિત્યનું રાજ્ય અમર તપે છે. " રાજાએ મંત્રીની આ રીતે બોલી પ્રશંસા કરી.

એ ચાંલ્લાવિધિ અધુરો મૂકી મંત્રી ભટ્ટમાત્ર પરિવાર સહિત પોતાના ઉતારે આવ્યો. " પ્રધાનજી ! તમે આ ઠીક ન કર્યું ! અમારા કુંવર સિવાય એ કન્યા બીજાને પરણી શકશેજ નહિ. એવો કોણ બે માથાવાળો એને પરણે છે, તે અમે જોઇ એ તો ખરા ? "

" અરે, વિવાહિત થયેલી કન્યા માટે વાદવિવાદ શો ? આપણા રાજકુંવર માટે અનેક કન્યાઓ એના કરતાંય

મારી શોધી કાઢી કુમારને પરણાવશું.”

“આવી સુંદર કન્યા જાય એ તો આપણી નામોશી કહેવાય. અમે બાલાત્કારે પણ કન્યાને ઉપાડી જઇશું.”

“પરદેશમાં આવીને મહારાજ સાથે કલેશ કરવો એ આપણને યોગ્ય નથી. યુદ્ધ કરવામાં તો અનેક પુરૂષોનો સંહાર છે કે બીજું કાંઇ? છતાંય વિજયનો તો સંદેહજ!”

પુષ્પરપિ ન યોદ્ધવ્યં, કિં પુનર્નિશિતૈઃ શરૈઃ।
યુદ્ધે વિજય સંદેહઃ પ્રધાન પુરુષ ક્ષયઃ ॥

ભાવાર્થ—પુષ્પ થકી પણ યુદ્ધ ન કરવું, તો પછી તીક્ષ્ણ એવા બાણોથી તો યુદ્ધ ન જ થાય; કારણકે યુદ્ધમાં વિજયનો તો સંદેહ છે; જ્યારે ઉત્તમ પુરૂષોનો ક્ષય તો જરૂર થાય છે.

ભટ્ટમાત્રની વાત સર્વેએ માન્ય કરી. મહાબલની રજા લઇ ભટ્ટમાત્ર પોતાના સૈન્ય સાથે વલભીપુરથી રવાને થઈ ગયો. અવંતી આવીને વિક્રમાદિત્યને નમ્યો બધી વાત કહી સંભળાવી. વિક્રમાદિત્યે બધી વાત સાંભળી ભટ્ટમાત્રને બીજી કોઇ કન્યાની તપાસ કરવા માટે પુનઃ રવાના કર્યો.

વિક્રમચરિત્રના આપ્તજનોએ વલભીનગરની સર્વે હકીકત રાજકુમારને નિવેદન કરીને કુમારી સુભદ્રાનાં રૂપ અને ગુણ વર્ણવ્યાં. આપ્તજનોનાં વચન માત્રથી બાળા સુભદ્રાને જોયા વગર પણ તેણીનામાં લુબ્ધ બનેલા કુમારે આપ્ત-જનોને સંતોષી વિદાય કર્યા.

સાંજના વિક્રમચરિત્રે અશ્વશાળામાં આવી અશ્વના ઉપરીને પૂછવા માંડયુ; “આપણી અશ્વશાળામાં સારા સારા અશ્વ કયા છે? આ બધા કેવી કેવી જાતિના છે?”

કુમારના પ્રશ્નના જવાબમાં અશ્વપાળે દરેક દેશોના અશ્વો બતાવ્યા; “આ બધા અશ્વો ઉત્તમ જાતિના ને અનુ-

પમ વેગવાળા છે, કુમાર!"

"આ અશ્વો સિવાય બીજા પણ અશ્વો છે?" કુમારે પૂછ્યું.

રાજકુમારના જવાબમાં અશ્વના અધિકારીએ બીજા બે અશ્વો બતાવ્યા; "કુમાર! વાયુવેગ અને મનોવેગ નામના આ બે અશ્વો સુલક્ષણવંત છે."

રાજકુમાર એ બે અશ્વોને જોઈ મનમાં નિશ્ચય કરતો અશ્વપાલને રાજી કરી પોતાને સ્થાનકે આવ્યો. "મારે પાંચ દિવસ પહેલાં સો યોજન ભૂમિ ઉલ્લંઘન કરવી જોઈએ; આવતી દશમીએ ધર્મધ્વજ પરણી જાય તે પહેલાં મારે ત્યાં પહોંચી જવું જોઈએ; માટે મનોવેગ અશ્વજ ઠીક છે." કુમારે મનમાં એ વિચાર નક્કી કર્યો.

અર્ધરાત્રીને સમયે કુમાર વિક્રમચરિત્ર એકાકી ખડ્ગની સાથે અદૃશ્યપણે અશ્વશાળામાં પ્રવેશ કરી મનોવેગ અશ્વને બહાર કાઢી તે ઉપર સવાર થઈ નગર બહાર નીકળ્યો. "અરે મનોવેગ! તું સુલક્ષણવંત અને બીજાના મનને અનુકુળ વર્તવામાં કુશળ છે; તો જ્યાં મારી સુભદ્રા (શુભમતી) રહે છે એવા વલભીનગરમાં મને લઇ જા!" કુમારની વાણી સાંભળીને મનોવેગ વલભીપુરના માર્ગે ચાલ્યો. શીઘ્રગતિએ ચાલતો એ મનોવેગ વલભી નગરની ભાગોળે આવી પહોંચ્યો. મનમાં કંઇક વિચાર કરી અશ્વને ધીરે ધીરે ચલાવતો તે કુમાર વલભીના બજારોમાં ફરતો વલભીની રચના જોતો મનમાં અનેક વિચાર કરવા લાગ્યો. "શું આ તે સ્વર્ગપુરી કે લંકાનગરી, હસ્તિનાપુર કે પાતાલનગર વા દ્વારામતી?" એવા અનેક વિચારમાં મશગુલ થયેલા અને અશ્વને ખેલાવતા એ રાજકુમારે નગરીના લોકોનું ધ્યાન ખેંચવા માંડ્યું. અનેક નરનારીઓ એ સુંદર ઘોડસ્વારને જોઇ

મનમાં કંઈ કંઈ વિચાર કરતાં હતાં.

એક ભવ્ય ઇમારતની પાસે એ ઘોડેસવાર આવી પહોંચ્યો. એ વિશાળ મહેલના છજામાં ઉભેલી એક બાળાની દૃષ્ટિ તેની ઉપર પડતાં રાજકુમારને પોતાની સખી મારફતે પોતાની પાસે બોલાવ્યો. રાજકુમાર એ વિશાળ મહેલના દરવાજામાં પ્રવેશ કરી, પોતાના અશ્વને ચાકરોને હવાલે કરી પેલી સખીની સાથે તે બાળા પાસે આવ્યો. "કેમ બહેન ! શા માટે મને બોલાવ્યો ?"

કુમારના શબ્દો સાંભળી બાળા લક્ષ્મી સ્થંભિત થઈ ગઈ. એના મનમાં શું વિચાર હતો ને વિધિએ શું કરી નાખ્યું ! બાળાએ ધીરજ ધરી પોતાના વિચારને ગોપવી એ આવનારને ભાઇ તરીકે માન્ય રાખ્યો. "ભાઇ ! તમે કોઈ પરદેશી જણાવ છો ! આ અમારા વલભીને જોવા આવ્યા છો કે શું ? અહીં રહેવાની ઇચ્છા હોય ત્યાં સુધી અમારે ત્યાં રહો ને વલભીને જુઓ !" લક્ષ્મીએ પરદેશીને કહ્યું.

'ભાવતું'તું ને વૈદે કહ્યું' તે મુજબ બાળા લક્ષ્મીની વાત કુમારને પસંદ પડી. નાહી ધોઈ ભાવતાં ભોજન કરી પરિશ્રમ ઉતારવા તે જરા પલંગ ઉપર આડે પડખે થયો. થોડીવારે વાજંત્રના મનોહર શબ્દોએ તેને જાગૃત કર્યો. તેણે લક્ષ્મીને પૂછ્યું; "હે બહેન ! શહેરમાં આજે શો ધામધુમ છે ? આ વાજંત્ર ક્યાં વાગે છે ?"

"ભાઇ ! આજે રાજકુમારી સુભદ્રાનાં લગ્ન હોવાથી બધે તોરણો બંધાયાં છે, ને રસ્તાઓ સુંદર રીતે શણગાર્યા છે. ઠેકાણે ઠેકાણે નાટકોના નાચ થઇ રહ્યા છે. એ માંગલિક કાર્ય માટે વાજંત્રોના મધુર ધ્વની થઇ રહ્યા છે."

"બહેન ! એ રાજકુમારીના રૂપનાં લોકો બહુ વખાણ

કરે છે તે શું સત્ય છે ? દુનિયામાં શું એવું રૂપ કયાંય નહિ હોય ?"

" એ સુંદર સ્વરૂપવાળી રાજકુમારીની શોભાની તે શી વાત ભાઇ ? એના રૂપનાં તે હું શું વખાણ કરૂં ?"

" હાં ! બહેન ! એક વખત તેને અહીં તેડી લાવ ! મને તું એનું રૂપ બતાવ !"

" અરે ! અરે ! એ શી રીતે બને ? આજ બે ઘડી રાત્રીને સમયે તો એનાં લગ્ન થવાનાં છે. એની જાન પણ આવી ગઈ છે, એવી સ્થિતિમાં એનાથી અહીં આવવાનું તે શી રીતે બને ?" લક્ષ્મીવતીએ કુમારને એનું રૂપ જોવાની અભિલાષા છોડવાને કહ્યું.

" કોઈ પણ ઉપાયે ગમે તેમ કરીને તું એને અહીં તેડી લાવ ?"

રાજકુમારનો નિશ્ચય જાણી લક્ષ્મી વિચારમાં પડી ગઇ. " ઠીક ભાઇ ! હું પ્રયત્ન કરીશ, મારૂં ચાલશે તો હું એને જરૂર સમજાવી તેડી લાવીશ."

લક્ષ્મી કંઇક વિચાર કરી પોતાની સખીઓ સાથે રાજમહેલમાં આવી, રાજપત્નીને મળી. " રાજકુમારી આજ પરણીને શ્વેશુરગૃહે જાય તે પહેલાં અને એક વાર મળવાને નગરની શેઠાણીઓ અધીરી બની ગઇ છે માટે માતા ! એકજ વખત સુભદ્રાબહેનને મારી સાથે મોકલો." દિવસ અસ્ત થતા પહેલાં હું એને આપની પાસે પહોંચાડીશ. રાજમાતાની આનાકાની છતાં લક્ષ્મી અતિ આગ્રહ કરીને રાજકુંવરી સુભદ્રા (શુભમતી) ને પોતાની સાથે તેડી લાવી.

રાજબાળા સુભદ્રા, લક્ષ્મીના મહેલમાં આવી. મહેલને જોતી સુભદ્રાને, લક્ષ્મી ઉપર દિવાનખાનામાં રાજકુમાર જ્યાં રાજબાળાની રાહ જોતો બેસી રહ્યો હતો, ત્યાં તેડી

લાવી. સુભદ્રાએ દિવાનખાનામાં દાખલ થઇ, ને બન્નેની નજર એકબીજા ઉપર પડી. બાળાએ રાજકુમારને ફાટી આંખોએ જોયો. રાજકુંવરે સુભદ્રાને જોઇ રૂપરસનું પાન કરતાં દિગ્મૂઢ થયેલાં બન્ને ત્યાંજ એકબીજાના નયનના કારમા ઘાથી ઘાયલ થઇ ને જમીન ઉપર પડી મુર્ચ્છિત થઇ ગયાં.

" શું જાણે કે નજર કરતાં, દૃષ્ટિ છે લાગવાની !
શું જાણે કે હૈયું ધરતા, પારી છે લાગવાની ! "

પ્રકરણ ૨૩ મું

વિક્રમચરિત્ર

अर्थातुराणां न सुहृन्न बंधुः ।
क्षुधातुराणां न वपु र्न तेजः ॥
कामातुराणां न भयं न लज्जा ।
चिंता तुराणां न सुखं न निद्रा ॥

ભાવાર્થ—દ્રવ્યના અભિલાષી પુરૂષો આ ભાઇ છે કે આ મિત્ર છે તે કોઇને પણ જાણતા નથી. ભુખની પીડાવાળાને શરીરનું સુંદરપણું કે તેજ કાંઇ હોતું નથી. કામાંધ થયેલા પુરૂષો ભય કે લજ્જાને પણ ગણતા નથી. ને ચિંતાથી પીડાએલાઓને સુખ આરામ શાંતિ કે નિદ્રા હોતી નથી.

લક્ષ્મી એ મુર્ચ્છિત થયેલા રાજકુમાર અને સુભદ્રાને જોઇ ગભરાઇ ગઇ. " ગજબ થયો ! રાજતનયા સુભદ્રાને કાંઇ થયું તો મારી શી વલે ! રાજમાતાને હું શો જવાબ આપીશ ? અધુરામાં પૂરૂં આજે એની જાન આવી છે. ત્યાં વળી કયાં આ વિઘ્ન આવ્યું ? " સખીઓને બોલાવી શીતોપચાર કરી મહા મુશીબતે બન્નેને સાવચ કર્યાં.

" અરે લક્ષ્મી ! તું મને અહીં શું કરવા તેડી લાવી હવે મારૂં શું થશે ? " સુભદ્રાના શબ્દો સાંભળી લક્ષ્મી

ભયથી કંપી ગઇ. "રાજબાળા ગુસ્સે થઇ કે શું? ગુસ્સે થયેલીં એ બાળા પોતાના શા હાલ કરશે!" તેનો વિચાર કરતી લક્ષ્મી ભયથી વ્યાકુળ થઇ ગઇ. "કેમ રાજબાળા! તમને અહીં આવતાં એકાએક આ શું થઇ ગયું?"

"અરે લક્ષ્મી! ગમે તેમ કરી આ સુંદર કુમાર સાથે મારાં લગ્ન કરાવી આપ; નહિતર અહીંયાં જ મને આત્મ હત્યા કરવાની જગ્યા આપ!"


રાજકુમારીનાં વચન સાંભળી રાજકુમાર બોલ્યો, "બહેન લક્ષ્મી! રાજકુમારી કહે છે તેમ ગમે તે તરકીબથી અમારો વિવાહ થાય તેમ કર!"

બન્નેના આગ્રહથી લક્ષ્મી ચમકી, તેણીએ કાંઈક નિશ્ચય કરી રાજકુમારીને બાનગી સૂચના કરી. સમય થયેલો હોવાથી લક્ષ્મી, રાજમહેલમાં આવી રાજતનયા સુભદ્રાને રાજ-માતાને સોંપી પોતાના આવાસે ચાલી ગઈ.

નિશાની શરૂઆત થઇ અને તે સમયે ધર્મધ્વજનો વરઘોડો નગરમાં ફરતો ફરતો રાજદ્વારે આવતો હતો. લગ્નના શણગાર પહેરી રાજબાળા સુભદ્રા તૈયાર થઇ રહી હતી. બરાબર તે સમયે રાજબાળાએ સખીને કહ્યું, "હે સખી! રૂપસુંદરી! તું મારી સખી છે! તું મારૂં એક કામ કરીશ?"

"અરે એ શું બોલી! તું મને પ્રાણથી પ્યારી છે. કહે, તારૂં શું કામ કરૂં?" રૂપસુંદરી જે વામનસ્થલીના રાજાની પુત્રી હતી તેણીએ કહ્યું.

"સખી! તો એક કામ કર!" આમતેમ જોતી કોઇ ન જોવાથી રૂપસુંદરીના કાન આગળ પોતાનું ચંદ્રવદન લાવીને તેણીને કહ્યું. "મારી જગાએ તું જ આ વરને પરણી જા!" રૂપસુંદરી ચમકી, પણ સમય ન હોવાથી ને આ વર પણ તેણીને પસંદ હોવાથી તરતજ લગ્નનાં કપડાં સુભદ્રાએ એને



રાજકુમાર વિક્રમચરિત્રે કહ્યું કે, "હે બ્હેન લક્ષ્મી! સખીથી શિતોપચાર કરાયેલી રાજકુમારી સુભદ્રા સાથે અમારો વિવાહ થાય તેમ કર."

પહેરાવ્યાં, અને મંગલસ્થાપના આગળ એને બેસાડી. "હવે હું જાઉં છું. આપણે ફરીને કોઇક દિવસ મળીશું!" એમ કહી રાજમહેલની પછવાડે નાની બારી વાટે સાદાં કપડાંમાં સુભદ્રા બહાર નીકળી ગઈ. સંકેત સ્થળ આગળ રાજકુમાર પોતાના મનોવેગ અશ્વની સાથે એની વાટ જોતો હતો, ત્યાં તે આવી પહોંચી. બન્નેએ એકબીજાને જોયાં, મળ્યાં-હસ્યાં. મનોવેગ ઉપર સવાર થઈ તરત જ રાત્રિને સમયે બન્ને વલભીનગરીની બહાર નીકળ્યાં. નગરીની બહાર શિવાલય આગળ રાજકુમારે અશ્વને થોભાવ્યો. કંઇક વિચાર કરી કુમારે બાળા સુભદ્રાને પોતાની સાથે લાવેલાં કપડાં આપી કહ્યું, "આ વસ્ત્રો પહેરી મારા જેવા કુમાર બની જાઓ! જેથી આપણો માર્ગ નિર્વિઘ્ને પસાર થાય."

સુભદ્રાને રાજકુમારની વાત હૈયે ઉતરી ને તેણીએ પુરૂષનો સ્વાંગ સજી લીધો. આ સુંદર નવજુવાન ચહેરાના યુવકને જોઇ રાજકુમાર બહુ આનંદ પામ્યો. "બાળા! સુભદ્રા! તને જોઇ આજે મને બહુ આનંદ થાય છે!"

"જ્યાંસુધી હું સ્ત્રીના સ્વરૂપમાં ફેરવાઉં નહિ ત્યાં-સુધી તમારે મને આનંદ કહીને જ બોલાવવો, કુમાર!" આમ કહી સુભદ્રા હસી.

"અરે, વાહ રે મારા આનંદ પહેલવાન!" એમ બોલતો હર્ષથી રાજકુમાર આનંદને જોઇ રહ્યો. "હું એક નવજુવાન પુરૂષ છું, કુમાર!" આનંદ બોલ્યો.

"આનંદ! તને જોઇને હું ભૂલી જાઉં છું, હો!" રાજકુમારે કહ્યું.

"એમ ભૂલ્યે કામ ન લાગે! હજી આપણે, આપણે સ્થાનકે તો જઈએ!" આમ બોલતાં આનંદની આંખ હસી.

આનંદ અને રાજકુમાર મનોવેગ ઉપર સવાર થઇને અવંતીને માર્ગે પડયા. "આપણે કયાં જવાનું છે?" આનંદ બોલ્યો. "અવંતી તરફ." રાજકુમારે કહ્યું.

"અવંતી! અવંતીમાં તો રાજા વિક્રમ રાજ કરે છે, ખરૂં? તમે એ રાજા વિષે બધું જાણતા હશો?"

"હા, ઘણુંય! કેમ ન જાણું? હું તેમનો સેવક છું ને!"

"તમે એમના સેવક છો? અરેરે! એ તો બહુ જ બુરૂં! એના સેવક થઇને તમને મોટા માણસનું ઘર માણવાનો લોભ લાગ્યો!" મસ્તીમાં આવી આનંદે કહ્યું. "પણ હું રાજાનો માનીતો સેવક છું" રાજકુમાર હસ્યો.

"સેવક છો છતાં કૃપાળા તો બહુ છો હો!"

"તેથી તો કૃપાળી કન્યાનો મોહ લાગ્યો!"

"બહુ જબરા લાગો છો હો!"

એકબીજા સાંભળે તેમ વાતો કરતા તેઓ ગિરનાર ઉપર આવ્યા. ત્યાં શ્રી નેમિનાથને નમી, પૂજન અર્ચન સ્તુતિ કરી ત્યાંથી માળવાને માર્ગે ચાલ્યા.

મંગલસ્થાન આગળ રૂપસુંદરી સાડીનો છેડો જરા આગળ ખેંચી મુખ છુપાવીને હાથ જોડી સ્થાપના આગળ બેઠેલી. ત્યાં સખીઓ-દાસીઓ ભેગી થઇ ગઇ. રાજમાતા પણ આવ્યાં. બધું આમમંડલ ભેગું થઈ ગયું. રાજમાતાએ પોતાની પુત્રી સામું જોયું ને ચમકી. વર તોરણે આવ્યો હતો ને કન્યાને માંયરામાં પધરાવવાની તૈયારી થતી હતી તેથી ચુપચુપ હોહા ન કરતાં માથાનો છેડો જરા વધારે આગળ લાવી કન્યાનું મુખ બરાબર છુપાવી દીધું. તરત જ કન્યાને માંયરામાં પધરાવી આવેલા વર ધર્મધ્વજ સાથે

શુભમુહૂર્તે મુહૂર્ત સાચવીને પરણાવી દીધી. ધર્મધ્વજ એ નવપરિણીત વધૂને લઇને પોતાને દેશ ચાલ્યો ગયો. રાજા અને રાજમાતા પુત્રીના ગુમ થવાથી બાનગી રીતે તપાસ કરતાં કાલ નિર્ગમન કરવા લાગ્યાં.

બન્ને નવજુવાનો રસ્તાની મોજ લેતાં અનેક શહેર, નગર અને ગામડાંઓની શોભાને જોતા ચાલ્યા આવતા હતા. આ નવજુવાન આનંદને પોતાની સાથે કોણ છે તેની ખબર નહોતી. માત્ર વિક્રમનો સેવક છે એટલું જ તે જાણતી હતી, છતાં માર્ગમાં તેની અદ્‌ભુત શક્તિ કળા કૌશલ્યથી આનંદ ચકિત થતો હતો. એની અદૃશ્ય થવાની શક્તિ, એની ગમે તેવું રૂપ ધારણ કરવાની શક્તિ, તેમજ દરેક કાર્યમાં વિજય મેળવવાની તાકાત, ધાર્યું કામ કરવાની અદ્‌ભુત કળાથી આનંદ મનમાં ચકિત થતો હતો.

" અલ્યા સેવક ! તું તો બહુ જબરો ! સેવક છતાં આટલી બધી શક્તિ ધરાવે છે શું ?" આનંદ ખુશી થતો બોલ્યો.

" તેથી તો મહારાજા વિક્રમનો હું માનીતો સેવક છું." સુભી.

" પાછી મને સુભી કહીને બોલાવી ?"

" ભુલી જાઉં છું હો આનંદ !"

" તે એવી ભૂલ કર્યે નહિ પાલવે !"

" ત્યારે હવેથી શિક્ષા કરજે !"

" હા ! જરૂર શિક્ષા કરીશ !"

" જરૂર ?"

" હા ! જરૂર ! ગમે તેવોય તું સેવકને !"

" તારોય ?"

" હા, મારો પણ !"

વિવિધ વાતોના આનંદમાં ખુશાખુશાલ બન્ને કેટલેક દિવસે માળવાની હદમાં પ્રવેશ્યા. અનુક્રમે ચાલતા ચાલતા અવંતીથી થોડેક દૂર રહ્યા; ત્યારે અવંતીથી વસી આવતો એક મનુષ્ય તેમને માર્ગમાં મળ્યો. પોતાની નગરી તરફથી આવતા પુરૂષને જોઇ કુતૂહલ વૃત્તિથી રાજકુમારે પૂછ્યું, "અરે, ભાઇ! આજ હાવરો બહાવરો ક્યાં જાય છે?"

"શ્રીમાન્! અવંતીથી આવું છું ને ભરુચ તરફ જાઉં છું!"

"અવંતીથી આવે છે, તો અવંતીની કાંઇ નવાજૂની જાણતો હો તો કહે, ભાઇ!"

"નવાજુની તો ઘણી છે. તમને શી વાત કહું? ભટ્ટમાત્ર પ્રધાનજી રાજકુંવર વિક્રમચરિત્ર માટે કન્યા શોધવા ગયા અને બીજી તરફ વિક્રમચરિત્ર અવંતીમાંથી એકાએક ગુમ થઇ ગયા!"

"અરર! વિક્રમચરિત્ર ગુમ થઇ ગયા?"

"તમને દુઃખ થાય છે શું?" આનંદ બોલ્યો.

"કેમ ન થાય? વિક્રમચરિત્ર તો ખાસ મારા મિત્ર છે!"

"એમ...જરૂર તો કાંઇ ભેદ છે!"

"એમાં ભેદ શું વળી?" રાજકુમારે એ પુરૂષને પૂછ્યું, "પછી?"

"કન્યા શોધવા ગયેલા પ્રધાનજી ભીમ રાજાની કન્યા રૂપકુમારીને લઇને આવી પહોંચ્યા. કુમારનો તો પત્તોય નથી. રાજકુમારી રૂપકુમારી કુમારના વિયોગે કાષ્ટભક્ષણ કરવાને તૈયાર થઇ."

"અરર! ગરીબ બિચારી આશાભરી બાળા!

"મહારાજ અને પ્રધાનોએ મહામુશ્કેલીએ એક માસ સુધી રાહ જોવા કહ્યું. આવતી કાલે એક માસ પુરો થતો

હોવાથી જરૂર તે આશાભરી બાળા કાષ્ટભક્ષણ કરશે.” એમ કહી પેલો માણસ આગળ ચાલ્યો ગયો.

રાજકુમાર મનમાં વિચાર કરી યથાસમયે ત્યાં પહોંચી જવાનો મનમાં નિશ્ચય કરતો શીઘ્ર ગતિએ માર્ગ કાપવા આગળ ચાલ્યો.

બીજી સવારનો ઉદય થતાં રૂપકુમારી કાષ્ટભક્ષણ કરવાને તૈયાર થઈ. વિક્રમચરિત્રના કાંઇપણ સમાચાર નહિ આવવાથી રાજકુટુંબ શોકસાગરમાં ડુબેલું હતું. મંત્રીઓ બધા ચિંતાતુર હતા. નગરી બધી ચિંતાતુર હતી. રૂપકુમારીની સાથે બધાં ક્ષીપ્રાના તટ ઉપર આવ્યાં. ચિતાની તૈયારી થઇ ને લોકોએ કોલાહલ કરવા માંડયો, “ થોભો ! થોભો ! ” ના પોકાર સંભળાયા. “ જુઓ, જુઓ બે નવજુવાનોને લઈ એક અશ્વ ધસ્યો આવે છે ને ! ” રાજા અને સર્વની અજાયબી વચ્ચે નજીક આવેલા અશ્વ ઉપરથી એક નવજુવાન કુદ્યો, અને મહારાજા વિક્રમાદિત્યના ચરણમાં પડયો અને બોલી ઊઠયો, “ પિતાજી ! ”

મહારાજા વિક્રમાદિત્યના ચરણમાં પડેલા એ બહાદુર નવજુવાનને જોઇ એની સાથેનો બીજો નવજુવાન આશ્ચર્યચકિત થતો એને જોઇ રહ્યો. એની સાથેનો નવજુવાન સામાન્ય રાજસેવક નહિ, પણ એ હતો રાજકુમાર વિક્રમચરિત્ર !

પ્રકરણ ૨૪ મું

વિક્રમાદિત્ય

पदे पदे निधानानि, योजने रसकूंपिका ।
पूज्यहीना न पश्यंति, बहुरत्ना वसुंधरा ॥


ભાવાર્થ—આ પૃથ્વી અનેક રત્નોથી ભરેલી છે. એમાં

પગલે પગલે નિધાનો રહેલાં છે, યોજને યોજને રસકુંપિકાઓ રહેલી છે, પણ ભાગ્ય રહિત માણસો તેને જોઇ શકતા નથી, "બાકી બહુરત્ના વસુંધરા" એ નામ કાંઇ ખોટું નથી.

પોતાના પુત્રને અણીને સમયે એકદમ હાજર થયેલો જોઇ રાજા વિક્રમાદિત્યની અને મંત્રી વિગેરે સર્વે નગરીના લોકો અત્યંત ખુશી થયા. રાજતનયા રૂપકુમારીએ પણ પોતાના પતિને જોઇ રમવાનો વિચાર માંડી વાળ્યો, અને મોહના મહીસાગરમાં ડુબકીઓ ખાવા લાગી. વિક્રમચરિત્રની માતા સુકુમારીના આનંદનું તો પૂછવું જ શું ? પોતાના પરાક્રમી અને વિજયી પુત્રને જોઇ જગતમાં કયી માતાઓ હર્ષને નથી પામતી વારૂ ?

એક સારા દિવસે સુભદ્રા અને રૂપકુમારીનાં લગ્ન વિક્રમચરિત્ર સાથે મોટી ધામધુમથી કરવામાં આવ્યાં. એ મહોત્સવમાં રૂપકુમારીનાં માતાપિતા તેમજ સુભદ્રા (શુભમતી)નાં માતાપિતાને એમના પરિવાર સહિત આમંત્રણ મોકલી તેડાવવામાં આવ્યા. એ મહાન્ મહોત્સવ ઉજવી કન્યાઓના માતાપિતા પુત્રીઓને કન્યાદાનમાં પુષ્કળ ધન આપી પોતપોતાની નગરી તરફ ચાલ્યાં ગયાં. વલભીનગરીના રાજા મહાબળ પણ, વિક્રમચરિત્ર જેવા વરને વરાવાથી પુત્રીના ભાગ્યને વખાણતા દૈવના અદ્ભુત ચમત્કારનો વિચાર કરતા પોતાના નગરે ગયા. વાહ શી વિધિની લીલા !

વિક્રમાદિત્યે પોતાની બન્ને પુત્રવધૂઓને રહેવા માટે સાત ભૂમિકાવાળા મનોહર પ્રાસાદ તેમને આપ્યા. જુદા જુદા રાજમહાલયોમાં નિવાસ કરતી પુત્રવધૂઓના સુખને જોઇ રાજા વિક્રમાદિત્ય મનમાં અધિક પ્રસન્ન થયો. "આજે જગતમાં મારા જેવો કોઇ સુખી વીર નર હશે ભલા !"



રાજકુમાર વિક્રમચરિત્રનાં શુભ દિવસે તેમના શ્વસુરપક્ષ આદિ કુટુંબ પરિવાર વચ્ચે રાજકુમારી સુભદ્રા તથા રૂપકુમારી સાથે મહોત્સવથી લગ્ન થાય છે. પૃષ્ટ ૨૦૨

પ્રાતઃકાળના રમણીય સમયમાં એક દિવસ વિક્રમાદિત્ય પોતાની માતાને નમસ્કાર કરતા બોલ્યા; " માતા ! આજે જગતમાં મારા જેવો કોઇ પરાક્રમી પુરૂષ હશે વારૂ ?" પુત્રનાં વચન સાંભળી માતા વિચારમાં પડી. " આહ ! બલ, પરાક્રમ અને ઐશ્વર્યનો મારા પુત્રને ગર્વ થયો કે શું ?"

" દીકરા ! એમ ન બોલ ! પૃથ્વી અનેક રત્નોથી ભરેલી છે. જગતમાં એક એકથી અધિક પરાક્રમી પુરૂષો ભરેલા હોય છે. શેરને માથે સવાશેર જરૂર હોય !"

જનનીનાં વચન સાંભળી વિક્રમ મનમાં કંઈક નિશ્ચય કરી માતાની પાસેથી રાજસભામાં આવ્યો. તેજ દિવસે બલનું તારતમ્ય જોવા ભટ્ટમાત્રને રાજ્ય ભળાવીને રાજા વિક્રમ ગુપચુપ ખડગની સહાય લઇને રાત્રીના સમયે ક્યાંક ચાલ્યો ગયો; કોઇને કહ્યા વગર નગરીમાંથી અદૃશ્ય થઇ ગયો.

અનેક ગામ નગર જોતો વિક્રમ એક ગામની સીમમાં આવ્યો એક ખેતરમાં એક ખેડુતને હળ વડે ખેડતો જોઈ આશ્ચર્ય પામેલો તે ત્યાં સ્થિર થઇ ગયો. તેણે બે બળદની જગાએ ભયંકર વાઘ અને સિંહને જોડેલા હતા, ને જોતરાંને સ્થાનકે બબે કાળા ભયંકર નાગોને બાંધેલા હતા. એવી રીતે હળ વડે એણે ઘણી ભુમિ ખેડી નાખી. આ પરાક્રમી ખેડુતને જોઇ તેના બળની તુલના કરતો વિ મ વિચારવા લાગ્યો; " જગતમાં આના જેવો કોઇ પરાક્રમી નર હશે ખરો !"

મધ્યાન્હ સમયે ખેડુતે પોતાનું હળ છોડી મુકયું. એ વખતે ભયંકર વાઘ અને સિંહ છુટા થઇ, જંગલમાં ચાલ્યા ગયા, ને પેલા ભયકારી સર્પો પણ ગચ્છંતિ કરી ગયા. એક તરૂવર નીચે બેઠેલા એ ખેડુત પાસે આવીને વિક્રમ બોલ્યો; " અરે ભાઇ! તમે તો બહુ જબરા છો કાંઇ ?

આ સિંહ અને વાઘને તો તમે બળદને સ્થાનકે જોડો છો ને દોરડાને બદલે ભયંકર સર્પોને યોજો છો, પણ હવે એ તો જંગલમાં જતા રહ્યા તો હવે તમે શી રીતે ખેડશો ?"

"તેથી શું ? ભલેને ગયા. ખેડવાને સમયે પાછા જંગલમાંથી હું પકડી લાવીશ. એ બિચારા રંક પ્રાણીઓ આ મારા નાગચુડમાંથી ક્યાં ભાગી જશે ?"

"ઓહો ! ત્યારે તો જગતમાં તમારા જેવો બળવાન મેં કોઇ જોયો નથી. તમે તો કોઇ અદ્‌ભુત છો ભાઇ !"

"છતાંય ભાઇ, મારા કરતાંય હજી બળવાન પડયા છે !" તેની વાત સાંભળી વિક્રમ આશ્ચર્ય પામ્યો.

"તમારા કરતાંય ?"

"હા ભાઈ હા ! મારે ઘેર મારી સ્ત્રી પાસે રોજ રાત્રીના સમયે એક વીર પુરૂષ આવે છે; જેના બળથી હું પણ ભય પામી તેને કાંઇ કરી શકતો નથી. એ દુષ્ટ રોજ મારી સ્ત્રી સાથે ખરાબ વર્તન ચલાવે છે; છતાં હું એને મારી શકતો નથી."

તેના વચનથી આશ્ચર્ય પામેલા વિક્રમે કહ્યું, "ત્યારે તો આજે આપણે બન્ને ગુપ્ત રીતે એનું પરાક્રમ જોઇએ." રાજાના વચનને ખેડુતે સંમતિ આપી.

છેક સાંજે તેઓ બન્ને જણ ગુપચુપ આવીને ઘરમાં સંતાઈ ગયા. મધ્ય રાત્રીના સમયે ખેડુતની સ્ત્રીનો જાર પુરૂષ આવ્યો અને તે સ્ત્રી સાથે પલંગ ઉપર બેસી વાતોચીતો કરવા લાગ્યો. એ પુરૂષને અસભ્ય રીતે વર્તતો જોઇ બન્ને જણ ક્રોધ પામ્યા અને તેને મારવાને ધસી આવ્યા. એ બન્નેને જોઇ પેલો પુરૂષ, પરાક્રમથી પોતાના બાહુઓને નિહાળતો સ્ત્રી પાસેથી ઉઠયો ને ધસી આવી પોતાના બન્ને મજબુત હાથોથી બન્નેને ગળામાંથી પકડી ઉંચા કર્યા, અને જેમ કોઇ

બીજા હાથમાં લઇને બહાર ફેંકી દે તેમ તેમના પર દયા લાવીને બહિ મારતાં ઘરમાંથી બહાર ફેંકી દીધા. એના પરાક્રમથી ભય પામેલા બન્ને ત્યાંથી નાસી ગયા. ખેડુતને કાંઇ વિચાર આવતાં પોતાના સાથી સાથે પાછો ફર્યો. "અરે ભાઇ! હું મારા મિત્રને બોલાવું. એ એના કરતાંય જબરો છે!"

આશ્ચર્ય પામતો વિક્રમ એની સાથે પાછો ફર્યો. પેલા તે એક નજીકના ઘરમાં આવી પોતાના મિત્રને જગાડ્યો. એનો મિત્ર એની વાત સાંભળી તૈયાર થઇને પેલા ખેડુતના ઘર આગળ એ બન્નેની સાથે આવ્યો. પાછા બે જણને જોઇ પેલો જબર ખેડુતની સ્ત્રી પાસેથી બહાર આવ્યો, ને પોતાના જુના અને નવા હરીફોને પડવા ધસ્યો. વિક્રમ અને ખેડુતને પકડવા ધસેલા જબર બેને પેલા નવા મિત્રે પકડયો, અને એની સાથે યુદ્ધ કરી એને મારી નાખ્યો.

આશ્ચર્ય પામેલો વિક્રમ કાંઇ વિચારમાં હતો, તેટલામાં ખેડુત ને એ બધું અદશ્ય થઇ જઈ એક સુંદર પુરૂષ પ્રગટ થયો. "અવંતીપતિ વિક્રમાદિત્ય! શું વિચાર કરો છો? આ બધી મારી માયા છે. તમારા ગર્વનો નાશ કરવા માટે આ બધી ઇંદ્રજાળ છે. દુનિયામાં એકબીજાથી વધે એવા વીર પુરૂષો પડેલા છે, એમ જાણી પોતાના બળનો ગર્વ કરવો નહિ." સ્વર્ણપ્રભ દેવ વિક્રમને પ્રતિબોધ કરી અદશ્ય થઇ ગયો. પોતાના બલનો ગર્વ તજીને વિક્રમાદિત્ય અવંતીમાં પાછો આવી માતાને નમ્યો. એના દર્શનથી અવંતીની પ્રજા શું આનંદ ન પામે?

અન્યદા કોઇએ આવીને રાજાને સારા લક્ષણવંતા બે અશ્વ ભેટ કર્યા. એ સુલક્ષણવંત અશ્વોને જોઇ વિક્રમા-

દિત્ય મનમાં બહુ રાજી થયો. અશ્વોની પરીક્ષા કરવા માટે રાજા મંત્રીઓ સહિત નગરીની બહાર ઉદ્યાનમાં આવ્યો. એક અશ્વ ઉપર ચડીને રાજાએ અશ્વને પડકાર્યો. અશ્વના સ્વભાવને નહિ જાણનાર રાજાને લઇ અશ્વ પુરવેગથી સિંહ-વાઘ વાળા ભયંકર જંગલમાં રાજાને ખેંચી ગયો. ત્યાં શ્રમિત થયેલો અશ્વ એક વૃક્ષ નીચે આવી સ્થિર થઈ ગયો. રાજા અશ્વ ઉપરથી નીચે ઉતર્યો કે તરત જ અશ્વ મૂર્ચ્છિત થઇને જમીન પર પડયો ને એના પ્રાણ ચાલ્યા ગયા. મરેલા અશ્વને જોઇ ચિંતાતુર થયેલો રાજા પોતે પણ આ ભયંકર જંગલમાં ભૂખ અને તરસથી વ્યાકુળ થયેલો મુર્ચ્છિત થઈ ગયો. ગમે તેવી મુશીબતમાં પણ મનુષ્યને જો પરભવનાં પુણ્ય જાગ્રત હોય તો તે રક્ષણ કરે છે; માટે જ મનુષ્યે પાપકાર્યથી પાછા હઠી ધર્મમાર્ગમાં મનને જોડવું. દુઃખના સમયમાં માત્ર ધર્મ એ એક જ સહાય કરે છે.

એ ઘોડાના પગને અનુસારે એક જંગલી ભીલ ત્યાં આવ્યો, ત્યાં ઘોડો મરણ પામ્યો હતો ને ઘોડેસ્વાર મુર્ચ્છામાં પડયો હતો. બેભાન હાલતમાં પડેલા આ નરોત્તમના પુણ્યપ્રભાવથી એના હૈયામાં કરૂણા જાગૃત થઇ. નજીકના સરોવરમાંથી જલ લાવી એ પુરૂષના શરીર ઉપર સીંચન કર્યું; એના મુખમાં થોડું થોડું પાણી નાખવા લાગ્યો. એ ભીલની મહેનતને પરિણામે રાજાને શુદ્ધિ આવી. પોતાના ઉપકારી પુરૂષને જોઇ રાજા ખુશી થયો ને બોલ્યો, " અરે ભાઇ! તેં મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. તારા જેવા ઉપકારી પુરૂષથી આ જંગલ પણ મંગળમય છે."

રાજાની વાણીથી ખુશી થયેલો ભીલ રાજાનું સન્માન કરીને પોતાના સ્થાનકે પર્વતની ગુફામાં તેને લઈ ગયો. ખાન પાનથી ભીલે રાજાની ભક્તિ કરી આનંદ પમાડયો. રાત્રીના

સમયે રાજાને ગુફાના એક ભાગમાં પથારી કરી સુવાડયો. બીજી બાજુએ ભીલડીને સુવાડી; અને ગુફાના દ્વારને મોટી શિલા મુકીને બંધ કરી. પોતે દ્વાર આગળ સુતો. મધ્ય રાત્રીએ એક ભયંકર વાઘ ગર્જના કરતો જંગલમાંથી ગુફા આગળ ધસી આવ્યો અને પેલા ભીલને પકડી તેની સાથે યુદ્ધ કરીને મારી નાખ્યો.

ભીલની હારમો ચીસોથી ગુફામાં રહેલી ભીલડી જાગી ઉઠી; બે બાકળી રાજા પાસે ધસી આવી બોલી, "અરે નરોત્તમ! બહારની બાજુએ વાઘે આવીને મારા પતિને મારી નાખ્યો લાગે છે. ઝટ બહાર ચાલો, તપાસ કરીએ."

ભીલડીનાં વચન સાંભળી રાજા તૈયાર થઇ ભીલડીની સાથે ગુફાના દ્વાર આગળ આવ્યો. દ્વાર તો બંધ થઇ ગયાં હતાં. "આ શિલાને તો ફક્ત મારો પતિજ ઉપાડી શકે તેમ છે; હવે શું થશે? આપણે બહાર શી રીતે નીકળીશું?"

ભીલડીનો કિલકિલાટ સાંભળી રાજાએ પોતાના જમણા પગના પ્રહારથી એ મજબુત શિલા દુર ફંગાવી દીધી, અને બન્ને બહાર નીકળ્યાં. લોહીલુહાણ સ્થિતિમાં મરેલા ભીલને જોઇ બન્ને શોક કરવા લાગ્યાં. પોતાના પતિના મરણ પામવાથી ભીલડી ત્યાંજ મોહથી મુંઝાયેલી મુર્ચ્છિત થઈ મરણ પામી.

બન્ને ભીલ ભીલડીના મરણથી રાજા વિક્રમાદિત્ય શોકથી આકુળ વ્યાકુળ થઇ ગયો. "અરે આ શું? શું દાનનું આ ફળ? પરોપકાર કરનારની આ દશા! મારી ઉપર દયા લાવી ભીલે મને જીવાડયો. ખાનપાનથી મારી ભક્તિ કરી મને ગુફામાં સુવાડયો. તે મારૂં રક્ષણ કરવા માટે બહાર સુતો તે હંમેશને માટે સૂતોજ! આ શુભ કાર્યનું ફળ એને આ લોકમાં મળ્યું! વાહ કુદરત! વાહ દુનિયા.!"

પ્રાતઃકાળનો સમય થતાં વિક્રમાદિત્યને શોધવા નીકળેલું સૈન્ય ફરતું ફરતું તે સ્થળે આવી પહોંચ્યું. પોતાના રાજાને જોઇ મંત્રીઓ ખુશી થયા. રાજા સૈન્યની સાથે પોતાની નગરીમાં ચાલ્યો ગયો, પણ દાનનું પ્રત્યક્ષ ફળ જોયેલું હોવાથી એણે દાન કરવાનું બંધ કરી દીધું. અન્ય જનોને પણ દાન કરવાની મના કરી દીધી. રાજા દાન દેતો બંધ થઇ જવાથી જગતજનોમાં હાહાકાર મચી રહ્યો. દુઃખી કંગાળ અને અનાથ જનો દાન વગર પોકાર કરવા લાગ્યા—તરફડવા લાગ્યા.

કેટલાક માસ ચાલ્યા ગયા. તે પછીના એક દિવસે અવંતીનગરીના શ્રીપતિ શેઠને ત્યાં એક પુત્રનો જન્મ થયો. જન્મ થતાંજ તે પુત્રે પિતાને પોતાની પાસે બોલાવી કહ્યું, "આપણી નગરીના રાજા ઉપર ભયંકર સંકટ આવવાનું છે, તો તે ન આવે તે પહેલાં રાજાને મારી પાસે બોલાવી લાવો!"

પુત્રની આ વાણીથી આશ્ચર્ય પામેલા પિતાએ રાજા પાસે જઇને તે વાત કહેવાથી રાજા તરતજ એ તરતના જન્મેલા બાળક પાસે આવ્યો. રાજા વિક્રમાદિત્યને જોઇ એ બાળક સ્પષ્ટ ભાષામાં બોલ્યો, "હે મહારાજ! મોક્ષના સુખને દેનારા પ્રગટ પ્રભાવવાળા દાનનો તમે નિષેધ શા માટે કરો છો?"

"એ દાનનું પ્રત્યક્ષ ફલ જોવાથી!" રાજાએ કહ્યું.

"ત્યાં એ તમારી ભૂલ છે!"

"મને ભોજન-અન્નપાનથી તૃપ્ત કરનાર પેલા ભીલને વાઘે ફાડી ખાધો ને ભીલડી એની પછવાડે મરણ પામી. એ નજરે જોયેલી વાતમાં પણ શું ભુલ!"

"હા! તમને ઘી, ગોળ અને કણકથી ભોજન જમા-

ડનાર એ ભીલ મરણ પામીને દાનના પ્રભાવથી બત્રીસ કોટી સોનૈયાના સ્વામી આ શ્રીપતિ શેઠનો હું પુત્ર થયો."

બાળકની વાણી સાંભળી વિક્રમાદિત્ય આશ્ચર્ય પામ્યો, "ત્યારે એ ભીલડી મરીને ક્યાં ઉત્પન્ન થઇ!"

"ભીલડી પણ એ દાનના પ્રભાવથી શુભ ધ્યાનમાં મરણ પામીને આજ નગરમાં દાન્તાક શેઠને ત્યાં પુત્રીપણે ઉત્પન્ન થઇ છે; તે અનુક્રમે મારી જ પત્ની થશે."

"હે બાળક! બાળકપણામાં તને આ જ્ઞાન ક્યાંથી?"

"દેવતાના પ્રભાવથી!"

બાળકના વચનથી સંતોષ પામેલા રાજાએ બાળકને ઇનામમાં પાંચસે નગર આપ્યાં. ને પહેલાંની માફક રાજાએ દાન દેવાની શરૂઆત કરી. એ દાનમાં પ્રગટ પ્રભાવથી વિક્રમાદિત્યનાં આવી પડતાં સંકટ પણ દુર થઇ ગયાં.

द्वौ पुरुषौ धरतु धरम् । अथवा द्वाभ्यां धृता पृथ्वी ।
उपकारे यस्य मति, उपकृत यो न भ्रंशयति ॥

ભાવાર્થ:—જગતમાં બે પ્રકારના પુરૂષો ધરતીને શોભાવે છે, અથવા તો પૃથ્વી બે પ્રકારના પુરૂષો વડે શોભા પામે છે. એક તો જે ઉપકાર કરે છે. સ્વાર્થનો ભોગ આપીને બીજાનું ભલું કરે છે, તે અને બીજા કરેલા ઉપકારને જે ભૂલી જતો નથી.

વિક્રમાદિત્ય પરોપકારના કાર્યમાં પ્રીતિ ધારણ કરીને છુટે હાથે દાન કરવા લાગ્યો. દીન કંગાળ અને અનાથોના તારણહાર વિક્રમાદિત્યનું નામ લોકો પ્રાતઃકાળમાં લેવા લાગ્યા. જેથી પરોપકાર અને પરદુઃખભંજન વિક્રમાદિત્યની કીર્તિ દેશપરદેશ, રાજદરબારોમાં ભ્રમણ કરવા લાગી. અનેકોના આશીર્વાદને ગ્રહણ કરતો વિક્રમાદિત્ય જગતમાં તે જમાનામાં અદ્વિતીય પુરૂષ ગણાવા લાગ્યો.

ભલાઈ કરત લગત વિલંબ, વિલંબ બુરાઈ ન પાર,
ભુવન ચણાવત દિન લગે, ઢાળત લગે ન વાર.

પ્રકરણ ૨૫ મું.

મુસીબત

" ભુંડા માણસથી ભાગીએ, ન દઇએ દિલની વાત;
કાંતો છતરી શિર પાડે, કાં ઘરમાં આણે ઘાત. "

સુખમાં સમય જતાં મનુષ્યો જાણતા નથી. વૈભવ ઠકુરાઇ અને પ્રિયાના ભોગવિલાસોમાં દીર્ઘકાલ પણ દેવોની માફક મનુષ્યોને અલ્પ જેવો થઈ જાય છે. રાજાની શીતલ છાયામાં વિક્રમચરિત્રને સુખમાં કાલવ્યતિત કરતાં દાન્તાક શેઠના પુત્ર સોમદત્ત સાથે મિત્રતા થઈ. અનુક્રમે એ મિત્રતા ગાઢ સ્વરૂપ પકડતી ગઈ. એક દિવસે બન્ને મિત્રો ઘોડેસ્વાર થઇને નગરની બહાર ચાલ્યા જતા હતા. ત્યાં જંગલમાં એક મોટા તરૂવરની છાયામાં ધર્મઘોષસુરિને પોતાના શિષ્યો સાથે જોતાં નીચે ઉતરી બન્ને જણે સુરીશ્વરને વંદન કરી તેમની પાસેથી જીવદયામય ધર્મ સાંભળ્યો. "જીનેશ્વરની દ્રવ્યપૂજા અને ભાવપૂજા એ બે પ્રકારની પૂજા કરવી. દાન, શિયલ, તપ અને ભાવ એ ચારે પ્રકારે આચરીને ધર્મનું આરાધન કરવું. ધર્મ સિવાય આત્મા પોતાનું હિત કરી શકતો નથી. ધર્મ આ ભવમાં અનેક પ્રકારની આપત્તિઓથી રક્ષણ કરીને પરલોકમાં સારી ગતિ આપે છે. સારી રીતે કરેલો ધર્મ એવી રીતે પરંપરાએ મોક્ષને આપનાર થાય છે; માટે અસાર વસ્તુ જે આ કાયા તે થકી ધર્મનું આચરણ કરીને સાર વસ્તુ લઈ લેવી. ધન હોય તો દાન કરીને તેને સફલ કરવું. સત્ય વચન બોલીને વાણીનું ફલ

મેળવવું. પાણીના પરપોટાની માફક આ ક્ષણિક આયુષ્યથી પરોપકાર કરવો. એજ નરભવની સાર્થકતા છે.” સૂરીશ્વર પાસેથી ધર્મ સાંભળીને વિક્રમચરિત્ર પોતાના મિત્ર સાથે નગરમાં આવ્યો. ધર્મની વાસનાથી રંગાયેલો રાજકુમાર જીનપૂજનમાં તેમજ દીન, અનાથ, તેમજ ભાટ ચારણોમાં અનેક પ્રકારે લક્ષ્મીનો વ્યય કરવા લાગ્યો. દિનપ્રતિદિન રાજકુમારના સંખ્યાતિત ખર્ચથી રાજપુરૂષો ત્રાસ પામી ગયા. તેમણે રાજા આગળ રાજકુમારના વિશાળ ખર્ચની હકીકત જાહેર કરી. રાજાએ રાજભંડારીઓને સમજાવી શાંત કર્યા,

અન્યદા અવસર મેળવી રાજાએ પોતાના પુત્રને પોતાની સાથે જમવા બેસાડી આડીઅવળી વાતો કરતાં કહ્યું, “રાજકુમાર! મારી આજ્ઞાથી તારે રોજ પાંચસો સુવર્ણમહોર પોતાના ખર્ચ માટે વાપરવી કે જેથી આપણો રાજભંડાર પણ જળવાય ને આપણું પણ કામ થાય!” વિક્રમાદિત્યની આવી વાણી સાંભળી રાજકુમાર વિચારમાં પડ્યો “ધર્મકાર્ય વિગેરેમાં થતો મારો ખર્ચ પિતાજીને ગમતો નથી. અરે! પરદેશમાં જઇ પોતાનું ભાગ્ય અજમાવવું શું ખોટું?” આમણ દૂમણ થયેલા રાજકુમારે જેમ તેમ એ સુંદર ભોજન પૂર્ણ કર્યું. દેવને પણ દુર્લભ એવું ભોજન રાજકુમારને અત્યારે વિષ સરખું થયું; કેમકે ચિંતા ઉત્પન્ન થતાંજ પુરૂષને સુખ ક્યાંથી હોય વારૂ!

ભોજનથી પરવારી રાજકુમાર પોતાના મિત્ર સોમદંત પાસે આવ્યો; ખાનગીમાં તેને પોતાની વાત કહી સંભળાવી. મિત્ર પણ એની સાથે જવાને તૈયાર થયો.

તેજ રાત્રીએ કોઇનેય કહ્યા વગર બન્ને મિત્રો ચુપચુપ નગર છોડીને ક્યાંક ચાલ્યા ગયા, શહેર અને ગામડાં,

નદી અને સરોવર, પર્વત અને ખાઇઓને જોતા, દુનિયાની વિચિત્ર લીલાને નિહાળતા તેઓ એક અટવીમાં સરોવરની પાસે આવ્યા. ભિન્ન ભિન્ન પ્રકારના બન્ને મિત્રોના હૃદયો ભિન્ન હતાં, બન્નેના સ્વભાવ પણ વિધિએ જુદાજ નિર્માણ કર્યા હતા. સરોવરને જોઈ તૃષાતુર થયેલો રાજકુમાર પાણી પીવાને ગયો, તે દરમિયાન દુષ્ટ સોમદત્ત કંઇક વિચાર કરી કાંકરા એકઠા કરી તલાવની પાળે રહેલા એક તરૂવરની નીચે બેઠો. પાણી પીને પાછા ફરતા રાજકુમારને, સોમદત્તે તે તરૂવરની છાયામાં વિશ્રામ લેવાને બોલાવ્યો. રાજકુમાર ત્યાં આવી સોમદત્તની પાસે બેઠો.

"મિત્ર! રાજકુમાર! આ કાંકરાથી આપણે કાંઇક રમીએ!" સોમદત્તની મિત્રતા ઝળકવા માંડી. પોતાની મિત્રતાનું ખરૂં સ્વરૂપ બતાવવાની તેણે શરૂઆત કરી.

"આપણે શું જુગાર રમીએ? ધિગ! ધિગ! મિત્ર! એ તું શું બોલ્યો?"

જુગાર ઉપર રાજકુમારનો તિરસ્કાર જોઇ સોમદત્ત બોલ્યો, "આપણે કયાં જુગાર રમી રાજપાટ હોડમાં મુકવાં છે? આ તો બે ઘડી વખત ગુમાવવાનું સાધન! ચાલ! ચાલ!" સોમદત્તે આગ્રહ ચાલુ રાખ્યો.

"અરે, એ લત એક બૂરી બલા છે. પુણ્યશ્લોક જેવા નળરાજાએ રાજ્ય અને રાણી ગુમાવ્યાં. મહાન પાંડવોએ એજ દુષ્ટ લતને આધીન થઇ રાજ ગુમાવ્યું. કુળને મલિન કરનારા એ દ્યુતને ધિક્ક હો!"

નામરજી છતાં સોમદત્તના આગ્રહથી રાજકુમારે રમવાની શરૂઆત કરી. થોડીક વાર રમ્યા પછી સોમદત્તે શરત કરી, "જે સો કાંકરી હારી જાય તે પોતાનું એક નેત્ર જીતનારને આપે!" એ શરત કરીને રમતાં રાજકુમાર

પોતાનું એક નેત્ર હારી ગયો.

હારેલો રાજકુમાર પોતાનું નેત્ર પાછું વાળવા માટે કરીને આગ્રહ કરીને સોમદંતને રમાડવા લાગ્યો. નેત્રને પાછું વાળવાને બદલે દૈવયોગે રાજકુમાર બીજું નેત્ર પણ હારી ગયો. રાજકુમારનાં બન્ને નેત્ર જીતીને મનમાં રાજી થયેલો સોમદંત બોલ્યો, "બસ રાજકુમાર! હવે રહેવા દો!"

તરૂવરની શીતલ છાયાનો સ્વાદ અનુભવી બન્ને મિત્રો આગળ ચાલ્યા. રાજકુમારનું હૃદય શુદ્ધ અને કપટ રહિત હતું. ત્યારે મલિન વિચારોથી ભરેલો સોમદંત મનમાં એવો વિચાર કરતો હતો કે, "અત્યારે રાજકુમાર પાસે નેત્રો માગવા કરતાં એ રાજા થાય ત્યારે માગ્યાં હોય તો ઠીક પડે! રાજા થયા પછી તેનાં લોચન સાથે છળથી હાથી ઘોડાદિક વિશાળ સામગ્રીવાળું તેનું રાજ્ય પણ હું ગ્રહણ કરીશ; માટે સમય આવતાં સૌ સારાં વાનાં થશે."

खलः सत्क्रियमाणोऽपि, ददाति कलहं सताम् ।
दुग्धधौतोपि किं याति, वायसः कलहंसताम् ॥

ભાવાર્થ—અત્યંત સન્માન, ગૌરવ કરવા છતાં પણ દુર્જન માણસ સજ્જનોને કલેશ કરનારો થાય છે—ઘણા દુધથી અને સાબુથી ધોવા છતાં કાગડાઓ શું હંસની કાંતિને ધારણ કરે ખરા?

સજ્જન હમેશાં સજ્જન રહે છે, ત્યારે સારા કુળમાં ઉત્પન્ન થવા છતાં દુર્જન કદી દુર્જનતા ત્યાગતા નથી. ચંદન થકી ઉત્પન્ન થયેલો હુતાશન—અગ્નિ શું બાળતો નથી? સમુદ્રમાં થયેલો અગ્નિ-વડવાનલ સમુદ્રના જ પાણીનું શોષણ કરે છે. સોમદંતની મિત્રતાના ભારમાં દબાયેલો મિત્ર રાજકુમાર માર્ગે જતાં કાંઇ સારી વસ્તુ મલતી તો પોતાના મિત્રને તે આપી દેતો હતો. દુનિયાની અનેક રચ-

નાને જોતા બન્ને મિત્રો ઘણી પૃથ્વીનું ભ્રમણ કરીને સુંદર નામના વનમાં આવ્યા.

મધુર પાણીવાળા સુંદર સરોવરમાં પાણી પી તૃપ્ત થઇને બન્ને મિત્રો સરોવરની પાળ ઉપર રહેલા તરૂવરની છાયામાં વિશ્રામ લેવાને બેઠા. તેઓ દુનિયાની અનેક મીઠી વાતો કરવા લાગ્યા. અવસર મેળવી સોમદત્તે ટકોર કરી, "રાજકુમાર! તમારાં બન્ને નેત્રો તમે હારી ગયા છો તે યાદ તો છે ને!"

"મિત્ર! ઠીક યાદ કરાવ્યું તેં? એ તારાં નેત્રો લે!" એમ કહી તરત જ કમરમાંથી મોટા છરો કાઢી તે વડે આંખમાંથી બન્ને નેત્રો ખેંચી કાઢી સોમદત્તને હવાલે કર્યાં.

"અરે! અરે! રાજકુમાર! આ તેં શું કર્યું? મેં તો સહેજ હસતાં હસતાં કહેલું, તેટલા માત્રમાં તેં આ સાહસ કાં કર્યું?" સોમદત્ત કપટથી રૂદન કરવા લાગ્યો.

"અરે ભાઈ! એમાં શું થઈ ગયું? તારી થાપણ મારે શા કામની?"

"પણ તારા આ સાહસથી આ ભયંકર અરણ્યમાં આપણે બન્ને મરી જઇશું; ક્રૂર પ્રાણીઓના શિકાર થઇશું!" ભયનો માર્યો વણિક સોમદત્ત વ્યાકુળ થઇ ગયો.

"બંધુ! તું તારે સહીસલામત આપણે નગર પહોંચી જા, અને મને મારા ભાગ્ય ઉપર છોડી જા!" અંધ થયેલા રાજકુમારનાં વચન સાંભળી જવાને આતુર છતાં ઉપરથી સારૂં લગાડતો દુર્જન સોમદત્ત બોલ્યો.

"અરે ભાઈ! તને અંધને છોડીને હું કયાં જાઉં? તને કોને હવાલે મૂકીને જાઉં, બંધવ?"

"ભગવાનને! તું તારે જા! મારે માટે તું દુષ્ટ પ્રાણીઓનો ખોરાક ન થા! દૈવની ગતિ ગહન છે.. એના

પારને કોણ પામી શકે છે? જગતમાં આપણું ધારેલું શું થઇ શકે છે?"

"તારું કથન સત્ય છે, બંધુ! મને સંભારતો રહેજે. કદી કદી આ સોમદંતને યાદ કરજે, રાજકુમાર!"

એ અંધ રાજકુમારને અધવચ જંગલમાં રખડતો એના ભાગ્ય ઉપર છોડી સોમદંત મનમાં રાજી થતો ત્યાંથી છ પાંચ ગણી ગયો. આ ભયંકર જંગલમાં સરોવરની પાળે રહેલો રાજકુમાર અત્યારે દૈવના ભરોંસે હતો—નિરાધાર હતો. બળવાન અને પરાક્રમી માણસોને પણ દુષ્કર્મનાં માઠાં ફળ ભોગવવાં પડે છે. વજ્રમય દેહવાળા લોખંડી પુરૂષોને પણ કરેલાં કર્મ ભોગવવાં પડે છે. સારાં કે માઠાં કર્મો નિકાચિતપણે કરેલાં ભોગવ્યા વગર ઓછાં જ છુટે છે. હજારો ગાયોમાં વાછરડાં જેમ પોતાની માતાને શોધી કાઢે છે, તેમ કરેલું કર્મ અનેક ભવો કર્યા છતાં પોતાના કર્તાને શોધી કાઢે છે. હાસ્ય કરતાં કે નજીવી બાબતમાં જે કર્મ બાંધેલું હોય તે અનેક પ્રકારે મિથ્યા નહિ થતાં ભોગવ્યે જ છુટકો થાય છે. એવો જ કોઇ પાપનો ઉદય આવતાં રાજકુમારને અંધત્વ પ્રાપ્ત થયું અને મિત્રની છાયામાં રહેલો સોમદંત રાજકુમારને મૃત્યુના મુખમાં છોડી ત્યાંથી પોતાના પ્રાણ બચાવવા પોબારા ગણી ગયો.

આ સ્વાર્થી દુનિયામાં મનુષ્ય પોતાના સ્વાર્થ માટે શું શું નથી કરતો? ફળ વગરના વૃક્ષનો પંખીઓ ક્યાં સુધી આશ્રય કરીને રહે? જળ વગરના સરોવરને સૌ કોઇ તજી દે છે. બળતા એવા વનને જોઇને પશુપંખીઓ દૂર ભાગી જાય છે. દ્રવ્ય રહિત પુરૂષોની ગુણિકા શું સેવા કરે ખરી કે? રાજ્યભ્રષ્ટ થયેલા રાજાને સેવકો પણ છોડી દે છે. માટે જગતમાં તો એક બીજાને સ્વાર્થની જ સગાઈ છે.

સ્વાર્થ ન સરે તો કોઈ સામે નજર સરખીય કરતું નથી. તેમાંય જંગલમાં રહેલા આ રાજકુમારને તો અત્યારે પોતાનું કોણ હતું ? ઉંચે આભ ને નીચે ધરતી ! પાણીને બદલે દૂધ મેળવનાર આ રાજકુમાર પાસે મીઠા શબ્દ બોલનાર પણ આજે કોઇ ન હતું. જેવી ભવિતવ્યતા !

સરોવરની પાળે રહેલો રાજકુમાર ધીમેથી ઉઠ્યો ને ધીમે પગલે ત્યાંથી તેણે ચાલવા માંડ્યું. ભારી ઉપર ભરોસો રાખી તે આગળ વધવા લાગ્યો. અંધ છતાં તેના હૈયામાં નિરાશા નહોતી. એકાકી છતાં એ વાઘ વરૂથી ભરેલા જંગલમાં નિર્ભયપણે જતો હતો. દુઃખ, શોક કે સંતાપ વગર દૈવની વિષમ સ્થિતિને આધીન થયેલો રાજકુમાર ચાલ્યો. મનુષ્યને મુશીબતમાં પણ એનું પુણ્યબંધન રક્ષણ કરે છે. ઉચ્ચકુળ અને વૈભવ ઠકુરાઇવાળા કુળમાં જન્મેલાને ઘણું કરીને દુઃખમાં પણ કંઈક પુણ્ય રહેલું હોય છે; જેથી તે ફરીને નવજીવન મેળવી શકે છે. અને જો ન જ હોય તો તે વિનાશ પામી જાય છે.

ભટકતો ભટકતો રાજકુમાર એક મોટા વડલાના તરૂવર નીચે આવ્યો. ભુખથી અને તરસથી વ્યાકુળ થયેલો રાજકુમાર અનાથ બનેલો. અત્યારે નિસ્તેજ અને ફીકો પડી ગયેલો હતો. જંગલી પશુઓનો શિકાર થવાને તે એ તરૂવરની નીચે રાત્રીનો સમય ગાળવાને બેઠો. આંખો નહિ હોવાથી જાય પણ ક્યાં ? અરે, આવી ભૂખ અને તરસનું કષ્ટ હું ક્યાંસુધી વેઠીશ ? એના કરતાં તો જંગલી જાનવરોનો શિકાર થવું શું ખોટું ? મારા આ દુઃખી શરીરથી ભલે એ બિચારાં તૃપ્ત થાય ! મારી આ નાશવંત કાયાથી છેવટે આટલો ઉપકાર પણ ભલે થાય ! પ્રિયા સુભદ્રા ! પ્રિયા રૂપકુમારી ! પિતાજી ! મા ! આખરની મારી

સલામ ! પ્રણામ ! ”

“ જગતના યંત્રની દોરી, રહી છે હાથ ભાવીને
દોરે એ ત્યાંજ દોરાવું, રહું છે હાથ ભાવીને;
સારૂં બોટું ભલું ભુંડું, રહું છે હાથ ભાવીને,
સુખી કરવા દુઃખી કરવા, બધુંયે હાથ ભાવીને. ”

પ્રકરણ ૨૬ મું

કનકાવતીમાં

सहसा विदधीत न क्रियाम, विवेकः परमापदां पदम् ।
वृणुते हि विमृश्यकारिणं, गुणलुब्धाः स्वयमेव संपदः ॥

ભાવાર્થ—વિચાર કર્યા વગર કોઈ પણ કાર્ય કરવું નહિ. વિચાર કર્યા વગર કરેલું કાર્ય આફત કરનારૂં થઈ પડે છે વિચાર કરીને કાર્ય કરનાર દીર્ઘદર્શિ પુરૂષને ગુણમાં લોભાયેલી સંપત્તિઓ પોતાની મેળે પ્રાપ્ત થાય છે.

ભાગ્યના ભરોંસે રહેલો આ અંધકુમાર જે વડલાના વૃક્ષ નીચે બેઠો હતો, તે વડલાના વૃક્ષ ઉપર એક વૃદ્ધ ભારંડ પક્ષી પોતાના પુત્રોની સાથે નિવાસ કરીને રહેતો હતો. ચાલવાને તેમજ આકાશગમન કરવાને અશક્ત એવો તે વૃદ્ધ ભારંડ, પુત્રોએ લાવેલા ફળોથી પોતાનું જીવન ગુજારતો હતો. પ્રાતઃકાળ થતાં તેના પુત્રો જુદી જુદી દિશામાં ઉડી જતા અને સાંજે સાયંકાળ પછી પાછા ફરતાં, તેઓ પોતાના વૃદ્ધ પિતાને માટે એક એક ફળ લાવતા, અને કંઇક નવીન વાર્તા કહેતા, રાત્રી એ વૃક્ષ ઉપર વ્યતીત કરતા હતા.

સાયંકાળ પછી એના પુત્રોએ જુદીજુદી દિશામાંથી આવી એ વિશાળ વડલા ઉપર રહેલા પોતાના વૃદ્ધ પિતાને

નમી, લાવેલો આહાર—ફલ તેમની આગળ હાજર કર્યો. પુત્રોની ભક્તિથી પ્રસન્ન થયેલો વૃદ્ધ ભારંડ બોલ્યો, 'પુત્રો! આટલામાં કોઇ અતિથિ છે?"

ઉચ્ચ સ્વરે ઉચ્ચારાયેલા આ વૃદ્ધ ભારંડના શબ્દ સાંભળી અંધકુમાર બોલ્યો "તાત! આ વડલાની નીચે હું અતિથિ છું."

આ શબ્દો સાંભળી વૃદ્ધ ભારંડે પોતાના પુત્રો દ્વારા તેને પોતાની પાસે તેડાવ્યો. "પુત્ર! તું કોણ છે? કયાંથી આવ્યો છે?"

વૃદ્ધ ભારંડના શબ્દો સાંભળી અંધકુમાર બોલ્યો, "તાત! હું દીન દુઃખી છું, મારા પાપકર્મનાં ફળ ભોગવતો ભાગ્યયોગે આજે તમારો મેમાન થયો છું! આજે તો તમારે આશરે છું!"

"અંધ થયો છે શું?" વૃદ્ધ ભારંડે પૂછયું.

"હા! તાત!"

"અહીંયાં રહે! દૈવ કોઇ દિવસ તારી સામે જોશે!" એમ કહી સન્માનથી તે વૃદ્ધ ભારંડે તેને ફળ આપ્યાં. તે ખાઇ પાણી પીને તેણે ભૂખને શાંત કરી. ભારંડાએ પછી તેને તરૂવરની નીચે ઉતાર્યો, રોજના એ ક્રમ પ્રમાણે કેટલાક દિવસ વહી ગયા.

એક દિવસ પોતાનો એક પુત્ર મોડી રાતે પાછો ફરવાથી પેલા સ્થવિર ભારંડે પૂછયું, "પુત્ર! આજ તને કેમ આટલી બધી વાર લાગી?"

"તાત! આજે (કનકપુર નગરમાં)-કંકાવટી નગરીમાં એક નવાઇ જોવાથી હું એ જોવાને રોકાઈ ગયો."

"તે તારી નવાઇ કહે જોઈ!" વૃદ્ધ ભારંડે કહ્યું.

"એ કંકાવટીનગરીના રાજા કનકસેનને રતિ નામની

પ્રિયાથી કનકકુમારી નામે પુત્રી થઇ. વયે વૃદ્ધિ પામતી એ બાળા દુર્ભાગ્યના ઉદયે આંખે અંધ થઈ ગઇ. પોતાના પિતાના અનેક ઉપચારો અને અનેક હોશિયાર વૈદ્યોની સારવાર હોવા છતાં. આંખો સારી ન થવાથી યૌવનમાં આવેલી એ રાજતનયા કનકકુમારી કાષ્ટભક્ષણ કરવાને (અગ્નિમાં બળવાને) તૈયાર થઇ. પિતાના અનેક રીતે સમજાવવાથી બાળાએ આજથી દશ દિવસ સુધી રાહ જોઇ અગીઆરમે દિવસે અગ્નિભક્ષણ કરવાનો નિશ્ચય કર્યો છે. રાજમહાલયમાં રહેલી એ બાળાને જોવા માટે દેશપરદેશથી અનેક મનુષ્યો આવે છે. હું પણ એ કૌતુક જોવા માટે ત્યાં જવાથી જરા અસુરૂં થઇ ગયું, તાત આ રીતે અસુરે આવેલા ભારંડે પોતાની વાત એના તાતને કહી સંભળાવી. બીજા ભારંડા સાથે પેલો અંધ રાજકુમાર પણ એ વાત સાથે રહેલો હોવાથી સાંભળતો હતો.

" તાત ! તમે જુનાપુરાણા જોગી છો, અનેક આશ્ચર્યો, અનેક નવાઇઓ તમે તમારા જમાનામાં જોઈ હશે-જાણી હશે; શું રાજબાળાનું સ્વરૂપ ! પણ આંખો વગર શા કામનું એ ?" વાત કરતાં ભારંડ પુત્રે મોટો નિઃશ્વાસ મુકયો.

" જેવું ભાવી ! ભાવી આગળ લાચાર ! બેટા ! લેખમાં મેખ કોઇ મારી શકે છે ? કરેલું કર્મ સૌને ભોગવવું જ પડે છે !"

" પણ તાત ! કોઈ ઉપાય નથી કે જે ઉપાય કરવાથી એ બાળા ફરીને દેખતી થાય !"

પુત્રનાં વચન સાંભળી સ્થવિર ભારંડ વિચાર કરતો બોલ્યો, " ઉપાય ? ઉપાય તો છે ! જગતમાં એવું કયું કાર્ય છે કે જે ઉપાયથી સાધ્ય ન થાય !"

" અને તે ઉપાય ?"

"મહિનાને અન્તે હું જે મલોત્સર્ગ કરું છું તે મલોત્સર્ગને અમૃતવલ્લીની લતાના રસમાં મિશ્ર કરીને આંખોમાં નાખે તો દિવસે તારા દેખે! એ મલોત્સર્ગથી શરીરના બીજા પણ અનેક રોગોનો નાશ થઈ જાય છે!"

મધ્ય નિશાના સમયે પિતાપુત્રની વાતચીત અંધ રાજકુમાર સાંભળતો હતો. પ્રાતઃકાળે રાજકુમારે એ વૃદ્ધ ભારંડનો મલોત્સર્ગ (વિષ્ટા) મેળવી અમૃતવેલના રસમાં મિશ્ર કરી પોતાની આંખોમાં ભરી દીધો. દૈવ ઉપર વિશ્વાસ રાખી એટલું સાહસ કરી દિધું. જેમ જેમ એ મલોત્સર્ગ આંખોમાં પ્રસરતો ગયો તેમ તેમ એનો પ્રભાવ પ્રગટ થતો ગયો. રાજકુમાર દેખતો થઈ ગયો. નવી આંખો પ્રાપ્ત કરી એના દિવ્ય તેજથી દિવસે નભોમંડળમાં તારા જોવા લાગ્યો. નવી આંખો પ્રાપ્ત થવાથી રાજકુમાર ખુબ ખુશી થયો. એણે વૃદ્ધ ભારંડમાં મલોત્સર્ગની બહુ ગોળીઓ, અમૃતવલ્લીના રસમાં કરી પોતાની પાસે રાખી. પછી કનકપુર તરફ જવાનો વિચાર કરતો એ સ્થવિર પાસે આવ્યો.

"કેમ આજે તો સુંદર વેષ ધારણ કર્યો છે કાંઇ!" એ રાજકુમારને જોઈ વૃદ્ધ ભારંડ બોલ્યો.

"તાત! તમારી કૃપાથી હું આજે દેખતો થયો છું. તમારો કરેલો પ્રયોગ મેં આજે અજમાવ્યો. દૈવની કૃપાથી હું એમાં ફાવ્યો!" વૃદ્ધ ભારંડે રાજકુમારને કહ્યું.

"બહુ સારૂં થયું! આજે તો તારે સોનાનો સૂરજ ઉગ્યો ત્યારે!"

"હા તાત! તમારી રજા હોય તો કંકાવટીમાં જઈ એ મરતી એવી અંધ રાજકુમારીને દેખતી કરું, ને એની જીંદગી બચાવું!"

"તારા જેવા પરોપકારી અને સજ્જનને એ ઉચિત છે;

પણ આજનો દિવસ તું રોકાઈ જા. સાંજે મારા પુત્રો આવશે તેમાંથી એકને હું કહીશ એટલે તને પાંખની મધ્યમાં રાખીને ત્યાં લઇ જશે; તારું કાર્ય સિદ્ધ થશે.”

‘બહુ સારું, તાત!” રાજી થતાં કુમાર બોલ્યો.

રાજકુમારે આનંદમાં ત્યાં દિવસ વ્યતીત કર્યો. નિશા-સમયે ભારંડ પક્ષીઓ આવી ગયા. તેમાંના એકને ઉદ્દેશીને સ્થવિર ભારંડે આ મુસાફરને કંકાવટી લઇ જવાનું કહેવાથી પુત્રે તેનું વચન અંગીકાર કર્યું.

પ્રાતઃકાળે યથાસમયે સર્વે ભારંડો ચારો ચરવાને વડલા ઉપરથી દૂર ઉડવા લાગ્યા એક ભારંડે પેલા મુસાફરને તૈયાર થવા કહ્યું. રાજકુમાર તૈયાર થઈ પેલી ગુટિકાઓ લઈ છેલ્લી વખતે વૃદ્ધ ભારંડને પ્રણામ કરવા આવ્યો,

‘તાત! હું આપને પ્રણામ કરું છું. જવાની રજા માગું છું.”

“જા બેટા! તારું કલ્યાણ થાઓ! તારો માર્ગ નિર્વિઘ્ન થાઓ! મને સંભારજે કોઈ કોઇ વખતે!” સ્થવિર ભારંડે આશિષ આપી.

“આપના ઉપકારને હું કદી નહિ ભુલી જાઉં, તાત!”

“જા! બેટા!” સ્થવિરે શાંતિથી કહ્યું.

પેલો ભારંડ એ મુસાફરને પાંખની મધ્યમાં રાખી આકાશમાં ઉડ્યો. તેને કંકાવટીના ઉદ્યાનમાં છોડી પોતે ચારો ચરવાને એની રજા લઈ ચાલ્યો ગયો. વૈદ્યનો સ્વાંગ ધારણ કરી રાજકુમાર કંકાવટીનગરીની અદ્‌ભુત રચના જોતો એની બજારો નીરખતો ચાલ્યો. બજારની અદ્‌ભુત રચના જોતો વૈદ્ય એક વિશાળ પેઢી આગળ આવ્યો. એ પેઢીનો માલિક-શેઠ લમણે હાથ દઇ ચિંતાતુર ચહેરે ગાદી તકીયે પડ્યો હતો. ઇંગિત આકારથી તેને ચિંતાતુર જાણી આપણો

વૈદ્ય શેઠની પાસે આવ્યો; નમસ્કાર કરીને તેમની પાસે બેઠો. અજાણ્યા માણસને એકા એક પોતાની પાસે આવેલો જોઇ શેઠ ચમક્યા "કેમ ? કોણ છો ? ક્યાંથી આવો છો ?"

શેઠના જવાબમાં આપણો મુસાફર વૈદ્ય બોલ્યો, "હું એક વૈદ્ય છું; પરદેશી છું ! આપનો ચિંતાતુર ચહેરો જોઇ, જો બની શકે તો આપનું દુઃખ દૂર કરવા આવ્યો છું ! આપને કાંઈ વાંધો ન હોય તો આપનું દુઃખ મને કહો !"

એ પરદેશીનાં વચન સાંભળી શેઠ તાજુબ થયો. "અરે ભાઈ ! તમને શી વાત કહું ! તમારાથી મારૂં દુઃખ કાંઈ દૂર થશે નહિ."

"છતાંય તમે મને કહો તો ખરા !"

"કામદેવ જેવો સ્વરૂપવાન મદન નામે મારે એક પુત્ર છે. દૈવયોગે એ સુંદર પુત્રને શરીરે રોગ થવાથી અત્યારે તદ્દન કદરૂપો અને બેડોળ બની ગયો છે. કહો, એ મારા પુત્રને અસલ સ્થિતિમાં લાવી સજ્જ કરશો ?"

"જરૂર ! મને બતાવો ! તમારો પુત્ર ક્યાં છે ?"

વૈદ્યનાં વચન સાંભળી સંતોષ પામેલો શેઠ વૈદ્યને પોતાના આવાસ સ્થાને લઈ ગયો પોતાને ઘેર તેડી જઈ શેઠે પોતાના પુત્રને બતાવ્યો. મદનને જોઈ વૈદ્યે કહ્યું.

"આજે જ સારો કરી દઈશ."

વૈદ્યના જવાબથી ખુશી થતાં શેઠ બોલ્યો, "તો પછી અત્યારે જ કરો ! ઢીલ કરવાની જરૂર નથી, વૈદ્યરાજ !"

શેઠનાં વચન સાંભળી વૈદ્યે આડંબર કરવા માંડયો; કારણકે જગતમાં આડંબર જ વખણાય છે. અનેક વસ્તુઓ મંગાવી અનેક ક્રિયાઓ કરી ઘણી ઘાલમેલ કરવા પછી વૈદ્યે પોતાની પાસે રહેલી ગુટિકા કાઢી મદનના શરીર ઉપર અજમાવી–લેપ કર્યો, અને મદનની કદરૂપતા નાશ પામી ગઇ.

એ બેરોળ ઘાટ; કુરૂપપણું બધું અદૃશ્ય થઈ ગયું. આમ મહેનત, મહેનત જેવો થઇ જવાથી શેઠ બહુજ ખુશી થયા. અને ખાનપાનથી ભક્તિ કરી વૈદ્યનાં બહુ વખાણ કરતાં વૈદ્યને પોતાને ત્યાં રહેવા કહ્યું. વૈદ્ય પણ શેઠને ત્યાં નિવાસ કરીને રહ્યો. પરોપકારી પુરૂષ જગતમાં જ્યાં જાય ત્યાં માન પામે છે. બુદ્ધિશાળી પુરૂષોનું સર્વ કંઈ બીજાનો ઉપકાર કરવા માટે જ હોય છે. કહ્યું છે કે—

शास्त्रं बोधाय दानाय, दानं धर्माय जीवितम् ।
वपुः परोपकाराय, धारयंति मनीषिणः ।

ભાવાર્થ—પંડિત પુરૂષોનું શિખેલું શાસ્ત્ર સદ્‌બોધને માટે થાય છે અને ધન દાનને માટે હોય છે. તેમનું જીવન ધર્મ કરવા માટે અને શરીર પરોપકાર માટે તેઓ ધારણ કરે છે—જ્યારે સ્વાર્થીઓનો રાહ જુદો હોય છે.

વૈદ્યરાજ શેઠને ત્યાં રહીને અનુકુળ સમયની રાહ જોતો પોતાનો કાળ વ્યતીત કરવા લાગ્યો. અગીયારમા દિવસે રાજબાળા કનકકુમારી પિતાની આજ્ઞા મેળવી કાષ્ઠભક્ષણ કરવાને ચાલી. તે નિમિત્તે વાજીંત્રના નાદ અનેક થવા લાગ્યા. અનેક સ્ત્રીઓ ઘરનાં કામકાજ છોડી રાજબાળાનાં છેવટનાં દર્શન કરવા ચાલી. પડહની ઉદ્‌ઘોષણા અને જનકોલાહલ સાંભળી વૈદ્યે શેઠને પૂછયું, "આજે આ બધું છે શું ?"

શેઠને બહાર જવાનું હોવાથી ઉતાવળથી એણે કહ્યું, "રાજબાળા કનકકુમારી પ્રજ્ઞાચક્ષુવાળી (અંધ) છે. તેને કોઇ પણ ઉપાયે સારૂં ન થવાથી નિરાશ થઈ આજે તે બાળા કાષ્ઠભક્ષણ કરવા જાય છે, તેનો કોલાહલ છે !"

શેઠની વાત સાંભળી વૈદ્યે માથું ધુણાવવા માંડયું.

વૈદ્યને મસ્તક ધુણાવતો જોઈ શેઠ બોલ્યો, "કેમ, કાંઇ એની ચિકિત્સા તમે જાણો છો ? જાણતા હો તો ઝટ કહો !

કહો એ બાળાને બચાવી શકાશે?"

"કેમ નહિ! એ પટહનો સ્પર્શ કરો!" વૈદ્યે શેઠને કહ્યું.

વૈદ્યના કહેવાથી શેઠે પટહનો સ્પર્શ કર્યો. રાજસેવકોએ તરતજ રાજાને એ વાત નિવેદન કરવાથી રાજાએ તાબડતોબ શેઠને બોલાવ્યા. શેઠે રાજાની પાસે હાજર થઈ અરજ કરી, "કૃપાનાથ! આપ રાજબાળાને પાછાં વાળો! મારે ઘેર એક પરદેશી વૈદ્ય આવ્યા છે, તે જરૂર રાજબાળાને દેખતાં કરશે!"

શેઠની વાત સાંભળી રાજા આનંદ પામતો બોલ્યો, "તમને ખાતરી છે કે?"

"હા! મહારાજ! પણ રાજકુમારી આંખે દેખતાં થાય તો આપ શું આપશો, એમ વૈદ્યે મારી મારફતે આપને પૂછાવ્યું છે."

"મારૂં અર્ધ સામ્રાજ્ય?" રાજાએ કહ્યું.

રાજાએ વૈદ્યને પોતાની પાસે હાજર કરવા માટે શેઠને તરતજ રવાના કર્યા. પોતે મંત્રીઓ-પરિવાર સાથે પુત્રી પાસે જઇ મહામુશ્કેલીએ તેને સમજાવી પાછી વાળી, રાજા પુત્રીને લઇને રાજમહેલમાં આવ્યો. શેઠ પણ વૈદ્યની સાથે આવી પહોંચ્યા ને રાજા પાસે વૈદ્યને હાજર કર્યો. રાજા વૈદ્યની સાથે રાજકુમારી પાસે આવ્યો. એ વૈદ્યે રાજકુમારીને જોઇ અનેક પ્રકારે ચિકિત્સા કરી; કારણકે જગતમાં આડંબર વગર કાર્ય સિદ્ધ થતું નથી. વૈદ્યે રાજકુળને શોભે તેવા અનેક આડંબરપૂર્વક અમૃતવલ્લીના રસમિશ્રિત ગુટિકાનું ચુર્ણ રાજબાળાની આંખોમાં ભર્યું. થોડી વારે રાજબાળાને નવી લોચનની જેમ આંખોમાં તેજ પ્રગટ થયું ને દિવસે તારા જોવા લાગી. માત પિતા આદિ પરિવારને

તથા વૈદ્યરાજને પણ જોયો. વૈદ્યરાજની સંપૂર્ણ દેહકાંતિથી રાજબાળા ક્ષોભ પામી ગઈ. રાજપુત્રીને લોચન પ્રગટ થવાથી નગરીમાં આનંદ છવાઈ રહ્યો. વૈદ્યરાજની અપૂર્વ દેહકાંતિથી રાજબાળા ક્ષોભ પામી અને પિતા પ્રત્યે બોલી.

"પિતાજી! જો મારાં લગ્ન કરવાને ઇચ્છતા હો તો જેણે મારાં લોચન પ્રગટ કર્યાં, તેની જ સાથે મારો હસ્તમેલાપ કરાવો!"

"એ વૈદ્યની કુળ-જ્ઞાતિ કે વંશ જાણ્યા વગર એને રાજકન્યા શી રીતે અપાય?"

રાજાનો જવાબ સાંભળી કન્યા બોલી, "તો પિતાજી! મને અગ્નિભક્ષણ કરવાની રજા આપો. મારે આ ભવમાં કાં તો એ વૈદ્યનું શરણ, કાં તો અગ્નિનું!"

રાજાએ પોતાના મંત્રીઓને આજ્ઞા કરી. "મારી નજર આગળથી આ કન્યાને દૂર લઈ જાઓ અને પેલા વૈદ્યરાજ સાથે એને પરણાવી દો કે એના કર્મનાં ફળ એ ભોગવે! અર્ધ રાજ્યમાં જે દુષ્ટ રાજાઓ આપણી આજ્ઞા માનતા નથી એ બધાય દેશો એને આપી દેજો!"

મંત્રીઓ કન્યાને લઈને નગરીની બહાર ઉદ્યાનમાં આવ્યા. ત્યાં રાજાના મહેલમાં વૈદ્ય અને રાજબાળા કનકકુમારીનાં લગ્ન કરી દીધાં. કેટલીક લક્ષ્મી-દ્રવ્ય આપી રાજાએ કહેલા દેશો અર્ધ રાજ્ય વૈદ્યરાજને આપી દીધાં. એવી રીતે રાજાનો આજ્ઞાનો અમલ કરી મંત્રીઓ પોતાના સ્થાનકે ગયા. રાજાએ આપેલા દ્રવ્યથી વૈદ્યરાજે એક મોટો મનોહર રાજમહેલ ચિત્રશાળા આદિથી શોભતો બનાવી તેમાં નિવાસ કર્યો.

વૈદ્યરાજે પોતાના અર્ધ રાજ્યના રાજાઓની પાસે એક લેખ આપીને દૂતને મોકલ્યો. "હું વૈદ્ય ભાગ્યયોગે

કનકસેન રાજાની કુંવરીને પરણેલો છું, ને રાજાએ મને શરત પ્રમાણે અર્ધ રાજ્ય આપવાથી તમે બધા આજથી મારી આજ્ઞા તળે આવેલા છો. તો નવા રાજાની પાસે નજરાણું કરી, નમસ્કાર કરી તેની આજ્ઞાને હવે તમે ધારણ કરો!"

વૈદ્યરાજનો આ લેખ દૂતે અર્ધ રાજ્યના દરેક રાજાઓને બતાવ્યો. દૂતને રજા આપ્યા પછી દરેક રાજાઓ એકત્ર મળીને વિચાર કરવા લાગ્યા, "ઉત્તમ ભોગ તેમજ રાજકુળમાં જન્મેલા આપણે આજ સુધી કોઈની આજ્ઞા માની નથી. આ નવા રાજા થયેલા વૈદ્યની અધમતા તો જુઓ! જેના કુળ કે વંશની તો કોઈને ખબર નથી; રાજાએ ન છુટકે કન્યા આપવાથી તે આપણી ઉપર હકુમત ભોગવવા નીકળ્યો છે તે!"

રાજાઓએ મંત્રણા કરી એક લેખ લખી આપી એક દૂતને પેલા વૈદ્યરાજ પાસે મોકલ્યો. દૂતે એ લેખ વૈદ્યરાજને આપ્યો. વૈદ્યરાજ એ લેખ વાંચી ક્રોધથી રાતો પીળો થઇ ગયો. દૂતે પણ વચનો દ્વારા સંદેશો પાઠવતાં તેમનાક્રોધમાં વધારો કર્યો.

"અમારા રાજાઓએ મંત્રણા કરી તમને કહેવડાવ્યું છે કે, તમારી આજ્ઞા અમે માનવાને તૈયાર નથી. તમારામાં શક્તિ હોય તો યુદ્ધ કરવાને તૈયાર થાઓ! નહિંતર જે મળ્યું છે તેમાં સંતોષ માનો, વૈદ્યરાજ!"

ધીરજથી દૂતનાં વચન સાંભળી વૈદ્યરાજે દૂતને રવાના કરી દીધો; દૂતના ગયા પછી ખડ્ગ ધારણ કરીને પોતે એકાકી અદૃશ્ય થઇને નીકળ્યો.

શત્રુરાજાઓના અગ્રેસર ધીરસિંહના દેશમાં આવી, તે એના નગરમાં પેઠો; રાત્રીના સમયે અદૃશ્યપણે એના મહેલમાં પ્રવેશ કરી પલંગ ઉપર સુખે પોઢેલા અને

મંદમંદ વાયુની શીતળ લહેરીઓની મીઠાશ અનુભવતા નિંદ્રિત ધીરસિંહને ગળે પોતાની તલવારની અણીને ચોંડાડતો હાકોટ્યો, "ઉઠ! ઉઠ! મારી સાથે યુદ્ધ કર!"

"કોણ?" કોઈ દિવસે નહિ સાંભળેલો સિંહના જેવો હાકોટો–પડકાર સાંભળી ધીરસિંહ ઝબકીને ઉઠ્યો, અને અચાનક આ આકૃત જોઈ ધીરસિંહ ભયથી વ્યાકુલ બની જઈ શત્રુના તાપને જોઈ દંગ થઈ ગયો. અને બોલ્યો, કોણ?

"હું વૈદરાજ!" પ્રભાવશાળી સ્વરથી જવાબ આવ્યો.

પ્રકરણ ૨૭ મું

ઉપકાર પર અપકાર

वने रणे शत्रु जलाग्निमध्ये, महार्णवे पर्वतमस्तके वा।
सप्तं प्रमत्तं विषम स्थितं वा, रक्षंति पुन्यानि पुराकृतानि॥

ભાવાર્થ—વનમાં, અરણ્યમાં કે શત્રુઓની મધ્યમાં, જલમાં કે અગ્નિની ભયંકર જવાળાઓમાં, પર્વતમાં કે ભયંકર સમુદ્રમાં, સૂતાં જાગતાં કે પ્રમાદીપણામાં અથવા તો ગમે તેવી ભયંકર સ્થિતિમાં પરભવનું કરેલું પુણ્ય પ્રાણીઓનું—મનુષ્યોનું રક્ષણ કરે છે.

રાજાની કુંવરીને પરણી ઘરજમાઇ થયેલા પેલા વૈદને કહ્યું, "હોશિયાર!" ઘુનમાં આવી ધીરસિંહે એ પલંગ ઉપર પડેલી પોતાની તલવાર ઉપાડી મ્યાનમાંથી બહાર ખેંચી કાઢી.

બન્ને જણા જીવ ઉપર આવી એકબીજાના જીવના તરસ્યા થઈ ટ્રાટક્યા. વૈદને સમય ચુમાવવો પાલવે તેમ ન હોવાથી ધીરસિંહની તલવાર ઉપર ઘા કરી તેના બે ટુકડા કરી નાખ્યા. તે સાથે વૈદે ધીરસિંહ ઉપર કુદી એને કમરમાંથી પકડી જમીન ઉપર પછાડ્યો ને એની વિશાળ છાતી ઉપર ચડી બેસી "તારા ઇષ્ટદેવને સંભાર!" એમ કહી

તલવારની અણી એના ગળામાં ઘોંચી. ભયથી કંપતો અને મોતથી ડરતો ધીરસિંહ બોલ્યો, "હે વૈદ્યરાજ! તમારે શરણે છું. તમારી આજ્ઞા હું મસ્તકે ચઢાવું છું."

ધીરસિંહને નમેલો—નમ્ર થયેલો જાણી વૈદ્યરાજે પોતાના સકંજામાંથી એને મુક્ત કર્યો. "કાલે સવારે તારા પરિવાર સાથે ભેટ લઈ મારા નગરમાં આવીને મારા ચરણમાં નમ! નહિ તો આ તલવાર તારી ગરદન ઉપર ફરી પડશે."

વૈદ્યરાજ ધીરસિંહને જવાબ સાંભળ્યા વગર ત્યાંથી અદૃશ્ય થઇ ગયો. ધીરસિંહ તો વૈદ્યની આવી શક્તિથી અજાયબ થઈ ગયો. ત્યાં એકત્ર થયેલા રાજાઓની ખબર લઇને વૈદ્યરાજ પ્રાતઃકાળ થતાં તો પોતાના મહેલમાં હાજર થઇ ગયો. સર્વે સેવકોને બોલાવી વૈદ્યરાજે કહ્યું, "અરે! સેવકો! આ ચિત્રશાળાને મનોહર રીતે શણગારો; સુંદર ચિત્રો, તોરણ, ધ્વજા, પતાકાઓથી રમણીય બનાવો, જ્યાં મારા તાબેદાર રાજાઓ આવીને મારો આગળ ઉપહાર—ભેટો મૂકીને મને નમશે." વૈદ્યની વાત સાંભળી રાજસેવકો અજાબ થયા.

વૈદ્યરાજની આજ્ઞા પાળીને રાજ્યમાંથી તેમજ નગરમાંથી વસ્તુઓ લાવી ચિત્રશાળા તેમજ એ મનોહર મહેલને રાજસેવકો તેમજ વૈદ્યસેવકો શણગારવા લાગ્યા. કેટલાક સેવકોને પાન, તંબોલ વસ્ત્ર આદિ ખરીદવાને મોકલ્યા. વૈદ્યરાજની આ ચંચળતા રાજાના સેવકોએ રાજાને કહેવાથી રાજાએ મંત્રીઓને પૂછ્યું, "અરે, આ જમાઇ ગાંડો થયો છે કે શું? તેની પાસે હાથીઓ નથી. અશ્વો નથી, સૈન્ય નથી, ચાકરો નથી અને કહે છે કે રાજાઓ મને નમવાને આવે છે."

રાજાનો જવાબ સાંભળી મંત્રીઓ બોલ્યા, "બાપુ! ગાંડાઇ નહિ તો બીજું શું? રાજબાળાનાં ભાગ્ય!"

રાજાએ કનકકુમારીને કહેવડાવ્યું કે, "આ તારો વર તે ગાંડો થઈ ગયો છે કે શું? આ બધી નકામી ધામધૂમ-તોફાન શું કરવા કરે છે?"

રાજાના જવાબમાં પુત્રીએ કહેવડાવ્યું, કે "મારા પતિ જે કરતા હશે તે વિચાર કરીને જ કરતા હશે."

મધ્યાહ્ન સમયે પોતાના અર્ધ રાજ્યના રાજાઓ પોત-પોતાના પરિવાર સાથે કનકપુર—કંકાવટીના ઉદ્યાનમાં આવ્યા ને બધી કંકાવટી ખળભળી ગઈ. રાજા અને મંત્રીઓ ફાટી આંખે જોઈ રહ્યા. "આ તે શું? શું બધા સંપ કરીને કંકાવટી ભાગવા આવ્યા છે કે જમાઈની ગાંડાઇ દૂર કરવા? જમાઈનું તો ગમે તે થાય, પણ કદાચ મારી પુત્રીને ઉપાડી જશે તો મારી આબરૂ શી?"

અનેક વિચારોનાં મોજાં રાજાના મગજમાં અથડાતાં હતાં. રાજા કંઈક નિશ્ચય ઉપર આવતો હતો, તે દરમિયાન બહાર ઉદ્યાનમાં રાજમહેલની ચિત્રશાળામાં આવીને સિંહાસને બેઠેલા વૈદ્યરાજની આગળ ભેટણું ધરીને બધા રાજાઓ નમ્યા, તે વૈદ્યરાજની આજ્ઞા શિરોમાન્ય કરી. વૈદ્યરાજે પણ તેમને પાન તંબોળ તેમજ વસ્ત્ર-શેલાં, પાઘડી, તલવાર વિગેરે ભેટ આપી તેમને સન્માન્યા.

આ બધું જોઇ રાજા અજાયબ થયો, "ઓહો! આવા બળવાન શત્રુઓએ વૈદ્યની આજ્ઞા માન્ય કરી શું! અથવા તો એ બધુંય શક્ય છે? નીચ પણ ઉચ્ચ પદ પ્રાપ્ત કરીને જગતમાં શું નથી પૂજાતો? આ બધોય મારી કન્યાના પુણ્યનો પ્રતાપ! રાજસુતાને પરણેલો હોવાથી આ નીચ બધાને આડંબરથી આંજી નાખે છે." વૈદ્યરાજની

અતુલનીય શક્તિને નહિ જાણનારો રાજા એથી બીજો શું વિચાર કરે ?

સમુદ્રના કિનારે આવેલી કંકાવટી નગરીમાં સુખ-શાંતિથી કાલ વ્યતીત કરતો વૈદ્યરાજ એક દિવસ પોતાના સેવકો સાથે સમુદ્ર ઉપર ફરવાને આવ્યો, તે સમયે પાટિયા સાથે ઝાડોએ..., આકુળવ્યાકુળ બનેલો ને બુમો પાડતો એક પુરૂષ સમુદ્રમાં તણાતો એણે જોયો. દયા લાવીને વૈદ્યે તે પુરૂષને પોતાના સેવકોદ્વારા બહાર કઢાવ્યો; પોતાના સ્થાનકે લાવીને કેટલાક ઉપચાર કરાવી તે પુરૂષને સજ્જ કર્યો.

એ સજ્જ થયેલા પુરૂષને વૈદ્યે પૂછ્યું, " તમે ક્યાંથી આવો છો ? ને આ સમુદ્રમાં શી રીતે પડ્યા ?

" અવંતીનગરીના વીરશ્રેષ્ઠીનો ભીમ નામનો પુત્ર ધન કમાવા માટે કરિયાણાનાં વહાણ ભરી સમુદ્ર માર્ગે જતો હતો. દૈવયોગે મારૂં વહાણ સમુદ્રમાં ભાગ્યું ને પાટિયાના અવલંબનથી સમુદ્રમાં અથડાતો તમે મને બહાર કાઢયો." આ રીતે ભીમે પોતાની કહાણી ટુંકમાં કહી સંભળાવી.

ભીમના કથનથી વૈદ્યરાજને પણ પોતાનો દેશ સાંભર્યો. રાત્રિને સમયે કનકકુમારીને પોતાની બધી હકીકત કહી સંભળાવી. બીજા દિવસના પ્રાતઃકાળે તેણે તેને વતન જવાની તૈયારી કરતાં પોતાની માલ મિલકત ભરવા માટે અનેક વહાણો તૈયાર કર્યાં ને કનકકુમારીને માતાપિતાની રજા લેવા મોકલી. પતિના કહેવાથી આશ્ચર્ય પામેલી કનકકુમારીએ પિતા પાસે જઇને રજા માગી, " હે પિતાજી ! અમે અમારે વતન જઇએ છીએ. મને તેમણે તમારી રજા લેવા મોકલી છે. તો આપશ્રી મને આશીષ આપો ? બાપુ !

અવંતીનું નામ સાંભળી રાજા કનકસેન ચમકયો. "અવંતી! તારો પતિ અવંતીમાં રહે છે શું? અવંતીનો કોઈ શેઠ શાહુકાર છે કે વૈદ્ય?"

"એકેય નહિ." કનકકુમારી મૃદુ હસતાં બોલી.

"ત્યારે?" રાજાએ ધડકતે હૈયે પૂછયું.

"એ છે અવંતીના રાજકુમાર!"

કનકકુમારીની આ વાત સાંભળી રાજા આભો બની ગયો. "શું વિક્રમચરિત્ર?"

"હા! પિતાજી!" પુત્રીનો જવાબ સાંભળી રાજાએ મંત્રીઓને મોકલી વિક્રમચરિત્રને પોતાની પાસે તેડાવી પોતાનો અપરાધ ખમાવ્યો; પોતાનું રાજ્ય આપવા માંડયું. "મહાનુભાવ! તારા સિવાય આ દુર્જય રાજાઓને કોણ વશ કરે?" રાજાએ અનેક આજીજી કરીને કહ્યું.

પણ વતન જવાની કુમારની તીવ્ર અભિલાષાથી રાજાએ રજા આપી. પુત્રીને કરિયાવરમાં અનેક હીરા માણેક, વસ્ત્રાભૂષણ, નોકરચાકર, સખીઓ આપી પોતાના તરફથી બત્રીસ વહાણો તૈયાર કર્યાં. એક દિવસ શુભ મુહૂર્ત જોઈ વિક્રમચરિત્ર પોતાની પત્ની કનકકુમારી તેમજ ભીમ મિત્ર ને બીજા પરિવાર સાથે કંકાવટીને પ્રણામ કરી પોતાના સાસુસસરાને મળી ભેટી રવાને થયો, સમુદ્રમાં પવનનો અનુકૂળતા પામીને વહાણો સડસડાટ અવંતી તરફ ચાલવા લાગ્યાં.

સમુદ્રમાં તરફડીને મરી જતા બચાવેલા ભીમની દાનત કનકકુમારીને જોઈને બગડી. આવી પ્રિયા શી રીતે મળે? કોઈ ઉપાયે રાજમારને સમુદ્રમાં પધરાવું તો જ આ બધી દોલત ને રાજ મને મળે."

વહાણના છેલ્લા પાટિયા ઉપર હવા ખાવા આવેલો

સમુદ્રનાં ગંભીર અને ભયકારક મોજાંઓને નિહાળતો, કાનના પડદા ફાડી નાખે તેવી ગર્જનાને સાંભળતો; ભીમ બોલ્યો, "કુમાર! કુમાર! આ ચાર મુખવાળો માછલો જેવો હોય તો?"

ભીમની બુમ સાંભળી રાજકુમાર મત્સ્ય જોવાને આવ્યો. નીચે દૃષ્ટિ કરી જેવો જોવા જાય છે, તેવો જ ભીમના એક જોર ભર્યા ધક્કા સાથે સમુદ્રમાં અદૃષ્ય થઈ ગયો. પછી ભીમ બુમે બુમ પાડવા લાગ્યો, "અરે, કોઈ આવો! રાજકુમારને બચાવો!"

બધાય વહાણોના માણસો ભેગા થઈ ગયા. પણ એ વિશાળ સમુદ્રને તળિયે ગયેલા રાજકુમારની ખબર લેવા કોણ જાય? હૃદયભેદક રૂદન કરતા ભીમને સર્વેએ સમજાવી શાંત કર્યો એ ઉપકારને બદલે અપકાર કરનારો ભીમ ખરેખર ભયંકર નીવડ્યો. લોકોને બતાવવાની ખાતર જ જે રૂદન કરતો હોય એના હૈયામાં તે શી લાગણી હોય! કનકકુમારી પણ આ વાત સાંભળી મૂર્ચ્છિત થઈ ગઈ. સખીઓએ શીતોપચારથી એને સજ્જ કરી ધીરજ આપી, છતાં એના હૈયામાં દાવાનળ સળગી રહ્યો હતો. જીવન એને મન ઝેર સમાન થઈ ગયું હતું. "અરેરે દૈવ! આ તેં શો ગજબ કર્યો!"

ભીમે દ્રવ્યથી અનેક સેવકોને પોતાને સ્વાધીન કર્યા, ને વહાણ આગળ ચાલવા માંડ્યાં. રાજકુંવરની જગ્યાએ બધોય કારભાર ભીમ કરવા લાગ્યો. કનકકુમારી પાસે આવી દિલાસો આપી તેણીને શાંત કરતાં કહ્યું, "બાળે! તારી દરેક અભિલાષા હું પૂરી કરીશ. તારા પતિના વિજોગે તારા કોડ હું પૂરા કરીશ."

ભીમનાં વિષ જેવાં ભયંકર વચન સાંભળી કનકકુ-

મારી ચમકી, "ચૂપ! અધર્મી ફરી બોલીશ તો જીભ કચડીને મરી જઇશ. સુખે સુખે મને અવંતી લઇ જા. આ બધું તારું જ કૃત્ય છે, પણ હું તો પતિના વિજોગે કાષ્ઠભક્ષણ કરીશ."

બાળાની નિશ્ચળતા જોઈ ભીમ કંપ્યો. "હશે, અવંતીમાં આવી મારા વિશાળ મહાલયમાં પ્રવેશ કરશે ત્યારે તેના વિચારો ફરશે. એ તો વાગશે તેવા ઢેરાશે." મનમાં વિચાર કરી ભીમ પોતાના ભયંકર નિશ્ચય સાથે પાછો ફર્યો. વહાણ આગળ ને આગળ ચાલવા લાગ્યાં. ગરીબ કનકકુમારી ઉપર આજે તો દુઃખનાં ઝાડ ઉગ્યાં હતાં. અકસ્માત્ વિધિએ શું હતું ને શું કરી નાખ્યું.

રાજકુમાર સમુદ્રમાં પડ્યો કે તરત જ એક મોટો મગર આવીને તેને ગળી ગયો એક પરાક્રમી નરને ગળી જવાથી બેચેન બનેલો મગર સમુદ્રનાં મોજાં સાથે મસ્તી કરતો ને શ્રમિત થયેલો, કોઇ નગરની નજીક સમુદ્રને કિનારે આવીને પડ્યો. એ નિરાંતે પડેલા મગરને ધીવરોએ–મચ્છીમારોએ જોયો ને એનો શિકાર કરવાને ઉપડ્યા. એ નિર્દય પુરૂષોએ આરામ લેતા મગરની શાંતિનો નાશ કરી નાખ્યો. મગરનું પેટ ચીરી નાખ્યું ને અંદર રહેલા એક સુંદર પુરૂષને જોઇ ચમક્યા. એ બેભાન પુરૂષનો જીવ ફક્ત આયુષ્યના બળથીજ રહેલો હોવાથી ધીવરોએ અનેક ઉપચાર કરીને એને સાવધ કર્યો ને પેલો મગર તો આ સંસારની મુસાફરી પૂરી કરી પાપનો હિસાબ ચુકવવાને ચાલ્યો ગયો. ધીવરોએ સજ્જ કરેલો વૈદ્ય, પોતાને જંગલમાં સમુદ્રના કાંઠે ધીવરોની સન્મુખ જોઈ મનમાં વિચાર કરવા લાગ્યો, "દુષ્ટ ભીમે મારી લક્ષ્મીમાં લોભાઈ મને સમુદ્રમાં નાખી દીધો; વિધિની રમત તો જુઓ! મારા જીવનમાં એણે કંઈ કંઈ ખેલ કરી નાખ્યા. સમુદ્રમાં મગરના મુખમાં પડેલો હું, દૈવની કૃપાથી જ

માત્ર જીવતો રહ્યો; બાકી તો લોભથી માણસ શું શું પાપ નથી કરતો ?

વૈદ્ય બનેલો વિક્રમચરિત્ર ધીવરોનો ઉપકાર માનતો પોતાની પાસે જે કાંઈ આભૂષણ હતું તે ધીવરોને આપી દઇ ત્યાંથી આગળ ચાલ્યો. પોતાની ભાગ્યની પરીક્ષા કરતો તે અવંતીના સીમાડે આવ્યો. પણ આવી તંગ હાલતમાં પિતાની પાસે જવું ઠીક ન જણાયાથી તે અવંતીમાં એક માળીને ત્યાં રહ્યો, ને ભીમના આવાગમનની રાહ જોવા લાગ્યો ! માળી તેને એક સામાન્ય વૈદ્ય તરીકે જ જાણતો હતો; કારણકે માણસે સમયને આધીન થવું જ જોઇએ. એક વખતનો પરાક્રમી આજે સમયને માન આપી પોતાની જાતને છુપાવી તે વૈદ્ય તરીકે ઓળખાવા લાગ્યો; વિધિ હવે શું શું નાટક કરે છે તેનો તમાસો જોવા લાગ્યો. એના મનમાં તો હતું જ કે, "જીવતો નર ભદ્રા પામે"

પ્રકરણ ૨૮ મું

વતનમાં

संपदि यस्य न हर्षो विपदिविषादो रणे च धीरत्वम् ।
तं भुवनत्रयतिलकं, जनयति जननी सुतं विरलम् ॥

ભાવાર્થ—સંપત્તિમાં જેને હર્ષ નથી તેમજ દુઃખમાં જે ગભરાઇ જતો નથી, અને યુદ્ધને વિષે નહિ ગભરાતાં ધીરજથી શત્રુઓનો સામનો કરે છે; એવા ત્રણ ભુવનમાં તિલક સમાન વિરલા પુત્રને કોઇક જ માતા જન્મ આપે છે.

સાગરની લહેરોની હવા ખાતો તે મનમાં અનેક સુખ સ્વપ્નાંઓને નિહાળતો, ઉપકાર ઉપર અપકાર કરનારો ભયંકર ભીમ સમુદ્રની મુસાફરી કરતો અવંતી તરફ જલ્દીથી આવતો હતો.

મફતના મળેલ દ્રવ્યમાં લુબ્ધ બનેલો, ને એ ભયંકર ગુન્હાની પરવા નહિ કરતો, ભવિષ્યમાં આવનારી આફતને નહિ જોતો તે ફક્ત વર્તમાનકાળનો જ વિચાર કરતો હતો. વિશ્વાસુ અને ઠગનાર એવો વિશ્વાસઘાતી મનમાં અનેક વિચાર કરતો ભીમ લક્ષ્મીના અને કનકકુમારીના એ બન્ને મોહમાં દીવાનો જેવો બની ગયો હતો. સતી કનકકુમારીનું યૌવન લુંટવાની ઇચ્છા કરનાર, ભયંકર ભાવી અનર્થોને નહિ જાણતો તે મનમાં અનેક મીઠાં સ્વપ્નો રચતો હતો. એ વહાણો દરિયામાંથી ક્ષીપ્રાના પ્રવાહમાં થઇ ને અવંતીના બારામાં આવી પહોંચ્યાં. પોતાનું શહેર આવવાથી ખુશી થતા ભીમે અવંતીના બારામાં વહાણો નાંગર્યાં, પોતાના પિતા તરીકે વીરશ્રેષ્ઠીને સમાચાર પહોંચાડ્યા, ને વહાણોને ત્યાં નદીના આરે રાખી પિતાને મળવા હર્ષભેર ઘેર દોડી આવ્યો. પિતાને મળી માતા વિગેરે સ્વજનવર્ગને મળ્યો. પોતાની લક્ષ્મી દેખાડવા પિતા વીરશ્રેષ્ઠીને નદીને કિનારે વહાણો ઉપર તેડી લાવ્યો. આવડી મોટી દૌલત, લક્ષ્મી, રમા અને રામાને જોઈ પોતાના પુત્રના પરાક્રમ ઉપર કયો પિતા પ્રસન્ન ન થાય?

આ વહાણોમાંથી સમૃદ્ધિ મકાને લાવવા માટે અનેક વાહનો તૈયાર કર્યાં. ઘણી મહેનતે એ સમૃદ્ધિ લાવીને શ્રેણીએ પોતાનાં મકાનો ભરી દીધાં. એક ખાસ મકાન કનકકુમારી માટે જુદું એને રહેવાને આપ્યું. ત્યાં તે પોતાની સખીઓ સાથે રહેવા લાગી ને એ દુષ્ટ સામું પણ જોતી પણ નહિ. પોતાની પાસે આવવાની પણ તેને ના ફરમાવી; અને પોતાને માટે હવે કયો રસ્તો લેવો તેનો વિચાર કરવા લાગી. "સ્વામીના વિજોગે રાજની આજ્ઞા મેળવી શું કાષ્ટભક્ષણ કરું કે શું કરું?" લક્ષ્મીના મદથી ગર્વિષ્ઠ બનેલો ભીમ

પણ કનકકુમારીને વશ કરવાને અનેક તદબીર-ઉપાય કરવા લાગ્યો, છતાં તેનો એકે ઉપાય સફળ થયો નહિ.

વિક્રમચરિત્રના એકાએક ગુમ થવાથી રાજા વિક્રમ અને રાણીઓ શોકાતુર થઇ ગઈ હતી. એની તપાસ માટે સૈનિકોની ફોજો રવાના કરવામાં આવી, પણ રાજકુમારનો પત્તો ન લાગવાથી રાજા હંમેશાં ચિંતાતુર રહેતો હતો. ઘણો સમય થઈ જવા છતાં પુત્રની કોઈ ભાળ નહિ મળવાથી વિક્રમચરિત્રની પત્નીઓ સુભદ્રા અને રૂપકુમારી કાષ્ઠભક્ષણ કરવાને તૈયાર થઈ ને રાજા પાસેથી રજા મેળવવા લાગી. શોકથી વ્યાકુળ થયેલો રાજા પુત્રવધૂઓને અનેક રીતે સમજાવવા લાગ્યો. "દીકરીઓ! તમારા પુણ્યપ્રભાવથી મારો પુત્ર ક્ષેમકુશળ પાછો આવશે. અરે ગમે ત્યારે કોઈ ને કોઈના પુણ્યે પણ આવશે. ઉતાવળ કરી આત્મહત્યા કરવાથી કાંઇ ફાયદો નથી. મરવાનો વિચાર છોડી ધર્મકાર્યમાં તમારા ચિત્તને જોડો, દાનપુણ્ય કરી તમારા સ્વામીનો માર્ગ સુખરૂપ થાય તેમ કરો!"

પેલો સોમદંત રખડતો ભટકતો કેટલેક દિવસે અવંતીમાં આવી પહોંચ્યો. તેણે રાજાની આગળ આવી રાજકુમારના અંધ થવા સંબંધી સાચીખોટી હકીકત કહી સંભળાવી. રાજકુટુંબના શોકમાં તેણે આવી અતિશય વધારો કર્યો. "મારા ના કહેવા છતાં એમણે પોતાની આંખો ફોડી નાંખી. એ ભયંકર જંગલ હિંસક પ્રાણીઓથી ભરપુર હોવાથી ગમે તેવા બળવાનથી પણ એક દિવસ ત્યાં રહેવાય નહિ. મનુષ્યની ગંધને અનુસારે તરાપ મારનારાં હિંસક જાનવરોના પંજામાંથી કોણ છટકી શકે? ન જાણે કે એ અંધ રાજકુમારનું શું થયું હશે? અરેરે! એ મિત્ર વગર મારું શું થશે?"

સોમદંતની કરૂણ કથાથી આકુળવ્યાકુળ થયેલું રાજ-

કુટુંબ રુદન કરવા લાગ્યું. એની માતા સુકુમારી, સુભદ્રા, રૂપકુમારી બેફાટ રુદન કરતાં હૈયાંમાથાં કૂટવા લાગ્યાં, "અરેરે! દૈવ! તેં શો કોપ કર્યો? વિધાતા! તું વેરણ થઈ આ શું કરવા બેઠી? કયા ભવના પાપ અમારે ઉદય આવ્યાં?" રાજાએ સર્વને શાંત કર્યાં.

શોકાગ્રસ્ત થયેલો રાજા વિક્રમ દરબાર ભરીને રાજ-સભામાં બેઠો હતો તેણે મંત્રીઓ સાથે વિચાર કરી નિમિત્તના જાણકાર હોશિયાર નિમિત્તિયાને બોલાવ્યો. રાજસભામાં એનો આદરસત્કાર કરી રાજાએ પૂછયું, "હે દૈવજ્ઞ! મારો પુત્ર મને ક્ષેમકુશળ ક્યારે મળશે? તે બરાબર વિચાર કરી કહો!"

રાજા વિક્રમાદિત્યનાં વચન સાંભળી દૈવજ્ઞે પોતાનાં પોથીપાનાં ફેરવવા માંડયાં, ગણિત કરવા શરૂ કર્યાં, આંગુલીના વેઢાઓથી ગણના કરી પાટી અને પેનવતી ગણતરી કરવા માંડી. જે જે પ્રકારે નિમિત્ત જોવાનું હતું, તે દરેક રીતે જોઇ નિશ્ચય કરી તે મસ્તક ધુણાવવા લાગ્યો. રાજા ક્ષોભ પામતો પામતો બોલ્યો, "અરે પંડિત! તમારા જાણવામાં જે આવતું હોય તે જ જરાપણ ભય રાખ્યા વગર આ સભામાં જાહેર કરો! મારા ભયથી સત્ય હકીકતથી ક્ષણભર માટે મને તે બધાને રાજી કરશો નહિ, સત્ય હોય તે કહો!"

બરાબર નિમિત્ત પરીક્ષા કરી દૈવજ્ઞ બોલ્યો, "હે કૃપાનાથ! આપનું ભાગ્ય અદ્‌ભૂત છે! રાજકુમાર ક્ષેમકુશળ છે અને તે આજકાલ યા પરમદિવસે આપને મળવા જોઈએ, અને તે પૂર્વદિશા તરફથી આવવા જોઇએ."

"એ શરીરે તો કુશળ છે ને? કુમાર અંધ થયેલો એવી વાત અમે સાંભળી છે તો તે કેવી હાલતમાં અમોને

મળશે ?" રાજાએ ધડકતે હૈયે પૂછયું.

" કુમાર સહિસલામત અને સજ્જ નેત્રવાળા આપને જરૂર મલશે. ને તેની આપને ત્રણ દિવસમાં ખાતરી થઇ જશે." એમ કહી દૈવજ્ઞે પોતાનાં પોથીપાનાં સમેટી લીધાં. રાજાએ વસ્ત્રાભૂષણ આપી નિમિત્તિયાનો સત્કાર કરી વિદાય કર્યો ને હુર્ષમાં આવેલા રાજાએ મંત્રીઓને આદેશ આપ્યો કે, " પટહ વગડાવી ઉદ્‌ઘોષણા કરાવો કે, રાજકુમારની જે કોઇ ખબર કે તેના આવવાના સમાચાર આપશે તેને રાજા પોતાનું અર્ધરાજ્ય આપશે." રાજાના હુકમ પ્રમાણે મંત્રીઓએ રાજસેવકોને પટહઘોષણા કરવા સારૂ નગરમાં રવાના કર્યો. સારાય અવંતીમાં એ પટહની ઉદ્‌ઘોષણા થવા લાગી, અર્ધરાજ્યની આશાએ રાજકુમારની ભાળ મેળવવા સારૂ નગરીના લોકો ચારે કોર ધોડધામ કરવા લાગ્યા; નગરીના લોકોમાં આ કામ કરવાની સ્ફુર્તિ આવી ગઇ.

માલણને ત્યાં રહેલા વૈદ્યે નગરીમાં આ ધામધૂમ સાંભળી માલણને પૂછયું, " આજે નગરીમાં શી નવાજુની છે ! રાજા હુમણાં શું કરે છે ? "

" હુમણાં હુમણાં નગરીમાં બહુ નવાજુની બની ગઇ છે, ને બન્યા કરે છે વૈદ્યરાજ ! તમારે શી ખબર જાણવી છે ? આ પટહ વાગે છે તે ? અમારા રાજકુમાર ગુમ થઇ ગયા છે, તેના આવવાના સમાચાર જે કોઇ રાજાને આપશે તેને અર્ધરાજ્ય મળશે," માલણને કયાં ખબર હતી કે તેને ત્યાં આવેલો પરદેશી વૈદ્ય પોતે જ રાજકુમાર હતો. પરદેશીની આટલી બધી ઇંતેજારી જોઇને માલણ બોલી, " તમે નગરીની નવાજુની જાણવાને આતુર છો કાંઇ ? અર્ધરાજ્ય મેળવવું હોય તો રાજકુમારને શોધી કાઢી

રાજાને સમાચાર આપો કે બસ બેડા પર !"

માલણના જવાબમાં કાંઇક હસી વૈદ્ય બોલ્યો, "બીજી કાંઈ નવાજુની શહેરમાં સંભળાય છે, વારૂ ?"

"હાં ! હાં ! એક નવાઈની વાત તો તમને કહેવી ભલી ગઈ, વૈદ્યરાજ !" માલણ કંઇક યાદી તાજી કરતાં બોલી, "પેલા વીરશ્રેષ્ઠીનો પુત્ર ભીમ પરદેશથી પુષ્કળ દ્રવ્ય લાવ્યો છે. સુવર્ણ, હીરા, માણેક, ઝવેરાત, વસ્ત્રાભરણોનો તે કાંઈ પાર ! બેસુમાર ! અને સાથે એક ખુબસુરત પરી–સ્વર્ગની અપ્સરા ક્યાંકથી ઉપાડી લાવ્યો છે. વૈદ્યરાજ ! તમને એવી પરી મલે તો કેવું સારૂં ?" એ પરીને એણે પોતાના ઘરની પાસેના એક મકાનમાં જુદી રાખી છે. કહેવાય છે કે બન્નેનો મેળ નથી થતો; મને તો લાગે છે કે કાંઇક દાળમાં કાળું છે. આટલો બધો પૈસો ને આવી ખુબસુરત પરી એના ભાગ્યમાં તે ક્યાંથી હોય ? નક્કી આમાં મને તો કાંઇક ભેદ લાગે છે !"

પોતાને લગતી વાત સાંભળીને વૈદ્ય ખુશ થયો: "તું એ પરી પાસે જઈ શકશે વારૂ !"

"શું કરવા ?" માલણ હસી. "એની પાસે જવું એ તો મારે ડાબા પગનું કામ છે !"

"તો ફૂલની માળા આપવાને બહાને તેની પાસે જા ને એ ખુબસુરત પરીને આ કાગળ ખાનગીમાં આપી દેજે; એનો જવાબ લઈને પાછી આવજે."

"તમને પણ મોહુમાણ લાગ્યા છે શું ? અરે, ભાઈ ! વિકટ પ્રેમના પંથે જવું રહેવા દો ! એ પરસ્ત્રીઓની પ્રીતિમાં આખરે તો ખુવારી છે."

"એ તારી વાત જવા દે ! બોલ ! જઈશ કે નહિ ?" વૈદ્યે મુદ્દાની વાત પર આવતાં કહ્યું.

"એ નજીવું કામ કરવામાં મને શું હરકત હોય? અત્યારે જ જાઉં, લાવો તમારો પત્ર!"

"ઝટ જા." વૈદ્યે કહ્યું.

વૈદ્યનો ખાનગી કાગળ પોતાના ખીસ્સામાં સેરવી માલણ ફુલની છાબ ભરીને સારાં કપડાં ધારણ કરી હસતી રમતી ચાલી. શહેરમાં ફરતી તે વીરશ્રેષ્ઠીના મકાન આગળ આવી પહોંચી. વાતોથી વીરશ્રેષ્ઠી અને ભીમને ખુશ કરતી તેણે ફુલના ગજરાની ભેટ કરી ભીમને ખુશ કર્યો. "તમારી પેલી પરી તો મને બતાવો! ક્યા સ્વર્ગમાંથી ઉપાડી લાવ્યા છો તે? લોકો એના રૂપની બહુ તારીફ કરે છે કાંઇ!" માલણના લટકામાં લપટાઈ જતાં ભીમે આંગળી ચીંધી સામેનું મકાન બતાવ્યું.

"આ મકાનમાં જુએાને! જુએા, બને તો એને સમજાવજો જરી?" ભીમનો જવાબ સાંભળી માલણ એ મકાન તરફ ચાલી.

"જરૂર!" માલણે ભીમને દિલાસો આપ્યો.

એ પાસેના રમણીય મકાનમાં પ્રવેશ કરી માલણ દાદરનાં પગથિયાં ચડી ગઇ. મનોહર સ્વરૂપવાળી, સુંદર વાનવાળી બાળા દીવસે કમલિની માફક નિસ્તેજ બનેલી એણે જોઇ, ધીરેધીરે પાસે આવી માલણ એની સામે બેઠી; સારાં સારાં મનોહર ફુલ એની આગળ ધર્યાં: અને કહ્યું, "હે બાળા જરી મારી સામે તો જો!"

એ કરમાયેલા વદનવાળી અશ્રુભીની લોચનવાળી બાળાએ એના સામું જોયું. "હું આ નગરીની મુખ્ય માલણ છું," એમ કહી માલણે ફુલનો હાર એના હાથમાં આપ્યો.

"તારા આ હારને હું શું કરું?" બાળા કનકકુમારી હારની મધ્યમાં રહેલા કાગળને જોઇ ચમકી. ઉત્સુકતાથી

એ કાગળ ખેંચી કાઢી વાંચી લીધો; કાગળ વાંચ્યા પછી એ બાળાના રૂપરંગ બદલાઈ ગયા. હર્ષના આવેશથી એ કંઈક હસી. એની સખીઓ પણ રાજી થઈ. બાળાએ પોતાનું એક આભૂષણ માલણને ઇનામમાં આપ્યું. "આ કાગળના આપનારને કહેજો કે તમારા લખ્યા મુજબ હું વર્તીશ." એક નજીવા કાગળના ટુકડાથી થયેલું આ પરિવર્તન જોઇ આલી બનેલી માલણ ત્યાંથી રવાના થઈ ગઇ ને ઘેર આવી વૈદ્યને વધામણી આપી.

સાંજના સમયે પટહની ઉદ્‌ઘોષણા થતી થતી વીરશ્રેષ્ઠીના મકાન નજીક આવી. રાજા તરફથી પટહની ઘોષણા થતી જાણી તક આવી પહોંચી હોવાથી બાળા કનકકુમારી ઝટ વસ્ત્ર પરિધાન કરી નીચે ઉતરી. મકાનની બહાર નીકળી; પટહનો સ્પર્શ કરી પોતાના મકાનમાં ચાલી ગઈ. રાજ-સેવકોએ નામઠામ જાણી તરતજ વિક્રમાદિત્યને એ સમાચાર આપી દીધા અતિ ઉત્કંઠિત થયેલો રાજા મંત્રીઓ સાથે વીરશ્રેષ્ઠીને મકાને આવી પહોંચ્યો ને બાળા કનકકુમારીને પડદામાં રાખી પોતાના આપ્તમંડળ સાથે પડદા આગળ બેઠો. "હે વત્સે! કાંઈ પણ ભય રાખ્યા વગર મારા પુત્રના સમાચાર તું કહે! તે કયાં છે? અને હાલમાં તે કયાં રહેલો છે?"

પડદામાં રહેલી કનકકુમારી નિર્ભયતાથી બોલી, "હે મહારાજા અવંતીપતિ! રાજકુમાર અવંતીમાંથી પોતાના મિત્ર સોમદંત સાથે નીકળ્યા. જંગલમાં એમના કપટી મિત્ર સોમદંત કાંકરા વડે જુગાર રમાડી એમની બે આંખો જીતીને લઈલીધી; રાજકુમાર અંધ થયા." આંખ-માંથી આંસુ પડવાથી કનકકુમારી અટકી.

"પછી?" રાજાએ પુછ્યું.

બાળા નિઃશ્વાસ નાખતી બોલી, "ભારંડ પક્ષીના બલોત્સર્ગના પ્રયોગથી તેમને ફરીને દિવ્ય આંખો પ્રાપ્ત થઈ, વૈદ્ય બની કંકાવટીમાં આવી તેમણે અંધ રાજકુમારીને પણ દેખતી કરી તેની સાથે પરણ્યા. ત્યાં એક દિવસ સમુદ્ર ઉપર ફરવા ગયેલા, ત્યારે સમુદ્રમાં તણાઈ જતા એક પુરૂષને તેમણે બચાવી જીવાડયો. એ પુરૂષ તે આ વીરશ્રેષ્ઠીના પુત્ર ભીમ!"

રાજા અને મંત્રીઓ ઉત્સુકતાથી વાત સાંભળતા હતા, ત્યારે ભીમના મનમાં અત્યારે ભયંકર ઉથલ પાથલ થઈ રહી હતી. આ બાળા નક્કી પોતાની બનાબરાબી કરી નાખશે. શું થશે?

"પોતાના વતન તરફ આવવાને વૈદ્યના સ્વરૂપમાં રહેલા રાજકુમારે પોતાની સર્વે હકીકત પોતાની પ્રિયાને કહી, ને સાસુસસરા [રાજારાણી]ની રજા લઈ પોતાની પ્રિયા કનકકુમારી સાથે અને પેલા મિત્ર બનેલા ભીમ સાથે જવાહિર વિગેરેનાં અનેક વહાણ ભરીને સમુદ્રમાર્ગે રવાને થયા અનગળ લક્ષ્મી અને રાજકુમારીના રૂપમાં દીવાના બનેલા ભીમે રાજકુમારને છેતરીને સમુદ્રમાં નાખી દીધા." કનકકુમારીએ એક ડચકું ખાધું ને નિઃશ્વાસ નાખ્યો. રાજા બને પરિવાર દુઃખી દુઃખી થઈ ગયો. રાજાની ઈશારતથી મંત્રીએ વીરશ્રેષ્ઠી, ભીમ અને સોમદત્તને ત્યાંજ પકડાવ્યા.

"સમુદ્રના બધાગ જળમાં પડેલા વૈદ્ય (રાજકુમાર) ને મગર ગળી ગયો. મગર અનુક્રમે દરિયાકાંઠે આવ્યો ત્યાં ધીવરોએ તેને ચીરીને રાજકુંવરને બહાર કાઢી સજીવન કર્યો. રાજકુમાર ત્યાંથી ફરતા ફરતા અનુક્રમે અવંતી આવ્યા." કનકકુમારી અટકી ગઈ.

"અવંતીમાં? કયાં છે? કયાં છે? ઝટ બોલ!

અવંતીમાં ? છતાં એ પોતાના ઘેર કેમ ન આવ્યો ?"

" પોતાની લક્ષ્મી અને પ્રિયા હરાઈ જવાથી એકલા-અટુલા કુમાર પિતાની પાસે લજ્જાવશ થઇને ન આવતાં પુર્વ દિશાના દરવાજા આગળ રહેલી ચંપા માલણને ત્યાં રહ્યા છે, પોતાનું નામ ગોપવી અત્યારે પણ વૈદ્યના સ્વરૂપમાં એ ત્યાં જ છે !"

" પણ બાળા ! આ બધું તું કેમ જાણી શકી એ મને નવાઇ લાગે છે ! તું કોણ છે ? ભીમના હાથમાં તું શી રીતે આવી, એ વાત મને કહે !" રાજાએ આતુરતાથી પુછ્યું.

" રાજકુમારને સમુદ્રમાં નાંખ્યા પછી ઉપર ઉપરનો થોડો વલોપાત કરી ભીમ એ રાજકુમારની સમૃદ્ધિનાં ભરેલાં બધાં વહાણો લઇ અવંતીમાં આવી બધીય સમૃદ્ધિ પોતાના નિવાસસ્થાને લાવ્યો, અને રાજબાળા કનકકુમારી એ દુષ્ટના પંજામાંથી પોતાના શીલનું રક્ષણ કરતી હતી. તેને અહીં લાવીને આ મકાનમાં રાખી, તે કનકકુમારી તે હું પોતે ! મહારાજા તમારી પુત્રવધુ !" કનકકુમારીએ પોતાની વાત સમાપ્ત કરી. પછી મહારાજા વિક્રમાદિત્યે કનકકુમારીને એના પરિવાર સહિત રાજમહેલમાં લઇ જવા મંત્રીને હુકમ કરી વીરશ્રેષ્ઠીના મકાનોને તુરતજ સીલ કરી પહેરા ગોઠવી દીધા; ને પછી અહમ પરિવાર સાથે તે ચંપા માલણને ત્યાં ગયો. પરિવાર સાથે રાજાને પોતાને ત્યાં આવેલો જોઇ માલણની છાતી ભયથી ધડકી ગઇ, " હાય ! હાય ! શું કાંઇ આફત તો નથી આવી ?"

રાજાને જોઇ ઘરમાંથી બહાર ધસી આવેલો વૈદ્ય રાજાના પગમાં પડ્યો. " પિતાજી !"

ચંપા માલણ તો આ નાટક જોઇ આભીજ થઇ ગઇ.


"શું વૈદ્ય એ જ રાજકુમાર હતો?" તેને આશ્ચર્યમાં જ રહેવા દઇ રાજા પુત્રને ભેટી તરતજ તેની સાથે રાજમહેલમાં આવ્યો. વિક્રમચરિત્રે માતાઓને નમી પ્રિયા સુભદ્રા, રૂપકુમારી અને કનકકુમારીને આનંદ પમાડી. રાજાએ કનકકુમારીને સાત ભૂમિકાવાળો એક મહેલ આપ્યો. એના પિતાએ આપેલી સમૃદ્ધિ વીરશ્રેષ્ઠિને ત્યાંથી ગ્રહણ કરી તેણીને જ આપી દીધી. વીરશ્રેષ્ઠિનુ તમામ ધન રાજાએ હરી લીધું ને શિક્ષા કરવાને તૈયાર થયેલા રાજાએ રાજકુમારીના આગ્રહથી તેમને છુટા કર્યા. સોમદત્તને પણ છુટો કર્યો. વિક્રમચરિત્ર ત્રણ પ્રિયાઓની સાથે ભોગ ભોગવતો પુણ્યનાં ફલ અનુભવવા લાગ્યો; પુત્રના મેળાપથી રાજા અને રાજપત્નીઓના આનંદની તે વાત જ શી?

પ્રકરણ ૨૯ મું.

અવંતી પાર્શ્વનાથ


"ભલે કોપે બધી દુનિયા, તમે ના કોપશો બાપુ,
અમીમય આંખકયારીમાં, અમી નિત્ય રોપશો બાપુ!"

અવધુતવેષમાં રહેલા સિદ્ધસેનસૂરિએ, અનેક દેશમાં પરિભ્રમણ કરતાં તપ અને ધ્યાનમાં જ સમયને વ્યતીત કરતાં કરતાં બાર વર્ષ પસાર કર્યાં; બાર વર્ષને અંતે કોઇ મોટા નરપતિને પ્રતિબોધ કરવાનો હોવાથી મિથ્યાત્વના અંધકારમાં ગ્રસિત થયેલા વિક્રમરાજાને પ્રતિબોધ કરવાનો વિચાર કર્યો. મનમાં એ વિચાર દૃઢ કરી એ અવધુત ભ્રમણ કરતા કરતા ઉજ્જયિનીમાં આવ્યા. નગરીની બહાર ક્ષીપ્રાના રમણીય તટપ્રદેશની સમીપમાં આવેલા મહાકાલના



અવધુતવેષમાં રહેલા સિદ્ધસેનસૂરિને શિવલિંગની સામે પગ રાખી સુતેલા જોઇ, પૂજારી ઉઠાડવા માટે ઘૂમો પાડવા લાગ્યા. પરંતુ ન ઉઠતાં રાજસેવકોએ આવી તેમને ચાબુકના પ્રહાર કરવા લાગ્યા.

પૃષ્ટ ૨૪૪



મહારાજા વિક્રમાદિત્યના અતિ આગ્રહથી અવધુત કલ્યાણમંદિર સ્તોત્ર વડે સ્તુતિ કરવા લાગ્યો. આથી શિવલિંગ મોટા ધડાકા સાથે ફાટતાં ધરણેન્દ્રની સહાયથી ભોંયમાંથી ફણાસહિત પાર્શ્વનાથની અદ્‌ભુત પ્રતિમા પ્રગટ થઈ. પૃષ્ઠ. ૨૪૭

ભવ્ય મંદિર આગળ આવી મધ્યરાત્રીને સમયે એ બંધ મંદિરમાં દિવ્યશક્તિથી પ્રવેશ કરી શિવના લિંગ પાસે આવી, શિવલિંગ નીચે રહેલા પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરી; પછી શિવલિંગ સામે પોતાના બન્ને ચરણ રાખીને સૂર્યોદયની રાહ જોતા સ્થિર થઇને તે સૂઈ રહ્યા.

એ ભવ્યરાત્રી પરિપૂર્ણ થઇને પ્રાતઃકાળનું મંગલમય પ્રભાત જગત ઉપર અનેરી ભાત પાડતું પ્રગટ થયું. મહાકાળમંદિરનો પૂજારી શિવલિંગની પૂજા કરવા માટે આવી પહોંચ્યો. મંદિરનાં દ્વાર ઉઘાડતાં પૂજારીએ અનુક્રમે શિવલિંગના ગભારાનાં દ્વાર પણ ઉઘાડી નાખ્યાં, તો શિવલિંગની સામે પગ રાખી સૂતેલા કોઇ અવધુતને જોઈ પૂજારી ચમક્યો, "અરે! અરે! ભગવાનની આશાતના કરે છે? ઉઠ! ઉઠ! જોગી—સંન્યાસી! કોણ છે ઉઠ?" પૂજારીએ ઘાંટા પાડવા છતાં અવધુતને તે સાંભળવાની ફુરસદ ક્યાં હતી? પૂજારી બૂમો પાડી થાક્યો. અરે, સવારના પહોરમાં આ શું આફત?" વિચારતો તે રાજસભામાં દોડ્યો, અને રાજાની આગળ તે હકીકત નિવેદન કરી. "ઓહો! અવધુત! જોગી છતાં શિવલિંગ સામે ચરણ?" આશ્ચર્યચકિત થતા રાજાએ સેવકોને આજ્ઞા આપી પૂજારી સાથે મોકલ્યા. રાજસેવકોની સાથે પૂજારી મહાકાળના મંદિરમાં આવ્યો.

રાજસેવકોએ મંદિરમાં પ્રવેશ કરી શિવલિંગ પાસે આવી એ સૂતેલા અવધુતને ઉઠાડવાને બૂમ પાડી. વારંવાર બૂમ પાડવા છતાં અવધુતના કાને તે નહિ સંભળાવાથી રાજસેવકોએ અવધુતને ઉંચકીને બહાર ફેંકી દેવા વિચાર કર્યો. ચારે કોર અવધુતની આજુબાજુ ફરી વળી અવધુતને ઉપાડવા માંડ્યો, પણ આશ્ચર્ય! પથ્થરની

લક્ષ્ય શિલા સમું અવધુતનું શરીર ઊંચકાયું નહિ અને તેઓ પાછા પડ્યા. એમનાં આંગળાં પણ શિલા નીચે દબાવાની જેમ ચંપાઇ-કચડાઇ ગયાં. પછી તો રાજસેવકોએ સૈનિકોએ મીઠાનું પાણી પાયેલા કોયડા ચારેકોરથી અવધુત ઉપર ફેંકવા શરૂ કર્યા. અવધુતને એ મચ્છરિયા સરખા મનુષ્યના કોયડાની પરવાજ કયાં હતી!

પણ આશ્ચર્ય! રાજમહેલમાં રાજાના અંતઃપુરમાં વિક્રમ રાજાની રાણીઓ ઉપર એ કોયડાના પ્રહાર પડવાથી ભૂમરાણ મચ્યું. રાણીઓનો કળકળાટ ને ખળભળાટ સાંભળી આશ્ચર્યચકિત થયેલા રાજાએ ઘોડેસ્વારોને મહાકાળના મંદિર તરફ છોડ્યા. ઘોડેસ્વારોએ સજસેવકોને એકદમ અટકાવ્યા, ને અહીં રાણીઓને પડતો માર પણ બંધ થયો. આશ્ચર્ય પામેલા રાજા વિક્રમાદિત્ય પોતાના પરિવાર સાથે મહાકાલના મંદિર આગળ આવ્યા. ઘોડેથી ઉતરી વિક્રમાદિત્યે મંદિરમાં પ્રવેશ કરી અવધુતની પાસે આવ્યો; "અરે અવધુત! આ ઈશ્વરની સ્તુતિ કરો! પરંતુ મહાદેવની આશાતના ના કરો!"

રાજાની વાત સાંભળી અવધુત સુતાં સુતાં જ બોલ્યો, "મહીપાલ! તમારા મહાદેવ મારી સ્તુતિને સહન નહિ કરી શકે!"

"મહાદેવ સમર્થ, સર્વશક્તિમાન છે. તો તમારી સ્તુતિને તે શા માટે સહન નહિ કરે? જરૂર તમારી સ્તુતિને સહન કરશે!"

"મારી સ્તુતિથી આ તમારા શિવલિંગને જરૂર વિઘ્ન થશે. મારી સ્તુતિના તાપથી જરૂર એ ફાટી જશે, બળી જશે, રાજન્!"

"ન ભૂતો ન ભવિષ્યતિ, અવધૂત! તમે જરૂર

સ્તુતિ કરો!"

"રાજન્! હજી હું કહું છું કે રહેવા દો! જરૂર આ શિવલિંગ ફાટી જશે! મારી સ્તુતિના તાપથી બળી ભસ્મ થઈ જશે!"

"નહિ અમારે એ જોવું જ છે. મારા મંત્રીઓને આ બધા ભલે એ આશ્ચર્ય જુએ!" રાજાના હઠાગ્રહથી અવધુત ઉભા થયા અને મનને પવિત્ર કરી હાથ જોડી ભગવાન તરફ દૃષ્ટિ સ્થિર કરી, સ્તુતિ કરવી શરૂ કરી વીર ભગવાનની સ્તુતિ કર્યા પછી કલ્યાણમંદિરની એક પછી એક નવીન ગાથાઓ ગીર્વાણ (સંસ્કૃત) ભાષામાં અવધુતના મુખમાંથી નીકળવી શરૂ થઇ. જેમ જેમ ગાથાઓ પ્રગટ થતી ગઈ તેમ તેમ સર્વેના આશ્ચર્ય વચ્ચે અસંભવિત ઘટનાઓ બનતી ગઇ.

શિવલિંગમાં એક મોટો ધડાકો થયો ને રાજા વિગેરે સર્વેની છાતી બેસી ગઇ. ધડાકાની સાથે જ શિવલિંગ કંપાયમાન થઇને કંપવા લાગ્યું; ને લિંગમાંથી ધુમાડા નીકળવા શરૂ થયા, જ્વાળાઓ પ્રગટ થઈ, શિવલિંગના બે ફટકા થઈ ગયા અને ભોંયમાંથી ફણા સહિત પાર્શ્વનાથની અદ્‌ભુત પ્રતિમા ધરણેંદ્રની સહાયથી ત્યાં પ્રગટ થઈ.

શિવલિંગને બદલે શિવલિંગ ફાટીને તેમાંથી જમીનના ભૂગર્ભમાંથી નીકળી પૃથ્વીથી બે હાથ અધ્ધર રહેલા અને ધરણેંદ્ર-પદ્માવતીથી સેવાતા આ અદ્‌ભુત ભગવાનને જોઇ વિક્રમ સહિત સર્વે આશ્ચર્ય પામ્યા છતાં મસ્તક કંપાવવા લાગ્યા, અને શાંતરસમાં ગરકાવ થઈ ગયા. ભગવાનના પ્રગટ થયા પછી થોડીકવારે અવધુતે ભગવાનની સ્તુતિ પૂરી કરવા કલ્યાણમંદિરની અડતાલીશ ગાથાઓ બનાવી તે શ્લોકોથી પ્રભુની સ્તુતિ કરી.

આશ્ચર્યથી સ્તબ્ધ થયેલા અને શાંતરસમાં ગરકાવ થયેલા રાજાને સાવધ કરતાં અવધુત બોલ્યા, "હે રાજન્ ! આ દેવજ મારી અદ્‌ભુત સ્તુતિને સહન કરી શકે તેમ છે."

રાજા સાવધ થતો બે હાથ જોડી બોલ્યો, "આપ કોણ છો ? આ દેવ કોણ છે? ભગવાન્ ! તે કૃપા કરીને અમને કહો !"

"આ જગતમાં પ્રસિદ્ધ એવા વૃદ્ધવાદિસૂરિ ભવ્ય જનોને બોધ આપતા પૃથ્વીને પાવન કરી રહ્યા છે, તેમનો શિષ્ય સિદ્ધસેન નામે હું, કારણને યોગે બાર વર્ષથી અવધુતના વેષમાં રહેલો આજે પ્રગટ થઉં છું."

અવધુતનાં વચન સાંભળી રાજા કાંઈક ભૂતકાળ સંભારવા લાગ્યો, "આપને મેં કયાંક જોયા છે ખરા !"

"હા ! તમારી સભામાં એક દિવસ ચાર શ્લોકને લઈ ને આવેલો ને ચારે દિશાનું રાજ્ય તમે મને આપેલું; જે મેં ગ્રહણ નહિ કરતાં છેવટે બહુ આગ્રહ કરવાથી મારા કહેવાથી તમે ઉંકારપુરમાં જૈન મંદિર બંધાવ્યું હતું કેમ બરાબર ?"

અવધુતની વાત સાંભળી રાજાએ મસ્તક ધુણાવ્યું "હા ! બરાબર !" વિક્રમાદિત્ય ખુશી થતાં બોલ્યો, "આ અદ્‌ભુત અને ચમત્કારી ભગવાન કોણ છે તે આપ કહો."

"આ ભગવાન તે મહાપ્રભાવવાળા પાર્શ્વનાથ ! મહાકાલેશ્વર ! અવંતી પાર્શ્વનાથ ! અવંતીનાથ !"

"અવંતીનાથ !" રાજા આશ્ચર્યચકિત થતો ધરેણેંદ્ર-પદ્માવતીથી સેવાતા એ પાર્શ્વનાથ સામે નજર કરી બે હાથ જોડી બોલ્યો, "હે અવંતીનાથ ! પ્રગટ પ્રભાવવાળા તમે સાચેજ અવંતીનાથ છો ! તમેજ અદ્‌ભુત અવંતી

પાર્શ્વનાથ છો ! અવંતીનાથનું મિથ્યાભિરૂઢ ધારણ કરીને અમે તો માત્ર જગતને ઠગીએ છીએ. કયાં અમે અને કયાં તમે ? કયાં કીડી અને કયાં કુંજર ?" અવધુત સામે નજર કરી રાજા બોલ્યો; "ભગવન્ ! કહો આ પ્રતિમા અહીં શી રીતે આવી ? આ ભૂમિગૃહમાં તે કયાંથી આવી ?" રાજાને બોધ કરવા અવધુતે એનો ઈતિહાસ કહેવો શરૂ કર્યો.

"આશરે બસો વર્ષ પહેલાં આ અવંતીનગરીમાં શ્રીભદ્ર નામે શેઠને ભદ્રા નામે પત્ની હતી. તેમને અવંતીસુકુમાર નામે પુત્ર થયો. યુવાનીમાં અનુક્રમે બત્રીસ સ્ત્રીઓ પરણીને શાલિભદ્રની માફક સુખ ભોગવતો વીતી ગયેલા સમયને પણ જાણતો નહિ. આર્ય સુહસ્તીસ્વામી વિહાર કરતા કરતા અવંતી આવ્યા અને ભદ્રા શેઠાણીના મકાનમાં ઉતર્યા. નલિનીગુલ્મ વિમાનના વર્ણનવાળું અધ્યયન કરતા સૂરિના શબ્દો અવંતીકુમારે ઉપર રહ્યા છતાં સાંભળ્યા. ઈહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું; પછી તો એ ભોગોને છોડી નીચે આવી સૂરિને નમીને બોલ્યો. 'ભગવન્ ! આપ શું નલિનીગુલ્મ વિમાનથી આવો છો ?'

'ના ભાઇ ! શાસ્ત્રમાં એનું વર્ણન ભગવાન કરી ગયા છે. અમે આજે એનું અધ્યયન કરીએ છીએ.' ગુરૂએ કહ્યું.

'આપ વર્ણન કરો છો એવું જ બરાબર એ વિમાન છે. એ વિમાનમાંથી હું અહીં આવ્યો છું, પણ હવે એ વિમાનમાં જવા માટે આતુર છું કોઇ રસ્તો બતાવો !'

'દીક્ષા ગ્રહણ કર્યા સિવાય ત્યાં જવાય નહિ.'

'તો મને દીક્ષા આપો !' અવંતીએ કહ્યું.

'દીક્ષા માટે માતાપિતાની રજા લાવો.'

"માતાપિતાની રજા વગર ગુરૂએ દીક્ષા ન આપવાથી

પોતાની જાતે દીક્ષા ગ્રહણ કરી નગરીની બહાર ઉદ્યાનમાં ધ્યાન ધરીને તે રહ્યો—નલિનીગુલ્મ વિમાનનું ચિંતન કરતો કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યો. નિશાસમયે શુભ ધ્યાનમાં રહેલા નવદીક્ષિતને, તેની પૂર્વભવની પત્ની મરીને શિયાળ થયેલી તે પોતાનાં બચ્ચાં સાથે ત્યાં આવી, મુનિને જોઈ રોષાયમાન થઈ ને તેને ઉપસર્ગ કરવા લાગી. શિયાળનો અતિ દુઃખદાયક અને આમરણાંત ઉપસર્ગ શુભ ધ્યાનમાં રહેલા મુનિ સહન કરીને પ્રાતઃકાળ થતાં તો મૃત્યુ પામી ગયા ને નલિનીગુલ્મ વિમાનમાં ઉત્પન્ન થઈ ગયા. જ્યાંથી આવ્યા હતા ત્યાં ઉત્પન્ન થવા તે ચાલ્યા ગયા—પોતાની દેવીને વહાલા થયા.

"પ્રાતઃકાળે સૂરિને પૂછીને ભદ્ર શેઠ ને ભદ્રા શેઠાણી નગરીની બહાર આવ્યાં. પુત્રને મૃત્યુ પામેલો જાણી શોકાતુર થયેલા એમણે પુત્રનો અગ્નિસંસ્કાર કર્યો; પછી મકાને આવેલા શેઠશેઠાણીએ ગુરૂને પુત્રની હકીકત પૂછી 'મારો પુત્ર ક્યાં ગયો?' 'તમારો પુત્ર નલિનીગુલ્મ વિમાનમાંથી આવ્યો હતો ને પાછો ત્યાંજ ગયો છે,' વિગેરે ઉપદેશ કરીને સૂરિએ તેમનો શોક તજાવ્યો, અને જ્યાં પુત્રનો કાળ થયો હતો ત્યાં પુષ્કળ ધન ખર્ચીને એક ભવ્ય જીનેશ્વર ભગવાનનું મંદિર બંધાવ્યું. પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ભરાવી એ ભવ્ય મંદિરમાં પ્રતિષ્ઠા કરાવી; પધરાવો—અવંતીના પુત્ર મહાકાલના નામ ઉપરથી એ ભવ્ય પ્રાસાદનું નામ મહાકાલનું મંદિર થયું અને ભગવાન મહાકાલેશ્વર કહેવાયા!" ગુરૂએ ટૂંકમાં હકીકત કહી સંભળાવી.

આ ભવ્ય ઈતિહાસ ગુરૂ પાસેથી સાંભળી વિક્રમાદિત્ય પ્રસન્ન થયો ને બધો પરિવાર પણ ખુશ થયો.

"પછી ભગવન્! આગળ શું થયું?"

" આ રહ્યા મહાકાલેશ્વર પાર્શ્વનાથ–અવંતી પાર્શ્વનાથ એ મંદિરમાં રહ્યા છતાં કેટલોક કાળ પૂજાયા. કાળે કરીને બ્રાહ્મણોનું જોર વૃદ્ધિ પામતાં તેમણે પાર્શ્વનાથની પ્રતિમાને જમીનમાં ભંડારી–સ્થાપીને ઉપર પાર્વતીપતિનાં લિંગનું સ્થાપન કરી દીધું. ત્યારથી પૂજાતું આ શિવલિંગ સ્તુતિ સહન નહિ કરવાથી આજે આખરે ફાટી ગયું, ને અદ્‌ભુત પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થઈ. આ અવંતીનાથ—અવંતી પાર્શ્વનાથ પ્રગટ થયા. આ દેવનો પ્રભાવ અદ્‌ભુત છે, યોગી અને ભોગી સર્વને આ આરાધવા યોગ્ય છે. " અવધુતે પાર્શ્વનાથના પ્રભાવનું વર્ણન તેમજ વીતરાગનું સ્વરૂપ કહી સંભળાવ્યું. નગરીમાં સંઘને જાણ થતાં આખુંય નગર મહાકાલના મંદિર આગળ ભેગું થયું. અવધુત—પ્રગટ થયેલા સિદ્ધસેન દિવાકરસૂરીને ધામધુમથી નગરીમાં લાવવામાં આવ્યા.

રાજા વિક્રમાદિત્ય, આ મહાકાલના મંદિરને નવેસરથી સુધરાવી ત્યાં પાર્શ્વનાથની સ્થાપના કરી, તેમની પૂજા કરવા લાગ્યો. સૂરીશ્વરના હંમેશના ઉપદેશથી રાજાનો મિથ્યાત્વરૂપી અંધકાર પણ ખસી ગયો અને હૃદયમાં સમકિતરૂપી દીપક પ્રગટ થયો. ભગવાનની પૂજા માટે ને મંદિરના નિભાવ માટે હુજારો ગામની ઉપજ વિક્રમાદિત્યે અર્પણ કરી, અને સુરિના ઉપદેશથી તે દ્વાદશ વ્રતધારી શ્રાવક થયો.

" પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ, સમરો ઊગતે સૂર;
દુઃખ દોહુગ દૂરે ટળે, દિન દિન વાધે નૂર. "

પ્રકરણ ૩૦ મું

રાજગુરૂ

' ભવબાજી રમતાં કદી, હારે ભલે રમનાર;
છેલ્લી બાજી સુધારશે, તો થાશે બેડા પાર. "

પ્રતિદિવસ સિદ્ધસેન દિવાકર સૂરિનો ઉપદેશ સાંભળીને રાજાનું ધર્મરૂપીવૃક્ષ પુષ્ટ થતું ગયું. સૂરિએ હંમેશ ઉપદેશ આપતાં આપતાં રાજાની આગળ દાન, શિયળ, તપ અને ભાવ એ ધર્મના ચાર ભેદોનું વર્ણન કરવા માંડયું. એક દિવસે વ્યાખ્યાનમાં સભા અને રાજાની આગળ ધર્મોના ભેદોનું વર્ણન ચાલતાં દાનની શરૂઆત કરતાં સૂરિએ કહ્યું, હે રાજન્! મોક્ષને આપવાવાળું દાન છે, એમ જીનેશ્વરોએ કહેલું છે. દાનથી કિર્તિ તેમ જ યશ ફેલાય છે. વૈરી પણ દાનથી વશ થાય છે. આગળ વધીને ધન સાર્થવાહના ભવમાં સાધુને ઘૃતનું દાન કરવાથી એ ધન સાર્થવાહ ત્રણ લોકોને પૂજવા યોગ્ય પ્રથમ તિર્થંકર શ્રીઋષભ જીનેશ્વર થયા. પારેવાનો જીવ બચાવી પોતાનું બલિદાન કરનાર પરંપરાએ બન્ને મહાન પદવીઓ પામી ચક્રવર્તી અને તિર્થંકર શાંતિનાથ થયા માસોપવાસી મુનીએ ક્ષીરનું દાન કરનાર ગોવાળ શાલીભદ્ર થયા. જગતમાં દાન એ તો અદ્‌ભુતજ છે: જેના પ્રભાવથી પ્રાણીઓ ભવસાગર તરી જાય છે અભયદાન અને સુપાત્રદાન એ બન્ને તો મોક્ષને આપનારાં છે. તેથી પોતાની જાતે કરેલું દાન જરૂર ફલદાયક થાય છે બાકી તો બીજાએ કરેલું અથવા તો પોતાના પછી થતાં દાનનો લાભ તો મળે કે ના મળે એ સંશય પડતી વાત છે. માટે દાનનો લાભ તો જાતે જ મેળવવો. તીર્થંકરો પણ ભાગવતી દીક્ષા લેતા પહેલાં એક વરસ લગી વરસીદાન આપે છે, અને તે પછી દીક્ષાને અંગીકાર કરી મોક્ષ પામે છે. માટે દાન કરેલું કોઇનું પણ વ્યર્થ જતું નથી. શંખરાજા અને રૂપવતીએ દાનના મહિમાથી પોતાનું આત્મકલ્યાણ સાધ્યું હતું.

એક દિવસ શંખપુર નગરમાં શંખરાજાના ભંડારમાંથી

રત્નનો દાબડો ચોરીને એક ચોર નાઠો. રાજાના સેવકોએ તેને નાસતાં પકડી લીધો સેવકોએ રાજા પાસે હાજર કરતાં રાજાએ તેને ફાંસીનો હુકમ કર્યો. પછી રાજસેવકો એને ફાંસી દેવાને લાવ્યા. બંધનથી જકડાયેલા એ દીન, દુઃખી ચોરને જોઈ રાજરાણી રૂપવતીને દયા આવી. રાજાની આજ્ઞા મેળવી એક દિવસ માટે ચોરને છોડાવી પોતાને આવાસે લાવી ખૂબ ખાનપાનથી ચોરની ભક્તિ કરી બીજે દિવસે રાજાના હવાલે કર્યો. એટલે રાજસેવકો એને ફાંસી તરફ ઘસડી જવા લાગ્યા. રાજાની બીજી છ રાણીઓએ રાજા પાસે પ્રાર્થના કરીને એક એક દિવસ ચોરને મુક્તિ અપાવી ભક્તિ કરી. સાતમે દિવસે ફાંસીએ જતા ચોરને જોઈ રૂપવતીએ દયા લાવીને ઉપદેશ આપ્યો. એના ઉપદેશથી ચોરે ચોરીના ત્યાગનો નિર્ણય કરવાથી રાણીએ રાજાને કહી ચોરને ફાંસીથી છુટો કરાવ્યો. પછી એ ત્રીજા વ્રતનું આરાધન કરીને ચોર અનુક્રમે મરીને ઉત્તમ દેવ થયો. દેવ થયેલો ચોર ઉપકારને યાદ કરી રાજા પાસે આવી રાજરાણીને નમ્યો. પોતાની ઓળખાણ કરાવી; કંઈક ભેટ આપી અદૃશ્ય થઈ ગયો, અભયદાનનો પ્રત્યક્ષ મહિમા જોઈ શંખરાજાએ પુષ્કળ દાન કરવા માંડયું; પછી ગુરૂ પાસે ચતુર્વિધ ધર્મનું શ્રવણ કરી સારી રીતે તે ધર્મ આરાધી શંખરાજા રૂપવતી સાથે દાનના પ્રભાવથી દેવલોકમાં ગયો. ત્યાંથી મનુષ્યભવ પામી સાતે પત્નીઓ સાથે કર્મનો ક્ષય કરી મુક્તિ પામશે. એવી રીતે જે માણસો દાનધર્મનું આરાધન કરશે તે દરેક ભવોમાં સુખ મેળવશે, ને પરંપરાએ મોક્ષને પામશે.

દાન એ અપૂર્વ વસ્તુ હોવાથી તેમજ પોતાને અને પરને બન્નેને દાન ઉપકારક હોવાથી ચારે પ્રકારના ધર્મમાં

દાનનો નંબર પહેલો છે. દાનની બાકીજ શિયળનો મહિમા પણ ન વર્ણવી શકાય તેવો છે. શીલવ્રતધારીને દેવતાઓ પણ નમે છે. સહેજે સહેજે તે ભવસાગર તરે છે. એની ઉપર હેમવતીનું દૃષ્ટાંત સાંભળનારને તાદૃશ્ય લાગણી ઉત્પન્ન કરે છે.

લક્ષ્મીપુર નગરમાં ધીર નામે રાજાને હેમવતી નામે પત્ની હતી. વસંતઋતુના સમયમાં ધીરરાજા એક દિવસે હેમવતીને લઈ ઉદ્યાનમાં ક્રીડા કરવાને ગયો. દૈવયોગે તે સમયે અમિતગતિ નામનો વિદ્યાધર આકાશમાર્ગે ત્યાં થઈને જતો હતો; તેને હેમવતીની અપૂર્વ કાંતિ જોઇ, એના દિવ્ય સ્વરૂપમાં મોહ પામી હેમવતીને ઉપાડીને ચાલતો થયો. ધીરરાજાએ ઘણાં ફાંફાં માર્યાં, પણ આકાશગામી વિદ્યાધરને તે શું કરી શકે?

અમિતગતિ વિદ્યાધર હેમવતીને વૈતાઢ્ય પર્વત ઉપર લઈ ગયો અને ત્યાંથી તેણીને લઈને પોતાની રત્નાવતી નગરીમાં આવ્યો. સાતભૂમિકાવાળા રત્નમય મંદિરમાં હેમવતીને રાખી, અનેક લાલચોમાં એને લલચાવવા પ્રયત્ન કર્યો અને કહેવા લાગ્યો કે, "હે સુંદરી! મને અંગીકાર કરી સુખી થા?"

પણ હેમવતીએ તેનું વચન અંગિકાર કર્યું નહિં. જેથી વિદ્યાધરે બહુ જબરાઈ વાપરવા માંડી. "અરે! તું નહિ સમજશ તો બલાત્કારે તારા શિયલને હું ભ્રષ્ટ કરીશ. સમજાવી નહિ સમજશ તો ઠોકર ખાઇશ ત્યારે સમજશ. અહીં તને કોણ બચાવનાર છે વારૂ!"

વિદ્યાધરની ક્રૂર વાણી સાંભળી હેમવતી ગળે ફાંસો ખાવા લાગી, પણ એ કુલના હાર જેવો થઈ ગયો. બીજા અનેક શસ્ત્રોથી તે આપઘાત કરવા લાગી, પણ એના

શીયળના પ્રભાવથી તે એનું જીવિત હરવાને સમર્થ થયા નહિ. નિરાશ થયેલી હેમવતી બોલી; " રાવણ જેવો પરાક્રમી પણ સતી સીતાને સંતાપી શું કમાયો ? દુષ્ટ દુર્યોધન દ્રૌપદી મહાસતીની લાજ લેતાં રણમાં રોળાયો પરસ્ત્રીના લંપટીનું તો નરક સિવાય ક્યાંય ઠેકાણું પડતું નથી, માટે સમજ ! "

એ મોહમુગ્ધ બનેલો અમિતગતિ એના ઉપદેશને ન સાંભળતાં એને પકડવાને ધસ્યો. એને ધસી આવતો જોઇ હેમવતી મૂર્ચ્છિત થઇ ગઈ. સહસા ચક્રેશ્વરી દેવી ત્યાં પ્રગટ થઈને બોલી; " ખબરદાર ! દુષ્ટ ! પાપિ ! આ મહાસતીને તું અડકીશ તો એના શીયળના પ્રભાવથી તું બળીને ભસ્મ થઈ જઈશ. માટે એની માફી માગ અને એને જ્યાંથી લાવ્યો હોય ત્યાં મુકી આવ ! "

અકસ્માત્ ચક્રેશ્વરીનાં વચન સાંભળી અમિતગતિ ગભરાયો, સાવચ થયેલી હેમવતીને નમી બોલ્યો, " તું મારી આજથી ધર્મની બેન છે. તેં મને સન્માર્ગે સ્થાપન કર્યો. તેથી તમે મારા પર ઉપકાર કરો મારો અપરાધ ક્ષમા કરો ! માફી માગી દિવ્ય રત્નમય કુંડલ, હાર, વિગેરે હેમવતીને વિદ્યાધરે ભેટ આપ્યું; વિમાનમાં બેસાડી, લક્ષ્મીપુરમાં રાજાની આગળ લાવી અર્પણ કરી; સભામાં એના શીયળનું મહાત્મ્ય કહી સંભળાવી વિદ્યાધર અદૃશ્ય થઈ વિમાનમાં બેસી ચાલ્યો ગયો. અનુક્રમે હેમવતી દીક્ષા ગ્રહણ કરી મહાન ઉગ્ર તપશ્ચર્યા કરી મોક્ષને પામી.

પ્રાણીઓને દાન અને શિયળની માફક તપ પણ આરાધવા યોગ્ય છે. તપના પ્રભાવથી આ જગતમાં એવું કયું દુષ્કર કાર્ય છે કે જે સિદ્ધ નથી થતું ? અસાધ્ય કાર્ય પણ તપના પ્રભાવથી સિદ્ધ થાય છે. માઠા ગ્રહ કે અશુભ ગ્રહ અથવા માઠી દશા કે દુઃખદાયક સ્થિતિનો નાશ કરી

તપ જગતની સમૃદ્ધિઓને ખેંચી લાવે છે. એના ઉપર તેજપુજનું દૃષ્ટાંત જાણવા જેવું છે. ચંદ્રપુર નગરમાં ચંદ્રસેન રાજાને ચંદ્રાવતી રાણીથી તેજપુંજ નામે પુત્ર ઉત્પન્ન થયો. યુવાવસ્થા આવતાં તે સકલ શસ્ત્ર અને શાસ્ત્રવિદ્યામાં પારગામી થયો. જીતશત્રુ રાજાની પુત્રી રૂપસુંદરી સાથે તેજપુંજને પરણાવ્યો. પછી કવચધારી યોગ્ય તેજપુંજને રાજ્યગાદી ઉપર સ્થાપન કરી રાજાએ રાણી સાથે આત્મકલ્યાણ સિદ્ધ કર્યું. તેજપુંજે પણ રાજગાદીએ આવ્યા પછી બીજા અનેક દેશો જીતીને રાજ્યમાં વધારો કર્યો. એક દિવસે ધર્મઘોષસૂરિને નગરી બહાર ઉદ્યાનમાં આવેલા જાણી તેમની પાસે ધર્મ સાંભળવા ગયો. વિધિપૂર્વક ધર્મ સાંભળીને તેજપુંજ રાજાએ ગુરૂને પૂછયું, "હે ભગવન્! પૂર્વે મેં શું પુણ્ય કરેલું હશે કે આ ભવમાં મોટી સમૃદ્ધિવાળું રાજ્ય પામ્યો?" ગુરૂ બોલ્યા, "હે રાજન્! સાવધાન થઇને સાંભળ! શ્રીપુરનગરમાં કમલ નામનો દરિદ્રી વણિક રહેતો હતો. તેને કમલા નામે પત્ની હતી. તેમને ત્રણ પુત્રીઓ અનુક્રમે વિવાહ યોગ્ય થઇ, પણ ધન વગર પરણાવવી શી રીતે? એ ચિંતામાં કમલ અતિ દુઃખી રહેવા લાગ્યો. છતાં કમલે મહાકષ્ટે ત્રણ કન્યાઓને પરણાવી. એક દિવસ ગુરૂ પાસે કમલ ધર્મ સાંભળવા ગયો. સર્વજ્ઞની ભક્તિ કરવી, તેમના રચેલા સિદ્ધાંતોને સાંભળવાની અભિલાષા અને ગુરૂની સેવા એ મનુષ્યજીવનનું ફલ છે; તેમજ ધર્મનું ચાર પ્રકારનું સ્વરૂપ ગુરૂએ કહી સંભળાવ્યું. દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ સાંભળી કમલ બોલ્યો, 'હે ભગવન્! લક્ષ્મી વગર દાન થઇ શકે નહિ, કારણ કે હું છું દરીદ્રીનો અવતાર!'

' તપ તો લક્ષ્મી વગર પણ થઇ શકે છે, ' એમ કહી ગુરૂએ અનેક પ્રકારના તપનું વર્ણન કરી બતાવ્યું. એ તપનું વર્ણન સાંભળી કમલે ' ગંઠસહિત ' પ્રત્યાખ્યાન ગુરૂ પાસે અંગીકાર કર્યું. ભાવથી એ પ્રત્યાખ્યાન આરાધવા લાગ્યો તે સિવાય ગુરૂએ કહેલું બીજું પણ તપ વિધિપૂર્વક આરાધન કરતો કરતો આયુક્ષયે મરણ પામી પહેલા દેવલોકે ગયો. ત્યાં દેવતાનાં સુખ ભોગવી ચંદ્રપુર નગરને વિષે ચંદ્રસેન રાજાનો તું કુમાર થયો. પૂર્વે કરેલા તપના પ્રભાવથી મહાન સમૃદ્ધિવાળું રાજ પામી શત્રુઓને પણ તેં જીતી લીધા. જગતમાં તપથી શું નથી મળતું?

यद्दूरं यद्दुराराध्यं, यश्च दूरे व्यवस्थितम् ।
तत्सर्वं तपसा साध्यं, तपो हि दुरतिक्रमम् ॥

ભાવાર્થ-જે વસ્તુઓ ભાગ્યમાંથી બહુ દુર છે, જે દુઃખે કરીને મેળવી શકાય તેવી છે, જે દુર પડેલી છે એવી અસાધ્ય ગણાતી-મનાતી વસ્તુઓ પણ તપથી સાધ્ય થાય છે; એવું તપ દુઃખે કરીને પણ કરવા યોગ્ય છે. જગતમાં સુખ મેળવવું હોય તો ધન્નિમલની માફક તપ કર!

" એ તપરૂપી વૃક્ષ તને આજે ફલદાયક થયું છે, રાજન્! જેથી તારે દશ શત ગજ, પાંચ લક્ષ તુરંગમ, તેટલાજ રથ અને કોટીગમ પાયદલ, કોડાકોડી સુવર્ણ, અનેક મૂલ્ય મોતી રત્નો વિગેરેની તને સમૃદ્ધિ પ્રાપ્ત થઇ છે." ગુરૂની પાસેથી પોતાના પૂર્વભવની વાત સાંભળી રાજા તાજુબ થતો બોલ્યો, " હે સ્વામિન્! આ ભવમાં પણ હું બે પ્રમાણે તપ કરીશ. " પછી ગુરૂને વાંદી કરીને, તે પોતાના સ્થાનકે ગયો અને ગુરૂ ત્યાંથી વિહાર કરી ગયા.

પછી રાજા તીવ્ર તપ કરવા લાગ્યો. રાજાને તપ કરતો

જાણી પ્રજા પણ પોતપોતાની શક્તિ પ્રમાણે તપ કરવા લાગી; કારણકે છઠ્ઠને પારણે છઠ્ઠની તપસ્યા કરવાથી ભગવાન ગૌતમ ગણધરને અનેક લબ્ધિઓ ઉત્પન્ન થઇ. સાઠ હજાર વર્ષ પર્યંત આયંબિલની તપસ્યા કરનારાં સુંદરી કુમારી કોના આશ્ચર્યને ઉત્પન્ન નથી કરતાં ! સાતે ક્ષેત્રમાં પુષ્કળ ધન વાપરી સુંદર નામના પુત્રને રાજ્યારૂઢ કરી તેજપુંજે દીક્ષા ગ્રહણ કરી. તપ કરતાં કૈવલ્યલક્ષ્મીને પ્રાપ્ત કરી મુક્તિની વરમાળા મેળવી. એવું તપ કરવામાં કોને પ્રીતિ ન હોય ?

ભાવનાનું સ્વરૂપ પણ ભવ્ય છે. શિવભૂપની માફક ભાવના ભવનો નાશ કરી શિવવધુનો હાથ મેળવી આપે છે, આશ્ચર્ય કરનારૂં શિવરાજાનું દૃષ્ટાંત; હે ભવ્યો ! તમે સાંભળો.

વર્ધમાનપુર નગરમાં શૂરરાજાને પદ્માવતી પ્રિયા થકી શિવ નામે પુત્ર થયો. યૌવન વયમાં શ્રીપુર નગરના ધીર રાજાની કુંવરી શ્રીમતી સાથે શિવકુમારને પરણાવી રાજ-ગાદી ઉપર બેસાડી રાજાએ પોતાનું આત્મકલ્યાણ સાધ્યું. શિવભુપાળ પ્રજાને સારી રીતે પાળી રાજ્ય કરતાં હતાં. એક દિવસે ચરપુરૂષે આવીને કહ્યું કે, " હે મહારાજ! હરિપુર નગરનો ધીર રાજા આપણી પ્રજાને હેરાન કરે છે માટે ગરીબ પ્રજાનું રક્ષણ કરો ! "

ચરપુરૂષની વાત સાંભળી શિવરાજા લશ્કર લઇને ધીરની સામે ગયો. ધીર પણ એની સામે આવ્યો. બન્ને રાજાઓ જીવ ઉપર આવીને લડયા. યુદ્ધમાં શિવરાજાએ વીરને પકડીને બાંધી લીધો. ધીરરાજાએ પોતાની પુત્રી શિવરાજાને પરણાવી. તેની આજ્ઞા અંગીકાર કરવાથી શિવરાજાએ પોતાની આજ્ઞા મનાવી ધીરને એનું રાજ્ય

પાછું આપ્યું. શિવરાજાની પત્ની શ્રીમતી, વીરનામે પુત્રને જન્મ આપી કાળે કરીને ધર્મમાં તત્પર એવી મરણ પામીને સ્વર્ગે ગઇ. અવધિજ્ઞાનથી પોતાના પતિને ધર્મ-રહિત જાણી દેવી શિવભૂપાળને બોધ કરવાને આવી. સાતે વ્યસનમાં આસકત શિવરાજા ધર્મના મર્મને તે શી રીતે સમજી શકે?

રાજમાર્ગે છટાથી ચાલતી મલીન વસ્ત્રવાળી એક ચંડાળણી, હાથમાં મનુષ્યની ખોપરીને ધારણ કરી તેમાંથી મદિરાને ઢીચતી, માંસનું ભક્ષણ કરતી રસ્તા ઉપર પાણી છાંટતી ચાલવા લાગી. ચાંડાળણીની આવી ચેષ્ટા જોઇ-જાણી સભાસ્થાનમાં બેઠેલા રાજાએ પૂછયું; "મંત્રી, આ દુષ્ટા આવી રીતે પાણીનો છંટકાવ કરતી માર્ગને ઉલટો અપવિત્ર કરે છે! તમે પૂછો તો ખરા એ આમ શા માટે કરે છે?" રાજાએ મંત્રીને તપાસ કરવા મોકલ્યો.

રાજાની આજ્ઞાથી મંત્રીએ ચંડાળણી પાસે આવીને પુછયું; "આવી રીતે તું પાણી કેમ છાંટે છે, વારૂ? ચાલ! તને રાજા બોલાવે છે."

મંત્રીના કહેવાથી ચંડાળણી છટાથી ચાલતી રાજાની પાસે રાજસભામાં આવી અને નીડરતાથી રાજસભામાં રાજાની સામે ઉભી રહી.

પ્રકરણ ૩૧ મું.

વિક્રમ સંવત્સર

"નામ રહેતા ઠક્કરા, નાણાં નહી રહંત,
કીર્તિ કેરાં કોટડાં, પાડયાં નહી પડંત"

"અરે ચંડાળણી! રે માંસ મદિરા ભક્ષણે! હાથમાં

નરકપાલ મહણ કરીને તું જલછંટકાવ કેમ કરે છે?" રાજસભામાં આવેલી ચંડાળણીને રાજાએ પૂછયું.

"જે શિકારી હોય, પરદ્રોહ કરનાર હોય, મદ્યપાનમાં તત્પર રહેતો હોય, વિશ્વાસઘાતી અને જુઠી સાક્ષી પૂરનાર હોય એવા પુરુષો આ માર્ગે ચાલ્યા હોય તેમના ચરણથી અપવિત્ર થયેલા રસ્તાને હું પવિત્ર કરું છું; આ જળ છાંટીને માર્ગને શુદ્ધ કરું છું."

"માંસ મદિરાનું ભક્ષણ કરનારી તું પોતે જ અપવિત્ર છે, તો તારા જલ છંટકાવથી રસ્તો શી રીતે પવિત્ર થશે?"

રાજાનું કહેવું ન ગણકારતી ચંડાળણી એ નરકપાલમાંથી જલ લઈને રાજસભામાં છંટકાવ કરવા લાગી. તેના આવા અસભ્ય વર્તનથી રાજા ગુસ્સે થયો ને સેવકોને આ ચંડાળણીને પકડી શિક્ષા કરવાનો હુકમ આપ્યો.

રાજસેવકોએ ચંડાલણીને પકડી મારવી શરૂ કરી, પણ એને માર જ લાગતો નહિ. શસ્ત્રોથી એના પર ઘા કરવા માંડયા. એને છિન્નભિન્ન કરવા માંડી, પણ અક્ષત અંગવાળી ચંડાળણીને કાંઈ ઈજા થઈ નહિ. રાજસેવકો પાછા હઠી ગયા. મૃદુ હાસ્ય કરતી ચંડાળણી બોલી, "હે રાજન્! હજી પણ તારામાં શક્તિ હોય તો અજમાવ! તારી હૈયાની હોંશ પુરી કર!"

ચંડાળણીના મૃદુ હાસ્યને નીરખતાં રાજા અને સભા ચિત્રવત્ થઈ ગઈ. "આ શું? ચંડાલણી તે મનુષ્ય છે કે ડાકણી? એને શસ્ત્રો પણ લાગી શકતાં નથી."

રાજા પણ વિચાર કરવા લાગ્યો, "અરે આ કોઇ મનુષ્ય નથી. મનુષ્ય હોય તો શસ્ત્રના ઘાથી બચી શકે નહિ; નક્કી આ કોઈ દેવમાયા છે. દેવી જણાય છે અને એવા દેવતાની મેં આશાતના કરી એ કાંઇ સારૂં કર્યું નહિ. હા! હા!

આ દેવતાઓની આશાતનાના પાપથી હું શી રીતે છુટીશ ? મારી શી ગતિ થશે ?"

રાજાનો પશ્ચાત્તાપ તેમજ તેને ધર્મની સન્મુખ જાણી એ ચંડાળણી મનોહર વસ્ત્રાભૂષણથી યુક્ત, કાને કુંડલ સહિત દેવી સ્વરૂપમાં પ્રગટ થઇ. દેવીને જોઇ આશ્ચર્ય પામતો રાજા બોલ્યો, " તમે કોણ છો ? શા માટે અહીં આવ્યાં છો ? "

" રાજન્ ! તમારી શ્રીમતી પત્ની ધર્મધ્યાનપૂર્વક મરણ પામીને હું દેવીપણામાં ઉત્પન્ન થઇ છું. ધર્મરહિત એવા તમને ધર્મનો પ્રતિબોધ કરવા આવી છું."

શોકાતુર રાજા બોલ્યો, " હે દેવિ ! હું મહાપાપી છું. "

પશ્ચાત્તાપ કરતા રાજાને જોઈ દેવી બોલી, " જીવહિંસાનાં કાર્ય છોડી જીવદયામાં પ્રીતિવાળા થાઓ ! તેથી તમે સ્વર્ગમાં દેવપણાને પામશો ! ભલે જીવન બધું ય તમે હારી ગયા હો પણ જો પાછળની છેલ્લી સ્થિતિ તમે સુધારી લેશો તોપણ તમે જીતી જશો, રાજન્ ! "

દેવીના વચનથી ઉત્સુક થયેલા રાજાએ જીવદયાના કાર્યમાં પ્રીતિવાળા થઈ શિકાર છોડી દીધો, વ્યસનમાત્ર તજી દીધાં. જીવદયારૂપી ધર્મમાં રાજાને સ્થાપન કરી રાજકુમારને અને રાજાને કુંડલ રત્ન આપીને દેવી સ્વર્ગમાં ચાલી ગઇ. ત્યાર પછી રાજાએ સાતે વ્યસનનો ત્યાગ કરી નગરીની મધ્યમાં શાંતિનાથ ભગવાનનું ભવ્ય મંદિર બંધાવી પ્રતિ દિવસ તે પૂજન અર્ચનથી ભગવાનની ભક્તિ કરવા લાગ્યો.

શાંતિનાથ ભગવાનની સ્નાત્રપૂજા, પ્રભાવના કરતાં રાજાએ પોતાના રાજ્યમાં અમારી-ઘોષણા કરાવી. રાજ્ય-

માંથી જીવહિંસાનો નાશ કરી નાખ્યો, એક દિવસ શાંતિનાથ ભગવાનની પૂજા કરી સુગંધિત પુષ્પોથી અંગ રચના કરતો શિવભૂત મનોહર નૈવેદ્ય પ્રભુ આગળ ધરતો, ને પ્રભુના ગુણનું સુંદર રીતે સ્તુતિ કરતો શુભ ધ્યાનમાં લીન થયો. ચિત્તની એકાગ્રતા થતાં ભાવનામાં ને ભાવનામાં શિવભૂપને કૈવલ્ય-લક્ષ્મી પ્રાપ્ત થઇ. દેવતાએ આપેલા વેશને ધારણ કરતા શિવ રાજર્ષિ પૃથ્વીને પ્રતિબોધ કરતા શિવપુરીમાં-મુક્તિમાં ગયા. એ પ્રમાણે ધર્મોપદેશ કરી સૂરિ અન્યત્ર વિહાર કરી ગયા.

સિદ્ધસેનદિવાકરસૂરિ પાસેથી પ્રતિ દિવસ એ મુજબ ધર્મનું શ્રવણ કરવાથી રાજા વિક્રમાદિત્ય મસ્તકને કંપાવતો ચમત્કાર પામ્યો; "ઓહો! લક્ષ્મી તો ત્યાગવા યોગ્ય છે. અસાર એવી લક્ષ્મીને પામી કયો પુરૂષ દાનમાં વાપરી જીવન સફલ ન કરે?"

આમ ધર્મ તત્ત્વને ચિંતવતો રાજા વિક્રમાદિત્ય દિન પ્રતિદિન અધિકા અધિક ધર્મને કરવા લાગ્યો. દેશપરદેશથી આવતા લોકોને મોં માગ્યાં દાન આપવા લાગ્યો. અનેક યાચકોથી એની નગરી ઉભરાઇ જવા લાગી. વિક્રમના અપરિમિત દાનથી પૃથ્વી ઉપરથી યાચકો ધીમે ધીમે અદૃશ્ય થવા લાગ્યા; રાજાની સ્તુતિ કરી મનમાન્યું ઈનામ મેળવી સુખી થયા. બધીય પૃથ્વી અનૃણી થઈ ગઈ. પોતાના તાબા સિવાયના બીજા અનેક દેશોમાં વિક્રમાદિત્યે પૃથ્વીને અનૃણી કરવા માટે મંત્રીઓને ધન આપીને મોકલ્યા. પરદેશમાં જે જે માણસોનાં જે જે ઋણ-દેવાં હતાં તે બધાં મંત્રીઓએ ચુકતે કર્યાં. કોઈ માણસ દેવાદાર રહ્યો નહિ.

સંવત્સરી-વાર્ષિક દાન દઇ ભગવાન વીર પ્રભુએ દીક્ષા

ગ્રહણ કરી તેમજ કર્મનો ક્ષય કરીને કેવલજ્ઞાન પામી ગયા. ને તેમનો સંવત્સર ચાલ્યો. તેમને મોક્ષ ગયાને ચારસો-પંચોત્તેર વર્ષ થયાં. ત્યારે વિક્રમરાજાએ વીર સંવત્સરનું પરિવર્તન કરી પોતાનો સંવત્સર ચાલુ કર્યો.

પોતાનો સંવત્સર પ્રગટાવી રાજા વિક્રમાદિત્યે એક દિવસ પોતાના અમાત્ય ભટ્ટમાત્રને પૂછ્યું " હે મંત્રી હવે મારે કરવા યોગ્ય શું છે તે કહે ? "

" કૃપાનાથ ! પૂર્વે રામ આદિ પૃથ્વીપતિઓએ ઘણી પૃથ્વી જીતીને કીર્ત્તિસ્તંભ રોપ્યો હતો-ઉભો કર્યો હતો. તેમ આપે પણ ઘણા ધનનો વ્યય કરવા વડે અહીંયાં અવન્તીમાં એક કીર્ત્તિસ્તંભ તૈયાર કરાવો.

મંત્રીનાં વચન સાંભળી રાજા વિક્રમાદિત્યે તરત જ સુત્રધારો (સુથારો)ને બોલાવ્યા, ને એક મોટો કીર્ત્તિસ્તંભ કરવાની સૂચના કરી; રાજાની આજ્ઞાથી સુત્રધારોએ કીર્ત્તિ-સ્તંભ તૈયાર કરવા માંડ્યો.

એકદા વિક્રમાદિત્ય મધ્ય નિશાને સમયે ગુપ્તવેષે નગર-ચર્ચા જોવા નીકળ્યો. રાજા નગરમાં ફરતો ફરતો કૃષ્ણ-નામના પંડિત [જ્યોતિષી] ના મકાન—ઘર આગળ આવ્યો. દૈવયોગે બે સાંઢ [આખલા] લડતા લડતા કૃષ્ણ-પંડિતના ઘર આગળ આવ્યા. રાજા અકસ્માત એ આફ્-તમાં સપડાઈ જવાથી એક સ્થંભ ઉપર ચઢીને લટકી રહ્યો. સાંઢ પણ એ સ્થંભ આગળ આવીને યુદ્ધ કરવા લાગ્યો. રાજા મહાસંકટમાં આવી પડ્યો. એ સાંઢોના યુદ્ધથી ચમકીને પંડિત કૃષ્ણ નિદ્રામાંથી જાગૃત થઇ ગયો. ઘરની બહાર આવી આકાશ તરફ મીટ માંડતો બે ગ્રહોને એકત્ર જોઇ એકદમ ઘરમાં આવી પત્નીને જગાડી. " પ્રિયે ! ઉઠ ! ઉઠ ! દીપક કર ! આપણો રાજા સંકટમાં પડ્યો છે તેનું રક્ષણ કરવા શીઘ્ર હું હોમહવન ને બલિ કરીશ. "

"સ્વામી! જવા દો એ વાત! ઘરમાં સાત કન્યાઓ પરણવા યોગ્ય થઈ છે. છતાં ઘરમાં દ્રવ્ય નથી. ખાવાપૂરતું અન્ન નથી. યુગંધરી-જુવાર પણ નથી. ધાન્યમાં નાખવા પૂરતું લવણ પણ નથી. આપણને આવું કષ્ટ છતાં રાજા શું જોઈને કીર્તિસ્તંભ કરાવે છે?"

બ્રાહ્મણીનાં દીન વચન સાંભળી, કૃષ્ણ પંડિત બોલ્યો, હેપ્રિયા! રાજાઓ કદી પોતાના થતા નથી, છતાં લોકોનાં ફરજ છે કે રાજાનું હિત ઈચ્છવું જોઇએ."

કૃષ્ણ પંડિતે દીપક પ્રગટાવી નૃપની શાંતિ માટે શાંતિકર્મ કર્યું. સુંદર નૈવેદ્ય, ધૂપ, દીપ, પુષ્પ, ફલ, કુલ વિગેરે લાવીને પંડિને તુરતા તુરત શાંતિકર્મ કરવાથી ગ્રહો છુટા થયા અને અંદર અંદર યુદ્ધ કરતા વૃષભો પણ છુટા થઇ જતા રહ્યા. વૃષભોના ગયા પછી રાજા મુશ્કેલીએ સ્થંભ ઉપરથી ઉતરી મકાનનું નિશાન યાદ રાખી ચાલ્યો ગયો. પોતાના મહેલમાં આવીને રાજા સૂઈ ગયો. પ્રાતઃકાળ થયો ને રાજા સભામાં આવ્યે ત્યારે સેવકોને તે બ્રાહ્મણને બોલાવવા માટે મોકલ્યો. પ્રાતઃકાળમાં રાજસેવકોને પોતાને આંગણે જોઇ બ્રાહ્મણી ગભરાણી, "જોયું! સ્વામી! આ રાજાની મહેરબાની! રાજા બોલાવીને કોણ જાણે તમને શું કરશે! રાજાના વિઘ્નનો શાંતિ માટે તમે શાંતિકર્મ કર્યું, તો અત્યારમાં જ તમને પકડીને રાજા પાસે હાજર કરવાનું ફરમાન થયું!" બ્રાહ્મણીએ દુઃખી દુઃખી થઇને પતિને કહ્યું.

પત્નીને ધીરજથી સમજાવી કૃષ્ણ પંડિત સેવકો સાથે રાજદરબારમાં આવ્યો. કૃષ્ણ પંડિતનો સત્કાર કરી રાજાએ પોતાની પાસે આસન આપી બેસાડી પૂછયું. "પંડિતજી! કહો રાત્રીના સમયે રાજાને વિઘ્ન છે એવું તમે શી રીતે જાણ્યું?"

" હે મહારાજા ! તે સમયનું લગ્નમંડળ જોઈને ! આકાશમાં ગ્રહોના અંતરગત જોઇને મેં જાણ્યું કે અમારા રાજાને અત્યારે મોટું વિઘ્ન છે, માટે શાન્તિ કરવી જોઇએ. "

" તમારે પોતાને રાજાના હિત માટે શાંતિ કરવાની શી જરૂર ? " રાજાએ આતુરતાથી પુછ્યું.

" મહારાજ ! કૃપાનાથ ! જેની છત્રછાયામાં રહીએ તે રાજાનું ભલું ઇચ્છવું તે રઇયતની ફરજ નથી શું ? તેમાંય આપના જેવા પરદુઃખભંજન રાજાનું હિત તો જરૂર ઇચ્છવું જોઇએ. " પંડિતની વાત સાંભળી ખુશી થતો, રાજા બોલ્યો, " તમારી વાત સત્ય છે, પંડિતજી ! " અને પોતાના સંકટ સંબંધી રાત્રીનું વૃત્તાંત રાજાએ કહી સંભાળાવ્યું. રાજાએ પંડિતને બહુ લક્ષ્મી આપી એનું દ્વારિદ્ર-રૂપી વૃક્ષ છેદી નાખી ખુશી કર્યો. એની સાતે કન્યાઓ રાજાએ પરણાવી આપી, ને સાત લક્ષ દ્રવ્ય આપી પંડિતને સુખી કર્યો. કીર્ત્તિસ્તંભ તૈયાર થઈ જવાથી રાજાએ અવંતીનગરીમાં ખુબ ધન ખર્ચીને કીર્ત્તિસ્તંભની વિધિ કરીને જગમાં સ્તંભને પ્રસિદ્ધ કર્યો

" દાતારનું મુખ દેખતાં, દુઃખ જન્મનું જાય;
શત્રુંજય જેમ ભેટતાં, પાપ બધાં ધોવાય. ',

પ્રકરણ ૩૨ મું.

શુકરાજ-કથા

" देवा विसय पसत्ता नेरइया निच्च दुःख संसत्ता ।
तिरिया विवेग विमला. मणुआणं धम्म सामग्गी ॥ "

ભાવાર્થ—દેવતાઓ વિષયમાં આસક્ત રહેલા હોય છે, નારકીઓ વિવિધ પ્રકારના દુઃખોની પીડામાં મૂંઝાયેલા

હોય, ત્યારે તિર્યંચો વિવેક રહિત હોવાથી તેમનાથી ધર્મ સાધન થઈ શકતું નથી; ફક્ત મનુષ્યનેજ ધર્મની સામગ્રીઓ પ્રાપ્ત થઈ શકે છે; તેથી જ ધર્મસાધન કરી શકે છે.

મોટા પ્રભાવવાળા સિદ્ધસેનદિવાકર સૂરીશ્વર વિહાર કરતા કરતા અવંતિમાં આવ્યા. પોતાના ગુરૂનો પ્રવેશ મહોત્સવ કરી રાજા વિક્રમાદિત્ય સૂરીશ્વરને નગરીમાં લાવ્યો અને સુરીશ્વર પાસે ધર્મોપદેશ સાંભળવા જવા લાગ્યો. સુરીશ્વરે રાજાને પ્રતિબોધ આપતાં તેમની આગળ શત્રુંજયનું મહાત્મ્ય કહેવું શરૂ કર્યું, "હે રાજન્! આ દુર્લભ નરભવને પામીને વિષયમાં લુબ્ધ થયેલા મનુષ્યને મનુષ્યપણું અથવા વિવેક, શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા અને અનુકુળતા, શ્રદ્ધા અને સંયમ એ ચાર દુર્લભ વસ્તુઓ મહાન પુણ્યથી મલે છે અથવા તો આ સંસારસાગરમાં મુકિત જવાની યોગ્યતાવાળાને જ તે મળી શકે છે. સંસારમાં પ્રથમ તો નરભવ જ દોહ્યલો છે; તેમાંય નરભવને પામીને શ્રી શત્રુંજય તીર્થને વિષે રહેલા યુગાદિ જીનેશ્વરને ભકિતથી વંદન કરવાથી અનંતગણું પુણ્ય પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે શત્રુંજયે જતાં સ્પર્શતાં કોટીગણું પુણ્ય થાય. ને મન વચન અને કાયાવડે ઋષભદેવને ભેટતાં અનંતગણું ફળ થાય છે. શત્રુંજય તરફ એક એક પગલું ભરતાં પ્રાણીઓ અનેક કોટી ભવનાં પાપથી મુક્ત થાય છે. વજ્રલેપ જેવા પાપવાળા માણસનાં પાપ અને દુઃખ ત્યાંસુધી જ રહે છે કે જ્યાંસુધી એ પાપીઓ શત્રુંજય ઉપર જઇને ઋષભદેવને ભેટયા નથી!

"વધારે શું કહીએ, રાજન્! એ પુંડરિકગિરિના અપુર્વ મહિમાથી મયુર, સર્પ, સિંહાદિક હિંસક પ્રાણીઓ પણ આ પર્વત ઉપર જિનેશ્વરનાં દર્શન કરીને સ્વર્ગે

ગયાં છે, જાય છે અને જશે.

" જ્યાં ચૈત્રી પુનમના દિવસે પંચકોટીના પરિવાર સાથે પુંડરિક ગણધર, સૂર્યયશાથી લઇને સગર ચક્રવર્તી પર્યંત ઋષભદેવપ્રભુના વંશમાં થયેલા અસંખ્ય નરપતિઓ, ત્રણ કોટીની સાથે રામચંદ્રજી, એકાણું લાખ સાથે નારદજી, સિદ્ધગિરિ ઉપર મોક્ષે પધાર્યા છે; એવો સિદ્ધગિરિ આ ભરતક્ષેત્રની અપૂર્વ શોભાને ધારણ કરે છે. યુગલિક ધર્મનું પરાવર્તન કરીને, અને લોકવ્યવહાર પ્રગટ કરીને લોકોને નિષ્ણાત કરેલા છે, એવા ઋષભદેવ પ્રભુએ શત્રુંજય ઉપર આવી જેનું મહાત્મ્ય પ્રગટ કરેલું છે એવા આ પર્વતનો આશ્રય કરીને પુંડરિક ગણધર આદિ અનેક ઉત્તમ પુરૂષો મુક્તિરૂપી લક્ષ્મીને વરેલા છે; ત્યારથી આ પર્વતનું નામ પુંડરિકગિરિ શરૂ થયું છે. શાસ્ત્રમાં અનેક પ્રકારે વર્ણન કરાયેલા આ પુંડરિકગિરિનું નામ કાળે કરીને શત્રુંજય થયું છે "

" શત્રુંજય નામ શી રીતે થયું ભગવન્! " રાજાએ જિજ્ઞાસા દાખવી પૂછયું.

" શત્રુનો જય કરવાથી આ પર્વતનું નામ શત્રુંજય થયું છે. હિંસામય સાધનો તેમજ સૈન્યની સામગ્રી વગર પણ જે શુકરાજાએ આ પર્વતનો આશ્રય કરીને શત્રુ એવા ચંદ્રશેખર રાજાને જીતી લીધો, શત્રુના હાથમાં પડેલું સામ્રાજ્ય વગર લડાઇએ પુનઃ પ્રાપ્ત કર્યું, એવા શુકરાજાએ આ પર્વત ઉપર આવીને મોટો મહોત્સવ કરી શત્રુંજય નામ પાડયું. આજે પણ પુંડરિકગિરિને શત્રુંજયના નામથી સર્વે જગત જાણે છે. "

" ભગવન્! એ શુકરાજા કોણ? એ ચંદ્રશેખર કોણ? એમનું ચરિત્ર કહેવા અમારા ઉપર કૃપા કરો? " રાજાએ આતુરતા પૂર્વક પૂછયું.

"રાજન્! આ ભરતક્ષેત્રમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં મૃગધ્વજ નામે ન્યાયથી પ્રજાનું પાલન કરનારો એક રાજા હતો. એ રાજાને ચંદ્રવતી, મૃગાવતી પ્રમુખ અનેક રાણીઓ હતી. એકદા વસંત સમયને વિષે ઉદ્યાનપાલકના કહેવાથી વસંતની શોભા માણવા માટે અંતઃપુર સહિત એ અખંડિત આજ્ઞાવાળો નૃપ ઉદ્યાનમાં ગયો. વનમાં અનેક પ્રકારે ક્રીડા કરતો રાજા પ્રિયાઓ સાથે ફરતો એક વિશાળ આમ્રવૃક્ષની નીચે આવી આરામ લેવાની ઇચ્છાએ બેઠો. આરામમાં બેઠેલો રાજા પોતાની પ્રિયાઓને જોતો, સામ્રાજ્યની સમૃદ્ધિને ભોગવતો, મનમાં વિચાર કરવા લાગ્યો. આવી સુંદર પ્રિયાઓ અને આવી સમૃદ્ધિ વિશ્વમાં કોઇ ઠેકાણે કોઈને હશે શું? મારા જેવો ભાગ્યવંત પુરૂષ વિધિએ બીજો સર્જ્યો હશે શું? અથવા તો એવા વિચારથી શું? પૃથ્વી ઉપર ઠેકાણે ઠેકાણે કાંઇ કામલતાઓ થતી નથી, તેવી રીતે મારા જેવું સુખ પણ જગતમાં ભાગ્યેજ કોઈ ઠેકાણે હશે."

રાજાનાં આવાં ગર્વિષ્ઠપણાનાં વચન સાંભળી એ આમ્રવૃક્ષની શાખા ઉપર બેઠેલો શુક બોલ્યો. "આહ! આ જગતની તુચ્છ અને નાશવંત રિદ્ધિ-સમૃદ્ધિને પામીને મનુષ્ય ગાંડો થઇ જાય છે. અરે! ઉંચે પગ રાખીને સૂતેલી ટિટિહી, પડતાં આકાશને પોતાના પગ ઉપર ઝીલી લેવાનો ફાંકો જ જાણે રાખતી હોય ને શું?"

શુકની વાણી સાંભળીને રાજા મનમાં વિચાર કરવા લાગ્યો, 'આ શુકે મને ગર્વ ત્યાગવાનો ઉપદેશ શા માટે આપ્યો!"

શુકનો ઉપદેશ છતાંય રાજા ગર્વ રહિત થયો નહિ. ત્યારે શુક રાજાને ઉદ્દેશીને બોલ્યો, "હે રાજન્! તમારા

અંતઃપુરની આ રાણીઓમાં તમે લોભાઇ આસક્ત થઈ ગયા છો. ત્યારે ગાંગિલ ઋષિની મનોહર લાવણ્યવતી પુત્રી કનકમાલાને જુઓ તો પછી તમારૂં શું થાય ? તમારે એક વખત તેણીને જોવી છે? જોવી હોય તો ચાલો મારી પાછળ ! એમ કહીને શુકે ઉડવા માંડયું. શુકની વાત સાંભળી નવાઇ પામેલો રાજા વાયુવેગ નામના ઘોડા ઉપર સવાર થઈ અમાત્યને રાજ્ય ભળાવી શુકની પછવાડે દોડયો.

શુકની પછવાડે અશ્વને દોડાવતો રાજા સો જોજન ભૂમિને ઓળંગી ગયો, ત્યારે રાજાએ મહા અટવીમાં એક સુવર્ણકલશથી શોભતું મનોહર પતાકાવાળું ચૈત્ય જોયું. તેના શિખર ઉપર બેસીને શુક બોલ્યો; "હે રાજન્ ! આ મંદિરમાં રહેલા યુગાદિશ ઋષભદેવ ભગવાનને નમો !" રાજા ઘોડા ઉપર રહ્યો થકો જીનેશ્વરને નમ્યો. રાજાની આ રીતથી શુક દેવળમાં આવી જીનેશ્વરની સ્તુતિ કરવા લાગ્યો. તેની પાછળ રાજા પણ અશ્વ ઉપરથી ઉતરી જીનમંદિરમાં આવી ઋષભદેવની સ્તુતિ કરી નમ્યો.

રાજાના સુંદર રાગથી થતી સ્તુતિ મંદિરની પાસેના આશ્રમમાં રહેલા ગાંગિલ ઋષિએ સાંભળી. તે સ્તુતિથી આશ્ચર્ય પામેલા ગાંગિલ ઋષિ જીનમંદિરમાં આવ્યા. જીનેશ્વરના ભક્તિ-સ્તુતિ કરીને રાજા સાથે તે બહાર આવ્યા. પછી ઋષિ રાજાને પોતાના આશ્રમમાં તેડી લાવ્યા. ખાનપાનથી રાજાની ભક્તિ કરી ઋષિએ કનકમાલા પુત્રી રાજાને પરણાવી. કેટલાક દિવસ ત્યાં રહ્યા પછી રાજા કનકમાલા સાથે વાયુવેગ ઉપર સવાર થઈ પોતાની નગરી તરફ જવાને રવાના થયો. પોતાની નગરીનો રસ્તો ન મળવાથી માર્ગમાં રાજા મુંઝાયો, જેથી પાછો શુક હાજર થયો. તેની પછવાડે ચાલતાં નગરીના સીમાડે આવીને શુક અટકી ગયો.

" હે રાજન્! તારી નગરીને રૂંધીને ચંદ્રશેખર રાજા પડેલો છે; તારા સુભટો એની સાથે લડે છે પણ તેઓ ફાવતા નથી. અત્યારે નગરીમાં પ્રવેશ કરવો એ મુશ્કેલી ભરી વાત છે. "

શુકની વાણી સાંભળી રાજા ચિંતાતુર થયો. રાજાને ચિંતાતુર હાલતમાં છોડી પેલો શુક નગરીમાં ચાલ્યો ગયો. થોડીવારે રાજસેવકો જય જય શબ્દ કરતા રાજાની પાસે આવી પહોંચ્યા. રાજા પોતાના પરિવારને જોઈ આશ્ચર્ય પામ્યો. " તમે અહીંયાં શી રીતે આવ્યા? "

" ખબર નથી કે તમને અહીં કોણ લાવ્યું! અમે અહીં આવ્યા ને અકસ્માત્ વિદ્યુતપાતની માફક આપને અમોએ જોયા. " રાજસેવકો, મંત્રીઓ અને સેનાધિપતિસૌ કોઈ આશ્ચર્ય પામતાં આવું દૃશ્ય જોઈ બોલ્યા.

નવીન પ્રિયા સહિત પોતાના નૃપતિને જોઇ રાજસેનીકો, મંત્રીઓ, સેનાધિપતિઓ વિગેરે રાજા પાસે આવી પહોંચ્યા, વાજીંત્રો વાગવા લાગ્યાં. રાજા આડંબરપૂર્વક નગર તરફ આવવા લાગ્યા. રાજાને આવેલા જાણી ચંદ્રશેખર મૂઢ બનેલો વિચારમાં પડી ગયો. ત્યાં મંત્રીએ આવીને ચંદ્રશેખરને સાવધ કર્યો. " રાજન્! પ્રાણરક્ષા માટે કાંઈ ઉપાય હશે? અન્યથી સંપૂર્ણ બળવાળો આ રાજા તમને મારી નાખશે. " મંત્રીની વાણીથી ચંદ્રશેખર અધિક ગભરાયો અને બોલ્યો, " શું કરવું? નાસી જાઉં? કાંઈક રસ્તો બતાવ? " ચંદ્રશેખરના કહેવાથી મંત્રીએ એક યુક્તિ બતાવી. તે ચંદ્રશેખરને પસંદ પડી ગઈ.

ચંદ્રશેખર પોતાના અલ્પ પરિવાર સાથે રાજાની સામે આવી રાજાને નમ્યો, " હે મહારાજ! લોકવાયકાથી આપને ફરવા ગયેલા જાણી નગરીનું રક્ષણ કરવા માટે હું

અહીં આવ્યો. મારા મર્મને નહિ જાણનારા તમારા સુભટો યુદ્ધ કરી મારી સાથે કલેશ કરવા લાગ્યા. આપ આવ્યા એ ઘણું સારું થયું. હવે આપ આપની નગરી સંભાળો!"

ચંદ્રશેખરની મધુર વાણીથી રાજા મૃગધ્વજે ચંદ્રશેખરનો સત્કાર કરી બહુ માન આપ્યું. રાજા મહોત્સવપૂર્વક ચંદ્રશેખર અને મંત્રીઓ વિગેરે સાથે નગરીમાં આવ્યા. રાજા અને નવી રાણી કનકમાલાને જોવાને નગરની નારીઓ અધીરી બની ઘરનાં કામકાજ છોડી, રસ્તા ઉપર ઉભી ઉભી રાજા અને રાણીને જોવા લાગી; કારણકે નવીન સ્ત્રી જોવાની સ્ત્રીઓની આતુરતા ઉત્કંઠા અતિ બળવાન હોય છે.

રાજા કનકમાલા સહિત પોતાના મહેલમાં આવ્યા; કનકમાલાને પટ્ટરાણી વિભૂષિત કરી ન્યાયમાર્ગે પ્રજાને પાળવા લાગ્યો. ગાંગિલ ઋષિએ આપેલા મંત્રનો જાપ કરી આરાધવાથી રાણીઓને એક એક પુત્ર થયો. કનકમાલાએ પણ સુંદર સ્વપ્ન જોવાથી પ્રાતઃકાળે ઉઠીને રાજાને નિવેદન કર્યું, "હે સ્વામીન! મારા પિતાના આશ્રમની પાસે રહેલા જીનમંદિરમાં ઋષભદેવને નમસ્કાર કરતી હતી, ત્યાં મને દેવે કહ્યું કે, હે વત્સે! આ એક ઉત્તમ શુકને ગ્રહણ કર, પછી તને હંસ આપીશ.

કનકમાલાના આ સ્વપ્નનું ફલ સ્વપ્નપાઠકોને પુછી રાજાએ કહ્યું, "પ્રિયે! તારે પરાક્રમી એવા પુત્રો થશે"

કેટલેક કાળે ગર્ભવંતી એવી કનકમાલાએ એક પુત્રને જન્મ આપ્યો, શુક-સ્વપ્નના અનુસારે એ પુત્રનું શુકરાજ નામ પાડયું. શુકરાજ ધાત્રીઓથી લાલનપાલન કરાતો પાંચ વર્ષનો થયો. એકદા વસંતઋતુના સમયમાં

રાજારાણી પુત્રને લઈને ઉદ્યાનની શોભામાં રમવાને ગયાં. ઉદ્યાનની શોભા—લીલાને નીરખતાં પેલા આમ્રવૃક્ષતળે આવ્યા. ત્યાં આરામને માટે બેઠેલાં તેઓ વાતો કરવા લાગ્યાં. તે વખતે શુકરાજ રાજાના ઉત્સંગમાં રમતો હતો.

" હે પ્રિયે ! આજ આંબાના વૃક્ષ નીચે બેઠેલા મને, એક શુક, તારા સૌન્દર્યની વાત કરીને તારા પિતાના આશ્રમે તેડી ગયો ને આપણે ત્યાં મેલાપ થયો. તારા પિતાએ તને મારી સાથે પરણાવી એટલે એ શુક આપણને અહીં તેડી લાવ્યો. ને રાજ પણ એણે અપાવ્યું. " એ રીતે રાજા મૃગધ્વજે ગઇ વાતનું સ્મરણ તાજું કરવા માંડયું. પણ ત્યાં તો એક આશ્ચર્ય થયું. એ વાતને સાંભળતાં પેલો નાનકડો શુકરાજ મૂર્ચ્છિત થઇ ગયો. અનેક ઉપચારો કરી બાલક શુકરાજને સાવધ તો કર્યો. પણ પોતે જે કાંઇ કાલુંઘેલું બોલતો હતો તે બોલતો પણ બંધ થઇ ગયો. એને બોલાવવા માટે અનેક ઉપચારો કર્યા, પણ વ્યર્થ ! પુત્રના મુંગાપણાથી રાજારાણી શોક કરવા લાગ્યાં. એ રીતે અનુક્રમે છ માસ વહી ગયા.

શ્રીદત્ત મુનિને કેવલજ્ઞાન ઉત્પન્ન થયાની વધામણી આવવાથી રાજા મૃગધ્વજ પરિવાર સહિત કેવલી ભગવાનને વાંદવાને આવ્યો. કેવલજ્ઞાની ભગવાન શ્રીદત્ત મુનિરાજની અમૃતમય દેશના સાંભળીને, દેશનાને અંતે રાજાએ પુત્રને મુંગા થવાનું કારણ પૂછ્યું.

' હે રાજન્ ! તમારો પુત્ર હુન્નણાં જરૂર બોલશે. " કેવલી ભગવાન શુકરાજ તરફ જોઈને બોલ્યા, ' હે શુકરાજ ! અમને વિધિ સહિત વંદના કર ! " ગુરૂના આદેશથી શુકરાજ વંદનના સૂત્રોના સ્પષ્ટ ઉચ્ચાર કરતો ગુરૂરાજને વંદન કરવા લાગ્યો. શુકરાજની ઉચ્ચાર સહિત વંદનાથી રાજા સહિત બધા આશ્ચર્ય પામ્યા.

" હે ભગવન્! આ બાળકની સાથે મારો સંબંધ કયા કર્મને અનુસારે થયો? કૃપા કરીને આપ એનો પૂર્વભવ કહો! રાજાએ પુત્રના બોલવાથી આનંદ પામતાં ગુરૂને કહ્યું.

ગુરૂ શ્રીદત્ત કેવલીએ શુકરાજનો પૂર્વભવ સભા સમક્ષ કહી સંભળાવ્યો. " ભદ્દિલપુર નગરમાં જીતારી રાજા સભા ભરીને બેઠો હતો. તે વારે એક પુરૂષ રાજસભામાં પ્રવેશ કરી રાજાને નમી બોલ્યો, મહારાજ લક્ષ્મીપુર નગરમાં વિજયદેવ રાજાને પ્રીતિમતી પ્રિયા થકી ચાર પુત્રો ઉપર હંસી અને સારસી નામે બે પુત્રીઓ થઈ. યૌવનવય આવ્યે છતે રાજાએ તેમના વિવાહ માટે સ્વયંવર મંડપ રચાવ્યો અનેક રાજાઓને આમંત્ર્યા છે. તે રાજાએ મને પણ આપને આમંત્રણ આપવા મોકલ્યો છે, માટે આપ પધારો!' એ પુરૂષની વાણી સાંભળી રાજા ખુશી થયો.

" રાજા પરિવાર સહિત લક્ષ્મીપુર નગરમાં આવ્યો અને સ્વયંવરમાં પૂર્વના પુણ્યથી બન્ને કન્યાઓને પરણી અનુક્રમે પોતાની નગરીમાં લાવ્યો. સંસાર-સુખમાં મગ્ન થયેલો રાજા એકદા ઉદ્યાનમાં પધારેલા શ્રીધર આચાર્યને વંદન કરવાને આવ્યો. તેમની ધર્મદેશના સાંભળીને રાજા રાણીઓ સહિત પોતાને સ્થાનકે ગયો. ધર્મનું આરાધન કરતાં આ હંસીએ સરળ સ્વભાવથી પુરૂષયોગ્ય કર્મ બાંધ્યું, અને બીજી સારસીએ સ્ત્રીનામકર્મ બાંધ્યું, એ પછી કપટી સારસી હંસી સાથે વાતવાતમાં તકરાર કરવા લાગી.

" એક દિવસે રાજા જીતારી શંખપુરના સંઘની સાથે ઋષભદેવને નમવાને પ્રિયાઓની સાથે વિમલાચલ ગયો. ત્યાં ઋષભદેવને નમી, પૂજન અર્ચન ને સ્તુતિ કરી પરિવાર સહિત પોતાને નગરે આવ્યો. ગુરૂએ કહેલા ધર્મનું પાલન કરતાં રાજા જીતારીએ પોતાનો કાલ

સુખમાં વ્યતીત કર્યો. અંતે અનસનમાં રહેલો રાજા જીતારી નમસ્કાર મંત્રને સાંભળતો ને શુભ ધ્યાનમાં તત્પર જીનેશ્વર શ્રી ઋષભદેવના ધ્યાનમાં જ લીન હતો. એટલામાં ત્યાં નજીક યુગાદીશના મંદિરના શિખર ઉપર શબ્દ કરતા એક શુક તરફ ધ્યાન ગયું. રાજા શુકને જોતાં જોતાં મરણ પામીને શુકપણાને પામ્યો. હંસી અને સારસી પણ રાજાના મૃત્યુકાર્યથી પરવારી દીક્ષા ગ્રહણ કરી તીવ્ર તપ કરવા લાગી. આયુષ્ય પૂર્ણ થતાં હંસી અને સારસી પ્રથમ સ્વર્ગે દેવીપણે ઉત્પન્ન થઈ. અવધિજ્ઞાનથી પોતાના પૂર્વ ભવના પતિને શુકયોનીમાં ગયેલો જાણી બન્ને દેવીઓ શુકવાળા વનમાં આવી શુકને પ્રતિબોધ કર્યો.

" પ્રતિબોધ કરેલો શુક અનશન કરીને પ્રથમ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. ને પોતાની બન્ને દેવીઓ સાથે સુખ ભોગવવા લાગ્યો. કાળે કરીને બન્ને દેવીઓ આયુ ક્ષયે ચ્યવી જવાથી દેવ દુઃખી થયો. દેવી વગર મનોહર વાપી, વન, પ્રાસાદ, નાટક, કયાંય એનું મન રમતું નહિ.

એકદા ધર્મ સાંભળવાની ઇચ્છાથી તે દેવ ધર્મઘોષ કેવલી પાસે લક્ષ્મીપુરના ઉદ્યાનમાં આવ્યો. ધર્મને સાંભળીને તે દેવતાએ પૂછ્યું, ' ભગવન્ ! હું સુલભબોધિ કે દુર્લભબોધિ છું તે આપ કહો ! '

' તું ભાવીકાલમાં સુલભબોધિ થઇશ. ' ગુરૂએ કેવલજ્ઞાનના ઉપયોગથી કહ્યું.

' કેવી રીતે ? ' દેવતાએ ખુશી થતાં કેવલીને પૂછ્યું.

' સાંભળ ! તારી બન્ને પત્ની હંસી અને સારસી તેમાં હંસીનો જીવ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં મૃગધ્વજ રાજા થયો છે, ને સારસી ગાંગિલ ઋષિની કનકમાલા નામે પુત્રી થઈ છે. એમનો તું પુત્ર થઇશ. પાંચ વર્ષનો થતાં તને જાતિ સ્મરણ જ્ઞાન થવાથી તું સુલભબોધિ થઇશ. '

"ગુરૂનાં વચનથી હર્ષિત થયેલો સુર મનોહર એવું કીર-શુકનું રૂપ ધારણ કરી તેને ગાંગિલ ઋષિના આશ્રમે લઈ ગયો ને ઋષિસુતા પરણાવી અલંકાર વિગેરેથી શોભાવતો તને તારા નગરે પણ તે શુકે જ પહોંચાડી રાજ્ય આપ્યું. એ કાર્યથી પરવારી સુર પોતાને સ્થાનકે ચાલ્યો ગયો. આયુક્ષયે કાળ કરીને એ સુર હે રાજન્! તારા પુત્રપણે ઉત્પન્ન થયો. મહોત્સવપૂર્વક તેં એનું શુકરાજ નામ આપ્યું. તમે રાજારાણી એ આમ્રવૃક્ષ તળે વાતો કરતાં, પોતાના સંબંધી વાત શુકરાજે સાંભળવાથી એને પોતાના પૂર્વભવ સંબંધી જાતિસ્મરણ જ્ઞાન થયું. જાતિસ્મરણ થતાં શુકરાજે-આ બાલકે વિચાર કર્યો, 'ઓહો! આ ભવ-નાટક તો જુઓ! ગતભવમાં આ મારી બન્ને સ્ત્રિઓ તેમજ દેવભવમાં પણ મારી દેવીઓ થયેલી આ હંસી અને સારસી અત્યારે મારાં માતાપિતા થયાં. હું તેમને હે માત! હે તાત! શી રીતે કહું? એના કરતાં તો મૌન રહું એજ સારું!' રાજન્! તારા પુત્રના મૌનનું આજ માત્ર કારણ છે."

કેવલજ્ઞાનીની વાત સાંભળ્યા પછી શુકરાજના મનમાં દુઃખ થતું જાણીને કેવલી ભગવન્ બોલ્યા, "આ ભવ-નાટક જ એવું છે! જેમાં માતા મરીને સ્ત્રી થાય છે, સ્ત્રી મરીને માતા થાય છે; પિતા મરીને પુત્ર થાય છે, પુત્ર મરીને પિતા થાય છે. આ સંસારમાં માતાપિતાના સંબંધો જીવને હજારોવાર થયા કરે છે. પુત્ર, ભ્રાતા, ભગિનીના સંબંધો પણ અનેક વાર થયા અને થાય છે. સંસારના સ્વરૂપને જાણનારા મનુષ્યને ભાઈ શું કે બેન શું? માતા શું કે પિતા શું? એણે તો રાગદ્વેષ છોડીને કેવલ વ્યવ-હારની ખાતર વ્યવહાર સાચવવો. અરે શુકરાજ! ખેદને

છોડ અને મને વૈરાગ્યપ્રાપ્તિ શી રીતે થઇ તે સાંભળ!" શ્રીદત્ત કેવલીએ મૃગધ્વજ રાજાને શુકરાજનો પૂર્વભવ કહ્યા પછી શુકરાજને પ્રતિબોધ કરી તેનું મોહબંધન તોડવા માટે પોતાનો ઇતિહાસ કહેવો શરૂ કર્યો.

પ્રકરણ ૩૩મું

શ્રીદત્ત

આ ભરતક્ષેત્રને વિષે મંદર નામે નગરીનો સૂરકાંત નામે રાજા હતો તે નગરમાં સોમ નામે શ્રેષ્ઠીને સોમા નામે પત્ની હતી. તેમને શ્રીદત્ત નામે પુત્ર થયો ને શ્રીમતી નામે તેની પ્રિયા થઈ. પોતાના કુટુંબના યત્નથી પાલનપોષણ કરતો સોમ એકદા વનમાં ક્રીડા કરવાને ગયો. દૈવયોગે ક્રીડા કરવાને આવેલો રાજા સૂરકાંત સોમ શ્રેષ્ઠીની પત્ની સોમશ્રીને જોઇ તેના રૂપથી અંધ થયેલો તેને ઉપાડી ગયો. પત્નીને પાછી વાળવાના શેઠે અનેક ઉપાય કર્યા, છતાં મોહાંધ રાજાએ સોમશ્રીને પાછી ન આપવાથી પોતાના દ્રવ્યમાંથી અર્ધ દ્રવ્ય લઈને કોઈ પરાક્રમી રાજાની સેવા કરવાને ગયો. સોમશેઠના ગયા પછી ઘેર રહેલા શ્રીદત્તને ત્યાં શ્રીમતીએ એક કન્યાનો જન્મ આપ્યો.

એક દિવસે શંખદત્ત મિત્રની સાથે શ્રીદત્ત ધન કમાવાને પરદેશ ચાલ્યો. સમુદ્રમાર્ગે મુસાફરી કરતાં બન્ને મિત્રો સિંહલદ્વીપમાં ગયા. ત્યાં પુષ્કળ ધન ઉપાર્જન કરી વધારે લાભ મેળવવા ત્યાંથી કટાહદ્વીપ તરફ ચાલ્યા. કટાહદ્વીપમાં પણ વ્યાપારથી બહુ દોલત ઉપાર્જન કરી અર્ધોઅર્ધ વહેંચી લેતાં તેમને આઠ આઠ કરોડ ધન ભાગમાં આવ્યું. બન્ને જણા વહાણો ભરી સમુદ્રમાર્ગે પોતાને વતન આવવાને

ત્યાંથી રવાને થયા. માર્ગમાં એક પેટી સમુદ્રમાં તરતી તેમના તરફ આવતી જોતાં બન્ને જણે અર્ધોઅર્ધ વહેંચી લેવાના શરતે તે પેટી ખલાસીઓ પાસે પકડાવી વહાણમાં લેવડાવી. બન્ને જણે પેટી ઉઘાડીને જોયું તો લીંબડાના પાંદડામાં પડેલી એક કન્યાને જોઈ. નીલવર્ણવાળી તે કન્યાને જોઈ, સર્પના દંશથી આ કન્યા પેટીમાં મુકીને સમુદ્રમાર્ગે કોઇએ આ પેટીને રવાના કરી છે એવો નિશ્ચય કરી શંખદત્તે તે કન્યાને મંત્ર વડે પવિત્ર કરેલું જલ છાંટી સજીવન કરી. સ્વરૂપવાન એવી એ કન્યાને જોઈ બન્ને જણા એને પ્રાપ્ત કરવાને લડવા તૈયાર થયા. વહાણમાં રહેલા બીજા પુરૂષોએ એમને યુદ્ધ કરતા અટકાવી સમજાવ્યું કે, "બે દિવસ પછી આપણે સ્વર્ણકુળ નામના નગરે પહોંચી જઈશું. ત્યાંનો રાજા તમારો ન્યાય કરે ત્યાંસુધી તમારે નહિ લડતાં થોભી જવું."

તેમની સલાહ અંગીકાર કરી બન્ને મિત્રો મૌન થયા. સમુદ્રમાં પ્રયાણ કરતાં શ્રીદત્તે વિશ્વાસ પમાડીને શંખદત્તને સમુદ્રમાં નાખી દીધો ને ઉપરથી મિત્રના અકસ્માત્ મરણનો વિલાપ કરતાં, લોકોએ સમજાવી તેને શાંત કર્યો. બધી મિલકતના વહાણો સાથે શ્રીદત્ત સ્વર્ણકુળના કાંઠે આવ્યો. નગરમાં આવી ધન ભૂપતિની આગળ ભેટણું કરી રાજાને પ્રસન્ન કર્યો. વહાણમાંથી ધનમાલ વિગેરે લાવી નગરમાં એક મકાન ભાડે રાખીને ત્યાં રહી વ્યાપાર કરવા લાગ્યો. પેલી પેટીવાળી કન્યાને પરણવાને આતુર થયેલા શ્રીદત્તે શુભ-મુહૂર્ત પણ જોવડાવ્યું, ને લગ્ન માટે અનેક પ્રકારે તૈયારી કરવા લાગ્યો. એક દિવસે રાજસભામાં રાજાની ચામર-ધારિણીને જોઈ મોહ પામેલો શ્રીદત્ત પચાસ મહોરો આપીને તેને પોતાની સાથે તેડી ગયો. શ્રીદત્ત કન્યા અને ચામર-ધારિણી સ્વર્ણરેખાની સાથે રથમાં બેસીને નગરીની બહાર

ક્રીડા કરવાને વનમાં ગયેા. વનમાં ચંપકવૃક્ષની નીચે બને સ્ત્રીઓની સાથે બેસીને વાર્તાવિનેાદ કરવા લાગ્યેા. તેમની ચેષ્ટાને જોતેા એક વાનર ક્રુદ્ધ થઇ સ્વર્ણરેખાને પેાતાની પીઠ પર બેસાડી ચાલ્યેા ગયેા. સ્વર્ણરેખાને ઉપાડી જવાના બનાવથી વ્યાકુળ થયેલેા શ્રીદત્ત વનમાં આમતેમ ફરતેા એક જ્ઞાની મુનિની પાસે આવ્યેા. શાંત અને ત્યાગી મુનિને જોઈ સંસારના તાપથી તપેલેા શ્રીદત્ત કન્યા સાથે મુનિની પાસે આવી નમસ્કાર કરી બેઠેા. " વાનર સ્વર્ણરેખાને ઉપાડી ગયેા એ અતિ અદ્‌ભુત બનાવ શી રીતે બન્યેા, હે મુનીશ્વર! આપ જ્ઞાનથી જોઈને મને કહેા!" શ્રીદત્તે આતુરતાથી મુનિને પૂછયું.

" અરે શ્રીદત્ત! વાનર એ વાનર નહિ, પણ તારેા પિતા મરણ પામીને દેવ થયેા હતેા, તે જ્ઞાનથી તને પેાતાની માતા સાથે અનાચાર કરતેા જાણી તારી નિર્ભર્ત્સના કરી તેને ઉપાડી ગયેા ને આ કન્યા જેને તું પરણવાને તત્પર થયેા છે તે તારી પુત્રી છે."

જ્ઞાની મુનિની વાણી સાંભળી સંસારના ભયથી ત્રાસી ગયેલેા શ્રીદત્ત બેાલ્યેા, " આ મારી પુત્રી શી રીતે થઇ તે જરા વિસ્તારથી કહેા!"

"તું તારા મિત્ર સાથે ધન કમાવાને પરદેશ નીકળ્યેા, તે પછી કેટલેક દિવસે તારેા પિતા સેામશેઠ બીજા ભીલ રાજાની સેવા કરી દ્રવ્યથી લલચાવી સૂરકાંતનેા નાશ કરવાને તેડી લાવ્યેા. યુદ્ધના કેાલાહલથી તારી પત્ની શ્રીમતી પેાતાની પુત્રીને લઈ નાસી ગઈ. ને ગંગાના તટ ઉપર આવેલા સિંહપુરમાં પેાતાના બંધુને ઘેર ગઇ. એક દિવસે તારી પુત્રીને દુષ્ટ સર્પનેા દંશ થવાથી વ્યાકુળ થયેલાં શ્રીમતી અને એના ભાઇઓએ અનેક ઉપચાર કર્યા છતાં તે સફળ

થયાં નહિ, ત્યારે માતાએ સ્નેહથી પુત્રીને પેટીમાં નાખીને ગંગાના પ્રવાહમાં પેટી તરતી મુકી દીધી; તે પેટી ગંગાના પ્રવાહમાંથી અનુક્રમે સમુદ્રમાં આવેલી તમારી નજરે પડી; તમો બન્ને મિત્રોએ તે પેટી ઉઘાડી ને આ કન્યાને તમે બન્નેએ મૂર્ચ્છિત સ્થિતિમાં જોઈ.

" હવે તારી માતાની હકીકત સાંભળ ! સૈન્ય સહિત બીજા બલવાન ભીલ નૃપતિને લઈને આવેલા સોમશેઠે સૂરકાંત રાજાને ઘેર્યો. સોમ લશ્કરને લઈને નગરના દરવાજા ભાંગી નગરમાં પેઠો; સૂરકાંત રાજા સામે લડવા આવ્યો. યુદ્ધ કરતાં સોમશેઠના કપાળમાં ભાલો લાગવાથી તે ત્યાં મૃત્યુ પામી ગયો, પણ સૈન્યના મારાથી પોતાના સૈન્યને નાશ પામેલું જાણી સુરકાંત રાજા પણ કયાંક નાસી ગયો. ભીલ રાજાનું સૈન્ય નગરને લુંટવા લાગ્યું. નગરને લુંટતાં એક ભીલે રાજમહેલમાંથી સોમશ્રીને પકડી લીધી ને તેણીને લઈને ત્યાંથી ચાલ્યો ગયો. ભીલની સાથે રહેલી સોમશ્રી રાત્રીના સમયે ભીલને છેતરી ભીલ પાસેથી નાઠી. વનમાં ભમતાં, અનેક વૃક્ષનાં ફળને તે ખાતી હતી. એ ફળના પ્રભાવથી એના શરીરના ઘાટ અને સ્વરૂપમાં ફેરફાર થઈ ગયો. વનમાં ભમતી એ સોમશ્રીને એક દિવસે ધનસાર્થવાહે જોઇ તેણીને પોતાની સાથે તેડી ગયો. તે સાર્થવાહે સ્વર્ણકુળ નગરમાં આવી ચાર રસ્તા ઉપર ઉભા રહી સોમશ્રીને સ્વર્ણરેખા નામ ધારણ કરાવી વેચવાને ઉભી રાખી; તેને એક વેશ્યાએ લાખ ટકા આપીને ખરીદ કરી; અનેક કળા, કૌશલ્ય, નૃત્ય વિગેરે શીખવીને હોશિયાર કરીને રાજાની માનિતી કરી. રાજાએ એના રૂપ, ગુણથી પ્રસન્ન થઇ એને નગરનાયિકા બનાવી, પોતાની ખાસ ચામરધારિણીની પદવીથી વિભૂષિત કરી. તેજ આ સ્વર્ણ-

રેખા, હે શ્રીદત્ત! તારી માતા છે નક્કી સમજ? ભાલાના ઘાથી પીડાયેલો સોમ ઘાની વેદનાથી સોમશ્રીનું ચિંતવન કરતો મૃત્યુ પામી વ્યંતરપણામાં ઉત્પન્ન થયો. અવધિજ્ઞાનથી તારી આવી દુષ્ટ ચેષ્ટા જાણી તેણીને તે ઉપાડી ગયો."

મુનિની વાણીથી આશ્ચર્ય પામેલો શ્રીદત્ત નગરમાં આવ્યો ને બારેબાર પોતાના ઘેર ગયો. પોતાના ઘેર જઈને ચિંતાથી ઘેરાયેલો શ્રીદત્ત જરા શાંતિથી બેઠો કે તરતજ સ્વર્ણરેખાને ખરીદ કરનારી વેશ્યા રૂપવતીએ આવીને તેની શાંતિનો ભંગ કર્યો. પૂછ્યું, "અરે શ્રીદત્ત! સ્વર્ણરેખા ક્યાં છે!"

"હું કાંઈ જાણતો નથી" શ્રીદત્તે ટુંકામાં પતાવ્યું.

રૂપવતીએ તરતજ રાજા આગળ ફરિયાદ કરવાથી રાજાએ સિપાઈ મોકલી શ્રીદત્તને પકડી મંગાવ્યો. રાજાના પુછવાથી શ્રીદત્તે કહ્યું. "કોઈ વાનર એને ઉપાડી ગયો છે, મહારાજ!"

રાજા કે કોઈ વ્યક્તિ શ્રીદત્તનું કથન માનવાને તૈયાર નહોતા. રાજાએ શ્રીદત્તને ગુન્હેગાર બનાવી અંધારી કોટડીમાં પુર્યો ને શૂળીએ ચઢાવવાનો હુકમ કર્યો.

ઉદ્યાનપાલકની વધામણી સાંભળી રાજા સૂરીશ્વરને વંદન કરવાને ઉદ્યાનમાં ગયો. સૂરીશ્વરને વિધિથી વાંદીને તેમની દેશના સાંભળવા માટે તેમની આગળ બેસી બોલ્યો, "હે ભગવન્! કંઈક દેશના આપો! આ ભવસાગરથી અમારો ઉદ્ધાર કરો!"

"જે રાજા ન્યાયી નથી, ધર્મને પણ જાણતો નથી એને વળી ઉપદેશ શું?"

ગુરૂની વાણી સાંભળી રાજા બોલ્યો. ભગવન્! મેં શું અન્યાય કર્યો છે.

" હે રાજન્! સત્યવાદી શ્રીદત્તને તેં મારવાનો હુકમ કર્યો છે તે અન્યાય છે. "

ગુરૂની વાત સાંભળી રાજાએ શ્રીદત્તને છુટો કરી પોતાની પાસે તેડાવી પોતાની કને બેસાડી તેનું સન્માન વધાર્યું. " ભગવન્ શ્રીદત્તે શી રીતે સત્ય કહ્યું ? " રાજા ગુરૂ મહારાજને પુછે છે તેટલામાં તો વાનર સ્વર્ણરેખાને પીઠ ઉપર બેસાડી ત્યાં આવી વિધિ સહિત ગુરૂને નમ્યો. સ્વર્ણરેખાને પીઠ ઉપરથી ઉતારીને ગુરૂ પાસે દેશના સાંભળવા બેઠો. વાનરની આવી ચેષ્ટાથી રાજા સહિત સૌ આશ્ચર્ય પામ્યા.

દેશના પુર્ણ થયા બાદ શ્રીદત્તે પુછયું, ' ભગવન્ ! કયા કર્મથી મને પુત્રી અને માતા તરફ રાગ થયો ? "

શ્રીદત્તના પ્રશ્નના જવાબમાં ગુરૂએ તેનું ચિત્ર અને તેના મિત્ર મૈત્રનો પૂર્વભવ કહી સંભળાવ્યો. પોતાનો પૂર્વભવ સાંભળી વૈરાગ્ય પામેલો શ્રીદત્ત બોલ્યો. " ભગવન ! આ મારી પુત્રી કોને આપું ? "

શ્રીદત્તના જવાબમાં જ્ઞાની ગુરૂ બોલ્યા, " તારા મિત્ર શંખદત્તને આપ ! ક્ષણભર રાહ જો! હમણાં તે આવી પહોંચશે. "

થોડીવાર થઇ ન થઈ ને કયાંકથી શંખદત્ત ત્યાં આવી પહોંચ્યો. શ્રીદત્તને જોઈ અરૂણનેત્ર કરતો તે ક્રોધાવેશથી ધમધમી ગયો, પણ ગમ ખાઇ પ્રથમ ગુરૂને નમી રાજાની પાસે બેસી દેશના સાંભળવા લાગ્યો. ગુરૂની દેશનાથી શંખદત્તનો ક્રોધ શાંત થયો, શમી ગયો.

" ભગવન્ ! સમુદ્રમાં મેં નાખેલો શંખદત્ત શી રીતે અહીં આવ્યો તે કહો ! " શ્રીદત્તના કહેવાથી ગુરૂ બોલ્યા, સમુદ્રમાં પડેલા આ શંખદત્તને તરફડિયાં મારતાં અક-

સ્માત્ એક પાટીયું હાથમાં આવ્યું. તે પાટીયાના આધારે સમુદ્રમાં તણાતાં શંખદત્તને સાત રાતો વહી ગઈ. અનુક્રમે સારસ્વત બંદરના તટે આવતાં તેને સંવર નામે તેનો મામો મળ્યો. કુશળ સમાચાર પૂછવા પૂર્વક તેને પોતાને ઘેર તેડી ગયો. સારાં ભોજન કરાવાથી થોડા દિવસમાં તે હોશિયાર અને તંદુરસ્ત થતાં મામા પાસેથી સ્વર્ણકુળના માર્ગના સમાચાર પૂછી સ્વર્ણકુળ આવવા નીકળ્યો. તે ફરતો ફરતો આજે અહીં આપણી પાસે આવી પહોંચ્યો છે. તેને જોતાંજ તે ક્રોધથી ધમધમી રહ્યો હતો, પણ મારા ઉપદેશરૂપી જલથી તેનો ક્રોધરૂપી દાવાનલ તરતજ બુઝાઈ ગયો છે."

ગુરૂના ઉપદેશથી શંખદત્તે શ્રીદત્તને ખમાવ્યો; બન્નેએ અરસપરસ એકબીજાને ખમાવ્યા. રાજાએ પણ સમ્યક્ત્વ-સહિત બારવ્રત ભાવ થકી ગુરૂ પાસેથી અંગીકાર કર્યાં. ગુરૂનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામેલી સ્વર્ણરેખા વેશ્યા-પણાનો ત્યાગ કરી ધર્મનું આરાધન કરી સ્વર્ગે ગઈ. વાનર બનેલા વ્યંતરે ગુરૂના ઉપદેશથી પત્ની ઉપરના અનુરાગનો ત્યાગ કર્યો. રાજાએ પોતાના પુત્રને ગાદી ઉપર સ્થાપન કરી દીક્ષા ગ્રહણ કરી. રૂડી રીતે દીક્ષાનું પાલન કરી રાજાએ કર્મક્ષય કરી મુક્તિની વરમાળ પહેરી લીધી. બીજા પણ અનેક પુરૂષો ધર્મ આરાધન કરવામાં તત્પર થયા. એ ધર્મીજનોનાં વિઘ્નને પેલો વ્યંતર નાશ કરવા લાગ્યો.

શ્રીદત્ત અને શંખદત્ત બન્ને મિત્રો મુનિરાજને નમી નગરમાં આવ્યા. સારૂં મુહૂર્ત્ત આવ્યે છતે શ્રીદત્તે પોતાની કન્યાને શંખદત્ત સાથે પરણાવી દીધી, અને શંખદત્તનું અહ્વું ધન પોતાના પાસે હતું તે શંખદત્તને આપી તેને સુખી કર્યો. હવે સંસારથી ભય પામેલા શ્રીદત્તે સંસારનો

નાશ કરનારી ભાગવતી દીક્ષા ગ્રહણ કરી તીવ્ર તપ કરવા માંડયું. અનેક તીવ્ર તપ કરી શ્રીદત્તે કર્મરૂપી કાદવનો નાશ કરી કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરી. શ્રીદત્ત કેવલી અનુક્રમે ગ્રામ, શહેર અને નગરના ભવ્ય જીવોને પ્રતિબોધ કરતાં આજે આ નગરમાં આવેલા છે. તે તમને પ્રતિબોધ કરી રહ્યા છે; તે જ હું શ્રીદત્ત કેવળી!

कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि।
अवश्यमेव हि भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ॥

ભાવાર્થઃ—તીવ્ર રાગદ્વેષ વડે કરેલાં કર્મો કોટિકલ્પ જના છતાં પણ નાશ પામતાં નથી. જગતમાં સારૂં યા નઠારૂં કરેલું કર્મ અવશ્યમેવ ભોગવ્યા વગર છુટી જતું નથી.

"હે શુકરાજ! તારા કરતાં મારા સંજોગો કેવા કઠીન અને દુઃખદાયક હતા? ચિત્રના ભવમાં જે ગૌરી અને ગંગા મારી પ્રિયાઓ હતી તેજ આ ભવમાં મારી માતા અને પુત્રીપણે ઉત્પન્ન થઈ. અને અજ્ઞાન થકી એમની ઉપર મેં દુષ્ટ કર્મના યોગથી વિકારી પ્રીતિ ધારણ કરી. સાંભળ્યું આ બધુંજ સંસારનું વિચિત્ર સ્વરૂપ!"

"આ પરભવની હંસી અને સારસી મારી સ્ત્રીઓ હતી તે અત્યારે મારાં માતાપિતા થયાં. તેમને હું હે માતા! હે પિતા! એમ કહીને શી રીતે બોલાવું?" શુકરાજે દુઃખપૂર્વક હૃદયની વેદના કેવલી ભગવાન પાસે જાહેર કરી.

"આ બધું સંસારનું નાટક છે. નટની માફક પ્રાણીઓ કર્મના નચાવ્યા નાચે છે. અરે, મોહને વશ થઇ પ્રાણી જગતમાં શું શું ચેષ્ટા નથી કરતો? અરે! આજ ભવમાં પણ મદિરાનું પાન કરનાર મદિરાના કેફમાં માતા અગર બેનને સ્ત્રી કહીને ભેટે છે, ત્યારે સ્ત્રીને માતા કહી

પગે લાગે છે. એવો આ પણ એક જાતનો મોહમદિરાનો કેફ છે. સંસારમાં રહેલા વૈરાગી જીવોને પણ વ્યવહારનું તો અવશ્ય પાલન કરવું પડે છે. પરભવની પત્ની આ ભવમાં દૈવયોગે માતા થઇ હોય તોપણ તેને—આ ભવની માતાને પત્નીબુદ્ધિએ કાંઇ ભેટાતું નથી, પણ માતા કહીનેજ તેની સાથે વ્યવહાર કરાય છે.” ગુરૂની વાણી સાંભળી શુકરાજે “હે પિતા! હે માતા!” એ સંબોધનથી તેમને ખુશી કર્યાં, ને ત્યારથી મૌનપણાનો ત્યાગ કર્યો, અને સર્વત્ર આનંદ આનંદ છવાઇ રહ્યો.

એ આનંદથી અતિરેક થયેલા નૃપ મૃગધ્વજે શ્રીદત્ત કેવળી ભગવાનને પૂછ્યું, ‘ભગવન્! મને કોઇ દિવસ વૈરાગ્ય પ્રાપ્ત થશે કે નહિ? આ ભવમાં મારાથી આ સંસાર છોડી શકાશે કે નહિ?”

મૃગધ્વજ રાજાની વાણી સાંભળી કેવળી બોલ્યા. “રાજન્! તમારી પ્રિયા ચંદ્રવતીના પુત્રને જ્યારે તમે જોશો ત્યારે મોક્ષસુખને આપનાર એવા વૈરાગ્યથી તમે જરૂર રંગાશો.” મુનીશ્વરની અમૃતમય વાણી સાંભળી રાજા મનમાં ખુશી થયો ને એ ગુરૂવાણીને હૃદયમાં ધારણ કરી, ભક્તિ વડે ગુરૂને નમી સંસારનું સ્વરૂપ ચિંતવતો રાજા પરિવાર સહિત પોતાની નગરીમાં ચાલ્યો ગયો. શ્રીદત્ત કેવલી પણ ભવ્યજનોને બોધ કરતા ત્યાંથી વિહાર કરી ગયા.

શ્રીદત્ત કેવળી ભગવાનના ઉપદેશથી મૃગધ્વજ રાજા, શુકરાજ, રાણીઓ વિગેરે અનેક જીવો ધર્મને પામ્યા.

પ્રકરણ ૬૪ મું.

શુકરાજ અને હંસરાજ

શુકરાજ દશ વર્ષના થયા ત્યારે રાજા મૃગધ્વજને

કમલમાલાથી સુસ્વપ્ન સૂચિત બીજો પુત્ર ઉત્પન્ન થયો. રાજાએ તેનો જન્મોત્સવ કરી હંસ ઉપરથી હંસરાજ નામ પાડયું. ધાત્રીઓથી લાલનપાલન કરાતો હંસરાજ પણ વૃદ્ધિ પામતો દશ વર્ષનો થયો. એ દશ વર્ષના હંસરાજ અને શુકરાજ સાથે એક દિવસે રાજા સભાસ્થાનમાં બેઠો હતો ત્યારે કમલમાલાના પિતા ગાંગિલ ઋષિ રાજાની આજ્ઞા મેળવીને રાજસભામાં આવ્યા. રાજાએ ઋષિને માન આપી તેમના અકસ્માત્ આગમનનું કારણ પૂછયું.

પટ્ટરાણી કનકમાલાને પિતાના આગમનની ખબર પડતાં તરતજ સભામાં આવીને પિતાના ચરણમાં તેણીએ પ્રણામ કર્યા; પિતાને કુશળ સમાચાર પૂછયા.

"રાજન્! મારા આગમનનું કારણ સાંભળો. આજે સ્વપ્નામાં ગોમુખ નામે યક્ષરાજે મને કહ્યું કે, હું શ્રી વિમલાચલ ઉપર મુખ્ય જીનેશ્વર યુગાદીશને નમવાને જાઉં છું; ને તમે પણ ત્યાં ચાલો! ગોમુખ યક્ષરાજનાં વચન સાંભળી મેં કહ્યું કે, તમે ને અમે બધા ત્યાં જઈશું તો અહીંયાં આ મંદિર અને આશ્રમની રક્ષા કોણ કરશે?"

'તમારા દૌહિત્ર શુકરાજ અને હંસરાજ રામ અને લક્ષ્મણ જેવા તેમજ ભીમ અને અર્જુન જેવા પરાક્રમી છે; તેમાંથી એક પુત્રને અહીંની રક્ષા માટે સ્થાપી તમે આવો! યક્ષના વચનથી હું તમારી પાસે આવ્યો ને તે યક્ષ પણ મને અહીં મૂકીને તીર્થને નમવાને આગળ ચાલ્યો ગયો. તેના પ્રભાવથી એક ક્ષણ માત્રમાં હું તમારા નગરમાં આવ્યો."

ઋષિરાજનાં વચન સાંભળી રાજાએ પોતાના પુત્રોના તરફ જોયું કે તરતજ હંસ ઉઠી પિતાને પ્રણામ કરીને બોલ્યો, "તાત! મને આજ્ઞા આપો કે જેથી હું એ તીર્થનો

અને આશ્રમની રક્ષા માટે જાઉં!" બાળક હુંસની વાણી સાંભળી માતાપિતા ખુશી થયાં.

"તાત! નાના હુંસને ન મોકલતાં મને જ આશ્રમ અને તીર્થ વિમલાચલનું રક્ષણ કરવાને મોકલો! એ તીર્થને નમવાની મારી ઉત્કંઠા પણ પ્રબળ હોવાથી આપ એ કાર્યનો ભાર મનેજ સોંપો!" શુકરાજે કહ્યું.

મંત્રીઓએ પણ રાજાનો અભિપ્રાય જાણીને અનુકૂળ સલાહ આપી.

માતાપિતાને નમસ્કાર કરી શુકરાજ ગાંગિલ ઋષિ સાથે જવાને તૈયાર થયો. ગાંગિલ ઋષિ પણ રાજારાણીને આશીર્વાદ આપીને પોતાના આશ્રમમાં આવ્યા. ત્યાં રહેલા વિમલાચલને —આદીશ્વરને નમી વંદી તેમની સ્તુતિ કરી, આશ્રમને મંદિરની રક્ષાનું કાર્ય શુકરાજને ભળાવી ગાંગિલ ઋષિ પોતાના દિવ્ય પરિવાર સાથે મુખ્ય વિમલાચલને વિષે રહેલા યુગાદીશને નમવાને ચાલ્યા. ગાંગિલ ઋષિના જવા પછી પણ ભાગ્યશાલી શુકરાજ આશ્રમ નજીક રહેલા તીર્થને વિષે રહેલા આદિનાથને રોજ નમન, વંદન ને પૂજન કરતો સ્વર્ગ અને મુક્તિને યોગ્ય ઘણું શુભ કર્મ બાંધવા લાગ્યો.

એક દિવસે રાત્રિને વિષે આશ્રમની નજીક કોઈક સ્ત્રીનું રૂદન સાંભળી શુકરાજે, શય્યામાંથી ઉઠી રૂદન કરતી સ્ત્રીના શબ્દને અનુસારે તેણીની પાસે જઈને તેના રૂદનનું કારણ પૂછ્યું. તેના જવાબમાં તે સ્ત્રી બોલી, "ચંપાપુરી નગરીમાં અરિદમન રાજાને શ્રીમતી રાણી થકી પદ્માવતી નામે પુત્રી થઈ. એ પદ્માવતીને લાડ લડાવી લાલનપાલનથી મોટી કરનારી હું તેની ધાવમાતા છું. યુવાવસ્થામાં આવેલી એ પદ્માવતીને ગોખમાં ઉભેલી

જોઇ, ત્યાંથી જતો એક વિદ્યાધર તેના રૂપથી મોહિત થયેલો એને વિમાનમાં નાખી ચાલતો થયો. તે વખતે હું તે વિદ્યાધરના વિમાનને વળગી ઘૂમેઘૂમ પાડવા લાગી. દુષ્ટ વિદ્યાધરે મને વિમાનમાંથી નાખી દેવાના પ્રયત્ન કર્યા, તે આખરે અહીંયાં એણે મને વિમાનમાંથી હડસેલી દીધી ને તે આકાશમાર્ગે પદ્માવતીને લઇને ચાલ્યો ગયો.”

ધાત્રીની હકીકત સાંભળી શુકરાજ તેણીને આશ્વાસન આપી આશ્રમમાં તેડી લાવ્યો. ત્યાં શાંતિપૂર્વક રહેવા સમજાવી શુકરાજ પદ્માવતીની તલાસ માટે આશ્રમની બહાર નીકળ્યો. કોઇકનું આક્રંદ સાંભળી ચમક્યો અને ચારે તરફ નજર કરી.

યુગાદીશના પ્રાસાદની પાછળ ભૂમિ ઉપર પડેલા ને આક્રંદ કરતા પુરૂષનો શબ્દ સાંભળી શુકરાજ એની પાસે આવી બોલ્યો, “કોણ છો? અને કયાંથી આવ્યા છો?”

શુકરાજના પૂછવાથી પેલો પુરૂષ બોલ્યો, “વૈતાઢય પર્વત ઉપર રહેલા ગગનવલ્લભ નગરનો વાયુવેગ નામે હું વિદ્યાધર છું. એક દિવસે વિમાનમાં બેસી મારી નગરીથી ચાલતો હું ચંપાપુરીમાં આવ્યો. ત્યાં રાજતનયાને જોઈ તેને વિમાનમાં બેસાડીને ચાલ્યો. માર્ગમાં અહીં આવતાં મારું વિમાન સ્ખલિત થઇ ગયું. પહેલાં એક સ્ત્રી વિમાનમાંથી પડી, ત્યારપછી રાજકુમારી ને તે પછી હું પડયો; પણ એનું કારણ હું જાણતો નથી કે અમે બધાં શાથી પડી ગયાં?”

વાયુવેગની વાણી સાંભળી શુકરાજ બોલ્યો, “આ તીર્થના પ્રભાવથી મંદિર ઉપર થઇ ને જતું તમારું વિમાન સ્ખલિત થઇ ગયું છે ને વિમાનમાંથી તમે બધાં પડી ગયાં છો! સિવાય બીજું કારણ નથી. હે વાયુવેગ! માટે

પ્રથમ ભક્તિથી યુક્ત મને કરીને યુગાદીશને નમ!"

શુકરાજની વાણી સાંભળીને વાયુવેગ શુકરાજની સાથે જીનમંદિરમાં આવ્યો. ભક્તિથી યુગાદીશને નમી સ્તુતિ કરી વંદના કરી બન્ને જણા પદ્માવતીની તપાસ માટે મંદિરથી બહાર નીકળ્યા કે વાયુવેગે પદ્માવતીને જોઈ શુકરાજને કહ્યું, "આ બાલા પદ્માવતી કે જેનું મેં હરણ કર્યું હતું!" શુકરાજ પદ્માવતી અને વાયુવેગને લઇને આશ્રમમાં આવ્યો. પદ્માવતીને જોઈને ધાત્રી બહુ જ ખુશી થઈ ગઇ. શુકરાજે વાયુવેગનું સન્માન કરી પદ્માવતી અને ધાત્રીને પણ સંતોષ પમાડયો. એક દિવસે શુકરાજે વિદ્યાધરને પૂછ્યું, "અરે મિત્ર! તમને આકાશગામિની વિદ્યા યાદ છે કે ભૂલી ગયા?"

શુકરાજના જવાબમાં વાયુવેગ બોલ્યો, "વિદ્યા મુખપાઠે તો છે, પણ તે કામ નથી આપતી!" નિરાશ થતો વાયુવેગ બોલ્યો.

"ત્યારે મને સંભળાવ!" શુકરાજે કહ્યું.

વાયુવેગે કહેલી વિદ્યાને સાંભળી શુકરાજે જીનેશ્વરની દૃષ્ટિ સન્મુખ તપ અને જપમાં તત્પર રહીને તેને સિદ્ધ કરી; અને પછી વાયુવેગ પાસે પણ સિદ્ધ કરાવી. બન્ને જણા હવે આકાશવિહારી થયા. એકબીજા ઉપર ઉપકાર કરવાથી તે ગાઢ મિત્ર થઈ ગયા. કેટલેક કાળે વિમલાચલ તીર્થ ગયેલા ગાંગિલ ઋષિ યાત્રા કરીને પોતાના આશ્રમમાં આવ્યા. શુકરાજની પાસે ગગનવિહારી વિદ્યા જોઇને ઋષિ ખુશી થયા.

ગાંગિલ મુનિ આશ્રમમાં આવી ગયા પછી શુકરાજ તેમની રજા લઇને વાયુવેગ અને પદ્માવતી તેમજ તેની ધાત્રી સાથે વિમાનમાં બેસીને આવ્યો. ગામ, નગર, પર્વત નદી, નાળાનું નિરીક્ષણ કરતાં તેઓ ચંપાપુરીમાં આવ્યા.

રાજા અરિદમન પોતાની પુત્રીને જોઇ ખુશ થયો. રાજાએ પોતાની પુત્રી પદ્માવતીને શુકરાજ સાથે પરણાવી. કેટલાક દિવસ શ્વશુરગૃહે રહીને શુકરાજ રાજાની આજ્ઞા લઇ વાયુવેગ સાથે શાશ્વતાં ચૈત્યોને વંદન કરવાને આકાશમાર્ગે ગયો. શાશ્વતાં ચૈત્યોને નમસ્કાર કરી વાયુવેગ અને શુકરાજ વૈતાઢ્ય પર્વત ઉપર ગગનવલ્લભ નગરમાં આવ્યા. ત્યાં વાયુવેગ પોતાનાં માતાપિતાને મળ્યો ને તેમના હર્ષનું કારણ થયો. વાયુવેગે પોતાના પિતાને શુકરાજના ઉપકારનું વૃત્તાંત કહી સંભળાવ્યું. ખુશી થયેલા એના પિતાએ પોતાની વાયુવેગા નામે પુત્રી—વિદ્યાધરી શુકરાજને પરણાવી. શુકરાજ વાયુવેગા સાથે એ ગગનવલ્લભ નગરમાં રહ્યો. એકાદ અષ્ટાપદનું મહાત્મ્ય સાંભળવાથી બન્ને મિત્રો વિમાનમાં બેસી અષ્ટાપદ તરફ ચાલ્યા.

"શુકરાજ!" એવી કોઇક સ્ત્રીએ પોતાના નામની બૂમ પાડવાથી શુકરાજે પાછળ નજર કરી તો કોઇક સ્ત્રી પોતાને બોલાવતી માલુમ પડી. શુકરાજ જરા થોભ્યો ને પેલી સ્ત્રીએ પાસે આવીને કહ્યું "જીનેંદ્રની સેવિકા હું ચક્રેશ્વરી દેવી છું. જીનેશ્વરની ભક્તિ કરનાર ભવ્ય જનોનાં વિઘ્નોને હરવાવાળી છું. ગોમુખના આદેશથી હું પુંડરિકગિરિ તરફ આવતી હતી, ત્યારે તારા નગરની રાજવાટિકામાં એક સ્ત્રીને રૂદન કરતી જોવાથી મેં તેણીને રૂદન કરવાનું કારણ પુછ્યું; ત્યારે તેણીએ મને કહ્યું કે; 'મારો પુત્ર શુકરાજ ગાંગિલ ઋષિની સાથે તેમના આશ્રમમાં ગયો છે. ત્યારથી તેના કાંઇ સમાચાર નથી, તેથી રૂદન કરૂં છું.' ત્યારે મેં તેણીને કહ્યું કે, 'તારા પુત્રના કુશળસમાચાર હું તને થોડા સમયમાં આપીશ, માટે ધીરજ ધરીને રહે.'

"તારી માતાને એ પ્રમાણે આશ્વાસન આપી અવધિ-

જ્ઞાનથી તને અષ્ટાપદ જતો જાણી અહીં હું તારી પાસે આવી તને સમાચાર આપું છું, કે તું હવે ઝટ તારા નગરમાં જઈ તારા માતાપિતાના હર્ષનું કારણ તું થા!"

ચક્રેશ્વરીની વાણી સાંભળી ગદ્‌ગદ્ સ્વરે શુકરાજ બોલ્યો, "હે દેવી! અત્યારે તો હું અષ્ટાપદ તીર્થ ઉપર ચોવીસે જીનેશ્વરોને નમસ્કાર કરવાને જાઉં છું. હવે તો એ ભગવંતોને નમી-વાંદી પછી હું મારા નગર તરફ જઇશ."

ચક્રેશ્વરીને એ સંદેશો કહી શુકરાજનું વિમાન આગળ ચાલ્યું, ને ત્યાંથી પાછી ફરેલી દેવીએ કનકમાલાને પુત્રના સમાચાર જણાવી સંતોષ પમાડ્યો.

શુકરાજ અષ્ટાપદ તીર્થ ઉપર જીનેશ્વરોને નમી, મિત્ર સહિત ગગનવલ્લભનગરમાં આવ્યો. અને વાયુવેગ તથા એના માતાપિતાની રજા લઈ, વાયુવેગા સાથે, તેને કરિયાવરમાં આપેલી સમૃદ્ધિ સાથે વિમાનમાં બેસીને ગગનવલ્લભથી ચાલ્યો અને ચંપાપુરીમાં આવી પદ્માવતીને આનંદ પમાડ્યો. ત્યાંથી અનુક્રમે બન્ને પ્રિયાઓ સાથે રિદ્ધિસમૃદ્ધિ સહિત, પોતાના નગરના ઉદ્યાનમાં આવ્યો. મિત્રનું આગમન જાણીને રાજાએ મોટો પ્રવેશમહોત્સવ કર્યો. આમ શુકરાજ માતાપિતાના હર્ષનું કારણ થયો.

એક દિવસે શુક અને હંસની સાથે પરિવાર સહિત રાજા મૃગધ્વજ નગરીની બહાર ઉદ્યાનમાં ક્રીડા કરવાને ગયો હતો. અકસ્માત્ દૂરથી કોલાહલ સાંભળી રાજાએ એક સેવકને તપાસ કરવા મોકલ્યો. તે સેવક તપાસ કરીને આવી રાજાની આગળ કહેવા લાગ્યો કે, "સારંગપુર નગરના વીરાંગદ નામે રાજાને સૂર નામે પુત્ર હતો, તે હંસની સાથે પૂર્વના વેરને ધારણ કરતો ઘણા સૈન્ય સહિત યુદ્ધ કરવાને આવેલો છે; તેનો આ કોલાહલ છે, કૃપાનાથ!" સેવકની

વાણી સાંભળી મૃગધ્વજ ચમકયો. "રાજ્ય તો હું કરું છું ને હું સ સાથે યુદ્ધ કેમ થઈ શકે! માટે હું જ તેની સાથે યુદ્ધ કરીશ, લડીશ." આથી રાજા તરત જ રણમાં જવાને તૈયાર થયો.

રાજાની પાસે બન્ને પુત્રો આવી પહોંચ્યા. તેમણે પિતાની વાત જાણી એટલે હું સ પોતે જ પિતાને નિવારીને યુદ્ધે ચડયો. એ ભયંકર યુદ્ધમાં અનેક વીરોનો સંહાર થઈ ગયો. હું સ અને સૂર એક બીજાના પ્રાણના ભૂખ્યા થઇને લડવા લાગ્યા. એ ભયંકર યુદ્ધમાં હું સે સૂરજને જમીન ઉપર પાડી દીધો. ભૂમિ પર પડેલા શત્રુ સૂરને હું સે શીત, વાત વિગેરે ઉપચારથી સાવધ કરી યુદ્ધ કરવાને પ્રેર્યો; પણ શાંત થયેલા સૂરના હૃદયમાં હવે યુદ્ધ કરવાનો ઉત્સાહ વધ્યો નહિ. સૂરે હું સને ખમાવ્યો, "અરે હું સ! કરૂણા વડે કરીને તેં મારૂં રક્ષણ કર્યું, નહિતર આ યુદ્ધમાં મરીને હું જરૂર નરકે જાત. રૌદ્રધ્યાનીને નરક સિવાય બીજી કઇ ગતિ હોય?" સૂરની મનોવૃત્તિમાં અકસ્માત્ ફેરફાર થવાથી મૃગધ્વજ આદિ બધા આશ્ચર્ય પામ્યા. "અરે સૂર! જ્યારે તું આવો વિવેકી અને ડહાપણવાળો હતો, ત્યારે નાહક યુદ્ધ શા માટે જગાવ્યું?"

મૃગધ્વજ રાજાના જવાબમાં સૂર રાજપુત્ર બોલ્યો. "હેમહારાજ, સાંભળો! સારંગપુરના ઉદ્યાનમાં એક દિવસે શ્રીદત્ત કેવલી વિહાર કરતા કરતા પધાર્યા. માતાપિતાની સાથે હું પણ ઉદ્યાનમાં જઈને કેવલી ભગવાનને નમ્યો. દેશના સાંભળ્યા પછી મેં મારો પુર્વભવ પુછયો. મારા પુછવાથી ગુરૂ મહારાજે મારો પૂર્વભવ કહી સંભળાવ્યો. પૂર્વે જીતારી રાજાને હું સી અને સારસી નામે બે પત્નીઓ હતી. એકદા શંખપુરના સંઘની સાથે રાજા

પરિવાર સહિત વિમલાચળ ચાલ્યો. રાજા જીતારીને સિંહ નામે એક મંત્રી હતો. પોતાનાં રત્નકુંડલ ભૂલી જવાથી માર્ગમાંથી ચરક સેવકને તે કુંડલ લેવાને સિંહે મોકલ્યો. ચરક સેવકે પાછા આવીને તપાસ કરી, પણ કુંડલ ન મળવાથી તેણે સિંહમંત્રી પાસે આવીને કહ્યું કે તમારાં કુંડલ ગમે તે કોઈ ઉપાડી ગયું હશે. સિંહમંત્રીને ચરક સેવક ઉપર વહેમ જવાથી તેને ખુબ મારી બેભાન કરી દીધો. ચરક સેવકને ત્યાંજ મરવા માટે છોડી, સિંહમંત્રી આગળ ચાલ્યો ગયો, ને અનુક્રમે તે ભદ્દિલપુર પહોંચ્યો. ભૂખ અને તૃષાથી વ્યાકુળ થયેલો ચરક દુર્ધ્યાન કરતો મરણ પામીને ભદ્દિલપુરની સમીપમાં સર્પ થયો. એ સર્પે સિંહમંત્રીને એકદા દંશ દઇ મારી નાખ્યો. સિંહમંત્રી મરીને નરકે ગયો. સર્પ પણ કાળ કરીને તેજ નરકમાં ગયો. એકજ ઠેકાણે નારકી થયેલા તે બન્ને માંહોમાંહે ત્યાં પણ લડવા લાગ્યા. યુદ્ધ કરતા તેઓએ પોતાનો કાલ ત્યાં પૂર્ણ કર્યો, અને ત્યાંથી નીકળીને ચરકનો જીવ લક્ષ્મીપુર નગરમાં ધનશ્રેષ્ઠીનો ભીમ નામે પુત્ર થયો. ત્યાં ધર્મ પામીને મરણ પામી વીરાંગદ રાજાનો સૂર નામે હું પુત્ર થયો.

"નરકમાંથી નીકળેલો સિંહમંત્રી વિમલાચળની નજીક વનમાં કીરના કુળમાં અવતર્યો. જાતિસ્મરણજ્ઞાનથી નજીકમાં રહેલા એ તીર્થને જાણી કીર-શુક જીનેશ્વર *યુગાદીશને નમી સ્તુતિ* કરવા લાગ્યો. પોતાની પાંખમાં જલ લાવીને પખાલ કરતો-સ્નાન કરતો, વનમાંથી મનોહર પુષ્પો પોતાની ચંચુમાં લાવી ભાવથી જીનેશ્વરની પૂજા કરતો અનુક્રમે કાલે કરીને ત્યાંથી મરણ પામી ને મૃગધ્વજ રાજાને ત્યાં અત્યારે હંસ નામે પુત્ર થયો છે. મુનિ પાસેથી એ પ્રમાણેનો મારો પૂર્વભવ સાંભળી તેમણે

વાર્યા છતાં હું હંસની સાથે યુદ્ધ કરી વેરનો બદલો લેવાને ધસી આવ્યો. ત્યાર પછી યુદ્ધનું પરિણામ શું આવ્યું અને શું થયું એ બધું, હે રાજન્! તમે જાણો છો,"

સૂરની વાત સાંભળી રાજા મૃગધ્વજ સહિત બધા ચમત્કાર પામ્યા. સૂરે પોતાનું કથન આગળ ચલાવ્યું, "રાજન્! હવે હંસને ખમાવી મારા નગરમાં જઇ શ્રીદત્ત કેવલી પાસે મોક્ષને આપવાવાળી ભાગવતી દીક્ષાને હું ગ્રહણ કરીશ." એમ કહી સૂર રાજકુમાર હંસ વિગેરેને ખમાવીને દીક્ષાની ભાવના પૂર્ણ કરવાને કેવલી ભગવાન પાસે ચાલ્યો ગયો. આવા ઉત્પાતમાં પણ દીક્ષાની ભાવનાવાળા સૂરને જાણી મૃગધ્વજ રાજા વિચારમાં પડયો, "ઓહો! સંસારના વિષમ વિષયોનો ત્યાગ કરી દીક્ષાને ગ્રહણ કરે છે તે પુરૂષોને જગતમાં ધન્ય છે. હું હવે વૃદ્ધ થવા આવ્યો છતાં મને વૈરાગ્ય કેમ થતો નથી? હજી ચંદ્રવતીનો પુત્ર મારા જોવામાં આવ્યો નથી. એને જોઇ મારા હૃદયમાં વૈરાગ્યભાવ ક્યારે જાગૃત થશે? જ્ઞાનીનું વચન ક્યારે સત્ય થશે?"

પ્રકરણ ૩૫ મું.

ચંદ્રશેખર

સંસારના વિષમ સ્વરૂપની ચિંતવના કરતો મૃગધ્વજ નૃપ અતિ શાંતરસમાં ડુબેલો તે વનમાં ઉદાસી ભાવને ધારણ કરતો એક વૃક્ષ નીચે બેઠો હતો. અકસ્માત્ એક આઠ વર્ષનો બાલક રાજાની આગળ આવી તેને નમન કરીને ઉભો રહ્યો. રાજા મૃગધ્વજ ઉદાસી ભાવે એ સુંદર બાળકને જોઇ રહ્યો, "આ બાલક કોણ હશે?" રાજાએ પૂછયું, "કોણ છે તું? ક્યાંથી આવે છે?" રાજાના પ્રશ્નનો

બાળક જવાબ આપે તે પહેલાં તો તરત જ આકાશવાણી થઈ, "હે રાજન્! આ ચંદ્રાવતીનો પુત્ર છે. આ વાતનો સંદેહ હોય તો ઈશાન દિશામાં પાંચ કોશ દૂર બે પર્વતોની વચમાં રહેલા કેલિ નામના વનમાં યશોમતી નામે એક યોગિની તીવ્ર તપ કરે છે તેની પાસે જઈને તું આ પુત્રની ઉત્પત્તિનું સ્વરૂપ પૂછ."

રાજાએ ત્યાં જઇ પૂછતાં યોગિની કહેવા લાગીઃ— ચંડપુરી નગરીમાં સોમ નામે રાજા ને ભાનુમતી નામે રાણી થયાં. હિમવત્ ક્ષેત્ર થકી મરણ પામીને એક યુગલ પહેલા દેવલોકમાં ગયેલું તે ત્યાંથી ચ્યવી સારા સ્વપ્નથી સૂચિત સોમ રાજાની રાણી ભાનુમતીના ઉદરમાં ઉત્પન્ન થયું. પૂર્ણ દિવસે એ યુગલનો સાથે જ જન્મ થયો. રાજાએ પુત્રનું નામ ચંદ્રશેખર અને પુત્રીનું નામ ચંદ્રવતી રાખ્યું. વૃદ્ધિ પામતાં તે પુત્ર પુત્રી અનુક્રમે જાતિસ્મરણ જ્ઞાન પામ્યાં ને બન્નેએ એકબીજાને ઓળખ્યાં—પછી તો પરસ્પર જ રાગવાળાં થયાં દુનિયાની દૃષ્ટિમાં ભાઈબહેન છતાં તે બન્ને અરસપરસ માતાપિતાથી ગુપ્ત પ્રીતિ કરવા લાગ્યાં. એમની ગુપ્ત વાતને નહિ જાણનારાં માતાપિતાએ ચંદ્રવતીને તમારી સાથે પરણાવી ને ચંદ્રશેખર રાજાને યશોમતી સાથે પરણાવ્યો. ચંદ્રશેખર પણ સમય મળતાં ચંદ્રવતી પાસે આવવાનું ભૂલતો નહિ. તમે જ્યારે કનકમાલાને પરણવા ગયા કે તરત ચંદ્રવતીએ સૈન્યની સાથે તમારું રાજ્ય ગ્રહણ કરવાને ચંદ્રશેખરને બોલાવ્યો. તે તમારી નગરી જીતીને ચંદ્રવતીની સાથે એના મહેલમાં રહ્યો હતો. તમે પાછા આવ્યા ત્યારે કપટથી તમને ખમાવી-છેતરી તે પોતાને નગરે ગયો, છતાં ચંદ્રવતીનો રાગ તેણે છોડ્યો નહિ.

એક દિવસે ભક્તિથી ચંદ્રશેખર કામદેવનું આરાધન કરવા બેઠો. દેવતાને પ્રસન્ન કરી તેની પાસેથી ચંદ્રવતીની માગણી કરી. પ્રસન્ન થયેલા કામદેવે ચંદ્રશેખરને અદૃશ્ય થવાનું કાજળ આપી તેનો પ્રભાવ કહી સંભળાવ્યો કે, " જ્યાં સુધી મૃગધ્વજ રાજા ચંદ્રવતીના પુત્રને જોશે નહિ ત્યાં લગી આ કાજળ-અંજનના પ્રભાવથી તું અદૃશ્ય રહ્યો થકો રાજાથી કે કોઈનાથી પણ જોવાઇશ નહિ; પણ જ્યારે રાજા ચંદ્રવતીના પુત્રને જોશે ત્યારે પુત્રનું સ્વરૂપ કહીને હું જતો રહીશ, અર્થાત્ ત્યાર પછી આ અંજનનો પ્રભાવ રહેશે નહિ. " આમ અંજનનો પ્રભાવ કહી કામદેવ અદૃશ્ય થઈ ગયો.

અંજનના પ્રયોગથી અદૃશ્ય થયેલો ચંદ્રશેખર ચંદ્રાવતી પાસે આવ્યો. ખુશી થયેલ દેવતાએ આપેલા વરદાનની વાત ચંદ્રવતીને કહી સંભળાવી. ચંદ્રવતી ચંદ્રશેખરની વાત સાંભળીને ખુશી થતી બોલી, " એ બધું સત્ય છે, પણ તમારા ગર્ભથી મને પુત્ર થયો છે તેનું શું "

" શું પુત્ર ઉત્પન્ન થયો છે ? લાવ ઝટ હું યશોમતીને આપી આવું. પછી આપણા સુખમાં કોઈ વિઘ્ન કરી શકશે નહિ. અદૃશ્યપણે હું તારા અંતઃપુરમાં રહીશ; અને તને સુખી કરીશ." ચંદ્રશેખરની વાણી ચંદ્રવતીને પસંદ પડવાથી ચંદ્રવતીએ પુત્રને ચંદ્રશેખર પાસે હાજર કર્યો, યક્ષના પ્રભાવથી ખાનગીમાં તે પુત્રને યશોમતીને આપીને કહ્યું, " મૃગધ્વજ રાજાની ચંદ્રવતી રાણીનો ચંદ્રાંક નામનો આ પુત્ર છે, તેનું તારે યત્નથી પાલન કરવું. " યશોમતીને સમજાવી ચંદ્રશેખર અદૃશ્ય વિદ્યાના પ્રયોગથી ચંદ્રવતીની પાસે આવી પહોંચ્યો. ગુપ્તપણે ચંદ્રવતીના મહેલમાં રાજા

ચંદ્રશેખર રહેવા લાગ્યો, તે પાછો કોઈ દિવસ રાજ્યની ખબર લેવા પણ ગયો નહિ.

દિવસે દિવસે વૃદ્ધિ પામતા કાંતિવાન બાળક ચંદ્રાંકને જોઈને યશોમતી વિચાર કરવા લાગી. ચંદ્રાવતી પાસે યથેચ્છ ક્રીડા કરતા પતિનું મુખ કોઈ દિવસે હું હવે જોવાની નથી. આ અતિ સુંદર બાળકને પ્રસન્ન કરી તેની પ્રીતિ હું કેમ સંપાદન ના કરું?" યશોમતીએ મનમાં નક્કી કરી એક દિવસે ચંદ્રાંકને કહ્યું, " અરે! ચંદ્રાંક! સુંદર! જો તું મારી સાથે પ્રીતિ કરે તો આ રાજ્યસહિત હું તારે વશ થાઉં."

યશોમતીનાં વજ્રસમાન કઠોર વચન સાંભળી દુઃખી થતો ચંદ્ર બોલ્યો, " અરે માતા! તું આમ કેમ બોલે છે?"

" અરે સુભગ! હું તારી માતા નથી. તારી માતા તો મૃગધ્વજ રાજાની પ્રિયા ચંદ્રવતી છે. તારો ને મારો પુત્રમાતાનો સંબંધ છે જ નહિ; તો મન વચન અને કાયાથી હે સુંદર! મારી સાથે પ્રેમ કર, ને આ રાજ્યનો માલિક થા અને મારી સાથે ભોગ ભોગવી સુખી થા"

રાગાંધ યશોમતીનાં વિષરૂપી વિષયથી ભરેલાં વચન સાંભળી ચંદ્રાંક દુઃખી થયો થકો જવાબ આપ્યા વગર એકદમ ત્યાંથી નીકળી માતાપિતાને નમવાને ચાલ્યો. ભ્રષ્ટ થયેલી યશોમતી વિષાદને ધારણ કરતી, સંસારના સંબંધોને વિષ તુલ્ય માનતી, વૈરાગ્યના આવેશથી યોગિની થઇ ગઈ તેજ યોગિની થયેલી હું યશોમતી! ને રાજન્! યશોમતીનો ત્યાગ કરી નમવાને આવેલો આ બાળક ચંદ્રાંક—ચંદ્રવતીનો પુત્ર! અને આ એની ઉત્પત્તિનો અપુર્વ ઈતિહાસ.

" આ ચંદ્રાંકને જોતાં જ યક્ષે તમને આકાશવાણીથી

કહ્યું કે યશોમતી પાસે જઈને સમસ્ત વૃત્તાંત જાણો ! એ જાણવા માટે તમે અહીં આવ્યા ને સર્વે હકીકત જાણી. " યશોમતીની વાણી સાંભળી રાજાને એ બન્ને અધમ પ્રાણીઓ તરફ ક્રોધ ઉત્પન્ન થયો; પણ યશોમતીએ પોતાની મધુર વાણીથી સંસારનું સ્વરૂપ સમજાવી રાજાના ક્રોધને શાંત કર્યો. યશોમતીનાં વચનથી શાંત થયેલો રાજા મૃગધ્વજ ચંદ્રાંક પુત્રની સાથે પોતાની નગરીના ઉદ્યાનમાં આવ્યો. મંત્રીઓ વિગેરે રાજાનો પ્રવેશ મહોત્સવ કરવાને આવ્યા. એ પ્રવેશ મહોત્સવને અટકાવી રાજા મૃગધ્વજે મંત્રીઓને આજ્ઞા ફરમાવી, "તમે આ શુકરાજને મોટા મહોત્સવપૂર્વક રાજગાદીએ બેસાડો. હું હવે સંસારના સ્વરૂપથી ભય પામેલો નગરીમાં નહિ આવતાં ગુરૂ પાસે જઈને વ્રત ગ્રહણ કરી, હું મારા આત્માનું હિત કરીશ. યતિઓને પણ નગરીમાં તો દોષ જ લાગે છે." એકા. એક રાજાની આ અપૂર્વ વાણી સાંભળી મંત્રીઓ એક-બીજાની સામે જોતા વિસ્મય પામ્યા. અત્યારે તો રાજાને સમજાવી મંત્રીઓ રાજાને નગરમાં તેડી લાવ્યા. ચંદ્રશેખરે ખાનગીમાં આ બધી વાત જાણીને ચંદ્રવતીના મહેલમાંથી છટકી પોતાને નગર ચાલ્યો ગયો. રાજા મૃગધ્વજે મોટા ઉત્સાહપૂર્વક શુકરાજનો રાજ્યાભિષેક કર્યો. રાજાએ સાતે ક્ષેત્રમાં ધન વાપરી અઠ્ઠાઈ-મહોત્સવ કર્યો. ધર્મકાર્યમાં અનગળ દ્રવ્યનો વ્યય કરી રાજા મૃગધ્વજ દીક્ષા લેવાને તૈયાર થયો. સંસારનું સ્વરૂપ સાંભળીને ભય પામેલા મૃગધ્વજ રાજાની એ વૈરાગ્ય ભાવના, એ ત્યાગ ભાવના; એ અદ્‌ભુત ભાવના અપૂર્વ હતી.

પ્રાતઃકાળે દીક્ષાને ગ્રહણ કરવા માટે તૈયાર થયેલા રાજા મૃગધ્વજની રાત્રી કેવી હોય ! નિશાના એ ભયંકર

સામ્રાજ્યમાં, એ શુભ ધ્યાનમાં ચડેલા એ નરનાયકને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ઉત્પન્ન થયેલા કેવલજ્ઞાનથી લોકાલોકના સ્વરૂપને જોતાં એ નરનાથ આગળ દેવતાઓ હાજર થઇ વિનંતિ કરવા લાગ્યા, "હે રાજર્ષિ! આ વેશને ગ્રહણ કરો, એટલે તમારા ચરણ કમલમાં અમે વંદન કરીએ!"

દેવતાએ આપેલા વેષને એ જગત્‌વંદ્ય પુરૂષે ગ્રહણ કર્યો. દેવતાઓએ એ નરનાયકને નમીને કેવલજ્ઞાનનો મોટો મહોત્સવ કર્યો.

દેવતાઓના મહોત્સવથી આશ્ચર્ય પામેલો શુકરાજા હંસ અને મંત્રીઓ સાથે પિતાની પાસે આવીને નમ્યો, ને રાજ્યમાં મોટો મહોત્સવ કર્યો. રાજર્ષિ મૃગધ્વજે દેવતા અને મનુષ્યોની મેદની આગળ સંસારના તાપને દૂર કરનારી દેશના આપી. વ્યાખ્યાનના અંતમાં હંસ, ચંદ્રાંક અને કનકમાલાએ કેવલી પાસે વ્રત ગ્રહણ કર્યાં. ચંદ્રવતીના સ્વરૂપને જાણનારા મૃગધ્વજ અને ચંદ્રાંક, બન્નેએ કોઇની આગળ તેને પ્રગટ કર્યું નહિ. રાજર્ષિ મૃગધ્વજ ભવ્યજનોને પ્રતિબોધ કરવા ત્યાંથી વિહાર કરી ગયા, ને મહારાજ થયેલા શુકરાજ ન્યાયથી પૃથ્વીનું પાલન કરવા લાગ્યા.

નરનાયક રાજા મૃગધ્વજ તો કેવલજ્ઞાન પામી પોતાનું આત્મહિત કરી ગયા—આ પૃથ્વીને જ્ઞાનામૃતનું પાન કરાવવાને ભવ્યજનોના લાભને માટે દેશપરદેશ દેવતાઓથી સેવાતા વિહાર કરી ગયા. ચંદ્રાંક પણ પિતાની પાસે દીક્ષા ગ્રહણ કરી પિતાના માર્ગનો અનુયાયી થયો, પણ પતિ ને પુત્રે ત્યાગ કરેલી ચંદ્રવતીનું શું?

ચંદ્રશેખરમાં પ્રીતિવાળી ચંદ્રવતીને તો પતિની કે પુત્રની કાંઇ પણ પડી નહોતી—તેને માત્ર હતી એક ચંદ્ર-

શેખરના પુનર્મિલનની આશા ! ચંદ્રશેખરના જવા પછી ચંદ્રવતી એના વિરહથી વ્યાકુળ થઇ છતી કિંકર્ત્તવ્ય-મૂઢ થઇ ગઈ હતી. એક દિવસે ચંદ્રાવતીએ રાજ્યની અધિષ્ઠાયિકા દેવીનું સારી ભક્તિથી આરાધન કર્યું. ચંદ્રવતીની ભક્તિથી પ્રસન્ન થયેલી રાજલક્ષ્મી પ્રગટ થઈને બોલી, હે ચંદ્રવતી ! વર માગ ! બોલ તને શું આપું ?" દેવીની વાણી સાંભળી ચંદ્રવતી બોલી, " દેવી પ્રસન્ન થઇ હો તો શુકરાજાનું વિશાળ સામ્રાજ્ય ચંદ્રશેખરને આપ !" ચંદ્રવતીના જવાબમાં દેવીએ કહ્યું, " શુકરાજા જ્યારે કયાંક જાય ત્યારે ચંદ્રશેખરને અહીં તેડાવજે. મારી માયાથી ચંદ્રશેખર બીજો શુકરાજ થઈને સમસ્ત રાજ્યને ભોગવશે. " વરદાન આપીને દેવી અદૃશ્ય થઇ ગઇ, ચંદ્રવતી પણ શુકરાજાના બહાર જવાની રાહ જોતી દિવસ વિતાવવા લાગી.

એક દિવસે પદ્માવતી અને વાયુવેગાની સાથે શુકરાજા શાશ્વત જીનોને નમવાને મંત્રીને રાજ્ય ભળાવી આકાશમાર્ગે ચાલ્યો ગયો. શુકરાજાના જવાથી ચંદ્રવતીએ પોતાને વર-દાન આપનાર દેવીની પાસે આવી ચંદ્રશેખરને તેડી લાવવા માટે સૂચના કરી. તરતજ દેવીએ શુકરૂપ ધરીને ચંદ્રશેખરને તેડી લાવી નગરની અંદર હાજર કર્યો. શુકરાજાનું સ્વરૂપ ધારણ કરીને રાજમહેલમાં રહેલા ચંદ્રશેખરે-શુકરાજે રાત્રીએ એકાએક પોકાર કર્યો, " અરે ! આ કોઇ દુષ્ટ વિદ્યાધર મારી બન્ને પ્રિયાઓને હરી જાય છે. " મંત્રીઓ વિગેરે રાજાના પોકારથી એકત્ર થઇ રાજા પાસે આવ્યા. શુકરાજને જોઈ આશ્ચર્ય પામેલા બોલ્યા, " અરે ! આ શું ? તમે કયારે આવ્યા ! "

રાજાએ કહ્યું, " યાત્રા કરીને હાલમાં જ હું પાછો

ફરેલો છું, પણ કોઈ દુષ્ટ વિદ્યાધર મારી પદ્માવતી અને વાયુવેગાને હરી ગયા. હવે હું તેની પછવાડે આત્મહત્યા કરીશ."

આત્મહત્યા કરતાં શુકરાજાને મંત્રીઓએ શાસ્ત્રોનાં વચન સંભળાવી શાંત કર્યો. મંત્રીઓએ શાંત કરેલો આ માયાવી શુકરાજ દેવીના પ્રભાવથી પ્રજાને ન્યાયથી પાળવા લાગ્યો. બાનગીમાં ચંદ્રવતીની સાથે તે પ્રીતિ કરતો, અનેક પ્રકારે રતિક્રીડા કરતો કાળ નિર્ગમન કરવા લાગ્યો. શુક. રાજ બનેલા ચંદ્રશેખરની આ માયાનો પાર દેવીના પ્રભાવથી કોઈ પામી શકયું નહિ. સંસારની એ વિચિત્રતાને માત્ર જ્ઞાનીઓજ જાણી શકે છે.

શાશ્વત જીનોને નમવાને ગયેલો શુકરાજા જીનોને નમીને ફરતો ફરતો ગગનવલ્લભ નગરમાં આવ્યો. ત્યાં સાસુ સસરાને મળી અનુક્રમે પોતાની નગરીના ઉદ્યાનમાં આવ્યો. ખરા શુકરાજાને પાછો આવેલો જાણી ચંદ્રશેખર (બનાવટી શુકરાજા) ગભરાયો. તેણે મંત્રીને બોલાવીને કહ્યું, "અરે, જે વિદ્યાધર મારી બે સ્ત્રીઓને પૂર્વે હરી ગયો હતો, તે હવે એટલેથી ન સંતોષતાં મારૂં રૂપ ધરીને મારૂં રાજ્ય હરવાને પણ આવ્યો છે; માટે તમે એની પાસે જઈને સમજાવો, નહિતર યુદ્ધ કરી હું એને મારી નાખીશ. શુકરાજા (ચંદ્રશેખર)ની આ વાણી સાંભળી મંત્રી સત્વર ઉદ્યાનમાં શુકરાજા પાસે આવીને બોલ્યો, અરે ધુર્ત! અમારા રાજાની બન્ને સ્ત્રીઓને હરીને પાછો શુકરાજાનું રૂપ ધારણ કરી રાજ્ય લેવા આવ્યો છે કે શું? સમજીને પાછો જા, નહિ તો તારા ભુંડા હાલ થશે." મંત્રીની વાણી સાંભળી શુકરાજ વિચારમાં પડયો.

"અરે આ છે શું ? ખરો શુકરાજ તો હું છું ! તમે મને શો ઉપદેશ કરવા આવ્યા છો ? હું જ તમારો સ્વામી છું. શાશ્વત જીનોને નમીને હુજી અત્યારે પાછો આવું છું. બીજો કોઇ કપટી મારૂં ખોટું નામ ધારણ કરીને તો ગાદી પર નથી બેસી ગયો ?" શુકરાજે આશ્ચર્ય પામીને કહ્યું.

"મંત્રીજી ! ખરી વાત છે. આજ અમારા સ્વામી છે, છતાં શુકરાજનું રૂપ ધારણ કરીને બીજો કોણ રાજ્યમાં ધુસી ગયો" શુકરાજની સ્ત્રીઓએ પાદપૂર્તિ કરી.

"અરે, માથાના મંદિર સમી આ સ્ત્રીઓ પણ ફરી ગઈ ! આ શું ? ખરા શુકરાજ તો યાત્રા કરીને તરતજ આવી ગયા છે. તમે તો કોઇ પાખંડી—ધૂર્ત છો, માટે જતા રહો !"

મંત્રીની વાણી સાંભળી આશ્ચર્ય પામેલો શુકરાજા અનેક ગડમથલ કરવા લાગ્યો. શું બળથી આને મારી નાખું ? તોય શું ? લોકોમાં અપવાદ થશે કે મૃગધ્વજના પુત્ર શુકરાજાને મારી નાખી આ કોઇ માયાવી શુકરાજનું રૂપ ધારણ કરીને રાજા થયો,"

મંત્રીને સમજાવવા માટે અનેક પ્રયત્ન કર્યા, પણ એકે વાત માનવાની મંત્રીએ ના પાડી એટલે નિરાશ થયેલો શુકરાજ પોતાની બન્ને પ્રિયાઓને લઇને વિમાનમાં બેસી ત્યાંથી ચાલ્યો ગયો. માથે આવી પડેલી આફત મંત્રીની હુકીકતથી દૂર થઇ જવાથી શુકરાજ-ચંદ્રશેખર મનમાં અતિ પ્રસન્ન થયો. સુખ ભોગવવાનો માર્ગ એનો મોકળો થઇ ગયો. મંત્રીને રાજાએ ઈનામમાં સારાં ગામ આપીને ખુશી કર્યો. રાજા ચંદ્રશેખર (શુકરાજ) શાંતિથી રાજ્યનું પાલન કરતો ચંદ્રવતી સાથે ભોગોને ભોગવતો પોતાનો કાલ સુખમાં વ્યતીત કરવા લાગ્યો. આહ ! સમય શું કરે છે ?

પ્રકરણ ૩૬ મું.

શત્રુંજય

શુકરાજ સમયને માન આપી પોતાની નગરીમાંથી વિમાનમાં બેસીને પોતાની બન્ને સ્ત્રીઓ સાથે ચાલ્યો. ક્યાં જવું ને હવે કાંઇ નિશ્ચિત ન હોવાથી દેશપરદેશ ફરતો અને તીર્થયાત્રા કરતો, છ માસ પછી સૌરાષ્ટ્ર-મંડલમાં આવ્યો. આકાશમાર્ગે ગમન કરતા શુકરાજનું વિમાન સૌરાષ્ટ્રમાં એક સ્થાનકે અટકી ગયું. વિમાનની ગતિ સ્ખલિત થવાથી આમણ દુમણ થયેલો શુકરાજ ચારે તરફ જોવા લાગ્યો. નીચે નજર કરતાં પોતાના પિતા મૃગધ્વજ કેવલીને દેશના દેતા જોયા. શુકરાજ હર્ષથી નીચે ઉતર્યો. તાત કેવલજ્ઞાનીને વિધિપૂર્વક નમસ્કાર કરી, વંદન કરી દેશના સાંભળવા તે બેઠો. કેવલી ભગવાને શુકરાજાના હૃદયને ધીરજ મળે એવી અપૂર્વ દેશના આપી; જેથી શુકરાજાના હૃદયને આશ્વાસન મળ્યું. શુકરાજા કંઇક શાંત પણ થયો.

દેશના સમાપ્ત થયા પછી શુકરાજાએ પૂછ્યું. "ભગવન્! મારૂં સ્વરૂપ ધારણ કરીને કયા અધમે મારૂં રાજ્ય પડાવી લીધું છે તે આપ કહો?"

શુકરાજાનાં આ વચન સાંભળી કેવલજ્ઞાની મૃગધ્વજ રાજર્ષિ ચંદ્રશેખર અને ચંદ્રવતીનું સ્વરૂપ જાણવા છતાં પણ મૌન ગઈ ગયા. શુકરાજાના પ્રશ્નોનો કાંઈપણ જવાબ આપ્યો નહિ. પોતાના પ્રશ્નનો ઉત્તર નહિ મળવાથી શુકરાજ ગદ્‌ગદિત સ્વરે બોલ્યો, "પ્રભો! તમારૂં શ્રેષ્ઠ દર્શન થયા છતાં પણ મારૂં રાજ્ય હરાઇ જાય તો હું માનું છું કે તે મારૂં મોટું અભાગ્ય—દુર્ભાગ્ય આજે જાગ્યું છે."

છતાંય મુનિએ શુકરાજના પ્રશ્નનો જવાબ ન આપતાં રાજ્યપ્રાપ્તિ થાય તેવો ઉપાય સૂચવ્યો, " હે શુકરાજ ! વિમલાચલ પર્વત ઉપર જઈને ત્યાં તીર્થની ગુફામાં છ માસ પર્યંત પંચ પરમેષ્ઠીનો એકાગ્ર ચિત્તે જાપ કર ! તારા એકાગ્ર ચિત્તના જાપના પુણ્યપ્રભાવથી છ માસ પછી ગુફામાં મહાન તેજ-પ્રકાશ જોવામાં આવશે. જ્યારે એ તેજ જોવામાં આવે ત્યારે તારે સમજવું કે તારો શત્રુ જીતાઈ ગયો. એની વિદ્યા ત્યારે નષ્ટ થઈ જશે અને તારે માટે રાજ્ય છોડી તે ભાગી જશે. "

ગુરૂનાં વચન સાંભળી હર્ષિત થયેલો શુકરાજા ગુરૂને વંદન કરી નમસ્કારથી સ્તુતિ કરતો પ્રિયાઓ સહિત વિમાનમાં બેસીને વિમલાચલ તરફ ચાલ્યો ગયો, વિમલાચલે આવીને સ્ત્રીઓને એક સ્થાનકે રાખી તીર્થની ગુફામાં તપ કરતો ને પંચ પરમેષ્ઠીનો જાપ કરતો એકાગ્ર ચિત્તવાળો થયો, તપ અને જાપ કરતાં ગુફામાં એ શુકરાજાને અનુક્રમે છ માસનાં વહાણાં વહી ગયાં.

છ માસના અંતે શુકરાજે મહાન તેજ જોયું. ગુફાના મધ્યમાં મહાન પ્રકાશમાન તેજને જોયા પછી શુકરાજ પોતાનું ધ્યાન સમાપ્ત કરી, પારણું કરી, વિમાનમાં પ્રિયાઓ સહિત બેસીને પોતાના નગર તરફ ચાલ્યો ગયો.

સંસારના વિષયમાં રક્ત થયેલા અને રાજ્યલક્ષ્મીમાં ગુલતાન બનેલા કપટી ચંદ્રશેખરની આગળ અકસ્માત્ રાજ્યલક્ષ્મી પ્રગટ થઈને બોલી, " રાજન્ ! તારૂં શુકરાજાનું સ્વરૂપ હવે અદૃશ્ય થઈને ચંદ્રશેખરનું સ્વરૂપ પ્રગટ થશે. શુકરાજાના પ્રબળ પુણ્ય આગળ મારી શક્તિ હવે ચાલશે નહિ, માટે તને યોગ્ય લાગે તેમ કર ! " રાજાને સાવધ કરી રાજ્યાધિષ્ઠાયિકા દેવી તરતજ અદૃશ્ય થઇ ગઈ. દેવીનાં

વચન સાંભળી ભય પામેલો ચંદ્રશેખર કિંકર્ત્તવ્ય મૂઢ થઇ ગયો; પોતાનું સ્વરૂપ પ્રગટ થવાથી તરતજ નગરમાંથી બહાર નીકળી ગયો.

શુકરાજા બરાબર એ જ સમયે પોતાની બન્ને પત્નીઓ સાથે નગરમાં આવી ગયો. રાજમહેલમાં આવેલા શુકરાજાને મંત્રીઓ વિગેરે આવીને નમ્યા, રાજાનો આદર સત્કાર કર્યો. મંત્રીઓએ પૂછ્યું, " મહારાજ ! આ બધું શું બની ગયું કે અમારા જેવા બુદ્ધિનિધાનો પણ છેતરાઇ ગયા ! "

મંત્રીઓના આ જવાબમાં રાજાએ બધી હકીકત કહી સંભળાવી. પણ પોતાનું રૂપ કરીને આવનાર વિદ્યાધર હતો, દેવ કે દાનવ ! એ તો શુકરાજા પોતે પણ જાણતા નહોતા. તેથી તે જાણતા હતા તે સર્વે વાત કહી સંભળાવી.

રાજાની વાતથી સંતોષ પામેલા મંત્રીઓએ રાજાને ખમાવ્યા. ને પોતાની ભૂલ માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યા. આ બધી વિધિથી પરવારી રાજાએ વિમલાચલ તરફ યાત્રા નિમિત્તે સંઘ સહિત જવાની તૈયારી કરી. અનેક વિદ્યાધરો એમાં સામેલ થયા. મંત્રીઓ, અનેક મનુષ્યો અને સ્ત્રીઓની સાથે તેમ ગુરૂ મહારાજની પાસે સંઘવી પદ ધારણ કરીને શુકરાજા મોટા સંઘ સહિત રાજ્યની વ્યવસ્થા કરી વિમલાચલ તરફ ચાલ્યા. ત્યાં જઇને સ્નાત્રપૂજા સહિત ભગવાન યુગાદીશની અષ્ટપ્રકારી પૂજા કરી સંઘ સહિત શુકરાજા પ્રસન્ન થયા. ધ્વજારોપણ કરતાં ભગવાનની ભક્તિથી પ્રફુલ્લિત હૃદયવાળા સંઘપતિ શુકરાજા મંત્રી આદિ સકલ પર્ષદા આગળ બોલ્યા, " અરે ! એક અદ્‌ભૂત પૂર્વ એવી મારી વાત સાંભળો. મારા પ્રબળ શત્રુને મેં આ તીર્થની ગુફામાં બેઠે બેઠે જીતી લીધો. મંત્ર અને

તપના પ્રભાવથી શત્રુને જીતી મેં મારૂં વિશાળ સામ્રાજ્ય ફરીને પ્રાપ્ત કરેલું હોવાથી આજથી આ વિમલાચલજીનું બીજું નામ 'શત્રુંજય' પ્રસિદ્ધ થાઓ!" શુકરાજાની આ વાણી મંત્રી સહિત બધી પર્ષદાએ વધાવી લીધી, ને ત્યારથી વિમલાચલનું બીજું નામ શત્રુંજય જગતમાં જાહેર થયું. વર્તમાન કાલમાં પણ એ નામ પ્રસિદ્ધપણે જોવાય છે. જે શત્રુંજય ઉપર અનેક મુનિવરોએ અભ્યંતર શત્રુઓને જીતેલા છે ત્યાં બાહ્ય શત્રુને જીતવો એ કાંઇ બહુ મોટી વાત નથી.

ચંદ્રશેખર રાજા શુકરાજાનું સ્વરૂપ અદૃશ્ય થયા પછી પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ થવાથી ભય પામી નગર બહાર નીકળી ગયેલો, તે આત્મામાં પણ સમયને અથવા તો સારી ભવિતવ્યતાને લીધે પરિવર્તન થવા લાગ્યું. તીર્થયાત્રા કરવા માટે તે રાજા ચંદ્રશેખર પણ વિમલાચલે આવી ઋષભદેવને નમ્યો; ભગવાનને પૂજ્યા. એ તીર્થના ફરસથી એની વિચારશ્રેણી પલટાઇ ગઇ, "અરે, આ જગતમાં મારા જેવો પાપાત્મા કોઇ હશે ખરો! મારાં પાપ તો અમાપ છે. ખચિત એ પાપની શિક્ષા માટે મારે અઘોર નરકયાતના ભોગવવી પડશે. એ ભયંકર પરમાધામીકૃત પીડાઓ ભોગવતાં પણ મારાં પાપ છૂટશે નહિ. અરે દૈવ! મને આ શી કુબુદ્ધિ સૂઝી!" પશ્ચાત્તાપ કરતા ને વૈરાગ્ય-ભાવને પામેલા ચંદ્રશેખર નૃપતિએ મહોદય મુનિ પાસે ભાગવતી દીક્ષાને ગ્રહણ કરી. કર્મે શૂરા તે ધર્મે શૂરા!

ધ્વજા રોપણ વિગેરે કાર્યને કરીને સંઘપતિ પર્વત ઉપર રહેલા મહોદય મુનિને વાંદવાને આવ્યા. ગુરૂની દેશના સાંભળી શુકરાજા હાથ જોડી બોલ્યા, "ભગવન્! એક વાત કહો! આ ચરાચર જગતમાં જ્ઞાનીથી કોઇ વાત ગુપ્ત નથી.

ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળની વાત જાણનારા આપ કૃતકૃત્ય થયા છો. મારૂં રૂપ ધારણ કરીને મારૂં રાજ્ય પચાવી પાડનાર એ અધમ નર કોણ હતો તે આપ કૃપા કરીને મને કહો!

શુકરાજાની વાણી સાંભળી મહોદય મુનિ બોલ્યા, "હે શુકરાજ! આ બધું કેમ બન્યું તે સાંભળ! જગતમાં તો પુર્વભવના ઋણાનુબંધ વિના કાંઈપણ બનતું નથી. તારે માથે એ મનુષ્યનું એટલું કરજ ભવાંતરથી ચાલ્યું આવતું હતું. તે હવે ભરપાયે થઇ ગયું, સમજ, એટલે કે એ બધું પતી ગયું."

"ભગવન્! એ શી રીતે? જરા સ્પષ્ટતાથી કહો!" રાજાએ ખુલાસો પુછ્યો.

"સાંભળ! પચાસ ભવ પહેલાં જ્યારે તું રાજા હતો, ત્યારે છલ કરીને એક પુરૂષનું રાજ્ય તેં અન્યાયથી પડાવી લીધું હતું. તે હે શુકરાજા! આ ભવમાં તે પુરૂષે તારૂં રાજ્ય છળથી પડાવી લીધું." ગુરૂ મહારાજની વાણી સાંભળી શુકરાજ આથી નવાઇ પામ્યા.

"એ પુરૂષ તે કોણ, ભગવન્?"

"તે પુરૂષ તે આ!" શુકરાજાના પુછવાથી ચંદ્રશેખર તરફ અંગુલીનિર્દેશ કરીને ગુરૂમહારાજ બોલ્યા.

"ચંદ્રશેખર! મારા મામા?" શુકરાજ આશ્ચર્ય પામતા બોલ્યા.

"હા! રાજન્!" મહોદય મુનિ બોલ્યા.

મહોદય ગુરૂરાજની અમૃતસરખી વાણી સાંભળી પ્રસન્ન થયેલા શુકરાજા ઝટ ઉભા થઇને ચંદ્રશેખર મુનિની પાસે જઇ તેમને ખમાવ્યા. "હે સાધુ! મારા અપરાધને આપ ક્ષમો! આપ મહાન છો! પુજનીય છો! પાપનો નાશ કરવામાં આપ શુરવીર છો! ચારિત્રરૂપી લક્ષ્મીને મેળવનારા

આપને હવે મુક્તિની વરમાળ કાંઇ દૂર નથી." શુકરાજે પોતાના અપરાધનો પશ્ચાત્તાપ કરતાં ચંદ્રશેખર મુનિને ખમાવ્યા. અને એ ચંદ્રશેખર મુનિ! એમની તો વાત જ શી કરીએ? તેઓ પોતાના પાપની વારંવાર આલોચના, નિંદા, ગર્હા કરતા, અને તીવ્ર તપ તેમજ ધ્યાન વડે કરીને કર્મનો ક્ષય કરીને કેવલજ્ઞાન પામ્યા. એક લાખતના ચંદ્રશેખર રાજવી ચંદ્રશેખર કેવલી—રાજર્ષિ થયા; કૃતકૃત્ય થયા.

શુકરાજા શત્રુંજય તીર્થને વિષે પોતાનો યાત્રા-ઉત્સવ સંપૂર્ણ કરીને પોતાની નગરી પ્રત્યે ચાલ્યા ગયા. સકલ સંઘની સાથે સંઘવી શુકરાજ પોતાની નગરીમાં આવ્યા; ન્યાયનીતિથી પ્રજાનું પાલન કરવા લાગ્યા,

એક દિવસે શુકરાજાની રાણીને સારા સ્વપ્નથી સૂચિત એક સુંદર પુત્રનો જન્મ થયો. જન્મોત્સવ કરી પુત્રનું ચંદ્ર એવું નામ રાખ્યું. યૌવનવયમાં શુકરાજાએ ચંદ્રને શુરભૂપની લક્ષ્મી નામની કન્યા સાથે પાણિગ્રહણ કરાવ્યું. ચંદ્ર લક્ષ્મીનો યોગ પામીને જુવાનીને સફલ કરવા લાગ્યો.

નગરીની બહાર ઉદ્યાનમાં કમલાચાર્ય મુનિવર વિહાર કરતા કરતા પધાર્યા. અનેક સાધુ સમુદાયથી પરવરેલા આચાર્યને વંદન કરવાને શુકરાજા પત્ની-પુત્રાદિક યુક્ત પરિવાર સાથે આવ્યા. ગુરૂને વિધિપૂર્વક વાંદી ધર્મ સાંભળવાને બેઠા. ગુરૂમહારાજે ધર્મદેશના આપવા માંડી.

દેશનાને અંતે શુકરાજાએ મનમાં કંઈક નિશ્ચય કરી નગરમાં આવી, ચંદ્રને રાજ્ય ઉપર સ્થાપન કરી, એ વૈરાગ્યના અણમોલ રંગથી રંગાયેલા શુકરાજાએ ગુરૂ પાસે ભાગવતી દીક્ષાને અંગીકાર કરી તીવ્ર તપ કરતા ને જ્ઞાનધ્યાનમાંજ એકતાનવાળા શુક મુનિ કર્મનો ક્ષય કરવાનો જ માત્ર ઉદ્યમ કરવા લાગ્યા. સંસારની બાહ્ય ઉપાધિમાંથી વિરકત-

ભાવ ધારણ કરી અભ્યંતરનાં પાપકર્મોનો નાશ કરવા તરતજ તેમને સંપૂર્ણ લક્ષ આપ્યું. તીવ્ર તપને કરતા એ નરનાયક શુકમુનિ કૈવલ્ય લક્ષ્મીને પ્રાપ્ત કરી મુક્તિને વર્યા. અને જન્મ મરણનાં દુઃખ દૂર કરી મોક્ષે ગયા.

પ્રકરણ ૩૭મું

શત્રુંજયની યાત્રા

स्मृत्वा शत्रुं जयं तीर्थं, नत्वा रैवतकाचलं
स्नात्वा गजपदे कुण्डे, पुनर्जन्म न विद्यते ॥

ભાવાર્થ—જે મનુષ્ય સંસારમાં ભાવથકી શ્રી શત્રુંજયગિરિને સંભારે છે તેમજ શ્રી ગિરનારના આભૂષણરૂપ નેમિનાથને જે નમે છે અને ગયપદકુંડમાં જે સ્નાન કરે છે તેને ફરી જન્મ ધારણ કરવાપણું રહેતું નથી.

ગુરૂમહારાજ શ્રી સિદ્ધસેનદિવાકર સૂરિરાજ પાસેથી શત્રુંજયનો પ્રભાવ સાંભળી મહારાજા વિક્રમાદિત્ય શત્રુંજયને નમવાને તૈયાર થયા ને ગુરૂમહારાજને વિનંતિ કરી, કે "હે પ્રભો! અમારી ઉપર કૃપા કરી આપ અમારી સાથે ગિરિરાજનો સંઘ કાઢું તેમાં પધારી અમને સિદ્ધગિરિરાજ વંદાવો."

રાજાની ભક્તિપૂર્વકની વાણીને ગુરૂએ અનુમતી આપવાથી રાજા પ્રસન્ન થયા, ને સકળ સંઘને ભેગો કરી સકલ પંચ સહિત શત્રુંજય જવાને તૈયાર થયા. અનેક સ્થળે તે નિમિત્તે કુમકુમ પત્રિકાઓ મોકલવામાં આવી. શુભ મુહુર્ત્તે રાજા વિક્રમાદિત્યે સંઘપતિપદ ગ્રહણ કરીને શત્રુંજયે શ્રી યુગાદીશને નમવાને જવા માટે નગરીની બહાર પ્રસ્થાન કર્યું. એ નિમિત્તે અનેક ભાટ, ચારણ અને નાયકોને દાન આપવું શરૂ કર્યું. સકલ સંઘ સમુદાય જે સમયે અવંતીથી ચાલ્યો એ સમયના સંઘનું શું વર્ણન

કરીએ ? વિક્રમાદિત્યના સંઘમાં ચૌદ તો મુકુટબંધી રાજા હતા. સિત્તેર લાખ શુદ્ધ શ્રાવકોનાં કુટુંબો ને સિદ્ધસેનસૂરિ આદિ પાંચસો તો આચાર્યો હતા. તેમની સાથે એકસો અગણોસિત્તેર સુવર્ણનાં જીનમંદિર હતાં, ત્રણસો રૂપાનાં મંદિરો; પાંચસો દાંતના દેવાલયો અને અઢારસો મનોહર સુગંધમય કાષ્ટનાં મંદિરો હતાં; તેમજ એક કોટિ રથ, છ હજાર હાથીઓ, અઢાર લાખથી વધારે અશ્વો સિવાય બીજાં અનેક પુરૂષો અને સ્ત્રીઓની સંખ્યાનો તો પાર નહોતો. એ વિશાળ સંપત્તિ વડે શોભતો વિક્રમાદિત્ય સંઘની સાથે શત્રુંજય તરફ ચાલ્યો. ગામેગામ સ્નાત્રપુજા ધ્વજાદિક ક્રિયાને કરતો તે જૈનશાસનની પ્રભાવનાને વિસ્તારતો સંઘ શત્રુંજયની સમીપમાં પહોંચ્યો. શત્રુંજયની તળેટી આગળ પડાવ નાખી સંઘપતિએ યાચકોને પુષ્કળ દાનથી સંતોષ્યા.

બીજા દિવસની ઉદય પામતી સુવર્ણમય પ્રભાતે માગણોને દાનથી સંતુષ્ટ કરતો વિક્રમાદિત્ય જીનેશ્વરને નમવાને શત્રુંજય પર્વત ઉપર ચઢયો. આજના દિવસને ધન્ય માનતા મહારાજા વિક્રમાદિત્યે પર્વત ઉપર શ્રી યુગાદીશ પ્રભુની સ્નાત્રપૂજા તેમજ ધ્વજારોપણ વિગેરે ક્રિયા કરી ભક્તિગર્ભિત સ્તોત્ર વડે ભગવાનની સ્તુતિ કરી. શત્રુંજય ઉપર મૂળનાયક શ્રીયુગાદીશને નમી, પૂજી, ત્યાં રહેલા બીજા તીર્થંકરોને પણ તે નમ્યો, અને પૂજા કરી. અને સર્વે જીનમંદિરોનાં પણ દર્શન કર્યાં. કેટલાક પ્રાસાદો જીર્ણ થયેલા હોવાથી રાજાએ ગુરૂમહારાજને પૂછયું. વિક્રમાદિત્યના પ્રશ્નના ઉત્તરમાં સિદ્ધસેન ગુરૂએ જીર્ણોદ્ધારના ફળનું વર્ણન કરવા માંડયું; "જીનમંદિર નવું બંધાવવા કરતાં જીર્ણ—પડી ગયેલાને સમરાવી જીર્ણોદ્ધાર કરવાનું અમણું ફલ કહ્યું છે. પુર્વે આ

પર્વત ઉપર ચક્રવર્તી ભરત મહારાજાએ સુવર્ણનાં જિનભુવન કરાવી તેમાં શ્રીનાભેય જિનેશ્વરની મણિમય મૂર્તિ પધરાવી હતી. સગર ચક્રવર્તીએ ફરીને ત્યાર પછી ઋષભદેવનો પ્રાસાદ બંધાવી બીજો ઉદ્ધાર કર્યો." ને તે પછીના પણ અનેક નાના મોટા ઉદ્ધારો તેમજ મુખ્ય મુખ્ય સંઘપતિઓનાં વર્ણન સૂરીશ્વરે રાજા આગળ કહી સંભળાવ્યાં.

શત્રુંજય ઉપર ઋષભદેવના જીર્ણ પ્રાસાદને જોઈ સારકીય કાષ્ટનો મોટો પ્રાસાદ રાજાએ બંધાવ્યો. તેમજ બીજા પણ જીર્ણ પ્રાસાદને સમરાવી નવીન કરાવ્યા. શત્રુંજય ઉપર નાભિનંદનને નમસ્કાર કરી, જીર્ણોદ્ધાર કરીને ભક્તિથી ભરપુર હૃદયવાળો રાજા ગુરૂની સાથે રૈવતગિરિ તરફ ચાલ્યો. ગિરનારના ડુંગર ઉપર ચઢી રાજા વિક્રમાદિત્ય ગિરનારની શોભારૂપ નેમિનાથને નમ્યો. સ્નાત્રપુજા ધ્વજારોપણ કરી, ભાવથી શ્રી નેમિનાથ ભગવાનની સ્તુતિ કરી.

આ રીતે વિક્રમાદિત્યે પોતાનો માનવ જન્મ સફલ કર્યો. રાજા વિક્રમાદિત્ય શત્રુંજય અને ગિરનારની યાત્રા કરી સંઘ સહિત ગુરૂમહારાજની સાથે પાદવિહાર કરતો પોતાની નગરી અવંતી આવી ગયો.

એક દિવસે રાજસભામાં એક દરિદ્ર અવસ્થાને પામેલો કવિ આવ્યો. સભામાં આવેલા તે કવિને રાજાએ એક હજાર સુવર્ણમહોરો બક્ષીસ આપવા માંડી. કવિ યાચકે રાજાની સ્તુતિ કરવાથી રાજાએ દશ હજાર મહોરો આપવા હુકમ કર્યો, તે પણ ન લેતાં—ન સ્વીકારતાં કવિએ પુનઃ રાજાની સ્તુતિ કરી. રાજાએ એક લક્ષ દિનાર લેવા કહ્યું. રાજાની વાણીથી પ્રસન્ન થયેલો કવિ-યાચક બોલ્યો, "હે રાજન્! એક બહુશ્રુત મંત્રીનું ચમત્કારિક આખ્યાન આપ સાંભળો!" કવિ રાજસભાને ચકિત કરતો બોલ્યોઃ-

વિશાલાનગરીમાં નંદ રાજાને બહુશ્રુત નામે મંત્રી હતો. રાજાને ભાનુમતી નામે રાણીથી વિજયપાલ નામે પુત્ર થયો. અનેક પ્રકારના શાસ્ત્રના રહસ્યને જાણનારો દેવીના વરદાનવાળો શારદાનંદન નામે તેને એક ગુરૂ હતો. ભાનુમતીમાં ઉત્કટ રાગાંધ થયેલો રાજા સભામાં પણ ભાનુમતીને બેસાડતો હોવાથી મંત્રીએ નિષેધ કર્યો. રાજાને એ વાત રૂચીકર ન થવાથી મંત્રીએ ભાનુમતીની પ્રતિમા બનાવી રાજા પાસે સભામાં સ્થાપન કરવા માટે રાજગુરૂ શારદાનંદનને ભાનુમતીની પ્રતિમા તૈયાર કરવાની આજ્ઞા કરી. દેવીના વરદાનવાળો રાજગુરૂ એક વખત કોઈનું સ્વરૂપ જોઇને આબેહુબ તેના જેવી પ્રતિમા તૈયાર કરતો હતો. રાજાએ અરીસામાં રાણી ભાનુમતીનું પ્રતિબિંબ બતાવ્યું, તે પ્રતિબિંબને જોઇ રાજગુરૂએ ભાનુમતીની પ્રતિમા તૈયાર કરીને રાજાને અર્પણ કરી.

પ્રતિમાની સુંદર બનાવટને જોઇ રાજા મનમાં ખુશી થયો, પણ અચાનક પ્રતિમાને ગુહ્યસ્થાનકે તલ જોઇને રાજા કોપ્યો, "આ દુષ્ટ રાજગુરૂ મારી સ્ત્રીના ગુહ્યસ્થાનકે તલ છે તે કેવી જાણ્યો? નક્કી તે ખુટેલ હશે." રાજાએ તેને મરાવી નાખવા માટે મંત્રીને અર્પણ કર્યો. બહુશ્રુત મંત્રીએ રાજગુરૂને ખાનગી રીતે પોતાના મકાનના ભોંયરામાં છુપાવીને રાજાની આજ્ઞા કહી સંભળાવી.

એક દિવસે રાજપુત્ર વિજયપાલ મૃગયા ખેલવાને વનમાં ગયો. વનમાં એક ભયંકર શિકાર કરતા વાઘને જોઇ વિજયપાલ ભયથી એક વૃક્ષ ઉપર ચઢી ગયો. ત્યાં વૃક્ષ ઉપર રહેલો એક વાનર બોલ્યો, "હે રાજકુમાર! ભય પામીશ નહિ. વૃક્ષ ઉપર રહેલા આપણને તે વાઘ કાંઈ પણ કરી શકશે નહિ." રાજકુમાર અને વાનરને વાત-

ચિતમાં મિત્રાચારી થઈ. વાઘ પણ એમને ખાવાની ઇચ્છા કરતો એ વૃક્ષ નીચે થોભ્યો. રાત્રીને સમયે રાજપુત્ર કપિના ખોળામાં માથું મુકીને ઉંઘી ગયો, ત્યારે નીચે રહેલો વાઘ બોલ્યો, " અરે વાનર ! તારા ખોળામાં સુતેલા એ પરદેશીને તું નીચે નાખ કે જેથી એનું ભક્ષણ કરી મારી ક્ષુધાને હું શાંત કરૂં ! "

વાઘનાં વચન સાંભળી વાનર બોલ્યો. " અરે ! મારા ખોળામાં સુતેલા રાજકુમારનો હું શી રીતે વિશ્વાસઘાત કરૂં ? "

" ત્યારે તો આહાર વિના હું અવશ્ય મરી જઈશ. " વાઘે કહ્યું.

" તે તું જાણે ! પણ આ વિશ્વાસુને હું છેતરીશ નહિ. "

રાજકુમાર જાગ્યો એટલે તેના ખોળામાં માથું મુકીને વાનર સુઈ ગયો. વાનર ઉંઘી ગયો, એટલે વાઘે રાજકુમાર પાસે વાનરની માગણી કરી. વાઘના કહેવાથી રાજકુમારે વાનરને નીચે નાખી દીધો. વાઘના મુખમાં પડેલો વાનર હસીને પછી રૂદન કરવા લાગ્યો, તેથી વાઘે પૂછ્યુ કે, " તું હસીને પછી રૂદન કેમ કરે છે ?

વાઘના જવાબમાં વાનર બોલ્યો, " આ મહાપાપી વિશ્વાસઘાતી રાજકુમાર મારો મિત્ર થઈને મને મોતના મુખમાં નાખી દેવાથી મરીને નરકમાં જશે તેથી હું રૂદન કરી રહ્યો છું. "

પછી વાઘ પોતાને સ્થાનકે જવાથી રાજકુંમાર ત્યાંથી ઉતરીને આગળ ચાલ્યો, પણ તે ગાંડો થઈ ગયો અને 'વિસે મેરા, વિસે મેરા ' જ બકવા લાગ્યો. વાઘના ભયથી નાઠેલો અશ્વ નગરમાં પહોંચી ગયો. અશ્વને એકાકી જોઇ રાજા વિગેરે પરિવાર રાજકુમારને શોધતો શોધતો વનમાં

આવ્યો. વનમાં ઘેલા રાજકુમારને જોઈને દુઃખી થયેલો રાજા તેને નગરમાં તેડી લાવ્યો. અનેક વૈદ્યોના ઉપચાર કર્યા પણ રાજકુમારનું ગાંડપણ ગયું નહિ. ત્યારે રાજાને શારદાનંદન સાંભર્યા. "અરે મંત્રી! જો આજે શારદાનંદન હોત તો રાજકુમારને સજ્જ કરત!"

મંત્રીએ ખાનગીમાં છુપાવેલા શારદાનંદનને વાત કરી. શારદાનંદનને સ્ત્રીનો વેશ પહેરાવી રાજા પાસે તેડી લાવી મંત્રીએ રાજાને કહ્યું, "હે મહારાજ! મારી પુત્રી સકલ શાસ્ત્રને જાણનારી રાજકુમારને સજ્જ કરશે!"

રાજાએ પડદામાં પ્રધાનપુત્રીને રાખી રાજા વિગેરે પરિવાર પડદા આગળ રાજપુત્રની સાથે રહ્યો. રાજપુત્રને સંભળાવતી પડદામાં રહેલા પુત્રી-શારદાનંદન બોલ્યો, "અરે રાજકુમાર! વિશ્વાસે રહેલાને છેતરવો એમાં ચતુરાઇ શી? બોળામાં સૂતેલા વાનરને વાઘ પાસે મરાવી નાખવો એમાં પુરૂષાર્થ શું?" આમ એક શ્લોક બોલવાથી રાજપુત્રે 'વિ' અક્ષર છોડી દીધો ને 'સિ મેરા,' 'સિ મેરા,' બોલવા લાગ્યો.

શારદાનંદન બીજો શ્લોક બોલ્યો, "અરે રાજકુમાર! યાદ રાખ! ગંગા, ગોમતી કે સમુદ્રસ્નાન કરીને અનેક પાપોથી છુટાય છે, પણ મિત્રનો દ્રોહ કરનાર વિશ્વાસઘાત રૂપી પાપથી મુક્તો નથી." એ શ્લોક સાંભળી રાજકુમારે 'સિ' અક્ષર છોડી દીધો, ને 'મેરા' 'મેરા' બોલવા લાગ્યો.

શારદાનંદ ત્રીજો શ્લોક બોલ્યો, "રાજકુમાર! મિત્રદ્રોહ કરનાર ઉપકાર ઉપર અપકાર કરનાર, ચોર, વિશ્વાસીનો ઘાત કરનાર એ ચારે યાવત્ચંદ્ર દિવાકરૌ નરકમાં સડ્યા કરે છે." એ શ્લોક સાંભળી 'મે' અક્ષર છુટી ગયો,

રાજાએ વચમાં પૂછ્યું; "હે બાલા! ગામમાં

રહેનારી તું વાનર ને વાઘવાળું વનનું વૃત્તાંત શી રીતે જાણે છે?"

રાજાને ઉત્તર આપતી બાળા બોલી, "હે રાજન! તમારા પુત્રનું કલ્યાણ ચાહતા હો તો સુપાત્રને વિષે આપ દાન આપો; કારણકે ગ્રહસ્થ તો દાન વડે જ શુદ્ધ થાય છે; તેમજ હે રાજન્! મારી જીહ્વાના અગ્રભાગે સરસ્વતી હોવાથી, દેવગુરૂના પ્રસાદથી ભાનુમતીનું ગુહ્ય તિલક જેવી રીતે મેં જાણ્યું હતું, તેવી જ રીતે આ હકીકત પણ મેં દેવીના વરદાનથી જાણી છે."

ચારે શ્લોકના સાંભળવાથી એક એક અક્ષરને ત્યાગતો રાજકુમાર રાજા આદિના આશ્ચર્ય વચ્ચે સ્વસ્થ થઇ ગયો. રાજકુમારને સ્વસ્થ જોઇ રાજા વિગેરે આનંદ પામ્યા. રાજાએ પોતાના આસનેથી ઉઠીને પડદો ખસેડીને જોયું તો બાળાને બદલે રાજગુરૂ શારદાનંદનને જોયો. રાજા પોતાના ગુરૂને જોઇ હર્ષ પામ્યો ને ગુરૂ પાસે પોતાનો અપરાધ ખમાવ્યો. રાજાએ રાજગુરૂ અને બહુશ્રુત મંત્રીને પુષ્કળ ધન આપીને રાજી કર્યા.

કવિ-યાચકની આ પ્રમાણેની વાણી સાંભળી રાજા વિક્રમાદિત્ય અને સકળ સભા પ્રસન્ન થઈ. રાજાએ કવિને કોટી દીનાર આપીને સંતોષ પમાડયો.

विश्वासप्रतिपन्नानां, वचने का विदग्धता।
अंकमारुह्य सुप्तानां, हन्तुं किं नाम पौरुषम्॥

ભાવાર્થ—આપણે વિશ્વાસે રહેલા એવા વિશ્વાસુ પુરૂષને છેતરવો એમાં કાંઇ મોટી ચતુરાઈનું કાર્ય નથી; તેમજ પોતાના ખોળામાં સુતેલાને મારી નાખવો કે મરાવી નાખવો એ કોઈ મોટું પરાક્રમ નથી. એ તો સહેલાઇથી બની શકે છે. પણ એ મહાન્ પાપવૃક્ષનાં ફલ

ભોગવવાનો સમય આવે છે, ત્યારે જીવને ખબર પડે છે કે મારાથી શો ગજબ થઈ ગયો! કયા પાપનાં આવાં ભયંકર ફલ મારે ભોગવવાં પડે છે! એવા માઠા વિપાક ભોગવવા ન પડે માટે જગતમાં પ્રાણીઓએ વિશ્વાસઘાતના પાપથી દૂર રહેવું.

પ્રકરણ ૩૮ મું.

પરદુઃખભંજન

અવંતીમાં શ્રીધર નામે એક બ્રાહ્મણ આખો દિવસ ભિક્ષા માગતો ત્યારે પરાણે કુટુંબના ભરણ પોષણ જેટલું તેને મળી શકતું હતું. દરિદ્રાવસ્થાનું સંકટ દૂર કરવા માટે મનમાં અનેક વિચાર કરતો, પણ એકે ઉપાય એનો સફળ થતો નહિ. એ દારિદ્રથી કંટાળી આખરે શ્રીધરે જીવનમરણનો સંગ કરવા વિચાર કર્યો. શ્રીધર કંટાળીને એક દિવસે પોતાને ઘેરથી ચાલ્યો ગયો. સમુદ્રના તટ ઉપર આવી સમુદ્રદેવને આરાધવાને શ્રીધરે ઘોર તપસ્યા આદરી. મનમાં દૃઢ નિશ્ચય કરી શ્રીધરે ભક્તિથી સમુદ્રદેવનું આરાધન કર્યું. એની તપસ્યાથી સમુદ્રનો અધિષ્ઠાયક પ્રસન્ન થયો—પ્રગટ થયો, અને બોલ્યો, "શ્રીધર; માગ!"

"બાપજી! મરી જાઉં છું! ખાવા અનાજ નથી, પહેરવા વસ્ત્ર નથી, દ્રવ્ય વગર તો ખાનાખરાબી થઈ ગઈ! દુનિયામાં ગરીબ માણસની તે કાંઈ જીંદગી છે! ધન વગર તો ગરીબોની પાયમાલી છે. દેવ! ધન આપો! લક્ષ્મી આપો! દ્રવ્ય આપો!"

"અકળાઈશ નહિ! પરભવની પુન્યાઇ વગર જગતમાં કાંઈ મળતું નથી. કરવાં છે પાપ અને લેવું છે સુખ, એ શી રીતે બને શ્રીધર! તારા ભાગ્યમાં નથી તો એમાં

હું શું કરું ? દેવતાઓ પણ મનુષ્યના ભાગ્યમાં હોય તેટલું જ આપી શકે છે. ”

“ સત્ય છે દેવ ! મારા પાપનું જ એ ફલ છે; નહિતર તમે દેવ ઋદ્ધિ ભોગવો, મહારાજા વિક્રમ જગતમાં અદ્વિતીય સામ્રાજ્ય ભોગવે ને મને ભિક્ષા માગતાંય ભોજન ન મળે એ મારા કર્મનો દોષ તેમાં તમે શું કરો ! છતાંય અમારાં પાપ હો કે નહિ એ પ્રશ્ન બાજુએ મૂકી તમે જ્યારે પ્રસન્ન થયા છો, તો મારું દારિદ્રય દૂર કરો ! અને મારું કષ્ટ કાપો ! ”

“ લે ! આ ચાર રત્નો આપું છું. આ રત્નો મારા મિત્ર વિક્રમાદિત્યને આપજે, બદલામાં તને તારા ભાગ્યમાં હશે તે મળશે. ”

“ આ રત્નોનો પ્રભાવ તો કહો ! ” શ્રીધરે કહ્યું.

“ જો, આ પહેલા રત્નના પ્રભાવથી ઇચ્છિત સર્વે સિદ્ધ થાય છે, બીજા રત્નના પ્રભાવથી મનોવાંચ્છિત ભોજનની પ્રાપ્તિ થાય છે, ત્રીજાના પ્રભાવથી વસ્ત્રાભૂષણ ને શસ્ત્રાસ્ત્રસહિત સૈન્ય મળે છે; જ્યારે ચોથાના પ્રભાવથી રોગો નાશ પામી મનોવાંચ્છિત સિદ્ધ થાય છે. ”

સમુદ્રદેવ ચાર રત્નો આપી અદૃશ્ય થઈ ગયા.

શ્રીધર પોતાની તપશ્ચર્યા સફળ થવાથી પ્રસન્ન થયો અને તે ચારે રત્નો લઈ અનુક્રમે અવંતી નગરીમાં આવી ગયો. સ્નાન કરી ખાઈપી પરવારી બીજે દિવસે શુભ શુકન જોઈ શ્રીધર રાજસભામાં ગયો.

અવંતીરાજ વિક્રમાદિત્ય સભામાં બેઠેલા હતા. મંત્રીઓ વિગેરે પોતપોતાને યોગ્ય સ્થાનકે બેઠા હતા. શ્રીધર પ્રતિહારી પાસેથી રજા મેળવી રાજસભામાં મહારાજા સન્મુખ આવી, મહારાજાને નમસ્કાર કરી, તેમના ચરણ

આગળ પેલાં ચાર અનુપમ રત્નો મુકીને હાથ જોડી ઉભો રહ્યો. અંધકારમાં પ્રકાશ કરનારાં ઝળઝળાયમાન તેજસ્વી રત્નો જોઈ વિક્રમાદિત્ય પ્રસન્ન થતાં બોલ્યો, "અરે શ્રીધર! આ રત્નો તારી પાસે કયાંથી? ને અહીં શું કરવા લાવ્યો છે?"

"અવંતીરાજ! કૃપાનાથ! એ આપની આગળ ભેટ લાવ્યો છું. આપના મિત્ર સમુદ્રના અધિષ્ઠાયકદેવે આ રત્નો મને આપીને આપને ભેટ આપવાનું કહેલું છે; જેથી મેં આપની આગળ આ રત્નો હાજર કર્યાં છે."

"સમુદ્રદેવ ને આ રત્નો, એ બધું છે શું? તને વળી સમુદ્રદેવ કયાં મળ્યા? જરા વિસ્તારથી કહે!" રાજાએ શ્રીધરને પૂછ્યું.

શ્રીધરે પોતાની બધી વાત રાજસભામાં વિક્રમાદિત્ય આગળ કહી સંભળાવી. શ્રીધરની દીન, કંગાળ હાલત જાણી રાજા વિક્રમાદિત્ય બોલ્યો, "હે શ્રીધર! આ ચાર રત્નોમાંથી તારી મરજી પડે તે એક રત્ન તું લે!"

રાજાની વાત સાંભળી શ્રીધર વિચારમાં પડયો, કે "હે મહારાજ! ઘેર પૂછીને પછી લઉં." રાજાની રજા લઈ શ્રીધર ઘેર ગયો.

જગતસ્વભાવ ભિન્ન ભિન્ન હોવાથી શ્રીધરના પુત્રે એની માતાએ, અને પુત્રવધુએ જુદાં જુદાં રત્નોની માગણી કરી અને લડી પડયાં. શ્રીધર મુંઝાયો. "બચીત, ગરીબનાં નસીબ ગરીબજ હોય છે. જ્યાં કુસંપ હોય ત્યાં કુટુંબ-કલેશ હોય ત્યાં લક્ષ્મીનો વાસો નજ હોય!" શ્રીધરે કોઇ રીતે કુટુંબને સમજાવી શાંત કર્યું, ને પોતાના દુષ્કર્મની નિંદા કરતો રાજસભામાં આવ્યો.

"બાપુ! આ રત્નો અમારા ભાગ્યમાં ન હોય. એમાંથી

એક રત્ન લઇ જાઉં તો કુટુંબકલેશ થાય. એક કહે મારે આ રત્ન જોઇએ, ને બીજો કહે મારે અમુક રત્ન જોઇએ, ચારેને જુદાં જુદાં રત્નો જોઇએ છે માટે એ આપની પાસે રહે તે જ ઉત્તમ છે. આપ મને બીજું કાંઇક દ્રવ્ય આપી અમારાં કષ્ટ કાપો!"

બ્રાહ્મણની આવી વાણી સાંભળી મહારાજા વિક્રમાદિત્ય બોલ્યા, "હેશ્રીધર! તું દુઃખી થઇશ નહિ! આ ચારે રત્નો હું તને આપી દઉં છું. તે લઇ જા ને સુખી થા!"

પરદુઃખભંજન વિક્રમાદિત્યની આ વાણી સાંભળી રાજ-સભા સહિત શ્રીધર આભો બની ગયો; અને મહારાજાની સામે અનિમેષ નયને જોઇ રહ્યો.

"મહારાજ! બાપુ! એ શી રીતે બને? દેવતાએ આ રત્નો આપને આપેલાં છે." શ્રીધર ભારે અવાજે બોલ્યો.

"તેથી શું? એ વાત તો જુની થઇ ગઇ. એ રત્નો તેં મને ભેટ આપ્યાં એટલે તે મારાં થયાં. હવે આ મારાં રત્નો હું તને ભેટ આપું છું. શ્રીધર! તે લે અને એના પ્રભાવથી તું અને તારું કુટુંબ સુખી થાઓ!"

પરદુઃખભંજન વિક્રમાદિત્યની વાણીથી ચારે રત્નોને ગ્રહણ કરતો શ્રીધર મહારાજાની સ્તુતિ કરતો બોલ્યો, "બાપુ! યાચકને આપ શું નથી આપતા? આવા કળિ-કાળમાં પણ આપ જગતનાં મનોવાંચ્છિત પૂરનારા છો! પરદુઃખભંજન છો! દીન, દુઃખીયા અને નોધારાના આધાર છો!" મહારાજાની આજ્ઞા મળવેથી શ્રીધર પોતાને ઘેર ગયો.

રાજાએ એક દિવસ ભટ્ટમંત્રીને પૂછ્યું, "હે પ્રધાનજી! પ્રજા શી રીતે સુખી થાય?"

'રાજાની મીઠી નજરથી!" ભટ્ટમાત્રે કહ્યું.

ભટ્ટમાત્રના વચનની પરીક્ષા કરવા રાજા વેષનું

પરિવર્તન કરી મજુર જેવા વેષે એક દિવસે નગરીની બહાર નીકળી ગયો. રાજા ફરતો ફરતો શેરડીઓના વાઢ કપાતા હતા ત્યાં આવ્યો; ત્યાં એક ડોશી પાસે આવીને બોલ્યો, "માતા! તરસ્યો છું! પાણી વિના કંઠ શોષાઈ જાય છે, જરા શેરડીનો રસ તો પીવરાવો!"

એ દરિદ્રી જેવો વાણી સાંભળી ડોસીએ એક સાંઠો ભાગીને દરિદ્રીને તૃપ્ત કર્યો. રસની મીઠાશ તેમજ એક સાંઠામાં આટલો બધો રસ જોઇ રાજા પ્રસન્ન થયો. રાજાએ પોતાના મહાલયમાં આવીને ભટ્ટમાત્રને બોલાવી પૂછ્યું, "મંત્રીજી! આ શેરડીવાળાઓ આપણને કર આપે છે કે નહિ?"

"ના!"

મંત્રીના જવાબથી રાજા ચમકયો. "એમ? આટલા બધા રસથી આવી કમાણી કરે ને આપણો રાજભાગ કાંઈ નહિ? એમ ન ચાલે! એ લોકોની શેરડી હરી લ્યો ને આપણો ભાગ પડાવો!"

બીજે દિવસે રાજા વેષનું પરિવર્તન કરી ઈક્ષુવાડામાં ગયો. ત્યાં જઇ શેરડીના રસનું પાન કરવાની માંગણી કરી. કંગાલને પાવા માટે ડોસીએ એક શેરડી ભાંગી તેમાંથી રસ કાઢવા માંડયો. પણ ગઈ કાલના જેવો રસ આજે નીકળ્યો નહિ. પીનાર અને પાનાર બન્ને વિચારમાં પડયા, આ શું?"

"માતાજી! ગઈ કાલે તો પુષ્કળ રસ નીકળ્યો હતો, ને આજે આમ કેમ?"

એ કંગાલના જવાબમાં ડોસી બોલી, "ભાઇ! આમાં ફક્ત એક જ કારણ છે. કાલે અમારી ઉપર, એટલે આ શેરડી ઉપર રાજાની દૃષ્ટિ સારી હતી; આજે રાજાની દૃષ્ટિ

વક્ર થઈ લાગે છે, તેથી જ શેરડીમાંથી રસ ઉડી ગયો. ”

ડાશીની વાત સાંભળી રાજા ચાલ્યો ગયો. એને મંત્રીના વચન ઉપર પ્રતીતિ થઈ, “ પોતાના મનમાં જેના ઉપર જેવી લાગણી હોય છે તેવી જ અસર સામા મનુષ્ય ઉપર થાય છે. કોઇને મારવાની બુદ્ધિ થાય છે ત્યારે સામા મનુષ્યને પણ દ્વેષ થાય છે. જ્યારે કોઈના ઉપર રહેમ નજર કે માન-સન્માન જાગૃત થાય છે ત્યારે તેના મનમાં પણ આપણા માટે માન ઉત્પન્ન થાય છે. ” મંત્રી ભટ્ટરાજના એ વચનોની પણ રાજાએ પરીક્ષા કરી. એક કઠિયારાને મારવાની ઇચ્છા કરતો, એની ઉપર દ્વેષ ચિંતવતો રાજા અને મંત્રી-બન્ને વેષ બદલીને નગર બહાર જતાં એ કઠીયારાને મળ્યા ને કહ્યું, “ રાજા મરી ગયો ! ”

“ સારૂં થયું મરી ગયો તે ! હવે લાકડાંની કીંમત સારી આવશે. ” રાજાના હૃદયમાં કઠીયારાને મારવાની બુદ્ધિ હતી તો કઠીયારો પણ રાજાની મોતથી રાજી થયો.

બીજે દિવસે એક આહીરણને માન, સન્માન, સત્કાર કરવાનું મનમાં ધારી રાજા અને પ્રધાન વેષ બદલીને નીકળ્યા. નગર બહાર આહીરણ મલતાં રાજા બોલ્યો,

“ અરે આહીરણ ! નગરના રાજા મરી ગયા ! ”

રાજાના મરણની વાત સાંભળી આહીરણ માથા ઉપરનું દહીંનું મટકું લાગી નાખી વિલાપ કરવા લાગી. પોતાના મનની લાગણીની અસર સામા મનુષ્ય ઉપર પણ તે પ્રમાણે થતી હોવાની ખાતરી થવાથી વિક્રમે આહીરણને સમજાવી શાંત કરી; વસ્ત્રાભૂષણ આપીને વિદાય કરી. પછી તે રાજા પોતાના મકાનમાં આવ્યો.

એક દિવસે રાત્રીએ નગરચર્યા જોવા નીકળેલો રાજા નગરમાં ભમતો ભમતો એક શ્રેષ્ઠીના મકાન આગળ આવ્યો;

એના મકાન ઉપર ચોરાશી ધ્વજાઓ અને ચોરાશી દીપક બળતા જોયા. એ પ્રમાણે જોવાથી રાજા નવાઈ પામ્યો. રાજાએ સભામાં એ શેઠને બોલાવ્યો અને પૂછયું, "અરે શેઠ! તમારા મકાન ઉપર ચોરાશી ધ્વજાઓ તેમજ તેટલા દીપકો નિશાને સમયે કેમ જોવાય છે? મને આશ્ચર્ય થાય છે કે એ દીપકોમાં એક ઓછોય નહિ તેમ એક વધારે પણ કેમ નહિ?"

રાજાના પૂછવાથી શ્રેષ્ઠી બોલ્યો, "કૃપાનાથ! મારા ઘરમાં જેટલા લાખ સુવર્ણ છે તેટલા દીપક અને તેટલી ધ્વજાઓ મારા મકાન ઉપર કાયમ રહે છે. હું ધારું છું કે એમાં મેં આપનો કાંઇ અપરાધ કર્યો નથી."

શ્રેષ્ઠીની વાણી સાંભળીને રાજા કંઈક હસીને બોલ્યો, "અરે શ્રેષ્ઠી! તું કોટીધ્વર નથી તેથી મને દુઃખ થાય છે." એમ કહી રાજાએ ભંડારમાંથી સોળ લાખ સુવર્ણ આપી તે શ્રેષ્ઠીને કોટીધ્વર બનાવ્યો.

ન્યાયથી રાજ્ય કરતાં વિક્રમાદિત્યે સમસ્ત શત્રુઓને જીતી લીધા હતા. પ્રજાનાં મનોવાંચ્છિત પૂર્ણ કરી સાતે વ્યસનોને પોતાના દેશમાંથી દૂર કર્યાં; વિક્રમાદિત્યના ન્યાયી રાજ્યમાં કોઈ નીતિનું ઉલ્લંઘન કરતું નહિ. જુઠ બોલવાની પણ કોઇને જરૂર પડતી નહિ. પ્રજાને પરચક્રની આપદાનો ભય નહોતો. ચોરી, જારી, વિજારી કે વ્યભિચારી, હિંસા, મારી કે મરકી એ બધું વિક્રમાદિત્યના ન્યાયી રાજ્યમાંથી દુર થઇ ગયું હતું. રામરાજ્ય કહો કે ધર્મરાજ્ય કહો—આ કલિયુગમાં પરદુઃખભંજન મહારાજા વિક્રમાદિત્યનું રાજ્ય સુવ્યવસ્થિત અને સુરાજ્ય તરીકે જગતમાં ખ્યાતિ પામેલું હતું.

પ્રકરણ ૩૯ મું.

નગરચર્ચા

दुर्बलानामनाथानां, बालवृद्धतपस्विनाम् ।
अन्यायैः परिभूतानां, सर्वेषां पार्थिवो गुरुः ॥

ભાવાર્થઃ—દુર્બલ, અનાથ, બાલ, વૃદ્ધ, તપસ્વી અને અન્યાયથી પરાભવ પામેલા સર્વ લોકોનો આધાર રાજા છે, અર્થાત્ દુર્જનોથી સર્વેનું રક્ષણ કરનાર જગતમાં રાજા જ છે.

રાજા વિક્રમાદિત્ય રાજદરબાર ભરીને એક દિવસે બેઠા હતા. અનેક ખાટીમીઠી વાતો સભામાં ચાલી રહી હતી, ત્યાં પ્રતિહારીની રજા મેળવીને નગરનું મહાજન રાજસભામાં આવ્યું, "મહારાજ! ફરિયાદ! ફરિયાદ! આપના ન્યાયી રાજ્યમાં આ શો ઉત્પાત?"

રાજાએ મહાજનને શાંતિથી બેસાડી નગરના ઉત્પાતની વાત પૂછી; "કહો તો ભલા! નગરમાં શું નવીન ઉત્પાત છે કાંઇ?"

"બાપુ! નગરમાં કોઇક ચોર પેદા થયો છે. રોજ રાત પડે છે ને કોઇ ને કોઇનાં મકાન તુટે છે. ચોરો શાહુકારોના ધનમાલ લુંટે છે."

રાજાએ કોટવાલ સામે જોયું, "કેમ! આ શાહુકારો શું કહે છે? તમે સાંભળો છો ને? નગરની આવી વ્યવસ્થા કરો છો ને?"

"મહારાજ! એમની વાત ખરી છે. ચોરોને પકડવા નિશાસમયે બધી ફોજ હું છુટી મુકી દઉં છું, પણ એ દુષ્ટો એવી ચાલાકીથી નગરીને લુંટે છે કે તેઓ સપડાતા જ નથી, ત્યાં ઉપાય શો?"

કોટવાલની વાણી સાંભળી રાજા બોલ્યો, "ગમે તે રીતે પણ ચોરોને પકડવા જ જોઇએ."

રાજાએ મહાજનની વાત સાંભળી તેમને સમજાવીને રવાના કર્યા. અને રાજાએ તે રાત્રીએ ચોકીપહેરા માટે ખુબ તાકીદ રાખી, કોટવાલ પણ નગરમાં ફરતો રહ્યો છતાં ચોરો પકડાયા નહિ; તેમજ ચોરોની ભાળ પણ મળી શકી નહિ. પહેરેગીરોનો પરિશ્રમ વ્યર્થ જવાથી રાજાએ પોતે જ એ કાર્ય સિદ્ધ કરવાનો નિશ્ચય કર્યો. રાત્રીના વેષ બદલીને એક માત્ર ખડગને ગુપ્ત રાખી રાજા નગરચર્યા જોવાને રાત્રીને સમયે રાજમહાલયની છુપી બારીએથી નીકળી ગયો.

ચોરના જેવા સામાન્ય વેષવાળો રાજા અવંતીના બજારમાં આવ્યો. ગુપ્તસંચારનો ભ્રમ થતાં જ રાજા અંધારામાં છુપાઇ ગયો. અંધારામાં ઉભા રહી આવનારાઓને તેણે ધારી ધારીને જોયા. પછવાડે આવતા મનુષ્યો ચાર જ હતા. તેઓ તલારક્ષક નહિ, પણ ચોરના જેવા જ આકૃતિ ઉપરથી જણાયા, રાજાએ એ ચોરોને તસ્કરની સંજ્ઞા કરીને બોલાવ્યા. ચોરની સંજ્ઞા કરવાથી પેલા પણ સમજ્યા કે, 'આ કોઈ અમારો ભાઇબંધ છે.' એટલે એ ચારે જણા અંધારામાં ઉભેલા માણસની પાસે આવ્યા.

"તમે ચારે મળીને કયાં જાવ છો!" રાજાએ પૂછયું.

"પરદેશથી અગણિત દોલત લઈને આવેલા મેઘશ્રેષ્ઠીના મકાનમાં લુંટ કરવાનો વિચાર છે, પણ તું એકાકી-એકલો કોણ છે?"

"તસ્કર! તમારો ભાઇબંધ, વળી બીજો કોણ?"

"તારૂં નામ?" ચોરોએ પૂછયું.

"પ્રજાપાલ!" રાજાએ જવાબ આપ્યો.

"તારો કયાં જવા વિચાર છે? કે અમારી સાથે આવવા વિચાર છે?"

"અં હું! એવા તેલભરચાં વેચી ખાનારા ગરિબોને લુંટવા એ તે પરાક્રમ છે? પરાણે મહેનત કરીને કમાયા હોય ને આપણે લુંટી લઇએ તો પૈસાની હાયમાં બિચારા મરી જ જાયને! આપણે તો કોઈ મીર મારશું મીર!"

"મીર? તો મેઘશ્રેષ્ઠી પણ એક અમીર છે હાં ભાઇ?"

"ના, ગમે તેવો તોય પણ તે વણિકભાઈ! મહેનત, પરિશ્રમ, ધંધારોજગારથી કરેલી એણે કમાઇ! આપણે તો રાજા વિક્રમની તિજોરી ફોડવાના ભાઇ!"

"તારી વાત તો સત્તર આના ને બે પાઈ! વગર પરિશ્રમે ભેગી કરેલી રાજાની કમાઈ લુંટાઇ જાય તોય રાજાને શું દુઃખ કે સંતાપ? પણ રાજ્યમહેલમાં પ્રવેશ કરવો એ કપરી વાત છે ને!"

ચોરોની વાત સાંભળી પ્રજાપાલ બોલ્યો; "તમારે એની ચિંતા કરવી નહિ, પણ મને ભાગ શું આપશો એ તો કહો!"

"આપણે સરખે ભાગે વહેંચી લઇશું. રાજાના ભંડારમાંથી બધાયે એક એક પેટી રત્નની લઈ લેવી." એ પ્રમાણે પરસ્પર સંકેત કરી રાજ્યમહેલ તરફ તેઓ જવાને ઉપડયા. પ્રજાપાલ આગલ જતાં જરા વિચાર કરીને ઉભો રહીને બોલ્યો; "બંધુઓ! રાજાનો મહેલ ફોડવા આપણે જઇએ તો છીએ, પણ પહેલાં કહો તો ખરા કે તમારામાં કોણ શી શી કળા જાણે છે?"

પ્રજાપાલની વાત સાંભળી પહેલો ચોર બોલ્યો, "અમુક ઘરમાં શી વસ્તુ છે તે તેની ગંધ ઉપરથી હું કહી શકું છું." બીજાએ કહ્યું "મારા હાથના ફરસથી ગમે તેવાં

તાળાં પણ ઉઘડી જાય છે, સમજ્યા !" ત્રીજાએ કહ્યું, "મેં એક વખત શબ્દ સાંભળ્યો હોય તો વર્ષ દિવસ પછી પણ હું કહી શકું છું કે, આ અમુકનો શબ્દ છે ને અમુક વખતે મેં સાંભળેલો હતો."

"સર્વે પશુપંખીઓની ભાષા હું જાણી શકું છું." ચોથાએ કહ્યું.

"પ્રજાપાલ ! તારામાં શી શક્તિ છે તે તો કહે ?" સૌએ પૂછ્યું.

"મારામાં ? મારી શક્તિની તો વાત જ છોડો ! તમારા બધાય કરતાં મારી શક્તિ વિશેષ છે, જેમની સાથે હું હોઉં તેમને રાજા પણ કાંઇ કરી શકે નહિ." અભિમાન સહ પ્રજાપાલ બોલ્યો.

"ત્યારે તો તું અમને મળ્યો તે સારું થયું, ભાઇ ! રોજ આપણે મોટી મોટી લુંટો કરી ન્યાલ થઇ જઈશું ન્યાલ !" ચોરો રાજી થતાં બોલ્યા.

પાંચે જણા રાજ્યમહેલ તરફ ચાલ્યા. પ્રજાપાલને મનમાં અનેક વિચારો થયા. "શું અત્યારે જ આ તલવારથી આમને હણી નાખું ? ના ! પહેલાં એમનાં ચરિત્ર તો જોવા દે ! પછી જેવા વાગે તેવા વગાડીશું !"

રાજમહેલ ફરતો કિલ્લો ઓળંગીને તેઓ અંદર કુદ્યા, રાજમહેલમાં ફરતા ફરતા તેઓ એક સ્થાનકે આવ્યા. પ્રજાપાલે પેલા ગંધ પારખનારને પૂછ્યું, "આ મકાનમાં શું શું છે ?" પ્રજાપાલના પૂછવાથી તે બોલ્યો, "આ ઓરડા માં ઝવેરાત ભરેલું છે, ને આ બીજો ઓરડો રૂપાથી, ત્રીજો સુવર્ણથી અને આ ચોથો રત્નોથી ભરેલો છે."

"હું રત્નો જ ગ્રહણ કરીશ !" એમ કહી તાળું ઉઘાડનારને કહ્યું, "ભાઇ તારી શક્તિ બજમાવી તાળાં ઉઘાડ !"

બીજા ચોરના હાથનો સ્પર્શ થતાં જ તાળું ઉઘડી

ગયું. બધાય-પાંચે જણાએ એ ઓરડામાં પ્રવેશ કર્યો ને અપશુકન થયા. રત્નની પેટીઓ ઉપાડવા જતા હતા, ત્યાંજ શિયાળનો શબ્દ સાંભળીને પેલો શબ્દ પારખનાર સ્થંભી ગયો, "અરે! અરે! થોભો! થોભો! પાછા ચાલો!"

"પણ છે શું?" પેલો પ્રજાપાલ બોલ્યો.

"અરે, જુઓ તો ખરા! આ શિયાળ શબ્દ કરે છે તે! તે કહે છે કે, મૂર્ખાઓ સમજતા નથી ને ખાતર પાડો છો, પણ માલીક તો તમારી સાથે જ છે, રાજા તમને જુએ છે, ને ખાતર કેમ પાડો છો?"

"અરે જવા દો એ વાત! સાતમી ભૂમિકાએ સુતેલા રાજા ભલેને આપણને જુએ! તે શું કરવાના છે? એક એક પેટી લઈને ભાગો, ચાલો!" પ્રજાપાલ તેમનો ઉત્સાહ વધારતો બોલ્યો.

તેઓએ ફરીને પ્રજાપાલના કહેવાથી પેટીઓ લીધી ને ફરી શિયાળનો શબ્દ થયો, "અરે, ભલા માણસો! ઘરના માણસો જોતાં તમે રત્નની પેટીઓ ઉપાડી જાવ છો, તે તમને નહિ પચે!" શબ્દ પારખનારે બધાને વારવા માંડયા, પરંતુ તેમાં પ્રજાપાલ બોલ્યો.

"હું છતાં બીજો ગૃહપતિ કોણ જુએ વળી? ઉપાડો! જરાય ન ડરો! શિયાળને બોલવાનું કાંઇ ભાન નથી."

પ્રજાપાલના શબ્દો સાંભળી શબ્દજ્ઞાની બોલ્યો, "જુઓ ભાઇ! આ શિયાળ આ કુતરીને કહે છે કે અરે શુનિ! રાજાના ઘરનું અન્ન ખાઇને રાજાની ચોરી કરાવે છે, ને ઉભી ઉભી જોયા કરે છે? વાહ! ઉપકારનો બદલો તો સરસ આપે છે."

શિયાળના પ્રશ્નના જવાબમાં શુનિ કહે છે કે, "હું શું કરું? જ્યાં માલિક પોતે જ બધું જાતે કરાવતો હોય ત્યાં મારૂં શું ચાલે?"

આ વાતચીતથી ચારે જણા ભય પામ્યા ને ચોરી કરવી છોડી પાછા ફર્યા. તેમને સમજાવી પ્રજાપાલે પાછા વાળ્યા, "અરે! જેમની સાથે હું હોઉં તેમને રાજા પણ શું કરવાનો છે? માટે રાજાનો ભય રાખ્યા વગર ઉપાડો!"

પ્રજાપાલના કહેવાથી પાછા ફરેલા ચારે જણાએ, રત્નથી ભરેલી એકેક પેટી ઉપાડી ત્યાંથી ઉપડ્યા ને રાજમહેલની હદ છોડી માણેકચોકમાં આવી પહોંચ્યા.

માણેકચોકમાંથી પેલા ચારે ચોરો પ્રજાપાલને રામ રામ કરીને ચાલ્યા. તેમને જતા જોઈ પ્રજાપાલ બોલ્યો. "અરે બંધુઓ! હવે તમે ક્યારે મળશો? અને ક્યાં મળશો?"

પ્રજાપાલના પૂછવાથી ચોરો બોલ્યા, "અહીંયાં કાલે સંધ્યા સમયે આપણે ફરીને મળશું. લો રામરામ!"

"પણ હું તમને ઓળખું શી રીતે? અહીં તો હજારો લોક ભેગા થાય છે. માટે ઓળખવા માટે કાંઇ લક્ષણ?"

"હા! અમારા ચારેના હાથમાં એક જ જાતનું ફળ હશે એ નિશાન!" એમ કહી ચોરો ચાલ્યા ગયા. તેમના ગયા પછી પ્રજાપાલ-રાજા પોતાના ભાગની પેટી લઇને રાજમહેલમાં દાખલ થઈ ગયો; પેલી પેટી એક સ્થાનકે ગોઠવી નિરાંતે શયનગૃહમાં આરામ લેવાને ગયો. શ્રમિત થયેલો રાજા નિદ્રાવશ થઈ ગયો. પ્રાતઃકાલે બંદીજનોના માંગલિક શબ્દો સાંભળતાં જ રાજા જાગી ઉઠ્યો. અને પંચ નમસ્કાર મંત્રનું સ્મરણ તેણે કર્યું ને પ્રાતઃવિધિથી પરવારી રાજસભામાં આવ્યો, રાત્રિની વાતને નહિ સંભારતો રાજા વિક્રમાદિત્ય રાજસભામાં બીજાં અનેક ઉપયોગી કામ કરવામાં મશગુલ થઈ ગયો.

પ્રકરણ ૪૦ મું
ચોરનિગ્રહ

" ચોરી ચહતાં લાજ નહિ, ચોરી કરતાં લાજ;
રાની પરણે રાજ નહિ, રાની પરણે રાજ."

પ્રાતઃકાળે રાજાનો ભંડારી આવીને જુએ તો તાળાં તુટેલાં ને મોટું ખાતર પડેલું જોયું. ભંડારી આશ્ચર્ય પામ્યો, " આ મજબૂત ચોકીપહેરામાં આવીને જે માણસે ખાતર પાડયું તે નક્કી વિદ્યાસિદ્ધ હોવો જોઇએ." મનમાં વિચાર કરી ભંડારીએ તપાસ કરવા માંડી, તો રત્નના ભંડારમાંથી રત્નની પાંચ પેટી ગુમ થઈ ગયેલી જણાઈ. " આહ ! પાંચ પેટી ! તેય રત્નની ? રાજાને એનો કયાં ખોટ છે ? એ ચોર તો નહિ પકડાય ! ને હવે પકડાય પણ શી રીતે ? બિચારો તલારક્ષક ! એના હવે બાર વાગવાના ! હું પોકાર પાડું એટલી જ વાર ! પણ પાંચને બદલે છ કરી હોય તો મારૂં પણ કામ થાયને ! આવી તક વારંવાર કાંઇ મળે છે ? આજે ભગવાન મારી ઉપર કુરબાન છે— મહેરબાન છે. મળેલી તક તો મુર્ખાઓ જે ગુમાવે."

આમ વિચારી ભંડારીએ રત્નની એક પેટી આધીપાછી કરી રાજસભામાં મોટેથી પોકાર પાડયો, " મહારાજ ! ફરિયાદ ! ફરિયાદ ! ચોરી ! ચોરી ! ભંડારમાંથી છ પેટીઓ ચોરાઇ ગઈ છે." ભંડારીની ધુમ સાંભળી રાજા ચમકયો; કોટવાલ સામે નજર કરી. " અરે, તલારક્ષક આ શું ? મારા મહેલની પણ તું આવી ચોકી કરે છે ? ચોરે તો મારો રાજમહેલ પણ લુંટયો. ચોરને નહિ પકડીશ તો ચોરનો દંડ-શિક્ષા તને કરવામાં આવશે. માટે ગમે તેમ કરી ચોરને સત્વર શોધી લાવ !" તલારક્ષકને રાજઆજ્ઞા થઈ.

તલારક્ષક આખો દિવસ નગરીમાં ફર્યો. નગરીની બહાર ગુફાઓમાં, ભોંયરાંમાં, અનેક બીજાં ગુપ્ત સ્થળોમાં તલારક્ષક અને એના માણસોએ બધે ફરીને તપાસ કરી, પણ વ્યર્થ! એ માયાના મંદિર સમા ચોરોની શુદ્ધિ બિચારો તલારક્ષક શું મેળવી શકવાનો હતો?

આખોય દિવસ રખડીને સાંજે કોટવાળ થાકેપાકેપો ઘેર આવ્યો, મુખ ઉપરથી નૂર ઉડી ગયું હતું. ભૂખથી પેટ, પેટમાં પેસી ગયું હતું. રાજાના હુકમ ઉપર જીવનારા એમને તે ક્યાંથી નિરાંત હોય! ઘણા દિવસ સુધીની કરેલી મજા એક દિવસ એમની પુરેપુરી વસુલ થાય! કરેલા પાપપુણ્ય એમને તો અહીંયાં જ પ્રત્યક્ષ ફળે!

દીવેલિયાંના ડાચા જેવું મોં જોઇ એની પત્નીએ પૂછ્યું, "કેમ, આજે છે શું? આકુળવ્યાકુળ કેમ થઇ ગયા છો?"

જવાબમાં કોટવાલે છ પેટીની વાત કહી સંભળાવી, "રાજાની પેટીઓચોરાઇ ગઇ, તે મોટી ઉપાધિ ઉભી થઇ."

"ચોરનો પત્તો ન લાગવાથી આપણે કંઈ નિરાશ થવાનુ કારણ નથી. સ્વામિન્! એમાં ગભરાવ છો શું કરવા? આપણે કંઇ ચોરી કરી નથી કે જેથી આપણે ડરવાનુ હોય!" પત્નીએ દિલાસો આપવા માંડ્યો.

"ત્યારે આપણે કરવું શું? રાજા તો આપણું સર્વસ્વ લુંટી લેવા માગે છે—આપણને હેરાન કરવા માગે છે!"

તલારક્ષકની વાણી સાંભળી પત્નીએ એને બધી વાત સમજાવીને રાજા પાસે મોકલ્યો.

સાંજના, પત્નીનો પ્રેરાયેલો તલારક્ષક રાજા પાસે નીચું માથું કરીને ઉભો રહ્યો. રાજાએ તલારક્ષકને જોઇને પૂછ્યું, "કેમ, કાંઈ પત્તો લાગ્યો?"

"ના બાપુ! આખો દિવસ ચોરો પકડવા માટે મહેનત કરી, પણ વ્યર્થ, મારો પરિશ્રમ ફોગટ ગયો."

"ત્યારે હવે!" રાજાએ પૂછ્યું.

"હવે શું બાપુ! મારાં ઘરબાર માલમિલ્કત આપ લઈ લ્યો, ને અમને જીવતાં છોડો તો અમો પરદેશમાં જઇ રોટલો રળી ખાઈએ!"

સિંહ કોટવાલની ગદ્‌ગદિત વાણી સાંભળી રાજાએ તેના તરફ જોયું, અને કહ્યું "પણ મારી રત્નની પેટીઓ ગઈ છે તેનું શું?"

"કૃપાનાથ! અખંડ ચોકી-પહેરો આપના મહેલ ફરતો રહે છે. આખીય રાત સાવધાન પણે ચોકી કરવા છતાં આ બધું શી રીતે બન્યું; પ્રભો! એની સમજ પણ મને પડથી નથી. વળી ચોરનો પત્તોય લાગતો નથી. બાપુ! એના બદલે અમારૂં સર્વસ્વ આપ હરી લઈ અમને જીવન-ભિક્ષા આપો! ચીંથરેહાલ એવા અમને મુક્ત કરી અમારાં કષ્ટ કાપો!" સિંહ કોટવાલે આ પ્રમાણે આજીજી કરવા માંડી.

સિંહ કોટવાલની શુદ્ધ અંતઃકરણ પૂર્વકની ભક્તિવાળી વાણી સાંભળી રાજા બોલ્યો, "સિંહ! ભય પામીશ નહિ. સ્વસ્થ થા, હિંમત રાખ, ચોરને પકડવાની એક યુક્તિ બતાવું છું તે તું અજમાવ, અને ચોરને પકડી મારી આગળ હાજર કર."

રાજાની વાણી સાંભળી સિંહ તો આભો જ થઇ ગયો. "રાજા તે મારી મશ્કરી કરે છે કે છે શું? ક્ષત ઉપર ક્ષાર નાખી રાજા મને કોણ જાણે બાળે છે કે શું?"

ગદ્‌ગદિત સ્વરે કોટવાલ બોલ્યો. "મહારાજ!"

"સાંભળ, રત્નચોકમાં જા. ત્યાં આગળ માણેકચોકમાં ચાર માણસો સામાન્ય વેષમાં તારા જોવામાં આવશે. ત્યાં આવા માણસો તો અનેક હશે, પણ જેના હાથમાં ફૂલ (બિજોરાં) હોય, એવા એક જ જાતના ફૂલવાળા એ ચારે માણસોને પકડી મારી પાસે હાજર કર." રાજાની આજ્ઞા સાંભળી

સિંહ કોટવાલ પોતાની સિંહપણાની પ્રભાને ધારણ કરતો તારની માફક પોતાના માણસોની સાથે ભાણેકચોક તરફ તે ગયો.

ચારે ચોરો ભાણેકચોકમાં આવીને પોતાના સાગ્રીતને ચારે તરફ જોતા હતા. સંધ્યાસમય થઈ ગયો હતો, છતાં પોતાનો સાગ્રીત ન મળવાથી તેની રાહ જોતા ચારે જણા ઉભા હતા. અચાનક શિયાળનો શબ્દ સાંભળી શબ્દજ્ઞાની ચમકીને બોલ્યો, "બંધુઓ! આ શિયાળ કહે છે કે, તમે હવે અહીંથી નાસી જાવ. નહિ તો હમણાં જ તમો પકડાઇ જશો!"

"અરે, ભાઇ! તું તો બોલે છે કે બકે છે? પ્રજાપાલને આવવા તો દે! તે આવે કે અહીંથી ગચ્છંતિ કરી જઇએ" એક ચોર બોલ્યો.

"અરે પણ નહિ ભાગીએ તો પકડાયા સમજ!" પેલાએ કહ્યું.

"શાંત થા! રાત્રે પણ તું કહેતો હતો? એ શિયાળનો શબ્દ સાંભળી પાછા ફર્યા હોત તો કંઈ મળત? પણ એ તો પેલા બહાદુરના પ્રતાપે આપણે માલદાર થયા. એવાને લીધા વગર તે જવાય!"

"જેવી તમારી મરજી!" પોતાના સાગ્રીતોની વાણી સાંભળી તે ઠંડા પડી ગયા.

સિપાઇઓ સાથે સિંહ કોટવાલ ભાણેકચોકમાં આવી પહોંચ્યો. ચારે તરફ માણસોને જોતો, પોતાના સિપાઈઓ વડે ચારે દિશાને ઘેરી લઈ, સિંહે શોધ શરૂ કરી; શોધ કરતાં પેલા ચારે માણસોના હાથમાં ફળ નજરે પડવાથી ચમકયો, ને તરત જ સિપાઇઓ પાસે તેમને પકડાવી લીધા.

"અરે ભાઈ! કંઈ વાંક ગુનો કે એમ જ અમોને પકડી

લાંધા ! શું વિક્રમના રાજ્યમાં વગર ગુન્હે માણસોને પકડી શકાય છે, અને ગુન્હા વગર દંડી શકાય છે ?"

" તમે ગુન્હેગાર છો કે નહિ, એ બધું તમે મહારાજને કહેજો. તમને રાજની સમક્ષ હાજર કરવાના છે !" કોટવાલની વાણી સાંભળી ચોર ઠંડાગાર થઈ ગયા.

સિંહ કોટવાલે ચારે પુરૂષોને રાજની સમક્ષ હાજર કર્યા. એમને જોતાં જ રાજાએ ઓળખી લીધા ને કહ્યું; "પેલી રત્નની પેટીઓ લઈ ગયા છો તે મારે હવાલે કરવા આપી જાઓ !"

" મહારાજ, પેટીઓ શું ને વાત શી ? અમે તો જાણતા નથી. શું અમે ચોર છીએ કે મહારાજ આપ આ રીતે અમોને કહો છો ? અમારી ઈજ્જતનું આપ લીલામ કરો છો !" પેલા ચોરો બોલ્યા.

રાજાએ એમને શૂળી ઉપર ચઢાવવાનો તલારક્ષકને હુકમ આપ્યો. તલારક્ષક એ ચારેને લઈ શુલિ તરફ ચાલ્યો. માર્ગમાં પેલો ત્રીજો ચોર બોલ્યો, " બંધુઓ ! આજ આપણો રાતવાળો પ્રજાપાલ ! રાત્રે જે પ્રજાપાલનો શબ્દ હતો, તેજ શબ્દ રાજાના શબ્દ સાથે મળતો આવે છે, માટે નક્કી રાજાએ જ આપણને ઠગ્યા છે. "

" અરે ! બજારમાં શિયાળનો શબ્દ સાંભળી મેં કહ્યું કે ભાગો, પણ કોઇ નાઠા નહિ ને એના કારસ્તાનમાં આપણે હોશિયાર હોવા છતાં સપડાઇ ગયા. "

બધાએ વિચાર કરી કોટવાલને કહ્યું, " અમને ફરીથી રાજા પાસે હાજર કર, એટલે અમે રાજાને પેટીઓ સોંપી દઇએ !" આથી સિંહે તેમને રાજા આગળ હાજર કર્યા. ચોરોએ ચારે પેટીઓ રાજાને સ્વાધીન કરી. ચારે પેટીઓ જોઇ વિક્રમાદિત્ય ગર્જ્યો; " બીજી બે પેટી લાવો !"

રાજાની વાણી સાંભળી શબ્દજ્ઞાની બોલ્યો, 'મહારાજ! એક પેટી અમારી સાથે એક પ્રજાપાલ અમારો સાગ્રીત હતો તેની પાસે છે. તેના પ્રભાવથી જ અમે ભંડારમાંથી પાંચ પેટીઓ ચોરવાને શક્તિવાન થયા છીએ; કારણકે અમારા ચારે કરતાં એની શક્તિ અદ્‌ભુત હતી. જ્યાંસુધી એ પ્રજાપાલ અમારી સાથે હોય ત્યાંસુધી રાજા પણ અમને કંઇ કરી શકે તેમ નહોતો, મહારાજ!"

રાજા હસીને બોલ્યો, "તો એ પ્રજાપાલને પણ પકડી લાવો!"

"મહારાજ! એ આપનું કામ છે! જેવી રીતે આપે અમને પકડ્યા, તેવી રીતે આપ એને પકડી તેની પાસેથી પેટી લઇ લ્યો."

ચોરના કહેવાથી રાજાએ હસીને પાંચમી પેટી પોતે ગુપ્ત સ્થાનકે મુકેલી તે લાવીને હાજર કરી; "કેમ, આ પેટી ને?"

"હા! બરાબર! પણ હવે છઠ્ઠી પેટી ક્યાં ઉડી ગઇ ત્યારે."

રાજાએ ભંડારી સામે જોયું. રાજાની નજર પડતાં જ ભંડારીની બુદ્ધિ બહેર મારી ગઇ.

"ભંડારીજી! એક પેટી તમે લાવો ત્યારે?"

ગરીબ બિચારા ભંડારીજી શું બોલે? 'હા!' 'ના?' પણ કોને કહે? પોતાને બુદ્ધિશાળી માનનારા ભંડારીજીની આબરૂ ઉપર તો પાણી બરાબર રેડાયું હતું. પાણીથી ધોવાઈ ભંડારીજીની આબરૂ હવે સાફ સાફ થઈ ગઇ હતી. 'ના' કહે તો સામે ફાંસી તૈયાર હતી. સર્વેના દેખતાં ભંડારીજીએ પેટીને લાવી હાજર કરી. રાજાએ પેટીઓ ભંડારમાં મુકાવી; ભંડારી અને તલારક્ષક સર્વને રજા આપી ચોરોને કહ્યું, "તમારી સાથે સહવાસ કરવાથી

તમે મારા બંધુઓ છો, તો તમારી પાસે એક વસ્તુ માગું છું."

"મહારાજ! ચોરી કરવા સિવાય બીજું કાંઇ પણ માગો!" ચોરોએ કહ્યું. "હું એજ માગું છું કે આ ભવ અને પરભવમાં દુઃખ આપનારી ચોરીનો તમે ત્યાગ કરો! આ ભવમાં તમે મારા બંધીખાને પડશો અથવા શૂળીએ જશો, ને પરભવમાં નરકની અનેક યાતનાઓ ભોગવશો, માટે એ પાપનો તમે ત્યાગ કરો!"

રાજાના ઉપદેશથી એ ચારે ચોરોએ ચોરીનો ત્યાગ કર્યો. રાજાએ એમને ચોરીનો-ત્રીજા વ્રતનો નિયમ કરાવ્યો; એ નિયમ દૃઢ રીતે પાળવાને માટે ભલામણ કરી, અને તેમને પોતાના રાજ્યમાં મોટા અધિકારે નીમ્યા. જેથી ચોરો પણ પોતાનો ચોરીનો ધંધો છોડીને સુખી થયા. અને ચોરોના ત્રાસથી અવંતીનગરી મુક્ત થઇ. પોતાના નિયમ-માં દૃઢ રહેતા એ ચારેની રાજાએ પરીક્ષા કરી; જેથી સંતોષ પામીને રાજાએ દરેકને સો સો ગામ ઇનામમાં આપ્યાં.

એક વખતના ચોર અત્યારે રાજ્યના માનિતા થયા; એટલે ગ્રામાધિપતિ થયા. એક વખતનો ચોર અને ભયંકર ડાકુ ગણાતો માણસ સમયને લઇને મોટો શાહુકાર અને પ્રમાણિક બની જાય છે. આ જગતનો સ્વભાવ જ એવો પરિવર્તનશીલ છે કે એક વખતનો રાજા સમય આવતાં રંક—ભિખારી બની જાય છે; શાહુકાર ચોર બની જાય છે; ડાહ્યો ગણાતો માણસ ગાંડો થઇ જાય છે; જ્યારે જગતમાં મૂર્ખ તરીકે ગણાતો સમયને લઇને વિદ્વાન પંડિત બની જાય છે. સમયને લઇને જગતમાં શું ફેરફાર નથી થઇ શકતો?

"ઠગ જીતાય ઠગાઇથી, ન્યાયે ન્યાયી જીતાય;
જ્યાં જેવાં ત્યાં તેવા થવું, એ જ વણિક વિદ્યાય."

પ્રકરણ ૪૧ મું

દેવદમની

વિનયેન વિદ્યા ગ્રાહ્યા, પુષ્કલેન ધનેન વા ।
અથવા વિદ્યયા વિદ્યા તુર્યોપાયો ન વિદ્યતે ॥

ભાવાર્થ—આ જગતમાં વિદ્યા વડે કરીને વિદ્યા ગ્રહણ કરવી એ સર્વથી શ્રેષ્ઠ ઉપાય છે; સિવાય ધન આપીને પણ વિદ્યા ગ્રહણ કરી શકાય. અથવા તો વિદ્યા આપીને વિદ્યા મેળવી શકાય. એ ત્રણ સિવાય વિદ્યા મેળવવા માટે ચોથો ઉપાય નથી.

એકદા અવંતીરાજ વિક્રમાદિત્ય રથવાડીએ ફરવા ગયેલા, તે ફરીને પાછા આવતાં માર્ગમાં અનુક્રમે ઘાંચી-વાડામાં આવ્યા. ઘાંચીવાડામાં થઈને મહારાજ વિક્રમાદિત્ય અશ્વ ખેલાવતા આવતા હતા, તે સમયે રાજમાર્ગમાં ધૂળ ઉછાળતી એક બાળાને રાજસેવકે કહ્યું: "અરે! બાળા! રાજા આવે છે,માટે તું ધૂળ કેમ ઉડાડે છે?"

આ વાત સાંભળી બાળા બોલી. "શું પંચ દંડવાળું રાજછત્ર રાજાના માથે છે કે તે બગડી જવાનું છે?" આમ કહી બાળા હસી. એનું મૃદુહાસ્ય અને કોમળ વાણી રાજાના હૃદયને ભેદીને આરપાર નીકળી ગયાં. રાજા એ બાળાની સન્મુખ જોઇ રહ્યો, "આહા! આ બાળા કે દેવાંગના? શું એનું લાવણ્ય! આવી અનુપમકાંતિ! મોહના બંધનમાં બંધાયેલા વિક્રમાદિત્યે ભટ્ટમાત્રના સન્મુખ જોયું ને આગળ ચાલ્યો.

રાજમહેલમાં આવી રાજાએ ભટ્ટમાત્રને પૂછ્યું: "પ્રધાનજી! આ બાળા કોની પુત્રી છે?"

રાજાના પ્રશ્નનો ઉત્તર આપતાં ભટ્ટમાત્ર બોલ્યો,

"મહારાજ! ઘાંચીનીવાડીમાં નાગદમની ઘાંચણ રહે છે, તેની દેવદમની નામે એ તનયા છે. એને માટે લોકમાં અનેક તરેહની લોકવાયકા સંભળાય છે, મહારાજ!"

"રાજન્! માથે શું પંચદંડવાળું છત્ર છે કે બગડી જશે, એમ તેણે કેમ કહ્યું? શું જગતમાં પાંચદંડવાળું છત્ર હોતું હશે. મંત્રીજી!"

"મહારાજ! એ પંચદંડની વાત તો એ જ જાણે! એ વિચિત્ર સ્વભાવની છોકરી છે. કોણ જાણે એણે કેમ એમ કહ્યું હશે!"

મંત્રીનો જવાબ સાંભળી રાજાએ દેવદમનીને હાજર કરવા રાજસેવકોને હુકમ કર્યો. રાજસેવકો નાગદમનીના મકાન આગળ આવી બોલ્યા, "અરે નાગદમની! તારી પુત્રી દેવદમનીને રાજા બોલાવે છે."

"મારી પુત્રીને! મારી પુત્રીને શા માટે રાજા બોલાવે છે? મારી પુત્રીએ શો ગુન્હો કર્યો છે કે રાજા તેને બોલાવે છે?" પોતાને આંગણે રાજસેવકોને જોઈ નાગદમની ઊભી થઈ ગઇ. એના મનમાં તો અનેક ગડભાંગ થઇ ગઇ.

"અરે નાગદમનીબાઇ! રાજાને તે વળી બીજું શું કામ હોય? તમારી દીકરીએ પાંચ દંડનું છત્ર રાજાને મસ્તકે છે? એમ કહેલું, તે એનો ખુલાસો પુછવા રાજા એને બોલાવે છે. માટે ઝટ મોકલો! નહિ તો રાજા અમારા ઉપર ગુસ્સે થશે."

"અરે ભાઇ! એવાં બાળકોની વાણી સાંભળીને રાજા જેને તેને પકડી મંગાવશે તો આ રાજમાં રહેવાશે શી રીતે? બાળકોને કાંઇ બુદ્ધિ હોતી નથી. એ તો ગમે તે બોલે, પણ મહારાજને કહો કે આપ તો માબાપ છો! અન્નદાતા છો! બાળકોના બોલવા તરફ આપ ન જુઓ!"

નાગદમનીનું કથન સાંભળીને રાજસેવકો બોલ્યા,

"તે વાત તું રાજાની આગળ કહેજે. મોકલે છે કે નહિ ? નહિ મોકલે તો પકડી જઈશું. રાજાનો અમને હુકમ છે, નાગદમની !"

"ચાલો ભાઈઓ ! ત્યારે હું આવું છું, રાજાને જવાબ આપવા !" મનમાં કંઈક ભય પામતી અને નિરાશ થતી નાગદમનીએ જવાબ આપ્યો, અને રાજસેવકો સાથે જવાને તૈયાર થઈ. રાજસેવકોએ નાગદમનીને રાજાની આગળ હાજર કરી.

"કૃપાનાથ ! ધર્માવતાર ! આપ તો ધર્મના અવતાર છો. બાળકોના બોલવા તરફ આપ ન જુઓ ! મૂર્ખ બાળકોની વાણી સાંભળી આપ કોપ કરો તો પછી અમારી શી દશા થાય, મહારાજ !" નાગદમની રાજાની આગળ હાથ જોડીને ઉપર મુજબ બોલી.

"તારી પુત્રીએ પંચદંડની વાત કહી, તે હું જાણવા માગું છું. એ પંચદંડ કયા છે ? અને તે શી રીતે મળે ? તે સંબંધી તું જાણતી હોય એટલું તો મને કહે !"

રાજાની વાત સાંભળી નાગદમની બોલી, "મહારાજ ! જો આપને પંચદંડના છત્રની જરૂર હોય તો પ્રથમ એક કઠિન શરત પૂરી કરવી પડશે. એ શરતમાં આપ જીતશો તો જ પંચદંડની હકીકત આપ જાણી શકશો, અન્યથા નહિ." નાગદમનીએ કહ્યું.

"અને તે તારી શરત ?" રાજા વિક્રમે નાગદમનીને આતુરતાથી પૂછ્યું.

"શરત એ કે એક નવીન દ્યૂતમંડપ તૈયાર કરાવો. એ દ્યૂતમંડપમાં મને સાક્ષી રાખીને મારી પુત્રીને તમે સોગઠાંબાજી (ચૌપટ) રમીને ત્રણ વાર હરાવો. તમારી સાથે રમતાં જો ત્રણ વખત તે હારી જાય તો તેની સાથે

પરણો, પછી તમને તે પંચદંતની હકીકત કહેશે.”

નાગદમનીની શરત માન્ય કરી રાજાએ નવીન દ્યુત-મંડપ કરાવી, ચોપાટ મંડાવી, દેવદમની સાથે રમત શરૂ કરી. આખો દિવસ રમત ચાલતી, ને સાંજ પડે એટલે એ ચોપાટ ઢાંકી દેવામાં આવતી, ને બીજે દિવસે પાછી શરૂ થતી. બે ચાર દિવસ જવા છતાં દેવદમની ન જીતા-યાથી રાજાને ચિંતા થવા લાગી. “જો દેવદમની પોતાને જીતી લેશે તો જગતમાં ચારે બાજુ મારી ભારે અપ-કીર્તિ થશે!”

દેવદમની સાથે દ્યુત-ચોપાટ રમવાથી નગરીમાં અનેક પ્રકારે રાજાની નિંદા થવા લાગી. લોકો જેને જેમ ફાવે તેમ બોલવા લાગ્યા. દિવસે શૌચ જ રમતો ને રાત્રીએ વેશનું પરિવર્તન કરી નગર ચર્ચા જોતો, ને પોતાની નિંદા સાંભળતો હતો; આથી રાજા વિક્રમાદિત્યને બહુ પશ્ચાત્તાપ થયો કે, “આની સાથે મેં વળી ક્યાં રમત માંડી? હવે અધુરી મુકાય તોય પીડા! આ તો સાપે છછુંદર ગળ્યા જેવું થયું.”

ચાર પાંચ દિવસ વહી ગયા પણ દેવદમની જીતાઈ નહિ; આથી રાજાને બહુ ચિંતા થઈ. “હવે શું કરવું? ગમે તેમ થાય તોયે એને જીતવી જ જોઇએ. પલાળ્યું એ તો મુંડયે જ છુટકો છે.” ખિન્નચિત્તવાલો રાજા કોઇ દેવમંદિર સમીપે આવ્યો. એ દેવમંદિર નજીક ઉભેલો રાજા કંઇક શબ્દ સાંભળીને ચમક્યો. મધ્યરાત્રીના સમયે ડમરૂના શબ્દથી પડઘો પાડતો એક વિકરાળ આકૃતિવાળો પુરૂષ રાજાની સન્મુખ ચાલ્યો આવતો હતો. “કોણ છે તું? કેમ આવ્યો છે! ક્યાંથી આવે છે?” એ ઉંટના જેવા હોઠવાળા, હાથીના દાંત જેવા દાંતવાળા, પાવડા

જેવા નખવાળા ને પત્થર જેવી અંગુલીવાળા મહાકાય રાક્ષસને જોઇ રાજાએ પૂછયું;

"હું આ અવંતીનગરીનો રખેવાળ ક્ષેત્રપાળ છું. નગરીનું ને નગરીના અધિપતિનું હું રક્ષણ કરવાવાળો છું." હુંકાર શબ્દોથી ભૂમિને ગજવતો દૈત્ય બોલ્યો. "તું કોણ છે!"

ક્ષેત્રપાળને કહ્યું "હું પરદેશી મુસાફર છું. મારૂં નામ વિક્રમ છે." રાજા બોલ્યો.

"તું પરદેશી મુસાફર મને જોઇને પણ ના ડર્યો? તને જરાય મારો ભય ન લાગ્યો?"

"તને જોઈને ડરવાનું શા માટે? તું તો કહે છે કે હું રાજાનું ને નગરીનું રક્ષણ કરનાર ક્ષેત્રપાળ છું, તો કહે ત્યારે, રાજાની સ્થિતિ અત્યારે કેવી છે.?"

એ બિહામણો પિશાચ જ્ઞાનથી જોઇને બોલ્યો. "રાજા અત્યારે ભારે સંકટમાં છે, પેલી ઘાંચણ દેવદમનીએ એને ભારે સંકટમાં નાખ્યો છે. એ દેવદમનીના પંજામાંથી રાજા છટકી શકે તેમ નથી. દેવતા કે દૈત્યને પણ દમન કરનારી દેવદમનીને જાણ્યાપિછાણ્યા વગર તેની સાથે ઘુત રમવાની રાજાએ ભારે ભૂલ કરી છે! મોટું ભાગ્ય હોય તો જ રાજા દેવદમનીના સકંજામાંથી છૂટે, ભાઈ!" દૈત્યની વાણી સાંભળી રાજા ઠરી ગયો.

"ત્યારે હે ક્ષેત્રપાળ! તમે એવું કંઈક કરો કે જેથી આ સંકટમાંથી રાજા છૂટે અને દેવદમનીને જીતે," રાજાએ ચાહિત તરીકે વકીલાત કરી.

"તે તારી આગળ કહેવાથી શું? રાજા મને બલિ વગેરે આપીને પૂછશે તો તેને ઉપાય બતાવીશ." ક્ષેત્રપાળે એ મુસાફરની દલીલ તોડી નાખી.

"હું બલિ વગેરે આપી તને પ્રસન્ન કરીશ; તારી પૂજા કરીશ, ઝટ કહે! એવો કયો ઉપાય છે કે દેવદમની જીતાઈ જાય?" નિશ્ચયપૂર્વક આ માનવીનું બોલવું સાંભળી ક્ષેત્રપાળ વિચારમાં પડયો, જ્ઞાનથી એણે જાણ્યું કે પોતાને પૂછનાર રાજા પોતે જ છે. એ જાણ્યા પછી ક્ષેત્રપાલ બોલ્યો, "રાજન્! તમે આની સાથે યુદ્ધ આરંભીને સારું તો નથી જ કર્યું. દેવો પણ એની સામે શંકાની નજરે જુએ છે, જ્યારે તમે તેની સાથે વિશ્વાસપૂર્વક દ્યુત ખેલો છો, એ ઓછી ભયંકર વાત છે?"

"જે વાત બની ગઈ તે બની, હવે તેનો શોક કરવો નકામો છે. હવે તો કોઈ પણ ઉપાયે એને જીતવી જ જોઇએ, અને એ ઉપાય હે ક્ષેત્રપાળ! જો તમે જાણતા હો તો મને બતાવો!"

"અનેક પ્રકારની વૃક્ષરાજીથી શોભતા સિકોત્તર પર્વત ઉપર સિદ્ધ સિકોત્તરીદેવીના રમણીય મંદિર-ભુવનમાં આવતી કૃષ્ણ ચતુર્દશીની રાત્રીએ ત્યાં સ્વયં ઇંદ્ર આવશે તેમજ બીજા પણ અનેક દેવગણ આવશે. તેમની સમક્ષ દેવદમની અદ્‌ભુત નૃત્ય કરશે, તે સમયે તમારે ત્યાં જવું અને એ અદ્‌ભુત નાટયરસમાં મશગુલ થયેલી દેવદમનીને શક્ર જે કાંઇ ભેટ આપે તે ત્રણે ભેટો તમારે વચમાંથી હરી લેવી. બીજે દિવસે ચોપાટ રમવા સમયે રમતાં રમતાં રાતની વાત કહી, સંભળાવીને એને એક એક ભેટ બતાવવી. પોતાની ભેટો જોવાથી ને રાતની વાત સાંભળવાથી દેવદમની ક્ષોભ પામી જશે, ને ત્રણે વખત તે તમારાથી હારી જશે. તેને જીતવા માટે આ એક જ ઉપાય છે, રાજન્!" રાજાને દેવદમનીને જીતવાનો ઉપાય સૂચવી ક્ષેત્રપાલ ચાલ્યો ગયો. પોતાનું કાર્ય સિદ્ધ થવાથી રાજા પણ રાજમહેલમાં આવી નિશ્ચિંતપણે પોઢી ગયો.

પ્રાતઃકાળે જાગ્રત થયેલા રાજાએ પંચ નમસ્કાર મંત્ર સ્મરી પ્રાતઃવિધિથી પરવારી ક્ષેત્રપાલ માટે આઠ ગુડા બલિ તૈયાર કરી તેના મંદિરે તેની મૂર્તિ આગળ મુકયો; તે સિવાય બીજા પણ અનેક પ્રકારે ધુપ, દીપ, પુષ્પ, ફળ, આદિ મુકી ક્ષેત્રપાલને પ્રસન્ન કર્યો. કાર્ય સિદ્ધ થવાથી સજ્જન પુરૂષો પોતાના વચનથી કોઇ રીતે ફરી જતા નથી. એ વચનભંગની ભેટ તો દુર્જનો માટે અનામત રાખવામાં આવી છે. હવે રાજા ચતુર્દશીની રાહ જોતો કાલક્ષેપ કરવા લાગ્યો. કાલી-ચૌદસ આવી પહોંચી અને રાજાએ સાંજને સમયે વૈતાલને યાદ કરવાથી વૈતાલ રાજા સમક્ષ હાજર થયો; સર્વે હકીકતથી એને માહિતગાર કરી પોતાને સિકોત્તરી પર્વત ઉપર લઇ જવા કહ્યું. રાજાની આજ્ઞા થતાં વૈતાળ રાજાને પોતાના ખભે બેસાડી ઊડયો, અને સિકોત્તરી પર્વત પર સિદ્ધ સિકોત્તરી દેવીના મંદિર પાસે રાજાને ઉતાર્યો.

અદૃશ્યરૂપે રાજા ઇંદ્ર આગળ દેવદમની નૃત્ય કરતી હતી, ત્યાં મંદિરમાં આવ્યો. દેવદમનીનું અદ્‌ભુત નૃત્ય જોઇ રાજા મનમાં ચમત્કાર પામ્યો. સભામાં દેવદમનીને ક્ષોભ કરવા માટે રાજાના કહેવાથી અગ્નિવૈતાળ ભ્રમરનુ રૂપ કરી દેવદમનીના મસ્તક ઉપર રહેલા પુષ્પ ઉપર બેઠો ને પુષ્પને જરા દંશ દીધો. નૃત્ય કરતી દેવદમનીના મસ્તક ઉપરથી પુષ્પ તેના પગ આગળ પડયું; તેની સાથે ભ્રમરને ભુમિ ઉપર પડેલો જોઇ નૃત્ય કરતી દેવદમની જરા સ્થંભી ગઇ; ક્ષોભ પામી ગઈ.

આલાપસંલાપથી અદ્‌ભુત નૃત્ય અને ગાયન કરતી દેવદમની ઉપર પ્રસન્ન થઇને ઇંદ્રે પુષ્પમાળા ભેટ આપી; તે નૃત્ય કરતી દેવદમનીએ લઇને પછવાડે પોતાની સખીને આપવા માંડી: પણ વચમાં અગ્નિવૈતાળે હરી લઈને રાજાને

આપી. બીજીવાર ઇંદ્રે પ્રસન્ન થઇને નુપુર આપ્યું, તે પણ દેવદમની પાસેથી હરી લઇ વૈતાલે રાજાને આપ્યું. ત્રીજી વાર પાનનું બીડું શક્રેંદ્રે આપ્યું, તેય વૈતાલે પડાવી રાજાને આપ્યું. એ ત્રણે વસ્તુઓ લઇ રાજા વૈતાલની સહાયથી રાજમહેલમાં પાછો આવ્યો.

બીજા દિવસની પ્રભાતે રાજા અને દેવદમની ચોપાટ રમવાને બેઠાં. એકબીજાને જીતવાની આશાએ બન્ને જણાં ખુબ દાવપેચપૂર્વક રમતાં હતાં. બન્નેને જીતવાની આશા હતી. આજ કેટલાય દિવસથી એકબીજાને જીતવાની બન્નેને હોંશ હતી. આજે ઉમંગથી, ઉત્સાહથી અને આનંદથી બન્ને જણ રમતાં હતાં. બન્નેની કુટિલતા નાગદમની અને મંત્રીઓ નીરખી રહ્યા હતા. ચડસાચડસીએ રમતાં રમત પૂરજોસમાં આવી. રાજાએ પડાકો કર્યો, "મંત્રીશ્વર! દેવદમની! નિદ્રામાં આજે તો એક એવું સુંદર બહુ મજાનું સ્વપ્ન મેં જોયું! જાણે હું સિકોત્તરી પર્વત ઉપર સિદ્ધસિકોત્તરીના મંદિરમાં ગયો. શક્રેંદ્રની સભામાં દેવદમનીને અદ્‌ભુત નૃત્ય કરતાં જોઈ! એના નૃત્યથી પ્રસન્ન થઇ ઇંદ્ર પુષ્પમાળ દેવદમનીને ભેટ આપી. રાજાએ પૂછયું કે હે દેવદમની! એ સ્વપ્ન સાચું હશે કે ખોટું?"

"સ્વપ્નાં તે સાચાં પડતાં હશે? એ તો નરાં અસત્ય!" દેવદમનીના બોલ સાંભળી રાજાએ તરત જ પુષ્પમાળ દેવદમનીને બતાવી. પુષ્પમાળ જોઇ દેવદમની એકદમ ક્ષોભ પામી ગઇ. જીત પર આવેલી બાજી ચિત્તની વ્યાકુળતાથી તે હારી ગઇ.

ચોપાટે ફરીને પોતાનો રંગ જમાવ્યો. બન્ને ખુબ ધ્યાનપૂર્વક રમતાં હતાં. ખુબ રસાકસી ચાલી રહી હતી, ત્યાં રાજાએ પાછી વાત છેડી "અરે! શું વાત કહું, દેવ-

દમની ! ઇંદ્રની આગળ પુનઃ તેં તારો અદ્‌ભુત નાચ શરૂ કર્યો. એ નાચથી ચોસઠ જોગણી, બાવન વીર, ભુતો સહિત ઇંદ્ર ખુશ પ્રસન્ન થયો, અને એક પગે પહેરવાનું નુપુર ઇંદ્રે તને ભેટ આપ્યું. ઇંદ્રની એ ભેટથી તું બહુ ખુશી થઇ. સ્વપ્નામાં જોયેલો આ બનાવ સાચો કે નહિ ?"

"નર્યો દંભ, રાજા ! એવું તે કાંઇ બનતું હશે વળી ?" દેવદમની બોલી.

રાજાએ દેવદમનીને ઇંદ્રનું આપેલું નુપુર બતાવ્યું. બરાબર એ નુપુરને જોઇ દેવદમની આભી બની ક્ષોભ પામી ગઇ. બીજી વખતે પણ તે ચોપાટ હારી ગઇ.

બપોર પછીનો સૂર્ય નમ્યે જતો હતો, દેવદમની પણ પરાણે ઉત્સાહ ધારણ કરી છેલ્લા દાવમાં રાજાને હરાવવા માટે જીવ ઉપર આવીને ખુબ ધ્યાનથી રમતી હતી. ચોપાટ સંપૂર્ણ રંગમાં ચાલતી હતી. એ રંગમાં પલટો લાવવા રાજાએ પાછી વાત છેડી, "અરે ! શું વાત કહું, દેવદમની ! જગતમાં ઇંદ્ર મહારાજા જેવા પણ કોઇ દાતાર હશે, ભલા ! તારા ત્રીજી વારના નૃત્યથી ખુશી થયેલા ઇંદ્રે તને એક મજાનું બીડું આપ્યું. શું એ સુંદર બીડું ! હજી પણ મારા સ્મરણમાંથી ખસતું નથી."

રાજાની વાત સાંભળી દેવદમની ચમકી, "મહારાજ ! બોટી વાત !"

મહારાજે બીડું કાઢી તરત જ દેવદમનીના હાથમાં મુકયું. બીડાને જોતાં જ દેવદમની ક્ષોભ પામી ગઇ. ત્રીજી અને છેલ્લી બાજી પણ તે હારી ગઇ.

મોટા મહોત્સવપૂર્વક રાજા વિક્રમ એ નીચકુળમાં જન્મેલી દેવદમની સાથે પરણ્યા; કારણકે બાળક થકી પણ હિતવાક્ય ગ્રહણ કરવું. માટીમાંથી પણ સુવર્ણ લેવું, નીચ

માણસ થકી પણ ઉત્તમ વિદ્યા ગ્રહણ કરવી; તેવી રીતે નીચ કુળમાં પણ ઉત્તમ સ્ત્રીરત્ન હોય તો ઉત્તમ પુરૂષે તે ગ્રહણ કરવી.

" સ્ત્રી પ્રાયે સઘળી વાંકડી, મત કરો કોઈ વિશ્વાસ,
માથે ઘડ ચઢાવી કરી, પીછે દીયે ગળે પાસ. "

પ્રકરણ ૪૨ મું

રત્નની પેટી

" ત્રિયા અપાવે તેજને, ત્રિયા કરાવે રાજ;
ત્રિયા પલકમાં પ્રાણ લે, મહિલા મતલબબાજ. "

" આજે ઉજાણી છે કે શું ? નગરની બહાર કોઈ રસોઇ કરી રહ્યા છે, કોઇ હરીફરી રહ્યા છે, લોકો બધા આનંદમાં મહાલી રહ્યા છે, આ શું ? " તામ્રલિપ્તીનગરીની બહાર લોકોને ભિન્ન ભિન્ન પ્રવૃત્તિવાળા જોઈ મનમાં વિચાર કરતો એક સુંદર પુરૂષ કૌતુકથી જોઇ રહ્યો.

' અરે ભાઇ, આ શું છે ? " તેણે એક માણસને કુતુહલવૃત્તિથી પૂછ્યું.

" તમે કોઇ પરદેશી જણાઓ છો, જેથી આ નગરીના વ્યવહારને જાણતા નથી. અમારો તો રોજનો આ વ્યવસાય છે, ભાઇ ! " તે નગરના એક નાગરિકે કહ્યું.

" તેનું કારણ ? શું તમારે ઘરબાર નથી કે નગરી બહાર રાંધી ખાવું પડે છે ? સારીય નગરીને તેમ કરવું પડે છે ? " તે પુરૂષે પૂછ્યું.

" અરે ભાઈ ! આ તામ્રલિપ્તિનગરના રાજા ચંદ્રપ્રભુએ પુષ્કળ ધનનો વ્યય કરી આ નગરીને એવી તો અનુપમ સુંદર બનાવી દીધી છે, કે જેથી આ નગરના મકાનોના

ભપકા જરાય મલિનતા ન ધારણ કરે, માટે ગામમાં કોઇને પણ રસોઈ કરવાની મના ફરમાવી છે. તેથી નગરીની બહાર નાગરિકોએ પોતપોતાનાં રસોડાં તૈયાર કરેલાં છે. તેઓ અહીં જમીપરવારી સાંજના સૌ પોતપોતાના મકાને નગરમાં ચાલ્યા જાય છે" નાગરિકની આ વિચિત્ર વાત સાંભળી પેલો પુરૂષ આશ્ચર્ય પામ્યો. એ પુરૂષ પણ ત્યાં ભોજન કરી રાજમહેલ આગળ આવ્યો. ચંદ્રરાજા પણ સંધ્યા સમયે રાજમહેલમાં આવી ગયો. એ રાજ પ્રસાદની સાતમી ભૂમિકાએ રાજકન્યા લક્ષ્મીવતીએ નર્તકીઓ પાસે અદ્‌ભુત નૃત્ય કરાવ્યું. રાજભુવનમાં પ્રવેશ કરીને પુરૂષ સાતમી ભૂમિકાએ આવી બાળા લક્ષ્મીવતી આગળ થતું નૃત્વ જોવાને બેઠો. મધ્યરાત્રિ પર્યંત નૃત્ય કરાવી નર્તિકાઓને તાંબુલાદિક આપીને વિસર્જન કરી દ્વાર બંધ કર્યાં. ઉત્સુકતાથી કોઇની રાહ જોતી બાળા આંટા મારવા લાગી. અદૃશ્ય રહેલો પુરૂષ તેની આ ચેષ્ટા જોઇ વિચારમાં પડયો, પોતે જે કાર્ય માટે આવેલો તે કાર્ય સાધવા માટે તેણે ચારે કોર નજર કરી, તો એક બાજુ રત્નોની પેટી જોઇ એની આંખ ચમકી. એ રત્નપેટીને એ પુરૂષ અદૃશ્યપણે થોડી વાર બેઠો.

તરત જ એક પુરૂષ અગાસીવાટેથી અંદર આવી બોલ્યો, "બાળા ! લક્ષ્મી ! આવ ! ચાલ ! નીચે ઘડીમાં યોજન ભૂમિને ઉલ્લંઘન કરનારી સાંઢણી ઉભી છે, તો આપણે તેના ઉપર સ્વાર થઈ મારા રાજ્યમાં જઈએ." ભીમકુમાર બોલ્યો, અગાશીમાંથી આવેલા પુરૂષનું નામ ભીમકુમાર હતું, જે સંકેત પ્રમાણે રાજતનયાનું હરણ કરવા આવેલો હતો.

એ ભીમકુમારને જોઇ બાળા બોલી, "મારી રત્નની

પેટીને લઈને તમે પહેલાં નીચે ઉતરો; તમારી પાછળ હું પણ ઝટ આવું છું.” એમ કહી બાળા રત્નની પેટી લેવા પાછી ફરી, પણ પેટી મળે નહિ. ‘અંદરના બીજા ખંડમાં તો નથી ને’ એમ માની બાળા બીજા ખંડમાં આવી પેટી શોધવા લાગી.

પેલા પુરૂષે આ તક સાધી લીધી. ઝટ અગ્નિવૈતાલનું સ્મરણ કર્યું. હાજર થયેલો વૈતાળ રાજાના કહેવાથી ભીમકુમારને એના રાજ્યમાં ઉપાડી ગયો, ને તેની જગાએ પેલો પુરૂષ ગોઠવાઈ ગયો. બાળાને પાછી ફરેલી જોઈ પેલો પુરૂષ બોલ્યો, “ચાલો ! ચાલો ! પેટી તો અહીં જ હતી ને !” પેલા પુરૂષે પેટી બતાવી એટલે બાળા ખુશી થઈ, અને બન્ને એકબીજાની પછવાડે નીચે ઉતરી સાંઢણી પર સ્વાર થઇ રસ્તે પડ્યાં. એ પેટી લેવા આવેલા પુરૂષને રત્નની પેટી અને ઉપરથી કન્યાનો પણ લાભ થયો. ઉજ્જયિનીને ઉદ્દેશીને સાંઢણી જતી હોવાથી બાળા લક્ષ્મી ચમકી, “સ્વામી ! આપણે તો પૂર્વ દિશા તરફ જવાનું છે ! તો તમો દક્ષિણ દિશા તરફ ક્યાં જાઓ છો ?”

“અરે બાળા ! સાંભળ ! ભીમની પલ્લી તરફ આપણે જઇએ છીએ. ત્યાંનો અધિપતિ ભીલ્લ ભીમનામે એક પુરૂષ અનેક નટ, વિટ, લુચ્ચા, લફંગાઓની સાથે રહે છે. તેની સાથે જુગાર રમતાં હું પૂર્વે એક કન્યા અને પુષ્કળ દ્રવ્ય હારી ગયેલો છું, તેથી આ રત્નપેટી અને તને ભીમરાજાને આપીને હું કન્યા અને દ્રવ્યના ઋણમાંથી મુક્ત થઇશ.” એ પ્રમાણે પુરૂષની વાત સાંભળી લક્ષ્મી ભયભીત થઇ ગઈ, “અરે આ શું ? આ પુરૂષ કોણ ? પેલો ભીમકુમાર ક્યાં જતો રહ્યો ? એને બદલે આ તો કોઈ બીજો પુરૂષ ! અરે દુર્દૈવ ! આ તેં શું કર્યું ?” આ પ્રમાણે બાળા

મનમાં પશ્ચાત્તાપ કરવા લાગી.

આડઅવળે રસ્તે સાંઢણી જતી હોવાથી માર્ગમાં વચ્ચે આવતી વૃક્ષની શાખા અને ડાળીઓના ઘસારાથી પીડાતી બાળા લક્ષ્મી બોલી "સાંઢણીને ધીમે ધીમે જવા દો! ને માર્ગ ઉપર ચાલવા દો! વૃક્ષની ડાળીઓ મને પીડા કરે છે."

"એ ડાળીઓના ઘસારામાં આટલી બધી પીડાય છે, ત્યારે મારા જેવા જુગારીના હાથે પડવાથી તારી બૂરી દશા થવાની છે, તેને તું કેમ સહન કરશે?" પેલો પુરૂષ બોલ્યો.

એ પુરૂષના કડવા વચનથી લક્ષ્મીવતી મનમાં દુઃખી થતી મૌન થઇ ગઈ. સાંઢણી અનુક્રમે ઘણી ભૂમિને ઉલંઘી એક રમણીય સરોવર પાસે આવી. સંધ્યાકાળ થતો હોવાથી પેલો પુરૂષ સાંઢણી ઉપરથી નીચે ઉતર્યો; કન્યાને પણ નીચે ઉતારી: પાણી પી તૃપ્ત થઇ સરોવરની પાળે એક સુંદર વૃક્ષ નીચે તે પુરૂષ રાત્રી ગાળવાને રહ્યો. વૃક્ષ નીચે આડો થયેલો તે પુરૂષ બોલ્યો "અરે બાળા! મારા ચરણને દબાવ!"

રાજકુમારી બાળા લક્ષ્મીવતી એ પુરૂષના પગ દબાવતી મનમાં અનેક વિચાર કરવા લાગી "આ જુગારી પુરૂષ મારો પતિ! વાહ વિધિ! આ પુરૂષનો સ્પર્શ કરી હવે હું બીજાનો હાથ શી રીતે ઝાલીશ? કદી નહિ. હવે તો આ જુગારિયો જ મારો પતિ થાઓ! જેવું માર ભાગ્ય!" મધ્યરાત્રીના સમયે સિંહની ગર્જના સાંભળી બાળાએ "સિંહ! સિંહ!" કહી ભરનિદ્રામાં પડેલા તે પુરૂષને જગાડ્યો. ઉંઘમાંથી ઉઠેલા તે પુરૂષે ભાથામાંથી બાણ કાઢી ધનુષ્ય ઉપર ચડાવી શબ્દને અનુસારે બાણ છોડી દીધું, ને પછી પાછો નફકરો થઈને તે સૂઇ ગયો. થોડી વાર થઇને વાઘની ગર્જના

થતાં બાળા ચમકી ને પુરૂષને ફરીથી જગાડયો તરતજ એણે શબ્દને અનુસારે બીજું બાણ ચડાવીને છોડી દીધું ને સૂઇ ગયો. પછી તો એ બાળા પણ આંખમાં નિદ્રા ભરાવાથી એ પુરૂષના શરીર ઉપર ઢળી પડી.

પ્રાતઃકાળના સૂર્યના ઉદય થતાં સૂર્યની એ રક્તલાલી-મય પ્રભાએ એ બન્નેને જગાડયાં. નિદ્રામાંથી તરતનાં જાગ્રત થયેલાં એ બન્ને પ્રાણીઓ આંખો ચોળતાં એક બીજાની સામે જોઈ જરાક હસ્યાં.

"બાળા! રાત્રીએ બહુ ભય લાગતો હતો કે?" રાજાએ પૂછયું.

"તમારા જેવા જુગારી પાસે રહેવામાં ભય નહિ કે?" રાજકન્યા બોલી.

"જરૂર! નહિ કેમ? પણ મારાં પેલાં બે બાણ કયી દિશા તરફ ગયાં?"

બાળા બોલી, "મને ખબર છે, લાવી દઉં, મારા જુગારી!"

"હા!" એમ કહી પુરૂષ હસ્યો

બાળા લક્ષ્મી જે દિશા તરફ બાણ છોડેલાં હતાં તે દિશા તરફ ચાલી. થોડીક આગળ ગઇ તો ત્યાં સિંહ અને વાઘને મરેલા જોયા. તેમના મુખમાંથી બાણ ખેંચી કાઢી વિચારમાં પડેલી બાળા લક્ષ્મી બાણ લઇને પાછી ફરી, અને તે બાણો પુરૂષને આપ્યાં; "લ્યો જુગારીજી!"

જુગારીએ એ બન્ને બાણ ભાથામાં નાખી બાળાને કહ્યું, "મારા આ કાર્યની વાત તારે કોઈની આગળ કહેવી નહિ. આપણે જુગારીને આવું પરાક્રમ ન હોય!"

માથું ધુણાવી બાળાએ જુગારીની વાત મંજુર કરી. પછી સાંઢણી ઉપર સ્વાર થઇ બન્નેએ મુસાફરી આગળ શરૂ કરી. એ ભયંકર અટવીનું ઉલ્લંઘન કરી એ પુરૂષ

લક્ષ્મીપુર નગરના ઉદ્યાનમાં આવ્યો. નદીના તટ ઉપર રમણીય સ્થાનકે મુકામ કરી સાંઢણી, રત્નની પેટી અને બાળા લક્ષ્મીને એક વૃક્ષ નીચે વિસામો લેવાનું કહી એ પુરૂષ નગરમાં બાવાનું લેવા ગયો. એ જુગારી પુરૂષનો વિચાર કરતી બાળા લક્ષ્મી મનમાં બોલવા લાગી, "શું આ જુગારી હશે? ત્યારે કોણ હશે એ?"

લક્ષ્મીપુર નગરમાં રહેનારી રૂપશ્રી નામે વેશ્યા ફરતી ફરતી આ બાળા લક્ષ્મીવતી બેઠેલી હતી ત્યાં ચાલી આવી; તેણીને જોઇ વિચારમાં પડી. મનોહર લાવણ્ય અને નવીન યૌવનવયવાળી આ બાળાથી પોતાને કેટલી કમાણી થાય! આવા વિચારથી રૂપશ્રીની દાઢ સળકી; અને બાળા લક્ષ્મીને છેતરવા તેણીએ કહ્યું, "અરે ચાલ! ચાલ! હું તારી ફોઇજી થાઉં! મારા ભત્રીજાએ તને ઝટ તેડવા મોકલી છે. એ તારી રાહ જુએ છે!" એ પ્રમાણેના શબ્દો કહી રૂપશ્રી લક્ષ્મીને પોતાને ઘેર તેડી ગઇ.

રૂપશ્રી બાળા, રત્નની પેટી અને સાંઢણીને લઈ પોતાના મકાને આવી. રત્નની પેટી ઠેકાણે મુકી બાળા લક્ષ્મીને ઉપરની ભૂમિકાએ ચઢાવી દીધી ને કહ્યું, "જો અહીંયાં અનેક પુરૂષો આવે છે તેમની સાથે મનગમતા ભોગો ભોગવ ને મઝા કર!" રૂપશ્રીનાં કટુ વચન સાંભળી લક્ષ્મી ચમકી, "શું આ વેશ્યાનું ઘર છે? એણે મને ફસાવી મારી પાસે અઘટિત પાપકર્મ કરાવે છે, પણ હું એ પાપકર્મ કદાપ કરીશ નહિ. હું કોઈપણ રીતે તારી મરજી પ્રમાણે વર્તીશ નહિ, સમજી?" એમ દૃઢ નિશ્ચયપૂર્વક શબ્દો બાળા બોલી.

આ શબ્દો સાંભળી વેશ્યા બોલી કે, "નહિ સમજે તો તારા બાર વાગી જશે! કોણ તારો બાપ તને અહિં બચાવશે?"

"બાર વાગે કે તેર વાગે, પણ રે દુષ્ટા! તારા દાવ તો ફોકટ જ જશે." આ પ્રમાણે બાળાએ વેશ્યાને નિશ્ચયાત્મક જવાબ આપ્યો.

રૂપશ્રીએ જાણ્યું કે આ સ્ત્રી સીધેસીધી માનશે નહિ, મારે એને તો ભેખડે જ ભરાવા દે. એની મેળે સીધી દોર થઇ જશે. આથી હંમેશાં આવતા ફોજદારના છોકરાને બોલાવી એ બાળાને સોંપી દીધી, "જો મદનસિંહ! આ બાળા તને સોંપું છું. તારે એની સાથે પરણવું હોય તો પરણ અથવા તેને રખાત રાખ!" રૂપશ્રીએ એને ભળાવીને તરતજ પોતાના ખંડમાં ચાલી ગઈ. રૂપશ્રીના ગયા પછી મદન તે બાળાને જોઇને બોલ્યો, "બાળા! કાલે તને હું જરૂર પરણીશ. મારા ઘેર લઇ જઇશ. આજનો દિવસ તું સુખેથી અહીં રહે!" ઉપરની ભૂમિકાએ બાળાને છોડી મદન નીચે આવ્યો. રૂપશ્રીને મળી બધી વાત કરી. એની સંભાળ રાખવાની ભલામણ કરી પોતાના ઘર તરફ જવા નીકળ્યો. નીચે આવી બાળકો રમતા હતા તેની પાસે તે આવ્યો, બાળકો એક મકાનની ભીંતે રહેલા એક કાચંડાને ઢેફાં મારતા હતા ને શરત બકતા હતા, પણ કોઇનું ઢેફું કાચંડાને સ્પર્શ કરતું નહિ. તેમની વચમાં મદન આવીને બાંહ્ય ચડાવી બોલ્યો, "જુઓ, મારી ભૂજાનું બળ!" એમ કહી એક માટીના ઢેફાથી કાચંડાને નીચે પાડી નાખ્યો ને અભિમાનથી બોલ્યો, "મારા જેવો જગતમાં કોણ બળવાન છે?"

ઉપર ગવાક્ષમાં રહેલી લક્ષ્મીવતીએ આ પુરૂષની વાણી સાંભળી જુગારી સાથે એની સરખામણી કરી, "ક્યાં કુંજર ને ક્યાં ગધેડો? ક્યાં હંસ ને ક્યાં કાગડો? ક્યાં સિંહ ને ક્યાં બકરૂં? ક્યાં સાગર ને ક્યાં ખાબોચિયું? આ નીચ માણસ સ્વલ્પ બળને પણ જીરવી શકતો નથી. અરે! દુષ્ટ વિધિ તું પણ મારી શી કદર્થના કરે છે! આના કરતાં તો કાષ્ઠભક્ષણ શું ખોટું? એ જુગારી હવે મનો ક્યાં મળવાનો હતો?" મનમાં વિચાર કરી રૂપશ્રી પાસે

આવીને બોલી, "અરે! જો તું મને બળાત્કારે આવા નીચ પુરૂષોને હવાલે કરીશ તો રાજાની આગળ હું તારી ફરિયાદ કરીશ. હું તો હવે ફક્ત કાષ્ટભક્ષણ કરીશ."

રૂપશ્રીએ વિચાર કર્યો, "ભલેને કાષ્ટભક્ષણ કરે! રત્નની પેટી તો મને પચશે જ. પછી આ ભલેને મરે!" મનમાં વિચાર કરી રાજા પાસે આવી તેણે રજા માગી. રાજાની રજા મેળવી રૂપશ્રીએ વાજીંત્ર વગડાવ્યા ને ઠાઠમાઠપૂર્વક લક્ષ્મીને શણગારીને નદીને કાંઠે ચાલી. લક્ષ્મીનો વરઘોડો ફરતો ફરતો રાજમહેલ આગળથી પસાર થયો. રાજા આ બાળાનું સ્વરૂપ જોઈ ચમકયો. એણે બાળાને પોતાની પાસે બોલાવી પૂછયું, "હે વત્સે! તું કોની પુત્રી છે? શું રૂપશ્રીની પુત્રી છે?" રાજાનાં વચન સાંભળી બાળા લક્ષ્મી બોલી, "મહારાજ! રૂપશ્રી મારી માતા નથી. એણે તો બળાત્કારે મને પકડી મારૂં સર્વનાશ કર્યું છે, પણ શું કરૂં? આ નગરમાં દીન અને દુઃખીનું રક્ષણ કરનાર કોઇ માજ્યો પુરૂષ ન હોય ત્યારે હું કાષ્ટભક્ષણ ન કરૂં તો બીજું કરૂં પણ શું?" બાળા લક્ષ્મીની વાણી સાંભળી રાજા ચમકયો, "અરે આ શું? હું ન્યાયથી પૃથ્વીને પાળું છું છતાં બાળા! તું આ શું કહે છે?"

"હું સત્ય કહું છું, રાજન્! રૂપશ્રીએ મારૂં સર્વસ્વ નાશ કર્યું છે, અને ઉપરથી અગ્નિમાં હું બળી મરૂં એ તે કયાંનો ન્યાય?"

"તું આ નગરમાં શી રીતે આવી ત્યારે? તારાં માતપિતા કોણ છે?"

રાજાના પૂછવાથી કન્યા બોલી, "મહારાજ! જે પુરૂષ મને તામ્રલિપ્તીનગરીથી અહીં લાવ્યો છે તે પુરૂષ મને નગર બહાર મૂકીને શહેરમાં ભોજન લેવા ગયો; પછ-

વારે આ રૂપશ્રી મને છેતરીને એ મને મકાને લઇ ગઇ. મને લાવનાર પુરૂષ આ નગરમાં જ છે; તે જો નહિ મળે તો હું અગ્નિભક્ષણ કરીશ.” અહીં રાજમાર્ગ ઉપર હજારો માણસો ભેગાં થયાં હતાં. નગરમાં ગયેલો પેલો જુગારી પણ ખાવાનું લઈ પોતાને સ્થાનકે ગયો. પણ ત્યાં કન્યા જોવામાં આવી નહિ; જેથી એને શોધતો નગરમાં ફરતો આ વરઘોડામાં એ પણ સાથે હતો.

“બાળા, ઉતાવળ ન કર! :આ વિશાળ મેદનીમાં દરેક પુરૂષને જો, ને તું તારા સાથીને ઓળખી કાઢ! પરંતુ કાષ્ટભક્ષણની વાત પડતી મૂક.”

રાજાની વાણી સાંભળી બાળા ખુશી થઈ ને કાષ્ટ-ભક્ષણ કરવાની વાત છોડી ત્યાં એકત્ર થયેલા દરેક પુરૂષને જોવા લાગી. ધ્યાનપૂર્વક જોતાં તે બાળાએ અનુક્રમે પોતાના સાથીને ઓળખી કાઢયો. એ પુરૂષને જોઇને રાજા તરફ નજર કરતી બાળા લક્ષ્મી બોલી, “મહારાજ! મને લાવનાર આ જ પુરૂષ!”

લક્ષ્મીએ બતાવેલા પુરૂષને જોઈ રાજા ચમક્યો. એની પાસે આવી, બરાબર ઓળખી, રાજા એ પુરૂષના ચરણ-કમળમાં નમ્યો.

એ પુરૂષને રાજા પણ નમ્યો—પગે લાગ્યો એ જોઇ રાજબાળા લક્ષ્મી તો આભીજ થઇ ગઇ, “ત્યારે એ પુરૂષ કોણ હશે?”

“મહારાજ! અવંતીરાજ! મારા અપરાધની ક્ષમા કરો!” રાજાએ પેલા પુરૂષની ક્ષમા માગી.

“રાજા! તારા નગરમાં આવો ન્યાય છે! મત્સ્યના ન્યાયે તું રાજ કરે છે. જો, જબરો નબળાનો શિકાર કરે છે!” પેલા પુરૂષે રાજાને શિખામણ આપી.

"મહારાજ! મારી મૂર્ખતાની મને ક્ષમા કરો!" લક્ષ્મીપુરનો રાજા સિંહ બોલ્યો. "મેં આપની મોટી અવજ્ઞા કરી છે." સિંહ સેવકે એ પુરૂષના ચરણમાં પડી ક્ષમા માગી. એ પુરૂષ તે અવંતીરાજ વિક્રમાદિત્ય પોતે હતો, પંચદંડના છત્રની જાળી માટે, રત્નની પેટી લેવાને નાગદમનીએ રાજાને તામ્રલિપ્તીનગરીએ મોકલેલો, તે રત્નપેટી સાથે રાજબાળાને લઈને અહીં આવ્યો હતો. પછી તો સિંહ રાજાએ સિપાહીઓ પાસે રૂપશ્રીને પકડાવી, રત્નની પેટી મંગાવી, મહારાજા વિક્રમાદિત્યના ચરણમાં ધરી. પોતાનો પતિ બીજો કોણ હોય, પણ અવંતીરાજ વિક્રમાદિત્ય પોતેજ હતો; પછી તો લક્ષ્મીના આનંદનો કાંઠ પાર રહે!

સિંહનો સત્કાર કરી રાજા વિક્રમ રત્નની પેટી અને લક્ષ્મીવતીને લઈ પોતાના નગરમાં આવી પહોંચ્યો; અને પ્રિયા લક્ષ્મીવતીને રિદ્ધિસમૃદ્ધિ સહિત સાતભૂમિકાવાળો પ્રાસાદ અર્પણ કર્યો; અને નાગદમનીને મળી રત્નની પેટી અર્પણ કરી કહ્યું; "નાગદમની! લે, આ રત્નની પેટી! ને તું કહેતી હતી તેમ તેનું તું છત્ર બનાવ!"

"રાજન્! આ રત્નોથી છત્ર બનશે નહિ, પણ આ તો છત્રને ફરતી જાળી માટે ઉપયોગી છે. હજી બીજું એક કામ કરો!"

"અને તે કામ?" રાજાએ નાગદમનીને આતુરતાથી પૂછ્યું.

"સોપારક નગરમાં સોમશર્મા બ્રાહ્મણની ઉમાદે નામે પ્રિયાનું ચરિત્ર જાણીને આવો." નાગદમનીની વાણી સાંભળી રાજા ત્યાં જવાને તૈયાર થયો.

પ્રકરણ ૪૩ મું

ઉમાદે

"હે પ્રભો! તમારા ચરણકમળની સેવા કરી ભવ્યજનો પરમપદને પામે છે." સોપારકનગરના આભૂષણરૂપ શ્રી નાભેય-નાભિનંદનની સ્નાત્રપૂજા, અર્ચના તેમજ ભક્તિગર્ભિતસ્તોત્રથી ભગવાનની સ્તુતિ કરી એક ભવ્યપુરૂષ જીનમંદિરમાંથી બહાર નીકળ્યો. પૂજારીને પાસે ઉભેલો જોઈ તેને સોમશર્મા બ્રાહ્મણના મકાન સંબંધી હકીકત પૂછી.

"સોમશર્મા બ્રાહ્મણનું મકાન કયી જગ્યાએ આવ્યું?"

"અરે ભાઈ! આ વિશાળનગરમાં સોમશર્મા તો કેટલા ગણાવું! કયા સોમશર્માને તમે પૂછો છો?" પૂજારીએ પોતાની વિશાળ નગરીનું અભિમાન લેતાં કહ્યું.

"જેની પ્રિયાનું નામ ઉમાદે છે; જે સ્ત્રીની ખ્યાતિ પતિની ભક્તિ કરવામાં જ રહેલી છે, એ ઉમાદેનો પતિ સોમશર્મા!" રાજાએ ઉમાદેની ઓળખ આપીને કહ્યું.

"અરાબર! એ સોમશર્મા પંડિત! વિદ્યાર્થીઓને ભણાવવાનું કામ કરી પોતાની આજીવિકા ચલાવે છે એજ ને! આ રસ્તે જાઓ! અહીંથી થોડેક દૂર જઇ જમણા હાથ તરફ વળજો. ત્યાં નજીકમાં જ એનું મકાન છે. ઓળખાય તેવું જ છે." આંગુલી ચીંધીને રસ્તો બતાવતો પૂજારી બોલ્યો. વિક્રમ એ પરદેશી મુસાફર ઉમાદેનું ચરિત્ર જાણવા માટે ત્યાંથી રસ્તે પડ્યો, અને સોમશર્માના મકાન તરફ તે ચાલ્યો.

સોમશર્મા આંગણામાં વિદ્યાર્થીઓને ભણાવતો હતો, ત્યાં એક વિદ્યાર્થી હાથમાં પાટીપોથી ધારણ કરેલો તેમની પાસે આવી પ્રણામ કરીને ઊભો રહ્યો. નવીન

વિદ્યાર્થીને જોઇ પંડિત બોલ્યો, "કોણ છે તું? ક્યાંથી આવ્યો છે?"

"હું એક વિદ્યાર્થી છું. આપની કીર્તિ સાંભળીને આપની પાસે ભણવા આવ્યો છું. મારું નામ વિક્રમ છે." વિદ્યાના પ્રભાવથી પોતાનું રૂપ સંકોચી, વિદ્યાર્થી જેવું બનાવી, વિક્રમ પંડિત પાસે આવીને આ પ્રમાણે બોલ્યો.

"તો અહીંયાં રહીને તું સુખેથી અભ્યાસ કર!" પંડિતે પોતાની અનુમતિ આપી.

વિક્રમ ત્યાં રહીને અભ્યાસ કરવા લાગ્યો, ને ઉમાદેના ચરિત્રનો પાર પામવા તે ઉમાદે તરફ ખુબ ધ્યાન આપવા લાગ્યો. સર્વ વાતે આખો દિવસ પતિની ભક્તિ કરનારી, પતિના સુખે સુખી ને દુઃખે દુઃખી ઉમાદેના ચરિત્રમાં એ સિવાય બીજું તે શું હોય? તનથી, મનથી અને વાચાથી આખો દિવસ પતિની ભક્તિમાં જ વ્યતીત કરનારી ઉમાદે સ્વભાવે સરળ, વિનયવતી અને કોમળ મનની સાધ્વી જેવી લાગી. આ સાધ્વી અને પતિભક્તિ કરનારી સ્ત્રીમાં વિશેષ શું જાણવાનું હશે?

બેચાર દિવસ વ્યતીત થયા ને વિદ્યાર્થી વિક્રમ હવે એની રાત્રીની ચર્યા જોવાને નિશાસમયે જાગૃત રીતે સૂઈ રહ્યો. પ્રહર રાત્રી વહી ગઇ અને હુંકાર કરતી ઉમાદેએ પલંગ ઉપરથી ઉઠી ચારે કોર નજર કરી તો બધા વિદ્યાર્થીઓ અને પંડિત ભરનિદ્રામાં પડયા હતા. ઉમાદેએ દંડને ગ્રહણ કરી ચારેકોર ફેરવી પતિની શય્યા ઉપર આસ્તેથી ત્રણ વાર તાડન કર્યો, અને તે મકાનની બહાર નીકળી. વિદ્યાર્થી વિક્રમ ચમકયો. ઉમાદે મકાનની બહાર નીકળી નજીક રહેલા વૃક્ષ ઉપર ચડી દંડથી ત્રણ વાર વૃક્ષને તાડન કરતાં વૃક્ષ આકાશમાં ચાલ્યું ગયું. ઉમાદેનું આ ચરિત્ર જોઇ

વિક્રમ આભો થઇ ગયો. એ જાગ્રત વિક્રમના જોતે છતે કેટલીકવારે એ વૃક્ષ પાછું આવીને પોતાની મૂળ જગાએ ગોઠવાઇ ગયું. વૃક્ષ ઉપરથી ઉતરી ઉમાદે પોતાના મકાનમાં આવી, દંડને ભમાવી, ત્રણવાર પતિની શય્યા ઉપર તાડન કરી પોતાની શય્યામાં પોઢી ગઈ.

ઉમાદેના આ અદ્‌ભુત ચરિત્રનો વિચાર કરતો વિક્રમ આખો દિવસ પસાર કરી રાત્રીના સમયે એનું ચરિત્ર જાણવાને તૈયાર થઇ ગયો. પ્રહર રાત્રી ગયે થકે વિક્રમ પોતાની શય્યામાંથી ઉઠી એ વૃક્ષની પોલમાં ભરાઇ બેઠો. ઉમાદે પણ ઉઠીને વૃક્ષની ઉપર ચડી આકાશમાર્ગે ચાલી જંબુ નદ્વીપમાં આવી; હુંકાર કરતી વૃક્ષ ઉપરથી ઉતરી નિર્જરાદેવીના મંદિરમાં દંડને ભમાવતી આવી પહોંચી. વૃક્ષની પોલમાંથી નીકળેલો વિક્રમ પણ અદૃશ્યપણે ફરતો ઉમાદેની ચેષ્ટા જોવાને પછવાડે પછવાડે આવ્યો. નિર્જરાદેવીને નમી ઉમાદે એની સ્તુતિ કરવા લાગી. હંમેશના નિયમ પ્રમાણે ચોસઠ યોગિની અને બાવન વીર આવીને પોતપોતાની જગાએ બેઠા. ઉમાદેએ અનુક્રમે સર્વને નમીને સ્તુતિ કરી. ઉમાદે તરફ જોઇને અરૂણલોચન ધારણ કરતો ક્ષેત્રપાલ બોલ્યો, "મારો આપેલો સર્વરસદંડ ગ્રહણ કરીને તું હમેશાં મનગમતી મોજ કરે છે, પણ અમારા બલિ માટે તો હજી લગી તેં કાંઈ ગોઠવણ પણ કરી નથી, સમજી ઉમાદે!"

ક્ષેત્રપાલનાં વચન સાંભળી ઉમાદે ભય પામતી બોલી, "દેવ! તમારા બલિની તૈયારીમાં જ છું, આજ સુધી સામગ્રી અધુરી હતી તે ભાગ્ય થકી હવે પૂર્ણ થઇ છે. બત્રીસ લક્ષણને ધારણ કરનારા ચોસઠ વિદ્યાર્થીઓ હાલ મારી પાઠશાળામાં અભ્યાસ કરે છે. એક એક જોગણીને

એક એક વિદ્યાર્થી ભક્ષ માટે આપીશ, ને મારો પતિ તમારા ભક્ષ માટે તમને અર્પણ કરીશ.”

ઉમાદેવીની મધુર વાણીથી ક્ષેત્રપાલ કાંઈક ઠરો પડી તેણીને કહ્યું કે “ત્યારે હવે શી વાર છે?”

“કશી નહિ. તમે જે દિવસે કહો તે દિવસે બધી કહેલ સામગ્રી તૈયાર કરું!” ઉમાદે બોલી.

“તો આવતી કૃષ્ણ ચતુર્દશીના દિવસે તૈયાર કર!” ક્ષેત્રપાલે કહ્યું.

“શી વિધિથી તૈયાર કરું? જરા સ્પષ્ટતાથી કહો!”

“જો સાંભળ! આવતી ચતુર્દશીના દિવસે નિશાને સમયે બાનગીમાં તારા મકાનની અંદર ચોસઠ મંડલ પૂરજે, ને એક તારા પતિનું મંડલ કરજે. કણવીરના ફુલની માળા સર્વને પહેરાવજે. તેમના કપાલે તિલક કરી હાથે રક્ષાબંધન-નાડાછડી બાંધજે. એવી રીતે તૈયાર કરી પાંસઠનેય મંડલમાં બેસારી ભોજન કરાવજે. તે સમયે અમે આવીને એક એકનું ભોજન કરી લેશું.” ક્ષેત્રપાલની વાણી સાંભળી ઉમાદે હાથ જોડી બોલી, “ગમે તેવી માયા કરીને પણ, હું તમે કહ્યું તે પ્રમાણે તે દિવસે જરૂર કરીશ.”

ક્ષેત્રપાલ અને ઉમાદેની વાતચીત અદૃશ્યપણે વિક્રમ પણ સાંભળતો હતો. ચૌદશનો દિવસ નક્કી કરી ઉમાદે જવાની તૈયારી કરવા લાગી. વિક્રમ પણ તરત જ આવીને વૃક્ષની પોલમાં ભરાઇ ગયો. હુંકાર કરતી ને દંડને ભમાવતી ઉમાદે વૃક્ષ ઉપર ચઢીને પોતાના મકાને આવી. પાછળથી ગુપચુપ વિક્રમ પણ પોલમાંથી બહાર નીકળી પોતાની પથારીમાં પોઢી ગયો. પોતાના અને સર્વે છાત્રોના મરણનો વિચાર કરતો વિક્રમ નિદ્રાવશ થઇ ગયો.

પ્રાતઃકાળે ઉઠેલો વિક્રમ પોતાના કાર્યમાં મશગુલ

છતાં, રાત્રીની વાત તેના હૈયામાંથી ભૂલાતી નહોતી. "એક દુષ્ટા સ્ત્રી પોતાનો અને આ બધાનો શું નાશ કરશે? સમયને અનુસરીને હું પણ એવું કરીશ કે અમે બધા સુખી થઇએ!" વિક્રમે આ પ્રમાણે મનમાં દૃઢ વિચાર કર્યો.

વિક્રમાદિત્ય બીજે દિવસે સોમશર્મા પંડિત સાથે નદીએ સ્નાન કરવા ગયો. એકાંતનો સમય પ્રાપ્ત થતાં વિક્રમે પૂછ્યું: "પંડિતજી! આપ કયા કયા શાસ્ત્ર જાણો છો?" વિદ્યાર્થી વિક્રમની વાત સાંભળી પંડિત ગર્વથી બોલ્યો, "લક્ષણશાસ્ત્ર, છંદશાસ્ત્ર, વ્યાકરણ, ન્યાય, ભાષ્ય, કાવ્ય, નાટક, ગણિત, તર્ક અને ધર્મશાસ્ત્રાદિ સર્વેને વિષે મારી બુદ્ધિ અસ્ખલિત ચાલે છે."

"ત્યારે આપ એટલું જ કહોને કે મારૂં આયુષ્ય કેટલું છે?"

વિક્રમની વાણી સાંભળી દંગ પામેલો પંડિત તેની સામે જોઇ રહ્યો, અને જરા વિચાર કરતો તે બોલ્યો, "તે તો હું નથી જાણતો!"

"ત્યારે હું કહું—તમારૂં આયુષ્ય કેટલું છે તે?"

"હા કહે!" આશ્ચર્ય પામતા પંડિતે પૂછ્યું.

"આવતી ચતુર્દશીની રાત્રીએ તમે અને તમારા સર્વે વિદ્યાર્થીઓ મૃત્યુને પામી જશો." વિક્રમે ઉભાદેનું ચરિત્ર પણ પંડિતને કહી સંભળાવ્યું.

"શું આ ખરી વાત છે?" પંડિતે પૂછ્યું.

"તે તમે તમારી જાતે જ ખાતરી કરી લ્યો. આજે સાંજે રાત્રીના સમયે તમારા મકાનની નજીક રહેલા પેલા વૃક્ષની પોલમાં પેસી જજો ને બધું ચરિત્ર જોઇ લેજો."

પંડિતે મનમાં કંઇક નિશ્ચય કરી પ્રિયાના ચરિત્રનો ભેદ પામવાનો ઠરાવ કરી લીધો. દિવસ જેમ તેમ પૂરો કરી રાત્રીને સમયે વૃક્ષની પોલમાં ભરાઇ તેણે રાત્રીનું એ

પતિભક્તા પ્રિયાનું ચરિત્ર જોઇ લીધું. મૃત્યુના ભયથી ગભરાયેલા પંડિતે સવારે ખાનગીમાં વિક્રમને બધી વાત કરીને બન્નેએ અમુક સંકેત કર્યો.

ચતુર્દશીના દિવસે ઉમાદેએ બધી તૈયારી કરી, પતિને સમજાવી, પતિ સહિત ચોસઠ વિદ્યાર્થીઓને મંડલમાં બેસારી, ક્ષેત્રપાલના કહ્યા પ્રમાણે બધાને શણગારી, પેલા સર્વરસદંડને ભમાવતી વિચિત્ર ચેષ્ટા કરવા લાગી. પછી સર્વરસદંડને નીચે મુકી ચોસઠ વિદ્યાર્થીઓ ને તેના પતિને ભોજન પીરસવા લાગી, તે સમયે વિક્રમ સર્વરસદંડને ગ્રહણ કરી મુઠી વાળી નાઠો. તેની પછવાડે પંડિત અને સર્વ વિદ્યાર્થીઓ જીવ બચાવીને ભાગ્યા. અનુક્રમે નગરની હદ છોડીને ઘણે દૂર નાસી ગયા. તેમની આવી ચેષ્ટા જોઇ ઉમાદે ગભરાઇ ગઇ. તે સમયે બાવન વીર, ક્ષેત્રપાલ અને ચોસઠ જોગણી આવી પહોંચ્યાં, પણ પોતાનો બલિ ન જોવાથી ઉમાદેનો બલિ ગ્રહણ કરી તેઓ બધાં અદૃશ્ય થઇ ગયાં.

છાત્રો અને પંડિત સહિત નાઠેલો વિક્રમ વહાણમાં બેસીને અનુક્રમે કટાહદ્વીપમાં આવ્યો. ત્યાં ફરતાં ફરતાં તેઓ શ્રીપુરનગરની ભાગોળે આવ્યા. બધાંને નગરીની બહાર ઉદ્યાનમાં મુકીને વિક્રમ સર્વરસદંડને ભમાવતો નગરીમાં ચાલ્યો, ચોક, બજાર, ચૌટાં, મકાનો આદિને સમૃદ્ધિથી ભરેલાં ને મનુષ્ય વગરનાં જોઈ વિક્રમ આશ્ચર્યથી વિચારમાં પડયો. "આ શું? કોઈ માનવપ્રાણી કેમ જણાતું નથી?" શુન્ય નગરને જોતો તે વિચાર કરતો વિક્રમાદિત્ય ફરતો ફરતો રાજમહેલમાં આવી પહોંચ્યો. મહેલની પ્રદક્ષિણા કરતો તે સાતમી ભૂમિકાએ આવ્યો; ત્યાં એક રાજકન્યાને જોઈ ચમકયો. રાજકન્યા પણ આ નરને જોઈ ચમકી. "બાળા!

આ નગરમાં કોઇ મનુષ્યપ્રાણી જણાતું નથી તે શું ?"

આ પુરૂષને જોઇ ખુશી થતી બાળા બોલી, "નરોત્તમ! તમે જતા રહો, નહિ તો દુષ્ટ રાક્ષસ આવી તમને મારી નાખશે. આ શ્રીપુરનગરના વિજય રાજાની હું ચંદ્રાવતી નામે રાજકન્યા છું, મારા સ્વરૂપમાં દીવાના બનેલા રાક્ષસે મને એકને જ રાખીને સર્વને નગરીમાંથી નસાડી મુક્યાં છે. એના ભયથી નગરીના બધા લોકો ભાગી ગયા છે."

બાળાની આ વાત સાંભળી વિક્રમ બોલ્યો, "બાળા! ભય પામીશ નહિ. પણ એક વાત મને કહે કે તેના મૃત્યુનો ઉપાય તું કાંઇ જાણે છે?"

"પોતાના વજ્રદંડને ભૂમિ ઉપર મુકી જ્યારે એ દેવતાનું અર્ચન કરવા બેસે છે ત્યારે એ દંડને કોઇ ઉપાડી લે તો એ જીતી શકાય એમ છે. હવે એને આવવાનો સમય થયો છે, તમે છુપાઇ જાઓ!" રાજબાળા ચંદ્રાવતીના કહેવાથી વિક્રમ ત્યાં જ છુપાઈ ગયો, ને પેલો રાક્ષસ અટ્ટ-હાસ્ય અને હુંકાર કરતો આવી પહોંચ્યો, "અરે, અહીં માણસની ગંધ આવે છે. બોલ! ક્યાં છે મારો શિકાર?"

"મારો શિકાર કર! મારા સિવાય અહીં બીજું કોણ છે તે! તારી પાસે મરવાને તે કોણ આવે?" બાળાના વચનથી રાક્ષસ શાંત થયો.

પોતાના વજ્રદંડને જમીન ઉપર છોડી અભિમાનથી મદોન્મત્ત બનેલો રાક્ષસ સ્નાન કરી, પવિત્ર થઇ, દેવતાનું પૂજન કરવા બેઠો. વિક્રમે અચાનક પ્રગટ થઇ એ દૈત્યની પાસેથી પેલા વજ્રદંડને ઉપાડી લીધો.

"ઉઠ! ઉઠ! મારી સાથે યુદ્ધ કર!" કોઈ દિવસ નહિ સાંભળેલો શબ્દ સાંભળી રાક્ષસ ચમક્યો, "ઓહો! આ કોઈ અભિમાનીને એના ગર્વનું ફળ આપવા દે."

રાક્ષસ ધૂળમાંથી ઉઠીને વિક્રમની સન્મુખ આવ્યો. "અનેક દાનવો અને માનવોને મેં યુદ્ધમાં જીતી લીધા છે, ને તું હવે મને ડરાવવા આવ્યો છે? હોશિયાર!"

"અરે! નિરપરાધી, દીન, દુઃખી અને અનાથને સંતાપનાર, પાપીયા! મને વિક્રમાદિત્યને શું તું નથી જાણતો? ખર્પકર ચોર જેવાનો નાશ કરનાર ને અગ્નિવૈતાલ જેવા અસુરોને વશ કરનાર અને અત્યારે તો તારો કાળ!" વિક્રમાદિત્યનાં વચન સાંભળી ક્રોધથી ધમધમતા રાક્ષસે ત્રણ ગાઉનું શરીર બનાવ્યું. ભયંકર આકૃતિ અને બિભત્સ શરીરવાળો અસુર વિક્રમ ઉપર ધસ્યો. વિક્રમે પણ અગ્નિ-વૈતાળનો મદદથી છ ગાઉનું શરીર બનાવી એની સાથે યુદ્ધ કરી એને મારી નાંખ્યો.

અગ્નિવૈતાળની મદદથી વિક્રમે એ શ્રીપુરનગરીને માણસોથી ભરી દીધી. વિજયરાજા, રાણી ને બધા પરિવારને વૈતાલ શ્રીપુરનગરમાં તેડી લાવ્યો. દૈત્યના દમનથી રાજા વિજય ખુશી થયો, ને તેણે વિક્રમનો આભાર માન્યો; પોતાની કુંવરી ચંદ્રાવતી વિક્રમ સાથે પરણાવી દીધી. નગરની બહાર રહેલા પંડિત અને તેમના છાત્રોને વિક્રમે નગરીમાં તેડાવ્યા; તેમનું માનસન્માન વધાર્યું, ભયથી નાસી ગયેલા નગરજનો જ્યાં ત્યાંથી સમાચાર મળતાં પોતાના નગરમાં આવી ગયા. થોડા દિવસમાં તો રામરાજ્યની માફક વ્યવહાર ચાલ્યો અને એ અસુરનો ભય સૌ કોઈ ભૂલી ગયા.

રાજા વિક્રમે વૈતાલને ઉમાદેની ખબર કાઢવાને મોકલ્યો. વૈતાળે સોપારકમાં એની તપાસ કરી, વિક્રમને સ્નાનના સમાચાર આપ્યા કે, "યોગિની અને ક્ષેત્રપાળોએ એને મારી નાંખી છે."

રાજા વિક્રમ અગ્નિવૈતાળની મદદથી પોતાની પત્નિ

ચંદ્રાવતી, પંડિત અને ત્રેસઠ છાત્રોની સાથે સોપારકમાં પંડિતના મકાને આવ્યા, ત્યાં પંડિતને અને છાત્રોને મુકી એમનાં માનસન્માન લઈ, વિક્રમ ચંદ્રાવતી અને બન્ને દંડ-સર્વરસદંડ અને વજ્રદંડની સાથે પોતાની નગરી અવંતીમાં ચાલ્યો, અને અવંતીમાં પહોંચી, સર્વરસદંડ અને વજ્રદંડ નાગદમનીને આપી ને કહ્યું, "હવે છત્ર તૈયાર કરો!"

"હજી વાર છે. હજુ એક આદેશ બાકી છે, તે પૂર્ણ કરો, પછી વાત!" નાગદમની હસીને બોલી, "તારા મતિસાર મંત્રીને પરિવાર સહિત દેશનિકાલ કર અને સુપાત્રને વિષે દાન આપ!"

રાજાએ તુરત જ મતિસાર મંત્રીની લક્ષ્મી પડાવી લઇ તેને દેશનિકાલ કર્યો.

"પુરૂષ રૂઠે તે પાલવે, વનિતાની શી વાત,
ભેદી સૌધી ભામિની, કરે પલકમાં ઘાત."

પ્રકરણ ૪૪ મું.

પંચદંડમય છત્ર

છ માસ પછી નાગદમનીએ મતિસાર મંત્રીને રત્નાપુર નગરમાંથી પોતાના નગર અવંતીમાં લાવવાનું રાજાને કહેવાથી રાજા રત્નાપુર તરફ રવાના થયો. અને રત્નાપુરના પાદરે આવી પહોંચ્યો. શિયાળના શબ્દને અનુસારે પુત્રવધુએ રાજાની સામે મોકલેલો મંત્રી નગરની બહાર આવ્યો ને રાજાને સામો મળ્યો. મંત્રી રાજા વિક્રમને પોતાને ઘેર તેડી લાવ્યો. માન, પાન ને ભક્તિથી રાજાની સેવાચાકરી કરી મંત્રીએ રાજાને પ્રસન્ન કર્યા. રત્નપુરમાં મંત્રીના ઘરની સમૃદ્ધિ જોઈ રાજા અચંબો પામ્યો. રાજાએ એને પોતાના

નગરમાં આવવાને કહ્યું, અને મંત્રીને પાછા લાવી મંત્રીની પદવી પાછી અર્પણ કરી. રાજાના કહેવાથી મંત્રીએ પણ અવંતી જવાની તૈયારી કરી.

એક દિવસે પડહ વગાડતા રાજસેવકો મતિસાર મંત્રીના મકાન આગળ આવ્યા. રાજપડહની વાત સાંભળી રાજા વિક્રમ બોલ્યો, "મંત્રી! આ શું હકીકત છે?" રાજાની આગળ મંત્રીએ ખુલાસો કર્યો, "મહારાજ! અહીંના રાજા વિજયની સભામાં પૂર્વે એક દિવસ કોઇ જાદુગર આવ્યો. તેણે રાજાની આગળ અનેક ખેલ કરી બતાવી રાજાને પ્રસન્ન કર્યા. રાજાએ કહ્યું, "રોજ સ્વાદિષ્ટ આમ્રફળ પાકાંને પાકાં ઉતરે તેવી આમ્રવાટિકા બનાવ!" રાજાના કહેવાથી જાદુગરે આમ્રવાટિકા તૈયાર કરી. રાજાને એમાંથી પાકાં ફળો ઉતારી ભક્ષણ કરવા આપ્યાં. રાજા અને તેનો પરિવાર આમ્રફળને આરોગી પ્રસન્ન થયો. તે સાથે રાજાએ વિચાર કર્યો કે જાદુગરને મરાવી નાખ્યો હોય તો આ આમ્રવાટિકા કાયમ રીતે આપણા ઉપયોગમાં આવે. રાજા વાજા ને વાંદરાં એ ત્રણ કોઇનાં નહિ.

"રાજાએ સેવકોને હુકમ કરી જાદુગરને મરાવી નાખ્યો. પછી રાજાએ સેવકોને આમ્રફળ લેવા મોકલ્યા તો વાટિકામાં આમ્રફળને બદલે પથ્થર થઇ ગયા, ને સરોવરમાં મધુર જળને બદલે રેતી બની ગઇ આથી રાજાને પશ્ચાતાપ થયો, પણ હવે શું થાય!

"મંત્રી સાથે સલાહ કરી રાજાએ પડહ વજડાવી નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી કે, જે કોઇ એ મારી આ આમ્રવાટિકા તાજી કરી આપશે તેને રાજા પોતાની કુંવરી ને અર્ધ-રાજ્ય આપશે." મંત્રીએ રાજાને વાત કરી, પછી રાજાના કહેવાથી મતિસાર મંત્રીએ પડહનો સ્પર્શ કર્યો. રાજ-

સેવકોના કહેવાથી રાજાએ મતિસારને પોતાની પાસે તેડાવી આમ્રવાટિકાને તાજી કરી. નિત્ય ફળ આપતી કરવાને કહ્યું. મતિસાર રાજા વિક્રમાદિત્યની સાથે વાટિકામાં આવ્યો. ત્યાં વિક્રમાદિત્યે અગ્નિવૈતાળની સહાયથી વાટિકાને તાજી ને નિત્ય ફળ આપતી કરી દીધી. વિક્રમે આપેલાં ફળ રાજાએ પોતાની જાતે ભક્ષણ કર્યાં. તે પૂર્વેના જેવાં જ રસવાળાં અને સ્વાદિષ્ટ હોવાથી રાજા વિજય ખુશી થયો. શરત પ્રમાણે રાજકન્યા વિક્રમ સાથે પરણાવી, અર્ધરાજ્ય આપ્યું. રાજા વિક્રમ મંત્રી સાથે અને નવી પરણેલી રાજકન્યા સાથે નિત્ય ફળ આપનારાં આમ્રફળના બીજ લઇને પોતાને નગર આવ્યો. પેલા આમ્રફળના બીજને રાજાએ પોતાની રાજવાટિકામાં રોપાવ્યાં ને ત્યારથી રાજા પણ પ્રતિદિવસ આમ્રફળનાં તાજાં ફળોનો સ્વાદ લેવા લાગ્યો.

રાજાએ એક દિવસે રાજસભામાં બ્રાહ્મણોને બોલાવીને પૂછયું કે, "કહો, જગતમાં સુપાત્ર કોણ છે?"

"અમારાથી વધુ સુપાત્ર જગતમાં બીજું કોણ છે?" હુંકારથી અભિમાનમાં રાચતા બ્રાહ્મણો બોલ્યા. અને તેઓ એકબીજાની સામે જોવા લાગ્યા.

"તમને શું શું દાન આપવું?" રાજાએ પૂછયું.

"દાનમાં આપવા લાયક ઘણી વસ્તુઓ છે. પૃથ્વી, ગાય, વસ્ત્ર, પાત્ર, આભૂષણ અન્ન, વિગેરે અનેક વસ્તુઓનું બ્રાહ્મણોને દાન કરી શકાય છે. અમને દાન આપનાર પ્રાણીઓ સદ્ગતિએ જાય છે!" બ્રાહ્મણે આ રીતે કહ્યું.

રાજાએ કહ્યું, "તીવ્ર તપથી કર્મોને જે હણે તે બ્રાહ્મણ કહેવાય. શરૂઆતમાં ભરત ચક્રવર્તીએ મર્યાદા બાંધી જેવા બ્રાહ્મણો કહ્યા છે તેવા તમે બધા છો કે કેમ?" તે તમો કહો.

રાજાએ આવું પૂછયું એટલે બ્રાહ્મણો માંહોમાંહે ખળભળવા લાગ્યા, 'આ રાજા આમ કેમ બોલે છે? ગાંડો થયો છે કે શું? બ્રાહ્મણો મનમાં વિચાર કરતા બોલ્યા.

"બ્રહ્મચર્યને પાળે તે બ્રાહ્મણ કહેવાય!" બ્રાહ્મણના એ મુખ્ય સૂત્રનો ઉચ્ચાર કરતો રાજા બોલ્યો.

"રાજન્! એ તો સાપ ગયા ને લીસોટા રહી ગયા. આજના કાળ પ્રમાણે અમે પણ બ્રાહ્મણ જ કહેવાઇએ!" હુંકાર કરતા બ્રાહ્મણો બોલ્યા.

રાજાએ સેવકો પાસે કંઈક દાન માન અપાવી એ અભિમાનીઓને રવાના કર્યા. તે પછી રાજાએ સાધુઓને બોલાવી સુપાત્ર માટે પૂછયું. રાજાના જવાબમાં સાધુઓ બોલ્યા, કે "હે રાજન્! જગતમાં કર્મગુરૂ અને ધર્મગુરૂ એ બન્ને ગુરૂઓ પાત્રદાનને યોગ્ય છે. જેઓ વિવાહ, શાંતિસ્નાત્ર, જીનપૂજા, પ્રભાવના આદિ કર્મ કરાવે છે, તે કર્મગુરૂઓ કહેવાય છે: તેમજ પાપવ્યાપારથી રહિત, મહાવ્રતને ધારણ કરનારા, ધીર, ભિક્ષામાત્રથી આજીવિકા કરનારા, સામાયિકમાં સ્થિર રહેનારા અને નિરંતર ધર્મનો ઉપદેશ કરનારા ધર્મગુરૂઓ વિશેષે કરીને સુપાત્રને યોગ્ય છે. મોક્ષની અભિલાષા કરનારાઓએ આવા ઉત્તમ જનોને દાન કરવું યોગ્ય છે."

એ સાધુ પુરૂષોની વાણી સાંભળી રાજા મનમાં ખુશી થયો. "ખરેખર, દાન દેવાને યોગ્ય પાત્ર તો આ મુનિઓજ છે: જેઓ પાપરહિત, અહંકાર વર્જિત, ને તપ કરવામાં હંમેશાં તત્પર રહેનારા છે." વિચાર કરીને રાજાએ વસ્ત્ર, પાત્ર વગેરે મુનિઓને આપવા માંડયું. રાજાને દાન આપતો જોઈ મુનિઓ બોલ્યા, "રાજન્! ચાવીશ તીર્થંકરોના સમયમાં રાજપીંડ લેવાનો આચાર હતો,

પણ ચરમતીર્થપતિના શાસનમાં રાજપિંડનો નિષેધ હોવાથી અમારાથી તો તે ગ્રહણ થઈ શકે નહિ: છતાં દીન, દુઃખી અને અનાથોને દાન આપી તમે આત્મહિત સાધો.” મુનિઓ ઉપદેશ કરીને ચાલ્યા ગયા. રાજાએ પછી વસ્તીને અનેક પ્રકારે દાન આપવા માંડયું. દીન, દુઃખી, યાચક, ભાટચારણોને દાન દઈ રોજ રાત્રીના સમયે રાજા નગરચર્યા જોવાને નીકળતો હતો.

અદૃશ્યપણે ફરતો રાજા વિક્રમ રાત્રીને સમયે પુરોહિતના મકાન નજીક આવ્યો. વિચાર કરતો રાજા ત્યાં થોડીવાર ઉભો રહ્યો. કૌતુકના અભિલાષી રાજાએ દેવદમનીની બહેન હરિયાળીને સુંદર વસ્ત્રોથી સુસજ્જિત થયેલી પોતાના તરફ આવતી જોઇ. એ હરિયાળી માલીકન્યા વિજયાને જોઇ બોલી, “અરે, આમ બનીઠનીને આટલી ઉત્સુકતાથી ક્યાં જાય છે!” હરિયાળીને જોઇ વિજયા બોલી, “ચાલ ઠીક થયું, હું તનેજ બોલાવવા આવતી હતી. પાતાલમાં નાગ વ્યવહારીની તનયા ને મારી બહેનપણી નાગકુમારીનાં આજ લગ્ન હોવાથી મને આમંત્રણ છે. તો તમે બધાં પણ મારી સાથે ચાલો. પુષ્પકરંડક લઇને મારે ત્યાં જવાનું છે.” એમ કહી માલિનીકન્યા વિજયા હરિયાળીની સાથે પોતાના પૈસેથી પુષ્પકરંડક લઇને ચાલી તે પછી પુરોહિતને ઘેર બન્ને જણીઓએ આવીને પુરોહિતની કન્યા ગોમતીને સાથે આવવા સૂચના કરી. ગોમતી પણ તૈયાર થઇ. વિષાપહારકંડ લઇને તે પણ તેમની સાથે ચાલી. હરિયાળી પણ વિચાર કરી પોતાને ઘેરથી ભૂમિસ્ફોટકકંડ લઇને તેમની સાથે થઈ ગઈ. પછી ત્રણે જણી નગરના દરવાજા તરફ ચાલી. એમની ચર્ચા જોતો રાજા પણ તેમની પાછળ પાછળ ચાલ્યો. “કોઈ બટુક છોકરો મળે તો ઠીક.

તેની પાસે આપણે પુષ્પકરંડક ઉપડાવીએ.” વિજયા ભાલણ પોતાની સખીઓને કહી ચારેકોર જોવા લાગી. આ સાંભળી રાજા વિક્રમ બટુકનું સ્વરૂપ ધારણ કરી તેમની સામે આવતો જણાયો

“છોકરા! આ પુષ્પનો કરંડિયો લઇ અમારી સાથે આવીશ?”

“હા! શા માટે નહિ?” બટુક કઠોર કલેજે એ ત્રણે સખીઓને જોતો બોલ્યો.

“ત્યારે મજુરીનું શું લઇશ?”

“તમારી મરજી પડે તે આપજો.” બટુકે કહ્યું.

બટુકને માથે પુષ્પનો કરંડિયો મૂકી નગરી બહાર ત્રણ સખીઓ આવી. ત્યાં એક વૃક્ષ ઉપર ચડીને ત્રણે જણી પેલા બટુકને લઈ હુંકાર કરતી આકાશમાં ચાલી. એ વૃક્ષ તેમને લઈ ને સ્વર્ણદ્વીપમાં આવ્યું. સ્વર્ણદ્વીપમાં તેમણે થોડીક વાર ક્રીડા કરી ભૂમિસ્ફોટક દંડથી જમીનમાં મોટું વિવર પાડયું, ને પાતાલમાં જવાનો રસ્તો કર્યો. પછી સરોવરમાં સ્નાન કરી શુદ્ધ થઇ તેમણે પાતાલમાં જવાનો વિચાર કરવાથી પુષ્પનો કરંડિયો અને અન્ને દંડ બટુકના હાથમાં આપી ત્રણે સખીઓ સરોવરમાં સ્નાન કરવાને પેઠી. આ તકનો લાભ લઈ પેલો બટુક પુષ્પકરંડક અને બીજો દંડ લઇને પાતાલનગર જોવાને પાતાળમાં ઉતરી ગયો. નાગકુમારનાં લગ્ન હોવાથી આજે અનેક નાગકુમારોની શોભાથી પાતાલનગર શોભી રહ્યું હતું. એ નગરીની શોભાને જોતો બટુક પાતાલનગરમાં ફરવા લાગ્યો. નાગકુમારનો પુત્ર વરરાજા અલંકારથી વિભૂષિત થયેલો અશ્વારૂઢ થઈને બજારમાં આવ્યો. બટુકે એને જોઈ કંઇક વિચાર કરી વૈતાલને યાદ

કર્યો. વૈતાલે હાજર થઇ અશ્વ ઉપરથી નાગકુમારના પુત્રને ઉપાડી છુપાવી દીધો ને બટુક વિક્રમને તે સ્થાને નાગકુમાર જેવું સ્વરૂપ કરીને ગોઠવી દીધો, અને તે મનોહર હાર કંકણ, બાજુબંધ ધારણ કરીને નાગકન્યા સાથે પાણિગ્રહણ કરવાને તે અશ્વારૂઢ પણે ચાલ્યો.

સરોવરમાંથી સ્નાન કરી ત્રણે સખીઓ બહાર આવી; પણ બટુક જોવામાં આવ્યો નહિ, તેથી પોતાનાં વસ્ત્રોને ધારણ કરતી બીક થયેલી તે ત્રણે સખીઓ બટુકને શોધતી પાતાલનગરમાં આવી. ત્યાં ફરતી ફરતી નાગકુમાર સાથે નાગકુમારીનો વિવાહ જોવાને ઉભી. વિવાહના ઉત્સવમાં આવેલી ત્રણે સખીઓને જોઈ વિક્રમે વૈતાળની સહાયથી તેમને પોતાનું બટુક સ્વરૂપ દેખાડ્યું. આ બટુકને અહીં જોઇ ત્રણે આશ્ચર્યચકિત થઇ ગઇ. પછી તો વરના પોશાકમાં બટુક પોતાના સ્થાનકે લગ્નમંડપમાં બેઠો હતો ત્યાં આ ત્રણે સખીઓ આવીને બોલી, "અરે બટુક! અમારા બન્ને દંડ હરીને અહીં નાગકન્યા પરણવા આવ્યો છે, એ તો ઠીક; પણ અમારા બન્ને દંડ અમને પાછા આપ, નહિ તો મોટા સંકટમાં તને અમે નાંખીશું, સમજ્યો?' હરિયાળી, ગોમતી અને વિજયા આ ત્રણે હુંકાર કરતી બટુક સામે બોલવા લાગી.

આ ત્રણે બાળાઓની વાણી સાંભળી બટુક જરા હસ્યો, ને પોતાના મૂળ સ્વરૂપ વિક્રમસ્વરૂપે ત્યાં પ્રગટ થયો. સાક્ષાત્ વિક્રમને જોઇ ત્રણે બાળાઓ લજ્જીત થઈ ગઈ અને બોલી, "અરે સ્વામિન્! અમારું પાણિગ્રહણ કરો!"

નાગકન્યાનો બાપ પણ વિક્રમને જોઇ મનમાં અતિ પ્રસન્ન થયો. તેજ મુહૂર્તે વિક્રમે ચારે કન્યાઓનું સાથે પાણિગ્રહણ કર્યું. વરના પિતાએ વિક્રમરાજા પાસે આવીને

પ્રાર્થના કરી, "મહારાજ! મારા પુત્રને પ્રગટ કરો!"

નાગની વિનંતિથી રાજાએ વૈતાલ પાસે તેનો પુત્ર મંગાવી નાગને અર્પણ કર્યો. નાગકુમારે પોતાની પુત્રી સુરસુંદરીને વિક્રમ સાથે પરણાવીને મણિદંડ ભેટ તરીકે આપ્યો. ચંદ્રચુડ નાગકુમાર વિક્રમને પોતાના મકાને લઈ ગયો, ને કમલની ઉપમા સરખી પોતાની કમલાકુમારી પુત્રી રાજા સાથે પરણાવીને કરિયાવરમાં પુષ્કળ ધન આપ્યું. પછી રાજા વિક્રમાદિત્ય ભૂમિસ્ફોટકદંડ, વિષાપહારહ દંડ અને મણિદંડ એ ત્રણે દંડ સાથે તેમજ છ પ્રિયાઓ સાથે પાતાલનગરીમાંથી ભૂમિસ્ફોટક દંડના પ્રભાવથી બહાર નીકળી પોતાની નગરી અવંતીમાં આવ્યો. નવીન સ્ત્રીઓને પરણી લાવેલો હોવાથી રાજાએ મોટો મહોત્સવ કર્યો; દાનથી અનેકનાં દારિદ્રનો નાશ કર્યો. અને નાગદમનીને પેલા ત્રણે દંડ આપી છત્ર તૈયાર કરવાની સૂચના કરી.

નાગદમનીએ પંચદંડ વડે કરીને મનોહર છત્ર તૈયાર કર્યું. રત્નની પેટીમાંથી રત્નો લઇ છત્રને ફરતી નીચે જાળી (ઝુલ) મુકી દિધી. એવી રીતે નાગદમનીએ પોતાની બુદ્ધિથી પંચદંડવાળું છત્ર બનાવી દીધું. નિત્ય ફળ આપનાર આમ્રવાટિકામાં નાગદમનીએ સ્ફટિક પાષાણનું સુંદર સિંહાસન તૈયાર કરી તેની ઉપર પેલા પંચદંડવાળા છત્રની ગોઠવણ કરી. આગળ એક સુંદર સભા બનાવી. નાગદમનીની બુદ્ધિથી આમ્રવાટિકામાં મનોહર રચના-દિવ્ય સભા સિંહાસન સહિત તૈયાર થઇ ગઈ.

સારૂં મુહૂર્ત જોઇ રાજા વિક્રમાદિત્યે એ સિંહાસન ઉપર બેસી પંચદંડવાળું છત્ર ધારણ કર્યું. તે સમયે દીન યાચકોને મોં માગ્યું દાન આપી તેણે સર્વને શ્રીમંત બનાવી દીધા. એ સિંહાસન ફરતી બત્રીસ પુતળીઓ ગોઠવેલી

હોવાથી સિંહાસનની શોભા જગતમાં અધિક પ્રસિદ્ધતાને પામી. રાજા વિક્રમાદિત્ય પૃથ્વીનું પાલન કરતો ન્યાયથી રાજ્ય કરવા લાગ્યો, અને એની રાજ્યલક્ષ્મી પણ અનુક્રમે વૃદ્ધિને પામતી ગઇ.

પ્રકરણ ૪૫ મું

કાલીદાસ પંડિત

"કહ્યા કરે કીરતારકું, ભૂલ કરે પરવીન,
મુરખકું સંપત્તિ દીએ; પંડિત સંપત્તિહીન."

ન્યાયથી પ્રજાનું પાલન કરતો ને બત્રીસ પુતળીઓ વડે સુશોભિત સ્ફટિકના સિંહાસન ઉપર બેસતો રાજા પંચદંડમય છત્રને ધારણ કરતો હતો. એવા અપૂર્વ ઐશ્વર્ય, ઠકુરાઈ અને સમૃદ્ધિથી શોભતો અવંતીરાજ વિક્રમાદિત્ય સુખમાં કાલ નિર્ગમન કરતો હતો. એ રાજા વિક્રમને પ્રિયંગુમંજરી નામે એક પુત્રી થઇ. કાલુઘેલું બોલતાં શીખેલી રાજબાળા મંજરીને વેદગર્ભ પંડિત પાસે શાસ્ત્રનો અભ્યાસ કરવાને મુકી. અલ્પ સમયમાં વિદ્યા ભણીગણી તે વિદુષી થઇ. પરભવનો ક્ષયોપશમ સારો હતો, તેથી તેને આ ભવમાં અભ્યાસ કરતાં વાર લાગી નહિ. મંજરી શાસ્ત્રનો અભ્યાસ કરી યુવાન થઇ; યૌવનના સોહામણા આંગણે આવીને ઉભી રહી. એને જોઇ રાજા વિક્રમને એના વર સંબંધી ચિંતા થવા લાગી. એને લાયક વર કોણ હશે?

એકદા ગ્રીષ્મ ઋતુમાં બાળા મંજરી રાજમહેલના ઝરૂખામાં ઉભી ઉભી આમ્રફળનો સ્વાદ લઈ રહી હતી. તે સમયે પોતાના ગુરૂ વેદગર્ભ પંડિતને પોતાના મહેલની નીચે વિશ્રામ લેતા ઉભેલા જોયા. મંજરી પોતાના ગુરૂને

જોઈ પોતાની પાસેનાં આમ્રફળ બતાવતી બોલી, "આ આમ્રફળ લેશો કે? તમારે શીત જોઇએ કે ઉષ્ણ?"

મંજરીની ચતુરાઇને નહિ સમજનારો પંડિત બોલ્યો, "જે આમ્રફળ ઉષ્ણ હોય તે નાખ!" વેદગર્ભે એ પ્રમાણે કહીને વસ્ત્ર પહોળું કરી ઝરૂખા નીચે બરોબર ઉભો રહ્યો.

મંજરીએ આમ્રફળ નાખ્યાં, પણ તે ભૂમિ ઉપર પડવાથી ચૂળવાળાં થયેલાં હોવાથી હાથથી તેને ખંખેરતો અને ફુંકથી ધૂળ ઉડાડી આમ્રફળને પંડિત સાફ કરવા લાગ્યો. પંડિતની આવી ચેષ્ટા જોઇને મંજરી હસી પડી.

"પંડિતજી! આમ્રફળ શું એટલાં બધાં ઉષ્ણ છે કે તેને ફૂંક મારી ઠંડાં કરો છો?" મંજરીએ પોતાના ગુરૂની આવી રીતે ઠંડી મશ્કરી કરી.

મંજરીની મશ્કરીભરી વાણી સાંભળી પંડિત ચમક્યો અને ગુસ્સે થઇ બોલ્યો. "શું તું મારી મશ્કરી કરે છે? અરે મંજરી! પોતાને પંડિતા માનનારી એવી તને મૂર્ખ પતિ મળશે!" પંડિતે મંજરીને આ પ્રમાણે શ્રાપ આપીને ચાલ્યો ગયો.

મંજરીએ પણ પંડિતની વાણી સાંભળી મનમાં વિચાર કર્યો કે, "પંડિત અને વિદ્વાન્ પતિને જ પરણીશ; અન્યથા કાષ્ટ ભક્ષણ કરીશ.

મંજરીના લગ્નની ચિંતા કરતા રાજા વિક્રમ રાજસભામાં બેઠેલા હતા, તે સમયે પંડિત વેદગર્ભ પણ સભામાં રાજાને ચિંતાતુર જાણી બોલ્યો, "હે મહારાજા! તમારે એવી શી ચિંતા છે કે જે આપના વદનને ગ્લાનિ પમાડે છે?"

"પંડિતજી! કન્યા મંજરીને માટે પતિ શોધવા જશો?"

પંડિતજીએ ડોકું ધુણાવ્યું એટલે રાજા બોલ્યો, "તો જાઓ! અને એને લાયક પતિ શોધી લાવો!"

રાજાના કહેવાથી પંડિતે મંજરી માટે પતિ શોધવાની તૈયારી કરી.

એવી રીતે મૂર્ખ પતિ સાથે એનો સંબંધ કરવાની અચાનક તક પણ પંડિતજીને મળી ગઈ.

પંડિત વેદગર્ભ ખડિયા પોટલા તૈયાર કરી અવંતીને રામરામ કરી એક દિવસે શુભ મુહૂર્ત જોઈ મંજરી માટે વર શોધવાને નીકળ્યો. ફરતા ફરતા વનમાં તૃષાથી પીડાતા તેને ગાયો ચારનાર એક પશુપાળ મળ્યો, "અરે ભાઈ! પાણી વિના મારો કંઠ સુકાઈ જાય છે." આટલામાં ક્યાંય સરોવર છે?

"અરે મુસાફર! આટલામાં તો ક્યાંય પાણી નથી, પણ તૃષા લાગી હોય તો પાણીના બદલે દૂધ પીવા માટે કરચંડી તૈયાર કર!" પશુપાલ બોલ્યો.

પંડિત વેદગર્ભ કરચંડીનો અર્થ શોધવા લાગ્યો, અલંકાર, કાવ્ય યાદ કર્યાં, પણ કરચંડીનો અર્થ સમજ્યો નહિ કે જડ્યો નહિ. પંડિતને વિચારમાં પડેલો જોઇ ગોવાળ બોલ્યો, "શું વિચાર કરે છે? દૂધ પીવાની ઇચ્છા નથી કે શું?"

"અરે ભાઇ, તમે કરચંડી કહ્યું એ શું?"

પંડિતના પૂછવાથી ગોવાળ હસીને બોલ્યો, "તમે શહેરી લોકો કરચંડી કરવાનું પણ સમજતા નથી? બે હાથનો ખોબો કરી મોં આગળ લાવી હોઠે અડાડ, તેમાં હું દૂધ રેડીશ, તે પીને તૃપ્ત થા!" આ રીતે કહી ગોવાળે પંડિતની ભ્રમણા ભાંગી.

પંડિતે તરત જ કરચંડી કરીને દૂધ પી લીધું, ને પછી તો આ ગોવાળને સમજાવી પોતાના નગરમાં તેડી લાવ્યો. ૭ માસ પર્યંત પાસે રાખી શહેરની રીતભાત શીખવી, કાંઇક અભ્યાસ કરાવી આશીર્વાદ દેતાં શીખવ્યો. એક દિવસે સ્નાન કરાવી શુદ્ધ કરી ટીલાં ટપકાં વિગેરેથી ગોવાળને

શણગારી કંઈક શીખવીને વેદગર્ભ, તેને રાજા પાસે લાવ્યો.

રાજસભામાં પંડિત વેદગર્ભ અને ગોવાળ આ બન્ને આવીને રાજાને નમ્યા. ગોવાળે રાજાને આશીર્વાદ આપ્યો, પણ આશીર્વાદ ભૂલી ગયો, ને 'સ્વસ્તિ' ને બદલે 'ઉસરટ' 'ઉસરટ' બોલી ગયો. તેના આ શબ્દથી રાજા અને સભા હસી પડી.

ગોવાળે તો એની જાત ઉપર આવીને બાફી મારું, પણ વેદગર્ભ પંડિતે તરત એ બગડેલી બાજી સુધારી લીધી, "વાહ, પંડિતની શી ચતુરાઇ! ઉ-સ-ર-ટ એ ચાર અક્ષરમાં મહારાજા! અવંતીરાજ! આપને આ પંડિત મહાશયે મહાન આશીર્વાદ આપ્યો છે."

"શી રીતે" રાજા બોલ્યો. "મહારાજ! સાંભળો!"

उमया सहितो रुद्रः, शंकरः शूलपाणियुग् ।
रक्षतु तव राजेंद्र! टणत्कारकरं यशः ॥

ભાવાર્થ:—ઉમયા-પાર્વતી સહિત રૂદ્ર, શંકર, અને ત્રિશુળને ધારણ કરનારા એવા મહાદેવ, હે રાજેન્દ્ર! તારું રક્ષણ કરો અને તારા બળવાન યશને વધારો."

વેદગર્ભ પંડિતની વાણી સાંભળી સભા સહિત રાજા પ્રસન્ન થયા. પ્રસન્ન થયેલા રાજાને પંડિતે કહ્યું, "મહારાજ! સરસ્વતીનું આરાધન કરીને રાજબાળા મંજરી માટે આ વર મેં આપના કહેવાથી શોધી કાઢયો છે."

રાજા વિક્રમે પોતાની પુત્રી મંજરીને વેદગર્ભ પંડિતે રાજસભામાં હાજર કરેલા મૂર્ખ પશુપાળ (ગોપાલ) સાથે પરણાવી દીધી. રાજકુમારી મંજરીએ એક નવું બનાવેલું પુસ્તક પોતાના પતિને શોધવાને દાસી મારફતે મોકલાવ્યું, પણ પુસ્તકને નખોરિયા લગાડી લગાડીને કાના, માત્રા બગાડી નાંખી તેણે પાછું આપી દીધું.

મંજરીએ જાણ્યું કે આ પતિ તો પંડિત નહિ, પણ મૂર્ખનો શિરોમણિ ગોવાળ જેવો લાગે છે; છતાં એની બીજી વાર પરીક્ષા તો કરવી, મંજરીએ એક મનોહર દીવાનખાનામાં પતિને બોલાવ્યો. એકલો પડેલો એ ગોવાળ દીવાનખાનામાં ભેંસો, ગાયો વગેરેનાં ચિત્રો જોઈ ગાય-ભેંસને 'ડીઉ' 'ડીઉ' કહીને પડકારવા લાગ્યો. ગોવાળની ગોબ્બરી ભાષા ગુપ્તપણે સાંભળી મંજરી નિરાશ થઈ. પંડિત વેદગર્ભે મનમાં વેર રાખી બરાબર બદલો લીધો છે. હવે શું થાય? મંજરી, એ ગોવાળ ઉપરથી સ્નેહરહિત થઇ ગઈ. એની પાસે તે જતી પણ નહિ. ગોવાળિયો પણ નિરૂપાય થઈ ગયો.

ગોવાળ પોતાની મૂર્ખતા સમજ્યો, પંડિતોની મધ્યમાં પોતાની મૂર્ખતા ગોવાળને અસહ્ય લાગી. "વિદ્વાન થવું કાં તો ફના થવું" એવો ગોવાળે નિશ્ચય કર્યો અને નગર બહાર કાલિકાના મંદિરમાં આવીને તે બેઠો, અને દેવી પાસે માગણી કરી કે, "હે દેવી! મને તું વિદ્વાન બનાવ!"

અન્નપાણી વગર ગોવાળના વીસ દિવસો ચાલ્યા ગયા, પણ કાલિકા કાંઈ પ્રસન્ન થઇ નહિ. ગોવાળ દુઃખને સહન કરતો હતો, પણ પોતાનો અભિગ્રહ છોડવાને બદલે મરવાનો નિશ્ચય કરીને તે બેઠો હતો; ને તે સમજાવ્યો સમજે તેમ પણ નહોતો. આથી રાજાને માથે ધર્મસંકટ આવ્યું. "અરે આ ગોવાળ! લાંઘણ કરી મરી જશે, પણ કાંઈ કાલીદેવી એમ કાંઇ પ્રસન્ન એને થશે નહિ!"

આથી રાજાએ એક યુક્તિ શોધી કાઢી. કાલી નામની દાસીને ધૂપ, દીપ, નૈવેદ્ય, ફૂલ, ફુલનો ભરેલો થાળ આપીને કાલીના મંદિરમાં બધી વાત શીખવીને રવાના કરી, કાલી ચુપચુપ કાલીના મંદિરમાં આવી, અને કાલીની મૂર્તિની પાછળ

ભરાઈ ગઇ, અને મહાન શબ્દનો ઉચ્ચાર કરતી બોલી; "અરે પુરૂષ ! ઉઠ ! ઉઠ ! તારી ઉપર હું પ્રસન્ન થઇ છું; અને તને વિદ્યા આપું છું." કાલી દાસીએ ગુપ્તપણે છુપાઇને કાલી-દેવીનો પાઠ ઉપર મુજબ ભજવ્યો.

મંજરી પણ પતિના વરદાનના આવા સમાચાર જાણી ત્યાં આવી પહોંચી ને બોલી, "ઉઠો ! ઉઠો ! દેવીએ પ્રસન્ન થઇ તમને વરદાન આપ્યું છે. હવે તો પારણું કરો !"

આ માયાજાળ જોઇ કાલિકાદેવી વિચારમાં પડી ગઇ, કે, "મારા નામે કરીને આ કાલી દાસીએ છળ કર્યો. હવે મારે શું કરવું ? લોકો કહેશે કે કાલીએ પ્રસન્ન થઇને આ ગોવાળને પંડિત બનાવ્યો. હવે જો એને વિદ્યા ન આપું તો મારૂં મહત્ત્વ શી રીતે રહે ? આની મૂર્ખતાથી તો આજ સુધીની મારી કીર્તિ ઉપર પાણી ફરશે. એક ખીલીને માટે પ્રાસાદ શું કરવા તોડી પાડવો ? ભસ્મને માટે ચંદન સળ-ગાવી દેવું એ તે કયાંનો ન્યાય ? ઠીકરીને માટે કાંઈ કામ-કુંભને ફોડી નંખાય ?" આ પ્રમાણે વિચાર કરીને એ માયા-જાળ તોડી કાલિકાએ સાથે સાથે પોતાની ઇજ્જત સાચવવા પ્રસન્ન થઈને તેણે ગોવાળ 'વિદ્વાન થશે' એવું વરદાન આપ્યું. આ સાંભળી ગોવાળ ખુશ થયો.

દેવીને નમસ્કાર કરી ઘેર આવી પારણું કરી તે ગોવાળ રાજસભામાં રાજાની પાસે આવ્યો. રાજા વિક્રમ બધી વાત જાણતો હોવાથી ગંભીર મુખ રાખી બોલ્યો; 'આવો, કાલીદાસીપુત્ર ! કાંઈક કાવ્ય કહો !"

"મહારાજ ! કાલીદાસીસુત નહિ, પણ સારા ભાગ્યથી હું કાલીદાસ થયો છું—કાલીદેવીનો દાસ થયો છું."

રાજા વિક્રમે કાલીદાસને જે જે સમશ્યાઓ પૂછી તે તે બધી કાલિદેવીની પ્રસન્નતાથી કાલીદાસે રાજાને કહી સંભ-

બાવી. કાલીદાસની વિદ્યાપ્રાપ્તિથી રાજા વિક્રમ ખુશી થયો. ગોવાળ કાલીદેવીના પ્રસાદથી કાલીદાસ તરીકે જગતમાં પ્રસિદ્ધ થયો કાલીદાસની આશ્ચર્યભરી વિદ્વતાથી રાજકુમારી મંજરી પણ હર્ષિત થઈ ગઇ અને પતિ ઉપર સ્નેહવાળી થઇ.

મંજરી પતિની વિદ્વતાની કસોટી કરતી એક સમશ્યા બોલીઃ—

अनिलस्यागमो नास्ति, द्विपदं नैव दृश्यते ।
वारमध्ये स्थितं पद्मं, कंपते केन हेतुना ॥

ભાવાર્થઃ—પવન આવતો નથી, મનુષ્યપ્રાણી કોઇ દેખાતું નથી, તો પછી જળમાં રહેલું કમળ કેમ કંપે છે?

મંજરીની વાણી સાંભળી રસિક પશુપાળ-કાલીદાસે સમયને અનુસરીને પ્રિયાનું મનરંજન કરે તેવો શ્લોક તેના જવાબમાં કહ્યો.

पावकोच्छिष्ट वर्णाभः, शर्वरिकृतबंधनः ।
मुक्ति न लभते कांते, कंपते तेन हेतुना ॥

ભાવાર્થઃ—શંકરના નેત્રના અગ્નિથી જેના વર્ણ ઉચ્છિષ્ટ થયા છે, ને રાત્રીનું જેને બંધન છે એવો કામદેવ હજુ મુક્ત ન થવાથી હે કાન્તે! તે નેત્ર કમળ કંપી રહ્યું છે.

" નગરમાં નાગી ફરે, વનમાં પહેરે ચીર;
એ ફળ તમે લાવજો, મારી સગી નણંદના વીર."

મંજરીની આ સમશ્યાના જવાબમાં કાલીદાસે તેના હાથમાં સોપારી મુકી.

" અંગ કાળું દંત ઉજળો, ચાલે ધેમર ચાલ;
સાસુ વહુ ને દીકરી, એ ત્રણેનો એક ભરથાર."

પ્રિયાના પ્રશ્નનો જવાબ આપવા કાલીદાસે એનો નાજુક કોમળ હસ્ત પકડી લીધો; એના હસ્ત ઉપર રહેલાં સૌભાગ્ય-ચિન્હ ઉપર હાથ રાખી બોલ્યો, "આ તારા પ્રશ્નનો ઉત્તર!"

મંજરી અને કાલીદાસ પ્રતિદિવસ વાણી વિલાસ કરતાં ને ઘણા હર્ષ વડે સુખમાં દિવસો વ્યતીત કરતાં હતાં. મહાન કવિ કાલીદાસે કુમારસંભવ, મેઘદૂત, અને રઘુવંશ એ ત્રણ કાવ્ય અને છ પ્રબંધો રચ્યા છે;

" સરસ્વતી કે ભંડારકી, બડી અચરીજ હૈ બાત;
જ્યોં ખર્ચો ત્યોં ત્યોં બઢે, બિન ખર્ચે ઘટ જાહી."

પ્રકરણ ૪૬ મું.

વિચિત્ર ન્યાય

" જેવાં બીજને વાવશો, તેવાં ઉગશે ઝાડ;
આંબાનાં બીજ વાવશો, તો નહિ ઉગે તાડ."

વિક્રમ રાજા જગતનો ભિન્ન ભિન્ન સ્વભાવ જોવા માટે તેમજ સજ્જન અને દુર્જનની વિશેષતા જાણવા માટે ભટ્ટ માત્રને રાજ્યનો ભાર સોંપી ભંડારમાંથી પાંચ રત્ન લઇને પૃથ્વીની પ્રદક્ષિણા કરવાને અવંતીમાંથી વિદાય થઇ ગયો. અનેક ગામ, શહેર, પર્વત, નદી, નાળાં જોતો જોતો રાજા વિક્રમ પદ્મપુર નામે નગરમાં આવ્યો. ત્યાં અન્યાયી રાજાનું રાજ્ય હતું, ને પાષાણ નામે મંત્રી રાજાનો પ્રધાન હતો. લોકો પણ કુડકપટના કરનારા, બાયાવી, ને એક બીજાને વાતવાતમાં ઠગી લેનારા હતા. વિક્રમરાજા નગરમાં ફરતો ફરતો કોઈ શ્રેષ્ઠીની દુકાન આગળ આવ્યો. એક તપસ્વી તે રસ્તેથી નીકળ્યો. તેણે શ્રેષ્ઠીની દુકાનેથી પાશેર ઘી માગ્યું, ત્યારે શ્રેષ્ઠીએ તેને અર્ધોશેર ઘી આપ્યું.

તે લઇને તાપસે પોતાના ગુરૂને આપ્યું ત્યારે ગુરૂએ ઘૃત વધારે આવેલું જોઇ શિષ્યને તે પાછું આપવા માટે મોકલ્યો. તપસ્વીએ દુકાને જઇને વધારાનું ઘૃત પાછું આપી દીધું. આ રીતે નગરચર્ચા જોતા રાજા વિક્રમે આ તપસ્વીનો બનાવ જોયો. તપસ્વીની પ્રમાણિકતા, સરળપણું રાજાને ઉચ્ચ કોટીનું જણાયું. રાજાએ એ તપસ્વીના મંદિરમાં આવી પોતાની પાસે રહેલાં પાંચ રત્નો એને રાખવા આપવા માંડયાં, અને કહ્યું કે, મારે પરદેશ જવું છે, માટે આટલી થાપણ રાખો. હું આવું ત્યારે મને પાછી આપજો.'' રાજા વિક્રમે કહ્યું.

'' અરે ભાઈ! લક્ષ્મીને તો અમે અડકતા પણ નથી, તો પછી રાખવાની તે વાત જ શી ?''

આવું સાંભળી રાજા એની પ્રમાણિકતાથી ખુશી થતો બોલ્યો, '' મહારાજ! આટલું કામ તો જરૂર આપને કરવું જ પડશે.''

પરદેશી મુસાફરના આગ્રહથી તપસ્વી ગુરૂ બોલ્યો, '' અરે ભાઈ! તારી એમજ ઇચ્છા છે, તો તું તારા હાથે પોટકી બાંધીને મુક!''

રાજાએ તપસ્વીએ બતાવેલા ગુપ્ત સ્થળે એ રત્નો તપસ્વીના આશ્રમમાં મુકી દીધાં, ને ત્યાંથી તે આગળ ચાલ્યો ગયો. તપસ્વીની નિર્લોભતાનો વિચાર કરતો રાજા પૃથ્વી ઉપર ભમતો અનેક આશ્ચર્ય જોતો હતો.

પછી તો તપસ્વીએ અનેક લોકોને ઠગીને પુષ્કળ દ્રવ્ય એકઠું કરી, સ્વર્ગના વિમાન જેવું મનોહર મંદિર બંધાવી દીધું ઠાઠમાઠ ને ભપકાથી રહેતો એ જટિલ તાપસ ઉપરથી આડંબર બતાવતો લોકોને ઠગવાનું જ કામ કરતો હતો. કેટલેક દિવસે પાછા ફરેલા વિક્રમે પદ્મપુર આવી મંદિરમાં તાપસ પાસે પોતાના પંચરત્નની

માગણી કરી. પરદેશીની માગણીથી આશ્ચર્ય પામેલો તપસ્વી રાજાને આશ્ચર્યમાં નાખતો બોલ્યો, "અરે! તું કોણ છે? રત્ન કોને આપ્યાં છે? રત્ન શાં ને વાત શી!"

તાપસની વાણી સાંભળી રાજા આશ્ચર્ય પામ્યો, "અરે આ શું? જેને હું નિર્લોભી અને પરમેશ્વરના અવતાર સમો ગણતો હતો તે આવો લોભી!"

રાજાએ અનેક વખત ઠરાવી ઠરાવીને પૂછ્યું. પણ તપસ્વીએ રાજાની વાત કબુલ કરી નહિ. રાજા નિરાશ થયો ને નગરમાં ફરતો રાજાના મંત્રી પાષાણ પાસે આવ્યો.

કોઈ હુર નામે વણિક, તે મંત્રીની પાસે આવીને એક લાખ રૂપિયા વ્યાજે લઈ ગયો. મંત્રીએ બીજે દિવસે તેને બોલાવી વ્યાજની માગણી કરી. વ્યાજ ન આપવાથી વણિકને કારાગ્રહમાં નાખ્યો. "આખા વર્ષનું વ્યાજ આપીને તારે ઘેર જવું." વણિક આખાય વર્ષનું વ્યાજ આપીને છુટો થયો.

કોઈ ખેડુત મંત્રી પાસે ફરિયાદ કરવા આવ્યો, "બાપજી! આ મુસાફરના બે બળદ મારા ખેતરમાં પેસીને મારા ઉભા પાકને ખાઇ ગયા!"

મંત્રીએ મુસાફરને કહ્યું, "અરે! તેં આ ખેડુતનો પાક કેમ તારા બળદો પાસે ખવડાવી દીધો? તારા બળદો તારે હવે એને આપી દેવા પડશે."

"ના, પ્રધાનજી! એ ખેડુત જુઠું બોલે છે. એના ખેતર નજીક આવતાં મારા ગાડાનું ચક્ર ભાગવાથી મારા બળદોને મારા ગાડા સાથે બાંધી મેં પરાણે રથનું ચક્ર સુધાર્યું છે. મારા બળદો એના ખેતરમાં ગયા નથી તો ખાવાની તો વાત જ શી? છતાં નાહક આ ગળે પડે છે." મુસાફરે પોતાની હકીકત કહી સંભળાવી.

"અરે, એના ખેતરની નજીક તેં તારા બળદ રાખ્યા, માટે

નક્કી એનો પાક તારા બળદો ખાઇજ ગયેલા; તેની શિક્ષા તારે સહુન કરવી પડશે." એમ કહીને મુસાફર પાસેથી બધી વસ્તુઓ દંડ કરીને પડાવી લીધી. રડતો કુટતો મુસાફર પોતાના ગામ તરફ ચાલ્યો ગયો. મુસાફરના ગયા પછી મંત્રીએ બેડુત પાસેથી દંડીને તેની પાસે જે ધન હતુ તે પડાવી લીધું, આવા અન્યાયી મંત્રીને જોઇ રાજા વિચારમાં પડયો કે, "આ મારો શું ન્યાય કરશે ? ફરિયાદ કરવા જઇશું ત્યારે વળી બકરૂં કાઢતાં પાછું ઉંટ પેસી જશે."

વિક્રમ ત્યાંથી રાજદરબારમાં રાજાનો ન્યાય જોવા આવ્યો. અન્યાયી રાજા સભામાં બેઠો હતો. રાજા વિક્રમ એ અન્યાયી રાજાનાં પરાક્રમ જોવા દરબારમાં આવ્યો તે વખતે એક ડાશી ધા નાખતી આવી, "ફરિયાદ ! ફરિયાદ!"

"શું છે તારી ફરિયાદ-?" રાજાએ ડાસીને પૂછયું.

"બાપુ ! રાતના ગોવિંદ શેઠના મકાને મારો જુવાન છોકરો ખાતર પાડતાં એના ઘરની ભીંત કોચીને ઘરમાં પેસવા જતો હતો, તે વખતે એના ઘરની ભીંત એની ઉપર તુટી પડવાથી ત્યાં જ મરણ પામ્યો. હવે મારૂં શું થશે ?"

ડાસીની ફરિયાદ સાંભળી રાજાએ કોટવાળને હુકમ કર્યો, "ગોવિંદ શેઠને બોલાવી અહીં હાજર કરો !" કોટવાળે ગોવિંદ શેઠને બોલાવી હાજર કર્યા.

"અરે શેઠ ! આ ડાસીના છોકરો તારા ઘરમાં ચોરી કરવા આવેલો, તે ભીંત કોચતાં ત્યાં મરણ પામ્યો, તો તારા ઘરનો ભીંત એવી કેવી ચણાવી કે માણસો મારે છે ? એની શિક્ષા બદલ તારે ફાંસીએ જવું પડશે !" અન્યાયી રાજાની વાત સાંભળી વણિક વિચારમાં પડયો, "અરે, આ બલામાંથી તો મારે છુટવું જોઇએ. આ તો રાજા, વાજાં ને વાંદરાં." આમ વિચાર કરી ગોવિંદ શેઠ બોલ્યો,

"બાપુ! ખરી વાત છે, પણ એ દોષ છે કડિયાનો. મકાનની ભીંતો મજબૂત બનાવવા માટે મેં એને પુષ્કળ ધન આપેલું, છતાં એણે મારી ભીંતો આવી કાચી બનાવી; માટે કડિયોજ શિક્ષાને માટે યોગ્ય છે. બાપુ!" ગોવિંદ શેઠે પાઘડી ફેરવી દીધી અને પોતાના માથેથી પણ આળ ઉતારી દીધું.

રાજાને વણિકની વાત સત્ય લાગવાથી વણિકને છોડો કર્યો ને કડિયાને પકડ્યો, "હરામખોર! ગોવિંદ શેઠના પૈસા ખાવા છતાં આવી કાચી ભીંતો બનાવે છે?"

રાજાના પ્રશ્નના જવાબમાં કડિયો બોલ્યો, "બાપુ! એમાં મારો દોષ નથી. ગારો કરીને એ ભીંત ચણવાનું કામ હું કરતો હતો, ત્યારે કામલતા વેશ્યા અહીંથી નીકળી ને મારું ધ્યાન તેણીએ હરી લીધું; જેથી ભીંત બરાબર થઇ નહિ."

રાજાએ કામલતાને બોલાવી પૂછયું કે, "આ રસ્તેથી રાજમાર્ગ છોડીને તું શા માટે નીકળી?"

કામલતાએ કહ્યું, કે "હે મહારાજ! હું શું કરું? ખાસ કામ માટે બજારમાં જતી હતી, ત્યારે રાજમાર્ગમાં સામો દિગંબર મળ્યો. નગ્ન ફકીરને જોઇને લાજી મરવાથી મારે રસ્તો બદલવો પડ્યો."

રાજાએ દિગંબરને ફાંસીએ ચડાવવા તલારક્ષકને હુકમ આપ્યો. તલારક્ષક અને સેવકો દિગંબરને શુળી પાસે લઈ ગયા; પણ આ શુળી આગળ દિગંબર નાનો અને પાતળો જણાવાથી શુળીને માટે બરાબર જણાયો નહિ આથી રાજા પાસે આવી કોટવાળે કહ્યું, "બાપુ! દિગંબર શુળીને માટે બરાબર યોગ્ય નથી, માટે શું કરવું?"

"નગરમાંથી શુળીને બરાબર યોગ્ય હોય તેવાને માટે પકડી શુળીએ ચડાવી દો ત્યારે!" આવી રીતે હુકમ કરી રાજાએ તલારક્ષકને વિદાય કર્યો.

અન્યાયી રાજાનો આવો વિચિત્ર ન્યાય જોઇ રાજા વિક્રમ વિચારમાં પડયો, "આહા! આ રાજા મારાં રત્ન શી રીતે અપાવશે?" એવું જોઈ રાજા ત્યાંથી બહાર નીકળી નગરમાં ફરવા લાગ્યો. રાજા ફરતો ફરતો કામકેલિ ગુણિકાના મકાન આગળ આવ્યો. વિચાર કરી તે વેશ્યાની પાસે ગયો.

અજાણ્યા માણસને જોઇ વેશ્યા કામકેલિએ પૂછયું, "તમે કોણ છો? અને કયાંથી આવો છો?"

"મારૂં એક કામ કરી આપશો? આ નગરમાં આવી એક ધર્મ સંકટમાં હું ફસાઈ ગયો છું. માટે તમારી સલાહ લેવા આવ્યો છું." મુસાફર વિક્રમે પૂછયું.

"કહો તમારે મારૂં એવું શું કામ છે?" વેશ્યા બોલી.

આ સાંભળી કામકેલિને રાજા વિક્રમે પોતાની પંચ-રત્નની વાત કહી સંભળાવી. તેની વાત સાંભળીને વેશ્યા બોલી, "આમાં તે શું મોટું કામ છે. આ તો મારા મન તદ્દન સહેલું કામ છે. જુઓ! આજે તો અહીં રહો ને આવતી કાલે રત્નોનો થાળ ભરી હું એ તપસ્વી આગળ જઇ વાતે વળગું; ત્યારે વચમાં તમારે ત્યાં આવીને તેની પાસે તમારા રત્નની માગણી કરવી, એટલે તરત તમારાં રત્નો તમને મળી જશે!"

બીજા દિવસે રત્નોનો મોટો થાળ ભરી કામકેલિ તાપ-સના આશ્રમમાં આવી. તાપસે એનો સત્કાર કરી બેસાડી અને તેને આશ્રમમાં આવવાનું કારણ પૂછયું.

"આપ તો પરમેશ્વરના પ્રતિનિધિ છો. આપને કાંઇ પણ આપ્યું હોય તો પરભવમાં અમારે પુણ્યરૂપી ભાતું થાય, મારી દીકરી આજે કાષ્ટભક્ષણ કરવાને તૈયાર થઈ છે. મને લાગ્યું કે કાંઇ દાનપુણ્ય કર્યું હોય તો પરભવમાં આગળ આવે. એમ સમજી આ રત્નોનો થાળ આપને ભેટ આપવા આવી છું." વેશ્યાએ તપસ્વીનાં વખાણ કરી છાપરે ચડાવ્યો.

કામકેલિની મધુરી ને અમૃતસરખી વાણી સાંભળી, તાપસના મનમાં ગલગલિયાં થયા છતાં, બહારથી આડંબર બતાવતો બોલ્યો, "અરે કામકેલિ! તારા જેવી ધર્મિષ્ઠને ગુણવંત નારીઓ આ ભવમાં સુખ મેળવી પરભવમાં પણ દાનપુણ્યના પ્રભાવથી શ્રી હરિની સેવિકાઓ થાય છે.'

તાપસ અને કામકેલિ એકબીજાની ગતમાં રમતાં રમતાં પરમાર્થની વાતો કરતાં હતાં. તાપસ ધર્મના શ્લોકો સંભળાવી દાનનું મહાત્મય સમજાવતો હતો, ત્યાં વિક્રમ આવી પહોંચ્યો. "અરે તપસ્વી! મારાં પેલાં પાંચ રત્નો આપો!" વિક્રમની વાત સાંભળી તપસ્વી વિચાર કરવા લાગ્યો, "જો આને ના પાડીશ તો આ ગુણિકાને શંકા થશે, ને આ મોટો શિકાર હાથથી જતો રહેશે." આવો વિચાર કરી તપસ્વીએ ત્યાંથી ઉભા થઇને પેલાં પાંચ રત્નો લાવીને વિક્રમને અર્પણ કર્યાં. પાંચ રત્નો લઇ વિક્રમ ત્યાંથી ચાલ્યો ગયો.

"જોયું, અમારા ઉપર વિશ્વાસ રાખી આવા પરદેશી મુસાફરો અમારે ત્યાં થાપણ મુકી જાય છે, અને જ્યારે જોઇએ ત્યારે આવીને લઈ જાય છે. પરોપકાર એ તો અમારા જેવા સજ્જનોનું ભૂષણ છે."

"આ કલિયુગમાં આપની શી વાત થાય? આપ તો સાક્ષાત્ ધર્માવતાર છો! અનેક દીનદુઃખીના આધાર છો! તેથી જ આ રત્નોનો થાળ આપને ભેટ આપવા આવી છું, દયાળુ!" કામકેલિ બોલી.

કામકેલિ ને એમની વાતચીતમાં પાછું ભંગાણ પડ્યું. એક દાસીએ દોડતાં દોડતાં આવીને સમાચાર આપ્યા, "ચાલો! ચાલો! આપની પુત્રીએ કાષ્ઠભક્ષણનો વિચાર માંડી વાળ્યો છે, તે આપને નિવેદન કરવા હું આવી છું."

દાસીની વાત સાંભળી કામકેલિ આશ્ચર્ય બતાવતી

બોલી, "શું કહે છે દાસી! ખરી વાત છે?" તપસ્વી તરફ ફરીને કામકેલી બોલી, "મહારાજ! જરી થોભો! ઘેર જઈ સત્ય સમાચાર જાણી પાછી હું આવીશ." કામકેલીએ દાસીની પાસે થાળ ઉપડાવી તપસ્વી મહારાજને વિચારમાં ગોથાં મારતા મૂકી ચાલતી પકડી. પોતાનું કાર્ય સિદ્ધ કરી કામકેલિ પોતાના મકાને આવી. વિક્રમ પણ કામકેલિના મકાને આવ્યો ને એક મણિ તેને આપ્યો; બીજો એક મણિ તાપસને આપી પોતાના નગર તરફ ચાલ્યો. માર્ગમાં એક દુઃખી માણસનું દુઃખ સાંભળી ત્રણે રત્નો તેને આપી દીધાં ને રાજા ત્યાંથી ફરતો ફરતો પોતાની નગરીમાં આવ્યો.

પ્રકરણ ૪૭ મું

છઠ્ઠીના લેખ

એક દિવસ રાજા વિક્રમને આજના જમાનાના અભિનવ રામ થવાની અભિલાષા જાગૃત થવાથી જગતમાં પોતે રામ તરીકે ઓળખાવા લાગ્યા. રાજાની ઇચ્છાને અનુસરનારા લોકો રામનામથી એમની સ્તુતિ કરવા લાગ્યા. રામનામથી સ્તુતિ કરનાર ઉપર રાજા અધિક પ્રસન્ન થતા હતા. એવી રીતે રામનામથી પોતાનો વ્યવહાર ચલાવવા વિક્રમ બહુ આતુર રહેતો હતો. રામની અભિલાષાવાળા વિક્રમને જોઇ મંત્રીઓ ચમકયા. ખાનગીમાં ભેગા થઈ એમણે મંત્રણા કરી, આથી એક વૃદ્ધ મંત્રી રાજાને ઉપદેશ આપી રામપણું છોડાવવા તૈયાર થયો."

એક દિવસે રાજા મંત્રીઓની આગળ બોલ્યો, "રામની કથા તમે જે કંઈ જાણતા હો તે મને કહો!"

રાજાની વાત સાંભળી એક વૃદ્ધ મંત્રી બોલ્યો, "હે રાજન્! અયોધ્યામાં અત્યારે એક વૃદ્ધ વિપ્ર રહે છે, તે પરંપરાથી

રામની વાત જાણે છે.”

વૃદ્ધ મંત્રીની વાત સાંભળી રાજા મંત્રીને રાજ્ય ભળાવી, વૃદ્ધ મંત્રીની સાથે અયોધ્યા પેલા વૃદ્ધ વિપ્રને ઘેર આવ્યો, ને રામકથા સાંભળવા માટે પ્રાર્થના કરી. વિપ્રે રામની કથા કરતાં કરતાં અમુક અમુક સ્થળોએ રાજા પાસે ઓઢાવરાવ્યું; તો અનેક પુરાણી કીંમતી ચીજો નીકળી. એક સ્થાનકેથી સુવર્ણની મોજડી રત્નોથી ભરેલી નીકળી. એ મોજડી જોઈ રાજા આશ્ચર્ય પામ્યો ને તેને નમસ્કાર કર્યા.

“મહારાજ! આ તો એક ચમારપત્નીની મોજડી છે. આપ તેને નમ્યા એ ઠીક કર્યું નહિ. રામચંદ્રની વખતે અહીંયાં ચમારોનાં મકાનોની શ્રેણિઓ હતી. ભીમ ચર્મકારની દુષ્ટ પત્ની પદ્મા એક દિવસે રિસાઇને આ મોજડી લઇ પોતાના પિતાને ઘેર ચાલી ગઇ. તે સાસરે નહિ આવવાથી માતાપિતાએ એને ઘણુંય સમજાવી પણ તે એકની બે થઇ નહિ.

“તો સતિ સીતા સહિત રામ લક્ષ્મણ તેડવા આવશે ત્યારે સાસરે જઇશ!’ એના પિતાએ આવા શબ્દો કહ્યા ત્યારે પિતાના એ શબ્દો સાંભળી પદ્માએ પ્રતિજ્ઞા કરી કે, ‘મને જ્યારે સીતા સહિત રામલક્ષ્મણ તેડવા આવશે ત્યારે જ મારા સાસરે હું જઇશ.’

“રામને આ વાતની જાણ થવાથી સીતા અને લક્ષ્મણ સહિત પદ્માને સમજાવવા આવ્યા. પદ્માને સમજાવી સાસરે મુકવા ચાલ્યા. રામલક્ષ્મણ પણ ચમારના ઘરની સમૃદ્ધિ જોઈ મનમાં ખુશી થયા કે મારા રાજ્યમાં ચમારોને ઘેર પણ આવી વિપુલ સમૃદ્ધિ છે!” પેલા વૃદ્ધ વિપ્રે વિક્રમને સંક્ષેપમાં રામની વાત કહી સંભળાવી, ને બીજે ઠેકાણે ઓઢાણ કરી બીજી મોજડી પણ બતાવી. વિપ્રનું જ્ઞાન

જોઇ રાજા આશ્ચર્ય પામ્યો; આ બધી વાતો તમે શી રીતે જાણી ?"

"પરંપરાથી સાંભળીને તેમજ શાસ્ત્રોથી !" આ વાત મેં જાણી વિપ્રે જવાબ આપ્યો.

રામની અદ્‌ભુત વાર્તા અને આશ્ચર્યકારી લક્ષ્મી સાંભળી વિક્રમે રામપણાના ગર્વનો ત્યાગ કર્યો. અને મનમાં વિચાર કરી મનમાં બોલ્યો, કે હું કયાં ને એ રામ કયાં !

"રાજન્ ! તમારા જેવા વિવેકીને એ યોગ્ય છે ! આપણાથી એ રામ જેવા થવાય નહિ." વૃદ્ધ વિપ્રનું આ વચન સાંભળી રાજા વિક્રમ રામના બિરૂદનો ગર્વ છોડી મંત્રી સાથે અવંતી ચાલ્યો ગયો.

એકદા રાજા વિક્રમ અવંતીને રામરામ કરી પૃથ્વીનું આશ્ચર્ય જોવાને ચાલ્યો. પૃથ્વીની પ્રદક્ષિણા ફરતો વિક્રમ ચૈત્રપુર નગરમાં આવ્યો. ત્યાં ધનદ નામે શાહુકારના મકાન આગળ મોટો મહોત્સવ હતો તે જોવાને ઉભો રહ્યો. અનેક માણસો તેને ઘેર આવજા કરી રહ્યા હતા; વાજીંત્રો વાગી રહ્યાં હતાં; સ્ત્રીઓ માંગલિક ગીતો ગાઇ રહી હતી; તરિયા તોરણ અને મંડપથી તેના મકાનની શોભા અધિક વૃદ્ધિ પામેલી હતી. વિક્રમે એક જણને પૂછયું, "ભાઇ ! આ બધું છે શું ?"

"અરે ભાઈ ! શી વાત કરૂં ! આ મહોટો વ્યવહારિયો ધનદશ્રેષ્ઠી નગરનો નગરશેઠ છે. આજે કોઈ પૂર્વના પુણ્યે એને ઘેર પુત્રનો પ્રસવ થયો, તેની આ બધી ધામધુમ છે. ભાઇ ! આવતી કાલે એ બાળકની છઠ્ઠી છે, તેથી વ્યવહારિયો સગાંસંબંધીને ખાનપાનથી તૃપ્ત કરી આવતી કાલે બાળકનું નામ ધારણ કરાવશે !"

બીજે દિવસે રાત્રીને સમયે કૃષ્ણવસ્ત્રપરિધાન કરી

અદૃશ્યરૂપે વિક્રમ ધનદશ્રેષ્ઠીના ઘરમાં આવીને એક ઠેકાણે ગુપ્તપણે છુપાઇ ગયો. મધ્યરાત્રીને સમયે બાળકની કર્મ-અધિષ્ઠાત્રી વિધાતાદેવી એના લલાટ ઉપર કંઇક લેખ લખી રવાને થઇ. લેખ લખી પાછી ફરતી વિધાત્રીને વિક્રમે જોઇ, એટલે એને તરત પકડી.

હે વિધાતા "શું લખ્યું એના ભાગ્યમાં ?"

"તું કોણ છે મને પૂછનાર ?" કર્મદેવી બોલી.

"હું ? હું રાજા વિક્રમ !"

"રાજા વિક્રમ ! મેં એની પૂર્વની કરણી અનુસારે એના લલાટમાં લખ્યું છે." દેવી બોલી.

"તે મને કહો ! એના ભાગ્યમાં શું થવાનું છે ?"

"આ બાળક યુવાનવયમાં જ્યારે શ્રેષ્ઠીની કન્યાને પરણવા જશે, ત્યારે અચાનક વાઘના ચપેટાના પ્રહારથી મૃત્યુ પામી જશે." વિધાત્રી બોલી.

દેવીની વાત સાંભળી રાજાએ એને છોડી દીધી. પ્રાતઃકાલે રાજા ધનદશ્રેષ્ઠીના મકાન આગળ શ્રેષ્ઠી પાસે આવ્યો. સારો માણસ જાણીને શ્રેષ્ઠીએ તેનો આદરસત્કાર કરી માન-પાનથી તેને સંતોષ પમાડયો. "તમે કયાંથી આવો છો ? ને તમારૂં નામ શું ?" શ્રેષ્ઠીએ પૂછયુ.

"અવંતીથી આવું છું, શેઠ ! મારૂં નામ વિક્રમ !"

વિક્રમની વાણી સાંભળી ખુશી થતો શ્રેષ્ઠી બોલ્યો, "આ મારો પુત્ર જ્યારે પરણે ત્યારે તમે જરૂર મારે ત્યાં આવજો !"

"જો તમે મને તેડવા આવશો તો હું જરૂર આવીશ," એમ કહી શેઠની મેમાનગતિનો સ્વાદ ચાખી રાજા વિક્રમ શેઠની રજા લઇને નીકળ્યો; અનેક ગામ નગર જોતો

પોતાની અવંતીમાં આવી ગયો, અને રાજકારભારમાં ધ્યાન આપતાં ચૈત્રપુરની વાત ભૂલી ગયો.

બીજના ચંદ્રની માફક વૃદ્ધિ પામતો ધનદકુમાર વિદ્યાભ્યાસ કરી હોશિયાર થયો. યૌવનવય પ્રાપ્ત થતાં ધનદશ્રેષ્ઠીએ ધનવાનોની સોળ કન્યાઓ સાથે પુત્રનો વિવાહ કર્યો.

લગ્નમુહૂર્ત જોવરાવ્યું, પણ અમંગલ થવા લાગ્યું, ને મુહૂર્ત બરાબર આવતું નહિ. વાતે વાતે અપશુકન થવા લાગ્યા. શ્રેષ્ઠીએ પોતાની પ્રતિજ્ઞા સંભારી અવંતીથી વિક્રમને તેડાવવા વિચાર કર્યો. પણ અવંતી જાય કોણ?

"હું જ અવંતી જઈને વિક્રમને અહીંયાં તેડી લાવી પછી પુત્રનો વિવાહ કરીશ."

આમ વિચારી ધનદશ્રેષ્ઠી અનુક્રમે અવંતી આવ્યો. એવા મોટા અવંતીમાં વિક્રમની ભાળ શી રીતે મળે? કોઈ ઠરેલ અને ડાહ્યા શાહુકારને વાત કરી, "ભાઈ! અહીંયાં વિક્રમ ક્યાં રહે છે?"

"આ વિશાળ નગરીમાં વિક્રમ તો અનેક છે. કયા વિક્રમ માટે તમે પૂછો, છો? કાંઈ વિશેષ ઓળખાણ આપી શકો એમ છો?

એ શાહુકાર આગળ ધનદશ્રેષ્ઠીએ વિક્રમના સ્વરૂપનું વર્ણન કર્યું. પછી શાહુકાર બોલ્યો, "રાજા તો ન હોય! રાજમાર્ગ ઉપર જરી થોભો! હાથી ઉપર બેસીને રાજા વિક્રમ રયવાડીએ જશે ત્યારે તેમને જોજો, એટલે તમને ખાતરી થશે કે એ જ વિક્રમ છે કે બીજો!"

થોડીવારે ગજારૂઢ થયેલા રાજા વિક્રમને પરિવાર સાથે તે રસ્તેથી જતા ધનદે જોયો. રાજાની નજર ધનદ ઉપર પડી. બન્નેની નજર ભેગી થતાં રાજા વિક્રમે ધનદ-

શ્રેષ્ઠીને ઓળખ્યા; હાથીને તેમની પાસે લાવી બોલ્યા; "કેમ છોકરાને પરણાવ્યો ?" રાજાની વાત સાંભળી શ્રેષ્ઠી આશ્ચર્ય પામ્યો ને વિચારમાં પડયો, "આવો મહાન પુરૂષ મારે આંગણે આવ્યો, ને મેં એની ભક્તિ બરાબર કરી નહિ એ કાંઈ ઠીક કર્યું નહિ." જરા ગ્લાનિ પામેલા શેઠને જોઈ રાજા બોલ્યો. "ફિકર કરશો નહિ, કહો, શા કામ માટે અહીં આવ્યા છો ?"

મંત્રીઓ તરફ નજર કરી રાજા બોલ્યો, "પહેલાં જ્યારે હું ચૈત્રપુર નગરમાં ગયો ત્યારે આ શેઠે ખાનપાનથી મારી સારી ભક્તિ કરી હતી."

"કૃપાનાથ ! આપ મારે ઘેર પધાર્યા ત્યારે મેં તો કાંઈ આપની ભક્તિ બરાબર કરી નથી. હવે આપ મારે ઘેર પધારો ને પુત્રનો લગ્નપ્રસંગ સાચવો ! આપ આવશો તો જ મારો પુત્ર પરણશે, અન્યથા નહિ."

રાજાએ કહ્યું, "ઠીક ત્યારે હું એકલો આવીશ."

"ના મહારાજ ! આપ પરિવાર સાથે આવો !" ધનદ બોલ્યો.

થોડા દિવસ રાજની મેમાનગતિ ચખાડી, રાજા પરિવાર સાથે ધનદશ્રેષ્ઠીને લઈ ચૈત્રપુર ચાલ્યો. ચૈત્રપુરમાં આવી ધનદશ્રેષ્ઠીએ રાજાને એક સુંદર મકાનમાં ઉતારો આપ્યો, ને તેમની બરાબર ભક્તિ કરી.

શ્રેષ્ઠીએ પુત્રનું લગ્ન લીધું. લગ્નને દિવસે સાયંકાળે ધનદકુમારનો વરઘોડો ચઢયો. આખુંય નગર વિવાહની ધૂનમાં મશગુલ બન્યું. સોળે કન્યાઓ સાથે લગ્ન હોવાથી સોળે કન્યાઓને ઘેર ઉત્સવ મંડાયો હતો. અત્યારે તો નગર આખું મોજશોખમાં હિલોળે ચઢયું હતું. આનંદ આનંદ થઈ રહ્યો હતો. શેઠને એકના એક પુત્રનાં લગ્ન હોવાથી

ધન ખર્ચવાનો પણ કાંઈ હિસાબ રાખ્યો નહોતો. અનેક પ્રકારનાં વાજીંત્રોથી ગાજતો અને રાગરાણીઓનાં મનોહર મંગલ ગીતોથી ગુંજતો વરઘોડો શ્રેષ્ઠીના મકાનેથી નીકળ્યો. રાજા વિક્રમે ખુલ્લી સમશેરવાળા પોતાના અનેક સુભટો વરરાજાના અવ્વે ફરતા ગોઠવી દીધા. શહેરનાં અનેક સ્થાનકોએ ધન-શ્રેષ્ઠીને રાજા પાસે મોકલી ચોકીપહેરાની ગોઠવણ કરાવીને નગરના દરવાજા થોડા સમય માટે બંધ રખાવ્યા. જાણે યુદ્ધે ચડવાની હાકલ પડી હોય તેવી રીતે સુભટો નગરીમાં ખુલ્લે શસ્ત્રે ફરવા લાગ્યા. કોઈ દિશાએથી વાઘના આવવા-નો ભય રહ્યો નહિ. વિક્રમ પોતે પણ શસ્ત્રાસ્ત્રથી સજ્જ થઇને વરરાજાની સાથે ગયો. આ પ્રમાણે સંપૂર્ણ બંદોબસ્ત અને વ્યવસ્થાપૂર્વક વરઘોડો ફરતો ફરતો બજારના મધ્ય ભાગમાં આવી પહોંચ્યો. અનેક શેઠ-શાહુકારો ને રાજમાન્ય-પુરૂષોથી શોભતો એ વરઘોડો બજારના મધ્ય ચોકમાં આવે છે, ત્યાં એક અકસ્માત થયો.

મકાનના છાપરા ઉપર અકસ્માત વાઘ દેખાયો. મોટી ફાળો ભરતો તે એક મકાનના છાપરા ઉપરથી વરઘોડામાં વરરાજાના અવ્વે ઉપર ત્રાટક્યો. રાજા શસ્ત્રથી એની ઉપર ઘા કરે તે પહેલાં તો એક ચપેટાથી વરરાજાને પૂરો કરી, ધરતીમાતાને સોંપી દઇ તે અદૃશ્ય થઈ ગયો—ચાલ્યો ગયો. હર્ષને સ્થાને કાળો કેર વર્તાઈ ગયો. માતા, પિતા, સગાંસ્નેહી એ મરેલા પુત્રને જોઈ આક્રંદ કરવા લાગ્યા. વિવાહની વરસી થયેલી જોઈ સૌ વિલાપ કરવા લાગ્યા. રક્ષણની બધી મહેનત બરબાદ થઈ ગઈ. રાજા વિક્રમ પણ આશ્ચર્યચકિત થયેલો દિંગમૂઢ થઈ ગયો.

ધનદશ્રેષ્ઠીને સમજાવી, શાંત કરી, રાજા વિક્રમે છઠ્ઠીના દિવસે બનેલો બધી હકીકત કહી સંભળાવી. એ વાત

પ્રકરણ ૪૮ મું.

નારીચરિત્ર

वञ्चकत्वं नृशंसत्वं चंचलत्वं कुशीलता ।
इति नैसर्गिका दोषा, यासां तासु रमेत कः ॥

ભાવાર્થ—દગાઈ, ક્રુરપણું, ચંચળતા અને સ્વચ્છંદીપણું એ સ્વભાવિક દોષોને ધારણ કરનારી સ્ત્રીઓ તરફ કયો સજ્જન પુરૂષ મીઠી નજરે જુએ !

નિશાના ઘોર અંધકારમાં નગરચર્યા જોવા નીકળેલો રાજા વિક્રમ ગુપ્ત વેષે ફરતો ફરતો કોઈ શ્રેષ્ઠીના મકાનની આગળ આવ્યો. એ મકાનના આંગણામાં સૂતેલી બે બાળિકાને વાતો કરતી સાંભળી, તે ત્યાં આગળ ક્ષણભર ઉભો રહ્યો.

બન્ને બાળિકાઓમાંની એક છોકરી સૌભાગ્યસુંદરીએ પૂછ્યું, "અરે સખી, તું પરણીને સાસરે જઈ શું કરીશ?"

"હું પરણીને સાસરે જઈ સાસુ-સસરાની સેવા કરીશ, પતિની ભક્તિ કરીશ."

એ સખીની વાત સાંભળી સૌભાગ્યસુંદરી ફુંગરાતી બોલી, "હું! શું તું આવી ગુલામી કરીશ?"

"ત્યારે તું શું કરીશ, સખી?"

"હું તો પતિની સાથે પરણી સાસરે જઈ પતિને છેતરીશ; અને પરપુરૂષ સાથે મજા કરીશ."

રાજા વિક્રમ એમની વાત સાંભળી મકાનની નિશાની યાદ રાખી ત્યાંથી ચાલ્યો ગયો. પ્રાતઃકાળે રાજસભામાં આવીને રાજસેવકોને એ મકાનના માલિકને તેની નિશાની આપી બોલાવવા મોકલ્યા. રાજસેવકોએ એ કન્યાના પિતાને સભામાં હાજર કર્યો. રાજાએ એના પિતાને પુષ્કળ ધન

પ્રકરણ ૪૮ મું.

નારીચરિત્ર

वञ्चकत्वं नृशंसत्वं चंचलत्वं कुशीलता ।
इति नैसर्गिका दोषा, यासां तासु रमेत कः ॥

ભાવાર્થ—દગાઈ, ક્રુરપણું, ચંચળતા અને સ્વછંદીપણું એ સ્વભાવિક દોષોને ધારણ કરનારી સ્ત્રીઓ તરફ કયો સજ્જન પુરૂષ મીઠી નજરે જુએ !

નિશાના ઘોર અંધકારમાં નગરચર્યા જોવા નીકળેલો રાજા વિક્રમ ગુપ્ત વેષે ફરતો ફરતો કોઈ શ્રેષ્ઠીના મકાનની આગળ આવ્યો. એ મકાનના આંગણામાં સૂતેલી બે બાળિકાને વાતો કરતી સાંભળી, તે ત્યાં આગળ ક્ષણભર ઉભો રહ્યો.

બન્ને બાળિકાઓમાંની એક છોકરી સૌભાગ્યસુંદરીએ પૂછ્યું, "અરે સખી, તું પરણીને સાસરે જઈ શું કરીશ?"

"હું પરણીને સાસરે જઈ સાસુ-સસરાની સેવા કરીશ, પતિની ભક્તિ કરીશ."

એ સખીની વાત સાંભળી સૌભાગ્યસુંદરી ટુંગરાતી બોલી, "હું! શું તું આવી ગુલામી કરીશ?"

"ત્યારે તું શું કરીશ, સખી?"

"હું તો પતિની સાથે પરણી સાસરે જઈ પતિને છેતરીશ; અને પરપુરૂષ સાથે મજા કરીશ."

રાજા વિક્રમ એમની વાત સાંભળી મકાનની નિશાની યાદ રાખી ત્યાંથી ચાલ્યો ગયો. પ્રાતઃકાળે રાજસભામાં આવીને રાજસેવકોને એ મકાનના માલિકને તેની નિશાની આપી બોલાવવા મોકલ્યા. રાજસેવકોએ એ કન્યાના પિતાને સભામાં હાજર કર્યો. રાજાએ એના પિતાને પુષ્કળ ધન

આપી એ કન્યા સૌભાગ્યસુંદરી સાથે તેણે પાણિગ્રહણ કર્યું. રાજાએ તેણીને એકદંડિયા મહેલમાં રાખી ફરતો ચોકીપહેરો ગોઠવી દીધો. એકદંડિયા મહેલમાં કેદીના જેવી સ્થિતિમાં રાખવાનું કારણ સૌભાગ્યસુંદરી સમજી શકી નહિ. એક દિવસે રાજાએ તેણીની શંકા દૂર કરી, "સખી સાથે વાતો કરતાં તેં કહેલું કે પતિને છેતરીને હું અન્યની સાથે રમીશ; તે વાત હવે સત્ય કરી બતાવ!"

એકદંડિયા મહેલમાં રાણી સૌભાગ્યમંજરીને મહિનાઓ પસાર થઈ ગયા, ને રાજાની કહેલ વાત જુની થઈ ગઈ; ત્યારે અવંતીમાં ગગનધૂલિ નામે કોઈ વ્યવહારીઓ વ્યાપારને અર્થે આવ્યો. વ્યવહારીઓ ત્યાં રહીને મોટો વેપાર કરવા લાગ્યો. એક દિવસે એકદંડિયા મહેલની પાસેથી વ્યવહારીઓ ગગનધૂલિ પસાર થયો. ઝરૂખે ઉભેલી સૌભાગ્યસુંદરી એને જોઇને વ્યાકુળ થઈ. કાગળની કટકીમાં કંઈક અક્ષર પાડી ચીઠ્ઠી પાનના બીડામાં મુકી, એ પાનનું બીડું તેણે નીચે વ્યવહારીઆના ઉપર નાખ્યું. નીચેથી પસાર થઈ રહેલા ગગનધૂલિની આગળ પડેલું પાનનું બીડું તેણે ઉપાડી લીધું, ને તેણે ઊંચે નજર કરી તો જાણે વિમાનના ગોખમાં ઉભેલી અપ્સરા જેવી સુંદર સ્ત્રીને તેણે જોઈ!

પાનના બીડામાં ચીઠ્ઠી જોઈ ગુપચુપ તે ચીઠ્ઠી વાંચી. "હે સાર્થપતિ મારી પાસે આવ ને રમ; જો નહિ આવે તો હું તને આત્મહત્યા આપીશ." ચીઠ્ઠીને વાંચી રાગથી અંધ થયેલો ગગનધૂલિ એ ભાળા સૌભાગ્યસુંદરી પાસે જવા માટે ઉપાય ચિંતવવા લાગ્યો. આ રાજરાણીને ભોગવવી એટલે રાજા વિક્રમના કોપના ભોગ થવું! 'ગમે તેમ તોય આવી મનોહર બાળાઓને મનુષ્યભવ પામીને આલિંગી નથી એનો જન્મ વ્યર્થ!"

આમ વિચાર કરતો સાર્થપતિ પોતાને મકાને ચાલ્યો ગયો.

બીજે દિવસે મધ્યરાત્રીને સમયે કામદેવનો પૂજારી કામદેવનું પૂજન કરવા માટે નીકળ્યો, અને એકદંડિયા મહેલ પાસે આવી પાટલાઘોની પૂછડીએ મીણની પાયેલી દોરી બાંધી ઘોને ઠેઠ રાણીના ઝરૂખે વળગાડી. એ દોર વાટે ઉપર ચડી ગગનધૂલિ સૌભાગ્યસુંદરી પાસે પહોંચી ગયો. પોતાના મનમાનેલા આશકને જોઇ સુંદરી ખુશી થઈ. તેની સાથે ખાનપાન કરી ભોગ ભોગવી નિશા વ્યતીત કરી. ગગનધૂલિ રાત્રીનો ચોથો પ્રહર શરૂ થતાં ચાલ્યો ગયો. રાજા વિક્રમ પણ રોજ સૌભાગ્યસુંદરી પાસે આવતો, પણ પહેલાં તો હસીને તે રાજાનો આદરસત્કાર કરતી, એટલે સ્નેહ બતાવતી, પરંતુ એ વર્તનમાં હવે પરિવર્તન થઇ ગયું. રાણીનો પ્યાર ગગનધૂલિમાં હોવાથી રાજાનો આદરસત્કાર ઓછો થઈ ગયો. રાજા ચેત્યો, નક્કી કોઇક પુરૂષ અહીં આવીને રમી જાય છે. શંકાશીલ થયેલો રાજા રાત્રીને સમયે એ મહેલની આસપાસ ફરવા લાગ્યો. રાજાએ ગુપ્તપણે ગગનધૂલિની ચેષ્ટા જોઇ લીધી. ઉદાર દિલનો રાજા એકદમ વિચાર કર્યા વગર પગલું ભરે તેમ ન હોવાથી આ ચેષ્ટા જોઇ લઇ તે બીજે સ્થળે ચર્યા જોવા નીકળી પડ્યો.

અદૃશ્યપણે ફરતો રાજા નગરી બહાર એક પુરાણા ખંડેર પાસે આવ્યો. એક યોગી ત્યાં પડાવ નાંખીને પડેલો હતો. પ્રહરરાત્રી વહી ગઇ હતી, જગત બધું શાંતિથી આરામ લેતું હતું; તે સમયે યોગીએ એક સ્ત્રી પ્રગટ કરી, તેની સાથે ખાનપાન કરી, ભોગ ભોગવી, યોગી ભરનિદ્રામાં પડ્યો. પછી તે સ્ત્રીએ એક પુરૂષ પ્રગટ કરી તેની સાથે રતિક્રીડા કરી ગોપવી દીધો. રાજા વિક્રમ આ અજબ હિકમત જોઇને તાજુબ થયો. "આહા! શું નારીચરિત્ર! જોગીની જટામાં

રહેલી સ્ત્રી પણ પુરૂષને સંતાડી શકે છે; એની સાથે રમી શકે છે; ત્યારે એકદંડિયા મહેલમાં રહેલી સ્વચ્છંદી સૌભાગ્યસુંદરી પુરૂષ સાથે સ્વચ્છંદપણે રમે એ કાંઈ મોટી વાત નથી." આમ વિચારી રાજા પોતાના સ્થાનકે ચાલ્યો ગયો.

એક દિવસે ગગનધૂલિ એકદંડિયા મહેલમાં હતો, તે દરમિયાન રાજા સૌભાગ્યસુંદરી પાસે આવી પહોંચ્યો. રાજાને આવેલો જાણી રાણીએ ગગનધૂલિને છુપાવી દીધો. ચતુર રાજા એ ચેષ્ટા સમજી ગયો, પણ કાંઇ બોલી શક્યો નહિ. રાણીને પાંચ જણની રસોઇ કરવાનો હુકમ આપી, રાજાએ એક સિપાઇને મોકલી પેલા યોગીને ભોજન માટે નિમંત્રણ આપ્યું. રાજસેવક યોગીને લઈ રાજા પાસે આવી પહોંચ્યો. રાજાએ યોગીનો આદરસત્કાર કરી બેસાડયો, ને બન્ને વાતો કરવા લાગ્યા. રસોઇ તૈયાર થવાની ખબર મળતાં રાજાએ પાંચ પાટલા નાખવા હુકમ કર્યો.

સૌભાગ્યસુંદરિએ પાંચ આસન, પાંચ પટાલા, થાળ વિગેરે ગોઠવી દીધું. રાજાએ યોગીને ભોજન માટે ઉઠાડયો, ને બોલ્યો, "યોગીરાજ! યોગિની વિના યોગીની શોભા ન હોય: માટે તમારી યોગિનીને પ્રગટ કરો!"

યોગીરાજે આનાકાની કરવા છતાં રાજાએ આગ્રહપૂર્વક કહ્યું, ત્યારે યોગીએ પોતાની ઝોળીમાંથી કાંઇક વસ્તુ કાઢી એક સ્ત્રી પ્રગટ કરી.

એ સ્ત્રીને રાજાએ કહ્યું, "અરે સ્ત્રી! તું પણ આ યોગીની માફક કાંઇક કલા બતાવ, ને એક નવીન પુરૂષ પ્રગટ કર!"

રાજાના આગ્રહથી એ યોગિનીએ પણ એક પુરૂષ પ્રગટ કર્યો. એ પુરૂષને જોઇ યોગી તો આભો જ થઇ ગયો.

ત્રણ પુરૂષ—યોગી, પેલો પુરૂષ અને રાજા, એ ત્રણે જણ

જમવા બેઠા, એક પાટલા ઉપર યોગિની બેઠી. હવે એક પાટલો ખાલી રહેવાથી રાજા બોલ્યો. "આ એક પાટલો ખાલી પડ્યો છે, તો હે રાણી! તું એક પુરૂષને પ્રગટ કર!"

"હું કાંઇ આ યોગિનીની માફક જાદુગર શું, કે પુરૂષને પ્રગટ કરૂં?" સૌભાગ્યસુંદરી બોલી.

"જાદુગર નથી પણ મહાસતી તો છે, તો તું તારા સતિત્વના પ્રભાવથી પ્રગટ કરી શકે છે!"

રાજાનાં વચન સાંભળી રાણી બોલી, "હે રાજન્! તમે આવું શું બોલો છો?"

રાજાએ વિચાર્યું કે આ રાણી સીધેસીધી માનશે નહિ, તેથી આક્ષેપપૂર્વક બોલ્યો, "રાણી! પેલા ગગનધૂલિ સાર્થવાહને જમવા બેસાડ!"

રાજાનો હુકમ સાંભળી રાણી ગભરાણી. "રાજા તો બધું જાણતા લાગે છે!" ભાગેલા પગે રાણીએ ગગનધૂલિને બહાર તેડી લાવી, રાજા આગળ હાજર કર્યા. પાંચે જણે ભોજન કર્યું. રાજાએ બધાને ભોજન જમાડી તૃપ્ત કર્યા, ભોજનકાર્યથી પરવારી રાજાએ યોગીને કહ્યું, હે યોગી! તમે યોગી થઇ ભગવાનનું ધ્યાન છોડી આ યોગિનીના પાસમાં શા માટે લપટાયા? હવે આ યોગિનીની માયા છોડી ભગવાનના ધ્યાનમાં લીન થાઓ!"

રાજાની વાણી સાંભળી યોગી યોગિનીને છોડી જંગલમાં ચાલ્યો ગયો.

રાજાએ યોગિનીને કહ્યું, "આ પુરૂષને બંદીખાને રાખવા કરતાં એની સાથે સ્વેચ્છાએ તું મારા નગરમાં રહે અને સુખી થા?" રાજાએ યોગિની અને તેના પુરૂષને રવાને કરી દીધાં.

રાજાએ ગગનધૂલિ તરફ નજર કરી, "મારા નગરમાં

આવ્યે તને કેટલો સમય થયો? તારું નગર છોડીને તું અહીં કેમ આવ્યો, સાર્થવાહ?"

"હે સ્વામિન્! લગભગ છ માસથી હું આ નગરમાં વ્યાપાર અર્થે આવેલો છું."

સાર્થવાહે રાજાને કહ્યું એ પ્રસંગે સાર્થવાહના ગળામાં કરમાયા વગરની પુષ્પમાળા જોઈ રાજા ચમક્યો, "આ માળાનાં પુષ્પ કરમાતાં નથી તેનું શું કારણ?"

"મહારાજા! એ પુષ્પમાળાનાં પુષ્પો ન કરમાવાનું કારણ તમે સાંભળો.

ચંપાનગરીમાં ધનદત્તશ્રેષ્ઠીને ધન્યા નામે પત્નીથી ધનકેલિ નામે પુત્ર થયો; યૌવનવયમાં કૌશંબીનગરીના ચંદ્રશ્રેષ્ઠીની રૂકમિણી નામે કન્યાને પરણ્યો. ધન કમાવાને પુષ્કળ સાધનો લઇને હું પરદેશ નીકળ્યો. પોઠિયા, પાડા, ઊંટ અને માણસો વિગેરે સાધનોની એટલી બધી વિપુલતા હતી કે માર્ગમાં તેમના ચાલવાથી ઉડતી ધૂળથી આકાશ બધું ધૂળમય થઈ ગયું, આથો લોકોએ મારું નામ ગગનધૂલિ પાડયું. પરદેશથી પુષ્કળ લક્ષ્મી એકઠી કરી ચંપાનગરીમાં પાછો આવ્યો. પોતાના વતનમાં રૂકમિણી સાથે કેટલોક સમય મારે સુખમાં ચાલ્યો ગયો. તે દરમિયાન કામલતા ગુણકાની મારે દોસ્તી થઈ, ને એની સાથે રહેવા લાગ્યો. ગુણકા સાથેના સહવાસમાં ઘરની બધી લક્ષ્મી મેં ખરચી નાખી. મારી ચિંતામાંજ મારા માતાપિતા મૃત્યુ પામી ગયાં, છતાં વેશ્યાના ઘેરથી હું પાછો ફર્યો નહિ. મારા નહિ આવવાથી રૂકમિણી પણ ઘરમાં દ્રવ્ય ખુટી જવાથી ને મકાન પણ પડું પડું થઇ રહેવાથી પોતાના પિતાને ઘેર ચાલી ગઇ. એ રીતે ઘર બધું સાફ થઈ ગયું.

ઘેરથી ધન નહિ આવવાથી દુષ્ટ ચિત્તવાળી વેશ્યાએ

મને ઘર બહાર કાઢી મુકયો. નિરાશ થયેલો તે જ રહિત હું મારે ઘેર પાછા આવ્યો, તો મકાન પડી ગયું હતું. માતાપિતા મરી ગયાં હતાં, ને બેરિ તેના બાપને ઘેર જતી રહી હતી. આથી હું મારે સાસરે જવાને ચાલ્યો. કૌશાંબિમાં મારા સસરાના મકાન પાસે ગયો, અને વેષપરિવર્તન કરી ભિખારી વેષે મારા સસરાના આંગણામાં દરવાજા આગળ ભીખ માગતો ઉભો રહ્યો. રૂકમિણી મને ખાવાનું આપીને ચાલી ગઇ, પણ તેણે મને ઓળખ્યો નહિ. રાત્રીને સમયે સ્ત્રીનું ચરિત્ર જોવાને માટે નજીકના મંદિરમાં રહ્યો. મધ્ય-રાત્રીને સમયે રૂકમિણી મોદકનો થાળ ભરીને ચાલી, પણ દરવાજાના રક્ષકે દરવાજો નહિ ઉઘાડવાથી તે પાછી ફરી.

બીજે દિવસે હું ભિક્ષા માગતો સસરાના મકાને ગયો. રૂકમિણી મને ભિક્ષા આપવા આવી, અને મને ધીમેથી પૂછયું, તું કોણ છે?

"ભિખારી વળી?" મેં જવાબ આપ્યો.

"હું કહું તે પ્રમાણે કરીશ તો તને સુખી કરીશ."

"ખુશીથી તમે કહેશો તેમ કરીશ." મેં કહ્યું.

રૂકમિણીએ પિતાને કહીને દ્વારપાલને રજા અપાવી મને દ્વારના રક્ષક તરીકે સ્થાપન કર્યો. મધ્યરાત્રી થતાં મોદકનો થાળ લઇ આવી મને દરવાજો ઉઘાડવા કહ્યું. તેના કહેવાથી મેં દરવાજો ઉઘાડયો. રૂકમિણી મને એક મોદક આપી તરત જ બહાર નીકળી. તેનું ચરિત્ર જાણ-વાને હું પણ પાછો છુપાતો તેની પાછળ ચાલ્યો.

પોતાના સંકેત કરેલા સ્થાનકે એક શુન્ય ગૃહ આગળ જઇને તે ઉભી રહી, એટલે એક પુરૂષ તેની રાહ જોતો તેની પાસે આવીને બોલ્યો, "કાલે કેમ આવી નહિ?" એમ કહી તેણીના ગાલ ઉપર એક તમાચો ચોડી દીધો.

રૂકમિણીને આંખે અંધારાં આવતાં તમ્મર ખાઈ જમીન ઉપર પડી, અને તેને રાત્રી સંબંધી હકીકત કહી સંભળાવી. "દ્વારપાલે દરવાજો નહિ ઉઘાડવાથી મારાથી અવાયું નહિ. આજે દ્વારપાલ નવો આવ્યો છે, હવે રોજ તારી પાસે આવી શકાશે; માટે મારો આટલો અપરાધ ક્ષમા કરો?" રૂકમિણીના મધુર વચનથી તે વીર પુરૂષ ઠરો પડયો. પોતાના હાથથી રૂકમિણીને ઉઠાડી તે પુરૂષ રૂકમિણીને શયનગૃહમાં ખેંચી ગયો.

રૂકમિણીના હાથને કાંડે બાંધેલું એક સોનાનું માદળિયું એ રકઝકમાં પડી ગયેલું તે મેં ત્યાંથી ઉપાડી લીધું, ને હું મારે દરવાજે આવ્યો. એ માદળીયાને મેં ચારેકોરથી દીપકના તેજે તપાસી જોયું તો તેમાં એક ચીઠી જોઇ. તેને કાઢીને મેં ખાનગીમાં વાંચી લીધી. બસ બેરા પાર! મારી ખુશીનો પાર ન રહ્યો.

"ધનશેઠના મકાનમાં ડાબી બાજુએ દશ હાથ નીચે ચાર કોટી સુવર્ણ જમીનમાં દાટેલું છે" હું આનંદમાં આવી મારી જગાએ સુતો. થોડીવારે રૂકમિણી આવીને પોતાના ગૃહમાં ચાલી ગઇ. મેં પછી દરવાજો બંધ કરી દીધો.

પ્રાતઃકાળે એ સસરાનું મકાન છોડી હું ચાલ્યો ગયો. બજારમાં એ માદળિયું વટાવી એનું ભાતું લઇ મારે ગામ આવ્યો. મારે ઘેર આવી એ પડી ગયેલા મકાનને સુધરાવી ખાનગી રીતે લક્ષ્મી કાઢી લીધી, અને નવેસરથી મકાન બંધાવ્યું. પ્રથમની માફક નગરમાં મારો વ્યવહાર ચાલ્યો; અને નોકર ચાકરોથી મારૂં ગૃહ ભરાઈ ગયું.

મિત્રો અને સગાંસંબંધીના કહેવાથી હું રૂકમિણીને તેડવાને મારા સસરાને ઘેર ગયો. સસરાએ મારો આદર-સત્કાર કર્યો; ખાનપાનથી મારી ભક્તિ કરી. રાત્રીને સમયે

હું જ્યાં સૂતો હતો ત્યાં મધ્યરાત્રીને સમયે રૂકમિણી મારી પાસે આવી, પણ તેના તરફ મેં નજર સરખી પણ કરી નહિ. રૂદન કરતી રૂકમિણી સૂતેલા એવા મારા ચરણને દબાવતી મારા પલંગ ઉપર બેઠી. અચાનક નિદ્રા તુટવાનો ડોળ કરી હું બોલ્યો, "અરે, તેં આ શું કર્યું ? તેં મારા એક મધુરા સ્વપ્નનો નાશ કર્યો !"

રૂકમિણીએ કહ્યું, કે "તમારૂં સ્વપ્ન કેવું હતું તે કહો !"

જાણે એક સ્ત્રીના મકાનના દરવાજે હું ચોકીદાર તરીકે રહ્યો. રાત્રીના સમયે તે સ્ત્રી મોદકનો થાળ ભરીને મારી પાસે દરવાજો ઉઘડાવી બહાર નીકળી. હું પણ તેની ચર્યા જોવા તેની પછવાડે ગયો. સંકેત સ્થાને જતાં તે સ્ત્રીને એક પુરૂષે આવી ચપેટો માર્યો, અને કહ્યું, કે 'કાલે કેમ ન આવી.' એમ એ બોલ્યો. તે વખતે સ્ત્રીના હાથ ઉપરથી એક સુવર્ણનું માદળિયું પડી ગયું. તે મેં લઈ લીધું, ને તેં મને જગાડ્યો. તે સમયે હું તેની ઉપર ક્રોધાયમાન થઇ ગયો.

મારી આ રીતે સ્વપ્નની વાત સાંભળી રૂકમિણી સફેદ રૂની પૂણી જેવી થઈ ગઇ. હૃદય સ્ફોટ થવાથી તે સમયે ત્યાંજ મૃત્યુ પામી ગઇ. એ મરેલી રૂકમિણીને ઉપાડીને હું ચુપ-ચુપ મકાનની બહાર નીકળી એના સંકેતસ્થાને પેલા સોનીની દુકાનના ઓટલા ઉપર બેસાડી હું જરી દુર છુપાઇને ઉભો રહ્યો. થોડી વારે પેલો વીર ત્યાં આવી પહોંચ્યો, પોતાના પગની બે લાતો મારી બોલ્યો, "અરે પાપિણી ! કેમ આજે અસૂરેણી !" પણ રૂકમિણી કાંઇ બોલી નહિ ને જમીન ઉપર પડી ગઈ: ફરીથી બેચાર લાત લગાવી દીધી, પણ જવાબ ન મળવાથી "આ મરી ગઈ છે કે શું ?" એમ વિચાર કરતો બરાબર એને તે જોવા લાગ્યો.

તો રૂકમિણી મરી ગઇ હતી એવી તેને ખાતરી થઈ.

અરે! આ બિચારીના મર્મસ્થાનકે મારી લાત વાગવાથી મરી ગઈ! મેં આ શું કર્યું! અરે મારા જેવો પાપી કોણ હશે જગતમાં? મને આ સ્ત્રીહત્યા લાગી. પશ્ચાત્તાપ કરતાં એ જારે મૃતકને ત્યાંથી ઉપાડી કયાંક છુપાવી દીધું. આ નારીચરિત્ર જોઇને હું પણ ભયથી કંપતો મારા સ્થાનકે આવી ગુપચુપ સુઈ ગયો.

પ્રાતઃકાળે રૂકમિણીને નહિ જોવાથી એનાં માતાપિતા ખિન્ન ચિત્તવાળાં થયાં. હું પણ એમની રજા લઈ મારે મકાને આવવાને તૈયાર થયો. ત્યારે રૂકમિણીની બેન સુરૂપા પુષ્પમાળા લઇને મને વરવાને આવી. મારા ગળામાં વરમાળા નાખીને સુરૂપા બોલી, "પોતાની મેળે વરવાને આવેલી સુરૂપા એ મને કહ્યું કે તમો મારી સાથે લગ્ન કરો!"

"તું પણ રૂકમિણીની બહેન છો ને?"

"હા! રૂકમિણીની બહેન તો છું, પણ મારા પિતાની સાક્ષીએ આ પુષ્પમાળા તમારા કંઠમાં મેં નાંખી છે. તે જ્યારે કરમાય ત્યારે તમારે સમજવું કે મારૂં શિયળ મલીન થયું છે, અન્યથા મારા શિયળના પ્રભાવે માળા તાજી ને તાજી કાયમ રહેશે."

સુરૂપાનાં એવાં વચન સાંભળી મેં તેણીની સાથે લગ્ન કર્યાં. એની સાથે લગ્ન થયાને આજકાલ કરતાં બાર વર્ષનાં વહાણાં વહી ગયાં; છતાં આ પુષ્પમાળા એવી ને એવી જ રહે છે.

ગગનધૂલિએ પોતાની કથા આ પ્રમાણે કહી સંભળાવી.

રાજા વિક્રમ એ પુષ્પમાળાનો વૃત્તાંત સાંભળી આશ્ચર્ય પામ્યો. રાજાએ ગગનધૂલિને પૂછ્યું, તો "તારી સ્ત્રીની પરીક્ષા મારે કરવી પડશે."

"ઘણી ખુશીથી!" ગગનધૂલિએ અનુમતિ આપી.

રાજા રાજસભામાં આવ્યો ને મૂળદેવ નામના હોશિયાર મંત્રીને પુષ્કળ દ્રવ્ય આપીને બધી વાત સમજાવી ચંપાપુરી મોકલ્યો. ચંપાપુરીમાં આવી ગગનધૂલિના મકાન પાસે તે પણ મકાન રાખીને રહ્યો. એક વૃદ્ધાને સમજાવીને મૂળદેવે સુરૂપા પાસે મોકલી. સુરૂપાએ વૃદ્ધાની વાતને ગણકારી નહિ. વારંવાર પેલી ડોસી સુરૂપાને સમજાવવા લાગી. સુરૂપાએ ચિડાઈને મૂલદેવને પોતાની પાસે તેડાવ્યો. એની પાસેથી દ્રવ્ય પડાવી લઈ મકાનમાં એક જીર્ણ કૂવો તૈયાર કરાવેલી, તેના ઉપર કાચા સુતરથી ભરેલો ખાટલો પાથરી, તેની ઉપર તળાઈ બિછાવી ચાદર પાથરી, તેના પર તેને બેસાડયો. એટલે તે સીધો કુવામાં પહોંચી ગયો. મૂળદેવના ન આવવાથી રાજાએ મૂળદેવના ભાઇ શશીને મોકલ્યો. શશીએ પણ ચંપાપુરીમાં આવી મૂળદેવની માફક પેલી વૃદ્ધાને સાધી. વૃદ્ધા રોજ સુરૂપાને સમજાવવા લાગી. સુરૂપાએ બીજાઇને શશીને પણ તેની પાસેનું દ્રવ્ય પડાવી લઇ મૂળદેવની પાસે મોકલ્યો. પેલી રોજ જીવ બાતી ડોકરીને પણ એ બન્નેની પછવાડે છેતરીને કુવામાં ધકેલી દીધી. એ ત્રણેને થોડું થોડું તે ખાવાનું રોજ આપતી હતી. કુવામાં રહેલા એ ત્રણે નરકની પેઠે દુઃખમાં દિવસો ગુજારતાં હતાં. શશી પણ પાછો ફર્યો નહિ, ને ગગનધૂલિના કંઠમાં માળા પણ તાજી રહેલી જોઈ રાજા ગગનધૂલિ સાથે ચંપાપુરીમાં આવ્યો. ગગનધૂલિએ રાજાની પરોણાગત કરી પોતાની સ્ત્રી સુરૂપાને રાજાના બન્ને મંત્રીઓની વાત કરી. સુરૂપાએ પોતાના સ્વામીને પોતાને ત્યાં આવેલા બન્ને મંત્રીઓની વાત કહી સંભળાવી, ને પેલી કુઈમાં પડેલા બતાવી દીધા.

ગગનધૂલિએ રાજા વિક્રમ આગળ બધી વાત કહી સંભળાવી. રાજાએ સુરૂપાનાં વખાણ કરતાં ગગનધૂલિ સાથે આવી કુટીમાં રહેલા બન્ને મંત્રીઓને બહાર કઢાવ્યા; અને તેમને ખવરાવી પીવરાવી થોડા દિવસમાં તાજા કર્યા. રાજા વિક્રમે સુરૂપાની પ્રશંસા કરતાં ગગનધૂલિને ખુબ ઈનામ આપ્યું, ને બન્ને મંત્રીઓને લઇને સુરૂપાના શીયળના મહાત્મ્યથી મસ્તક ધુણાવતો તે અવંતીમાં આવ્યો.

" મહોબત અચ્છી કીજીયે, ખાઇએ નાગરપાન,
મહોબત બૂરી ન કીજીયે, જાએ નોકર ઔર નાક."

પ્રકરણ ૪૯ મું

વફાદારી

" તેજી ચમકે ચાબુકે, ટુંકારે રજપુત;
વચવટ રીજે વાણિયો, ડાકે રીજે ભૂત."

વીરપુર નગરમાં ભીમરાજાને પદ્માવતી નામે રાણી હતી. તેને રૂપચંદ નામે એક પુત્ર હતો. રૂપચંદ મનોહર કાંતિવાળો અને પરાક્રમીઓમાં અગ્રણી શુરવીર હતો. ભીમરાજાનો માનીતો ચંદ્રસેન નામે એક સેવક હતો. ગંગદાસ નામે રાજાનો એક પુરોહિત બ્રાહ્મણ હતો. મૃગાવતી એ પુરોહિતની પત્ની હતી. ભીમરાજાનો માનીતો ચંદ્રસેન યુવાન દેખાવે ફાંકડો ને વાચાળ હોવાથી શહેરમાં સ્વેચ્છાએ પરિભ્રમણ કરતો હતો.

બજારમાં ફરતાં ફરતાં એક સ્થાનકે ઘણા માણસો ભેગા થયેલા હોવાથી ચંદ્રસેન પણ એ માણસોની વચમાં ઘુસી ગયો, ત્યાં ટીલાંટપકાં કરેલા એક વિપ્રને બધાના હાથ જોઇ કંઇક બડબડતો જોવાથી ચંદ્રસેને પણ તે વિપ્રને

પૂછ્યું, "ભૂદેવ! મારો હાથ જુઓ તો!" પોતાનો હાથ લાંબો કરીને ચંદ્રસેને ભૂદેવના હાથમાં મૂક્યો. ભૂદેવે એનો હાથ જોયો; પાટી ઉપર આંકડા મૂકી એની લગ્નદશા જોઈ. લગ્નદશા સારી હોઈ ભૂદેવ બોલ્યા; "અરે ચંદ્રસેન! તમે ઘણા ભાગ્યશાળી છો! રાજાના માનિતા છો! તમે ત્રણ ભાઇઓ છો! એક બહેન અને પાંચ સ્ત્રીઓ તમારે છે." ભૂદેવની વાણી સાંભળી ચંદ્રસેન પ્રસન્ન થયો. સારી દક્ષિણા આપીને ભૂદેવને રાજી કરી તે ત્યાંથી ચાલ્યો ગયો, અને સાયંકાળ થવાથી ભૂદેવ પણ નગરની બહાર એક દેવકુળમાં રાત્રીવાસો રહ્યો.

ગંગાદત્ત પુરોહિતની પત્ની મૃગાવતી ચંદ્રસેનમાં પ્રીતિવાળી હોવાથી બોદકોનો થાળ ભરી તેજ દેવકુળમાં આવી. ચંદ્રસેનને આવવાનો સંકેત કરેલો હોવાથી ઉતાવળી આવેલી મૃગાવતીએ અંધારામાં દેવકુળમાં સુતેલા પેલા વિપ્રને ચંદ્રસેનની બુદ્ધિએ જગાડી, પેલા બોદકો સારી પેઠે ખવડાવ્યા; બોલવા ઉપરથી તેને કોઈ બીજો પુરૂષ લાગ્યો, તેથી મૃગાવતી બોલી, "તું કોણ છે?"

"હું એક બ્રાહ્મણ છું." તે પુરૂષ બોલ્યો.

"અરે પુરૂષ! મેં તને બોદક ખવરાવ્યા, તો પુરૂષની અભિલાષાવાળી મને તું તૃપ્ત કર!" મૃગાવતી બોલી.

"અરે સ્ત્રી! એમ ન બોલ! તેં મને બોદક ખવરાવ્યા એના બદલામાં જોઇએ તે દ્રવ્ય તું મારી પાસેથી લે! પણ હું તારો સ્પર્શ તો કરીશ નહિ."

વિપ્રને અરસિક જાણી મૃગાવતી ખિન્ન થઈ ગઈ, અને દેવકુળથી પાછી નગર તરફ વળી, તો સામેથી ચંદ્રસેનને આવતો જોયો. દીપકના પ્રકાશમાં દૂરથી આવતા ચંદ્રસેનને જોઇ મૃગાવતી ત્યાં ઉભી રહી. ચંદ્રસેન ત્યાં આવી પહોંચ્યો.

તો એ દેવકુળમાં કોઇ માનવીને જોઈ એને હાકોટયો, "અરે મુસાફર! ઉઠ, અહીંથી દૂર જા!"

તે મુસાફર બોલ્યો, "મને રાત્રીએ દેખાતું નથી, તો હું અત્યારે કયાં જાઉં!"

ચંદ્રસેને એક માણસ સાથે તે વિપ્રને દૂર ભીમયક્ષના મંદિરમાં મોકલી દીધો. દીપકના અજવાળે વિપ્રને સેવકે ભીમયક્ષના મંદિરમાં મુકી દીધો. ને પેલો દીપક પણ યક્ષના મંદિરમાં મુકી સેવક ચાલ્યો ગયો. ચંદ્રસેન તે દેવકુળમાં નિરાંતે મૃગાવતીની રાહ જોતો નિદ્રાવશ થઈ ગયો.

બીજા મોદકનો થાળ ભરી મૃગાવતી ઘેરથી પાછી ફરી, ભીમયક્ષના મંદિરે દીપક બળતો દેખી, ચંદ્રસેન ત્યાં હશે એમ સમજી મૃગાવતી યક્ષના મંદિરમાં આવી. મંદિરની અંદર સુતેલા વિપ્રને ચંદ્રસેનની ભ્રાંતિએ જગાડી મોદક ખવરાવ્યા, પણ એક મોદકથી તે વિપ્ર વધારે ખાઈ શકયો નહિ. મૃગાવતી કાંઇક ભ્રાંતિથી તેને ઓળખી ગઇ, અને બોલી, "અરે તું તો પેલો વિપ્ર કે! મુઆ પાછો અહીં કયાંથી આવ્યો.?"

"તારા મોદકનો સ્વાદ લેવા! જા જતી રહે અહીંથી! મારી સ્ત્રી સિવાય બીજી સ્ત્રીઓ મારે બહેન તુલ્ય છે. સમજી! તારા જેવી દુષ્ટ સ્ત્રીઓ આ નગરમાં કેટલી છે તે!" ભૂદેવે ટોણો માર્યો.

ભૂદેવના મર્મવચનને સાંભળી મૃગાવતી મનમાં સંતાપ ધારણ કરતી પોતાના મકાને આવી પેઠી ગઈ.

પ્રાતઃકાળે ચંદ્રસેન પેલા ભૂદેવની ખબર લેવાને યક્ષના મંદિરમાં આવ્યો, "મહારાજ! ભૂદેવ! આજે તમે રાજ-સભામાં આવજો! રાજાને કાંઇક આશીર્વાદ આપજો! તમને સારૂં દાન અપાવીશ."

ચંદ્રસેનની વાણી સાંભળી ભૂદેવ મનમાં ખુશી થયા. યથાસમયે તે રાજસભામાં રાજાને આશીર્વાદ આપી ઊભો રહ્યો. રાજાએ તેને સારી દક્ષિણા આપી. ચંદ્રસેને ભીમરાજા આગળ ભૂદેવનાં ખુબ વખાણ કર્યાં, "રાજન્! આ ભૂદેવ ભૂત, ભવિષ્ય અને વર્તમાન, સારૂં જાણે છે, આપ કાંઇક ખાતરી કરો!"

રાજાએ ચંદ્રસેનની વાણી સાંભળી ખુશી થતાં કહ્યું, "કહો ભૂદેવ! આજે મારા રાજ્યમાં શું થશે?"

લગ્નબળ જોઈ ભૂદેવ બોલ્યા, "કાલે તમારો પટ્ટહસ્તી મૃત્યુ પામી જશે!"

"એ અશુભનો નાશ શી રીતે થાય?"

"જે બનવાનું છે તે કદાપિ મિથ્યા થશે નહિ, રાજન્!"

રાજાએ ભૂદેવનું વચન સત્ય ધારીને રાત્રીને સમયે પટ્ટહસ્તીની રક્ષા માટે તેની ફરતા હજારો સેવકોની ચોકી મુકી દીધી. પ્રાતઃકાળે સૂર્યોદયે પટ્ટહસ્તી ગજરાજ મદોન્મત્ત થઈ છકી જવાથી અલાનચક્રનું ઉન્મૂલન કરીને શહેરમાં ત્રાસ વર્તાવતો ચાલ્યો. મહાવત કે રાજસેવકો કોઈ એને રોકવાને સમર્થ થયા નહિ. નાગરીકોનાં હાટ, ઘર વગેરેને ભાગતો નગરમાં નીડરપણે તે ઘુમવા લાગ્યો. નગરના લોકો તો પોતપોતાનો જીવ બચાવવા જેને જ્યાં ફાવ્યું ત્યાં નાસવા લાગ્યા. એ ગજરાજની સામે કોણ બાથ ભીડી શકે? મનુષ્યપ્રાણીની એટલી બધી શક્તિ હોય પણ કયાંથી! નગરમાં હાહાકાર મચી ગયો. રાજા અને નગરના લોકો આકુળવ્યાકુળ થઇ ગયા ગજરાજ નગરમાં ભાંગતોડ કરતો રાજમાર્ગે ચાલ્યો. રાજમાર્ગમાં નાસભાગ કરતી કૃષ્ણદ્વિજની પત્ની તેમજ બીજી સ્ત્રીઓ હાથીના ઝપાટામાં

આવી ગઇ. સ્ત્રીઓએ બૂમરાણ મચાવ્યું, "બચાવો! બચાવો!" પણ મરવાને બચાવવા પણ કોણ આવે! સૌને પોતપોતાની પડી હતી.

રાજકુમાર રૂપચંદ્ર મહાબળવાન ગણાતો હતો. નગરમાં ઉત્પાત અને કોલાહલ સાંભળી રાજમહેલમાંથી રૂપચંદ્ર કુદ્યો અને નિમેષમાં પેલો ગજરાજ સ્ત્રીઓને રંજાડતો હતો ત્યાં આવી પહોંચ્યો. રાજકુમારે ગજરાજને હાકલ કરી, "અરે દુષ્ટ! અમારા અન્નથી પોષાયેલા કુતરા! અબળાઓને સતાવે છે? આમ આવ! આમ આવ!" આવો ગર્વિષ્ટ અવાજ સાંભળી ગજરાજે પોતાના હરીફ તરફ નજર ફેરવી. સ્ત્રીઓને છોડી પોતાનો તિરસ્કાર કરનાર પ્રતિસ્પર્ધી તરફ પૃથ્વીને કંપાવતો ગજરાજ વસ્યો.

ધસી આવેલા ગજરાજના મસ્તક ઉપર એક મોટું કપડું નાખી દીધું, અને હાથીને આમ તેમ ભમાવી એના મર્મસ્થાનકે રાજકુમાર ઘાવ કરવા લાગ્યો. કેટલીક વાર સુધી રાજકુમાર અને ગજરાજનું યુદ્ધ ચાલ્યું. ભમાવવાથી શ્રમિત થયેલો અને મર્મસ્થાનકે ઘાવ લાગવાથી ગજરાજ ત્યાંજ ઢગલો થઈને પડ્યો. મર્મના ઘાની પીડાથી ગજરાજના પ્રાણ ચાલ્યા ગયા.

રાજા અને નગરીના લોકો બધા ખુશી થયા; તરિયા-તોરણોથી બધી નગરીને શણગારી મોટો મહોત્સવ કર્યો. રાજાના એ મહોત્સવમાં બધી નગરીના લોકોએ લહાવો લીધો, પણ રાજ્યનો મહામંત્રી સુમતિ આવ્યો નહિ.

રાજાએ મંત્રીને પૂછ્યું. "કેમ તમે આ મહોત્સવમાં ભાગ લીધો નહિ? હાથીને મારી કુમારે નગરીનું રક્ષણ કર્યું તે શું તમને ગમતી વાત નથી કે શું?"

"મહારાજ! રાજકુમારે પટ્ટહસ્તીને માર્યો એ ઠીક

કર્યું નહિ. એને કોઈ પણ ઉપાયે વશ કરવો હતો, મારવો નહોતો. યુદ્ધમાં ને શત્રુના દળમાં ભંગાણ પાડવા માટે તેમજ જબરજસ્ત કિલ્લાઓ તોડવા માટે પટ્ટહસ્તી બહુ ઉપયોગી હોય છે. પટ્ટહસ્તીના મૃત્યુની શત્રુઓને ખબર પડતાં આપણને મુસીબતમાં કદાચ ન ઉતરવું પડે તે વિચારજો." મંત્રીની વાત સાંભળી રાજાના વિચારો ફરી ગયા. ગજરાજને મારવા માટે રાજાએ કુમારને જરા ઠપકો આપ્યો.

પિતાના ઠપકાથી ગુસ્સે થયેલો રાજકુમાર પોતાની સ્ત્રી પદ્માવતીને લઇને રાત્રીને સમયે અશ્વારૂઢ થઈ નગરને રામ રામ કરી ચાલ્યો ગયો. માર્ગના અવવચ્ય રસ્તે પદ્માવતી પ્રસૂતા થઇ, અને એક સુંદર બાળકને જન્મ આપ્યો ત્યાંથી ચાલતાં અનુક્રમે તે ઉજ્જયિની આવ્યો. અવંતીમાં એક શેઠની દુકાનના ઓટલા ઉપર પોતાની સ્ત્રીને બેસાડી રૂપચંદ કેટલીક વસ્તુઓ ખરીદવા તથા નોકરીની તપાસ કરવા ગયા.

બાળકને રમાડતી પદ્માવતી શેઠના ઓટલા ઉપર બેઠી હતી, એ દરમિયાન શેઠને ઘરાકી બહુ ચાલી. ગ્રાહકોની ધમાલથી શેઠ કંટાળી ગયા; શેઠને સારો તડાકો પડી ગયો. શેઠે વિચાર કર્યો કે, "આ શું? આ કોનો પ્રભાવ?" શેઠે પોતાની દુકાનના ઓટલા ઉપર બેઠેલી એક સ્ત્રીને જોઇ. શેઠ જરા કુરસદ મેળવી એ સ્ત્રીની પાસે આવ્યા. એના બોળામાં રમતા સુંદર બાળકને જોઇ શેઠ ચમકયા. "ઓહો! આ પુણ્યશાળી બાળકનો જ પ્રભાવ છે!"

બજારમાં ગયેલો રૂપચંદ્ર આવી પહોંચ્યો. તેણે પોતાની સ્ત્રીને કહ્યું, "ઉઠ! ઉઠ! આ નગરમાં તો કાંઈ ચાકરી મળે તેવું છે નહિ; આપણે બીજા નગરમાં જઇએ." રૂપચંદ્રની વાણી સાંભળી પદ્માવતી બાળક લઇને ઉઠી.

"આજ તો મારા મહેમાન થઈ જાઓ! આવ્યા તો હમણાં જ, ને આટલા બધા અકળાવ છો શું? ઉતાવળે તે આંબા પાકે?" શેઠના આગ્રહથી રૂપચંદ્ર શેઠનો મહેમાન થયો. સાયંકાળના ખાનપાનથી પરવારી શેઠના મકાનમાં રૂપચંદ્રે સુવાની તૈયારી કરી. શેઠના મનમાં કાંઈક વિચાર આવ્યો. એણે પદ્માવતિને કહ્યું, "પુત્રી! આ ક્ષત્રિય છે તે કદાચ રાત્રે લુંટ કરી નાસી જાય તો!"

"અરે શેઠ, જરા વિશ્વાસ રાખો! મારા પતિ એવા નથી. કયાંક નોકરી મળશે તો નોકરી કરશે, પણ લુંટ કરવાનું તે જાણતા નથી," હસીને પદ્માવતીએ જવાબ આપ્યો. શેઠે એમને એક ખંડ આપી તેમાં ઘોડિયું તેમજ ગાદલાં ગોદડાંની વ્યવસ્થા કરી આપી.

પ્રાતઃકાળે રાજસભાના સમયે રૂપચંદ્ર રાજાને સલામ કરવાને રાજસભામાં જવા માટે નીકળ્યો. રાજસભાના મુખ્ય દરવાજા આગળ દ્વારપાળે રૂપચંદ્રને રોકયો. રૂપચંદ્રે દ્વારપાળને એક તમાચો એના ગાલ પર ચોડી કાઢયો, એ ગાલને પંપાળતા દ્વારપાળને છોડી રૂપચંદ્ર રાજસભામાં આવ્યો, અને રાજાની આગળ ફળ મૂકીને રૂપચંદ્ર રાજાને સલામ કરી ઉભો રહ્યો: વચનની ચતુરાઇથી રાજાને ખુશી કર્યો. રાજાએ દશ હજાર સુવર્ણ મહોરો આપી ભટ્ટમાત્રને કહ્યું, "આમને રહેવા માટે એક સુંદર મકાન આપો!" અને રાજાએ રૂપચંદ્રને રોજ દરબારમાં આવવા ભલામણ કરી. ભટ્ટમાત્રે દ્વારપાળને હુકમ કર્યો. દ્વારપાળે તમાચાનું વેર વાળવા માટે અગ્નિવૈતાળનું મંદિર હતું, તે રૂપચંદ્રને બતાવીને કહ્યું કે, "આ મકાનમાં તમે રહો!" મકાન બતાવી દ્વારપાલ ચાલ્યો ગયો. યાચકોને દાન આપતો રૂપચંદ્ર શેઠના મકાને આવ્યો: શેઠનો ઉપકાર માની પત્નીને લઈ અગ્નિ-

વૈતાળના મંદિરે આવવા નીકળ્યો. લોકો અનેક વાતો કરવા લાગ્યા. ‘ અરે ! વૈતાળના મંદિરમાં આ શી રીતે રહેશે ? જરૂર વૈતાળ તેમને મારી નાખશે આ તો મહા-અનર્થ થયું.” રૂપચંદ્ર બજારમાં ગયો ને પદ્માવતી ઘોડિયામાં બાળકને સુવાડી હાલરડાં ગાતી ગાતી બોલતી હતી કે, “ તારા પિતા અગ્નિને પકડી હમણાં આવશે, તેનાથી તું ડરજે.”

સાંજના સમયે પોતાના મકાને આવેલો વૈતાળ પોતાના મકાનમાં માણસ જોઈ ચમક્યો, ને આ હાલરડું સાંભળવા લાગ્યો; “ અગ્નિક તો હું છું. તો શું એ બાળકનો બાપ મને પકડવા ગયો છે ? એવો એ માણસ જબરો છે ?”

અગ્નિક મંદિરમાં આવી બોલ્યો; “ અરે ભાઈ તું કોણ છે ? અહીં કેમ આવી છું ? મારા મકાનમાં મારોજ શિકાર થવા આવી છું કે શું !”

“ ઓહો ! અગ્નિક ! આ લે બાળક ! છાનો રહે ! રૂદન ના કર ! તારા પિતાએ જો આ રમકડું મોકલ્યું છે તે લે, અને એની સાથે તું રમ !” નિર્ભયતાથી પદ્મા બોલી. “ જો આ અગ્નિક-રમકડું આવ્યું છે તે ! અરે અગ્નિક ! ચિરંજીવ ! મારા પતિ તને મારશે નહિ, માટે નિર્ભય રહે !”

“ અરે મને ડરાવે છે ? ક્યાં છે તારો પતિ ? બોલાવ ! લાવ મારી પાસે !” એમ કહેતો પદ્માને પકડી ખાઈ જવા તે ધસ્યો.

“ અરે દુષ્ટ ! સબૂર !” પછવાડેથી છુપાઈ રહેલા રૂપચંદ્રે અગ્નિકની ગરદન પકડી, એને જમીન ઉપર પટક્યો; તેને નીચે પાડી તેના ઉપર ચડી બેઠો, “ દુષ્ટ ! નિશાચર ! બોલ ! મારી સેવા કબુલ કરે છે કે નહિ ?”

અગ્નિક એની હિંમત જોઈને આશ્ચર્ય પામ્યો. “ રૂપ-

ચંદ્ર! આજથી હું તારો મિત્ર છું. તું કહે તે કરવાને તૈયાર છું." રૂપચંદ્રે અગ્નિકને છોડી દીધો. અને પ્રાતઃકાળે અગ્નિક ઉપર સવાર થઇને રૂપચંદ્ર રાજસભામાં આવવા નીકળ્યો. રાજમાર્ગે અગ્નિક ઉપર સવાર થઈને આવતા રૂપચંદ્રને જોઈ લોકો કંઈ કંઇ વાતો કરવા લાગ્યા; " અહા! આણે તો અગ્નિકને પણ જીત્યોને શું?"

રાજસભામાં રાજા પણ રૂપચંદ્રના આ પરાક્રમથી ખુશી થયો. રાજાએ રૂપચંદ્રને પોતાનો અંગરક્ષક નીમી એનો આદરસત્કાર કર્યો. રૂપચંદ્ર અને વૈતાળને પણ મિત્રાચારી થઈ. આવું અઘટિત અને વિષમ કાર્ય કરવાથી, ને વૈતાળ જેવાને વશ કરવાથી રાજાએ રૂપચંદ્રનું અઘટકુમાર નામ પાડયું. સ્વામી અને સેવક છતાં રાજા અને અઘટકુમારને ક્ષીર નીરના જેવી પ્રીતિ થઈ. રાજલક્ષ્મીની અધિષ્ઠાતા કુળદેવીએ એ બન્ને પરાક્રમીઓના સત્યની પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો.

એક દિવસે રાત્રીને સમયે રાજા વિક્રમે કોઈક સ્ત્રીનો રૂદનધ્વનિ સાંભળવાથી અઘટકુમારને તેના સમાચાર જાણવાની આજ્ઞા કરી. અઘટકુમારે તે સ્ત્રી પાસે આવી તેના રૂદનનું કારણ પૂછ્યું. અઘટના પૂછવાથી તે સ્ત્રી બોલી; " હું આ રાજ્યની અધિષ્ઠાતા કુળદેવી છું. રાજા માથે વિઘ્ન આવ્યું છે—કાલે રાજા મરી જશે તેથી હું રૂદન કરું છું."

એ સ્ત્રીની વાત સાંભળી અઘટ બોલ્યો, " એ વિઘ્ન દૂર થાય અને રાજાની રક્ષા થાય તેવો કોઇ ઉપાય બતાવ!"

" તેવો ઉપાય તો છે, પણ તે તારાથી બની શકશે?"

" હા! બોલ! ઝટ બોલ!"

" તારા બત્રીસ લક્ષણા બાળકને વધેરી મને જો બલિ

આપે તો રાજા જીવે અને બધી પ્રજાને પણ સુખ થાય."

"ઠીક દેવી! જરી રાહ જો! હું આવું છું."

અઘટકુમાર મધ્યરાત્રીને સમયે ઝટ પોતાને ઘેર આવ્યો. પ્રિયાને જગાડી બધી વાત કહી સંભળાવી. પદ્માવતીએ પણ રાજાની રક્ષાની ખાતર પતિની વાતને અનુમોદન આપ્યું. બન્ને જણ બાળકને લઈ કુળદેવીની સમક્ષ આવ્યા. અઘટકુમાર બોલ્યો; "કુળદેવી! રાજાનું રક્ષણ કરજો, ને રાજાની રક્ષાનિમિત્તે આ ભોગ લ્યો." રૂપચંદ્ર બાળકને પકડી રાખ્યો ને પદ્માવતીએ હાથમાં ખડ્ગ ધારણ કરી બાળકને વધેરી દીધો. બાળકનો ભોગ આપી બન્ને પતિ-પત્ની પોતાને મકાને ગયાં. આ ચમત્કારી બનાવ એક પુરૂષ પ્રસન્નપણે જોઇ રહ્યો હતો. આશ્ચર્યથી મસ્તક ધુણાવતો અને અઘટકુમારની વફાદારી ઉપર અતિ પ્રસન્ન થયેલો તે પુરૂષ પ્રગટ થઇને પેલી કુળદેવી આગળ બાળકને વધેર્યો હતો ત્યાં આવીને બોલ્યો; "અરે દેવી! મારી રક્ષા ખાતર આ બાળકનો ભોગ લીધો?" એ પુરૂષ તે અઘટ જે રૂદન કરતી સ્ત્રીના સમાચાર લેવા મોકલ્યો હતો, અને એની ચિકિત્સા જોવા આવેલો રાજા વિક્રમ પોતે હતો. રાજા વિક્રમે બાળકની લાશ પાસે ઉભા રહી "જેની રક્ષા માટે આ બાળકે બલિદાન આપ્યું તેનો પણ ભોગ લે!" એમ કહી પોતાની ગરદન ઉપર તલવાર ઝીકી.

"સબૂર!" દેવીએ પ્રગટ થઈ જવાબ આપ્યો. "પ્રસન્ન છું! વરદાન માગ!"

"દેવી! જો પ્રસન્ન થયાં હો તો આ બાળકને જીવતો કરો!" દેવીના વરદાનથી અઘટનો નંદન જીવતો થયો. તેને લઈને રાજા પોતાના રંગમહેલમાં આવ્યો, અને અઘટની વફાદારીનો વિચાર કરતો નિદ્રાવશ થયો.

પ્રાતઃકાળે રાજાએ પોતાના સેવકો મોકલીને અઘટકુમાર અને તેની પત્ની પદ્માવતીને રાજમહેલમાં તેડાવ્યાં; તેમનો આદરસત્કાર કર્યો; સુંદર રસવતીથી તેમને રાજી કર્યાં; રાજાની આ રીતભાતથી મંત્રીઓમાં તેમજ સેવકોમાં ખળભળાટ મચ્યો; "આજકાલના આવેલા આ રૂપચંદ્રનાં આ તે શાં માન! અમે શું રાજાને વફાદાર નથી?"

રાજા સભામાં આવ્યો. મંત્રીઓ અને બીજા સર્વે સભામાં બેઠેલા હતા. અઘટકુમાર પણ સભામાં પોતાની જગ્યાએ બેઠો હતો. ત્યારે રાજાએ મંત્રીઓની સામે જોઈ અઘટકુમારને કહ્યું; "અઘટકુમાર! તમારે કેટલા પુત્ર છે?"

"માત્ર એક જ પુત્ર છે."

"એ પુત્ર ક્યાં છે, તેને હાજર કરો!"

રાજાની વાણી સાંભળી અઘટકુમાર ચમક્યો. "મહારાજ! એ તો એને મોસાળ છે."

"રૂપચંદ્ર! સત્ય વાત કહે. આ રાજસભામાં સત્ય વાત કહી સંભળાવ કે તારો પુત્ર ક્યાં છે? હું તે બધી વાત તારી જાણું છું."

અઘટકુમાર વિચારમાં પડ્યો! મહારાજ બધું શી રીતે જાણે? શું તેમણે છુપાઇને મારી પૂંઠે આવી જોયું હશે. વિચાર કરી અઘટકુમારે રાત્રી સંબંધી વૃત્તાંત-પોતાના પુત્રનો દેવીને ભોગ આપ્યો ને શું કરવા આપ્યો- તે બધું કહી સંભળાવ્યું. રૂપચંદ્રની વાત સાંભળી આખી રાજસભા દંગ થઈ ગઈ; "વાહ! શું એની રાજા પરની વફાદારી! શું એની રાજભક્તિ!"

રાજાએ રૂપચંદ્રને કહ્યું; "રૂપચંદ્ર! તેં તો અપૂર્વ રાજભક્તિ-સ્વામિભક્તિ બતાવી છે. રાજ્યભક્તિ કરતાં

પુત્રને ખોયો છે, પણ જો આ તારો પુત્ર જીવતો જાગતો છે?" રાજાએ પડદા પાછળ છુપાવેલા પુત્રને સભામાં અઘટકુમાર આગળ હાજર કર્યો. અઘટકુમાર સુવેલા પુત્રને જીવતો જોઇ "દીકરા!" એ નાનકડા બાળકને પોતાના સોઠોડી મજબુત બાહુથી ઉંચકી છાતી સરસો ચાંપી અઘટકુમારે તેને ગભરાવી દીધો.

રાજાએ કેટલાંક ગામ નગર શહેર ભેટ આપી અઘટકુમારને મોતીના મુગટધારી રાજા બનાવી દીધો. એક દિવસે બાનગીમાં અઘટકુમારને એનાં માતાપિતા સંબંધમાં વિક્રમે પૂછયું. અઘટે બધી વાત કહી સંભળાવી. તેની વાત સાંભળી રાજા વિક્રમે પુષ્કળ લાવલશ્કર અને યુદ્ધ-સામગ્રી આપી તેને ચંપાપુરી તરફ મોકલ્યો. એના પિતાએ મોટું લશ્કર જોઇ મંત્રીઓને મોકલ્યા. રાજકુમાર રૂપ-ચંદ્રને જાણી રાજાએ એનો પ્રવેશ મહોત્સવ કર્યો. શુભ દિવસે અને શુભ મુહૂર્તે એ કવચધારી પુત્રને રાજાએ રાજમુગુટ પહેરાવી રાજ્યાધિષ્ઠિત કર્યો. અઘટકુમાર મોટો રાજા થયો, છતાં પણ વિક્રમ તરફ સ્વામીભક્તિ દાખવતો તે સુખે રાજ્ય કરવા લાગ્યો.

પ્રકરણ ૫૦ મું.

આલોચના

ज्ञानवान् ज्ञानदानेन, निर्भयोऽभयदानतः ।
अन्नदानात्सुखी नित्यं, निर्व्याधिर्भेषजाद्भवेत् ॥

ભાવાર્થ—જ્ઞાનનું દાન કરનાર, જ્ઞાન અને જ્ઞાનીની ભક્તિ કરનાર પ્રાણી જ્ઞાનવાન થાય છે; અભયદાન–જીવ-

દયા પાળવાથી બળવાન અને દીર્ઘજીવી થાય છે, અન્ન-દાન કરનાર સુખી રહે છે ને ઔષધદાન કરનાર નીરોગી રહે છે.

સિદ્ધસેનસૂરિ વિહાર કરતા અવંતીમાં આવ્યા. રાજાએ એમનાં વ્યાખ્યાનનો રોજ લાભ લેવા લાગ્યો. રાજા બાર વ્રતધારી શ્રાવક થયો હતો, અને ભગવાનની પૂજા કરતો તે જૈનધર્મનું યથાશક્તિ પાલન કરતો હતો. પ્રતિદિવસ વ્યાખ્યાનના શ્રવણથી રાજાનાં પરિણામ શુદ્ધ રંગવાળાં થયેલાં હતાં. એક દિવસે રાજા વિક્રમે ગુરૂને પોતાનો પૂર્વભવ પૂછ્યો; "સ્વામિન્! પરભવમાં મેં શું કરણી કરે-લી કે આ ભવમાં આવું સપ્તાંગ રાજ્ય મળ્યું? અગ્નિવૈતાલ અને ભટ્ટમાત્ર જેવા મિત્રો મળ્યા? ને હું ખર્પરક જેવા ચોરનો નાશ કરનાર થયો?"

રાજાની વાત સાંભળી સિદ્ધસેનસૂરિ બોલ્યા; "હે રાજન્! તારો પૂર્વભવ સાંભળ! અઘાટપુર નગરમાં ચંદ્ર નામનો એક પંડિત દરિદ્ર અવસ્થામાં પોતાના દિવસો ગુજારતો હતો. રામ અને ભીમ એ નામના મિત્રો પણ તેના જેવાજ ગરીબ હતા. એ ત્રણે જણા વિચાર કરી દ્રવ્ય કમાવા માટે કાંઈક ભાતું લઈને લક્ષ્મીપુર તરફ ચાલ્યા. માર્ગમાં એક તળાવની પાળ ઉપર તેઓ ભાતું ખાવા બેઠા. તે સમયે ભાગ્યયોગે કર્મની સાથે વિગ્રહ કરનારા કોઈ બે સાધુ તપથી કૃશ થયેલા ત્યાં આવ્યા. ભિક્ષાર્થે ત્યાં આવેલા તે બન્ને મુનિઓને જોઇ ચંદ્રના હૃદયમાં પુણ્યયોગે સારી ભાવના જાગૃત થઇ. આ તપથી કૃશ થયેલા મુનિઓ આત્મધ્યાનમાં જ મગ્ન રહી સંસારની બાહ્ય ઉપાધીઓથી હંમેશાં દૂર રહે છે. આવા મોટા મુનિઓ ભાગ્યે જ અતિથિરૂપે આવે છે. સારા પરિણામથી ઉભા થઈ નમસ્કાર કરી ચંદ્રે એ બન્ને

મુનિવરોને પોતાના ભાતામાંથી શુદ્ધ અન્નનું દાન આપ્યું. અનુક્રમે ચંદ્ર પોતાના મિત્રો સહિત લક્ષ્મીપુર નગરમાં આવ્યો; ધનપ્રાપ્તિ માટે ત્યાં રહી કાંઇક ઉદ્યમ કરવા લાગ્યો.

"એક દિવસે કોઈ વીર નામના વણિક સાથે ચંદ્રને તકરાર થઇ. આ તકરારે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું. ભયંકર મારામારીમાં વીરે દૃઢ મુષ્ટીથી ચંદ્રના મર્મ સ્થળે ઘા કર્યો. ચંદ્ર ભૂમિ ઉપર પડી ગયો અને તેના રામ ત્યાંજ રમી ગયા. એ ચંદ્ર ત્યાંથી મરીને તું વિક્રમ થયો. મુનિદાનના પ્રભાવથી તને મોટી સમૃદ્ધિવાળું રાજ્ય મળ્યું; તારા મિત્રો પેલા રામ અને ભીમ મૃત્યુ પામીને ભટ્ટમાત્ર અને અગ્નિવૈતાલપણે ઉત્પન્ન થયા. પૂર્વના મિત્રો આ ભવમાં પણ તારા મિત્રો થયા. જે વીરે તને દૃઢ મુષ્ઠી મારી મારી નાખ્યો હતો તે વીર મૃત્યુ પામી અનુક્રમે ખર્પરક ચોર થયો. પૂર્વના વેરથી આ ભવમાં તેં તેને મારી નાખ્યો. યજ્ઞમાં હવન કરાતા એક બકરાને તેં પરભવમાં બચાવેલો હોવાથી આ ભવમાં બળવાન નીરોગી અને એકસો વર્ષના આયુષ્યવાળો થયો." ગુરૂ સિદ્ધસેનસૂરિએ રાજા વિક્રમનો પૂર્વભવ કહી સંભળાવ્યો. પોતાનો પૂર્વભવ સાંભળી રાજા જૈનધર્મમાં અધિક પ્રીતિવાળો થયો. રાજાને ધર્મના રંગે રંગાયેલો જોઇ ગુરૂ બોલ્યા; "હે રાજન્! પ્રાણીઓ જે જે પાપ કરે છે તેની જો તે આલોચના કરેતો તે તે પાપથી છુટી જાય છે. આલોચના વગર પાપથી મુક્ત થવાતું નથી. ગુરૂ પાસે પોતાના પૂર્વકૃત દોષે પ્રગટ કરીને આલોચના કરવી. આલોચના કરવાના પરિણામવાળી વ્યક્તિ કદાચ વચ્ચમાં કાળ કરે તો પણ તે આરાધક કહેવાય છે. જે પુરૂષ ચપળ ચિત્તવાળો હોય; શઠ, કપટી, માયાએ કરીને બીજાને ઠગવાવાળો હોય;

કોઇનો પણ વિશ્વાસ ન કરતો હોય એવો પુરૂષ સ્ત્રીનામકર્મ બાંધીને સ્ત્રીપણે ઉત્પન્ન થાય છે.

" જે પ્રાણી સંતોષવાળો, વિનયી, સરળસ્વભાવી હોય ને સ્થિર ચિત્તવાળો તેમજ સત્ય બોલનાર હોય—એવો જીવ સ્ત્રી હોય તોપણ—તે મરીને પુરૂષપણે ઉત્પન્ન થાય છે. જે જે પાપો ગુપ્તપણે કે પ્રગટપણે કરેલાં હોય તે બધાં ગુરૂ પાસે પ્રકાશીને શુદ્ધ મને તેની આલોચના લઈ પ્રાણી પાપ-રહિત થાય છે. માટે હે રાજન્! એક ભવમાં કરેલાં પાપની આલોચના કરનાર પ્રાણી અનંત ભવનાં કરેલાં પાપથી મુક્ત થાય છે. આલોચનાનું મુખ્ય ફળ તો મુક્તિ છે. આલોચનાથી પાપનો નાશ કરનાર પ્રાણી પરંપરાએ કરીને મુક્તિ પામે છે. " ગુરૂ સિદ્ધસેનસૂરીનો આ પ્રમાણેનો ઉપદેશ સાંભળી રાજાએ પોતાનાં દુષ્કર્મને પ્રગટ કરી ગુરૂ પાસે આલોચના લેવા માંડી. અનેક ધર્મકૃત્યો કરતાં રાજાએ પોતાના પાપનો છેદ કરવા માંડ્યો.

રાજા વિક્રમાદિત્યે એકસો તો કૈલાસ સમાન ભવ્ય જીનમંદિરો બંધાવ્યાં, દશ હજાર જીનપ્રતિમાઓ ભરાવી, અને શ્રી વર્ધમાન સ્વામીના શાસનમાં રાજાએ અનેક સિદ્ધાન્તો સોનારૂપાના અક્ષરોથી લખાવ્યા. રાજાએ લાખ લાખ સાધર્મિકોને અન્નપાણીથી તૃપ્ત કરી મનોહર વસ્ત્રાદિકથી સંતોષિત કર્યા. તે દરરોજ ત્રણ વાર જીનેશ્વરની પૂજા કરતો હતો. રોજ પ્રાસુક જળ પીવાનું રાખતો હતો, અને નિરંતર પરોપકાર કરી પોતાનું જીવન સફળ કરતો હતો.

રાજા દરરોજ ત્રણસો નવકાર ગણતો હતો. દરરોજ નવકારશીનું પ્રત્યાખ્યાન કરતો હતો, ને અષ્ટમી આદિ પર્વ-તિથિએ એકાશન આદિ તપ કરતો. ગુરૂનો જોગ હોય તો વંદન કરવાનું ભૂલતો નહિ. દરરોજ સામાન્ય પણેએ રીતનો

નિયમ હતો અને તે પ્રમાણે વર્તતો હતો. આમ ત્રણ વર્ષ સુધી એણે પ્રાયશ્ચિત્તની ક્રિયા કરી આત્મશુદ્ધિ કરી.

રાજા વિક્રમાદિત્ય જીવદયામય ધર્મને પાળતો પોતાનો કાળ વ્યતીત કરતો હતો. પ્રજાને પણ દયારૂપી ધર્મ પાળતી બનાવી દીધી હતી. 'યથા રાજા તથા પ્રજા.' પ્રજા પણ રાજાના માર્ગનું અનુકરણ કરનારી હોય છે. રાજા ધર્મી હોય તો પ્રજા ધર્મી હોય છે; રાજા પાપી, અન્યાયી હોય તો પ્રજા પણ તેનાજ માર્ગે ચાલે છે. રાજા વિક્રમને ધર્મમાર્ગે ચાલતો જોઇ પ્રજા પણ જીવદયામય ધર્મને પાળી આત્મ-કલ્યાણના માર્ગે વળવા લાગી. હિંસા, પાપ, ચોરી, જારી, વિજારી અને વ્યભિચારી વગેરે પાપોને દેશનિકાલ કરવામાં આવ્યાં હતાં. રામરાજ્યની માફક સુરાજ્યમાં રહેલા લોકો ભયરહિત દેવતાની માફક ક્રીડા કરતા હતા.

એકદા નગરીના ઉદ્યાનમાં એક સાર્થ આવીને ઉતર્યો, ને ઉરા તંબુ અવંતીના ઉદ્યાનમાં ઠોકયા. રાજા વિક્રમ આગળ કંઈક ભેટણું મુકી બોલ્યો; "મહારાજા લક્ષ્મીપુરી નગરીમાં અમર રાજાને પ્રેમવતી રાણીથી શ્રીધર પુત્ર અને પદ્માવતી નામની પુત્રી થઈ જે સકલશાસ્ત્રની જ્ઞાતા થઈ; અનુક્રમે યુવાવસ્થા પામી, તેથી રાજાને એના વર માટે ચિંતા થવાથી રાજબાળા પદ્માવતીએ કહ્યું કે, 'જે મારા ચાર પ્રશ્નનો એટલે કે જે મારી ચાર સમશ્યાઓ પૂરી કરશે તેને હું વરમાળા આરોપીશ.' કન્યાનું વચન સાંભળી રાજાએ મંત્રીઓની સલાહથી સ્વયંવર રચી અનેક રાજાઓને તેડાવ્યા. અનેક દેશના રાજાઓ સ્વયંવરમાં આવ્યા, પણ કન્યાની સમશ્યા પૂરવાને કોઈ રાજા સમર્થ ન થવાથી સૌ પોતપોતાને વતન પાછા ગયા. સમશ્યા પૂર્ણ ન થવાથી કન્યાના કુમારીપણાથી

રાજાને ચિંતા થવા લાગી. કન્યાને અનેક રીતે સમજાવી, પણ રાજબાળા પોતાની સમશ્યાઓ છોડી દેવા તૈયાર થઇ નહિ; પણ કાષ્ઠભક્ષણ કરવા તૈયાર થઈ.

"રાજાએ ધીરજથી તેણીને સમજાવી અને કહ્યું કે હું મંત્રીને અલ્પ પરિવાર સાથે તને લઇને દેશપરદેશ ફરી તારા મનોરથ પુરા કરશે, આવી રીતે બાળાને સમજાવી સાથે લઈ ફરતો ફરતો આજે અહીં અવંતીમાં આવ્યો છું. અત્યાર સુધી આ રાજબાળાની સમશ્યા કોઈ રાજા પૂરવાને સમર્થ થયો નથી. તમારો કીર્તિ સાંભળીને હું તમારા રાજદરબારમાં આવેલો છું, માટે હે રાજન્! એ રાજતનયા પદ્માવતીની સમશ્યા પૂર્ણ કરી તમે તેણીને પરણો; નહિ તો એ રાજતનયાથી જીતાયેલા તમારી જગતમાં અપકીર્તિ થશે." શુકરાજ મંત્રીએ પોતાના આગમનનું કારણ આ રીતે રાજાને કહી સંભળાવ્યું.

શુકરાજમંત્રીની વાત સાંભળી રાજા વિક્રમ બોલ્યો; "હે મંત્રીરાજ! એ બાળાની સમશ્યા હું પૂરી કરીશ; તમે શુભ મુહૂર્તે એ બાળાને લઈને રાજસભામાં આવો! મારી પાસે આવેલી એ બાળા ભલે મને સમશ્યા પૂછે! હું તેને જવાબ આપી સંતોષ પમાડીશ." રાજાએ મંત્રીનો આદર-સત્કાર કરી સંતોષ પમાડી વિદાય કર્યો.

સારા મુહૂર્તે રાજબાળા પદ્માવતીને શુકરાજ-મંત્રી રાજસભામાં લઈ આવવા નીકળ્યો. તેથી તેણીને જોવાને નગરનાં અનેક નરનારીઓ પોતપોતાનું કાર્ય પડતું મુકીને આવવાના માર્ગમાં ગોઠવાઈ ગયાં. નગરની નરનારીઓથી જોવાતી એ રાજબાળા પદ્માવતી હાથમાં વરમાળા ગ્રહણ કરીને રાજમહેલમાં આવી પહોંચી.

શુકરાજ મંત્રીએ બાળાને રાજમહેલમાં તેડી લાવી રાજાની સમક્ષ હાજર કરી. રાજબાળા પદ્માવતીને જોઈ રાજાએ કહ્યું; "હે રાજબાળા! હવે કહો તમારી સમશ્યા!"

રાજાની વાત સાંભળી પદ્માવતીએ પહેલી સમશ્યા કહી. રાજાએ તે પૂરી કરી. તે રીતે અનુક્રમે ચારે સમશ્યાઓ પદ્માવતીની પૂરી થવાથી કન્યાએ હર્ષથી વિક્રમના કંઠમાં વરમાળા પહેરાવી દીધી. રાજા વિક્રમ એ ભૂપકુમારીને મોટા ઉત્સવથી પરણ્યા. ને સાતમાળની ભૂમિકાવાળો રાજમહેલ પદ્માવતીના નિવાસ માટે આપ્યો. રાજબાળા પદ્માવતીને પરણાવી શુકરાજ મંત્રી પરિવાર સાથે પોતાના વતન તરફ પાછો ગયો.

રાજા વિક્રમને અનેક રાણીઓ હતી. કેટલીક શુદ્ધ રાજકુળમાં ઉત્પન્ન થયેલી હતી; કેટલીક દેવદમની આદિ હલકા કુળની પણ હતી. તો પણ રાજા બધી રાણીઓને સરખી રીતે રાખતો હોવાથી, રાજકન્યાઓના હૃદયમાં જરા દુઃખ થતું હતું. તે સંબંધમાં રાજા સાથે રાજ-રાણીઓ કોઈ કોઈ વાર ચર્ચા પણ કરતી હતી; છતાં રાજા દરેકને સમાન રાખતો હતો. હાલમાં રાણી વિજયાના મહેલમાં તે રહેતો હતો, ને તેના હાથનું રાંધેલ ભોજન તે લેતો હતો. એક દિવસે રાજા વિક્રમ તેની સાથે ભોજન લેવાને આવ્યો ત્યારે વિજયાએ કહ્યું; "આજે હું જુદું જ ભોજન કરીશ, આપ જમી લ્યો!" રાણીની વાત સાંભળી રાજા આશ્ચર્ય પામી બોલ્યો,! કે "કેમ, આજે એમ કરવાનું કાંઇ કારણ?" રાજાએ આતુરતાથી રાણીને પૂછ્યું.

"આજ હુમણાં મારે વ્રત છે, નાથ!" રાણીનું આ કથન સાંભળી ત્યાં પાસે રહેલા સરોવરમાં રહેલાં બે મત્સ્યોએ પાણી ઉપર આવીને ખડખડાટ હાસ્ય કર્યું. રાજાએ મત્સ્યોનું

આ અકસ્માત હાસ્ય જોવાથી રાણીને પૂછયું; "હે પ્રિયે! આ મત્સ્યોને હસવાનું કારણ શું?"

"એમના હસવાનું કારણ હું કાંઈ જાણતી નથી, સ્વામિન્!" રાણી બોલી.

રાજાએ સભામાં આવીને મંત્રીઓને મત્સ્યના હસવાનું કારણ પૂછયું, મંત્રીઓ પણ વિનયપૂર્વક રાજાને કહેવા લાગ્યા; "આપે આપની ખાનગી વાત બીજાઓને પૂછવી જોઈએ નહિ. એવી ખાનગી વાતો ગુપ્ત હોય ત્યાં લગી જ ઠીક લાગે. અન્યથા એમાંથી કોઇની પ્રાણ હાનિનો સંભવ થતાં પણ વાર લાગતી નથી.

अर्थनाशं मनस्तापं, गृहे दुश्चरितानि च ।
वञ्चनं चापमानं च, मतिमान्न प्रकाशयेत् ।।

ભાવાર્થ:—ધનનો નાશ થયો હોય, પોતાની ખાનગી કંઇક ગુપ્ત વાત હોય, પોતાના ઘરનું દુશ્ચરિત્ર હોય, ઠગાયા હોઇએ, અગર અપમાન થયું હોય, એવી ખાનગી બાબતો બુદ્ધિશાળી પુરૂષ કોઈની આગળ પ્રગટ કરતો નથી.

પ્રધાનોની વાત સાંભળીને રાજાએ પુરોહિતને પૂછયું, "અરે પુરોહિત! મત્સ્યના હસવાનું કારણ કહો!"

આ સાંભળી પુરોહિતના હૈયામાં ધ્રાસકો પડયો.

"સ્વામિન્! તેમના હસવાનું કારણ હું પણ જાણતો નથી" પુરોહિત બોલ્યો.

પુરોહિત, "તે તારે કહેવું જ પડશે. જો તું નહિ કહે તો કુટુમ્બ સહિત તને ગરદન મારવામાં આવશે."

રાજાનો હુકમ સાંભળી પુરોહિત ભયભીત થઇ ગયો.

ઘર કે બહાર, નગરમાં કે ઉદ્યાનમાં મોતના ભયથી ધ્રૂજતા પુરોહિતને કંઈ પણ ચેન પડયું નહિ.

પુરોહિતને શ્યામ મુખવાળો જોઈ એની પુત્રી બોલી;

"પિતાજી! કયા દુઃખે આપ આટલા બધા હતાશ થઈ ગયા છો?" પુરોહિતે રાજસભાની હકીકત પોતાની પુત્રીને કહી સંભળાવી. પુરોહિતની વાત સાંભળી બાળા બોલી; કે "હે પિતાજી! મીનના હસવાનું કારણ હું રાજાને કહીશ. આપ બેફિકર રહો!"

પોતાની પુત્રીની વાત સાંભળી પુરોહિત ખુશી થતો રાજા પાસે આવ્યો; અને રાજાને કહ્યું કે હે મહારાજ! મારી પુત્રી તમોને મત્સ્યના હસવાનું કારણ કહેશે."

રાજાએ પુરોહિતકન્યાને રાજમહેલમાં તેડાવી પૂછયું; કે હે "બાળે! એ મીનના હસવાનું કારણ તું જાણતી હો તો મને કહે!" રાજાના પૂછવાથી પુરોહિત કન્યા બોલી; "મહારાજ! એ વાત આપ મને ન પૂછો! આપ રાણીસાહેબને જ એ વાત પૂછો. રાજની એવી ખાનગી વાતો આમ જાહેરમાં પ્રગટ થાય તે આપને શોભા આપનારી થશે નહિ."

બાળાની શિખામણ સાંભળી રાજા બોલ્યો; "કે મેં રાણીને પૂછતાં તેણીએ મને કહ્યું કે તે વાત હું જાણતી નથી; માટે તું જ કહે!"

રાજાએ પોતાનો કદાગ્રહ ચાલુ રાખ્યો. રાજાના કદાગ્રહથી પુરોહિતકન્યા બોલી; "તો પછી આપ એ મીનના હસવાનું કારણ પુષ્પહાસ નામના મંત્રીને પૂછો; તે આપને જરૂર કહેશે."

"પુષ્પહાસને તો મેં કારાગ્રહમાં નાખેલો છે." રાજાએ કહ્યું.

"તો ત્યાંથી બોલાવો!" પુરોહિતકન્યા બોલી.

રાજા વિક્રમે પુષ્પહાસને કારાગ્રહમાંથી રાજસભામાં તેડાવી પૂછયુ; "મંત્રી! મત્સ્યના હસવાનું કારણ કહો."

રાજાની વાત સાંભળી પુષ્પહાસ મંત્રી વિચારમાં

પડ્યો, અને મંદ મંદ હસ્યો. એના હસવાથી જાણે મુખ-માંથી પુષ્પ ખર્યાં. મંત્રી દેવના સાનિધ્યવાળો હોવાથી એના કહેવાથી કાગળ, શાહી અને લેખન મંગાવી રાજાએ હાજર કર્યાં. દેવે અદૃશ્યપણે રહીને કાગળમાં સ્ફુટ રીતે લખ્યું કે, "તારી પ્રિયા હસ્તીપાલકમાં લુબ્ધ થયેલી છે. એ વાતમાં શંકા હોય તો તેનું વસ્ત્ર ખેંચીને તેની પીઠ જોવું, એટલે ખાતરી થશે."

રાજા એ લેખ વાંચી તરતજ રાણીની પાસે આવ્યો. એનું વસ્ત્ર ખેંચીને એની પીઠ રાજાએ જોઇ; દેવતાની વાતની ખાતરી કરી મનમાં ચમત્કાર પામ્યો; "આહા! નીચ તે નીચ જ હોય છે. નીચ માણસની નીચ વસ્તુ, ઉચ્ચ માણ-સની ઉચ્ચ વસ્તુની બરાબરી કદી ન કરી શકે!" રાણીની પીઠ ઉપર હસ્તીપાલના ચાબુકના પ્રહાર પડેલા હતા. રાજા રખે જાણે તો પોતાનું પાપ પ્રગટ થાય તેથી રાણીએ રાજા પાસે ભોજન કરવાની ના કહી, છતાંય આખરે પાપ પ્રગટ થયું. રાજાએ રાણી અને હસ્તીપાળને દેશનિકાલ કર્યા.

"નાગણથી નારી બૂરી, બન્ને મુખથી ખાય.
જીવતાં ખાયે કાળજું, મુએ નરક લઈ જાય."

પ્રકરણ ૫૨ મું

રત્નમંજરી

"ભણેલ તોપણ ભામિની, અજવાળી પણ રાત,
ડાહ્યો પણ દાઢિયો, નારી જાત કજાત."

"આજે તો ભાઈ આ ધન્યશ્રેષ્ઠીને ધન્ય છે! જુવોને, આ રત્નમંજરી એ વૃદ્ધ અને ગલિત અંગવાળો હોવા છતાં એ ડાસાને પરણી અને તેની કેવી ભક્તિ કરે છે? જેના ઘરમાં એના જેવી સતી સાધ્વી લક્ષ્મી હોય એ જ ઘરને ધન્ય છે!

જગતમાં સ્ત્રીઓ તો અનેક છે, પણ એના જેવી તો લાખે એક જ નીકળે!" અવંતીનગરીના જનસમુદાયના મુખે રત્નમંજરીની કીર્તિ ગવાતી હતી. રાતના નગરચર્યા જોવા નીકળેલા વિક્રમે આ કીર્તિ સાંભળી; "શું એના શીલનું મહાત્મ્ય! ભર યુવાની છતાં શું એનું ગાંભીર્ય! શી એની પતિભક્તિ! અરે જાણીબુઝીને જે વૃદ્ધ વરને પરણી તે શું અનાચારનું સેવન કરવા? ધન્ય છે એ સતી શિરોમણિ સાધ્વી રત્નમંજરીને!"

રાત્રીને સમયે નગરચર્યા જોવા નીકળેલો રાજા રત્નમંજરીના શીલનું મહાત્મ્ય સાંભળી ધન્યશ્રેષ્ઠીને ધન્ય માનતો રાજમહેલમાં આવી ગયો.

પ્રાતઃકાલે રાજા રાજસભામાં આવીને બેઠો, ત્યારે મંત્રીઓને સન્મુખ જોઈ રાજાએ પૂછયું; "આપણા નગરમાં ધન્યશેઠ કોણ છે? અને તેનું મકાન કયાં આવ્યું? ધન્યશેઠના સંબંધમાં તમે જાણતા હો તેટલું મને કહો!"

રાજાની વાત સાંભળી મંત્રીઓ બોલ્યા; "ધન્યશેઠ તો આપણા નગરમાં સજ્જા વિનાના છે! આપ કયા ધન્યશેઠ માટે પૂછો છો, રાજન્!"

વચમાં એક મંત્રી વળી બોલ્યો, "મહારાજ! એક ધનેશ્વર ધન્યશ્રેષ્ઠી શીલવાન, ધર્મિષ્ઠ અને શ્રાવકના આચારવિચારને પાળવાવાળો વૃદ્ધ છતાં પણ ધર્મ ટેકને નહિ છોડનારો અમારા ઘરની નજીકમાં રહે છે. શ્રાવકના એકવીસ ગુણે કરીને સહિત ને જીનેશ્વરની ત્રિકાળ પૂજા કરનારો માર્ગાનુસારીના પાંત્રીસ ગુણે કરીને યુક્ત એવા તે ધન્યશ્રેષ્ઠી પાસે અઢારકોટી સુવર્ણ છતાં પુત્ર પુત્રી આદિ સંતાન એક પણ ન હોવાથી પ્રતિ દિવસ સાત ક્ષેત્રમાં ધનને વાપરતો પોતાના દિવસો સુખમાં વ્યતીત કરે છે. તેને ગુણે કરીને યુક્ત અને પતિમાં ભક્તિવાળી ગુણસુંદરી

નામે એક પત્ની હતી. બન્ને પતિપત્ની ધર્મિષ્ઠ, શીલગુણે કરીને સહિત ને સાત ક્ષેત્રમાં દ્રવ્યનો વ્યય કરી પોતાની જીંદગીને સુખી માનતાં કાલ નિર્ગમન કરતાં હતાં.”

“અરે, એ ધન્યશ્રેષ્ઠી નહિ ! એની પત્નીનું નામ ગુણસુંદરી નહિ પણ રત્નમંજરી છે ! એ કયા ધન્યશેઠની પત્ની છે વારૂ ?” વિક્રમરાજાએ તે મંત્રીને વચમાં પૂછયું.

“હું ! ત્યારે તો વાત મળતી આવી હવે ! એ રત્નમંજરીના ઈતિહાસ ત્યારે તો આપ સાંભળો.” મંત્રીએ એ વાતને આગળ લંબાવીઃ—

આપણી અવંતીનગરીમાં શ્રીપતિશેઠને શ્રીમતી પ્રિયા થકી સોમ, શ્રીદત્ત અને ભીમ એ ત્રણ પુત્રો ઉપર એક પુત્રી થઇ. શ્રીપતિએ પુત્ર કરતાં પણ એનો જન્મ મહોત્સવ સારી રીતે કરી કન્યાનું નામ રત્નમંજરી રાખ્યું. બાળા ભણીગણી અનુક્રમે ચૌદ વર્ષની વયને પામી. શ્રીપતિને એના વરની ચિંતા થવાથી આ રૂપગુણવડે શોભતી બાળાનો પતિ કોણ થશે, એના માટે એણે વરની તપાસ કરવા માંડી; પણ બાળા રત્નમંજરીએ પિતાની ભ્રમણા ઝટ દૂર કરી દીધી, ને એણે પરણવાની સાફ ના પાડી દીધી. માતાપિતા અને સ્નેહી સંબંધીજનોએ બાળાને સમજાવવાની ખુબ કોશિશ કરી પણ શીલના મહાત્મ્યને જાણનારી બાળાએ પરણવાની હા ભણી જ નહિ. અનુક્રમે બાળા વીશ વર્ષની થઇ, છતાં યૌવન વયમાં પણ વિષયવિકારને જીતનારી બાળા શીલના મહાત્મ્યને ધારણ કરતી જીનેશ્વરની ભક્તિમાં ને સામાયિકાદિ ધર્મકાર્યમાં પોતાનો સમય વ્યતીત કરતી હતી.

એકદા ધન્યશ્રેષ્ઠીની વૃદ્ધ પત્ની ગુણસુંદરી પુણ્યકર્મને કરતી ને સાતે ક્ષેત્રમાં ધનને વાપરતી આયુષ્ય ક્ષયે સર્વ

જીવરાશિને ખમાવતી મૃત્યુ પામી સ્વર્ગે ચાલી ગઇ. તે પછી એંસી વર્ષના ધન્યશ્રેષ્ઠી ભાર્યા રહિત થયેલા લક્ષ્મીવાન હોવાથી નોકર ચાકરોથી સેવાતા ધર્મ કરવાપૂર્વક સમયને ગાળતા હતા. અચાનક એ ધન્યશ્રેષ્ઠી પાસે રત્નમંજરીએ આવીને તેમને ચમકાવ્યા.

"અરે શેઠ! ગમે તેટલા અને ગમે તેવાય નોકર તે નોકર! ઘરની સ્ત્રી જેવી રીતે પતિને સાચવે તેમ નોકરો કાંઇ સાચવી શકે નહિ. નોકર એ તો પૈસાના પુજારી! માટે શેઠ. તમારી સેવાચાકરી કરે તેવી એક સ્ત્રીને તમે પરણો!" રત્નમંજરીએ શેઠને શિખામણ આપી.

રત્નમંજરિની વાત સાંભળી શેઠ ચમકયા, "અને બાળા! મારે તે હવે લગ્ન હોય! ઘરડી ગાયની કોટે ટોકરો તે શોભે? મારા જેવા જૈફને કન્યા પણ કોણ આપે? મને પરણે પણ કોણ? એવી સુરૂપા અને નવોઢા કયી સ્ત્રી મારી સાથે પરણીને જીવનની બરબાદી કરે?"

"ત્યારે કોઇ વૃદ્ધ સ્ત્રીને પરણી તેની સાથે રહો, જે તમારી સેવાચાકરી તો કરે?" રત્નમંજરી જરા હસી રત્નમંજરીની મશ્કરી સાંભળી ધન્યશેઠ બોલ્યો, "અરે ઉઠવાની. બેસવાની, ને બોલવા ચાલવાની પણ મારામાં હવે શક્તિ નથી, તો પછી સ્ત્રીના પરિગ્રહને તે હું શું કરું?"

"મારી વાત માનો, નહિ તો તમને પેલા કમલની માફક પસ્તાવો થશે; કારણ કે આ નોકરચાકર તો જેને જેમ ફાવે તેમ તમારા ઘરમાંથી લુંટી જશે. અવસ્થાવાન તમે કેટલું ધ્યાન આપશો ને કેટલું સાચવશો? એ તો હાથમાં એના મોંમાં; એવી વાત થશે."

રત્નમંજરીની વાત સાંભળી શેઠ બોલ્યા; "એ કમલને શું પશ્ચાત્તાપ થયો તે વાત જરા મને કહે?"

રત્નમંજરી બોલી, "સાંભળો! શ્રીપુરનગરમાં દરિદ્રીના અવતાર સમાન કમલ નામે એક માણસ રહેતો હતો. વનમાંથી કાષ્ટનો ભારો લાવી શહેરમાં વેચીને તે ઉપર પોતાનું ગુજરાન કરતો હતો. એક દિવસે વનમાં ભમતાં તેણે એક સુંદર ઘટાદાર વૃક્ષ જોયું, 'વાહ, કેવું મજાનું ફાલેલું આ વૃક્ષ છે. રોજ આ વૃક્ષને કાપી કાપીને હું વેચીશ. મારો ઘણા દિવસ સુધી આ વૃક્ષ ઉપર નિભાવ થશે.' એમ વિચારી કમલે તે વૃક્ષને છેદવાનો પ્રારંભ કર્યો. તરત જ વૃક્ષના અધિષ્ઠાયક વિનાયકે તે કમલની આગળ પ્રગટ થઇ કહ્યું કે, 'તું આ મારા વૃક્ષને છેદી એની શોભા નષ્ટ કરીશ નહિ, હું તને રોજ પાંચ સોનામહોર આપીશ; તે રોજ આ વૃક્ષના પોલમાંથી તારે લઇ જવી. પણ આ વાત તારે કોઇને કહેવી નહિ. વાત કોઇને કરીશ તેના બીજા દિવસથી હું તને પાંચ સોનામહોર આપવાની બંધ કરીશ.' કમલ દેવતાની વાણી મંજુર કરી ચાલ્યો ગયો. વિનાયકદેવ પણ અદૃશ્ય થઇ ગયો.

"દરરોજ પાંચ સોનામહોર મળવાથી કમલ થોડા દિવસમાં ધનવાન થયો. એકદા તેની સ્ત્રીએ પોતાના પતિને પૂછયું, 'હે સ્વામિન્?' રોજ આ પ્રમાણે સુવર્ણમહોરો તમે કયાંથી લાવો છો?' સ્ત્રીની વાણી સાંભળી કમલ વિચારમાં પડયો; મૌન થઈ ગયો છતાં એને સમજાવી.

'હે પ્રિયા! તે કહેવાને હું અશક્ત છું. જો એ વાત તને કહું તો આપણે બન્ને દુઃખી થઈએ!' કમલની વાણી સાંભળી તેની સ્ત્રી બોલી, "જો તમે મને નહિ કહો તો હું આપઘાત કરી મરી જઈશ." પ્રિયાના અતિ આગ્રહથી કમલે મહોરોના આગમનની વાત કહી સંભળાવી.

"બીજે દિવસે કમલ તે વૃક્ષ પાસે ગયો પણ દેવતાએ

કાંઈ આપ્યું નહિ, ને પરખાવી દીધું કે, 'જો ફરી તું અહીં આવીશ તો તારા બૂરા હાલ થશે.' કમલ પડી ગયેલ મોંએ દિવેલિયા જેવું ડાચું વકાસી પાછો ફર્યો. ધનનું આવાગમન બંધ થવાથી કમલને અતિ પશ્ચાત્તાપ થયો. દુઃખી દુઃખી ને દરિદ્રિ તે થઇ ગયો. તેના શેઠ તમે પણ મારી વાત નહિ માનો તો પછીથી તમને પસ્તાવો થશે." રત્નમંજરીની શેઠને દૃષ્ટાંત કહેવા પૂર્વક સમજાવવા માંડયા.

"અરે, પણ આટલી વયે મને પરણે કોણ? મને કોણ કન્યા આપે?" શેઠના અંતરની પીડા સાંભળી, રત્નમંજરી બોલી, "જુઓ શેઠ! તમને પરણવા માટે હું તૈયાર છું. તમે મને પરણીને તમારી પત્ની બનાવો! મારા કન્યાધર્મ તજવો! હું તમારી એકનિષ્ઠાથી સેવાચાકરી કરીશ, તમારી ભક્તિ કરીશ." રત્નમંજરીની આ રીતે વાત સાંભળી ધન્યશેઠ આશ્ચર્યચકિત થતો બોલ્યો, "બાળા! આ તું શું બોલે છે? મારા જેવા મોતના મહેમાન-મુસાફરને પરણી તું તારૂં જીવન શું બરબાદ કરીશ? જરી મારી સામે તો જો! તારા જેવી રૂપગુણે કરીને શોભતી બાળાઓ તો કોઈ સુંદર તરૂણની સાથે જીવન વ્યતીત કરે, એવા સાથે પરણી મોજ કરે, તે જ સારૂં? તે છતાં મારા જેવાને પરણવાની ઇચ્છા થાય છે. તે કયા સુખની આશાએ?" શેઠે પૂછ્યું.

"મારો વાત તમે સમજતા નથી. આ અસાર સંસારમાં મારે તો શીયળ પાળવું છે. એ શીયળ તમને પરણવાથી સુખે સુખે પળે ને આટલી વયે મારૂં કન્યાપણાનું આળ પણ મટે.."

રત્નમંજરીની સમજાવટ છતાં ધન્યશ્રેષ્ઠીનું મન માનતું ન હોવાથી રત્નમંજરી બોલી, "શેઠ! હજી પણ તક છે. લક્ષ્મી ચાંલ્લો કરવા તમારા આંગણે આવી છે.

તેને ના તરછોડશો; નહિતર પદ્માકરની માફક દુઃખી થશો.” મંજરીએ છેલ્લો પાસો ફેંકયો.

“કોણ એ પદ્માકર ? એ શી રીતે દુઃખી થયો ?” શેઠે પૂછયું.

“સાંભળો એ પદ્માકરનો વ્યતિકર !” રત્નમંજરી બોલી.

“પદ્મપુર નગરમાં પદ્માકર નામે એક ધનિક રહેતો હતો. કર્મસંયોગે નિર્ધન થઇ જવાથી તે ધન કમાવા માટે પરદેશ ગયો. પરદેશમાં કોઇક નગરની સમીપે પર્ણકુટીમાં રહેલા કોઇ સિદ્ધ મનુષ્યની સેવાચાકરી કરી તેને તેણે પ્રસન્ન કર્યો. ‘અરે પાન્થ ! આ સિંદુર લે ! દરરોજ તે પાંચસો સોનામહોર યાચકને યાચના કરવાથી આપે છે. પણ એ વાત તું બીજાને કહીશ કે તરતજ એ સિંદુર અદૃશ્ય થઇ મારી પાસે ચાલ્યું આવશે, ને તારી કમાણી બંધ થઈ જશે.’ પદ્માકર સિદ્ધનરની વાત સાંભળી સિંદુર લઈ ખુશી થતો તે નગરમાં વેશ્યાને ત્યાં જઈ સુખ ભોગવવા લાગ્યો. વેશ્યા ત્રૈલોક્યસુંદરી સાથે સુખ ભોગવતાં કેટલોક સમય ચાલ્યો ગયો. ને મનમાની લક્ષ્મી પ્રાપ્ત કરી છતાં અક્કાની દાઢ સળકી. તેણીએ ત્રૈલોક્યસુંદરી પાસે પદ્માકરને પુછાવરાવ્યું કે તેનો શેઠ આટલું બધું ધન કયાંથી લાવે છે ? ત્રૈલોક્યસુંદરીએ અક્કાના આગ્રહથી એક દિવસે પદ્માકરને પૂછયું ! કે “સ્વામી ! આટલું બધું ધન તમે કયાંથી લાવો છો ?’

“ત્રૈલોક્યસુંદરીના મોહમાં મુગ્ધ બનેલા પદ્માકરે સિંદુરનો વૃત્તાંત કહી સંભળાવ્યો, ને ત્યારથી એનો દહાડો અસ્ત પામી ગયો. સિંદુર પદ્માકરને છોડીને યોગીની પાસે ચાલ્યું ગયું. સિંદુરના જવાથી સોનામહોરો મળતી બંધ થતાં અક્કાએ તેને ધક્કા મરાવી બહાર કાઢયો. પદ્માકર પશ્ચાત્તાપ કરતો દુઃખી થઇ ગયો. પણ ગઇ તક પાછી ફરીને

મળતી નથી. તેમ તમે પણ હે શ્રેષ્ઠી! સ્વયં હું તમોને વરવા આવેલી છું માટે તમે મારી સાથે લગ્ન કરવાને તૈયાર થાઓ, નહિતર પસ્તાવો કરવાનો સમય તમોને આવશે.''

રત્નમંજરીના અતિ આગ્રહથી ધન્યશેઠ આખરે ઢીલા થયા. શેઠનું મન પોતાની તરફ ઢળેલું જાણી રત્નમંજરી બોલી, "શેઠ! મન, વચન અને કાયાથી હું તમને વરી છું ને આ વરમાળા તમારા કંઠમાં નાખું છું." એમ કહી પોતાની પાસે રહેલી વરમાળા શેઠના કંઠમાં પહેરાવી દીધી, ને રત્નમંજરી ધન્ય શેઠને પરણવાને ઉત્સુક થઈ.

રત્નમંજરીના માતાપિતાને આ વાતની ખબર મળતાં એના માતાપિતાએ મોટા ઉત્સવપૂર્વક ધન્ય શેઠને રત્નમંજરી પરણાવી દીધી. રત્નમંજરી ધન્ય શેઠની ધર્મપત્ની બની સાસરે આવી; ધન્ય શેઠની સેવા ચાકરી કરવા લાગી. પતિના પાદને પ્રક્ષાલન કરેલા જળનું જ તે પાન કરતી, તેમજ પતિને ભોજન કરાવ્યા પછી જ તે ભોજન કરતી હતી. હંમેશાં કામકાજ પુરતું જ પરપુરૂષ સાથે તે બોલતી હતી; અન્યથા મૌનવ્રતને ધારણ કરતી. સારા આચાર વિચારને પાળતી. કોઈના ઉપર ગુસ્સો પણ ન કરતાં તે અલ્પરોષિણી થઇ છતી પતિના સુખે સુખી ને દુઃખે દુઃખી બની કાલ વ્યતીત કરતી હતી. એથી લોકોમાં એના શીલનો અદ્‌ભુત મહિમા ગવાયો. નગરમાં અનેક પ્રકારે એના શીલની વાતો થતી. "અરે! એ રત્નમંજરીના શીલના મહાત્મ્યથી તો વાત, પિત્ત અને કફથી ઉત્પન્ન થયેલા લોકોના અનેક રોગો નાશ પામી જાય છે; તેમજ કાશ, શ્વાસ અને ક્ષય જેવા ભયંકર રોગો પણ ક્ષય પામી જાય છે. અરે, વિશેષ શું કહીએ, એના શીલનો પ્રભાવ અદ્‌ભુત અને અપૂર્વ છે. તે અપુત્રીયાને પુત્ર આપે છે, નિર્ધનને ધનવાન બનાવે છે, શુષ્ક થયેલું વન પણ એની દૃષ્ટિ પડતાં

નવપલ્લવ બની જાય છે, સર્વ ફુલમાળ થાય છે, અને અગ્નિ ઠંડો પડી જાય છે એવો તો એના શીલનો પ્રભાવ છે. રત્નમંજરીના શીલની લોકો અનેક પ્રકારે પ્રશંસા કરતા હતા. એની એ પતિવ્રતા અને સતીઓમાં શિરોમણી નારી રત્નમંજરીની અધિક તે શું વાત આપશ્રીને કહીએ ?

આ રીતે મંત્રીએ રાજા વિક્રમને રત્નમંજરીનો અત્યાર સુધીનો ઇતિહાસ રસપૂર્વક કહી સંભળાવ્યો.

રત્નમંજરીની સતીત્વની હકીકત સાંભળી રાજા વિક્રમ પણ મસ્તક ધુણાવવા લાગ્યો; ત્યારપછી રાજાએ સભા વિસર્જન કરી.

રાજા વિક્રમે, રત્નમંજરીને લોકો વખાણે છે તેવી છે કે નહિ તેની ખાતરી કરવા માટે રાત્રીને સમયે તેના ઘરમાં રહીને તેની ચર્યા જોવાનો વિચાર કર્યો, અને આખો દિવસ જેમ તેમ વ્યતીત કરી રાજા તેજ રાત્રીને સમયે નગરચર્યા જોવા નીકળ્યો.

પ્રકરણ ૫૩ મું.

એક જ ભુલ

यौवनं धनसंपत्तिः प्रभुत्वनविवेकिता ।
कैकमप्यनर्थाय, किंमुयत्र चतुष्टयम् ॥

ભાવાર્થ:—આ જગતમાં યૌવન, લક્ષ્મી, ઠકુરાઇ અને વિવેકરહિતપણું એ એક એક વસ્તુ પણ જીવને અનર્થ કરનારી છે. દુર્ગતિએ લઇ જનારી છે; તો પછી જ્યાં ચારે વસ્તુઓ ભેગી મળેલી હોય તેવા પ્રાણીની દશા શી ? આવતા ભવમાં એને માટે રહેવાનું સ્થાન કયાં ?

" હે સુભગે ! આ નગરમાં ભમતો અત્યારે તારો

મહેમાન થવા આવ્યો છું; આજની રાત મને અહીં વિસામો લેવા દો ! પ્રભાતે વળી જ્યાં દૈવ લઈ જશે ત્યાં જઈશ. ગૃહસ્થને ત્યાં અતિથિ તો ભાગ્યયોગેજ આવે છે.” એક યાત્રિક જેવા મુસાફરે પ્રહર રાત્રીને સમયે રત્નમંજરીના મકાન આગળ આવીને રત્નમંજરીના મકાનમાં રાત રહેવા માટે તેણીની પાસે માગણી કરી.

“અરે ! આટલી રાત્રીના સમયે તમે કયાંથી આવો છો ? કોણ છો ?” રત્નમંજરીએ ચોરના શંકાથી પૂછયું. “નગરીમાં આવી રીતે છેતરીને લોકો ચોરીઓ બહુ કરી જાય છે; એવા પરદેશી મુસાફરનો વિશ્વાસ શો ?”

“બહેન ! હું એક મુસાફર યાત્રિક છું. ગંગા, ગોમતી, ગોદાવરી, કેદારનાથ વિગેરે સ્થાનકે ભ્રમણ કરતો આજે તારો અતિથિ થવા આવ્યો છું.” પોતાના ગળામાં રહેલી રૂદ્રાક્ષની માળા બતાવતો, ને હાથ ઉપર કેદારનાથનો છાપ બતાવતો મુસાફર બોલ્યો.

“સારૂં, તો આ મકાનમાં પેલી ખાલી પડાળી છે ત્યાં સુખે રહો ! તમે કોઈ ભલા માણસ જણાઓ છો. ભૂખ-બૂખ લાગી છે ? તમારે કાંઈ ખાવાની મરજી છે ?” રત્નમંજરીએ આ પ્રમાણે કહી તેના પરત્વે પોતાની ભક્તિ બતાવી.

“હું રાત્રીભોજન કરતો નથી. રાત્રીભોજન એ મહાન પાપ છે, રાત્રીભોજન કરનારનો વાસ મરણ પછી નરકમાં થતો હોવાથી રાત્રીભોજનનો મેં ત્યાગ કરેલો છે. કહ્યું છે કે:—

“चत्वारो नरकद्वाराः प्रथम रात्रीभोजनं ।
परस्त्रीगमनं चैव, सन्धानानंतकायिके ॥
अस्तं गते दिवानाथे; आपो रुधिरमुच्यते ।
अन्नं मांससमं प्रोक्तं, मार्कंडेन महर्षिणा ॥

ભાવાર્થઃ—આ જગતમાં પ્રાણીઓ માટે નરકનાં ચાર દ્વાર કહ્યાં છે; અર્થાત્ નરકમાં જવા માટે આ જગતમાં ચાર ઘોરી રસ્તા છે—પહેલું રાત્રીભોજન, બીજું પરસ્ત્રીગમન, ત્રીજું બોળ અથાણું અથવા ગોરસ સાથે કઠોળ ભક્ષણ,ને ચોથું અનંતકાયનું ભક્ષણ. તેમજ માર્કંડ નામના ઋષિ કહે છે કે દિવસ અસ્ત થયા પછી પાણી રૂધિર બરાબર થઈ જાય છે ને અન્ન માંસ બરાબર છે, માટે સમજુ જનોએ અન્ન કે પાણી દિવસ અસ્ત થાય ત્યારથી તે દિવસ ઉદય થાય ત્યાંસુધી લેવું નહિ.

"અરે મુસાફર! તમે ધન્ય છો! પુણ્યવાન છો, જે ધર્મને વિષે તમારી આવી બુદ્ધિ છે." રત્નમંજરી પાન્થની પ્રશંસા કરી, તેમને સગવડ કરો આપી પોતાના મકાનમાં ચાલી ગઈ. મુસાફર પણ પોતાને આપેલી જગાએ કપટનિદ્રાએ કરીને સૂઇ ગયો.

રત્નમંજરીએ પતિની પાસે આવી પતિના ચરણનું પ્રક્ષાલન કર્યું. પતિના એ ચરણ જળથી પોતાના અંગને પ્રક્ષાલન કરી પવિત્ર કર્યું. પોતાના હાથના ટેકાથી પતિને શયનગ્રહમાં લઇ જઇ પલંગ ઉપર સુવાડયા, ને થોડીવાર સુધી એ સતીએ તેમના ચરણ દબાવ્યા. પતિની ભક્તિ કરીને સતી રત્નમંજરી પોતાની શય્યામાં આવીને પોઢી ગઇ.

પેલો મુસાફર રત્નમંજરીની આ ચેષ્ટાથી ચકિત થઇ ગયો. "વાહ, શી તારી પતિભક્તિ! આવી સતીઓથીજ પૃથ્વી રત્નગર્ભા કહેવાય છે. આવી સતીઓ ઘરનો આબરૂ વધારે છે. જે પુરૂષોને આ રત્નમંજરી જેવી સ્ત્રી હોય એના જીવિતને ધન્ય છે. દેવતાઓથી પણ આવી સતીઓ પૂજાય છે; સ્તુતિ કરાય છે." સતી રત્નમંજરીની પ્રશંસા કરતો પેલો મુસાફર (રાજા વિક્રમ)

સતીના વિચારમાં હતો ત્યાં એક અકસ્માત થયો.

ધન્યશેઠના દ્રવ્યનો લાલચુ એક ચોર શેઠના ઘરની ભીંત કોચીને શેઠના મકાનમાં પેઠો. પેલો મુસાફર એ ચોરને જોઇ ચોંકયો, છતાં શું બનાવ બને છે તે જાણવાને ઉત્સુક થતો અને કૌતુક જોતો શાંત પડી રહ્યો.

ચોર મકાનમાં ફરતો ફરતો રત્નમંજરી સૂતી હતી, ત્યાં તેની પાસે શેઠની તિજોરી શોધતો શોધતો આવ્યો. બીજાના પાદસંચાર જાણી તરતની સૂતેલી રત્નમંજરી જાગી ઉઠી ને ચોરની સામે ધીમે પગલે ચાલી આવી. ચોર એને જોઇને ઝંખવાણો પડી ગયો, છતાં એને એક અબળા ધારી પોતે એની સામે ઉભો રહ્યો.

રત્નમંજરીને કહ્યું કે, "તિજોરીની ચાવી મને આપ!" ચોર બોલ્યો.

ચોરના શબ્દ સાંભળી રત્નમંજરી ચોરની સામે જોતી સ્થિર થઇ ગઇ. સુંદર, સ્વરૂપવાન આકૃતિવાળા ચોરને જોઇ અત્યારે એના મનમાં પરિવર્તન થઇ ગયું; એના હૈયાની પવિત્રતાની દઢ ભાવના આ એકાન્ત પ્રસંગે શિથિલ બની ગઇ. એના મનમાં કંઈ કંઈ નવા વિચારો આવવા લાગ્યા. એણે શેઠ તરફ નજર કરી તો શેઠ ભરનિદ્રામાં હતા; ને પેલો મુસાફર બેારતો હતો. અત્યારે તે અને આ નવજુવાન મનમોહક ચોર બન્ને જ માત્ર હતાં; એકાંત હતી, ચારે તરફ રાત્રીનો ભયંકર અંધકાર હતો. કામે એ બાળાને—એ પવિત્ર રમણીને મુંઝવી પોતાનો અધિકાર એની ઉપર જમાવી દીધો. ગરીબ બિચારી રત્નમંજરી! સતીઓમાં શિરોમણિ રત્નમંજરી પાપકાદવમાં લેપાવાને તૈયાર થઈ. દુષ્ટ નરપિશાચ કામદેવે એ બાળાને ભમાવી. એની સત્યતા, પવિત્રતા—અને ટેકને તજાવી મુંઝવી! હવે કામદેવે સંતાપેલી એ બાળા ભૂલ ન કરે તો બીજું કરે પણ શું!

"અરે સુંદર! તારે તિજોરીની ચાવી જોઇએ છે? પણ એ કરતાંય એક સરસ અને સુંદર વસ્તુ તને આપું તો?" આમ બોલી બાળાની આંખ ચમકી. અને એના હૈયામાં ઝીણી ઝીણી ઝણઝણાટી પ્રસરી ગઈ.

"બધાથી સરસ વસ્તુ તો ધન! ધનથી વળી જગતમાં કયી શ્રેષ્ઠ વસ્તુ છે તે!" રત્નમંજરીનાં આવાં ચર્મ વાક્યની કિંમત ન સમજતાં ફક્ત ધનનીજ ઝંખનાવાળો ચોર બોલ્યો.

"ના, ધન કરતાં પણ એક શ્રેષ્ઠ ચીજ છે, જે ચીજને પ્રાપ્ત કરવા રાજાઓના રાજાઓ પણ પોતાના તાજ અર્પણ કરે છે; જીવન કુરબાન કરે છે, સમજ્યો!"

"ધન કરતાંય શ્રેષ્ઠ? કયી ચીજ છે એ!" આશ્ચર્ય થયેલો ચોર બોલ્યો.

"મારૂં યૌવન! મારો પ્રેમ! જો, સુંદર! મારા જેવી સુંદર સ્ત્રી તને કંઈ મળવાની હતી?" આમ કામદેવના તાપથી તપેલી રત્નમંજરી બોલી.

"ના, ના! એવું ન બોલો. તમે તો જોગમાયા છો! લોકો તમને મહાદેવી કહે છે. તમારા સામે જોતાં પણ મને તો પાપ લાગે." ચોર બોલ્યો.

"અરે મૂરખ! આ તક ચૂકીશ તો પસ્તાઈશ. વારે વારે આવી તક કોઈને મળતી નથી, ચાલી ચલાવી હું તને ભેટવા માગું છું, તો શા માટે તું ના પાડે છે? જો કેવી મજાની રાત છે, એકાંત છે, શાંતિ છે? હું સ્વયં તારી થવા માગું છું, ને આ લક્ષ્મી પણ તારી થશે; તારે રોજ ચોરી કરવાની પીડા ટળી જશે. આજેજ અત્યારે મારા તપતા હૃદયને શાંત કર! મારી સાથે ભોગ ભોગવી તારૂં ને મારૂં યૌવન સફળ કર!" દુષ્ટ કામદેવ ભલભલાને ભૂલવે છે, મોટા મોટાને મુંઝવે છે. અરે, ધ્યાનમાં રહેલા

મહાદેવ એક વનેચર ભીલડીમાં શું નથી લોભાયા ? કામ-વ્યાકુળ થયેલા બ્રહ્માએ પોતાની પુત્રી સાથે પણ ક્રીડા નથી કરી શું ! શચિ જેવી સ્વરૂપવાન પત્ની છતાં ઇંદ્ર અહલ્યા પાછળ શું કરવા દોડ્યા ? એ બધા મોટા માણસને સંતાપ-નારા દુષ્ટ કામદેવની ચેષ્ટા હતી, એ કામના પંજામાં સપડાયેલ મનુષ્ય—પછી તે સ્ત્રી હો કે પુરૂષ, તેની તે કેવી દુર્દશા કરી નાખે છે ? પાપના ઉદયે સતી સાધ્વી રત્ન-મંજરીની એ દુષ્ટે શી દશા કરી ? હા, વિધાતા !

" અરે, તમે આ શું બોલો છો ? હું એક ચોર ! નીચ કુળમાં જન્મેલો, તમે ઉચ્ચ કુટુંબમાં જન્મેલાં ! લોકો તમને સતી તરીકે પૂજે છે. ને આ શું તમે મારી મશ્કરી તો નથી કરતાંને ? " ચોર આશ્ચર્ય પામતો બોલ્યો. " મારા જેવા ચોર સાથે તમારો સંબંધ તે હોય ? મારૂં જીવન તો ક્ષણજીવી ! એક તો ચોરીના કૃત્યથી હું પાપી છું, તેમાં વળી તમારા જેવી સતીને સંતાપતાં મારી શી દશા થાય ? માટે એવી વાણી હવે બોલશો નહિ. ચોરી કરવા આવ્યો, ને તમે જાગી ગયાં તેથી હવે મારાથી ચોરી પણ થશે નહિ; કારણકે જાગ્રત રહેલાઓના મકાનમાંથી ચોરી કરી શકાતી નથી."

" અરે સુંદર ! તું તો અરસિક છે, ચાલી ચલાવી હું તારે શરણે આવી છું. શા માટે મારો તિરસ્કાર કરે છે ? આવ ! આવ ! હું અત્યારે કામથી વ્યાકુળ બની છું. તારી સાથે રમવાને ખુબ આતુર છું. ભાગ્યયોગે મળેલી તકને ન ગુમાવતાં મારી સાથે ભોગ ભોગવ, અને આજથી રોજ તું નિશાના સમયે આવજે. હું અને આ બધીય લક્ષ્મી તારી પોતાની જ છે એમ તું માનજે. " મન્મથના મારથી

વ્યાકુળ થયેલી રત્નમંજરી અત્યારે ને આ સમયે આવી પરિસ્થિતિમાં બીજું બોલે પણ શું ? "અરે, જો તું મને ભોગવ્યા વગર પાછો ફરીશ તો હું મારી આત્મહત્યા કરી તને સ્ત્રીહત્યાનું પાપ આપીશ; માટે ભલો થઈને મારા હૈયાની હોંશ પૂરી કર ! મારા આ નવીન સુંદર યૌવનને સફળ કર ! અને મારા હાથનાં તૈયાર કરેલાં અમૃત સમાન ભોજન તું કર !" રત્નમંજરીનો ફફડાટ વધ્યો.

"તમારી સાથે ભોગ ભોગવવા જતાં કદાચ મારે કોઈ વખતે મોતના મહેમાન થવું પડે. માટે એ વાત છોડી દો ને મને હવે અહીંથી જવા દો !" ચોરે જવાની ઉતાવળ કરી,

"આવ ! આવ ! મારી સાથે ભોજન કર ! આપણે આ સુવર્ણ ને મણિજડીત હીંડોળા ઉપર ઝુલીયે ! અરે સુભગ ! આવો નિર્માલ્ય શું થાય છે ! મારા છતાં તારે વળી મોતનો ભય કેવો ? આ મારૂં યૌવન, મારી જીંદગી ને મારૂં સૌંદર્ય એ બધુંય અત્યારે તારા ચરણે ધરૂં છું. મને ના તરછોડ ! પુરૂષ સમાગમની અતિ આશાવાળી મારો તિરસ્કાર ન કર ! મને ન તલસાવ ! જોઇએ તેટલી લક્ષ્મી લઈને પછી ચાલ્યો જા !" બાળા મંજરીની શરમ વગરના રતિપતિએ પૂરી દશા કરેલી હતી. બાળા એક મહાન ભૂલ કરતી હતી, અને જગતમાં કામવ્યાકુળ થયેલા માનવીઓને પ્રિયસમાગમ સિવાય બીજું શું સુઝે છે ? કામદેવના ત્રાસથી પાંદડાની માફક કંપતી રત્નમંજરી અત્યારે ચોર સિવાય બીજું કાંઈ ઇચ્છતી નહોતી. એનો મનમોહન, પ્રાણાધાર કે પરમેશ્વર—સર્વસ્વ અત્યારે ચોર હતો.

"આ તારો પતિ કદાચ જાગે તો તારી ને મારી

સ્થિતિ જુએ તો શું કરે? ચોરે એને એના પતિનો ભય બતાવ્યો. "તારો પતિ ઉઠે તે પહેલાં મને નાસી જવા દે."

"મારો પતિ? મારો પતિ તો મોતનો મુસાફર છે. એ તો હવે પરોણા જેવો છે? એનાથી શું ડરવા ડરે છે? તારા ને મારા સુખમાં એ જરાય આડો આવશે નહિ, સમજ્યો!"

"એ જીવતો છે ત્યાં લગી તારી સાથે મારાથી રમાય નહિ. તારી સાથે ભોગ ભોગવતાં કદાચ એ જાગી જાય ને ધમેધમ કરે તો મારી શી દશા થાય?" ચોરે ભયની સ્થિતિનું ભાન કરાવ્યું.

"અરે, એ તો મરી ગયો છે. તું એની પાસે આવીને જો તો ખરો, એનો શ્વાસ ચાલે છે કે બંધ પડયો છે તેની તપાસ તો કર!" રત્નમંજરી ચોરનો હાથ પકડીને શેઠના પલંગ પાસે ખેંચી ગઇ. પલંગ પાસે ચોરને ઉભો રાખી રત્નમંજરી ભર ઉંઘમાં પડેલા ધન્યશ્રેષ્ઠીની નાસિકા આગળ હાથ લઇ જઈ, એનો મંદમંદ ચાલતો શ્વાસોશ્વાસ જોવા લાગી; જોતાં જોતાં આસ્તેથી શેઠના ગળે જરા અંગુઠો દબાવી દીધો. ખરેલા પાનને ખરતાં શી વાર? ભોગની લાલસામાં દીવાની બની ભાન ભૂલેલી રત્નમંજરીની આ છેલ્લી પતિભક્તિ! એ પાકેલા ફળને તોડી પાડતાં મંજરીને શી વાર લાગે? "જો! જો! પ્રાણાધાર! ડાસો તો દ્વારકા ગયો!" શેઠનો શ્વાસોશ્વાસ બંધ થઈ ગયેલો જાણી ચોર ચમકયો. "શેઠાણીએ શેઠને મારી નાખ્યો કે શું? શેઠાણીએ ગજબ કર્યો. પોતાને માથે જોખમદારી વધતી હતી. રખેને શેઠાણી આ ગુનો મારે માથે નાખે તો, મારે તો ફાંસી જ કે બીજું કાંઈ? આ બલામાંથી

હવે છુટાય પણ શી રીતે ?"

"કેમ, હવે તો નિરાંત થઇને ! આવ ! ને મારી સાથે રમ !" એ લચીપચી જતી યૌવનવાળીએ પોતાની દેહલતા ચોરના ઉપર હવે નાખી દીધી, વસ્ત્રોની મર્યાદાને પણ નહિ સાચવીને કામથી પરેશાન એવી એ બાળાએ ચોરને પોતાના બાહુપાસ વડે બાંધી લીધો. ભોગને માટે ઉત્સુક થયેલી રમણીને અત્યારે ભોગ સિવાય બીજું કાંઈ ગમે તેમ નહોતું; છતાંય વિધિ હંમેશાં વિચિત્ર હોય છે. એક કાર્ય પાર પાડવા માટે માનવી અનેક પરિશ્રમ કરે, અનેક પાપ કરે કે અનેક કાળાં ધોળાં કરે, અનેક ભૂલો કરે, છતાંય એ કાર્ય પાર પાડવું તે એના હાથમાં તો નથી જ. એ નિશાન તો દૈવ-વિધિના હાથમાં જ છે. કામની પીડા ટાળવા માટે ચોરની મુશ્કેલી શેઠનો નાશ કરીને દૂર કરી, છતાંય એની આશા તો અધૂરી જ રહી. ચોર એની મનોકામના પૂરી કરી શક્યો નહિ; એના હૈયાને ઠારી શક્યો નહિ. "આજે મારું ચિત્ત ધકડોળે ચડ્યું છે, શેઠાણી ! હુમણાં વહાણું વાશે ને આ શેઠની લાશ જગત જોશે ત્યારે કોણ જાણે શું ઉત્પાત થશે ? માટે આજ તો મને જવા દો, પણ આવતી કાલની નિશા સમયે આવી તારી આશા હું પૂરી કરીશ. તું કહીશ તો હંમેશાં તારી સાથે આ મકાનમાં જ રહીશ." એ શેઠાણીની નાજુક બાહુ-લતામાંથી પરાણે છુટો થતો ચોર બોલ્યો.

"ભલે, તારે જવું હોય તો જા ! પણ મારી સાથે એક વાર ક્રિડા કરી પછી જા !" શેઠાણીએ આગ્રહ કર્યો.

"અત્યારે તો એ વાત જ કરશો નહિ." ચોર હતાશ થતો બોલ્યો.

"જેવી તારી મરજી !" કામના તોફાને ચડેલી રમણી

આખરે નિરાશ થતી બોલી.

પોતાના ચોરીના કાર્યને પડતું મુકી જીવ બચાવવાની આશાએ ચોર જે ભીંત કોચીને આવ્યો હતો, તેજ રસ્તેથી બહાર નીકળવાને માટે તે તરફ ગયો.

"અરે સુભગ! ત્યાંથી જવાનું રહેવા દે! આ બારણેથી જા!" એમ કહી રત્નમંજરીએ ચોરને પાછો વાળી એના પોતનું બારણું ઉઘાડી દીધું. મકાનના બારણામાંથી નીકળવાને ચોર પાછો ફરીને દરવાજાને માર્ગે આવ્યો. દરવાજામાંથી બહાર નીકળતાં જ અકસ્માત થયો. એ અકસ્માતથી બારણા તરફ જતાં અજાણથી કબાટ સાથે ચોરનું કપાળ ભટકાવાથી બેશુદ્ધ બની ફરસબંધી જમીન ઉપર તુટી પડયો, ને તેના રામ રમી ગયા. ધન્ય શેઠની ખબર કાઢવા માટે તેમના સમાચાર લેવા માટે ચોર પણ રવાના થઈ ગયો; શેઠાણીના મકાનમાંજ એને પોતાનું શરીર સોંપી એનો આત્મા ઉડી ગયો. પાકેલા પાનને ખરતાં વાર નથી લાગતી તો જેનું આયુષ્ય આવી રહેલું હોય તેવાને પણ ક્યાં વાર લાગવાની હતી? મૃત્યુ કાંઈ થોડું જ થાલે છે કે, આ ઘર છે કે જંગલમાં કે માર્ગમાં?

બન્નેને શેઠાણીએ વળાવી દીધા, ને એમનાં શરીર જોયાં તેને જોઈ હવે શેઠાણીની ભાવનાએ પલટો લીધો. એની બધીય મન્મથની રમત અત્યારે તો ઠંડીગાર થઈ ગઈ હતી.

આ બધીય રમતને નિહાળતો પેલો પરદેશી યાત્રિક (વિક્રમ રાજા) સતીનું સતીત્વ જોઈ ખુબ તાજુબ થઈ ગયો. "વાહ! કલિયુગની સતી! આખરે આવી જ તારી મતિ! સતી થઈને તેં પણ ભૂલ કરી; એક પાપ કરવા પાછળ બીજાં કેટલાંય પાપ ન કરવાનાં કર્યાં. તોય

આશા તો અધુરી જ રહેવાની? બબ્બે તો ખૂન થઇ ગયાં. આહ! સ્ત્રી અબળા છતાં શું શું નથી કરતી? દ્રૌપદીએ પાંડવોને ઉશ્કેરી મોટું મહાભારત ઉભું કર્યું ને કૌરવોનો નાશ કરાવ્યો. સીતામાં આસક્ત ત્રૈલોક્યવિજયી બળવાન રાવણ પણ શું રણમાં નથી રોળાયો? સૈરંધ્રીએ કીચકના બંધુઓ સાથે હાલહવાલ કરાવી નાખ્યા. સ્ત્રીઓ જગતમાં શું શું નથી કરતી? અબળા છતાં એનું કાર્ય તો અદ્ભુત છે. એકને સ્નેહ વડે જુએ છે; ત્યારે બીજાની સાથે વાત કરે છે, કોઇ ત્રીજાનું આલિંગન કરે છે; ત્યારે ચોથાનું મનમાં ધ્યાન ધરે છે. સ્ત્રી જો પ્રસન્ન થઇ હોય તો જગતમાં એનાથી અધિક બીજું કયું સુખ હશે; અને રૂષ્ટ થઇ હોય તો તેના જેવું મારનાર બીજું ઝેર પણ એકે નથી." એ પથિક આ ઘટના નિહાળ્યા પછી ત્યાંથી તરત જ ચુપચુપ રવાને થઈ ગયો; આ કળિયુગની સતીઓના વિચાર કરતો એ યાત્રિક-રાજા વિક્રમ પોતાના મહેલમાં જઇ નિરાંતે પોઢી ગયો. "વાહ! કળિયુગની સતી!"

પ્રકરણ ૫૪ મું

ભૂલનો ભોગ

"આભા ગાભા ને વર્ષાકાળ, સ્ત્રીચરિત્ર ને રોતાં બાળ,
તેની જે કોઇ પરીક્ષા કરે, સહુદેવ જોશી પાણી ભરે."

"અરે મેં આ શું કર્યું? અરે દુષ્ટ કામદેવે મને ભમાવી, ભુલાવી, પતિને મરાવ્યો; હવે મારી શી દશા થશે? એક તો આ લોક વ્યવહારે જેને પરણી છું તે મારો પતિ ને બીજો મારા મનનો પતિ, જેને મેં મારું યૌવન દીધું હતું, એ બન્ને મર્યા. હવે મારે શું કરવું!

પ્રાતઃકાળે લોકો જાણશે ત્યારે હું શું જવાબ આપીશ!"

નિરાશ થયેલી ને જેની આશા અધુરી રહી છે તેવી રત્નમંજરીની વિચારશ્રેણી હવે પલટાઇ, બન્નેના મરણના પાપનો પશ્ચાત્તાપ કરતી મંજરી 'હવે શું કરવું!' તેનો તે વિચાર કરતી હતી. હમેશાં સમયને લઈ ભાવના પણ પલટાતીજ જાય છે. કામદેવની મસ્તીમાં ભાન ભૂલીને આ કાર્ય કરી હવે એના પશ્ચાત્તાપ તરફ એના મનની લાગણી ફેરવાઇ ગઈ હતી. વિધવા થયેલી રત્નમંજરીને પાપનું પ્રાયશ્ચિત્ત કર્યા વગર હવે છુટકોજ નહોતો. "બસ, મારે પણ પતિ સાથે બળી સતી થવું. હવે આ સંસારમાં મારે જીવીને પણ શું? પાપના ભારથી જીવવા કરતાં પ્રાયશ્ચિત કરવું. પતિની સાથે કાષ્ઠભક્ષણ કરવું એજ શ્રેષ્ઠ છે!" મનમાં અનેક વિચારો આવ્યા; અનેક ગોઠવણો કરી. પેલા યાત્રિકની તપાસ કરી તો તે પણ નાસી છુટેલો. હવે તો જેવા વાગે તેવા વગાડયા દે. એ નિશ્ચયમાં તેની રાત્રી પૂરી થઇ ને પ્રાતઃકાળ થયો.

સૂર્યોદય થતાં રત્નમંજરી ધીમું ધીમું રૂદન કરવા લાગી. પાસે બન્ને શબને ગોઠવી એના ઉપર એક વસ્ત્રને ઢાંકી વિલાપ કરવા લાગી. ધીરે ધીરે સગાંવહાલાં, સ્નેહી-સજ્જનો એને ત્યાં એકત્ર થયાં; બન્ને મૃતક સંબંધી હકીકત મંજરીને પૂછવા લાગ્યાં, "અરે તારો પતિ મરણ પામ્યો શી રીતે તે તો કહે, ને આ બીજો કોણ મરવા આવ્યો તારે ત્યાં?"

લોકોની ને સગાંવહાલાંની વાત સાંભળી રત્નમંજરી ડુસકાં ભરતી બોલી, "શું વાત કહું તમને! મધ્ય રાત્રીને સમયે એક ચોર આ ભીંતે ખાતર પાડીને ઘરમાં પેઠો. તેને જોઇને મારા સ્વામીએ બૂમ પાડી, એટલે ચોરે મારા

સ્વામીને ગળે નખ દઈને મારી નાખ્યો. તેમની કારમી ચીસો સાંભળી મકાનના દરવાજા આગળ સુતેલો કોઈક યાત્રિક દોડી આવ્યો ને ચોર સાથે યુદ્ધ કરવા લાગ્યો. યુદ્ધમાં ચોરે એ પુણ્યશાળીને મર્મસ્થાનકે ઘા કરવાથી તે પણ પડયો, ઘરમાંથી હથિયાર લાવીને ચોર તરફ હું ધસી જાઉં તે પહેલાં તો આ ખાતર વાટે નીકળીને ચોર નાસી ગયો." પેલો મકાનનો કોચેલો ભાગ બતાવતાં રત્નમંજરી બોલી, "હવે તો હું પણ પતિ વિનાની વિધવા થયેલી હોવાથી પતિની સાથે ચિતામાં બળી મરીશ."

તીએ પોતાનું સત પ્રકાશવા માંડયું.

લોકસમક્ષ એ પ્રમાણે પોકાર પાડતી એ રત્નમંજરીએ બન્ને શબને શુદ્ધ નીરથી સ્નાન કરાવ્યું. પોતે પણ દ્રવ્યથી મુખ દાન કરતી કાષ્ઠભક્ષણ કરવાની તૈયારી કરવા લાગી. સગાં સંબંધી પણ શેઠના મરણથી તેના મૃત્યુની ક્રિયા કરવાને હવે તૈયારી કરવા લાગ્યાં. પાણીમાં તેલનાં બિંદુની જેમ નગરમાં વાત ફેલાઈ ગઈ કે, "ધન્ય શેઠની પ્રિયા રત્નમંજરી સતી થાય છે." લોકો શેઠના મરણની ને શેઠાણીના કાષ્ઠભક્ષણની વાત સાંભળી એના વરઘોડામાં સતીનાં દર્શન કરવાને ભેગા થયા, ને રૂદન કરતા વિલાપ કરવા લાગ્યા; "હે માતા! હે દેવિ! તમે અમને છોડીને કયાં ચાલ્યાં?" કરૂણ સ્વરે બોલતા લોકો સતીને નમસ્કાર કરવા લાગ્યા. "અરે માતા! તમારા વિના આજે ઉજ્જયિની છતા ધણીએ રંડાઈ. તમે ગરીબોને દાન આપી અનેક દુઃખીઆઓનાં આશિષ લેતાં, તે બધુંય ગયું."

શેઠના સંબંધીઓએ રાજા વિક્રમની રાજસભામાં જઈ વિનંતિ કરી; કે "હે રાજન્! ધન્ય શેઠની પ્રાણપ્રિયા

ધન્યશેઠના મરણ પામવાથી તેની સાથે સતી થવાને તૈયાર થઈ છે, તો હે મહારાજ, તમે રજા આપો !"

મહાજનને સતી થવાની રજા આપતાં રાજા બોલ્યો, "એ સતીઓમાં શિરોમણિ એવી તે સતીનો ઉત્સવ સારી રીતે કરો. નદી તટ ઉપર પતિની ચિતા આગળ એ સતીનાં દર્શન કરવા હું આવું ત્યાંસુધી તેને થોભાવજો !" રાજા બોલ્યો.

રાજાની રજા લઈ મહાજન ચાલ્યું ગયું. ધન્યશેઠની પત્નીએ સતી થવાને માટે છેલ્લી વખતે પુષ્કળ દાન આપી લોકોનાં દારિદ્ર દૂર કર્યાં. સક્કર સહિત ખીરનું ભોજન કરી, સતી પોતાના ઘરને છેલ્લી સલામ કરવા તૈયાર થઈ. સાતે ક્ષેત્રમાં એણે બધી લક્ષ્મી વાપરી નાખી. ગુરુની સાક્ષીએ દશ પ્રકારની આરાધના કરી જીનેશ્વર ભગવાનને યાદ કરી તેમની સ્તુતિ કરી સકલ લોકોને ખમાવતી અશ્વારૂઢ થઈને એ સતી રત્નમંજરી રાજમાર્ગના રસ્તે વાજીંત્રના નાદપૂર્વક ધામધુમથી બન્ને શબ સાથે સતી થવાને સ્મશાન તરફ ચાલી.

આખુંય નગર સતીનાં દર્શન કરવાને ઉલટયું. કોઇ પોતાના રોગ શોક દૂર કરવાને સતી પાસે આશીર્વાદ લેવાને આવતું હતું. તો કોઈ અપુત્રીયા પુત્રની યાચના કરવાને આવતાં હતાં. ભિન્ન ભિન્ન સ્વભાવના લોકો સતીનાં દર્શન કરી પોતાનાં દુઃખ દૂર કરવાને આવતાં હતાં. રાજમાર્ગે થઈને સાજન ક્ષીપ્રાના તટ તરફ ચાલ્યું.

રાજાની રાણી શૃંગારસુંદરીએ રાજાને પ્રાર્થના કરી કે "હે મહારાજ ! મને એ સતીનાં દર્શન કરાવો ! તેનું પાદોદક મંગાવી આપો, કે જે પાદોદકના સ્નાનથી હું મારું શરીર પવિત્ર કરું, મારું વંધ્યત્વ એ રીતે હું દૂર કરું !"

"એ સતીનું પાદોદક હું તને લાવી આપીશ."

રાજાએ શૃંગારસુંદરીને ધીરજથી સમજાવી પોતાના અલ્પ પરિવાર સાથે ક્ષીપ્રાતટે જવા નીકળ્યો.

ક્ષીપ્રા(રેવા)ના તીરે જ્યાં માણિભદ્રયક્ષનું મંદિર છે ત્યાં આગળ આવીને રત્નમંજરી ઘોડા ઉપરથી નીચે ઉતરી. ત્યાં પણ અર્થીજનોને પુણ્યદાન આપી માણિભદ્ર દેવને નમી, સ્તુતિ કરી, સરિતાને કાંઠે ચિતાની સમીપે જઇ પહોંચી. આ રીતે પોતાને હાથે એક મોટી ભૂલ થઇ એ ભૂલ માટે પોતાનું બલિદાન આપવાને રત્નમંજરી તૈયાર થઇ ગઈ.

સતીના ચરિત્રને જાણતા રાજા મંત્રી આદિ પરિવાર સાથે રેવા(ક્ષીપ્રા)ના તટ ઉપર આવી પહોંચ્યો. સતી પાસે વધુ જનસમૂહ જોઈ રાજા ખુશી થયો.

મહાન તેજસ્વી રાજા વિક્રમને પોતાની સન્મુખ ઉભેલો જોઈ સતી રત્નમંજરીએ આશીર્વાદ આપ્યો. એ બિચારીને કયાં ખબર હતી કે બન્ને પતિઓને મારી નાખનારી સતીનું ચરિત્ર જાણનાર પથિકના વેષમાં એ નર પોતે જ હતો. "રાજન્! ચિરંજય! ન્યાયથી પૃથ્વીનું પાલન કર! નિરંતર ધર્મને વિષે ઉદ્યમ કર! જેવી રીતે દાનકર્મથી પૃથ્વીપર ઉપકાર કરે છે તેવી જ રીતે ચિરકાલપર્યંત દાનકર્મથી જગતનાં દારિદ્ર દૂર કર; તેમજ પુત્રપૌત્રના પરિવારવાળો થા!" સતીએ પોતાનું સત્ય પ્રદર્શિત કર્યું.

રાજાને આશીર્વાદ આપતી સતી રત્નમંજરીના ચરણમાં તે સમયે રાજરાણી શૃંગારસુંદરીએ નમસ્કાર કર્યા, "દેવી! તમારા ચરણનું પાદોદક મને આપો, જેનાથી સ્નાન કરી હું પવિત્ર થાઉં! પુત્રવતી થાઉં!"

રાજરાણી શૃંગારસુંદરીની અભિલાષા પૂરી કરી

સતી રત્નમંજરીએ આશીર્વાદ આપ્યો, "પુત્ર, પૌત્ર અને પતિની સાથે તું દીર્ઘ આયુષ્યવાળી થા."

રાજાએ ખાનગીમાં જરા વાત કરવાની માંગણી કરવાથી લોકોને જરા દૂર કરી રાજા સતીના કર્ણ પાસે આવીને બોલ્યો, "અરે સતી! તું શીલના પ્રભાવથી લોકોને પુત્ર આપે છે, ચરણના પાદોદકથી લોકોના રોગ-શોક આદિ દુઃખો દૂર કરે છે, પણ આજની રાત્રીનું ચરિત્ર યાદ કર ને સતી થવાનું છોડી ઘેર રહી સુખે સુખે ધર્મનું સાધન કર!" રાજાએ સતીના સતની જરા ટકોર કરી.

રાજાની વાત સાંભળી રત્નમંજરી રાજાની સામે એક નજરે જોઇ રહી, "આ શું? રાત્રીની વાત રાજા શી રીતે જાણી? અથવા તો શું આવી રીતે આડ બાંધીને રાજા વાત નથી કરતો?"

રાજાએ સતીના આશ્ચર્યમાં વધારો કરતાં ઉમેર્યું; કે "હે સતી! વૃદ્ધ પતિને તમે અંગુઠો દીધો ને ચોરના સૌંદર્યમાં મોહ પામી તેની સાથે ભોગ ભોગવવા તૈયાર થઇ તેનો તો જરા વિચાર કર! ભોગની આશા છોડીને તું શા માટે કાષ્ટ ભક્ષણ કરે છે; શા માટે મૃત્યુને ભેટે છે? તારે યોગ્ય નવીન પતિ કરીને તારૂં યૌવન સફળ કર! અને સાથે સાથે ધર્મસાધન કર! મૃત્યુથી કાંઇ કરેલા પાપથી છુટાતું નથી, માટે આ સ્ત્રીચરિત્રને છોડ! તારૂં આ રાત્રીનું વૃત્તાંત હું કોઇને કહીશ નહિ."

રાજાની સ્પષ્ટ વાત સાંભળી રત્નમંજરીને ખાતરી થઇ કે પથિકના વેષમાં પોતાને ત્યાં આવેલો આ રાજા પોતેજ મારૂં ચરિત્ર જાણવા આવ્યો હતો, છતાં પણ પોતાનો નિશ્ચય કાયમ રાખી રત્નમંજરી બોલી, "હે રાજન્! એવી વાત મારી આગળ ફરી કરશો નહિ. જેવો સમય હોય છે

તેવાજ માણસો હોય છે. પગ નીચે બળતા દાવાનળને કોઈ જોઈ શકતું નથી, ને પારકી પીડા જોવાને જગત તૈયાર હોય છે. હરિહરાદિ દેવો અને ચક્રવર્તિ જેવા મહાન પુરૂષો પણ સ્ત્રીઓના કિંકર જેવા હોય છે. રાજન્! આવી રીતે સ્ત્રી-ચરિત્ર જાણવાનું છોડી દો, સ્ત્રીઓનાં ચરિત્ર જાણવાને તેની પાછળ પડીશ તો તને કોઈક દિવસ પશ્ચાત્તાપ થશે." ફુંફાડા મારતી રત્નમંજરી બોલી.

"મંજરી! મને ઉપદેશ કરવાનો તારો ઇરાદો શું છે, એ આડીઅવળી વાત કર્યા વગર મુદ્દાની વાત કહે; ભલે એ વાત મને સંતોષ કરનારી ન હોય.!"

રાજાની વાત સાંભળી રત્નમંજરી બોલી, "રાજન્! બિલે બિલે ફરીને મને લાગે છે કે તેં સર્પો જોયા છે, પણ હજી જીવિતને હરનારા દૃષ્ટિ વિષ સર્પને તેં જોયો નથી. વિશાળ સમુદ્રમાં ભ્રમણ કરીને હજી તને છીપો, શંખલા અને કોડીઓ જ માત્ર હાથ લાગી છે; પણ કૌસ્તુભમણિ હજી તેં જોયો નથી. અનેક નાનાં મોટાં લીંબુ, આમ્ર, વગેરે વૃક્ષો જોયા છે, પણ કલ્પદ્રુમ હજી તેં જોયું નથી. સ્ત્રીઓના ચરિત્રમાં મારો તે શો હિસાબ છે! હું તે કયી ગણતરીની સ્ત્રી! છતાં પણ આ પ્રકારે ભરીને જગતમાં મારો યશ મુકીને સ્વર્ગમાં તો જઈશ, રાજન્!" મંજરી નિશ્ચયપૂર્વક બોલી,

"છતાં પણ કંઈક તું સ્ત્રીચરિત્ર મને કહેતી જા! તારા કરતાં વિશેષ ચરિત્ર તો હું જાણતો નથી; તારા કરતાંય અદ્‌ભુત ખેલ કરનારી સ્ત્રીઓ જગતમાં અત્યારે જીવે છે શું?" રાજાએ કંઈક અધિક અને નવીન જાણવા માટે પૂછયું.

રત્નમંજરીએ મસ્તક ધુણાવી હુકારમાં ઉત્તર આપ્યો;

"રાજન્ ! તારા નગરમાં રહેનારી કાલી કંદાયણને પૂછીને ખાતરી કરજે, તે તને સર્વ હકીકત કહેશે !"

રત્નમંજરીએ વાતને સમેટી રાજાને કંઈક અધિક કહ્યું હોય તો મિથ્યા દુષ્કૃત આપી, પેલા બન્ને પુરૂષો સાથે ચિતામાં પ્રવેશ કર્યો. એ ચિતામાં રત્નમંજરી ભગવાન જીનેશ્વરનું સ્મરણ, નમસ્કાર મંત્રનું સ્મરણ કરતી બળીને ભસ્મ થઇ ગઈ; અને સ્વર્ગમાં ચાલી ગઈ, લોકો એના નામની જય બોલાવતા અવંતીમાં પાછા ચાલ્યા ગયા. રાજા પણ પરિવાર સાથે નગરીમાં ગયો.

સ્ત્રીચરિત્રના પારને પામવા રાજા વિક્રમાદિત્ય એક દિવસે કાલી કંદાયણને ત્યાં જવાને તૈયાર થયો. રાત્રીના સમયે વેષનું પરિવર્તન કરી રાજમહેલમાંથી તે નીકળી નગરના મધ્યચોકમાં આવી તેણે કંદોઇવાડાનો પૃચ્છા કરી. લોકોના બતાવેલા માર્ગે તે કાલી કંદાયણના મકાન આગળ આવ્યો. કાલી કંદાયણની સિદ્ધિસમૃદ્ધિ જોઇ રાજા વિક્રમ દિંગ થઈ ગયો. એના મકાનોની ભવ્યતા, એના ઘરની જાહોજલાલી, અખૂટ સંપત્તિ અને મનુષ્યોનો પરિવાર જોતો તે કાલી કંદાયણ પાસે આવ્યો. સો સખીઓથી સેવાતી કાલી કંદાયણ સુવર્ણના આસન ઉપર બેઠેલી, નામે કાલી છતાં અપૂર્વ કાંતિવાળી હતી. એને જોઇ રાજા વિચારમાં પડયો, દુનિયાના અનુભવીને જાણનારી તેમજ માણસને જોતાંની સાથે તેની પરીક્ષા કરનારી ને દરેકની નાડ પોતાના હાથમાં રાખનારી તેમજ સારાય નગરની નવાળુની જાણનારી કાલી જેવી રૂપવાન હતી તેવી જ હોશિયાર, ચતુર અને પંડિતા હતી. રાજા દેવદેશિકના સ્વરૂપમાં આવીને કાલી સન્મુખ ઉભો રહ્યો. આ મુસાફરને જોઈ કાલી ચમકી, "કેમ ! કોણ છો ? કયાંથી આવો છો ?"

કાલીના પૂછવાથી વિક્રમ બોલ્યો.

"પરદેશમાં ફરતો ફરતો તમારી અપૂર્વ કીર્તિ સાંભળી તમારી પાસે કંઈક નવીન જાણવા માટે આવેલો છું. મને મારૂં નામ વિક્રમ છે."

"વિક્રમ! પરદેશી નહિ પણ રાજા વિક્રમ! કેમ ખરૂંને!" કાલી હસી "કહો રાજા વિક્રમ! તમારે શું જાણવું છે? તમારૂં પોતાનું કાર્ય કરવાનું છે કે પરના કાર્ય માટે આવ્યા છો?" કાલીની ચતુરાઇથી રાજા છક્ક થઈ ગયો;

"હું સ્ત્રીચરિત્ર જાણવા માટે આવ્યો છું. થોડા દિવસો પહેલાં રત્નમંજરી સતી થઇ. એ સતી કહેવડાવી જગતમાં યશ ખાટનારી રત્નમંજરીનું ચરિત્ર મેં જોયેલું છે, છતાં એ સતીમાં જ ગવાઇ ગઇ એનો હેતુ શો?" રાજાએ પૂછ્યું.

"રાજન્! રત્નમંજરી એક અદ્‌ભુત સતી સાધ્વી સ્ત્રી હતી. કાકતાલીય ન્યાયથી તું એનું ચરિત્ર જોવા ગયો, તે દિવસે જ એને ભાવીએ ભૂલવી; એના કોઈ પાપના ઉદયે તે જ દિવસે ચોરની સુંદરતા ઉપર તે મોહી પડી. તે સિવાય એ જરૂર સતીની કોટીમાં હતી. છતાં આખરે કામના છળમાં સપડાઇ એણીએ એ એક જ ભૂલ કરી નાખીને કામાંધપણામાં પતિને પણ હણી નાખ્યો; ને એ ભૂલનું એણીએ પ્રાયશ્ચિત્ત પણ તરતજ કરી દીધું. એણે પોતાની ભૂલનો ભોગ પણ આપ્યો. હવે એ વાતનું શું?" કાલીએ સ્પષ્ટ વાત કહી સંભળાવી.

"હશે! પણ એના કહેવાથી હું સ્ત્રીચરિત્ર જાણવા માટે તમારી પાસે આવ્યો છું. તો કોઈ નવીન સ્ત્રીચરિત્ર કહો, અગર બતાવો!" રાજાએ પૂછ્યું.

"રાજન્! સ્ત્રીચરિત્ર જાણવું છોડી દે, એની પાછળ પડવામાં સાર નથી, ને પરિણામે તને પશ્ચાત્તાપ થશે." કાલીએ

રાજાને આ પ્રમાણે ઉપરોક્ત રીતે શિખામણ આપી.

"જે થવાનું હશે તે થશે." પરંતુ સ્ત્રીચરિત્ર મારે જાણવું છે. એવો રાજાએ પોતાનો દૃઢ નિશ્ચય બતાવ્યો.

રાજાનો આવો દૃઢ નિશ્ચય જાણી કાલી બોલી, "ઠીક ત્યારે જેવી તમારી મરજી ! આ પેટીની અંદર પેસી જા ! અંદર ચુપચુપ હાલ્યા ચાલ્યા વગર, શ્વાસ કે ઉધરસ પણ લીધા વગર હું તને બહાર ન કાઢું ત્યાં લગી યોગીની માફક અચલ રહેજે !" કાલીની વાત સાંભળી રાજા તરતજ પેટીમાં પેસી ગયો ને કાલીએ પેટી બંધ કરી દીધી.

થોડી વારે રાજાનો મંત્રી બુદ્ધિસાગર રાજ્યમાં કર્તા-હર્તા ને રાજાના માનપાનથી ગર્વિષ્ટ બનેલો કાલીની પાસે હાજર થયો. "ગમે તેમ કરી મને મદનમંજરી રાણી પાસે રમવાને મોકલ !" કાલીની આગળ સુવર્ણનો થાળ ભેટ ધરતો ને પગે લાગતો મંત્રી બોલ્યો.

મંત્રીની વાત સાંભળી કાલીએ એક પીંછી આપતાં કહ્યું. "આ પીંછીને ગ્રહણ કરી, આ તારી સામે પેટી પડી છે તેની ઉપર બેસી જા, ને મદનમંજરીના મહેલે જવાનો સંકલ્પ કરી તારા હાથમાંની પીંછી પેટી ઉપર ફેરવ; એટલે પેટી આકાશમાર્ગે તને રાણીના મહેલમાં લઈ જશે." કાલીએ સૂચના કરીને એક પીંછી બુદ્ધિસાગર મંત્રીને આપી.

મદનમંજરીના મહેલે જવાની ઉત્સુકતાવાળો રાજ-મંત્રી કાલી પાસેથી પીંછી લઇને પેટી ઉપર બેસી ગયો, ને પેટી ઉપર પીંછી ફેરવતાં પેટી આકાશમાર્ગે રવાના થતી અલ્પ સમયમાં મદનમંજરીના મહેલમાં આવી. મંત્રીને જોઇ મદનમંજરી ઘણા દિવસે પ્રિય સમાગમ થવાથી સહસા મંત્રીને વળગી પડી. "વહાલા ! બહુ દિવસે

દેખાયો ! મને ભૂલી ગયો'તો ? તારા વિરહથી હું તો અધીર અધીર થઈ ગઇ'તી ! તારા નામની રોજ માળા જપતી'તી. તું કેમ આટલા દિવસ ન દેખાયો ?"

"શું કરૂં મંજરી ? આવવાનું ઘણુંય મન તો થતું, પણ કંઈને કંઈ કારણ ઉપસ્થિત થાય. અહીં આવવું તે કાંઈ સહેલું છે ? લોહના ચણાનું ભક્ષણ કરવા જેવું છે."

"છતાંય આજે આ દાસીની ખબર લીધી ! મારે તો આજે સોનાનો સૂરજ ઉગ્યો ! તેમજ કલ્પવૃક્ષ ફળ્યું !" એમ કહી બન્ને એકબીજા સામે જોઈ હસ્યાં.

મદનમંજરીએ કોટીપાક તેલ વડે મર્દન કરી મંત્રીને સ્નાન કરાવ્યું; સારી રસવતી કરી બન્નેએ હેત પ્રેમથી એક થાળમાં ભોજન કર્યું. ભોજનથી પરવારી મંત્રી પલંગ ઉપર આડો થયો ને મોહક આભૂષણને ધારણ કરતી હાવભાવને બતાવતી મદનમંજરી મંત્રીને ખુશી કરવા તેની પાછળ ફરવા લાગી. "પ્રાણાધાર ! વહાલા ! આજની રજની કેવી મનોહર લાગે છે ?" મદનથી તરબોળ થયેલી બળી જતી યૌવનવાળી મદનમંજરી વિહ્વલતાથી તરફડી મંત્રીના શરીર ઉપર ઢળી પડી.

રાત્રીનો ચોથો પહોર શરૂ થયો ને રતિશ્રમથી પરિશ્રમિત થયેલી મદનમંજરી બોલી, "વહાલા ! આજની આપણી રાત્રી ઝટ પૂરી થઈ તેની ખબર પણ ન પડી. આજનો દિવસ મારા અંતઃપુરમાં છુપાઈ જાઓ તો ?"

"પરંતુ હમણાં રાજા આવે ને કદાચ હું સપડાઈ જાઉં તો !" મંત્રી હસ્યો.

"રાજાને આટલી બધી રાણીઓ પડી છે ! એને મારી ઓછી જ પડી છે કે અહીં આવે ?" કટાણું મોં કરીને મદનમંજરી બોલી. વખત થતાં મંત્રી જવાની તૈયારી

કરવા લાગ્યો. "વખત મળશે તો કોઈક દિવસે આવીશ, વળી ! આજે તો કાલી કંદોયણે આપણો મેળાપ કરી આપ્યો. એના જ પ્રતાપથી આપણે સુખ ભોગવી શકયા. એમ કહી મંત્રીએ જતાં પહેલાં મંજરીની રજા માગી.

"હા ! એ કાલીને મારા પાયે લાગણ કહેજો, ને મારી વતી બહુ બહુ કરીને એમને બોલાવજો. વહાલા ! જેમ બને તેમ પાછા વહેલા આવજો. તારૂં હૃદય મારી પાસે મૂકતો જા, ને મારૂં હૃદય તું લેતો જા; એટલે આપણે ઝટ ભેળાં થઈ શકીએ !"

મદનમંજરીની રજા લઈ મંત્રી બુદ્ધિસાગર પેલી પીંછી ગ્રહણ કરીને પેટી ઉપર બેસી ગયો. છેલ્લી વખતે બન્ને જણ ભેટી પડયાં ને જરા હસ્યાં.

પ્રેમમાં દીવાના બનેલાં પ્રેમીઓ એમ જ સમજે કે અમારી પાશવ લીલા કોઈ જાણતું નથી, અને કોઇની જોવાની તાકાત પણ નથી; છતાં તેમની લીલા એક માણસ તો જોતો જ હતો. તે હકીકત કામમાં અંધ બનેલાં એ બિચારાં પ્રાણીઓ કયાંથી જાણે ?

પેટી આકાશ માર્ગે ચાલતી કાલીના મકાને આવી.

બુદ્ધિસાગર કાલીને નમી, રાણીના પ્રણામ કહીને પોતાને સ્થાનકે ચાલ્યો ગયો. મંત્રીના ગયા પછી કાલીએ રાજાને પેટીમાંથી બહાર કાઢયો, અને કહ્યું કે હે રાજન્ ! જોયું ને સ્ત્રી ચરિત્ર ?"

"અહો ! મારી જ રાણીઓની આવી બદચાલ !" રાજા ગુસ્સે થઈ ઉપર મુજબ બોલ્યો.

"હે રાજન્ ! એ બાબતમાં ગુસ્સો કરવાથી શું ? સ્ત્રીઓમાં કામવાસના વધુ હોય છે, તેથી કોઈ એવી

સ્ત્રી હોય, અને પુરૂષ, પોતાના વિચારને મળતો થાય તો તેણી વેલની જેમ તરત વીંટાઈ જાય છે. સ્ત્રી રહેતો આપથી રહે નહિતર સગા બાપથી પણ જાય. તે કહેવત મુજબ વિષયાધીન સ્ત્રીઓ માતા, પિતા કે બધું અગર પતિને ઠગી શું સ્ત્રીચરિત્ર નથી કરતી ? પૂર્વે દેવકીનંદન હરિ ગોપિકાઓ સાથે નથી રમ્યા શું ? કામથી વિહ્વળ થઈને મહાદેવ તપસ્વિની ભીલડી સાથે નથી રમ્યા ? અને બ્રહ્મા મોહબાણથી ઘાયલ થયા છતાં પોતાની પુત્રી સાથે પણ પ્રેમ કરવામાં પાછા પડયા છે ? મદનવ્યાકુળ ઇંદ્ર અહલ્યાને નથી વળગ્યા શું ? મહાન વિશ્વામિત્ર, પરાશર આદિ ઋષિઓ પણ સ્ત્રીઓમાં નથી લોભાયા શું ? ”

કાલીની આ વાત સાંભળી રાજા કાંઈક વિચારમાં પડયો. “ શું જગતમાં ત્યારે મોટે ભાગે સ્ત્રીઓ આવા ચરિત્રથી ભરેલી જ હશે ? ”

“ એમાં શક શું ? પુરૂષો જ્યારે કામવિહ્વલ થઈ સ્ત્રીઓ પાછળ દોડે છે, ત્યારે સ્ત્રીઓને પુરૂષ કરતાં પણ કામ વિહ્વલતા અધિક હોય છે. કહ્યું છે કે.

“ आहारो द्विगुणः स्त्रीणां, लज्जा तासां चतुर्गुणा ।
षड्गुणो व्यवसायश्च, कामश्चाष्ट गुण स्मृतः ॥

“ ભાવાર્થ—પુરૂષ કરતાં સ્ત્રીઓને આહાર હમેશાં બમણો હોય છે, લાજ ચારગણી હોય છે, ઉદ્યમ છગણો ને કામ આઠગણો હોય છે. એવી કામાંધ સ્ત્રીઓ શું નથી કરી શકતી ? ”

કાલો કંદોયણનાં વચન સાંભળી કંઇક શાંત થયેલો રાજા કાલીના મકાનમાંથી નીકળી નગરમાં ફરતો ફરતો તે પોતાના મકાનમાં આવ્યો.

પ્રાતઃકાળે રાજા સ્ત્રીચરિત્રને જાણતો એવો પોતાની સ્ત્રીની કુટિલતા સંબંધી મનમાં બહુ જ વિચાર કરવા લાગ્યો. એનું મગજ અત્યારે અનેક વિચારોથી ઉભરાઇ ગયું હતું; પેલી સૌભાગ્યમંજરી, વિજયા અને મદનમંજરી, વિગેરે સ્ત્રીઓની કુટિલતાને એક પછી એક જાણ્યા પછી મનમાં શંકા થઇ કે, "શું બધી સ્ત્રીઓ આવીજ હશે ? પુરૂષ કરતાં આઠગણા કામવિકારવાળી પોતાના હૃદયની તૃપ્તિ માટે સ્ત્રીચરિત્ર કરવાની જરૂર તેને પડે !"

રાજા સભામાં આવ્યો. બુદ્ધિસાગર મંત્રીને જોતાં એને ક્રોધ ચઢ્યો કે તલવારના ઝાટકાથી કાયી નાખું ! પરંતુ મનનું સમતોલપણું જાળવી તલારક્ષકને હુકમ કર્યો, કે "રાણી મદનમંજરીને પકડી આ રાજસભામાં હાજર કરો !"

તલારક્ષક પોતાના સિપાઇઓ સાથે તીરની માફક વછુટયો. મદનમંજરીના મહેલે આવી રાજઆજ્ઞા રાણીને કહી સંભળાવી. ભયથી કંપતી મદનમંજરીને તલારક્ષકે રાજસભામાં હાજર કરી.

રાણીએ ઘણી ઘણી વિનંતિ કરી તોપણ તેનું કંઈ પણ ન સાંભળતાં રાજાએ તલારક્ષકને બીજો હુકમ કર્યો "આ કુટિલ સ્ત્રીને મારવી નથી, પણ આ રાજની હદ બહાર લઈ જઇ ભરજંગલમાં એના ભાગ્ય ઉપર એને છોડી મુક, ને પછી આ દુષ્ટ બુદ્ધિસાગર મંત્રીને ! અત્યારે તો આ અંધારી કોટડીમાં પુર !"

તલારક્ષકે રાજાના હુકમનો ત્વરાથી અમલ કર્યો.

પ્રકરણ ૫૫ મું

સ્ત્રીચારિત્ર

વૈરં વૈશ્વાનરો, વ્યાધિર્વાદવ્યસનલક્ષણાઃ ।
મહાનર્થાય જાયતે, વકારાઃ પઞ્ચ વર્ધિતાઃ ॥

ભાવાર્થ—વૈર, અગ્નિ, વ્યાધિ, વાદ અને વ્યસન એ પાંચેનો થતાંની સાથે જ નાશ કરવો જોઈએ; અન્યથા વૃદ્ધિ પામ્યા છતાં મહાઅનર્થ કરનારાં થાય છે.

સ્ત્રીચરિત્રના વિચારમાં રાજા નિરંતર મશગુલ રહેતો હતો. મદનમંજરીને જંગલમાં વનેચરને માટે છોડાવી રાજાએ બુદ્ધિસાગર મંત્રીના પણ બેહાલ કરી નાંખ્યા; આવાં સ્ત્રી ચરિત્ર જોવાથી રાજા હવે દરેક સ્ત્રીને હલકી નજરે જોવા લાગ્યો. અને મનમાં વિચાર કરવા લાગ્યો કે "શું જગતમાં સ્ત્રીઓ આવીજ હશે." એકદા રાજસભામાં રાજાની આગળ એક પંડિત-કવિ બોલ્યો, "મહારાજ! સ્ત્રીઓનું ચરિત્ર અદ્‌ભુત હોય છે. બુદ્ધિવાન પુરૂષો સમુદ્રના પારને કદાચ પામે, પણ સ્ત્રીના ચરિત્રને જરા પણ પામી શકતા નથી."

કવિની વાણી સાંભળી રાજા બોલ્યો, "શું તમે પણ કાંઈ સ્ત્રીચરિત્ર જાણો છો કે?" રાજાનો પ્રશ્ન સાંભળી કવિ બોલ્યો; "હે મહારાજ! સાંભળો એક સ્ત્રીનું અદ્‌ભુત ચરિત્ર.

શ્રીપુરનગરમાં છાહડ નામે કણબીને રમા નામે એક સુંદર પત્ની થઈ. છાહડ એક દિવસે પત્ની રમાને તેડવા શ્વશુરના ગામ ધારાપુરી ગયો. સાસુ સસરાએ જમાઇને ઘણે દિવસે અને કોઇક જ વાર પોતાને ઘેર આવેલો જાણી રૂડી રીતે ખાનપાનથી જમાઇની ભક્તિ કરી. કેટલાક દિવસ સાસરે રહીને છાહડ પટેલે પોતાને ગામ જવાને

માટે સસરાની રજા માગી. જમાઇનેનો જવા નિશ્ચય જાણી સસરાએ પુત્રી રમાને વળાવવાની તૈયારી કરી. રમા સાસરે જવાને તૈયાર થઈ, તે પહેલાં ગામમાં સગાંવહાલાં અને સ્નેહીજનોને તે મળવા ગઈ. રમા પટરાણી રોજ જેની સાથે રમતી હતી તેને પણ હવે છેલ્લા છેલ્લા મળવા ગઈ. એ પુરૂષ પાસે જઈ તેની રજા માગી, એટલે તેણે કહ્યું, "અરે, તું તો સાસરે ચાલી. તારા પતિ સાથે મોજમજામાં મને તો કયાંય ભૂલી જઇશ, પણ તારા વિયોગે મારી શી દશા?"

"તું વળી મારા જેવી કોઈ શોધી કાઢજે!" રમાએ હસીને જવાબ આપ્યો.'

"હશે, રમા! પણ આવ મારી સાથે છેલ્લીવાર રમ અને પછી સુખેથી જા!" આશકે રમાની આગળ ઘણા કાલાવાલા કરવા માંડયા.

"અત્યારે તો નહિ. પણ:તારે મળવું હોય તો હું તને જલ્દી મળીશ. પછી કાંઈ?" રમાએ આશા આપી.

"પણ હવે તું કયાં મળવાની હતી? તારે સાસરે હું કાંઇ આવવાનો હતો, ને ત્યાં અપાય પણ શી રીતે?" આશકે નિશ્વાસ નાખી ઉપર મુજબ કહ્યું.

પોતાના આશકને દુઃખી થતો જાણી, "હે પ્રિય! તું ગભરાઇશ નહિ, તારે જો મને મળવું હોય તો તને એક યુક્તિ બતાવું." એમ કહી રમા એક રસ્તો એને બતાવી, પોતાને માર્ગે ચાલી ઘેર આવી. રમા ઘેરથી વહેલમાં બેસીને સાસરે જવા નીકળી.

છાહડ પોતાની નવોઢા પત્નીને વહેલમાં બેસાડી પોતાના શ્વશુરના ગામથી નીકળ્યો, લગભગ એક ગાઉ ધરતી કાપી હશે ત્યાં માર્ગમાં એક ગાડું મળ્યું. માર્ગમાં ગાડાને છુટેલું, ને ગાડાવાળાને ઉદાસ જોઇ છાહડ બોલ્યો; "અલ્યા ભાઇ! માર્ગમાં ગાડું છોડી આમ ઉદાસ કેમ

બેઠા છો ?" છાહુડનો પ્રશ્ન સાંભળી ગાડાવાળો બોલ્યો; " અરે ભાઇ ! શું વાત કહું ? આ મારી પ્રિયાને પ્રસુતિ-કાલ નજીક આવવાથી પેટમાં દુખાવો ઉપડેલો છે. સ્ત્રી પાસે સ્ત્રી હોય તો એનો કાંઇક ઉપાય પણ કરે ! તમે જરા એટલું કામ ન કરો ? આ બહેનને જરા એની પાસે મોકલો તો મારી પ્રિયાને ઝટ છુટકારો થાય ! "

એ બેડુતની વાત સાંભળી છાહુડ પોતાની સ્ત્રીપ્રત્યે બોલ્યો, " જરા એની પાસે જઈ આવ અને જો તારાથી બની શકે તો કાંઇક તેણીને મદદ રૂપ થા."

" અરે, રસ્તામાં આમ બેઠી થવું તે સારૂં નથી. " સ્ત્રી ડહાપણ બતાવતી બોલી.

" રસ્તામાં એક દુઃખી સ્ત્રીને મુકીને આપણાથી કેમ જવાય, માટે ત્યાં જઈ તારાથી બને તેટલી એ સ્ત્રીને મદદ કર ! "

છાહુડના કહેવાથી તેની સ્ત્રી ગાડામાંથી નીચે ઉતરી પેલા બેડુતે બતાવેલી ઝુંપડીમાં ગઇ. પછી પેલા બન્ને છાહુડ અને ગાડાવાળો ત્યાં વાતે વળગ્યા. રમા ઝુંપડીમાં આવી તો એનો પ્યારો એની આતુરતાપૂર્વક રાહ જોતો હતો, તેથી બન્ને એકબીજાં ગાઢ રીતે મળ્યાં, ભેટ્યાં, છેલ્લી વાર એકબીજાએ હૈયાની હોંશ ધરાઇને પૂરી કરી. રમા ઘણો સમય થઇ જવાથી ઝટ પાછી ફરી. ગાડામાં આવીને બેઠી. ગાડું આગળ ચાલ્યું, પણ છાહુડ રમાની ચેષ્ટા જોઈ વિચારમાં પડયો; " અરે પ્રિયા ! એ ઝુંપડીમાં જઈને આવ્યા પછી તારો કંચુક કેમ ચુંથાઈ ગયો છે ? તારી આ સુંદર સાડી પણ જોને કેવી ચોળાઈ ગઇ છે ? તારૂં શરીર પણ શિથિલ કેમ થઇ ગયું છે !" પતિનાં આવાં વચન સાંભળી રમા બોલી, " પછાડા મારતી ને દુઃખથી આકુળ-

વ્યાકુળ થતી એ સ્ત્રીએ મને બહુ મહેનત કરાવી, સ્વામી! પરાણે પરાણે એને પ્રસુતિ થઇ ને હું નાઠી!" રમાએ પતિને ઉઠાં ભણાવવા માંડયાં, પણ છાહડ સમજી ગયો કે, "કાંઇક દાળમાં કાળું છે. રાંડનાં ચરિત્ર કાંઇ સારાં નથી. પણ હવે શું થાય? ભોળપણથી પોતાની ભૂલ થઇ, ને એ દુષ્ટે પોતાને ઠગ્યો." મનમાં ગાંઠ વાળી પ્રિયાને લઈ છાહડ પોતાના નગરમાં આવ્યો.

એકદા કોઈ સિદ્ધપુરૂષ પાસેથી અમૃતકુંપી મેળવીને પ્રિયાને દગ્ધ કરી, બાળી, તેની રાખોડીની પોટલી કરી; વિચાર આવતાં પરીક્ષા કરવા માટે અમૃતકુંપીમાંથી અમૃત છાંટતાં રાખમાંથી રમા આળસ મરડીને બેઠી થઈ. તેને છાહડે કહ્યું; "પ્રિયે! યાત્રા કરવાને માટે ગયા તીર્થમાં હું જાઉં છું, છ માસ પછી આવીશ. ત્યાં લગી સમાધિપૂર્વક તારે રહેવું." એ પ્રમાણે કહી પ્રિયાને બાળી ભસ્મ કરી તેની પોટલી અને રસકુંપી લઈને તે વનમાં ચાલ્યો ગયો. ભયંકર વનમાં વડવૃક્ષની એક શાખાના વિવરમાં રક્ષાની પોટલી અને રસકુંપી સંતાડીને છાહડ ગયા તીર્થ તરફ ચાલ્યો ગયો.

જંગલમાં ઢોર ચારતો કોઈ ગોવાળિયો એ વડવૃક્ષની છાયાએ વિશ્રામ લેવાને બેઠો. ચારે તરફ જોતો એ વડની શાખાનાં સુકાં પાંદડાંને જોઇ તે કૌતુક જાણવાને તે ભરવાડ વડ ઉપર ચઢી એ શાખા તરફ આવ્યો. શાખાને જોતાં પેલા વિવરમાં ભરવાડે કાંકરી દીઠું. તરતજ એક પોટલી બહાર ખેંચી કાઢી, વૃક્ષ ઉપરથી નીચે ઉતર્યો. પોટલી છોડી તો પોટલીમાં ભસ્મ જોઇ ચમત્કાર પામ્યો. પેલી રસકુંપીમાંથી એક ટીપુ ભસ્મમાં પડયું તો આશ્ચર્ય! ભસ્મમાંથી એક નવયૌવના સ્ત્રી ઉભી થઇ. મનહર શૃંગારને

ધારણ કરેલી વનદેવી સમાન એ નવયૌવનાને જોઈ ભરવાડ ભય પામ્યો, ને મુઠીવાળી નાસવા લાગ્યો. પણ એ રમણીએ તરત જ એ ભરવાડને બૂમો મારી પાછો બોલાવ્યો. અને કહ્યું "અરે, આવ ! આવ ! હું કાંઇ દેવી કે રાક્ષસી નથી કે તને ખાઇ જાઉં !" મનુષ્યનો અવાજ સાંભળી ભરવાડ ધૈર્ય ધરી એ રમણીની પાસે આવ્યો અને બોલ્યો. "આ બધું શું છે ? તને ભસ્મ બનાવીને અહીંયાં કોણ મુકી ગયું છે, તે પ્રથમ બધી હકીકત તું મને કહે !"

ભરવાડના જવાબમાં રમાએ પોતાના પતિની વાત કહી સંભળાવી; "મારો પતિ દિવાળીને દિવસે મને ભસ્મ બનાવી અહીંયાં મુકીને યાત્રા કરવા ગયો છે. તે છ માસ પછી આવશે. ત્યાંસુધી હું ભસ્મ હાલતમાં પડી હોત. પણ તેં મને ભસ્મમાંથી નવયૌવના સ્ત્રી બનાવી, તો હે સુંદર ! છ માસ સુધી તું જ મને તારી પ્રિયા બનાવ, ને મારી સાથે રહે !"

રમા રમણીની વાત સાંભળી ભરવાડ ખુશી થયો અને ત્યાં જંગલમાં એક ઝુંપડી બાંધીને રમાની સાથે રહ્યો; પોતાની પત્નીની માફક રમા સાથે ભોગ ભોગવવા લાગ્યો. છ માસનાં વહાણાં વહી ગયાં એટલે રમા બોલી; "પ્રિય ! કાલ યા આજ હવે મારો ધણી આવી પહોંચશે, માટે હવે તને ઠીક લાગે તેમ કર ! અથવા જોઈએ તો મને લઇને અહીંથી નાસી જા !"

રમાનાં આવાં સુંદર વચન સાંભળી ભરવાડ કંઈ નિશ્ચય કરીને રમાને દગ્ધ કરી ભસ્મ બનાવી એ ભસ્મની પોટલી અને પેલી રસકુંપી વડની શાખાના વિવરમાં જેવી સ્થિતિમાં હતા તેમ મુકી દીધી, ને રમાની સાથે ભોગવેલાં સુખોને યાદ કરતો ભરવાડ ચાલ્યો ગયો, અને ત્યાં વનમાં એ પ્રાણપ્રિયાના વરની ચેષ્ટા જોવા માટે વડથી થોડેક જ દૂર

રહી ગાયો બકરાં વિગેરેને ચરાવવા લાગ્યો.

છ માસ થઇ જવાથી છાહડ પણ યાત્રાએથી પાછો ફરી એ વૃક્ષ નીચે આવ્યો. તે વૃક્ષ ઉપરથી રક્ષાપોટલી કાઢી રસકુંપીના અમૃતબિંદુથી એણે રમાને સજીવન કરવા છતાં એના શરીરની ગંધથી છાહડે વિચાર કર્યો કે ભસ્મની પોટલીમાં પણ આ સ્ત્રી સીધી રહી નથી; નક્કી આને કોઈ ગોવાળિયા જેવાએ ભોગવેલી છે. સ્ત્રીને ત્યાં બેસવાનું કહી છાહડ વનમાં ચારેકોર જોતો ફરવા લાગ્યો; વડથી થોડેક દૂર ભમતા એક ગોવાળિયાને ગાયો, ભેંસો ને બકરાં ચારતો એણે જોયો. ગોવાળિયાની ચેષ્ટા જોઈ છાહડે પૂછયું. "કોણ છે? અહીંયાં કેમ ફરે છે?"

"અરે ભાઇ! તું કોણ છે? આ વનની લીલા જોતો જોતો હું અહીં આવેલો, ત્યારે પેલા વડવૃક્ષની શાખામાંથી ભસ્મની પોટલી જોઈ કાઢી, તેમાં રસનું ટીપું નાખતાં તેમાંથી અકસ્માત એક સ્ત્રી પ્રગટ થઈ. તેની સાથે છ માસ સુધી ખુબ રાગથી ભોગવી. એના પતિને આવવાનો સમય થવાથી પાછી ભસ્મ બનાવી તેની પોટલી વૃક્ષની શાખાના વિવરમાં મેં મૂકી દીધી. એ પ્રિયાના મુખને સંભારતો હું વનમાં ફરું છું, ભાઈ!" એ ગોવાળના મુખથી છાહડે પોતાની પ્રિયાની ચેષ્ટા જાણી ને પેલા વડની નીચે રમા પાસે આવીને મર્મમાં બોલ્યો; અરે હે સ્ત્રી ભસ્મની પોટલી બનાવી વૃક્ષના વિવરમાં મુકવા છતાં તેં મજા તો ખૂબ માણી હશે!"

"અરે સ્વામી! આ તમે શું બોલો છો! મજા શી, ને વાત શી? મને ભસ્મ બનાવી, ભસ્મની પોટલીને વૃક્ષની શાખાના વિવરમાં મૂકવા છતાં હું ક્યાં મજા કરવા ગઈ હોઇશ? અરે, તમારા ગુણનું સ્મરણ કરતી હું ભસ્મ સ્વરૂપમાં મારા દિવસો વ્યતીત કરતી હતી."

"તારી બોલવાની ચતુરાઇ હું જાણું છું, રમા! અનેક પુરૂષોમાં આસકત રહેનારી તને મારીને હું પાપી થવા નથી ઇચ્છતો. રમા! જગતમાં સૌને પોતપોતાની કરણીનું ફળ મળે છે, તે પ્રમાણે તને પણ તારા પાપનું ફળ મળશે જ. અસત્ય બોલીને મને તું ઠગવા માગે છે, પણ તારી કુટિલતા તો હું તને તેડીને આવતો હતો ત્યારે માર્ગમાં જાણી ગયો છું. આજથી તારો ને મારો રાહ ન્યારો છે. તારે ફાવે ત્યાં તું જા! હું મારૂં ફોડી લઇશ," રમાની એક પણ વાત ન સાંભળતાં છાહડ એ વડવૃક્ષની નીચે રમાને છોડી દુઃખ-ગર્ભિત વૈરાગ્યથી તાપસની પાસે જઇ તાપસી દીક્ષા અંગીકાર કરી તપ કરવા લાગ્યો. દ્વાપરહિતપણે તાપસના વ્રત આદરથી કરતો મરણ પામીને તે સ્વર્ગે ગયો. પણ પેલો શોખીન રમાનું શું? એ મોજશોખને ભોગવવામાં મશગુલ રમાને હવે કોણ પૂછનાર હતું, અત્યારે પોતાની પાસે શું નહોતું! નવીન યૌવન હતું, સૌંદર્ય હતું, અભીનવ કળાકૌશલ્ય, ચાતુર્ય સર્વ કંઇ હતાં. એ બધાંને ઐહિક સુખને ભોગવવા એણે ખર્ચી નાખ્યા, અને મનગમતા ભોગ ભોગવી સીધી નરકની ટિકિટ કઢાવી એક દિવસે ત્યાં રવાને પણ થઈ ગઈ."

કવિની વાત સાંભળી રાજા વિક્રમે કવિને એક કોટી દ્રવ્ય ભંડારી પાસેથી અપાવ્યું. કવિ રાજી થઈ પોતાના સ્થાનકે ચાલ્યો ગયો. રાજા વિક્રમને નવીન નવીન સ્ત્રીચરિત્ર જાણવાનો ને સાંભળવાનો બહુ શોખ હતો, અને તે શોખ હંમેશાં તે પૂરો કરતો હતો.

એક દિવસ લોહપુર નગરમાં લોકોની ધૂર્તતા જોવાને રાજા વિક્રમ ભટ્ટમાત્રની સાથે નીકળ્યો પણ ભટ્ટમાત્રને પૂર્વ દિશા તરફ મોકલ્યોને પોતે ઉત્તર દિશા તરફ ચાલ્યો.

સંકેત મુજબ બન્નેને જુદી જુદી દિશાએથી લોહપુર આગળ ભેગા થવાનું હતું. રાજા વિક્રમે અનુક્રમે લોહપુર નજીક આવતાં શીત અને ઉષ્ણ પાણીના બન્ને કુંડ જોયા. એ બન્ને કુંડના મહત્ત્વનો વિચાર કરતો રાજા ત્યાં ઉભો હતો. તે સમયે વાનરાઓનું એક ટોળું રાજાના જોતાં જોતાં શીત જલમાં સ્નાન કરવાને પડયું. સ્નાન કરતાંની સાથે તેઓ પુરૂષ બની ગયા; પછી ઉત્તમ વસ્ત્ર પરિધાન કરી નજીકના જીનાલયમાં જીનપૂજા કરી જીનેશ્વરની સ્તુતિ કરવા લાગ્યા. વારંવાર જીનેશ્વરને નમસ્કાર કરતા ને પાપને છેદતા તેઓ જીનમંદિરમાંથી નીકળી પછી ઉષ્ણ કુંડમાં સ્નાન કરવાને પડયા. એટલે બધા વાનરો બની ગયા. તે જીનેશ્વરને નમીને ત્યાંથી ચાલ્યા ગયા. રાજા વિક્રમ જળનો આવો ચમત્કાર જોઈ મનમાં આશ્ચર્ય પામ્યો.

રાજા પણ ત્યાં જીનમંદિરમાં જઇ જીનેશ્વરને નમ્યો પૂજન અર્ચન કરી, ભગવાનને સ્તવી ત્યાંથી આગળ ચાલ્યો. આગળ ચાલતાં એક વૃક્ષ નીચે ચોરોને વાદવિવાદ કરી તકરાર કરતા જોયા. રાજા એમની પાસે આવી બોલ્યો, "અરે ભાઈઓ! શા માટે લડી મરો છો? જો તમે મને તમારી તકરારનું કારણ કહો તો હું તમારો ન્યાય કરી આપું."

એ ડાહ્યા પરદેશીને જોઈ ચોરો બોલ્યા, "હે ભાઈ! સાંભળ! વનમાં એક યોગી પાસે અમે અમુલ્ય ચાર વસ્તુઓ જોઈ, એક ખાડલી, કાષ્ટનો ઘોડો, કંથા અને થાળી. એ ચારે દિવ્ય વસ્તુઓ ઘણી જ કીંમતી છે. ખાટલો અને તુરંગમ આકાશમાં ઉડી આપણને ઈચ્છિત સ્થાનકે પહોંચાડે છે ને આ કંથાને ખંખેરવાથી રોજની પાંચસો દિનાર મળે છે. થાળી આપણને જોઈએ તેવું ઇચ્છિત ભોજન આપે છે. એવી આ ચાર ચીજોની વહેંચણી

કરવા અમે લડીએ છીએ.”

ચોરોની વાત સાંભળી રાજા વિક્રમ બોલ્યો, “ તમારી મરજી હોય તો હું આનો ઈન્સાફ કરી આપું.”

“ બહુ સારી વાત, ભાઈ ! તમે જો અમારો ન્યાય કરી આપો તો અમારી તકરાર મટે !” ચોરો બોલ્યા.

“ તો એમ કરો, એ ચારે વસ્તુઓ મને આપો. હું વિચાર કરી એનો તોડ લાવું !” રાજાએ ચોરો પાસેથી એ ચારે વસ્તુઓ હાથ કરી અને ખાટલી ઉપર આરૂઢ થઇ તે બોલ્યો; “ જુઓ ભાઈ ! તમે ચોરીને હુણીને મહાન પાપ કરો આ ચાર વસ્તુઓ મેળવી છે, માટે તમને તે પચવાની નથી. માટે હું આવું ત્યાં લગી તમે અહીંયાં બેઠા બેઠા હવા ખાઓ !” ખાટલા ઉપર ચડી બેઠેલો રાજા ત્રણે વસ્તુઓ સાથે આકાશે ઉડી લોહપુર ચાલ્યો ગયો. ત્યાં એક બ્રાહ્મણને મિત્ર બનાવી તેને ત્યાં ખાટલી અને થાળી થાપણ મુકીને રાજા સ્વર્ગપુરી સમી એ નગરીને જોતો બજારમાં ચાલ્યો. નગરમાં ફરતાં એણે સાંભળ્યું કે “ કામલતા વેશ્યાને ત્યાં જે લક્ષ સુવર્ણ મહોરો આપે તે માણસ એક રાત રહે.” આથી રાજાએ લક્ષ દિનાર આપીને કામલતાને ત્યાં વાસ કર્યો, ને પેલી કંથામાંથી પાંચસો મહોરો મેળવીને યાચકોને દાન દેવા લાગ્યો. આ પરદેશીને અખૂટ સંપત્તિ વાપરતો જોઈ અક્કાએ વિચાર કર્યો કે, “ આ બધું ધન ક્યાંથી લાવે છે ?” કામલતાને સમજાવી એની પાસે એણે પૂછાવ્યું.

અક્કાએ પરદેશીના ધનપ્રાપ્તિનો ક્રિમિયો પૂછી જાણી લીધો, એટલે ખાટલી, ઘોડો અને કંથા વિગેરે છળ કરી પડાવી લેવાનો તેણે વિચાર કર્યો, ને એક દિવસે તેણીએ ગુપ્ત રીતે તે લઇ લીધું. હવે ધન આવતું બંધ થવાથી અક્કાએ એ પર-

દેશીને પોતાના મકાનમાંથી કાઢી મુકયો. ખિન્ન ચિત્તવાળો પરદેશી ત્યાંથી નીકળી નગરમાં ભમતો મનમાં વિચાર કરવા લાગ્યો; "ગુણિકાઓ શાસ્ત્રમાં કહી છે તેવી જ દુષ્ટ હોય છે, મારી પાસેથી પેલી અમુલ્ય વસ્તુઓ પડાવી લઈ હવે મને રાંડ કાઢી મુકે છે, પણ હું ય ત્યારે ખરો કે એ રંડાને જ્યારે બ્રાહ્મણ બનાવું !"

રાજાને ભટ્ટમાત્ર અહિં ભેગા થઇ ગયો. બન્નેએ વિચાર કરી પેલા ઉષ્ણ અને શીત જલવાળા કુંડના જળથી વેશ્યાને છળવાનો વિચાર કર્યો. બન્ને જણા ત્યાં જઈને બન્ને કુંડમાંનાં નીર પોતાની પાસે છુપાવી, રાજા કામલતાના આવાસમાં આવ્યો. કામલતાને છેતરી તેની સાથે મીઠી મીઠી વાતો કરતો રાજા પેલું ઉષ્ણ જળ કામલતા ઉપર નાખવા લાગ્યો. ઉષ્ણ જળનો સ્પર્શ થતાં જ કામલતા વાનરી બની ગઈ, ને રાજા ત્યાંથી ચાલ્યો ગયો.

પોતાની પુત્રીને વાનરી બનેલી જાણી અક્કા માથું કુટવા લાગી; હૃદયને તોડતી લોકોને ભેગા કરી વિલાપ કરવા લાગી. અનેક વૈદ્યદાક્તરોને બોલાવી ઔષધ કર્યા છતાં વાનરીએ પોતાનું વાનરીપણું છોડયું નહિ. મંત્રતંત્રના જાણનારાઓને, જોષીઓને બોલાવી અનેક ક્રિયા કરાવી પણ કોઈ રીતે વાનરી માણસ બની શકી નહિ.

રાજા વિક્રમ અને ભટ્ટમાત્ર બન્નેએ યોગી સ્વરૂપ ધારણ કર્યું, ભટ્ટમાત્ર રાજાને વનમાં મુકી નગરમાં ભમતો ભમતો કામલતાના મહેલ આગળ આવ્યો. અક્કાએ આ યોગીને જોઈ પોતાની પાસે બોલાવ્યો ને પૂછયું, " યોગીરાજ ! મારી પુત્રી વાનરી બની ગઈ છે, તેને તમે જો માણસ રૂપમાં લાવી આપો તો તમને મોં માગ્યુ ઇનામ આપીશ."

વેશ્યાની વાત સાંભળી યોગી બોલ્યો; " મૈયા !

અમારા ગુરૂ વનમાં તપ કરે છે તે બધું જાણે છે, માટે તમારે કામ હોય તો તેમની પાસે ચાલો !"

"ચાલો મહારાજ ! મને એ પવિત્ર યોગીરાજનાં દર્શન કરાવો !" અક્કા એ યોગીરાજની સાથે વનમાં તેના ગુરૂ પાસે આવી નમસ્કાર કરી તેમની સામે બેઠી. ધ્યાનમાં બેઠેલા યોગીરાજને અક્કાએ વિનતિ કરી; કહ્યું કે, "હે યોગીશ્વર ! મારી ઉપર પ્રસન્ન થાઓ ને વાનરી બનેલી મારી પુત્રીને તમે માણસ કરો !" યોગીએ થોડી વાર ધ્યાનનો ડોળ કરી પછી પોતાની આંખ વેશ્યા સામે ફેરવીને કહ્યું; "હરિ ! હરિ ! શિવ ! શિવ ! ભૈયા ! તેં પૂર્વે કોઈ પરદેશીને ઠગ્યો છે, તેનું આ પાપ તને નડ્યું છે."

યોગીની આ વાત સાંભળી વેશ્યા આશ્ચર્ય પામી બોલી, "હા મહારાજ ! આપ તો ત્રિકાળજ્ઞાની છો. મેં એક પરદેશી પાસેથી ખાટલી અને કંથા પડાવી લીધી છે. એ મારાં પાપ માફ કરો !" એમ કહી અક્કાએ પાપની માફી માગી.

"તો એ ખાટલી અને કંથા અહીં તું હાજર કર. એટલે તારી પુત્રીને વાનરીમાંથી મનુષ્ય થતાં વાર લાગશે નહિ." યોગીના કહેવાથી અક્કાએ ખાટલી અને કંથા યોગી પાસે હાજર કરી. પોતાની બધી ચીજો હાજર થયા પછી યોગીએ પેલું શીત જલપાત્રમાં લઇને મંત્ર ભણવા માંડ્યો. મંત્ર ભણી ભણીને તે પાણીને વાનરી ઉપર છાંટવા માંડ્યું. એ શીત જલના પ્રભાવથી વાનરી વાનરીપણું ત્યાગીને જેવી હતી તેવી કામલતા બની ગઇ. અક્કા પોતાની પુત્રીને મૂળ સ્વરૂપે જોઈ રાજી થઈ. યોગીએ તેણીને શિખામણ આપી. "જો તારે કોઇને છેતરવો નહિ. છેતરીશ તો ફરી વાનરી બની જશે, માટે ન્યાયથી તારો ધંધો કરજે." આવી શિખામણ આપી કામલતાને અક્કા સહિત

વિદાય કરી દીધી. લોહપુર નગરમાં ધૂર્તોની ધૂર્તવિદ્યાને જોઇ રાજા ભટ્ટમાત્ર સાથે અવંતીના માર્ગે ચાલ્યો. માર્ગમાં ચાલતાં રાજા વિક્રમ યાચકોને દાન આપતો અને લોકો ઉપર ઉપકાર કરતો મંત્રી સાથે અવંતીમાં આવ્યો.

ખાટલી, અશ્વ, કંથા અને થાળીના પ્રભાવને જાણનારા ભટ્ટમાત્રે આ દિવ્ય વસ્તુઓને સાચવી રાજ્યના ભંડારમાં રાખવા માટે રાજાને કહ્યું; "મહારાજ! દાનમાં આપવાની અનેક વસ્તુઓ છે. આવી વસ્તુઓ જીવનમાં કોઇક પ્રસંગે ખુબ ઉપયોગી થાય છે, માટે એને તો રાજની રક્ષા માટે ભંડારમાં થાપણ તરીકે રાખવી જોઈએ."

ભટ્ટમાત્રની વાણી સાંભળી રાજા હસ્યો, "અરે મંત્રી! દાતાર કોઇને કદી ના પાડતો નથી. એ તો જેના ભાગ્યમાં હશે તે નરને ઘેર આ વસ્તુઓ જશે."

આવું કહી રાજાએ એ વસ્તુનું પણ દાન કરી દીધું. એવી વસ્તુઓ આપવા છતાં રાજાના મનમાં લેશ પણ સંકોચ થયો નહિ. સત્ત્વશાળી પુરૂષો પાસે એવી તો કંઈકે વસ્તુઓ આવે ને ચાલી જાય છે; કારણકે જગતમાં ઉપકાર કરવા માટે જ દાતારનું જીવન હોય છે. એવા પુરૂષના અદૃશ્ય થવાથી ખરેખર પૃથ્વી રડાઇ જાય છે. માટે ઘણું જીવો આવા દાતારો!

પ્રકરણ ૫૬ મું.

સ્વામીભક્તિ

उद्यमेनास्ति दारिद्र्यं, पठने नास्ति मूर्खता।
मौनेन कलहो नास्ति, नास्ति जागरतो भयं॥

ભાવાર્થઃ—ઉદ્યમ કરવાથી દારિદ્ર નાશ પામે, પ્રતિદિવસ

અભ્યાસ કરવાથી મૂર્ખતા નાશ પામે, મૌન રહેવાથી કલેશ નાશ પામે, અને જે જાગૃત રહે તેનો ભય નાશ પામે.

રાજા વિક્રમને શતબુદ્ધિ, સહસ્રબુદ્ધિ, લક્ષબુદ્ધિ અને કોટીબુદ્ધિ એ ચાર વફાદાર સેવકો અંગરક્ષક હતા. રાજાના શયનગૃહ આગળ એ ચારે બળવાન અને બુદ્ધિવાન પુરૂષો પ્રહર પ્રહર રાત્રી સુધી ચોકી કરી નોકરી કરતા હતા. એક દિવસે રાત્રીને સમયે પ્રથમ પ્રહરે શતબુદ્ધિનો પહેરો હતો, ત્યારે રાજા વિક્રમે નગરી બહાર એક સ્ત્રીનો રૂદનધ્વનિ સાંભળ્યો. રાજાએ રૂદન સાંભળી શતબુદ્ધિને હુકમ કર્યો, "જુઓ, આ સ્ત્રીનો રૂદનધ્વનિ સંભળાય છે. તે શા માટે રૂદન કરે છે, તેનું કારણ જાણીને મને કહે."

"મહારાજ! હજી રાત્રીનો પ્રથમ પ્રહર ચાલે છે. હું એ સ્ત્રીની ખબર લેવા જાઉં ને આપ નિદ્રાવશ થાઓ તો આપણા વેરીઓ કંઈક ઉત્પાત મચાવે! માટે ત્યાં જવા સારૂ મારૂં મન કબુલ કરતું નથી."

"ધર્મપરાયણ અને પ્રજાને ન્યાયથી પાળનાર રાજા રાજ્ય કરે છે તે પ્રજા દેવતાની માફક સુખી હોવી જોઇએ; છતાં આ સ્ત્રી કેમ રૂદન કરે છે. તેનું કારણ જાણીને મને કહે." રાજાએ ફરીને સેવકને કહ્યું.

રાજાની આજ્ઞાથી શતબુદ્ધિ એ સ્ત્રીના રૂદનધ્વનિને અનુસારે નગરી બહાર ગયો, ને એ સ્ત્રી પાસે આવીને પૂછ્યું, "હે સ્ત્રી! તું કેમ રૂદન કરે છે? અને તું કોણ છે?"

"અરે પુરૂષ! હું અવંતીની રાજ્યલક્ષ્મી અધિષ્ઠાયિકા દેવી છું. એક પ્રહર રાત્રીને અંતે રાજા સૂતો છે તે જગાએ ઉંચે ભારવટ્ટ રહેલો છે, ત્યાંથી ભયંકર ભુજંગ ઉતરીને રાજાને દંશ કરશે. રાજાનાં સકળ વિઘ્નોનો નાશ કરનારી હું

હોવા છતાં આ વિઘ્નનો નાશ કરવાની મારામાં શક્તિ નથી, તેથી રૂદન કરું છું, માટે હે વીર! તું કાંઇક પ્રયત્ન કર!"

"હે દેવી તું શાંત થા! તે માટે હું ત્યાં જઇ કાંઈક બંદોબસ્ત કરીશ!" એમ કહી શતબુદ્ધિ દેવીને આશ્વાસન આપી રાજમહેલ તરફ ચાલ્યો ગયો રાજા પાસે આવી જુએ તો રાજા ભરનિદ્રામાં હતો, જેથી શતબુદ્ધિ હૃદયમાં વિચાર કરવા લાગ્યો કે, "હવે મારે શું કરવું? રાજાને જગાડું. હમણાં સર્પ ગમે તે જગાએથી આવશે એમાં સંશય નથી." વિચાર કરતાં શતબુદ્ધિએ ભયંકર કૃષ્ણભુજંગને ભારવટને આધારે રાજાના પલંગ ઉપર આવતો જોયો. સર્પ ભારવટથી ઉતરી રાજાને દંશ દે તે પહેલાં તો શતબુદ્ધિએ પોતાની જગ્યાએથી ઉઠી પોતાની તલવારથી સર્પના રામ રમાડી દીધા. એને એક વાસણમાં નાખી ત્યાં જ શતબુદ્ધિએ છુપાવી દીધો. એ બધું કરતાં એક વિષનું બિંદુ રાણીના હૃદય ઉપર પડેલું શતબુદ્ધિએ જોયું. "અરે! આ રાણી હમણાં મરી જશે." એમ વિચારી આસ્તેથી એક કપડાથી તે ગરલને દૂર કર્યું, પણ એ દરમિયાન રાજા જાગી ગયો ને શતબુદ્ધિની આ ચેષ્ટા જોઇ કોપાયમાન થયો; છતાં ક્રોધને મનમાં ગોપવી કંઈક વિચાર કરી એનો પહેરો પુરો થવાથી શતબુદ્ધિને રજા આપી.

રાત્રીનો બીજો પ્રહર શરૂ થયો ને સહસ્રબુદ્ધિનો પહેરો શરૂ થયો. રાજાએ સહસ્રબુદ્ધિને હુકમ કર્યો, "જા શતબુદ્ધિના મકાને જઇ તેને તું મારી નાખ!"

રાજાનો આદેશ મળતાં સહસ્રબુદ્ધિ વિચારમાં પડી ગયો કે "રાજા આવા નરરત્નને શા માટે મરાવી નાખતો હશે?" છતાંય રાજાનો આદેશ થતાં ધીરે પગલે સહસ્રબુદ્ધિ શતબુદ્ધિના મકાન તરફ ચાલ્યો. અત્યારે શતબુદ્ધિ



મહારાજા વિક્રમાદિત્ય શયનગૃહમાં ભરનિદ્રામાં સૂતા છે, તે વખતે દંશ દેવા આવનાર સર્પને શતબુદ્ધિ નામના વફાદાર સેવકે તલવારથી રામ રમાડી દીધા.

પૃષ્ટ ૪૬૮

દીનજનોને દાન આપી રહ્યો હતો, ને હર્ષિત થયેલો તે નૃત્ય કરાવતો હતો. શતબુદ્ધિની આ ચેષ્ટાથી સહસ્રબુદ્ધિ વિચારમાં પડયો; "શું આ અપરાધી છે? અપરાધીની તે આવી ચેષ્ટા હોય? અત્યારે તો શતબુદ્ધિ આનંદ અને મજામાં છે; જ્યારે ગુન્હેગારની કદી પણ આવી ચેષ્ટા હોતી નથી."

વિચારમાં પડેલા સહસ્રબુદ્ધિ ઉપર શતબુદ્ધિની અકસ્માત દૃષ્ટિ પડતાં બોલ્યો; "અરે મિત્ર! આમ આવ! આમ આવ! પહેરો છોડીને અકસ્માત અહીં કેમ આવ્યો? સ્વામીને એકાકી નિદ્રામાં છોડી આવ્યો તે તેં સારૂં કર્યું નથી."

સહસ્રબુદ્ધિ શતબુદ્ધિ પાસે આવીને આસન લેતો બોલ્યો; "અત્યારે રાત્રીને સમયે નિદ્રાને છોડી આ તેં શો ધંધો માંડ્યો છે? રાત્રીને સમયે તે દાન હોય? એવો કયો અવસર છે કે આજે તું નૃત્ય કરાવી રહ્યો છે?"

"આજે અત્યારે રાજા માથે મોટી આફત હતી, મિત્ર! લોકોના અને આપણા ભાગ્યયોગે એ આફત ટળી ગઈ છે. એના આનંદનિમિત્તે આ દાન અને નૃત્ય છે, સમજ્યો મિત્ર!" શતબુદ્ધિની વાત સાંભળી સહસ્રબુદ્ધિ મનમાં સંતોષ પામ્યો; વળી શતબુદ્ધિની મુખાકૃતિ એની ચેષ્ટા, નિખાલસતા, નિર્દોષતાની તેને ખાતરી આપતાં હતાં, આ જોઇ સહસ્રબુદ્ધિ બોલ્યો; "તમારે ત્યાં નૃત્યની વાત સાંભળી હું નૃત્ય જોવાને આવ્યો છું!" એમ કહી સહસ્રબુદ્ધિ હસ્યો.

શતબુદ્ધિએ સન્માનિત કરેલો સહસ્રબુદ્ધિ તરત જ પહેરા ઉપર ચાલ્યો ગયો, અને રાજાની પાસે આવ્યો. તેને જોઇને રાજાએ પૂછયું; "મારા હુકમનો અમલ કર્યો?"

રાજાનું વચન સાંભળીને સહસ્રબુદ્ધિ મૌન થઈ ગયો. સહસ્રબુદ્ધિના મૌન રહેવાથી રાજા વિચારમાં પડયો. "આ પણ એને મળી ગયો લાગે છે શું ?" રાજાને રોષાયમાન જાણી સહસ્રબુદ્ધિ બોલ્યો; "હે કૃપાનાથ ! વિચાર કર્યા વગર કામ કરવાથી પાછળથી બ્રાહ્મણીની માફક પ્રશ્ચાત્તાપ કરવાનો સમય આવે છે; માટે બરાબર તપાસ કર્યા વગર કાંઇ કરવું નહિ. તેમાંય પ્રાણદંડ જેવી શિક્ષા તો યોગ્ય ન્યાય કરીને જ આપવી."

"એ બ્રાહ્મણીને શી રીતે પ્રશ્ચાત્તાપ થયો તે કહે !"

રાજાના પૂછવાથી સહસ્રબુદ્ધિ એ વાત કહેવા લાગ્યો. "અવંતીનાથ ! સાંભળો ! કૃષ્ણવિપ્રના મકાનની નજીક એક નકુળીએ બચ્ચાને જન્મ આપ્યો. એ નકુળીના બચ્ચાને કૃષ્ણવિપ્રની પત્ની રૂપવતી બચ્ચાની મા માફક પાળવા લાગી. અનુક્રમે રૂપવતીથી લાલન-પાલન કરાતું એ નોળિયું વૃદ્ધિ પામતું ગયું, ત્યારે રૂપવતીને ચંદ્ર નામે એક પુત્ર થયો. એક દિવસ એ બાળકને પારણામાં સુવાડી નોળિયાને બચ્ચાની રક્ષા માટે સોંપી રૂપવતી બ્રાહ્મણી પાણી ભરવાને ગઈ. તે સમયે એક ભુજંગી બાળકને કરડવાને ધસી આવતો નોળિયાએ જોયો. સર્પ પારણા ઉપર ચડીને બાળકને દંશ દેવા જાય તે પહેલાં તો પેલો નોળિયો સર્પ ઉપર કુદ્યો અને એની સાથે યુદ્ધ કરી તે સર્પને મારી નાખ્યો; પારણા પાસે સર્પના ખંડ ખંડ કકડા કરી નાખ્યા. રૂધિરવ્યાપી મુખવાળો નોળિયો રાજી થતો પોતાનો હર્ષ જાહેર કરવા પાણી ભરીને આવતી રૂપવતીની સામે ગયો. રૂધિરવાળું મુખ જોઈને રૂપવતી મનમાં ભય પામી; 'મારા બાળકને મારી ખાધો કે શું આ મુઆએ !' ક્રોધે ભરાયેલી બ્રાહ્મણી રૂપવતીએ

પાણીનું બેડું એ નોળિયા ઉપર નાંખ્યું. બેડાની નીચે ચગદાઈ નોળિયો મરણ પામ્યો; ને રૂપવતી ઘરમાં આવીને જુએ તો પારણામાં ચંદ્ર રમતો હતો, ને જમીન ઉપર સર્પના ટુકડા પડેલા હતા. મરેલા સર્પને જોઈ રૂપવતીને જીવનભર પશ્ચાત્તાપ થયો. 'અરે કયા પાપે એ ઉપકારી નોળિયાને મને કુબુદ્ધિ સુજવાથી મારી નાખ્યો.'

"મારે હે સ્વામી વિચાર કર્યા વગર કામ કરવાથી જીવનભર પશ્ચાત્તાપ કરવો પડે એના કરતાં વિચાર કર્યા પછી જે કરવા યોગ્ય હોય તે કરવું!"

સહસ્ત્રબુદ્ધિની વાત સાંભળી રાજા મૌન થઇ ગયો. તેનો પહેરો પુરો થયો એટલે તેની જગાએ લક્ષબુદ્ધિ આવ્યો.

રાજાએ લક્ષબુદ્ધિને હુકમ કર્યો કે "જા, શતબુદ્ધિને હણીને પાછો આવ!"

"મહારાજ! અત્યારે આપને એકાકી મુકીને હું શી રીતે જાઉં?"

"હું જાગ્રત-સાવધ છું. જા, તું મારો હુકમ બજાવ!"

રાજાનો નિશ્ચય જાણી લક્ષબુદ્ધિ બોલ્યો; "હે રાજન્! જરા સબૂર! થોડીવાર થોભો! મારી વાત સાંભળો, ને પછી આપ વિચારીને હુકમ કરજો કે જેથી પાછળથી પસ્તાવાનો વખત આવે નહિ."

"કહે તારી વળી શી કથા છે?" રાજાએ પૂછયું.

રાજાના કહેવાથી લક્ષબુદ્ધિએ વાતની શરૂઆત કરી:—

લક્ષ્મીપુર નગરમાં ભીમ નામે શ્રેષ્ઠીને સુંદર નામે એક પુત્ર હતો. યૌવનવયમાં આવતાં સુંદર પિતાની રજા લઈને કરિયાણાનાં વહાણ ભરીને સમુદ્રમાર્ગે વ્યાપાર કરવાને ચાલ્યો. અનુકુળ પવનથી તેનાં વહાણ રત્નદ્વીપને

વિષે રમાપુરી નગરીએ આવ્યાં. ત્યાં મુકામ કરી સુંદરે વ્યાપાર વડે અધિક લક્ષ્મી ઉપાર્જન કરી. તે સમયે પહેલાં આવેલો ધનશ્રેષ્ઠી લક્ષ્મી ઉપાર્જન કરી પોતાના વહાણો સાથે મુસાફરી કરતો લક્ષ્મીપુર નગર તરફ જવાને તૈયાર થયો ત્યારે સુંદરે કોટી મૂલ્યનો મણિ પોતાના પિતા ભીમશ્રેષ્ઠીને આપવાનું કહી તેને મણિ આપ્યો. ધન પોતાના નગર લક્ષ્મીપુરમાં આવ્યો. તેણે ભીમશ્રેષ્ઠીને મળી તેના પુત્ર સુંદરના ખુશી સમાચાર કહ્યા. પણ સુંદરે આપેલું રત્ન એના પિતાને આપ્યું નહિ; કારણકે લોભ છે તે પાપનું મૂળ છે. એવા પાપરૂપ લોભમાં એ સપડાઈ ગયો.

लोभमूलानि पापानि, रसमूलाश्च व्याधयः ।
स्नेहमूलानि दुःखानि, त्रीणि त्यक्त्वा सुखी भवेत् ॥

ભાવાર્થ—પાપનું મૂળ જગતમાં લોભ છે, રોગનું કારણ જીહ્વારસની લોલુપતા છે. દુઃખનું મૂળ સ્નેહ છે; માટે એ ત્રણનો ત્યાગ કરીને, હે જીવ ! તું સુખી થા !

ધનના ગયા પછી સુંદર પણ પુષ્કળ લક્ષ્મી ઉપાર્જન કરીને અનુક્રમે પોતાના નગરે આવી પિતાના ચરણમાં નમ્યો. વહાણોમાંથી પોતાનો માલ પોતાને ઘેર પહોંચતો કરી એક દિવસે સુંદરે પિતાને રત્ન સંબંધી વાત કરી, કે "ધનાએ તમને રત્ન આપ્યું છે કે કેમ ?"

સુંદરની વાત સાંભળી ભીમશ્રેષ્ઠી બોલ્યો, "રત્ન શું ને વાત શું ? તે આવ્યો હતો ખરો, પણ ફક્ત તારા સુખ સમાચાર કહીને અહિંથી ચાલ્યો ગયો છે."

સુંદરે ધનને ઘેર જઇ પોતાના રત્નની માગણી કરી, "અરે, તને મારા પિતાને આપવા માટે રત્ન આપેલું તે ભૂલી ગયો કે ? લાવ એ મારું રત્ન ?"

"અરે એ રત્ન તો તારા પિતાને મેં તરત જ આપી દીધું છે." ધનાએ ઉંહાં ભણાવવા માંડયાં.

"ધના ! અસત્ય બોલી મોટું પાપકર્મ કરીશ નહિ. તેં જો રત્ન આપ્યું હોય તો કોઈ તારો સાક્ષી છે ?" સુંદરે કહ્યું.

"હા ! રત્ન આપ્યું તે સમયે શ્રીધર નામે બ્રાહ્મણ હાજર હતો, તે સાક્ષી પૂરશે, પછી કાંઇ ?" ધનાએ જુઠો બચાવ કર્યો.

સુંદર નિરાશ થઈ ફરિયાદ કરવા રાજદરબારે ગયો. તે સમયે ધનાએ શ્રીધરને બોલાવી દશ સોનામહોર આપી સર્વે વાત સમજાવી દીધી, ને પછીથી કાર્ય સિદ્ધ થયે બીજી દશ સોનામહોર આપવાનું કહ્યું. શ્રીધર ધનાની વાત અંગીકાર કરી દશ મહોરો લઇને ચાલ્યો ગયો. ધનાના પિતાએ આ પાપથી પાછો હઠવાને ધનાને સમજાવ્યો, પણ ધનાએ પિતાની વાત અંગીકાર કરી નહિ.

રાજાએ શ્રીધર અને ધનાને પકડવા સેવકો મોકલ્યા. રાજસેવકોએ ધનાને અને શ્રીધરને રાજસભામાં રાજાની આગળ હાજર કર્યા. રાજાએ બુદ્ધિસાગર અને મતિસાગર નામના બુદ્ધિનિધાન મંત્રીઓ સામે જોયું; કારણકે આવા કુટ ઇન્સાફો બુદ્ધિ વિના થઇ શકતા નથી. લક્ષ્મી વગરનો માણસ જેમ જગતમાં પ્રતિષ્ઠાને પામતો નથી, તેવી રીતે બુદ્ધિ વગરનો માણસ પણ રાજસભામાં શોભા પામતો નથી. તેમાંય વિદ્યા કરતાં પણ બુદ્ધિ શ્રેષ્ઠ છે. બુદ્ધિશાળી પુરૂષો કાર્ય સિદ્ધ કરે છે. ત્યારે વિદ્યાવાન માણસો બુદ્ધિ વગરના હોય તો નાશ પામી જાય છે. એક દિવસે બુદ્ધિવાન અને વિદ્યાવાન પુરૂષો વનમાં જતા હતા, ત્યારે માર્ગમાં તેમણે મરેલો સિંહ જોયો. પેલા શાસ્ત્રના

જાણનારે કહ્યું, 'અરે, આ બિચારો મૃત્યુ પામ્યો છે તો મારી શાસ્ત્રવિદ્યા અજમાવી એને સજીવન કરું.' પેલા પંડિતનો વિચાર બુદ્ધિવાનને ભયંકર જણાયો.

પેલા બુદ્ધિવાને તરત જ મના કરી, 'જો એને સજ્જ કરીશ તો આપણને જ મારી નાખશે. માટે તારો એ વિચાર રહેવા દે!' છતાં પેલા વિદ્વાને તેની વાત ન માનતાં સંજીવની વિદ્યાથી એને સજ્જ કરવા માંડ્યો. બુદ્ધિવાન્ એની આ ચેષ્ટા જોઈ ત્યાંથી મુઠી વાળીને નાઠો તેથી બચી ગયો, અને પેલા વિદ્વાને સજ્જ કરેલો સિંહ, સપેટાથી એ વિદ્વાનને મારીને જંગલમાં અદૃશ્ય થઈ ગયો. માટે બુદ્ધિવાન પુરૂષોથી જ આ જગતમાં આંટીઘુંટીનાં કાર્ય સિદ્ધ થાય છે.

મંત્રી મતિસાગરે શ્રીધરની જુબાની લેવા માંડી, "અરે શ્રીધર! બોલ, એ રત્ન કેવડું મોટું હતું?" મંત્રીનો પ્રશ્ન સાંભળી શ્રીધર વિચારમાં પડ્યો. એના બાપજન્મારામાં ક્યે દિવસે એણે રત્ન જોયેલું, જે એને ખબર હોય! કોટી રૂપિયાની કિંમતનું એ રત્ન હોવાથી જરૂર ઘડા જેવડું તો હશે, એમ વિચારી બોલ્યો; "પ્રધાનજી! ઘડા જેવડું મોટું અને કોટીની કિંમતનું હતું."

"બહુ ડાહ્યો છે હોં, સાક્ષી પૂરવા આવ્યો છે તે! એ માણેક ક્યાં બંધાતું હશે?" પ્રધાને ફરીને પૂછ્યું.

"ગળામાં અથવા કાને જ એ શોભે!"

બ્રાહ્મણના બોલવાથી મંત્રીએ રાજાને કહ્યું, મહારાજ! શ્રીધર બોટું બોલે છે, તે બોટી સાક્ષી પૂરવા આવ્યો છે."

રાજાએ શ્રીધરને સિપાઈઓ પાસે પકડાવી ચાબુકના પ્રહારથી એના શરીરના સાંધે સાંધા ઢીલા કરી દીધા. જીંદગી પર્યંત યાદ કરે એવી રીતે એને શિક્ષા કરી રાજાએ

તેને છોડી દીધો ધનાનાં ઘરબાર રાજાએ લુંટી લીધાં, ને પેલું માણેક સુંદરને અપાવ્યું. રાજાએ ધનાને એવો દરિદ્રી બનાવી દીધો કે જીંદગી પર્યંત એ ધનવાન થવાને સમર્થ થયો નહિ. વગર વિચાર્યું કરવાથી ધનાને જીવનપર્યંત પશ્ચાતાપ થયો. માટે હે મહારાજ ! ઉતાવળે આંબા ન પાકે ! જરા ધીરજ ધારણ કરો ! વિચાર કરીને જે યોગ્ય હોય તે કરવાની આજ્ઞા કરો; જેથી પાછળ પશ્ચાતાપ થાય નહિ, ”

લક્ષબુદ્ધિની વાત સાંભળી રાજા વિચારમાં પડયો; લક્ષબુદ્ધિનો પણ સહસ્ત્રબુદ્ધિ સરખો શતબુદ્ધિનો સાથીત છે શું ?” ત્રીજો પ્રહર થવાથી રાજાએ લક્ષબુદ્ધિને રજા આપી, ને કોટીબુદ્ધિ પહેરા પર હાજર થયો. રાજાએ કોટીબુદ્ધિને શતબુદ્ધિને હણવાની આજ્ઞા કરી. રાજાનો હુકમ સાંભળી કોટીબુદ્ધિ વિચારમાં પડયો; “ રાજાની બુદ્ધિ આજે કટાઇ ગઈ છે શું ? શતબુદ્ધિ ગુનો કરે તેવો નથી. રાજાનો વફાદાર સેવક છે, છતાં આજે એમ કેમ બન્યું, તેની પુરતી તપાસ કર્યા વગર અકાર્ય કાંઇ કરવું નહિ. ” રાજાનાં વચન સાંભળી કોટીબુદ્ધિ બોલ્યો; “ સ્વામી, જરા સબૂર કરો ! આપનો હુકમ હું અમલમાં લાવું તે પહેલાં એક કથા સાંભળો !”

“ બોલ શી છે તારી કથા ?”

રાજાના પૂછવાથી કોટિબુદ્ધિ બોલ્યો—“ મહારાજ ! લક્ષ્મીપુર નગરમાં કેશવ નામે એક દરિદ્રી બ્રાહ્મણ રહેતો હતો. તે ધન કમાવા માટે અનેક પ્રકારે ઉદ્યમ કરવા લાગ્યો, છતાં એનું દારિદ્ર જરા પણ દૂર ન થવાથી પ્રિયાનો પ્રેરેલો કેશવ સમુદ્રમાર્ગે વહાણમાં બેસીને શ્રીનગરમાં ગયો. શ્રીનગરમાં લોકોનાં લુંડાપણાં કરવા

છતાં પણ પૂર્વના દુર્ભાગ્યથી કેશવ કાંઇ પણ ધન એકઠું કરી શકયો નહિ. પરદેશમાં ત્રણ ત્રણ વર્ષનાં વહાણાં વહી જવા છતાં કેશવ કાંઈ પણ કમાયો નહિ, જેથી આખરે કંટાળીને કેશવ ચંડિકાના મંદિરમાં એક મોટો પાષાણ લઇને આવ્યો, અને દેવીની મૂર્તિ આગળ ઉભો રહી બોલવા લાગ્યો; "અરે દેવી! મને ધન આપ ને મારૂં દારિદ્ર દૂર કર, નહિ તો આ પથ્થરથી તારી આ સુંદર મૂર્તિના ચુરેચુરા કરી નાખીશ." કેશવની ધાકથી ભય પામેલી દેવી બોલી; "અરે બ્રાહ્મણ! તારા ભાગ્યમાં કાંઇ પણ નથી; જેથી હું તને જે કાંઇ આપીશ તે તારી પાસે રહેવાનું પણ નથી."

દેવીનાં વચન સાંભળી કેશવ બોલ્યો, "તારૂં ભાષણ બંધ કર, મારે નથી સાંભળવું, તારે મને કાંઈ આપવું છે કે નહિ, નહિતર તારી મૂર્તિ આ પથ્થરથી ભાંગી નાખું છું." એમ કહી કેશવ પથ્થર ઉપાડીને મૂર્તિ ઉપર ઘા કરવાને વળ્યો.

આ મૂર્ખાને અટકાવી દેવીએ કોટિમૂલ્યનો મણિ આપ્યો. બ્રાહ્મણ પણ ખુશી થઇને એ મણિ લઇ સમુદ્રમાર્ગે પોતાના નગર તરફ ચાલ્યો. એક દિવસ રાત્રીને સમયે ચંદ્રને પૂર્ણ પ્રકાશમાન જોઈ કેશવ વિચારવા લાગ્યો કે, "મારા રત્ન કરતાં ચંદ્રનો પ્રકાશ વધારે છે શું?" રત્નને બહાર કાઢી ચંદ્રની સાથે તે બન્નેની સરખામણી કરવા લાગ્યો. ઘડીકમાં ચંદ્ર સામે જુએ તો ઘડીકમાં મણિ સામે! હાથમાં ફેરવી ફેરવીને મણિરત્નના પ્રકાશને જોતાં કેશવના હાથમાંથી અકસ્માત્ અભાગ્ય યોગે મણિ સમુદ્રમાં પડી ગયું. કેશવ છાતી માથાં કુટવા લાગ્યો, પણ એ સમુદ્રના અથાગ જળમાંથી એ મણિરત્ન હવે શી રીતે

મળે ? એના પશ્ચાત્તાપનો કાંઈ પાર ન રહ્યો ! છતાં પશ્ચાત્તાપ કરવાથી પણ મણિ પાછો આવે તેમ નહોતું, એવી રીતે મહારાજ ! વિચાર કર્યા વગર કાર્ય કરવાથી પાછળથી પશ્ચાત્તાપ કરવાનો સમય આવે છે. એ પશ્ચાત્તાપ કરવા છતાં પણ બગડેલી બાજી સુધારી શકાતી નથી. માટે હે સ્વામી ! પ્રાતઃકાળે એનો ગુનો જાણી, હું એને આપના કહેવાથી યોગ્ય શિક્ષા કરીશ.

આમ કોટિબુદ્ધિએ રાજા વિક્રમને પ્રાતઃકાળ સુધી ધીરજ ધરવા કહ્યું.

કોટિબુદ્ધિની વાત સાંભળી રાજા વિચારમાં પડ્યો, "આ કોટિબુદ્ધિ પણ લક્ષબુદ્ધિના જેવો જ છે, આ ચારે એક જ વિચારના એક જ ગયણે પાણી પીનારા છે, ઠીક છે." પ્રાતઃકાળ થવાથી કોટિબુદ્ધિ પણ ચાલ્યો ગયો.

રાજા પ્રાતઃકાર્યથી પરવારી રાજસભામાં આવ્યો. રાજાએ તલારક્ષકને હુકમ કર્યો, "અરે તલારક્ષક ! શતબુદ્ધિને તાકીદે શૂળીએ ચઢાવ ને પછી સહસ્ર, લક્ષ અને કોટિબુદ્ધિને રાજ્યની હદ બહાર મૂકી આવ !"

રાજાના હુકમથી તલારક્ષક શતબુદ્ધિને પકડી શૂળી દેવાને ચાલ્યો, ત્યારે શતબુદ્ધિ બોલ્યો, "હે તલારક્ષક ! પેલા ત્રણને હદ બહાર કરવા મને શૂળીએ ચડાવી રાજાએ આ શું અન્યાય કરવા માંડ્યો છે ? અરે, મને શૂળીએ ચડાવતા પહેલાં એક વખત રાજા પાસે તું લઈ જા !"

શતબુદ્ધિના કહેવાથી કોટવાલે શતબુદ્ધિને રાજા પાસે હાજર કર્યો એટલે શતબુદ્ધિએ કહ્યું, "મહારાજ ! મને શૂળીએ ચડાવો તે પહેલાં મારી એક વાત સાંભળો ! આપ મારી ઉપર ખોટી રીતે વહેમાયા છો. રાત્રીએ શું હકીકત બની છે તે આપ જાણો છો ?" કહી શતબુદ્ધિએ રાત્રી સંબંધી

બધી હકીકત કહી સંભળાવી. પેલા સર્પના ટુકડા કરીને છુપાવી દીધેલા તે પણ શતબુદ્ધિએ લાવીને રાજા આગળ હાજર કર્યા. શતબુદ્ધિની સ્વામીભક્તિ જોઈને રાજા અત્યંત ખુશી થયો. ઘણા દેશો રાજાએ શતબુદ્ધિને ઇનામમાં આપ્યા. પેલા ત્રણ—સહસ્ર, લક્ષ અને કોટિબુદ્ધિને પણ ગરાસ આપીને રાજાએ એમનું માન વધાર્યું.

શૈલે શૈલે ન માણિક્યં, મૌક્તિકં ન ગજે ગજે ।
સાધવો નાહિ સર્વત્ર, ચંદનં ન તુ વને વને ॥

ભાવાર્થ:—રોહણગિરિ રત્નને આપે એવી રીતે કાંઇ દરેક પર્વતો મણિરત્નને આપતા નથી, દરેક હાથીના કુંભસ્થળમાં મોતી પાકતાં નથી, તેમજ દરેક વનમાં ચંદન-વૃક્ષ થતાં નથી; તેવી રીતે સાધુપુરૂષો પણ ક્વચિત્ જ હોય છે.

પ્રકરણ ૫૭ મું

ઉદારતા

અશ્વસ્ખલિતં માધવગર્જિતં ચ, સ્ત્રીણાં પુરુષસ્ય ભાગ્યં ।
અવર્ષણં ચાપિ સવર્ષણં ચ, દેવા ન જાનંતિ કુતો મનુષ્યાઃ ॥

રાજા વિક્રમાદિત્યની સભામાં આવીને એક દિવસે કોઈક પંડિત ઉપર પ્રમાણેનો શ્લોક બોલ્યો:—" હે રાજન્! અશ્વની ગતિ, મેઘની ગર્જના, સ્ત્રીઓનું ચરિત્ર, પુરૂષનું ભાગ્ય અને વૃષ્ટિ થશે કે નહિ એ બાબતો દેવતા પણ જાણતા નથી, તો મનુષ્ય તે શી રીતે જાણી શકે?"

કવિનો આ શ્લોક સાંભળી રાજા બોલ્યો, " અરે કવિ! તારી વાત ખોટી છે. સ્ત્રીઓનાં ચરિત્ર તો પંડિતપુરૂષો

પણ જાણી શકે છે, માટે આવી અસત્ય વાત કહેવાના ગુનાની શિક્ષા સહન કર!"

રાજાએ તરતજ પંડિતને કારાગ્રહમાં પૂર્યો, અને સ્ત્રીઓનાં ચરિત્રને જાણનારો રાજા વિક્રમ નવીન સ્ત્રી ચરિત્ર જાણવાને માટે ઉત્તર દિશા તરફ એક દિવસે ગયો, પૃથ્વીપીઠ ઉપર ફરતાં એક દિવસે રાજાએ કોઈ પર્વતની ગુફામાં નાસાગ્ર દૃષ્ટિ રાખીને કાયોત્સર્ગે રહેલા કોઈ ધ્યાની મુનિને જોયા. રાજા તેમની પાસે આવીને તેમને નમ્યો. ધ્યાનમાં રહેલા મુનિએ જ્ઞાનથી રાજા વિક્રમને જાણીને ધ્યાન વાળી રાજાને તેના નામથી બોલાવી ધર્મલાભ આપ્યો. મુનિએ રાજાને ધર્મોપદેશ આપી રાજાના મનના વહેમને દૂર કર્યો. મુનિને નમી સ્તુતિ કરી રાજા આગળ ચાલ્યો. રાજા અનુક્રમે લક્ષ્મીપુર નગરમાં આવ્યો. નગરીની લીલાને જોતો રાજા ફરતો ફરતો જુગારીઓના અખાડા આગળ આવ્યો. જુગારીઓની ક્રીડાને જોતો એક પ્રહર સુધી ત્યાં થોભ્યો. જુગારીઓ પણ આ પરદેશી સાથે ટાઢા પહોરની હાંકવા લાગ્યા. પરદેશી એમની સાથે તડાકા મારી આગળ ચાલવા લાગ્યો. પરદેશીને આગળ જતો જાણી એક જુગારીએ એને બોલાવ્યો; " અરે ભાઈ! આવો! આજે તો અમારા જ મહેમાન થઇ પછી જાઓ!"

એ પરદેશીને પોતાની પાસે બેસાડયો ને એક સેવકને બે જણની રસોઈ કરવાની વરધી આપવાને પોતાને ઘેર મોકલ્યો. પેલો માણસ ઘેર ખબર પહોંચાડી પાછો આવ્યો.

જમવાની વેળા થવા છતાં જુગારી રમતમાં મશગુલ બની જમવાની વાત ભૂલી ગયો. ઘેરથી તેડું આવ્યું કે રસોઇ ઠરી જાય છે. પણ રમતમાં એકરસવાળા જુગારીને રમત છોડી ઘેર જવાની ફુરસદ ન હોવાથી પરદેશીને

સેવક સાથે પોતાને ઘેર મોકલ્યો. એ પરદેશી રાજા વિક્રમ જુગારીને ઘેર આવ્યો. જુગારીની સ્ત્રીએ એને સારી રસવતીથી જમાડી તૃપ્ત કર્યો. પણ એ પરદેશીના સૌંદર્ય ઉપર દીવાની બનેલી જુગારણ પરદેશીને જમાડી તેની પાસે ભોગની યાચના કરવા લાગી. જુગારણની અનેક પ્રકારે પ્રાર્થના, એના હાવભાવ છતાં પરદેશી એના મોહમાં ફસાયો નહિ. "અરે ભલા માણસ! મારા જેવી આશા ભરેલીને નિરાશ કરીશ તો તને મોટું પાપ લાગશે. મારી ઉપર એટલો જરા ઉપકાર તો કર, તને પુણ્ય થશે."

"એવો ઉપકાર કે પુણ્ય કરવાની મને ટેવ નથી. હવે મને જવા દે, બાઇ!"

"તારાથી અત્યારે જવાશે નહિ. મારી સાથે રમીને પછી જા." જુગારણ આડી ફરી પરદેશીનો માર્ગ રોકીને ઉભી રહી. મોહરૂપી પિશાચથી પકડાયેલી સ્ત્રી ક્યી દુષ્ટતા નથી આચરતી? એને સમયનું પણ ભાન નથી રહેતું કે અત્યારે સમય કયો છે?

"અરે સ્ત્રી! એવા પાપના કામમાં પડી તારા આત્માને ભવસાગરમાં ડુબાવ નહિ, તેમ જ મારાથી પણ તારી સાથે રમી શકાશે નહિ, સમજી?" રાજા કંટાળ્યો.

"તો હું બુમ પાડી તારી ફજેતી કરું છું! તું માને છે કે નહિ?"

"તને રૂચે તેમ કર?" રાજાએ દૈવ ઉપર ભરોંસો રાખી કહ્યું.

પરદેશીનો નિશ્ચય જાણી જુગારણ બુમેબુમ પાડવા લાગી "અરે દોડો! દોડો! ગજબ થયો! હું મરી ગઈ! બચાવો! બચાવો!"

પોતાની પ્રિયાની બુમ સાંભળી જુગારી હાથમાં

તલવારને પકડતો પોતાના ઘર તરફ ધસી આવતો હતો, તેને જોઈને જુગારણની વૃત્તિ બદલાઇ ગઈ; "અરે, આવા ઉત્તમ નરને મરાવી નાખી મારે નરકમાં જવું છે કે શું?"

તરત જ ચુલામાં ભડકો થતો હતો તેમાં રાચરચીલું લુગડાં વિગેરે નાખી ઘરમાં અગ્નિ ફેલાવી મોટો ભડકો કરી બૂમરાણ કર્યું, "બચાવો! બચાવો! આ ઘર બળવા લાગ્યું! બચાવો! બચાવો!" જુગારી ઘેર આવ્યો ત્યારે ઘરને બળતું દેખીને તેણે તલવાર મ્યાન કરી દીધી.

જુગારણે જુગારીને ઉધડો લીધો, "તમને તો ઘરનુંય ભાન નથી. ઘર સળગી જાય કે બૈરી મરી જાય તોય તમારો રમત પૂરી ન થાય. એ તો સારૂં થયું કે આ ભાગ્યવાન પુરૂષ હતો તો આટલું રક્ષણ થયું, નહિતર બધુંય મકાન સળગી જાત તોય તમારી રમત પૂરી ન થાત!" પ્રિયાનાં તીખાં તમતમતાં વચન સાંભળી જુગારી તો ઠંડોગાર થઇ ગયો, અને પેલો પરદેશી પણ મનમાં ઢંગ પામી ગયો. "વાહ! સ્ત્રીચરિત્ર બધાં જોયાં પણ આની હેઠ! સ્ત્રીએ પલકમાં બાજી પલટાવી દીધી!"

લક્ષ્મીપુરથી રવાને થયેલો પરદેશી—રાજા વિક્રમ અવંતીમાં આવી ગયો. રાજસભામાં આવ્યા પછી કારાગ્રહમાં નાંખેલા પંડિતને સેવકો પાસે રાજસભામાં તેડાવ્યો, અને ભંડારી પાસેથી એક કોટિ સોનામહોરો તેને અપાવી બહુમાન આપી રવાને કર્યો.

એક દિવસે રાજા મંદિરપુર નામે નગર તરફ ચાલી નીકળ્યો. મંદિરપુરમાં આવ્યો ત્યારે ત્યાં તેણે એક ચમત્કાર જોયો. મંદિરપુરમાં શ્રીદત્ત શ્રેષ્ઠીનો એક પુત્ર મરણ પામ્યો હતો. તેનાં સગાંવહાલાં સ્મશાને ઉપાડી લાવ્યાં. સ્મશાનમા અગ્નિદાહની ક્રિયા કરવાની તૈયારી કરે છે તે દરમિયાન

એ શ્રેષ્ઠીનંદનનું શબ ઉભું થઈને શ્રેષ્ઠીના મકાનમાં આવીને પડયું. શ્રેષ્ઠી એને બીજે દિવસે પાછો સ્મશાનમાં લાવ્યો, તો બીજે દિવસે પણ તે મૃતક ચાલીને શ્રેષ્ઠીને ઘેર આવ્યું. શ્રેષ્ઠી રોજ મૃતકને સ્મશાને લઈ જાય અને મૃતક સ્વયંમેવ ચાલીને ઘેર આવીને પડે. આમ આઠ દિવસ થયા છતાં મૃતકનો અગ્નિદાહ થયો નહિ. શ્રીદત્તશ્રેષ્ઠી ગભરાયો, અને ભય પામીને તેણે રાજા પાસે ફરિયાદ કરી રાજાને બધી વાત કહી સંભળાવી. મંત્રીઓ તેમજ સેવકો પાસેથી પણ એ વાત સાંભળી રાજા વિચારમાં પડયો. મંત્રીઓ સાથે વિચારણા કરી રાજાએ નગરમાં પટહ વગડાવી ઉદ્‌ઘોષણા કરી કે, "જે કોઇ માણસ આ મૃતકનો અગ્નિદાહ કરી આપશે તેને રાજા બહુ માન સહિત કોટિ દ્રવ્ય આપશે."

એ ઉદ્‌ઘોષણા રાજા વિક્રમે સાંભળી પટહનો સ્પર્શ કર્યો. આ પરદેશી રાજાની રજા લઈ મૃતકને ઉંચકી રાત્રીના પહેલા પ્રહરે સ્મશાનમાં આવ્યો. રાજા વિક્રમ–પરદેશી મૃતકને એક બાજુ મુકી ચિતાની તૈયારી કરી છે, તેવામાં એક સ્ત્રીનો રૂદનધ્વનિ સાંભળી તેના રડવાનું કારણ જાણવા તે તેની પાસે ગયો; "અરે સ્ત્રી! તારે ઘરબાર નથી કે અહીં સ્મશાનમાં આવીને રડે છે?" રાજાનો પ્રશ્ન સાંભળી તે સ્ત્રી બોલી; મારા પતિને વિના અપરાધે રાજાના સેવકોએ શૂળીએ ચડાવ્યો છે. હજી તે જીવતો હોવાથી તેને માટે ભોજન લાવી છું, પણ તે ઉંચે શૂળી ઉપર હોવાથી હું ત્યાં પહોંચી શકતી નથી તેથી હું રડું છું" એમ કહી સ્ત્રીએ રાજાને કહ્યો.

સ્ત્રીના રૂદનનું કારણ સાંભળી રાજા બોલ્યો, "ગભરાઈશ નહિ. મારા ખભા ઉપર ઉભી રહીને તું એને ભોજન આપ કે જેથી એની સદ્‌ગતિ થાય." રાજા ભોળવાયો.

રાજાની સાથે એ સ્ત્રી શૂળી પાસે આવી, રાજાના ખભા ઉપર ઉભી રહી, શૂળી ઉપર રહેલા પુરૂષનું માંસ તોડીને ખાવા લાગી. એના રૂધિરનાં ટીપાં રાજાના ખભા ઉપર પડવાથી રાજા વિચારમાં પડયો. "અત્યારે કટાણે મેઘનાં બિંદુ કયાંથી પડે છે." રાજાએ ઉંચે નજર કરતાં શું જોયું ? શૂળીએ રહેલા પુરૂષના માંસનું ભક્ષણ કરનારી એ પિશાચિણીને રાજાએ હાકોટી, તરત જ ખભા ઉપરથી નીચે નાખી દીધી, એટલે પિશાચિણી અદૃશ્ય થઈ ગઇ. પછી રાજા મૃતક પાસે સ્મશાનમાં આવ્યો ને રાત્રીનો બીજો પ્રહર શરૂ થયો. રાજા મૃતકના અગ્નિદાહની તૈયારી કરે છે તેવામાં કેટલાક રાક્ષસો આવીને રાજા અને મૃતકને ત્યાંથી દૂર લઈ ગયા; જ્યાં અગ્નિનો કુંડ સળગાવી તેની ઉપર કડાઇમાં તેલ ધગધગાવી અનેક પુરૂષોને હોમવા માટે ભેગા કરેલા હતા. ત્યાં એ ધગધગતી તેલની કડાઈમાં રાજાને હોમવા માટે રાક્ષસો રાજાને ઉપાડવા આવ્યા. રાજા અચાનક તેમની ઉપર કુદ્યો, અને તેમને હરાવી દીધા.

રાક્ષસો હારી જવાથી રાજાને નમીને બોલ્યા, "અમે તમારા સેવકો છીએ." રાજાએ રાક્ષસોને દયામય ધર્મનો ઉપદેશ કરી જીવહિંસા કરતા અટકાવ્યા. પછી રાજાએ મૃતકની સાથે રાત્રીના ત્રીજા પ્રહરે સ્મશાનમાં આવી ફરી અગ્નિદાહની તૈયારી કરી, એટલામાં કોઈ સ્ત્રીનો રડતો સ્વર સાંભળી રાજા તેની પાસે આવ્યો ને રડવાનું કારણ પૂછયું. રાજાના પૂછવાથી તે સ્ત્રી બોલી, "આ નગરના ભીમ રાજાની પત્ની છું ને મારૂં નામ મનોરમા છે. કોઈ દુષ્ટ રાક્ષસ મને હરી લાવી મારૂં શીલ ભ્રષ્ટ કરવાને તૈયાર થયો છે. તે તમને આવતા દેખીને આ દિશા તરફ નાસી ગયો.

હવે જગતમાં આજે કોઈ પુરૂષ એવો નથી કે જે મને એ દુષ્ટના પંજામાંથી બચાવે !"

રાજાએ પૂછયું, "કયી તરફ ગયો ?" તે સ્ત્રી અંગુલી-નિર્દેશ કરીને બતાવ્યું, "આ તરફ !" રાજા પણ એ દિશા તરફ ગયો. ત્યાં રાક્ષસ સાથે યુદ્ધ કરી તેને મારી નાંખ્યો. અને એ સ્ત્રીનું રક્ષણ કરી રાજા ચતુર્થ પ્રહર થયો ત્યારે એ શબ પાસે આવ્યો. રાજાએ શબને કહ્યું, 'ઉઠ ! ઉઠ ! મારી સાથે જુગાર રમ !"

રાજાનો પ્રશ્ન સાંભળી વૈતાળની સહાયથી શબ બોલ્યું, "રાજન્ ! જો તમે મારી સાથે રમતાં હારી જશો તો તમારૂં મસ્તક લઈશ."

"ને તું હારે તો તારે ચિતામાં બળી ભસ્મ થઈ જવું," રાજાએ કહ્યું. અને પછી રાજાશબની સાથે દ્યુત રમવા લાગ્યો. દ્યુત રમતાં શબ રાજાની આગળ હારી જવાથી તૈયાર કરેલી ચિત્તામાં શબ બળીને ભસ્મ થઇ ગયું. પ્રાતઃકાળે એ પરદેશીએ, મૃતકને બાળીને રાજાનો પાસે આવી રાતનો બધો વ્યતિકાર કહી સંભળાવ્યો. પરદેશીની વાત સાંભળી રાજા ખુશી થયો. શ્રીદત્તશ્રેષ્ઠીને બોલાવી શરત પ્રમાણે કોટિ સોનૈયા પરદેશીને શ્રેષ્ઠી પાસેથી અપાવી દીધા. પરદેશીએ પોતાને મળેલા સોનૈયા રાજસભામાંથી બહાર નીકળી યાચક લોકોને આપી દીધા, અને ત્યાંથી તે ચાલ્યો ગયો.

રાજા વિક્રમ ત્યાંથી ફરતો ફરતો કામરૂદેશના ત્રિયા-રાજ્યમાં આવ્યો. પદ્મિની, ચિત્રિણી, હસ્તિની ને શંખિની પ્રમુખ અનેક પ્રકારની સ્ત્રીઓથી એ દેશ શોભતો હતો. જ્યાં રાજ્ય પણ સ્ત્રીઓનું; કારભાર, અધિકાર, વ્યાપાર સર્વેમાં સ્ત્રીઓની જ મુખ્યતા જોવાતી હતી. સ્ત્રી રાજ્યમાં

આવેલા વિક્રમની આગળ અનેક સુંદર રમણીઓ ભોગને માટે તેની પ્રાર્થના કરવા લાગી. જેને પરસ્ત્રીનાં પ્રત્યાખ્યાન છે એવો પરનારી સહોદર રાજા વિક્રમ નિર્બળ મનનો નહોતો કે રમણીઓના મોહનાં બંધનોમાં ઝટ બંધાઇ જાય! તેમની ભોગપ્રાર્થના સાંભળી રાજા વિક્રમ બોલ્યો, "પ્રાણનો નાશ થાય તો ભલે, પણ પોતાની પરણેલી સ્ત્રી સિવાય અન્ય સ્ત્રીના સંગને હું ઇચ્છતો નથી." કારણકે જગતમાં સજ્જન પુરૂષો પારકાનું બગાડવામાં આળસુ હોય છે, જીવહિંસા કરવામાં હંમેશાં બહેરા હોય છે, ને પારકી સ્ત્રીઓ ભોગવવામાં નપુંસક હોય છે. સજ્જનોના જીવનની એ સામાન્ય મર્યાદા છે.

ત્રિયારાજ્યની સ્ત્રીઓને ખાતરી થઈ કે રાજા પોતાનું શીલ ચુકશે નહિ; જેથી રાજા ઉપર પ્રસન્ન થયેલી તે સ્ત્રીઓએ જુદા જુદા મહાત્મ્યવાળાં ચૌદ રત્નો રાજાને આપ્યાં. "એક રત્નથી અગ્નિ સ્થંભી જાય, બીજા રત્નથી લક્ષ્મી ખુટે નહિ, ત્રીજાના પ્રભાવથી જ્યારે જોઇએ ત્યારે પવિત્ર જળ પીવા મળે, ચોથાના પ્રભાવથી વાહન મળે, પાંચમાના પ્રભાવથી શસ્ત્રના ઘા વાગે નહિ, છઠ્ઠાના પ્રભાવથી સ્ત્રીઓ વશ થાય, સાતમાના પ્રભાવથી ઉત્તમ ભોજન મળે, આઠમાના પ્રભાવથી કુટુંબ, ધન સંપદાઓ વૃદ્ધિ પામે, નવમાના પ્રભાવથી સમુદ્ર તરી શકાય, દશમાના પ્રભાવથી વિદ્યાની પ્રાપ્તિ થાય, અગિયારમાના પ્રભાવથી ભૂત, પ્રેત, ડાકિની, શાકિનો આદિ વશ થાય અને છળે નહિ, બારમાના પ્રભાવથી સર્પ કદાપિ કરડે નહિ, તેરમાના પ્રભાવથી જ્યાં હોય ત્યાં જેવું જોઈએ તેવું રહેવાને મકાન બનાવી આપે અને ચૌદમાના પ્રભાવથી આકાશમાર્ગે શાંતિથી ગમન કરી શકાય." એ

ચૌદનો પ્રભાવ કહીને તે રત્નો રાજાને આપ્યાં.

એ ચૌદ રત્નો ગ્રહણ કરીને રાજા વિક્રમ એ ત્રિયા-રાજ્યનો ત્યાગ કરી અવંતી તરફ ચાલ્યો. રાજા વિક્રમને માર્ગમાં પણ ક્યાં શાંતિ હતી? અનેક યાચકો રસ્તામાં એની પાસે યાચના કરવાને આવ્યાં. રાજાએ એમને એક એક રત્ન આપવા માંડયું. એ પ્રમાણે ચૌદ રત્નો રાજાએ યાચકોને દાનમાં આપી દીધાં; અવંતીમાં આવ્યો ત્યારે એક પણ રત્ન એની પાસે રહ્યું નહિ. પરદુઃખભંજન ને પરનારી સહોદર રાજા વિક્રમની ઉદારતાનાં તે શું વર્ણન કરીએ? એની બરોબરી તે કોણ કરી શકે? ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી?

પ્રકરણ ૫૮ મું

પ્રતિજ્ઞા

"બડા બડાઈ ના કરે, બડા ન બોલે બોલ;
હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ."

અવંતીરાજ વિક્રમાદિત્ય એક દિવસ રાજસભામાં બેઠેલા હતા, તે સમયે એક શુક યુગલ રાજસભામાં આવી તોરણે બેઠું; અને શુકીએ મનુષ્યની ભાષામાં પોતાના સ્વામી શુકને કહ્યું, "હે સ્વામી! આ નગરી તો અદ્‌ભુત જણાય છે. આવી નગરી જગતમાં બીજી હશે વારૂ."

શુકીની વાત સાંભળી શુક બોલ્યો, "છી! એ તું શું બોલી? "બહુરત્ના વસુંધરા" એ તો! જ્યાં આપણે જવાનાં છીએ એ નગરીમાં રહેલી રંડાનાં મકાન જેવું સુંદર પણ આ રાજાનું મકાન નથી. ચાલ! આપણે એ નગરીમાં જઇએ." એમ કહીને શુક ઉડી ગયો. તેની પછવાડે શુકી પણ ઉડી ગઈ.

વિક્રમાદિત્યે આ વાત સાંભળી ભટ્ટમાત્ર તરફ જોયું ને હુકમ કર્યો, "શુકે કહ્યું એવી નગરીની તપાસ કરીને મને કહો!" રાજાના કહેવાથી ભટ્ટમાત્ર ચાલ્યો. જગતની પ્રદક્ષિણા કરતો કરતો સાત માસ પછી ભટ્ટમાત્ર તૈલંગ દેશમાં આવ્યો. ત્યાં અમરાવતી સમાન તિલંગની રાજધાની શ્રીપુર નગરને જોઇ ભટ્ટમાત્ર એ નગરીની શોભા જોવાને તે નગર તરફ આવ્યો. અહીંયાં ભીમ નામે રાજા ન્યાયમાં તત્પર અને પરાક્રમી, શાંતિથી પ્રજાનું પાલન કરતો હતો. રાજાને પદ્માવતી નામે પટ્ટરાણી થકી સુરસુંદરી નામે પુત્રી થઈ. ભણીગણી સકલશાસ્ત્રની કળામાં પારગામી થયેલી સુરસુંદરી યૌવન સન્મુખ આવી. રૂપમાં, ગુણમાં અને કળામાં દેવતાની દેવાંગનાઓને પણ જીતે એવી હોવાથી તેણીએ ગુણ પ્રમાણેનું સુરસુંદરી નામ બરાબર ધારણ કર્યું હતું.

ગુણથી અને સકલશાસ્ત્રની જ્ઞાતા છતાં સુરસુંદરી આજે કેટલાંય વર્ષોથી મૌન રહેતી હતી. ખાસ જરૂર પડે તો પાટી કે કાગળ ઉપર લખીને જવાબ આપતી, પણ બોલવાનું સુરસુંદરીએ છોડી દીધું હતું. તેના મૌન વ્રત-પણાથી લોકોએ એનું અબોલારાણી નામ પાડયું હતું; કારણકે જગતને મોંએ કાંઈ તાળું દેવાતું નથી. રાજાએ પણ એ સુરસુંદરીને બોલાવવાના અનેક પ્રયત્નો કર્યા; પરંતુ તે પણ સુરસુંદરીને બોલાવી શક્યો નહિ. મંત્ર, તંત્ર, જંત્ર અને અનેક ઔષધિ પ્રમુખથી ઉપાય કર્યા, પણ સુરબાળાનું મૌનવ્રત દૂર ન થવાથી રાજાએ એવી ઉદ્‌ઘોષણા કરાવી કે, "જે મારી અબોલા પુત્રીને બોલાવશે તેને રાજા તે પુત્રી પરણાવશે." અને રાજકન્યા સુરસુંદરીએ પણ એવી પ્રતિજ્ઞા કરી હતી કે, "મને બોલાવે તેને જ મારે પરણવું"

શ્રીપુર નગરની બહારના ઉદ્યાનમાં ભીમ રાજાએ રમણીય મહેલ બંધાવી અબોલાને ત્યાં સખીઓના પરિવાર સાથે રાખેલી હતી, તેમજ ત્યાં ચોકીપહેરાની બરાબર વ્યવસ્થા કરી હતી. સિદ્ધ કરેલા એડક નામના એક રાક્ષસને અબોલા રાણીના મકાનના દરવાજે રાજાએ ચોકી કરવાની સૂચના કરી હતી. અબોલારાણિને બોલાવવા અનેક જણ આવતા, અનેક પ્રયાસ કરતા પણ અબોલા-રાણીને નહિ બોલાવવાથી નિરાશ થઇ પાછા જતા હતા. મનમાં અનેક હોંશ ધરીને આવતા, પણ કોઈની હોંશ પૂરી થતી નહિ.

ભટ્ટમાત્ર આ શ્રીપુરનગરની અપૂર્વ સુંદરતા અને શોભા જોઇ આશ્ચર્ય પામ્યો. એના મહેલો અને એનાં મકાનો અદ્‌ભુત હતાં. લોકો દેવતાની માફક સ્વરૂપવાળા અને સુખી તેમજ વૈભવવાળા હતા. સ્ત્રીઓ પણ દેવાંગનાઓનો તિરસ્કાર કરે એવાં મનોહર રૂપને ધારણ કરનારી હતી. નગરીની શોભા જોતો ભટ્ટમાત્ર બજાર, ચોક વિગેરે જોઇ રહ્યો. અનેક મનોહર તરિયાં તોરણ દરેક મકાને મકાને જોઈ ભટ્ટમાત્ર આશ્ચર્ય પામ્યો. એક ઠેકાણે તોરણ ઉપર બેઠેલું પેલું શુક યુગલ જોઈ ભટ્ટમાત્ર વિચારમાં પડ્યો, "આ શુક-યુગલ તો અવંતીમાં જોયું હતું તે કે નહિ?" ભટ્ટમાત્રને જોઈ પેલો શુક પોતાની શુકી પ્રત્યે જોતો બોલ્યો, "હે પ્રિયે! અવંતીમાં મેં તને જે પુરીનું વર્ણન કહેલું હતું તે જ આ પુરી શ્રીપુરી! કેમ તેના કરતાં સુંદર છે કે નહિ?" શુકનાં વચન સાંભળી ભટ્ટમાત્રનો સંદેહ દૂર થયો. જે માટે પોતે નીકળ્યો હતો તે કાર્ય સિદ્ધ થવાથી ભટ્ટમાત્રને સંતોષ થયો.

શ્રીપુરનગરને બરાબર નિહાળી ભટ્ટમાત્ર નગરીની બહાર ચક્રેશ્વરીના મંદિરમાં આવ્યો. ચક્રેશ્વરી માતાને નમી

સ્તુતિ કરી ભટ્ટમાત્ર ત્યાં મંદિર બહાર ઓટલા ઉપર વૃક્ષની છાયામાં જરી વિશ્રામ લેતો હતો. તે સમયે સુર. સુંદરી [અબોલા) સુખાસનમાં બેસીને સખીઓથી પરિવરેલી ચકેશ્વરી માતાને નમવાને આવી. ચકેશ્વરીને નમી સ્તુતિ કરી સુરસુંદરી સુખાસનમાં બેસી સખીઓ સાથે પોતાના સ્થાનકે ચાલી ગઈ. ભટ્ટમાત્ર પણ એ અબોલાનો ઇતિહાસ જાણીને એની પાછળ એના ઉદ્યાનમાં આવ્યો. દરવાજામાં દાખલ થતાં પેલા ઓડકે પૂછયું, "કોણ છે તું ? ક્યાંથી આવ્યો છે? પોતાની શક્તિ વગર અહીં કોઈથી આવી શકાતું નથી, સમજ્યો ?" ઓડકના પૂછવા છતાં ભટ્ટમાત્ર કંઈ જવાબ આપી શક્યો નહિ.

ભટ્ટમાત્રના મૌનપણાથી ઓડકે જોરથી એક પાટુ મારી "જા, જ્યાંથી આવ્યો હતો ત્યાં !" ઓડકની લાતના પ્રહારથી ભટ્ટમાત્ર ઉછળ્યો ને અવંતીના દરવાજામાં પડયો તે જોવા લાગ્યો તો ઉજ્જયિનીના લોકોને જોઇ આશ્ચર્ય પામ્યો; મનમાં ખુશી થતો રાજસભામાં આવી વિક્રમને નમ્યો. શ્રીપુરનગરી સંબંધી, અબોલારાણીની અને ઓડકની સર્વ વાત રાજાને તેણે કહી સંભળાવી.

ભટ્ટમાત્રને રાજ્યનો ભાર ભળાવી વિક્રમાદિત્ય અગ્નિવૈતાળના સહાયથી શ્રીપુરનગરમાં આવ્યો. નગરને જોતો તે રાજા ચકેશ્વરીના મંદિરમાં આવી ચકેશ્વરીને નમ્યો. તે દરમિયાન સુરસુંદરી ચકેશ્વરીને નમવાને આવી પહોંચી. ચકેશ્વરીને નમી સ્તુતિ કરતાં અબોલાની નજર રાજા વિક્રમ ઉપર પડી. વિક્રમનું અપૂર્વ લાવણ્ય જોઇ સુરસુંદરી મોહ પામી. "આવો વર શી રીતે પ્રાપ્ત થાય ?" ચકેશ્વરીની સ્તુતિ કરતાં બોલી. "હે માતા ! જો આવો વર મળશે તો

સવાલક્ષ દ્રવ્યથી તારી અનુપમ પૂજા કરીશ.” એમ કહી સુરસુંદરી સખીઓ સાથે ચાલી ગઈ.

રાજા વિક્રમ પણ અબોલાનું મનોહર લાવણ્ય જોઈ મોહ પામી ગયો ને ચક્રેશ્વરી પાસે આવી બોલ્યો, “હે દેવી ! આ મનોહર રમણી જો મને મળશે તો સવાલક્ષ દ્રવ્યથી હું તમારી પૂજા કરીશ.” દેવી આગળ માનતા કરી વિક્રમ રાજા બહાર નીકળ્યો.

સુરસુંદરીએ પોતાના મહાને જઈ એક સખીને મોકલી અને આ પુરૂષને પોતાની પાસે તેડાવ્યો. એ પુરૂષ રાજા વિક્રમ સખીની સાથે સુરસુંદરીને મહેલે આવ્યો. ત્યાં સખીઓએ એને સ્નાન કરાવી સારી રસવતીથી જમાડી તૃપ્ત કર્યો. રાજબાળા સુરસુંદરી પણ આ પુરૂષને જોઇ મોહ પામેલી છતાં એણે વિચાર કર્યો કે, “આ પુરૂષની પરીક્ષા તો કરીએ, જોઇએ તો ખરા એ મને શી રીતે બોલાવી શકે છે !”

સુરસુંદરી પડદો બંધાવી પડદાની અંદર સુંદર સુવર્ણમય આસને સખીઓ સાથે બેઠી, અને પેલો પુરૂષ જમી પરવારીને દરવાજે બેઠો હતો ત્યાંથી તેને બોલાવવાને સખીને સમજાવીને મોકલી.

દરવાજે આવેલા વિક્રમાદિત્યને જોઈ એકદમ બોલ્યો, “કોણ છે તું ? કોની શક્તિથી અહીં આવ્યો છે ?” રાજાનો પ્રભાવશાળી ચહેરો જોઇ એકદમ થંભી ગયો.

“મારી પોતાની શક્તિથી !” રાજા વિક્રમનો જવાબ સાંભળી એકદમ ઝંખવાણો પડયો અને રાજા વિક્રમના તેજમાં અંજાઇ ગયો.

“જો, તું તારી પોતાની શક્તિથી આવ્યો હોય તો મારા સ્વામીની પુત્રી અહીંયાં પલંગ ઉપર બેઠેલી છે તેને ચાર વાર બોલાવે તો તારી શક્તિ ખરી, અને તે તને વરશે; અન્યથા

તું શિક્ષાને પાત્ર થશે.”

એડકનાં વચન સાંભળી રાજાએ જવાબ આપ્યો, “હા, હું એને બોલાવીશ.”

રાજાનાં વચન સાંભળી એડક રાજાને લઇ સુરસુંદરી પાસે આવ્યો. પડદામાં સુવર્ણના પલંગ ઉપર બેઠેલી અબોલાની આગળ રાજાને એક ભદ્રાસન ઉપર બેસાડયો. એડકે રાજાને કહ્યું. “બોલાવો અમારી રાજકુમારીને તમારામાં શક્તિ હોય તો ચાર વખત!”

રાત્રીની શરૂઆત થતી હતી. દીપકોનો પ્રકાશ ઝગઝગાટ રાત્રીની ગતિને ભૂલાવતો હતો. સર્વત્ર પ્રકાશ હોવાથી અહીંયાં તો રાત્રીની માત્ર ભ્રમણા જ હતી. “એડક! કોઇ એક મનોહર કથા કહે કે જેથી આ નિશા પસાર થાય!” રાજાના પૂછવા છતાં એડક કાંઈ બોલ્યો નહિ, ત્યારે રાજા ફરીને બોલ્યો, “એડક! તને કથા ન આવડતી હોય તો હું કહું તે તું સાંભળ! પણ હોંકારો તો આપીશને!”

છતાં એડક મૌન રહ્યો. કાંઈ બોલ્યો નહિ ત્યારે રાજાએ વૈતાલનું સ્મરણ કરી સર્વની અજાયબી વચ્ચે દીપકને ઉદ્દેશીને કહ્યું, “હે દીપક! તું પ્રકાશમાન છે, સર્વ સુંદર તારૂં સ્વરૂપ છે. તારી મદદથી પ્રાણીઓ સર્વ કંઈ જોઇ શકે છે. મારી વાત સાંભળવા છતાં રાણી હોંકારો નથી આપતી. આ એડક પણ હોંકારો નથી આપતો, તો હે દીપક! તું જ હોંકારો દે અને મારી વાત સાંભળ!”

“હે રાજન્! તમારા જેવા ભાગ્યવાન મારે આંગણે પધાર્યા છે એ અમારૂં મહાન પુણ્ય છે. રાણી એ એક સ્ત્રીજાત છે ને એડક નોકર છે, જેથી એનામાં બુદ્ધિ કેટલી હોય? હું કથા બથા તો કાંઇ જાણતો નથી પણ મહાનુભાવ! તમારી વાતને સાંભળતો હોંકારો આપીશ.” સર્વને અજા-

ચમ કરતો દીપક બોલ્યો.

રાજા વિક્રમે અબોલા રાણીને બોલાવી શકાય તેવા ઉદ્દેશથી વાત શરૂ કરીઃ—

કૌશંબીનગરીમાં વામન નામે બ્રાહ્મણને સાવિત્રી નામે સ્ત્રી હતી. તેમને નારાયણ નામે પુત્ર અને ગાવિત્રી નામે પુત્રી એમ બે ફરજંદ થયાં. ગાવિત્રીને અચ્યુત નામે એક મામો હતો. ગાવિત્રી ભણીગણી અનુક્રમે યૌવન વયને પામવાથી એનાં માતાપિતાને એના વરની ચિંતા થઇ. ભવિતવ્યતાને યોગે વામન, સાવિત્રી, નારાયણ અને અચ્યુત ચારે જણાં ચારે દિશાએ ગાવિત્રીનો વર શોધવા માટે ચાલ્યાં. દૈવયોગે ચારે જણે વરને શોધી કાઢી વિવાહ નક્કી કર્યો ને લગ્નનું મુહૂર્ત જોવડાવી તે દિવસે જાન લઇને સગાંસંબંધી સાથે આવવાની સૂચના કરી. તેઓ પોતાને ઘેર આવ્યાં. ચારે જણાં અરસપરસ ખુલાસાથી વાતો કરીને વિચારમાં પડ્યાં, "હવે શું કરવું?" લગ્નનો દિવસ આવતાં ચારે વરરાજા પોતપોતાના પરિવાર સાથે કૌશંબીમાં વામન મહારાજને ઘેર આવી પહોંચ્યા. ચારે વર એકબીજાને જોઇ કલહ કરવા લાગ્યા. ક્રોધથી ઉદ્ધત થયેલા તેઓ કન્યાને પરણવાને તૈયાર થયા. પણ કન્યા કોને પરણાવવી, તેના વિચારમાં માતાપિતા પડ્યાં. આ ઝઘડાનો નિકાલ આવે તે પહેલાં અકસ્માતે કન્યા ગાવિત્રીને સર્પદંશ થયો ને મૃત્યુની આછી છાયા એના ઉપર ફરી વળી. દૈવે ચારેના ઝઘડાનો ફેંસલો એ રીતે કરી દીધો. "હવે શું કરવું," તેનો ચારે વરરાજા વિચાર કરવા લાગ્યા.

માતાપિતા અને સગાંસંબંધી ગાવિત્રીનો અગ્નિદાહ કરવાને ચાલ્યાં. ત્યાં સ્મશાનમાં એક વરરાજા ગાવિત્રી સાથે બળીને ભસ્મ થઇ ગયો. બીજો વરરાજા તેનાં અસ્થિ

ગ્રહણ કરીને ગંગામાં પ્રક્ષેપ કરવાને ચાલ્યો ગયો. ત્રીજો ત્યાં જ સ્મશાનમાં ઝુંપડી બાંધીને તપ કરવા લાગ્યો ને નગરમાંથી ભિક્ષા માગી લાવી તેમાંથી ગાયિત્રીને પિંડ આપી ભોજન કરવા લાગ્યો, અને ચોથો તાપસ થઈ પૃથ્વી ઉપર ભ્રમણ કરતો તીર્થયાત્રા કરવા નીકળી પડયો.

કન્યાનો હિસાબ એ રીતે ચૂકતે થવાથી વરરાજાની સાથે આવેલાં સગાંસંબંધી પોતપોતાને સ્થાનકે ચાલ્યાં ગયાં. પેલો તીર્થયાત્રાએ ગયેલો બ્રાહ્મણ અનુક્રમે વસંતપુર નગરમાં આવ્યો. આ પરદેશી બ્રાહ્મણ તપસ્વીને મુકુંદ નામે બ્રાહ્મણની પત્નીએ ભોજન માટે નિમંત્રણ કર્યું, જેથી તે તપસ્વી વિપ્ર મુકુંદને ઘેર ભોજન કરવાને આવ્યો. બ્રાહ્મણી આ મહેમાન તપસ્વીને ભોજન માટે બેસાડી તેને પીરસવા લાગી, તે સમયે બ્રાહ્મણીનો ચપળ બાળક તોફાન કરતો ને રડતો બ્રાહ્મણીને પજવવા લાગ્યો. આ બાળકના તોફાનથી કંટાળી બ્રાહ્મણીએ બાળકને ચુલામાં નાખી દીધો. ચુલાની સળગતી ભઠ્ઠીમાં બાળક ભસ્માવશેષ થઈ ગયો. આ અકાળે ઉલ્કાપાત જોઇ મહેમાન ચોંકયો. "અરે આ તે સ્ત્રી છે કે રાક્ષસી? પોતાના બાળકને આમ તો ચંડાલણી પણ ન મારી નાખે, પણ પવિત્ર બ્રાહ્મણ થઈ આ સ્ત્રીએ તો ગજબ કર્યો! હું તે ક્યાં અહીં જમવા આવ્યો? મારા નિમિત્તે આ ભયંકર પાપ! અરેરે! મારી શી ગતિ થશે?" બ્રાહ્મણીના પીરસવા છતાં બ્રાહ્મણ જમ્યો નહિ ત્યારે બ્રાહ્મણી બોલી, "મહારાજ! આપ ભોજન કરો! બાલકની ચિંતા કરશો નહિ. બાલક તો જીવતો જ છે એમ માનો!" એમ કહી બ્રાહ્મણીએ એક ડબીમાંથી ચૂર્ણ લઇને ચુલામાં એ બાળકની ભસ્મ ઉપર નાખ્યું બ્રાહ્મણની અજાયબી વચ્ચે બાળક તરત

ઉભો થઈ બહાર નીકળ્યો.

બ્રાહ્મણ તપસ્વીએ નિરાંતે ભોજન કરી દક્ષિણામાં એ ચૂર્ણની માગણી કરી. મહેમાનની યાચનાનો ભંગ ન થાય એથી બ્રાહ્મણીએ મહેમાન તપસ્વીને એ ચૂર્ણમાંથી થોડુંક ચૂર્ણ આપ્યું. બ્રાહ્મણ એ ચૂર્ણ લઈને કૌશાંબીના સ્મશાનમાં આવ્યો.

એ ચૂર્ણના પ્રયોગથી બ્રાહ્મણે ગાવિત્રીને જીવતી કરી. એને જીવતી કરવા જતાં એની સાથે બળી ગયેલો બ્રાહ્મણ પણ જીવતો થયો. ગાવિત્રીનાં અસ્થિ ગંગાજીમાં નાખીને ત્રીજો વિપ્ર પણ આવી પહોંચ્યો, ને એક તો ત્યાંજ તપ કરતો હતો. એ ચારે જણા આ મનોહર બાળાને જોઈ પરણવાને આતુર થયા. લડતા લડતા રાજસભામાં ન્યાય કરાવવા માટે તેઓ ગયા કે, કન્યાનો વર ચારેમાંથી કોણ નક્કી થાય ?"

રાજા વિક્રમ દીપકને ઉદ્દેશીને બોલ્યો, "અરે દીપક ! એ ચારેમાં એનો વર કોણ થાય ? કન્યા ઉપર વર તરીકેનો કોનો હક્ક થાય તે કહે !"

રાજાનો પ્રશ્ન સાંભળી દીપક બોલ્યો, "મહારાજ ! એ બાબતમાં હું જાણતો નથી કે એ કન્યા સ્ત્રી કોની થાય !"

દીપકનો જવાબ સાંભળી રાજા બોલ્યો, "અરે, કોઈ તો કહો ! આટલા બધા છો. એકક તું બોલ ! રાણી તમે બોલો ! એ કન્યાનો વર કોણ ?"

રાજાના પૂછવા છતાં કોઈ બોલ્યું નહિ, જેથી રાજા બોલ્યો, "જે જાણતું હોય છતાં ન બોલે તેને સાત ગામ બાળવા જેટલું પાપ લાગે !"

રાજાના આ સોગનથી પાપથી ભય પામેલી સુરસુંદરી બોલી, "રાજન્ ! સ્મશાનમાં ઠુંઠવી બાંધીને તપ

કરતો હતો ને ભિક્ષા લાવી તેમાંથી જે પિંડ આપતો હતો તે જ એનો પતિ થાય. રાજસભામાં ન્યાય પણ એ જ થાય!" વળી સાથોસાથ પ્રશ્નના ઉત્તરમાં કન્યાએ વહુમાં જણાવ્યું કે, "જે હાડકાં નાંખવાને ગંગા તરફ ગયો એ તો પુત્ર થયો, જેણે ચૂર્ણનો ઉપયોગ કરી જીવાડી તે પિતા થયો, ને જે સાથે ભળીને સાથે ઉત્પન્ન થયો તે ભાઇ થયો; માટે પિંડ દેનાર જ એનો પતિ થાય." આમ સુરસુંદરી એક વખત બોલીને મૌન થઈ ગઇ.

"બાળા! બરાબર છે તારું કહેવું સત્ય છે. ન્યાયથી ગાવિત્રી પેલા પિંડ દેનારની જ પત્ની થાય. અને રાજસભામાં કન્સાફ પણ એજ પ્રમાણે થયો.

એક વખત કન્યાના બોલવાથી રાજાને સંતોષ થયો. હવે બીજી વાર બોલાવવા માટે રાજાએ બીજી કથા કહેવી શરૂ કરી, પણ હોંકારો કોણ આપે? એકનો એક દીપક હોંકારો આપીને થાકી ન જાય?'

"જે જેના મનમાં રૂચે, તે જ રૂપાળી નાર,
મન લાગ્યા વિણ માનુની, ગમે નહિ જ લગાર."

પ્રકરણ ૫૯ મું
અબોલારાણી

"આભા મંડલમાં વીજળી, વન મંડળમાં મોર;
ઘર મંડળમાં સ્ત્રી વળી, મુખ મંડળ તંબોલ."

રાજા વિક્રમાદિત્ય ત્યાં ચિત્રામણમાં ચિત્રેલા ઘોડા ઉપર નજર નાખીને બોલ્યો "અરે ઘોડા! તું મને હોંકારો આપીશ ને!"

"હે ભૂપતે! કથા કરવાની હું જાણતો નથી, પણ તમને હોંકારો તો જરૂર આપીશ." બધાંને અજાયબી પમાડતો ઘોડો બોલ્યો, ને રાજાની વાતમાં હોંકારો દેવા લાગ્યો.

બીજે પ્રહરે રાજકુમારી સાંભળે તેવી રીતે રાજા વિક્રમ વાત કહેવા લાગ્યોઃ—

શેષપુર નામના એક નગરમાં સુતાર, વાણિયો, સોની અને વિપ્ર—એમ ચાર મિત્રો રહેતા હતા. એક દિવસ તેઓ ચારે સલાહ કરીને પરદેશ ધન કમાવા માટે પોતાની નગરીને રામરામ કરીને ચાલ્યા ગયા. ભ્રમણ કરતાં તેઓ ગાઢ જંગલમાં આવ્યા. ત્યાં રાત્રી પડવાની તૈયારી હોવાથી તેમણે મુકામ કર્યો, ને વારાફરતી એક પછી એક જાગવાનો નિર્ણય કરી સૂઈ ગયા. શરૂઆતમાં સુત્રધાર (સુતાર) ચોકી કરવા માટે જાગતો રહ્યો ને પેલા ત્રણ નિદ્રાવશ થયા. જાગ્રત રહેલા સુતારે એક પ્રહર શી રીતે વ્યતીત કરવો તેનો વિચાર કરતાં જંગલમાંથી કાષ્ટ લાવી એક મનોહર સોળ વર્ષની બાળા સમી એક પૂતળી તૈયાર કરી.

રાત્રીનો બીજો પ્રહર શરૂ થતાં સુતારે વાણિયાને ઉઠાડયો ને પોતે સૂઈ ગયો. વાણિયાએ આ સુંદર કાષ્ટની પૂતળીને જોઇ, પછી પૂતળીને કપડાં પહેરાવી, બરોબર શણગારી, બીજો પ્રહર પૂરો કર્યા પછી સોનીને જગાડી પોતે નિદ્રવશ થયો. સોનીએ આ મનોહર બાળાને જોઈ મોહ પામી સુવર્ણના આભૂષણો પહેરાવી એની શોભામાં વૃદ્ધિ કરી, પોતાનો ત્રીજો પ્રહર પૂરો કર્યો. ચોથા પ્રહરે વિપ્ર જાગ્યો. બ્રાહ્મણ આ બાળાને જોઇ વિચારમાં પડયો, 'સુતારે, વાણિયે અને સોનીએ પોતાની કારીગીરી બજમાવી, પણ વર વગરની જાનની માફક એ બધી કારીગરી જીવ વગર નકામી તે. હું એમાં જીવ આરોપણ કરું તો?' વિપ્રે સંજીવની વિદ્યા ભણી એ કાષ્ટની પૂતળીને હસતી-રમતી સોળ વર્ષની બાળા બનાવી સંજી-

વન કરી દીધી. પ્રાતઃકાળે આ ચારે જણા એને પરણવાને ઘેલા થયેલા લડવા લાગ્યા, તો હે ઘોડા! કહે એ ચારે-માંથી એ કન્યા કોને પરણે?"

"તે હું જાણતો નથી." ઘોડો બોલ્યો.

રાજાએ કહ્યું, "જે જાણતું હોય છતાં ન બોલે તેને સાત ગામ બાળ્યાનું પાપ લાગે!" રાજાના સોગંદથી ભય પામેલી અબોલારાણી (સુરસુંદરી) બીજી વખત બોલી, "રાજન્! કાષ્ટ લાવીને જેણે પૂતળી બનાવી તે તો પિતા થયો, જેણે વસ્ત્ર પહેરાવ્યા તે ભાઈ થયો, ને જેણે સજીવન કરી તે ગુરૂ થયો; પણ જેણે સુવર્ણનાં આભૂષણ અલંકાર પહેરાવ્યા તે જ પતિ થાય."

"બરાબર છે. ઈન્સાફ પણ તે જ સાચો કહેવાય, અને તે બાળા પેલા સોનીની જ પત્ની થઇ. રાજાએ એ રીતે અબોલારાણીને" બીજી વાર પણ આ રીતે વાત કરી બોલાવી.

રાત્રીના બે પહોર બ્યલાસ થયા હતા, તેમજ ત્રીજો પ્રહર શરૂ થતો હતો, તે સમયે રાજાએ સામે પડેલા ભદ્રાસનને ઉદ્દેશી કહ્યું, "અરે ભદ્રાસન! દીપક અને ઘોડાની માફક હવે મારી વાતને સાંભળતાં વચમાં તું જ હોંકારો આપીશ ને?"

રાજાની વાત સાંભળી ભદ્રાસનમાં વૈતાળ પ્રવેશ કરીને બોલ્યો, "હા, મહારાજ! બીજું કાંઈ હું જાણતો નથી, પણ હોંકારો તો જરૂર આપીશ."

રાજકન્યાને સંભળાવતો રાજા વિક્રમાદિત્ય બોલ્યોઃ—

વિક્રમપુર નગરમાં સોમ અને ભીમ નામના બે મિત્ર રહેતા હતા. ક્ષીર અને નીર જેવી બન્નેને શુદ્ધ પ્રીતિ હતી. એક દિવસે સોમ અર્ધપુર નગરમાં પરણ્યો, પણ એની સ્ત્રી સાસરે આવતી નહિ. ઘણા દિવસ પછી સોમ શ્વશુરને

ગામ ગયો, પણ તેની પ્રિયા સાસરે આવી નહિ. જેથી સોમે પોતાના મિત્ર ભીમને વાત કરી; કારણકે સુખ-દુઃખની વાત મિત્રને કરી શકાય છે. આપવું અગર લેવું, ખાનગી વાત સાંભળવી અગર કહેવી, મિત્રને જમાડવો અગર તેને ઘેર જમવા જવું, એ છ બાબતો જગતમાં પ્રીતિને વધારનારી છે. પોતાનો મિત્ર કાંઈક સારી સલાહ આપે તે માટે સોમે ભીમની સલાહ લીધી.

આમ સંતલસ કરી એક દિવસે પાછા સોમ અને ભીમ બન્ને મિત્રો સોમના શ્વશુર તરફ ગયા; સોમના સસરાના ગામ નજીક કોઇ ભટ્ટારકા દેવીના મંદિર આગળ આવ્યા, ભીમ દર્શનને બહાને અંદર આવી દેવીને નમીને બોલ્યો; "હે માતા! જો મારા મિત્રની પત્ની અમારી સાથે મારા મિત્રને ગૃહે આવશે તો હું મારા મસ્તકથી તારી કમળાપૂજા કરીશ."

પછી તે બન્ને મિત્રો શ્વસુરના ગામ આવ્યા. સોમના સસરાએ બન્નેનો આદરસત્કાર કર્યો. સોમની પ્રિયા પણ ખુશી થયેલી તેમની સાથે સાસરે જવાને તૈયાર થઇ. ભીમનાં યુક્તિ યુક્ત વચન સાંભળી મિત્રપત્ની રાજી થઇ. શ્વસુરના ઘેરથી એક ગાડું જોડાવી તેમાં પત્નીને બેસાડી સોમ ભીમ સાથે પોતાના નગર તરફ ચાલ્યો. માર્ગમાં ભટ્ટારકાનું દેવાલય આવતાં ભીમ ગાડું હાંકતો હતો તે, દોરડું સોમના હાથમાં આપી દેવીનાં દર્શન કરવાને આવ્યો. ત્યાં મંદિરમાં આવી દેવીનાં વચન યાદ કરી તરત જ ભીમે મસ્તક પૂજા કરી, દેવીને પોતાનું મસ્તક અર્પણ કર્યું.

કેટલીક વાર થઈ ને ભીમ ન આવવાથી પત્નીના હાથમાં બળદોની રાશ આપી ધડકતે હૈયે સોમ ભટ્ટારકાના મંદિરમાં આવ્યો અને પોતાના મિત્રને દેવીની આગળ મરેલો

જાણી વિચારમાં પડયો, "કે આ શું ?" તરત જ મિત્રને મરેલો જાણી પોતે પણ એની પાછળ આત્મહત્યા કરી નાખી—મસ્તક છેદી નાખ્યું. પોતાનો પતિ પણ પાછો ન ફરવાથી પત્ની મંદિરમાં આવી, તો બન્નેનાં મસ્તક છેદાયેલાં જોઇ આશ્ચર્ય પામી; "દેવીએ બન્નેના ભોગ લીધા કે શું ? પતિ અને દિયર બન્નેને મરેલા છોડી જો સાસરે જઇશ તો ત્યાં પણ લોકો મહેણાં મારશે કે પતિ અને દિયરનો ભક્ષ કરનારી આવી. પિયર જઇશ તો ત્યાં પણ લોકો કહેશે કે સાસરે જવાની ઇચ્છા ન હોવાથી પાપિણીએ પતિ અને દિયરને મરાવી નાખ્યા; ને બાપને ઘેર પાછી આવી." આમ વિચારી એ સ્ત્રીએ કમરમાંથી છરો કાઢી તરત જ પેટમાં હુલાવતાં ભદ્રકાલીદેવી અચાનક પ્રગટ થઇ હાથ પકડી લીધો, "હાં ! હાં ! બેટી ! માગ ! શું આપું ? તારા સત્ત્વથી હું પ્રસન્ન થઇ છું." દેવીની પ્રસન્નતા સાંભળી સ્ત્રી બોલી, "આ બન્નેને જીવતા કરો."

"આ બન્ને ધડ ઉપર બન્ને મસ્તકને તારા હાથથી ગોઠવ. તે તારા સત્યને પ્રભાવે જીવતા થશે; ધડ સાથે મસ્તક ચોંટી, હતાં તેવાં થઈ જશે," એમ કહી દેવી અદૃશ્ય થઈ ગઈ. પછી તે સ્ત્રીએ ઉતાવળથી અને કંઇક ભૂલથી પતિના ધડ ઉપર મિત્રનું મસ્તક ચોટાડયું ને મિત્રના ધડ ઉપર પતિનું મસ્તક ગોઠવતાં તે ચોંટી જઇને, સજીવન થયા; બન્ને આળસ મરડીને બેઠા થયા. સાવધ થયેલા તેમને જોતાં સ્ત્રીને પોતાની ભૂલ સમજાઈ કે પોતે શું ગોટાળો કર્યો હતો. હવે તે પત્ની કોની ? પેલા પતિના ધડ શરીરની કે મિત્રના ધડ ઉપર રહેલા પતિના મસ્તકની ?" રાજાના પ્રશ્નનો નિકાલ કરતાં ભદ્રાસન બોલ્યું; "સાડા ત્રણ મણના શરીર આગળ શેરના મસ્તકની કાંઇ કિંમત ? એ તો એના

પતિનું જે શરીર છે તેની સ્ત્રી થાય; ઉપર મસ્તક ભલેને ગમે તેનું હોય !" ભદ્રાસનનો આ અવળો ન્યાય સાંભળી સહુસા અબોલાગણી રોશ ધરતી બોલી, " નહિ ! નહિ ! શરીરની સ્ત્રી થઈ શકે જ નહિ. પતિના શરીર ઉપર ભીમનું મસ્તક રહેલું છે એ મસ્તકની જ સ્ત્રી કહેવાય; કારણકે શીર્ષની જગતમાં પ્રધાનતા હોય છે." આમ અબોલારાણી ત્રીજી વખત બોલી ઊઠી.

" તમારી વાત ખરી છે, જગતમાં શરીર કરતાં મોંના ચહેરાથી જ મનુષ્ય ઓળખાય છે, માટે એના પતિનું મસ્તક ગમે તે શરીર ઉપર રહેલું હોય છતાં મોં ઉપરથી જ એને એનો પતિ લોકો માને છે; તેથી એ મસ્તકની જ સ્ત્રી કહેવાય."

હવે રાત્રીનો ચોથો પ્રહર શરૂ થતાં રાજા વિક્રમે શય્યાસન તરફ નજર કરી કહ્યું; " શય્યાસન ! હવે મારી વાતનો તું જ હોંકારો આપ."

વૈતાળ શય્યાસનમાં પ્રવેશ કરી બોલ્યો; "જી મહારાજ ! તમે વાત કહો ને હું જરૂર હોંકારો આપીશ."

રાજા વિક્રમ રાજબાળાને સંભળાવતો બોલ્યો:—

બેન્નાતટ નગરમાં વિશ્વરૂપ નામે રાજાને શૂર નામે સેવક હતો. તેને કમલાવતી નામે રાણી હતી. વીરનારાયણ નામે પરાક્રમી તેમને એક પુત્ર હતો. વીરનારાયણને પદ્માવતી નામે એક પ્રિયા હતી. વીરનારાયણની બહાદુરી અને વફાદારી ઉપર પ્રસન્ન થઈને રાજાએ લાખ રૂપૈયાની આવકવાળું એક નગર વીરનારાયણને આપ્યું. ને તેને પોતાનો અંગરક્ષક નીમ્યો. રાત્રીના સમયે રોજ વીરનારાયણ રાજાના મહેલના દરવાજે ચોકી કરવા લાગ્યો.

એક દિવસે રાત્રીના સમયે રાજાએ કોઇક સ્ત્રીનો

રૂદનધ્વનિ સાંભળ્યો; જાગૃત થઇને વીરનારાયણને બોલાવી એ સ્ત્રીના રૂદનનું કારણ જાણવાને મોકલ્યો. રાજાની આજ્ઞાથી વીરનારાયણ નગરીના કિલ્લાનું ફાળથી ઉલ્લંઘન કરીને નગરીની બહાર આવ્યો. અને રૂદન કરતી સ્ત્રીની પાસે આવી બોલ્યો; "હે સ્ત્રી! આવી ભાઝમ રાતે તમારે રૂદન કરવાનું શું કારણ છે તે કહો!"

"હું આ રાજ્યની અધિષ્ઠાત્રી કુલદેવી છું. આ બળતા અગ્નિકુંડમાં અત્યારે ચોસઠ જોગણીઓ રાજાને ખેંચી લાવી પોતાની તૃપ્તિને માટે હોમીને ભોગ લેશે, અને રાજા વિનાનું રાજ્ય થઈ જશે, માટે હું રૂદન કરૂં છું; કારણકે આ રાજાને એવો કોઈ સાહસિક સેવક નથી કે જે પોતાના શરીરનો ભોગ આપી રાજાનું રક્ષણ કરે."

દેવીનું વચન સાંભળી વીરનારાયણ બોલ્યો, "હું જ રાજાનો વફાદાર સેવક છું, તો અગ્નિમાં હોમાઈ જવાની વિધિ મને કહો!"

"એ કાર્ય કરવાને કોઇ શક્તિવાન નથી તો કહીને પછી શું કરૂં?"

"કોઈ શક્તિવાન્ છે કે નહિ એ જાણવાનું તમારે શું પ્રયોજન છે? તમે તમારો રક્ષાનો વિધિ જે હોય તે કહો."

વીરનારાયણનાં વચન સાંભળી દેવી બોલી, "હે વીર! બત્રીશ લક્ષણા પુરૂષના બલિદાન વગર જોગણીઓ તૃપ્તી પામશે નહિ, અને બત્રીશ લક્ષણા પુરૂષ તરીકે તું તો અને રાજા બન્ને છો બીજું કોઈ નથી."

"રાજા તો વિશ્વને આધારરૂપ જગતનો પાલનહાર છે, પણ હું તો તેનો એક સેવક છું. મારા જેવાના ભોગથી એ વિશ્વાધાર પુરૂષની રક્ષા થતી હોય તો હું મારો ભોગ આપીશ." વીરનારાયણ બોલ્યો.

"તારા જેવાને યોગ્ય છે. સેવકનો ધર્મ રાજા તરફ—પોતાના માલિક તરફ વફાદાર રહેવાનો છે, ને વફાદાર સેવકો હંમેશાં પોતાના સ્વામીનું હિત જ ચાહે છે."

"તો હે દેવી! એક ક્ષણવાર સબૂર કરો! હું આવું છું," એમ કહી વીરનારાયણ પોતાને ઘેર આવ્યો. માતાપિતાને સર્વે હકીકત કહી તરત જ તે પાછો વળ્યો, પોતાના પુત્ર વગર જીવિતવ્યને નકામું જાણનાર એનાં માતાપિતા ને એની સ્ત્રી પદ્માવતી પણ એની પૂંઠે આવ્યાં. દેવીને કહીને વીરનારાયણે અગ્નિના કુંડમાં ઝંપાપાત કર્યો. એની પાછળ એના માતાપિતા અને સ્ત્રીએ પણ અગ્નિકુંડમાં ઝંપલાવ્યું.

આ બધી ચેષ્ટા દૂર ઉભો ઉભો એક પુરૂષ જોતો હતો. પોતાની નજર આગળ ચાર ચાર જીવોનો ભોગ અપાયેલો જોઇ પોતે આગળ આવી અગ્નિકુંડમાં પડવાને ધસી ગયો. એ પુરૂષ તે વીરનારાયણને સ્ત્રીના રૂદનનું કારણ જાણવાને મોકલી એની પાછળ આવનાર રાજા પોતે હતો.

રાજાને અગ્નિકુંડમાં ઝંપાપાત કરતાં એકદમ દેવીએ પકડી લીધો; અને કહ્યું, "હાં, હાં!"

"મારા કાર્યમાં વિઘ્ન નાખનારી તું કોણ છે?" રાજાએ એ સ્ત્રીને કહ્યું.

રાજાને ઉત્તર આપતી કુલદેવી બોલી, "હું રાજ્ય અને નગરની રક્ષણ કરનારી કુળદેવી છું! તું શા માટે મરે છે?"

"દેવી! તો આ બધાં મૃત્યુ પામેલાને તું બચાવ! જીવતાં કર!"

રાજાના કહેવાથી દેવીએ બધાંને સંજીવન કર્યાં.

"રાજન્! તમારી અને આ તમારા સેવકોની વફાદારીની આ પરીક્ષા હતી," એમ કહી દેવી અદૃશ્ય

થઈ ગઇ.

દેવીના વચનથી ચમત્કાર પામેલો રાજા, વીરનારાયણ સાથે નગરમાં ચાલ્યો ગયો. રાજાએ અનેક ગામ નગર વીરનારાયણને ઈનામ આપી તેનું બહુમાન કર્યું.

"હે શય્યે! બોલ એ બધા સાહસિકોમાં ખરો સાહસિક કોણ? વીરનારાયણ કે એનાં માતાપિતા યા એની સ્ત્રી કે રાજા?"

"હું એમાં કાંઇ જાણું નહિ." શય્યાસને જવાબ આપ્યો.

શય્યાનો જવાબ સાંભળી રાજા વિક્રમ બોલ્યો, "જે આનો ઉત્તર જાણતું હોય છતાં ન બોલે તેને સાત ગામ બાળ્યાનું પાપ!"

પાપના ભયથી બીધેલી અબોલારાણી બોલી, "હે રાજન્! વીરનારાયણનું સાહસિકપણું એ તો એનો ધર્મ હતો. સ્વામી પ્રત્યેની સેવકની એ ફરજ છે. સ્ત્રી પોતાના સ્વામી પ્રત્યેની ફરજ બજાવતી હતી, ત્યારે માતાપિતા પુત્રના મોહમાં સાહસિક બન્યાં હતાં. ખરી સાહસિક વૃત્તિ તો રાજાની જ ગણાય! કારણકે પૃથ્વીના આધારરૂપ રાજા સેવકોને માટે સાહસિક થયો તે અજબ કહેવાય. માટે ખરો સાહસિક તો રાજા જ ગણાય!"

"તમારી વાણી સત્ય છે. ચોથી વખતે પણ તમે જવાબ આપી મારી પ્રતિજ્ઞા પૂરી કરી." અબોલારાણીને એવી રીતે બોલતી કરી દીધી. રાત્રી પણ પૂર્ણ થઈ અને પ્રાતઃકાળ થયો. રાજા વિક્રમે ચારે વખત અબોલારાણીને બોલાવી પ્રતિજ્ઞા પૂરી કરવાથી એનાં માતાપિતાએ સુરસુંદરીને તે જ દિવસે રાજા વિક્રમ સાથે પરણાવી દીધી. રાજા વિક્રમે પણ અબોલારાણીને પરણી પોતાની અભિલાષા પૂરી કરી.

પ્રાતઃકાળે લગ્ન થયા પછી રાજાએ વરને ભોજન માટે જ્યારે આમંત્રણ કર્યું ત્યારે રાજા વિક્રમે ચક્રેશ્વરીની પૂજા કરવાની પોતાની પ્રતિજ્ઞા કહી સંભળાવી. અબોલારાણી સુરસુંદરીને પણ પ્રતિજ્ઞા હોવાથી બન્ને જણે વાજંત્રના નાદ સાથે સવાલાખ સવાલાખ દ્રવ્યથી ચક્રેશ્વરીની પૂજા કરી. ચક્રેશ્વરી દેવીને નમી ભાવથી બન્નેએ સ્તુતિ કરી, દેવીભક્તિ પૂર્ણ કરી. આડંબરપૂર્વક પોતાને સ્થાનકે આવીને રાજાએ પ્રિયા સહિત શ્વશુરગૃહે ભોજન કર્યું.

અબોલારાણી સાથે કેટલાક દિવસ ત્યાં રહીને પછી શ્વશુરની રજા લઈ રાજા વિક્રમાદિત્ય અબોલારાણી સાથે પોતાના નગરમાં આવ્યો. ને અબોલારાણીને પરણ્યાનો રાજ્યમાં મહોત્સવ કર્યો. અવંતીમાં આનંદ આનંદ વર્તાઈ રહ્યો. અબોલારાણીને રહેવા માટે સાત ભૂમિકાવાળો મોટો મહાવાસ તૈયાર કરાવીને તેમાં અબોલારાણી સાથે સુખ ભોગવતાં પોતાનો કાલ દેવતાની માફક સુખમાં વ્યતીત કરવા લાગ્યો.

રાજા એક દિવસે રાજસભામાં બેઠો હતો ત્યારે કોઈક વણિકે રાજસભામાં પ્રવેશ કરી રાજાને એક મણિ-ભેટ આપ્યો. દિવ્ય મણિને જોઈ રાજાએ પૂછ્યું, "આ મણિ તું ક્યાંથી લાવ્યો છ?"

રાજાના જવાબમાં વણિક બોલ્યો, "ખેતરને ખેડતાં પૃથ્વીમાંથી આ દિવ્ય મણિ મને હાથ લાગ્યો છે."

રાજાએ સભામાં એની કિંમત કરાવી, પણ કોઈ આ મણિની કિંમત કરી શકયું નહિ. મોટામોટા ઝવેરીઓ પણ આ મણિની કિંમત ન કરી શકવાથી રાજાએ કહ્યું, "હું બે દિવસમાં એની કિંમત કરીશ." એમ કહી મણિ રાજભંડારમાં મુકાવી રાજા અગ્નિવૈતાળની સહાયથી પાતાલમાં બલી-

રાજા પાસે ગયો અને ત્યાંથી મણિની કિંમત જાણી લાવી રાજસભામાં આવી રાજા બોલ્યો, "આ મણિરત્નની કિંમત ત્રીસ કોટી સુવર્ણ મહોરો છે."

અને પછી પેલા વણિકને ત્રીસ કોટિ સુવર્ણ આપીને રાજી કર્યો,

રાજા વિક્રમ એવી રીતે ઉદારતાથી પૃથ્વીનું પાલન કરતો ન્યાયથી રાજ્ય કરતો હતો.

પ્રકરણ ૬૦ મું

રૂકિમણી

बालस्स मायमरणं, मज्जा मरणं च जुव्वणा समये।
थेरस्स पुत्तमरणं, तिन्निवि गरुआइं दुक्खाईं॥

ભાવાર્થઃ—બાલકપણામાં માતાનું મરણ, યૌવનવયમાં સ્ત્રીનું મરણ અને વૃદ્ધપણામાં પુત્રનું મરણ આ ત્રણ જગતમાં મોટામાં મોટાં દુઃખો ગણાય છે.

રાજા વિક્રમ સભા ભરી બેઠેલા હતા. તે સમયે કોઇક પંડિત રાજસભામાં આવ્યો, અનેક વાર્તાલાપથી રાજા અને રાજસભાને રંજીત કરતાં પંડિતે રાજાને આશ્ચર્ય પમાડનારી એક કથા કહી સંભળાવી તે નીચે મુજબઃ—

હે મહારાજ! ચંપાનગરીમાં ચંપક નામે રાજાને ચંપકમાળા નામે રાણી હતી. ત્યાં દેવશર્મા નામે એક બ્રાહ્મણ રહેતો હતો તેને પ્રીતિમતિ નામે પ્રિયા હતી. બ્રાહ્મણને પ્રીતિમતિથી એક મનોહર રૂપવાળી રૂકમિણી નામે પુત્રી થઈ. પુત્રી અનુક્રમે આઠ વર્ષની થતાં પ્રીતિમતિ અચાનક મૃત્યુને આધીન થઇ.

રૂકમિણી બાળા યથાશક્તિ ઘરનું કામકાજ કરતી હોવાથી દેવશર્માએ ફરીને લગ્ન કરવાનો વિચાર માંડી

વાળ્યો. એની પાડોશમાં એક કમલા નામે વિધવા બ્રાહ્મણી રહેતી હતી. આ જુવાનજોધ જેવી કમલાને આ જુવાન દેવશર્મા ગમી જવાથી દેવશર્માની પાસે આવી રોજ એને પરણાવવા માટે સમજાવવા લાગી. પણ દેવશર્મા લગ્ન કરવા તૈયાર ન થવાથી કમલા રોજ રૂકમિણીની રસોઈ બગાડી જતી, કોઇ વખતે મીઠું નાખી જાય, તો કોઇ વખતે કચરો નાખી જાય, કોઈ વખતે પાણી નાખી જાય. એવી રીતે રોજ ખાવાપીવામાં ખલેલ પડવાથી બ્રાહ્મણ દેવશર્મા ફરી લગ્ન કરવાને તૈયાર થયો, ને કમલાને કન્યા શોધવા માટે ભલામણ કરી.

"તમારે કેવી કન્યા જોઇએ? ઉમરમાં કદાચ મોટી હોય તો ચાલે કે નહિ?" કમલાએ મોઘમ પૂછ્યું.

"હા, મોટી હશે તો શું થયું? રૂપવાન ગુણવાન હોય, ઘરનો કારભાર ઉપાડી લે તેવી ડાહી હોય, એટલે બસ!'

"મારા જેવી રૂપવાન હોય, ને મારા જેવડી હોય તો તમને ગમે કે નહિ?" કમલા મર્મમાં બોલી.

"તારા જેવડી હોય તોપણ ચાલે, પણ તારા જેવી દેખાવડી તો જરૂર હોવી જોઈએ." દેવશર્મા બોલ્યો.

"એમ જ ને!" કમલા હસી.

"હા!" દેવશર્માએ કહ્યું.

"હું પોતે તમારી સાથે પરણું તો?" કમલા હસી.

"તો તો બહુ સારું?" દેવશર્મા હસીને બોલ્યો.

કમલા દેવશર્મા સાથે હસ્તમેલાપ કરી તેની સાથે રહી ખાનપાનથી ઉત્તમ રીતે પતિની ભક્તિ કરવા લાગી; અને પતિને સમજાવીને રૂકમિણીને ગાયો ચારવા માટે વનમાં મોકલી, જેવું તેવું ખાવાનું આપી માતા વિનાની રૂકમિ-

ણીને કમલા બહુ જ દુઃખ દેવા લાગી. દેવશર્માની સાથે સુખ ભોગવતાં કમલાને એક કાણી પુત્રીનો જન્મ થયો. કાણી છતાં પણ માતા કમલા એને લાડ લડાવી ઉછેરવા લાગી.

રૂકમિણી અપરમાતાના ત્રાસથી દુઃખી થતી ઢોરો ચારવા ગયેલી, તે સીમમાં એક વૃક્ષની નીચે લમણે હાથ દઈ ને બેઠી હતી. તે સમયે ઈંદ્રના પુત્ર મેઘનાદની સ્ત્રી મેઘવતીએ નારદનું અપમાન કરવાથી નારદે મેઘનાદ પાસે આવી રૂકમિણીના રૂપગુણનું વર્ણન કર્યું. રૂકમિણીના રૂપમાં દીવાનો બનેલો મેઘનાદ નારદ સાથે રૂકમિણી બેઠી હતી ત્યાં આવ્યો; રૂકમિણીને ગાંધર્વવિધિથી પરણી પોતાની સાથે તેડી ગયો. રૂકમિણીને અન્ય સ્થાનકે રાખી પ્રતિદિવસ પોતાને હાથે તેણીને શણગારી તેણીની સાથે સુખ ભોગવવા લાગ્યો ને મેઘવતીને મનથી પણ યાદ કરતો નહિ.

પતિ ઘેર ન આવવાથી મેઘવતીએ ચિંતાતુર થઈ ને પોતાની એક સખીને પોતાના પતિના સમાચાર જાણવાને મોકલી. સખીએ મેઘનાદને અન્ય સ્ત્રી સાથે બીજે સ્થાનકે રહી સુખ ભોગવતો જોયો. એ હકીકત મેઘવતીને કહી સંભળાવી. મેઘવતી મનમાં આમણદૂમણ રહેવા લાગી, "આ બધુંય નારદજીનું પરાક્રમ લાગે છે, માટે નારદજીને હાથમાં લીધા વગર પતિનો મેળાપ હવે થશે નહિ." તેથી મનમાં મેઘવતીએ અમુક યોજના ઘડી કાઢી.

એક દિવસે નારદજી અકસ્માત્ આવી ચડ્યા. મેઘવતીએ નારદજીની ખૂબ પ્રેમપૂર્વક સ્તુતિ કરી પોતાની ભૂલની માફી માગી. એના વિનય વિવેકથી નારદજી પ્રસન્ન થયા ને બોલ્યા, "બોલ પુત્રી ! તારૂં શું કામ કરૂં ?"

"મારો પતિ મને પાછો આપો !" નારદજી મેઘવતીની વાત સાંભળી ચાલ્યા ગયા. મેઘનાદ પાસે આવી

એને સમજાવવા લાગ્યા, "અરે મૂર્ખા ! આટલો બધો આ સ્ત્રીમાં રક્ત થઇ ગયો શું ! આ મનુષ્યિણીનાં-હાડ, માંસ અને રૂધિરથી ભરેલીમાં તું દિવ્ય દેહવાળો દિવ્ય સ્વરૂપ વાળી મેઘવતીને છોડી આ સ્ત્રીમાં લોભાઇ શું ગયો ?"

નારદજીની વાણી સાંભળી મેઘનાદ શરમાઇ ગયો.

"પ્રભો ! શું કરૂં હવે ત્યારે ?" મેઘનાદ બોલ્યો.

નારદના કહેવાથી મેઘનાદ વસ્ત્રાભૂષણથી શણગારી રૂકમિણીને તે વૃક્ષ નીચે મુકી મેઘવતી પાસે ચાલ્યો ગયો. પછી રૂકમિણી ઘેર આવી, પણ પાછી ફરતાં એ વૃક્ષ નીચે તેનું એક કંકણ પડી ગયું, તેની તેને ખબર રહી નહિ.

ઘણે દિવસે રૂકમિણી ઘેર આવવાથી એની અપરમાતાએ પૂછ્યું, "ક્યાં ગઇ હતી આટલા બધા દિવસ ?"

"તે હું કાંઇ જાણતી નથી. હું જ્યાં હતી ત્યાં દેવતાની માફક માણસો સુખી અને સૌંદર્યવાન હતા."

આ વાત સાંભળી અપરમાતાએ એનાં ઘરેણાં વસ્ત્રાભૂષણ વિગેરે ઉતરાવી જીર્ણ વસ્ત્ર પહેરવા આપ્યાં.

રાજા એક દિવસે ઘોડે સવાર થઈ વનમાં ફરવા ગયેલો, તે ફરતો ફરતો પેલા વૃક્ષ નીચે જ્યાં બાળા બેઠેલી હતી ને મેઘનાદ જ્યાં મૂકી ગયો હતો ત્યાં આવ્યો તો, તે બાળાના હાથમાંથી પડી ગયેલું કંકણ તેણે જોયું. રાજાએ તે કંકણ પોતાની પટ્ટરાણીને આપ્યું. એ અપૂર્વ દિવ્ય કંકણને જોઇ પટ્ટરાણીએ બીજું એની જોડનું કંકણ મંગાવવાની હઠ પકડી; અન્યથા કાષ્ઠમાં બળી મરવા તૈયાર થઈ. રાજાએ મંત્રીઓ સાથે વિચાર કરી નગરની કન્યાઓ તેમજ સ્ત્રીઓને પોતપોતાનાં ઉત્તમ આભૂષણો ધારણ કરી ભોજન માટે આમંત્રણ આપ્યું. ઠરાવેલા દિવસે નગરની

નારીઓ રાજદરબારમાં ભોજન માટે આવવા લાગી. કાણી પુત્રી રૂકમિણિનાં આભૂષણ અને વસ્ત્રો પહેરાવી તેની સાથે રાજાના દરબારમાં કમલા પણ ભોજન કરવાને આવી. કાણીનાં દિવ્ય આભૂષણ જોઇ રાજા વિચારમાં પડયો. " આ આભૂષણો આ બાળાનાં ન હોય, માટે કંઇક ભેદ છે.

રાજાએ કાણીને પોતાની પાસે બોલાવી પૂછયું, "હે બાળે! તેં પહેરેલાં આ આભૂષણ અને કંકણ તથા વસ્ત્ર કોનાં છે?"

રાજાના પૂછવાથી કમલાના શીખવ્યા પ્રમાણે કાણી બોલી, " હે મહારાજ! મારાં વળી; બીજાં કોનાં હશે એ?"

" તારાં છે? ત્યારે આ હાથમાં કંકણ તો એક જ છે. આવું બીજું કંકણ ક્યાં છે, બતાવ!" રાજાએ પૂછયું.

" એ તો ખોવાઈ ગયું છે?" કાણીએ ઉડાઉ જવાબ આપ્યો.

" ક્યાં ખોવાયું?" રાજાએ પૂછયું.

મને ખબર નથી, મહારાજ!" કાણી બોલી.

કાણીની લુચ્ચાઈ જાણી રાજાએ તેને મારવા માંડી. " સાચું બોલ, નહિતર તને મારી નાખીશ." રાજા ચાબુક લઈને ઊઠયો. એકાદ બે'ચી કાઢયો, એટલે ભયથી ધ્રૂજતી કન્યા બોલી, " મહારાજ! મારશો નહિ આ બધાં આભૂષણ તો મારી બહેન રૂકમિણિનાં છે."

રાજાએ તરતજ રૂકમિણીને બોલાવી. જીર્ણ વસ્ત્રોમાં પણ સુંદર રૂકમિણીની કાંતિ જોઇને રાજા મોહ પામ્યો. એના પિતાને દ્રવ્ય આપી રાજા રૂકમિણી સાથે પરણ્યો અને રાજપાટ ભૂલી તેની સાથે સુખ ભોગવવા લાગ્યો. પટ્ટરાણી પાસેથી પેલું દિવ્ય કંકણ છેતરીને લઈ લીધું, ને તે નવી રાણીને અર્પણ કર્યું, આથી પટ્ટરાણી મોં વકાસીને જોઇ રહી.

કંકણ લેવા જતાં અત્યારે તો પતિને પણ તે ગુમાવી બેઠી.

નવી રાણી રૂકમિણિ સાથે સુખ ભોગવતાં નવી રાણીને ગર્ભ રહ્યો ને એને પુત્રનો પ્રસવ થવાની તૈયારી થતાં કમલાએ દેવશર્માને મોકલી રૂકમિણીને પોતાને ઘેર બોલાવી. રૂકમિણી પિતાને ઘેર આવી. ત્યાં તેણે એક પુત્રને જન્મ આપ્યો. આ પછી એક દિવસ કમલાએ રૂકમિણીને છેતરીને પોતાના ઘરના કુવામાં નાખી દીધી. અકસ્માત્ ત્યાંથી કોઇ તક્ષક નામે નાગકુમાર રૂકમિણીને ઉપાડી પોતાને સ્થાનકે લઈ ગયો. પોતાને સ્થાનકે જઇ રૂકમિણી સાથે લગ્ન કરી તે વિવિધ ભોગો તેની સાથે ભોગવવા લાગ્યો.

કમલાએ રૂકમિણીનાં વસ્ત્ર પહેરાવી પોતાની પુત્રી કાણીને રાજપુત્ર સાથે શીખવાડીને રાજા પાસે મોકલી. કાણી રાજપુત્રને લઇ રાજમહેલમાં આવી. રાજા એને જોઇ વિચારમાં પડયો. "આ શું ? શું આ રૂકમિણી છે ?" કાણીનું મોં જોઈ રાજા ચમકયો, "તારી આંખે આ શું થયું ?"

"સ્વામી ! મારા પિતાને ઘેર અંધારામાં અકસ્માત્ પડી જવાથી આંખમાં વાગ્યું ને કૂલું પડયું છે." કાણીએ જવાબ આપ્યો.

"તું ખોટું બોલે છે ! તું શું રૂકમિણી છે ? તને કોણે મોકલી છે તે કહે !" રાજાના પૂછવા છતાં કાણી કાંઈ બોલી નહિ. રાજાએ કાણીને મારવા લીધી. મારના ભયથી કાણીએ માની દીધું, "મહારાજ ! આ બધુંય કપટ મારી માતાનું છે ને રૂકમિણીને તો કૂવામાં નાખી દીધી છે."

રૂકમિણીની વાત સાંભળી કાણીને કાઢી મુકી રાજા પણ રૂકમિણી પાછળ કુવે પડવા તૈયાર થયો, પણ મંત્રીઓએ છ માસ સુધી ધીરજ ધરવાને કહ્યું.

રાજાએ વિપ્ર પ્રિયા કમલાને દેશનિકાલ કરીને રાજ-

પુત્રનો જન્મોત્સવ કર્યો. ધાત્રીઓથી રાજપુત્ર મોટો થવા લાગ્યો. રાત્રીને સમયે રૂકમિણી તક્ષક નાગની સહાયથી રાજમહેલમાં આવી બાલકને સ્તનપાન કરાવી જતી હતી. રાજાએ એક દિવસની રાત્રીએ રૂકમિણીને ઓળખી. તે એને પકડવા ગયો, પણ રૂકમિણી હાથમાંથી છટકી ગઇ, એટલે રાજા નિરાશ થયો.

ત્યાર પછીની રાત્રીએ રૂકમિણી જ્યારે બાળકને સ્તનપાન કરાવવા લાગી અને તે સ્તનપાન કરાવીને જવાને તૈયાર થઈ ત્યારે રાજાએ એકાએક રૂકમિણીને પકડી લીધી. રૂકમિણી પાછી ન ફરવાથી તક્ષક નાગ એને લેવાને રાજમહેલમાં આવ્યો. રાજાએ રૂકમિણીને પકડેલી જોઈ તક્ષક નાગ બોલ્યો, "અરે, છોડ મારી પ્રિયાને!" પણ રાજાએ રૂકમિણીને છોડી નહિ. જેથી નાગ સહસા નાગનું સ્વરૂપ ધારણ કરી રાજાને કરડયો. રાજાએ પણ એકદમ નાગને પકડીને ભીંત સાથે પછાડયો. જોરથી પછાડ લાગવાથી નાગના રામ રમી ગયા રાજાને નાગનું વિષ વ્યાપવાથી મૂર્છા આવી ગઈ.

પ્રાતઃકાળે બન્ને પતિને મરણ પામેલા જાણી રૂકમિણી કાષ્ટભક્ષણ કરવાને તૈયાર થઈ. વાજંત્રના નાદથી બન્ને પતિની સાથે રૂકમિણી સતી થવાને સ્મશાને આવી. ચિતા રચાવી પોતે બળી મરવાને તૈયાર થઇ. તે સમયે અકસ્માત્ મેઘનાદ એ દૃશ્ય જોઈ ત્યાં આવ્યો. રૂકમિણીને સતી થતાં અટકાવવા લાગ્યો. "અરે, સ્ત્રી! મને ઓળખે છે કે ભૂલી ગઈ? મારા જીવતાં તું સતી કેમ થાય છે?" મેઘનાદ બોલ્યો.

"તમે તો પરણીને મને છોડી દીધી. ત્યાર પછી મારે આ બે પતિ થયા છે. ભાગ્યયોગે તે બન્ને મરણ પામ્યા છે. તે જીવતા ન થાય તો મારે તેમની સાથે કાષ્ઠભક્ષણ કર્યે જ છૂટકો છે." રૂકમિણી બોલી.

"જરા સબૂર! હું તેમને સજીવન કરું છું!" મેઘનાદે રૂકમિણીને સમજાવી બન્ને મૃતક પર અમૃતજળ છાંટી બન્નેને સજીવન કર્યા. રૂકમિણીના ત્રણે પતિ ત્યાં એકત્ર થયા ને "આ મારી! આ મારી!" કહીને વાદવિવાદ કરવા લાગ્યા. "એ તો જબરાનું જોર! જબરો હોય તે લઈ જાય; પણ ન્યાયથી એ કોની પત્ની!"

અવંતીરાજ વિક્રમાદિત્યની સભામાં અદ્‌ભુત કથાને કહેતા પંડિતે પૂછયું, "તમે બધા વિચારીને કહો એ ત્રણે પતિમાંથી રૂકમિણી કોની પત્ની થાય?"

પંડિતનો પ્રશ્ન સાંભળી રાજસભા વિચારમાં પડી ગઈ, પણ કાંઇ નિર્ણય થઈ શકયો નહિ. રાજા વિક્રમ બોલ્યો, "અરે પંડિત! એ સ્ત્રી તો રાજાની કહેવાય!"

"રાજાની શી રીતે થાય? એને શરૂઆતમાં પરણનાર તો મેઘનાદ હતો, પ્રથમ પરણનાર જ એનો ખરો પતિ ગણાય ને!" મંત્રીએ કહ્યું.

"રૂકમિણી મનુષ્ય છે, અને મનુષ્ય ઉપર પ્રથમ મનુષ્યનો હક્ક હોય છે. મેઘનાદ મનુષ્ય નહોતો તેમજ તક્ષક નાગ પણ મનુષ્ય ન હતો. તેઓ મનુષ્ય ન હોવાથી મનુષ્ય સ્ત્રી ઉપર હક્ક–માલિકી ધરાવી શકે નહિ. રાજા મનુષ્ય હોવાથી રૂકિમણી ઉપર રાજાનો જ હક્ક હતો, જેથી એ ત્રણે પતિઓમાં રૂકમિણી રાજાની જ સ્ત્રી ગણાય." વિક્રમાદિત્યની વાત સાંભળી પંડિત અને રાજસભા ખુશી થઈ. રાજાની વાત એ બધાના ગળે ઉતરી ગઈ. રાજાએ પંડિતનું બહુ સન્માન વધાર્યું ને પંડિતને દશકોડ સુવર્ણમહોરો આપી રાજી કર્યો. પંડિત રાજી થઈ રાજાને નમી ચાલ્યો ગયો.

વિક્રમ રાજાની સભામાં જે કોઇ વિદ્વાન અગર પંડિત કે કવિશિરોમણિ એવી અદ્‌ભુત ને આશ્ચર્યકારી કથાને કહે

છે. તેને પુષ્કળ ધનામ આપીને રાજા સંતોષ પમાડે છે એ રાજા વિક્રમની ઉદારતા ક્યાં? અને આજના લક્ષ્મીવાનોની દૂષણતા ક્યાં?

अयं निजः परोवेति, गणना लघु चेतसां।
उदार चरितानां तु, वसुधैव कुटुंबकं॥

ભાવાર્થઃ—આ મારૂં છે, યા આ પારકું છે, એવી ગણતરી તો તુચ્છ ચિત્તવાળાઓની હોય છે અર્થાત્ સંકુચિત મનવાળા જીવો આ મારૂં છે, આ બીજાનું છે એવી માન્યતા રાખી સ્વાર્થ સાધવામાં એકચિત્તવાળા રહે છે, પણ ઉદાર ચિત્તવાળા પુરૂષોને મનમાં એવું કાંઇ હોતું નથી. તે તો આખીય પૃથ્વીને પોતાના કુટુંબ જેવી ગણી પોતાની મિલ્કત સર્વેના ઉપયોગમાં આવે તેવી રીતે વર્તે છે, અને તેઓ પોતાનો ને પારકો ભેદ ગણતા નથી. બધાએ એમને મન સરખા હોય છે; એટલે સર્વે જગતને પોતાના કુટુંબ જેવું ગણી પોતાનો હાથ મોકળો રાખે છે

પરદુઃખભંજન અવંતીપતિ વિક્રમની ઉદારતાથી લોકો કર્ણ દાનેશ્વરીને પણ ભૂલી ગયા હતા. આજના જમાનાના સાક્ષાત્ કર્ણ જેવા વિક્રમ રાજાને પામી લોકો પોતાનાં મનોવાંચ્છિત મેળવી રામરાજ્યની માફક સુખમાં કાલ વ્યતીત કરતા હતા, ને કલ્પવૃક્ષ તો કોઈને સ્વપ્નામાં પણ યાદ આવતું નહોતું.

પ્રકરણ ૬૧ મું

પરકાયપ્રવેશ-વિદ્યા

यथा गजपतिः श्रान्तः, छायार्थी वृक्षमाश्रितः।
विश्रम्य तं गजो हंति, तथा नीचः स्वमाश्रयम्॥

ભાવાર્થ:—મદોન્મત્ત હાથી તાપથી તપેલો, વૃક્ષની નીચે આવી તેની છાયામાં શાંતિ પામે છે—વિશ્રામ લે છે. વિશ્રામ લીધા પછી તે હાથી એ વૃક્ષને જ ભાગી નાખે છે; તેવી જ રીતે નીચ પુરૂષો પણ જેણે આશ્રય આપેલો હોય તેનો જ નાશ કરી નાખે છે.

"હે બ્રાહ્મણ! તું ક્યાંથી આવે છે? કેમ આવ્યો છે? શું કાંઈ આશ્ચર્યની વાત લાવ્યો છે?" એક દિવસે રાજસભામાં આવેલા એક બ્રાહ્મણને રાજાએ પૂછયું.

"મહારાજ! કૃપાનાથ! અનેક તીર્થો જેવાં કે ગંગા, ગોમતી, ગોદાવરી, કાશી, પ્રયાગ વિગેરે સ્થાનકે ફરતો ફરતો આવ્યો છું. તીર્થોની સેવા કરતાં મેં એક અદ્‌ભુત યોગીને એક સ્થાનકે જોયો!" પેલો રાજસભામાં આવેલો વિપ્ર રાજાની સામે બોલ્યો.

"તે યોગી શું કાંઈ ચમત્કાર જાણે છે?" રાજાએ પૂછયું.

"હા, અવંતીરાજ! પરકાય પ્રવેશ-વિદ્યાને જાણનારા અને પર્વતની ગુફામાં રહેલા એ યોગીની મેં છ માસ સુધી અદ્‌ભુત સેવા કરી, પણ યોગી મારી ઉપર પ્રસન્ન થયા નહિ અને મને એ પરકાયપ્રવેશ-વિદ્યા આપી નહિ. માટે હે કૃપાળુ! તમે દાતાર છો, પરદુઃખભંજન છો, તો યોગી પાસેથી એ વિદ્યા મને અપાવી મારૂં દુઃખ ભાગો!"

વિપ્રની વાત સાંભળી રાજા એનું દુઃખ ભાગવા તૈયાર થયો. ભટ્ટમાત્રને રાજ્ય ભળાવી રાજા પેલા વિપ્રની સાથે પર્વતની ગુફામાં એ સિદ્ધ યોગીરાજ પાસે ગયો. રાજાએ યોગીની સેવા ચાકરી કરી. વિનય, ભક્તિ અને મધુર વચનથી રાજાએ યોગીને પ્રસન્ન કર્યો. રાજાની સેવાથી પ્રસન્ન થઇને યોગી બોલ્યો, "હે નરોત્તમ! મારી પાસે

રહેલી પરકાયપ્રવેશ-વિદ્યાને તું ગ્રહણ કર ! મારી પાસે રહેલી એ અમૂલ્ય વિદ્યાને ગ્રહણ કરી તારી ભક્તિનું તું ફળ મેળવ !"

યોગીની પ્રસન્નતા જોઇ રાજા બોલ્યો, "યોગીરાજ ! આપ જો મારા ઉપર પ્રસન્ન થયા હો તો પરકાય-પ્રવેશ-વિદ્યા પહેલાં આ વિપ્રને આપો."

રાજાની ઉદારતા જાણી યોગી બોલ્યો, "રાજન્ ! આ વિપ્ર એ વિદ્યા મેળવવાને અયોગ્ય છે, કૃતઘ્ની છે, પાપી છે. અપાત્રને વિદ્યા આપવાથી મહા અનર્થને કરનારો થાય છે. એવાને વિદ્યા આપીને તે હું શું કરું ?"

યોગીની વાણી સાંભળવા છતાં રાજાએ આગ્રહ કર્યો, "યોગીરાજ ! એ ગમે તેવો હોય છતાં આપ એને મારા ઉપર કૃપા કરીને વિદ્યા આપો."

"પણ એને વિદ્યા આપીશ તો તને પોતાને જ એ અનર્થ કરનારો થશે, એ મારું વચન સત્ય માનજે." યોગીએ પુનઃ નિષેધ કર્યો.

"ભલે એ મને અનર્થ કરનારો થાય, છતાં આપ એને વિદ્યા આપો !" રાજા વિક્રમના આગ્રહથી યોગીએ રાજા અને વિપ્ર બન્નેને પરકાયપ્રવેશ-વિદ્યા આપી.

યોગીરાજને નમી તેમની સ્તુતિ કરી પોતાનું કાર્ય સિદ્ધ થવાથી વિદ્યાસંપન્ન રાજા અને બ્રાહ્મણ ત્યાંથી ચાલ્યા. બન્ને વિદ્યાર્થી ગુરૂભાઇ થયેલા અનુક્રમે અવંતીના ઉદ્યાનમાં આવ્યા, ને એક વૃક્ષ નીચે વિશ્રામ લેવાને બેઠા.

રાજા વિક્રમનો પટ્ટહસ્તી મૃત્યુ પામવાથી મંત્રીઓ તે સમયે ઉદ્યાનની નજીક શહેર બહાર એક મોટો ખાડો ખોદાવતા હતા. રાજાને પટ્ટહસ્તીના મૃત્યુની જાણ થતાં તે વિપ્ર તરફ નજર કરીને બોલ્યો, "હે વિપ્ર ! મારા

શરીરનું તું રક્ષણ કર! અને હું પટ્ટહસ્તીના શરીરમાં પ્રવેશ કરી તેને સજીવન કરૂં.—આ પરકાયપ્રવેશ-વિદ્યાને અજમાવી ખાતરી તો કરૂં!"

રાજા વિક્રમે બ્રાહ્મણને પોતાના શરીરની રક્ષા કરવાનું સુપ્રત કરી, શરીરમાંથી નીકળી પટ્ટહસ્તીના શરીરમાં પ્રવેશ કર્યો. પટ્ટહસ્તી જીવતો થઇ ઉભો થયો. એના હરવા ફરવાથી બધા લોકો ખુશી થયા. જય જય શબ્દો થવા લાગ્યા. માંગલિક વાજાં વાગવા માંડયાં. બધે આનંદ આનંદ થઇ રહ્યો.

રાજા વિક્રમનું શરીર બ્રાહ્મણની પાસે રક્ષામાં હોવાથી બ્રાહ્મણની વિચારશ્રેણી હવે પલટાઈ; "અરે બ્રાહ્મણના બોળિયામાં આવી મેં શું સુખ દીઠું? દુઃખ, દારિદ્ર, દૌર્ભાગ્યથી મારૂં જીવન બળે ગયું. હવે તો સુખ મળે કદાચ! પણ સુખ શી રીતે મળે?" વિચાર કરતો વિપ્ર મનમાં ચમકયો; "અરે અત્યારે હું જ વિક્રમ બની જાઉં તો? મારા સુખોમાં કાંઈ ખામી આવે? આ મોટા વિશાળ રાજ્યનો હું જ સ્વામી! અનેક રાણીઓનોય સ્વામી! વાહ, આવી તક કાંઇ ફરી ફરી મળવાની હતી? આ તક ગુમાવી તો થઇ રહ્યું. ફરી કયારે આવી તક આવશે! હું પણ રાજાની માફક અત્યારે મારી વિદ્યા અજમાવું. આવું મુહૂર્ત ફરી કયારે આવવાનું હતું તે! રાજા પટ્ટહસ્તી થઇ ગયો તો હવે હું રાજા થાઉં!"

એ વિપ્રે પોતાના શરીરમાંથી રાજાના શરીરમાં પ્રવેશ કર્યો. રાજા વિક્રમ ઉભો થઇ નગરમાં આવ્યો. રાજમહેલમાં આવી મંત્રીઓ અને રાણીઓને મળ્યો. રાજાની આવી ચેષ્ટા જોઇ મંત્રીઓ અને રાણીઓ વિચારમાં પડી ગયાં.

"આ શું થયું? રાજાજી તો બદલાઇ જ ગયા. અજાણ્યાં સ્થાનકની માફક અતડા રહે છે. પહેલાંના આ

રાજા જ નહિ. શરીર તો રાજા વિક્રમનું છે, ત્યારે આ કોણ! વિક્રમના શરીરમાં પ્રવેશ કરી અહીં આવનાર કોણ ?"

આળસુ, પરાક્રમ વગરના ને બોલવા ચાલવાના પણ ઠેકાણા વગરના રાજાને જોઈ મંત્રીઓ પણ મુંઝાયા. પરસ્પર મંત્રીઓ વિચાર કરવા લાગ્યા; "નક્કી આ રાજા વિક્રમ નથી." રાણીઓ-પટરાણી આદિ સર્વેને ખાતરી થઈ કે, "રાજા વિક્રમ આ ન હોય. હશે જે હશે તે હવે જણાશે." વિક્રમનું શરીર ધારીને આવેલા સાથે રાણીઓ બહુ જ સાવધાનીથી વર્તવા લાગી.

પદ્મહસ્તીના શરીરમાંથી નીકળી રાજા વિક્રમ પોતાના શરીરમાં પ્રવેશ કરવા માટે પોતાના સ્થાનકે, જ્યાં શરીર વિપ્રને સોંપેલું હતું ત્યાં ગયો, પણ પોતાનું શરીર જોયું નહિ,ને વિપ્રના શરીરને તો પક્ષીઓથી ભક્ષણ કરાતું જોયું. નગરની બહાર પોતાના શરીરને ન જોવાથી રાજા વિચારમાં પડયો; "નક્કી આ દુષ્ટ વિપ્ર વિશ્વાસઘાતી થયો. યોગી મહારાજે કહ્યું હતું કે આ તને અનર્થ કરનારો થશે, નક્કી એ વચન અત્યારે સત્ય થયું. મારા શરીરમાં પ્રવેશ કરી રાજમહેલમાં એ પહોંચી ગયો. હવે શું? અત્યારે તો મારા રાજ્યને ભોગવનારો, મારા અંતઃપુરમાં પણ સ્વેચ્છાએ ગમન કરનારો થયો. અરે એ દુષ્ટ બ્રાહ્મણ! શું તું આવો નીચ થયો? તારી આવી નીચતા? આહા! જગતમાં વિધિ શું શું નથી કરતી. લક્ષ્મી, ઐશ્વર્ય અને ઠકુરાઈને પામીને કયો મનુષ્ય ગર્વ નથી કરતો? આપદાઓ કોને નથી આવતી? મોટાઓને પણ આપત્તિઓ આવે છે. જગતમાં સ્ત્રીઓએ કયા પુરૂષનું મન સ્ખલિત કર્યું નથી? રાજાને કોણ પ્રિય હોય છે? કાળરાજાએ કોનો શિકાર કર્યો નથી? કોણ યાચક ગૌરવતાને પામે છે? અથવા તો દુર્જનની

માયાજાળમાં સપડાયેલો કોણ પુરૂષ ક્ષેત્રકુશળ રહી શકે છે ? માટે એ બધીય વિધિની રચના છે. હવે મારે શું કરવું ?" વિચારમાં પડેલો રાજા વનમાં ભ્રમણ કરતો એક મૃત્યુ પામેલા શુકના શરીરમાં પેઠો. શુક આકાશમાં ઉડીને નગર તરફ આવતો હતો. ત્યારે તે સમયે નગર તરફ જતા કોઇક મનુષ્યના હસ્ત ઉપર બેસીને બોલ્યો; "અરે પુરૂષ ! મને લઈને અવંતી નગરીમાં જા ! રાજમહેલની નજીક જઈ મને વેચી નાખ. પટ્ટરાણી કમલાવતી પાસેથી છસો દિનાર લઇ મને તું રાણીને આપી દેજે." પોપટની વાણી સાંભળી ખુશી થયેલો તે પુરૂષ શુકને લઈને નગરીમાં આવ્યો. રાજમહેલની નજીક આવી કમલાવતી દેવીને, છસો દિનાર લઈને એ શુક આપી દીધો. કમલાદેવી એ શુકને જોઈ અત્યંત ખુશી થઇ. કમલાદેવી શુકને જે જે પ્રશ્નો પૂછતી તે તે સર્વનો શુક સ્પષ્ટ ભાષામાં ઉત્તર આપતો હતો. પ્રતિદિવસ આવા પ્રશ્નોત્તરથી રાજી થયેલી કમલાદેવી શુકને જોઈને પ્રફુલ્લિત થતી સુખમાં સમય વિતાવતી હતી.

શુકના મનમાં વિચાર આવ્યો, "મારી ખરી હકીકત કમલાદેવીને કહી દઉં તો ? પણ અરે એથી શું ? એ હકીકત જાણીને કમલાદેવી કદાચ ભૂપતિને મારી નાખશે તો લોકમાં એથી તો ઉલટો અર્થનો અનર્થ થશે. અગર તો આ રાજા-વિપ્ર જો મને શુકના સ્વરૂપમાં ઓળખી જાય તો પ્રપંચ રમીને મને મરાવી નાખે, માટે એ કોઈ યુક્તિ ઠીક નથી. અત્યારે તો શુકરૂપે જ રહેવામાં ડહાપણ છે. સમય અનુકૂળ આવશે ત્યારે જોઈ લેવાશે" કમલાદેવી સાથે ભોજન કરતો ને કમલાદેવીને વાણીવિનોદથી રાજી કરતો શુક, સમયને વીતાવવા લાગ્યો. કમલાદેવી પણ શુક સાથે એટલી બધી હળીમળી ગઇ હતી કે શુક વગર લગારે



પટ્ટરાણી કમલાવતી પાસે પરકાયા પ્રવેશ વિધિથી શુકના કલેવરમાં પ્રવેશ કરી પાંજરામાં રહેલ વિક્રમાદિત્ય. પૃષ્ટ ૫૧૮

એને ચેન પડતું નહિ. શુકની સાથે એને અત્યંત ગાઢ પ્રીતિ થઈ ગઇ હતી.

એક દિવસ વાર્તાવિનોદ કરતાં શુક બોલ્યો, "હે રાણી! હું પંખી જાત હોવા છતાં મને લાગે છે કે મારી સાથે તમારી ગાઢ પ્રીતિ બંધાઈ ગઈ છે."

"હા, ખરી વાત છે મારા શુક! તારા વિના મને જરાય ગમતું નથી. તને જોઉં છું ને હું રાજી રાજી થાઉં છું."

રાણીની વાત સાંભળી શુક બોલ્યો, "હું કદાચ મરી જાઉં તો તમે શું કરો?"

"એવી વાણી ન બોલ! તું કદાચ મરી જાય તો તારી સાથે અગ્નિમાં હું બળી મરીશ એ નક્કી સમજજે." રાણી બોલી.

કમલાદેવીનો ગાઢ સ્નેહ જોઈ શુક મનમાં રાજી થયો. એક દિવસે મકાનમાં એક ગરોળીને મરણ પામેલી જોઇ રાજા શુકના શરીરમાંથી નીકળી ગરોળીના શરીરમાં પેઠો. બસ બલાસ, શુક મૃત્યુ પામી ગયો.

શુકને મૃત્યુ પામેલો જોઇ રાણી કમલાદેવી વિલાપ કરતી શુક સાથે કાષ્ઠભક્ષણ કરવાને તૈયાર થઈ. કમલા-દેવીને કાષ્ઠભક્ષણ માટે તૈયારી કરતી જોઇ રાજમહેલમાં તેમ જ મંત્રીઓમાં હાહાકાર મચી રહ્યો. કમલાદેવીને શુકની પછવાડે બળી મરતી જાણી રાજાના શરીરમાં રહેલો વિપ્ર બોલ્યો; "અરે રાણી! કાષ્ઠભક્ષણ કરી તારા આત્માને કલેશ ન પમાડ, હું શુકને હમણાં જ સજીવન કરીશ." રાજાના શરીરમાં રહેલા વિપ્રે રાણીને દિલાસો આપી શુકના શરીરમાં પ્રવેશ કર્યો. શુક હાલતો ચાલતો ઉભો થયો. પછી તરત જ ગરોળીના શરીરમાં પ્રવેશ કરેલો

રાજા ત્યાંથી નીકળીને તરત જ પોતાના શરીરમાં દાખલ થઈ ગયો. રાજાને પોતાના મૂળ સ્વરૂપમાં ઓળખી, સત્ય, સાહસ, પરાક્રમ અને ઔદાર્યથી મંત્રીઓ જાણી ગયા કે રાજા વિક્રમ આ પોતે જ છે.

મંત્રીઓએ રાજાને ખુલાસો પૂછવા કહ્યું કે "હે મહારાજ! આ બધું શું બની ગયું?"

રાજા વિક્રમે પરકાયપ્રવેશ-વિદ્યાનો અને આ શુકના શરીરમાં દાખલ થયેલા વિપ્રનો બધો સંબંધ મંત્રીઓ આગળ કહી સંભળાવ્યો.

રાજાએ શુકને પકડીને તાડના કરતાં કહ્યું, "દુરાશય! પાપી! બોલ? તને શી શિક્ષા કરું? તારી ઉપર ઉપકાર કરી તને પરકાયપ્રવેશની વિદ્યા અપાવી તેનો બદલો તેં મને સારો આપ્યો."

રાજા વિક્રમે ઉપકાર ઉપર અપકાર કરનાર શુક ઉપર દયા લાવી તેને છોડી દીધો. શુક રાજાના હાથમાંથી મુક્ત થતાં વનમાં ચાલ્યો ગયો. અંતઃપુરની રાણીઓ પણ રાજાની વાત સાંભળી ચમત્કાર પામી અને પોતાના પતિને ઓળખી ગઇ.

પરકાયપ્રવેશની વિદ્યાને જાણનારા રાજા વિક્રમાદિત્યે, પરોપકારમાં રસિક હોવાથી યોગી પાસેથી એ વિદ્યા વિપ્રને અપાવી પોતાની પરોપકાર ઉદારવૃત્તિ સિદ્ધ કરી બતાવી. ને પોતાનો અપકાર કરનાર થશે એમ જાણવા છતાં પણ એવા દુર્જન ઉપર ઉપકાર કરવો અથવા તો ઉદાર થવું એ નરી સજ્જનતાની અવધી નહિ તો બીજું શું?

છતાંય સજ્જનો—ઉદાર પુરૂષો જેમ પોતાની ઉદારતા છોડતા નથી, પોતાનાં પરોપકારી કૃત્યો કરતાં જેમ અટકતા નથી, તેમ દુર્જનો પણ કયાં પાછા પડે તેમ છે? સાણસામાં

સપડાયા છતાં પોતાની દુર્જનતા છોડે તેવા તે નથી હોતા, કારણકે જગતમાં કાંઈ સ્વભાવનું ઔષધ હોતું નથી. સારા અગર દુષ્ટ પ્રાણીના જેવો સ્વભાવ હોય છે, તે તેના મૃત્યુ સુધી પ્રાયઃ કાયમ જ રહે છે. રાજા વિક્રમની આવી અપૂર્વ ઉદારતાથી કોણ આશ્ચર્ય નહિ પામે ? પોતાના ખરા દુશ્મન–શત્રુ પ્રત્યે પણ રહેમ નજર રાખી તેને જીવતદાન આપવું તે આ લોક અને પરલોકને હિતકારી તો જરૂર કહેવાય.

"જૈસા પાણીકા બુદબુદા, જૈસી વેલુંકી ભીંત,
જૈસા નીચકા આશરા, તૈસી દુર્જનકી પ્રીત."

પ્રકરણ ૬૨ મું

આશ્ચર્ય

परोपकारः कर्त्तव्यः, प्राणैः कंठगतैरपि ।
परोपकृतितोऽमुत्र, परत्र च सुखी भवेत् ॥

ભાવાર્થઃ—કંઠે પ્રાણ આવે ત્યાંસુધી પણ માણસે પરોપકાર કરવો જોઈએ, કારણકે પરોપકાર કરનાર માણસ આ ભવમાં અને પરભવમાં સુખી થાય છે.

રાજા વિક્રમ સભા ભરીને રાજસભામાં બેઠો હતો તે સમયે વિદ્યાશક્તિને જાણકાર કોઈ વૈતાલિક રાજ-સભામાં આવી રાજાની સન્મુખ ઉભો રહ્યો, અને રાજાને ચાતુર્ય ભરેલો આશીર્વાદ આપ્યો

રાજાએ પૂછયું, "ક્યાંથી આવ્યો છે ? કેમ આવ્યો છે ?"

રાજાના પ્રશ્નના જવાબમાં વૈતાલિક બોલ્યો, "હે રાજન્! તમને કંઇક આશ્ચર્ય બતાવવા આવ્યો છું. તમે સાવધ

થઇને જુઓ !”

વૈતાલિકનાં વચન સાંભળી રાજાએ કહ્યું, “હે કલા-શાલિન્! તારી અદ્‌ભુત કળા બતાવી મારી રાજસભાને રંજીત કર.”

રાજાની વાત સાંભળી વૈતાલિક તરત જ અદૃશ્ય થઈ ગયો. રાજસભામાં તેને એકદમ અદૃશ્ય થયેલો જોઈ બધી રાજસભા આશ્ચર્ય પામી. “વાહ! તારી કળા!” વૈતાલિકની અદૃશ્ય થવાની ચર્ચા રાજસભામાં ચાલે છે તે દરમિયાન એક પુરૂષ એક હાથમાં તલવાર અને એક હાથમાં નારીને ગ્રહણ કરી આકાશમાંથી ઉતરી રાજ-સભામાં આવ્યો. રાજા વિક્રમને નમસ્કાર કરી તે પુરૂષ બોલ્યો. “મહારાજા! આકાશમાં આજે દેવ અને દાનવનું મોટું યુદ્ધ શરૂ થાય છે. હું ઈંદ્રનો સેવક છું ને ઈંદ્ર તરફથી દૈત્યો સામે લડવા જનાર હોવાથી આ મારી પત્નીને સ્વર્ગમાં કયાં રાખું? વિચાર કરીને તમારા જેવા પરનારી સહોદર અને પરોપકારી પુરૂષને સુપ્રત કરી રણમાં જાઉં છું કે જેથી પત્ની તરફની ચિંતા છોડીને હું રણસંગ્રામમાં યુદ્ધ કરી શકું—સ્વામીની વતી શત્રુ સાથે યુદ્ધમાં લડીને જય મેળવી શકું! તે માટે હે રાજન્! આ મારી પત્નીની તમે હું રણ જીતીને આવું ત્યાં લગી તમારા અંતઃપુરમાં રાખો.” એ પુરૂષ, એ પ્રમાણે કહીને પોતાની સ્ત્રીને સભાના દેખતાં રાજાને સોંપી યુદ્ધ કરવાને સ્વર્ગમાં ચાલ્યો ગયો.

એ પુરૂષને જવાને થોડી વાર થઈ ત્યાં તો આકાશમાં ભયંકર ગર્જનાઓ થવા લાગી. ભયંકર હાકોટા, ધૂમરાણ, કિલકિલાટ, શોરબકોર થઇ રહ્યો. આકાશમાં શસ્ત્રોના ખણખણાટ ને ભયંકર કકલાણ જોઇ બધી રાજસભા

આકાશ તરફ મીટ માંડીને જોવા લાગી, "અરે, દેવ અને દાનવનો ભયંકર સંગ્રામ શરૂ થયો!" અકસ્માત્ રાજસભામાં રાજાની આગળ એક પુરૂષના હાથ પડ્યા. આખી સભાના આશ્ચર્ય વચ્ચે થોડી વારે તેના પગ પડ્યા. તે પછી થોડી વારે એના શરીરનો બીજો ભાગ પડ્યો. રાજા વિક્રમ અને સભા આશ્ચર્યથી જોતે જોતે એ પુરૂષનું મસ્તક પડ્યું ને સભામાં ગમગીની વ્યાપી ગઈ, "અરે, આ પુરૂષ બિચારો મરી ગયો. પોતાના સ્વામીની વતી લડતાં લડતાં આ સ્વામીભક્ત પુરૂષે પોતાનું બલિદાન આપ્યું, પણ બિચારી એની પત્નીનું શું?"

પોતાના સ્વામીને મરણ પામેલા જાણી એ સ્ત્રી રાજસભામાં દોડી આવી કલ્પાંત કરવા લાગી, "અરે રાજન્! તમે તો મારા ભાઈ જેવા છો, મારા પતિ તો યુદ્ધમાં દૈત્યો સાથે લડતાં માર્યા ગયા છે. હવે પતિ વિનાની સ્ત્રીને તો પતિ સિવાય અગ્નિનું જ માત્ર શરમ છે; માટે હે રાજન્! મારા પતિ સાથે હું હવે કાષ્ઠભક્ષણ કરીશ. માટે તમે મને એ પવિત્ર કાર્યમાં સહાય કરનારા થાઓ."

સ્ત્રીની સતી થવાની અભિલાષા જાણી રાજા વિક્રમે એને સમજાવવા માંડી, "અરે સ્ત્રી! પતિને પછવાડે અગ્નિમાં બળી મરી જીવનને બરબાદ કરવા કરતાં તું તારા પતિની પાછળ ધર્મસાધન કર. દીન, દુઃખી અનાથને દાન આપી પરોપકાર કરવામાં તત્પર થા, કે જેથી તારા આત્માનું કલ્યાણ થાય."

રાજાનો ઉપદેશ તે સ્ત્રીએ માન્ય કર્યો નહિ, "મહારાજ! પતિની હયાતીમાં જ એ બધું સતી કરી શકે છે. પતિના મરણ પછી તો સતી એની સાથે અગ્નિમાં જ બળી મરે છે. પતિની ગતિ એ જ સતીની, રાજન્!"

"તારે સતી થવું હોય તો ભલે! તારો આગ્રહ હશે તો અમે રોકશું નહિ, પણ હાલમાં થોડો સમય સબૂર કર! દેવ અને દાનવના સંગ્રામનું પરિણામ આવવા દે! તે પછી તું તારી મરજી પ્રમાણે કરી શકે છે."

"અરે રાજા! આ તારો ખોટો શો આગ્રહ! મારે માટે ઝટ તૈયારી કર. સ્મશાનમાં ચેહ કરાવ. મારે ને મારા પતિને છેટું પડે છે. એમની સાથે બળી મરવાથી મારી ને તેમની એક ગતિ થાય; પરભવમાં પણ અમે ભેગાં થઈએ."

"અરે ભોળી સ્ત્રી, આવા પાઠ તને કોને ભણાવ્યા? મૃત્યુ પછી કોઈ એકબીજાને મળી શકતું હશે ખરૂં? જગતમાં સૌના રસ્તા જુદા છે. પતિ મરીને બીજી યોનિમાં જાય છે, ત્યારે સ્ત્રી મરીને પોતાનાં સારાં માઠાં કૃત્યોના અનુસારે કોઈ અન્ય યોનિમાં ચાલી જાય છે. પંખીના મેળાની માફક મળેલાં માનવી મૃત્યુ પછી પાછાં ભાગ્યે જ મળે છે. જેમ રાત્રીએ એક વૃક્ષ ઉપર એકત્ર થયેલાં પંખીઓ પ્રાતઃકાળે જુદી જુદી દિશામાં ચાલ્યાં જાય તેમ, પોતપોતાના કર્મને અનુસારે સૌ જુદે જુદે સ્થાનકે ચાલ્યાં જાય છે, માટે હે સ્ત્રી, આ બધો વલોપાત છોડી દે!"

એ સ્ત્રીએ પોતાનો કદાગ્રહ છોડયો નહિ, "રાજન્! એ બધી તારી વાત મારે સાંભળવી નથી. મારી તો એક જ માગણી છે, મારે માટે સ્મશાનમાં ચેહની તૈયારી કરાવે છે કે નહિ? નહિતર હમણાં જ તને સ્ત્રીહત્યાનું પાપ આપું છું."

રાજાની સમજાવટ છતાં આ મૂર્ખ સ્ત્રી કોઇ રીતે નહિ સમજવાથી રાજાએ એની ચિતા માટે સ્મશાનમાં તૈયારી કરાવી. ધામધૂમથી આડંબર પૂર્વક તે સ્ત્રી પતિના

શરીરને લઇને સ્મશાનમાં આવી; પતિના શરીરને પોતાના ખોળામાં મુકી ચિતા ઉપર ચડી બેઠી. ચિતા અગ્નિની જ્વાળાઓથી ભડભડ બળવા લાગી. બધાંના જોતે જોતે તે સ્ત્રી અગ્નિમાં બળીને ભસ્મીભૂત થઈ ગઈ. રાજા પરિવાર સહિત શોક કરતો રાજસભામાં આવ્યો.

શોકથી વ્યાકુળ થયેલો રાજા મંત્રી સાથે સભામાં બેઠો હતો તે સમયે અકસ્માત્ અક્ષત અંગવાળો તે પુરૂષ જમણા હાથમાં તલવારને નચાવતો વિજયી મુખમુદ્રાને ધારણ કરતો સ્વર્ગમાંથી રાજસભામાં આવ્યો, "રાજન્! વિજય! વિજય! તારી કૃપાથી હું જીત મેળવીને આવ્યો. યુદ્ધમાં દાનવો હારી ગયા અને દેવતાઓનો જય જયકાર થયો. યુદ્ધ હવે બંધ થઇ ગયું હોવાથી હું મારી પ્રિયાને લેવા આવ્યો છું. હવે દાનવના ભયથી રહિત સ્વર્ગમાં પ્રિયાને લઇ જઇશ. તેં મને આટલી સહાય કરી એ માટે તારો ઉપકાર માનીશ, રાજન્!" આમ કહી એ પુરૂષે રાજાની પાસે પોતાની પ્રિયાની માગણી કરી.

એ પુરૂષનાં આ પ્રકારનાં વચન સાંભળી રાજા સહિત મંત્રીઓ આશ્ચર્ય પામ્યા. કંઈક આશ્ચર્ય અને કંઈક શોક-મિશ્રિત વાણીથી રાજા બોલ્યો, "અરે પુરૂષ! તારી સ્ત્રી તો કાષ્ઠભક્ષણ કરી તારી પછવાડે સતી થઈ ગઈ. અરે ઉતાવળીએ જરા ધીરજ ધરી હોત તો બધી આપદા ટળી જાત." રાજાએ બધી હકીકત કહી સંભળાવી.

"સતી થઈ ગઈ? ખોટી વાત. હું જીવતો જમ જેવો જાગતો બેઠેલો છું—હયાત છું, ને તે સતી થાય કેવી રીતે? રાજન્! મને તો એમાં કંઇક તારો દગો લાગે છે."

"દગો શાનો વળી એમાં? તારા ગયા પછી આકાશમાં દેવદાનવનું યુદ્ધ શરૂ થયું. થોડી વારે તારા હાથ,

પગ, માથું, શરીર એક પછી એક અમારી આગળ પડયાં. તારી પત્નીએ તેને પોતાના પતિનાં જાણી કાષ્ઠભક્ષણ કરવાની હઠ લીધી. એ સતીના ભસ્મ થયા પછી હજી તો અમે સભામાં આવીને બેઠા છીએ, ત્યાં વળી તને સાજા-તાજા જોઇ અમને વિચાર થયો કે આ શું ? સ્ત્રીએ વગર વિચાર્યું શું કરી દીધું ? ઓળખ્યા પારખ્યા વગર ત્યારે એ કોની સાથે બળી ભસ્મ થઈ ગઇ ?" રાજાએ બધી વાત તે પુરૂષને કહી સંભળાવી.

"રાજન ! ખોટું બોલી મને ઠગશો નહિ. શું મારી સ્ત્રી કાષ્ઠભક્ષણ કરી બળી મરી ગઈ છે ?" પેલો પુરૂષ રોષ ધરતો બોલ્યો.

"હા, એમાં શું શક છે ? આ બધાય સભાસદો એના સાક્ષી છે."

"એ બધાય તમારા માણસો ને ! તમારૂં ગાયું ગાય એ તો !"

"ત્યારે વિશેષ ખાતરી કરવી હોય તો સ્મશાનમાં ચાલો, એની ભસ્મ બતાવું. ધગધગતા અંગારા જોઇને—તાજી સળગતી ચેહ જોઈને તો તમને ખાતરી થશે ને ?" રાજાએ વિશેષ ખાતરી આપતા કહ્યું.

"તમારા અંતઃપુરમાં છુપાવેલી તે સ્મશાનમાં વળી ક્યાંથી હોય ?"

"મારા અંતઃપુરમાં તો છે જ નહિ."

"અને હોય તો ?" પેલાએ કહ્યું.

"મારા અંતઃપુરમાં ? આ તમે શું બોલો છો ?"

"હા, તમારા અંતઃપુરમાં ! મંત્રીઓ તમે સાક્ષી છો. ચાલો મારી સાથે, રાજાના અંતઃપુરમાંથી હું મારી પત્નીને શોધી કાઢું."

એ પુરૂષનાં વચન સાંભળી રાજા વિસ્મય પામ્યો. મંત્રીઓ સાથે રાજા એ પુરૂષને લઈ અંતઃપુરમાં આવ્યો.

એ પુરૂષે રાજાના અંતઃપુરમાં જઇ પોતાની પ્રિયાને પકડી લીધી. મંત્રી અને રાજાને બતાવતાં તે બોલ્યો, "જુઓ રાજન્! આ મારી પત્ની કે નહિ?"

મંત્રી અને રાજા એની પત્નીને જોઈને આશ્ચર્ય પામ્યા, "ત્યારે બળી મરી તે કોણ? એ તો ત્યારે સ્વપ્ના જેવી વાત બની ગઇ કે શું!"

"રાજન્! ખોટી રીતે મારી સ્ત્રીને છુપાવી મને ઠગવા આગતા હતા કે? તમારા જેવાને પરનારી સહોદર જાણી મેં મારી સ્ત્રી સોંપી, તો તેની ઉપર જ તમે તમારી નજર બગાડી. વાહ રાજન્!"

એ પુરૂષનાં વચન સાંભળી રાજા શરમિંદા પડી ગયા; અધોવંદન કરીને ઉભા રહ્યો. પોતે એ પુરૂષ આગળ જૂઠો પડયો એથી રાજાને બહુ લાગી આવ્યું, "આ શું?"

વિલખા થયેલા રાજા અને મંત્રીઓ વિચારમાં ઉભા છે ત્યાં તો અજાયબી-આશ્ચર્ય! ન મળે એ પુરૂષ કે ન મળે તે સ્ત્રી!

રાજસભામાં ઉભેલા રાજા અને મંત્રીઓ આગળ પેલો વૈતાલિક સહુશા પ્રગટ થઇ બોલ્યો, "મહારાજ! જરા પણ વિષાદ ન કરો! આ બધી મારી ઇન્દ્રજાળ તમને બતાવવા માટે હતી. બાકી નથી તો દેવદાનવનું યુદ્ધ થયું કે નથી કોઈ તમારો પાસે પત્ની મુકી ગયું. પણ મારી ઇન્દ્ર-જાળથી એ બધું તમને દેખાયું. રાજન્! એ રીતે તમને મેં એક આશ્ચર્ય બતાવ્યું."

વૈતાલિકની આ અદ્‌ભુત લીલા-આશ્ચર્ય જોઈ રાજા અતિ પ્રસન્ન થયો. પાંડય દેશના રાજાને જીતતાં જે બધું

દ્રવ્ય ભેટમાં મળેલું હતું તે બધું રાજાએ એ વૈતાલિકને આપી દીધું. સુવર્ણ, મુક્તાફળ, હીરા, માણેક, રત્ન વિગેરે પાંડ્યનૃપે આપેલાં તે બધું વૈતાલિકને આપી દીધું. પચાસ તો મદને ઝરતા એવા, એ મદની ગંધથી આકર્ષાયેલા ભ્રમરોએ કોધિત કરેલા હાથીઓ રાજાએ આપી દીધા. મનોહર લાવણ્યશાળી અને ચપળ નેત્રકમળવાળી સો તો વારાંગનાઓ રાજાએ વૈતાલિકને આપી દીધી. રાજાની આવી અપૂર્વ ભેટથી વૈતાલિક મોટો રાજા જેવો બની ગયો; કારણકે,

"विरला जाणंति गुणा, विरला पालंति निद्धणे नेहा ।
विरल च्चिअ निअ दोसे, पिच्छंति स्वभावगुणकलिआ ॥

ભાવાર્થ:—જગતમાં ગુણોની કદર કરનારા તો કોઇક વિરલા પુરૂષો જ હોય છે, નિર્ધન ઉપર સ્નેહ રાખનારા પણ વિરલા હોય છે. લક્ષ્મીવાનને તો સૌ ખમાખમા કરે, પણ દરિદ્રી ઉપર સ્નેહ કોણ રાખે ? નિઃસ્વાર્થ પરોપકારી જ એ સ્નેહ રાખે. પોતાના દોષને જોનારા ને જાણનારા પણ વિરલા જ હોય છે. નિસ્વાર્થ બુદ્ધિએ પારકાનું ભલું કરનારા પુરૂષો પણ વિરલા જ હોય છે.

પ્રકરણ ૬૩ મું
ધર્મદેશના

न कयंदिणुद्धरणं, न कयं साहम्मिआण वच्छल्लं ।
हिअयंमि वीअरागो, न धारिओ हारिओ जम्मो ॥
अभयं सुपत्तदाणं, अणुकंपा उचियकित्तिदाणं च ।
दोहिवि मुक्खो भणिओ, तिन्निउ भोगाइअं दिंति ॥

"આ જગતમાં દુર્લભમાં દુર્લભ મનુષ્યજન્મ પામીને જેણે દીન, અનાથ, દુઃખી અને નિરાધાર જનોનો ઉદ્ધાર કર્યો નથી, પોતાની સમાન ધર્મ પાળવાવાળા સાધર્મિક ભાઈઓની ભક્તિ કરી નથી, અને રાગદ્વેષ ક્ષય કર્યા છે એવા વીતરાગ પ્રભુને હૃદયમાં ધાર્યા નથી એવો પુરૂષ નરભવ હારી ગયો છે એ નિઃસંદેહ સત્ય છે. દયા એ ધર્મનું મૂળ છે. દયા વગર કયારેય ધર્મ થઇ શકતો નથી. જીવદયા માટે શાસ્ત્રમાં અભયદાન એ મોટામાં મોટું દાન કહેલું છે. અભયદાન અને સુપાત્રદાન એ બન્ને તો મોક્ષને આપનારાં છે. એ બન્ને દાનનું ફલ મોક્ષ છે. તે સિવાયનું અન્ય ફળ તો પ્રાસંગિક ફળ ગણાય. અનુકંપાદાન, ઉચિતદાન અને કીર્તિદાન એ ત્રણ દાન ભોગફળને આપનારાં છે. આમ દાનના શાસ્ત્રમાં પાંચ પ્રકાર કહેલા છે.

"આ દાન, શીલ, તપ અને ભાવ એ ચારે પ્રકારનો ધર્મ આરાધી પ્રાણીઓ ભવસાગર તરી જાય છે; એટલું જ નહિ પણ રાજા અરિમર્દનની માફક આ ભવમાં અપૂર્વ સમૃદ્ધિ પામે છે."

સિદ્ધસેન દિવાકરસૂરિ અવંતીમાં રાજા વિક્રમની આગળ અપૂર્વ ધર્મદેશના સંભળાવી રહ્યા છે. રાજા વિક્રમ તેમજ અન્ય શ્રોતાઓ એ જીનવાણીનું અતૃપ્ત નયને પાલન કરી રહ્યા છે. અવંતીપતિ મહારાજા વિક્રમ હવે વૃદ્ધ થઇ ગયા છે. એ જુવાનીનું નુર, અપૂર્વ સાહસ, સમુદ્રના ઓટની જેમ હવે ઓસરવા લાગ્યાં છે. તેથી મહારાજા વિક્રમ વિક્રમચરિત્રને રાજ્યનાં કેટલાંક કાર્યો ભળાવી પોતે ધર્મમાર્ગ તરફ અધિક લક્ષ્ય આપતા જતા હતા, અને કાળના વહેવા સાથે મહારાજે હવે અહોરાત્રીના કાર્યમાં ધર્મને

મુખ્ય ગણી રાજકારભારનો વિષય ગૌણ કરી દીધો હતો.

ધર્મમાં વિષે પોતાની બુદ્ધિ સ્થિર રહે તે માટે રાજા મુનિરાજોના સમાગમમાં રહેતો સિદ્ધસેનસૂરિની વાણી વડે પોતાના ધર્મરૂપી વૃક્ષને નિરંતર પોષતો હતો; કારણ-કે ધર્મકાર્ય કરવાના મનોરથવાળાને કુદરત અનુકૂળ સંયોગો મેળવી આપે છે, અગર તો જેની ભવિતવ્યતા સારી હોય છે, તેનું હમેશાં સારૂં જ થાય છે.

ભગવન્! એ અરિમર્દન રાજા કોણ? અને એને ધર્મનું શું ફળ મળ્યું છે, તે જરી વિસ્તારથી કહો!" સૂરીશ્વરની દેશના શ્રવણ કરતા રાજા વિક્રમે અરિમર્દન રાજાનું વિશેષ વૃત્તાંત જાણવાની ઈચ્છા પ્રદર્શિત કરી.

"રાજન્! એ આશ્ચર્યકારી વૃત્તાંત તારે અને પર્ષદાને સાંભળવા યોગ્ય છે. નહિ બનવા યોગ્ય બનાવો અરિમર્દનના સંબંધમાં બનેલા છે; કારણકે માણસને પુણ્યના પ્રભાવથી અસંભવિત ઘટના પણ બની જાય છે. અરિમર્દન રાજાનું વૃત્તાંત એ કથનને સત્ય કરી બતાવે છે. તો એ વૃત્તાંત હે રાજન્! તું સાંભળ." સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરે રાજા અને પર્ષદાની આગળ ધર્મના ફળને પ્રગટ આપનારી અરિમર્દન રાજાની કથા શરૂ કરીઃ—

આ ભરતક્ષેત્રને વિષે સ્વર્ણના સમાન સ્વર્ણપુર નામે મનોહર નગર હતું. તે નગરના રાજાનું નામ અરિમર્દન હતું. શીલગુણે કરીને શોભતી લક્ષ્મીવતી નામે તેને પ્રિયા હતી. રાજાને અનેક મંત્રીઓ હતા. તેમાં મતિસાર નામે વૃદ્ધ, ઠરેલ, ગંભીર, ડાહ્યો ને રાજ્ય-નીતિમાં વિચક્ષણ મુખ્ય મંત્રી હતો. રાજાને એ વફાદાર અને રાજ્યની કારોબારીમાં ન્યાયથી સલાહ આપનાર હતો. ન્યાયનીતિથી રાજનું પાલન કરતા એ રાજાને એક

દિવસે રાત્રીને સમયે અપૂર્વ સ્વપ્ન આવ્યું. સ્વપ્નામાં રાજા પોતાની નગરીને સ્થાનકે અમરાવતી-સ્વર્ગપુરીને જોઈ જાગ્યો. અને વિચારમાં પડ્યો, "કોઈ દિવસ નહિ ને આજે આ શું ?"

પ્રાતઃકાળે રાજાને જરા ઉદાસ જોઇ મંત્રી બોલ્યો, "મહારાજ! આપને એવું શું છે કે જે આજે વદન ઉપર ગ્લાનિ છવાઈ ગઈ છે?"

"એ વાત જ કહી શકાય તેવી નથી, મંત્રી!" રાજા અરિમર્દન બોલ્યો.

"છતાંય કહો તો ખરા. કહેવાથી મનનો બોજો હલકો થાય, શક્ય હોય તો એનો ઉપાય પણ થાય." મંત્રીએ કહ્યું.

"મંત્રી! એ વાત કહું? મારી નગરીને સ્થાનકે મેં સ્વર્ગપુરી જોઈ. એ સ્વપ્ન શું સૂચવતું હશે?" મંત્રીનો અભિપ્રાય જાણવા રાજા બોલ્યો.

"રાજન્! એ તો નવાઈની વાત!" મંત્રીએ કહ્યું.

"છતાંય મંત્રી! મારી એક વાત સાંભળ. મારી નગરીને તું સુવર્ણમય બનાવ! સોનાની બનાવી તેનું સુવર્ણપુર નામ સાર્થક કર!" રાજાએ મંત્રીને કહ્યું.

રાજાની વાત સાંભળી મંત્રી વિચારમાં પડ્યો, "મહારાજ! એ શી રીતે બને? આખીય નગરીનાં નાનાં મોટાં મકાનો સુવર્ણ ને રત્નજડિત બનાવવાં અશક્ય છે."

"એ અશક્યને તારી બુદ્ધિથી શક્ય કરી બતાવ, મંત્રી! આ રાજભંડાર તને સોંપી દઉં છું. સુવર્ણ હીરા, માણેક, રત્નો, મોતી કોટીગમે ભંડારમાં અનામત પડ્યાં છે. ગમે તેટલું દ્રવ્ય વાપરીને પણ મારી નગરીને સ્વર્ગ સમાન બીજી અમરાવતી બનાવી દે!" રાજાએ

પોતાનો ભંડાર મંત્રીને સોંપી દેતાં કહ્યું.

મંત્રીએ પરદેશથી અનેક શિલ્પીઓને બોલાવ્યા. અર્કપાષાણ, શશાંકપાષાણ, ચમકપાષાણ, સ્ફટિકપાષાણ અને મણિરત્નો વડે કરીને એ શિલ્પીઓએ સ્વર્ણપુરાને થોડા સમયમાં બીજી અમરાવતી બનાવી દીધી. નગરીનાં દરેક નાનાંમોટાં મકાનો નવેસરથી કારીગરોએ સુવર્ણનાં બનાવી દઇ પૃથ્વી ઉપર સ્વર્ગપુરી ખડી કરી દીધી. રાજાને માટે પણ સાત ભૂમિકાવાળો સુવર્ણમય ઝરૂખાઓથી શોભતો રમણીય મહેલ બનાવી દીધો. એ રીતે પોતાનું સ્વપ્ન સિદ્ધ થવાથી રાજા અત્યંત ખુશી થયો.

એક દિવસે રાજા અરિમર્દન પોતાની પ્રિયા સાથે ઝરૂખામાં ઉભો ઉભો પોતાની નવીન નગરીની શોભા જોવામાં મશગુલ હતો. સાવ સોનાની પોતાની સ્વર્ણપુરીને જોઇ રાજા મનમાં અભિમાન ધારણ કરતો બોલ્યો, "પ્રિયે! જગતમાં આવું સુંદર અને રમણીય નગર ક્યાંય નથી!"

જગતમાં:સ્વાભાવિક એવો નિયમ છે કે પોતાની વસ્તુ કદાચ સારી કે અપૂર્વ જોવામાં આવે છે કે માણસનું મન તરત જ અભિમાન લે છે. કુવાનો દેડકો શું નથી માનતો કે દુનિયા કુવા જેટલી જ છે? રાજાએ પણ પોતાની નગરી જોઇને સહેજે સહેજે અભિમાન કર્યું.

રાજાના અભિમાનને સાંભળતું એક શુકયુગલ રાજમહેલના રમણીય તોરણે બેઠેલું હતું, તેમાંથી શુકી બોલી; "તેં આવું રમણીય નગર પૃથ્વી ઉપર ક્યાંય જોયું છે?" શુકીની વાત સાંભળી શુક બોલ્યો, "હું! આ નગર તો શું છે? આ તો માત્ર સુવર્ણનું સ્વર્ણપુર બનેલું છે, પણ સારરત્નમય ભીંતોથી બનેલું રત્નકેતુપુર

નગર સ્વર્ગપુરી સાથે પણ સ્પર્ધા કરનારૂં હજી રાજાએ જોયું નથી, તેથી કુવાના દેડકાની માફક રાજા ગર્વને ધારણ કરે છે. પ્રિયે! એ રત્નકેતુપુર નગર, રત્નચંદ્ર રાજા, એની રત્નાવતી રાણી અને સૌભાગ્યસુંદરી રાજકન્યા—એ ચાર અજાયબીની સમાનતામાં આ રાજા અને નગરી વિગેરે સુવર્ણના આગળ રહેલા અંગારા સમાન છે." રાજા સાંભળે તેવી રીતે શુક પોતાની શુકીને એ કથન સંભળાવીને આકાશમાં ઉડી ગયો.

શુકની વાણી સાંભળી રાજા વિચારમાં પડયો, "અમાપ અને અગણિત દ્રવ્યનો વ્યય કરી મારી નગરીને મેં સાવ સોનાની બનાવી દીધી, છતાં આ શુકયુગલ આવાં મર્મવચન મને સંભળાવીને કેમ ઉડી ગયું?" આથી રાજા મનમાં દુઃખી થયો.

રાજાએ પોતાના મંત્રી મતિસાર આગળ રત્નકેતુપુરનગર, રત્નચંદ્ર રાજા, રત્નાવતી રાણી અને સૌભાગ્યસુંદરી રાજકન્યા સંબંધી શુકનું કહેલું કથન કહી સંભળાવ્યું; અને એ નગરની તપાસ કરવાને રાજાએ અનેક સેવકોને ચારે દિશાએ મોકલ્યા. ચારે દિશાએ ભ્રમણ કરતા રાજાના એ સેવકો નગરીની વાત પણ સાંભળી શકયા નહિ. શ્રમથી થાકી ગયેલા અને નિરાશ થયેલા રાજસેવકો શ્યામમુખ વાળા થઈને પાછા આવી રાજાની આગળ અધોમુખવાળા ઉભા રહ્યા.

રત્નકેતુનગરની ભાળ ન મળવાથી રાજા કાષ્ઠભક્ષણ કરવાને તૈયાર થયો. રાજાને ઉતાવળ કરતો જોઇ મંત્રીઓ ચમકયા, "મહારાજ! એમ ઉતાવળે આંબા કાંઈ પાકે નહિ. જરા ધીરજ ધરો! વાતવાતમાં કાંઇ કાષ્ઠભક્ષણ થાય નહિ."

"અરે, દુનિયા ઉપર એની હયાતી હોત તો આ સેવકો જરૂર એની હકીકત જાણત, પણ હવે એમનો પરિશ્રમ વ્યર્થ ગયો; મારૂં ધૈર્ય હઠી ગયું, જો એ નગરીની ભાળ ન મળે તો મારે જીવિતનું પણ શું પ્રયોજન છે?"

"મહારાજ! છ માસ પર્યંત આપ રાહ જુઓ! પૃથ્વી ઉપર ભમીને એ નગરીની ભાળ આપને હું જણાવીશ, અન્યથા છ માસ પછી આપ મનધાર્યું કરશો, પણ હાલ ઉતાવળ કરી સાહસ કરવું નહિ. વગર વિચાર્યું સહસા કામ કરવાથી માણસને પશ્ચાત્તાપ કરવો પડે છે ને એને ડગલે ને પગલે આપત્તિઓ આવે છે. વિચારીને કામ કરવાથી માણસનાં કામ સિદ્ધ થાય છે. લક્ષ્મી સહેજે સહેજે એને પ્રાપ્ત થાય છે. ભીમવણિકની માફક બીજાની સલાહ માનવાથી કાર્ય સિદ્ધ થાય છે."

પ્રકરણ ૬૪ મું.

બુદ્ધિની પરીક્ષા

"ભાઈ! તમારી દુકાનમાં તમે શું શું વેચો છો?" એક ભીમ નામનો વણિક રત્નાપુરનગરથી ફરતો ફરતો શ્રીપુરનગરમાં બુદ્ધિધન શ્રેષ્ઠીની દુકાને આવીને બોલ્યો.

બુદ્ધિધન શ્રેષ્ઠી એ પરદેશી મુસાફરને જોઇ બોલ્યો, "તમારે શું જોઈએ?"

"મારે? કાંઇ ખાવાપીવાનું રાખો છો? પેટનો ખાડો પૂરાય તેવું કાંઇ છે? ભૂખ્યાને વળી બીજું શું જોઈએ?" પેટ ઉપર હાથ ફેરવતો એ મનુષ્ય બોલ્યો.

"ખાવાનું જોઇતું હોય તો આગળ જાઓ!" શ્રેષ્ઠી

બોલ્યો, "અમે તો બુદ્ધિ વેચીએ છીએ, બુદ્ધિ !"

બુદ્ધિની વાત સાંભળી ભીમ ચમક્યો, ખાવાનું પણ ભૂલી ગયો ને બોલ્યો, 'એક એક બુદ્ધિની શી કિંમત છે?"

"સો સો રૂપિયા !" બુદ્ધિધને જવાબ આપ્યો.

ભીમ વણિકે ચારસો સિક્કા આપીને ચાર બુદ્ધિ વેચાતી લીધી. "પહેલી બુદ્ધિ એ કે ચાર પુરૂષો મળીને જે કહે તે કરવું; બીજી આરો ન હોય તેવી જગાએ જઈને સ્નાન કરવું; ત્રીજી માર્ગમાં એકલા કદી જવું નહિ, અને ચોથી બુદ્ધિ સ્ત્રીને ખાનગી વાત કહેવી નહિ." એ ચાર બુદ્ધિ ખરીદ કરી ભીમ વણિકે જવાની તૈયારી કરી, ત્યારે તે બુદ્ધિનો વેપારી બોલ્યો, "અરે મુસાફર ! અકસ્માત કોઇ કાર્યમાં મુંઝવણ ઉભી થાય ને આંટીઘુંટી આવે તો મારી પાસે આવજો."

ભીમ ત્યાંથી નીકળી અનુક્રમે ફરતો ફરતો ચંદ્રપુર નગરમાં આવ્યો, અને રાત્રિને સમયે ભૂખ્યો તરસ્યો કોઈ દેવાલયમાં સૂઈ રહ્યો. નવકારને ભણતો તે ત્યાં નિદ્રાવશ થઇ ગયો. તે સમયે કોઇક પરદેશી ચંદ્રપુરનગરમાં તે રાત્રીએ કોઈ શાહુકારની દુકાને આવીને સૂઇ રહ્યો હતો, તે રાત્રીના શુલરોગ ઉત્પન્ન થવાથી અચાનક મૃત્યુ પામી ગયો. પ્રાતઃકાળે દુકાનમાલિક દુકાને આવ્યો ત્યારે કોઈ પરદેશીને પોતાની દુકાનના ઓટલે મરણ પામેલો જોઇ ચમક્યો, "આને જાણ્યાપિછાણ્યા વગર શી રીતે બેંચી નાંખવો ?" ભેગા થયેલા બે ચાર વણિક મહાજનને કહ્યું, "નગરમાંથી આને સ્મશાનમાં લઇ જાય તેવા કોઇકને બોલાવો ! હું એને મોં માગ્યું ભોજન આપીશ."

આ મહાજન લોકો તેવા પુરૂષની શોધ કરતા અનુક્રમે પેલા દેવકુળમાં સૂતેલા ભીમ પાસે આવી તેને સજાગતી

તેડી ગયા; શાહુકારની દુકાને પેલું મૃતક બતાવ્યું, શાહુકારે પણ કહ્યું, "અરે પરદેશી ! આ મૃતક સ્મશાને મૂકી નાહી-ધોઇ મારે ઘેર ભોજન કરવાને આવજે." ભીમે વિચાર કર્યો, "ચાર જણા કહે તે માનવું." એ અત્યારે પહેલી બુદ્ધિની પરીક્ષા થતી હતી. એ પહેલી બુદ્ધિના પૈસા હલાલ કરવા, ભીમ મૃતકને ઉપાડી સ્મશાનમાં ચાલ્યો ગયો. સ્મશાનમાં એ મૃતકને નાખીને એના વસ્ત્ર તપાસવા લાગ્યો, તો કમરમાં ચાર દિવ્ય રત્નો સંતાડેલાં જોવામાં આવ્યાં. તે રત્નોની પોટલી લઈ નજીક થતો નદી ઉપર સ્નાન કરવાને ચાલ્યો. નદીના કાંઠે કેટલાક સ્નાન કરતા હતા, કોઈ લુગડાં ધોતા હતા, કેટલીક સ્ત્રીઓ પાણી ભરતી હતી, તે જોઈ બીજી બુદ્ધિ યાદ આવી, "આરો છોડીને સ્નાન કરવું." જેથી તે બીજી બાજુ જઇ નિર્જન સ્થાનકે સ્નાન કરવા માટે રત્નની પોટલીને એક સ્થાનકે એણે સંતાડી. પછી સ્નાન કરી શુદ્ધ થઇ ભીમ વણિક પેલા શાહુકારને ત્યાં ભોજન કરવાને આવ્યો. શાહુકાર એ ભીમને લઈ પોતાને ઘેર ગયો, ભોજન કરવાની તૈયારી કરે છે એટલામાં ભીમને પેલાં રત્નો યાદ આવ્યાં. શાહુકારને જરી થોભવાનું કહી તે તરત જ તીરની માફક વછુટયો. પોતે જ્યાં સ્નાન કરતો હતો ત્યાં આવી જે ઠેકાણે રત્નની પોટલી મુકી હતી ત્યાં તપાસ કરી તો પોટલી ત્યાં જ પડેલી હતી, તે લઈને શેઠને ઘેર જમવા તે પહોંચી ગયો. આરો છોડીને એણે સ્નાન કરેલું હોવાથી ત્યાં માણસની પગરવટ–આવજા નહિ હોવાથી એનાં રત્નો એમનાં એમ પડી રહ્યાં હતાં.

શેઠને ત્યાં ભોજન કરી બન્ને બુદ્ધિની પરીક્ષા થવાથી મનમાં ચમત્કાર પામેલો ભીમ નગરમાં અનેક કૌતુક જોતો આગળ જવાનો વિચાર કરતો હતો, પણ એકલા જવાનો

વિચાર કરતાં એને ત્રીજી બુદ્ધિ યાદ આવી, " માર્ગમાં એકલા જવું નહિ; " જેથી કોઇનો સથવારો કરી આગળ જવાનો નિશ્ચય કર્યો, ને એક વટેમાર્ગુની સાથે દોસ્તી કરી આગળ ચાલ્યો. બન્ને જણા એક વૃક્ષ નીચે આવીને પરિશ્રમિત થયા છતાં ત્યાં જરીક થોભ્યા, ને ભીમ જરા સૂઈ ગયો. એ તકનો લાભ લઈ વૃક્ષની કોટરમાંથી એક સર્પ બહાર નીકળી ભીમને ડંશ કરવા ધસી આવ્યો, પણ વટેમાર્ગુએ એને જોતાં જ એના કકડે કકડા કરી નાખ્યા.

ભીમ એ ખખડાટથી જાગૃત થયો ને મરેલા સર્પને જોઈ એને ત્રીજી બુદ્ધિની પણ ખાતરી થઈ મનમાં એ બુદ્ધિનાં વખાણ કરતો ને પેલાનો ઉપકાર માનતો ત્યાંથી આગળ ચાલ્યો. હવે ચોથી બુદ્ધિની પરીક્ષા કરવાને તૈયાર થયો. તે હીરપુરનગરમાં સ્થિર વાસ કરીને રહ્યો. પેલાં રત્નોમાંથી એ એક રત્ન વટાવી મોટા શાહુકારની માફક આડંબરથી રહેવા લાગ્યો. એ નગરમાં રહેતા હીરાશેઠની રૂપવતી નામે કન્યાને એ પરણ્યો. એ રૂપવતી પ્રથમથી જ ત્યાંના રહેવાસી શ્રીદત્ત વણિકની સાથે પ્રીતિ રાખતી હતી. શ્રીદત્ત સાથે પરણવાને આતુર થયેલી છતાં એના પિતાએ ભીમ વણિકની સાથે પૈસાની લાલચે એને પરણાવી દીધી. એની સાથે કેટલાક દિવસ સુખમાં ગાળ્યા બાદ ભીમ વણિક કરિયાણાનાં વહાણ ભરીને સમુદ્રમાર્ગે વ્યાપાર કરવાને સ્વર્ણદ્વીપે ગયો ત્યાંથી પુષ્કળ ધન મેળવી ભીમ વણીક પ્રગટ ફલ આપનારાં ચીભડાનાં બીજ લઈને સમુદ્રમાર્ગે પોતાના નગરમાં આવ્યો.

ભીમે પોતાની સ્ત્રીને પેલાં બીજ આપીને કહ્યું, " આ બીજને તારા જીવની માફક સાચવી રાખજે. આ બીજમાં એવો ગુણ છે કે સવારે વાવીએ ને સાંજે એનાં ફળ મળે;

માટે યત્નથી તારે આનું રક્ષણ કરવું,"

રૂપવતીએ આ બીજની વાત એક દિવસે પોતાના પ્રિય શ્રીદત્તને કહી. તેઓ બન્ને કોઇ કોઇ વાર પ્રસંગ આવ્યે એકબીજાને મળતાં હતાં ને જરી મજા કરી લેતાં હતાં. રૂપવતી શ્રીદત્તને વારંવાર કહ્યા કરતી હતી કે, " મને તું તારે ઘેર લઇ જા! "

રૂપવતીનાં વચન સાંભળી શ્રીદત્ત એને સમજાવતો હતો કે, " જરા ધીરજ ધર! એમ જ જો તને ઉપાડી જાઉં તો રાજા મારાં ઘરબાર લુંટી લે, ને મને ને તને બન્નેને અંધારી કોટડીમાં પૂરી દે. માટે કાંઇક યુક્તિ કરી ભીમ-વણિકને છેતરીને લઈ જાઉં! "

આ ચીભડાનાં બીજને, અનુકૂળ પ્રસંગ જોઇ શ્રીદત્તે રૂપવતી પાસેથી લઈ, બીજાં બોટાં બી આપી સાચવી રાખવા કહ્યું ને રૂપવતીને સમજાવ્યું કે, ' આ બીજ માટે રાજા આગળ અમે વાદવિવાદ કરશું, એમાં તારો પતિ હારી જશે એટલે શરત પ્રમાણે હું તને સર્વના દેખતાં ઉપાડી જઈશ. એવી રીતે ભીમને છળીને તને લઈ જઈશ." એમ કહી શ્રીદત્ત ચાલ્યો ગયો.

એક દિવસે રાજા પાસે શ્રીદત્ત અનેક ગામગપાટા હાંકી રાજાનું ચિત્તરંજન કરતો હતો. તે સમયે ભીમ વણિક પણ રાજા પાસે આવીને બેઠો. વાતોમાં ને વાતોમાં શ્રીદત્તે વાત છેડી, " મહારાજ! જમાનો એવો આવ્યો છે કે પહેલાંના જેવું આજે છે પણ શું! આજે તો સાપ ગયા ને લીસોટા રહી ગયા જેવું છે. સવારે વાવીએ ને સાંજે ફળ આપે એવાં બીજ પણ આજે ક્યાં છે? "

' એવાં બીજ મારે ત્યાં છે? " નિર્દોષ ભીમ વચ્ચે

બોલી ઊઠયો.

"અરે, બોટી વાત ! આજે એમાંનું કાંઈ નથી. એ તો ભીમ તારી મોટી મોટી વાતો છે. રાજાની આગળ એવી બોટી વાત ન કરીએ."

શ્રીદત્તનાં વચન સાંભળી ભીમ બોલ્યો, "નહિ મહારાજ, મારી વાત સાચી છે."

"તારી વાત સાચી હોય તો શરત કર ! હોડ બક !"

"હા, શ્રીદત્ત ! શરત મારવા તૈયાર છું. બોલ !"

"ભીમ, રાજાને સાક્ષી રાખી કહું છું કે જો હું હારી જાઉં તો મારી બધી લક્ષ્મી તને આપી દઉં. ને બોલ ! તું હારે તો ?"

"હું હારું તો હુંય મારું સર્વસ્વ તને આપી દઉં." ભીમ બોલ્યો.

"ના, જો ભીમ ! તું હારી જાય તો મને ગમે તે એક ચીજ તારા ઘરથી લેવા દેવી. જે ચીજ તારા ઘરથી હું પહેલી ઉપાડું તે મારી."

રાજાને સાક્ષી રાખી બન્ને જણાએ શરત મંજુર કરી. પછી ભીમ પોતાને ઘરથી પેલા ચીભડાનાં બીજ લેવાને પોતાને ઘેર ગયો. પોતાની પ્રિયા પાસે આવી પેલાં બીજ માગ્યાં. ભીમના કહેવાથી રૂપવતીએ તે બીજ તરત જ મુક્યાં હતાં, ત્યાંથી લાવીને આપી દીધાં. તે બીજ લઇને ભીમ સભામાં આવ્યો. સર્વે ના દેખતાં એ બીજનો ભીમ વણિકે પ્રયોગ કર્યો. પુષ્કળ મહેનત કરી પણ ઉપર ભૂમિમાં વાવેલા બીજની જેમ તે વ્યર્થ થઇ ગયાં. આ બધું કપટનાટક જોઇ ભીમ મનમાં આશ્ચર્ય પામ્યો અને મસ્તક ધુણાવવા લાગ્યો. "શ્રીદત્ત અને મારી સ્ત્રીને નક્કી કાંઇ મેળ છે. મને ચોક્કસ ખાતરી છે કે પરદેશથી હું તાત્કાલિક ફલને

આપવાનાં બીજને લાવેલો છું છતાં આ બીજ કેમ બદલાઈ ગયાં. આના કપટનાટકથી હું તો આજે છેતરાઈ ગયો, હવે થાય પણ શું ? આ દુષ્ટ શ્રીદત્ત, રાજા અને સકળ લોકના જોતાં જોતાં મારી પ્રિયાને ઉપાડી જશે. મારી આબરૂને પાણીથી ધોઈને સાફ કરી નાખશે, હવે શો ઉપાય ? " એને કંઇક યાદ આવ્યું. પેલા બુદ્ધિ આપનાર બુદ્ધિધનની સલાહ લેવાનું તેને મન થયું.

" કેમ, હવે હારી ગયોને ? આપણી શરત પ્રમાણે ચાલ તારે ઘરથી હું મારે જે ચીજ જોઇએ તે લઈ જાઉ ? " શ્રીદત્ત ઉતાવળો થતો બોલ્યો.

ભીમે વિચાર કરી રાજા પાસે દશ દિવસની મુદત માગી. રાજાએ ભીમની માગણીથી દશ દિવસ થોભી જવાની શ્રીદત્તને સલાહ આપી. શ્રીદત્તે રાજાની સલાહ માન્ય કરી

ભીમ વણિક તીરની માફક વછુટી શ્રીપુરનગરમાં બુદ્ધિધન બુદ્ધિના વ્યાપારી પાસે આવી પહોંચ્યો, ને બધીય વાત કરી. ભીમની વાત સાંભળીને બુદ્ધિધન બોલ્યો. " ભીમ ! તારી પ્રિયા વ્યભિચારિણી રૂપવતી એના આશક શ્રીદત્ત સાથે મલી નાસી જવાની વેતરણ કરે છે. બન્નેએ એકસંપ કરી તને ઠગ્યો છે. શરત પ્રમાણે શ્રીદત્ત તારી સ્ત્રીનેજ લાઇને ચાલતો થશે, ને તારી સ્ત્રી પણ રાજી થઈને તેની સાથે જરૂર જશે. "

" પણ હવે એ દુષ્ટો એમની ધારણામાં ન ફાવે તેવો કાંઇક ઉપાય તો બતાવો ! "

ભીમના કહેવાથી બુદ્ધિનો વ્યાપારી બોલ્યો, " જો, મારી વાત જરા ધ્યાન દઇને સાંભળ ! શરતના દિવસે રાજા સાથે શ્રીદત્ત તારે ઘેર કાંઇ પણ લેવાને

આવે તે પહેલાં તું તારા ઘરની સાર સાર વસ્તુઓ તેમજ સ્ત્રીને માળ ઉપર ચડાવી દેજે, ને પછી નિસરણી ત્યાંથી ઉપાડી લેજે. શરત પ્રમાણે શ્રીદત્ત તારે ઘેર આવી તારી સ્ત્રીને શોધશે. તે માળ ઉપર હોવાથી તે તેનાથી લઇ શકાશે નહિ; માટે તે સ્ત્રીને ઉતારવા માટે નિસરણીને ઉપાડી દાદરે મૂકે કે તરત જ તારે કહેવું કે આપણી શરત પ્રમાણે આ નિસરણી લઇને તમે હવે વિદાય થઇ જાવ ! શરત પ્રમાણે તમે પહેલેથી જ નિસરણી ઉપાડી છે માટે તે લઈ જાવ." બુદ્ધિધનની આ બુદ્ધિ ગ્રહણ કરી ભીમ ચંદ્રપુરમાં આવ્યો. બીજે દિવસે ઘરની સાર સાર વસ્તુઓ માળ ઉપર ચડાવી રૂપવતીને પણ કોઇ ચીજ લેવાને બહાને માળ ઉપર ચડાવી દાદરે ચડવાની નિસરણી ખસેડી નાખી. ભીમ રાજા તથા શ્રીદત્ત વિગેરેને તેડી લાવ્યો, ને શ્રીદત્તને ગમે તે ચીજ હાથ કરવા કહ્યું.

શ્રીદત્ત પણ તેનું ખાલી ઘર જોઈ વિચારમાં પડયો. ઉપર રહેલી રૂપવતી પણ ખુંખારા કરતી પોતાની જાતને બતાવવા લાગી. માળ ઉપર રૂપવતીને જોઈ શ્રીદત્ત ચમક્યો. એ બન્નેની દુષ્ટ ચેષ્ટા ચતુર ભીમ પામી ગયો. શ્રીદત્ત પણ માળ ઉપર ઉભી રહેલી સ્ત્રી રૂપવતીને હાથ કરવા માટે ઉપાય ચિંતવવા લાગ્યો. એની નજર તરત જ નિસરણી ઉપર પડી. શ્રીદત્ત પોતાના બન્ને હાથે નિસરણીને ઉપાડી, દાદર પાસે લાવી, ત્યાં ગોઠવીને ઉપર ચડવા જાય છે ત્યાં ભીમે તેને અટકાવ્યો; "સબૂર ! આપણી શરત પૂરી થઈ છે. શરત પ્રમાણે તેં પ્રથમ આ નિસરણી બે હાથે ઉપાડી, માટે તે નિસરણી લઇને રસ્તે પડ !"

ભીમની આ યુક્તિથી રાજા વગેરે દીંગ થઇ ગયા. શ્રીદત્ત પણ આભો થઈ ગયો.

શરત પ્રમાણે શ્રીદત્ત નિસરણી લઈને ભાગેલા પગે સર્વના દેખતાં ચાલતો થયો. રાજા પણ ભીમની યુક્તિને વખાણતો પોતાને સ્થાનકે ગયો. પછી ભીમ એ દુષ્ટા વ્યભિચારિણી સ્ત્રીને કાઢી મુકીને કોઈ ગુણવાન કન્યાને પરણી સુખી થયો.

પ્રકરણ ૬૫ મું

અરિમર્દન રાજા

आरोग्यं सौभाग्यं धनाढ्यता, नायकत्वमानंदः ।
कृतपुण्यस्य स्यादिह सदा जयो, वाञ्छितावाप्ति ॥

ભાવાર્થ :—આ જગતમાં ધર્મનાં અમુલ્ય ફળ પ્રાણીઓ મેળવે છે, આરોગ્યતા, સૌભાગ્યતા, ધનાઢ્યતા, ઐશ્વર્ય, સ્વામીપણું, આનંદ, જય અને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ એ બધાંય જગતમાં ભવાંતરમાં કરેલા ધર્મવૃક્ષનાં ફળ છે.

મતિસાર મંત્રીએ ભીમ વણીકના દૃષ્ટાંતથી અરિમર્દન રાજાને સમજાવી શાંત કર્યો, ને છ માસની મહેતલ કરી. મતિસાર રત્નકેતુપુરની ભાળ કાઢવાને નીકળ્યો. ચારે દિશાની પૃથ્વીનું ઉલ્લંઘન કરીને મતિસાર થાકયો, નિરાશ થયો. ઘણા દેશ, શહેર, નગર, પુર, પર્વત અને વનાદિક જોતો સચિવેશ્વર ખિન્ન વદનવાળો થઈ રત્નપુર નગરમાં આવ્યો. નગરમાં ઋષભદેવના ચૈત્યમાં જઈ જીનેશ્વરને નમી તેની સ્તુતિ કરી નગરની શોભા જોતો બજારમાં ચાલ્યો. ભૂખ્યો થયો હોવાથી મતિસાર મંત્રી લોકોના કહેવાથી મેના કંદોયણના ઘરને પૂછતો એના ઘેર આવ્યો, જમીને તૃપ્ત

થયો, પણ એના હૃદયની ખિન્નતા ઓછી ન થવાથી મેના કંદોયણે એને કંઇક દુઃખી ધારીને પૂછયું, "અરે ભાઇ ! કયા દુઃખે તમારૂં આ વદન ગ્લાનિ પામી ગયું છે ? જરા કહો તો ખરા !"

મેના કંદોયણના પૂછવાથી મંત્રીએ પોતાના રાજા સંબંધી સર્વે હકીકત કહી સંભળાવી. મતિસાર મંત્રીની હકીકત સાંભળી મેના કંદોયણ બોલી, "અરે ભાઇ ! સ્વસ્થ થાઓ ! તમારૂં કાર્ય હવે સિદ્ધ થયું માનો ! તમારા રાજાને રત્નકેતુપુર નગરે જવાની ઇચ્છા હોય તો એમને અહીં યાં લાવો ! હું એમની ઇચ્છાને પૂરી કરીશ."

મેના કંદોયણનાં વચન સાંભળી મંત્રીના હર્ષનો કાંઇ પાર ન રહ્યો. મંત્રી અતિ આનંદમાં આવી ગયો. પોતાને અને પોતાના રાજાને નવજીવન મળ્યું જાણી મેનાની રજા લઈ મંત્રી ત્યાંથી એકદમ પોતાને નગરે આવ્યો; રાજાને મળી મેના કંદોયણ સંબંધી વાત કહી સંભળાવી. મંત્રીની વાત સાંભળી રાજા ખુશી થયો ને રત્નપુર જવાને તૈયાર થયો.

સવાલાખની કીંમતનાં કેટલાંક રત્નો લઇને રાજા અરિમર્દન મંત્રી સાથે મુસાફરી કરતો રત્નપુર નગરમાં મેના કંદોયણને ત્યાં આવી પહોંચ્યો. મેના કંદોયણે રાજાની ભોજન વિગેરેથી સારી ભક્તિ કરીને રાજાને પ્રસન્ન કર્યો. મેના કંદોયણે રાજાને કહ્યું, મહારાજ ! રત્નકેતુપર નગર દૂર છે. ત્યાંના રાજા રત્નચંદ્રને સૌભાગ્યસુંદરી નામે કન્યા છે. એ કન્યા જેવી સુંદર અને મનોહર છે, તેવી જ નર-દ્વેષિણી છે જેથી એ સહેજે સહેજે તમારે વશ થાય એમ મથી જ !"

મેનાની વાત સાંભળી રાજા અરિમર્દન દૃઢ નિશ્ચયથી બોલ્યો, "ગમે તે હોય, એક વખત મને તું રત્નકેતુપુર નગરે લઇ જા!"

"તમારી ત્યાં જવાની ખાસ ઇચ્છા જ હોય તો તમે આ ખાટલી ઉપર બેસી જાવ!" મેનાનાં વચનથી રાજા અને મંત્રી, મેનાએ બતાવેલી ખાટલી ઉપર બેઠા એટલે મેનાએ ખાટલી ઉપર બેસીને ખાટલીને આકાશમાં ઉડાડી. આકાશગમન કરતી ખાટલી રત્નકેતુપુરના બહારના મરૂત્વનના ઉદ્યાનમાં આવી. રાજા અને મંત્રીને ખાટલી ઉપરથી ઉતારી મેના બોલી, "રાજન્! આ તમારૂં રત્નપુર નગર! અહીંયાં તમે રહીને તમારૂં કાર્ય સિદ્ધ કરો! હવે હું રજા લઇશ."

"મેના! તું જાય છે તો ખરી, પણ આકાશગમનની શક્તિ અમે જાણતા નથી, જેથી અમારી શી ગતિ થાય? અમારે જવું હોય ત્યારે અમે અમારી નગરીએ શી રીતે જઈએ? આ ભયંકર સમુદ્રના પારને શી રીતે પામીએ?"

રાજાનાં વચન સાંભળી મેના વિચાર કરીને બોલી, "મહારાજ! હાલમાં તો તમે રોજ આ નગરી, રાજા, સૌભાગ્યસુંદરી, મકાનો વગેરે જુઓ! અત્યારે તો હું જાઉં છું, પણ આજથી અગિયારમે દિવસે હું પાછી અહિંયાં મરૂત્વનમાં તમને લેવાને આ જગ્યાએ આવીશ." રાજાને એ પ્રમાણે વિશ્વાસ આપી મેના કંદોયણ ખાટલી ઉપર આરૂઢ થઇને પોતાને નગર રત્નપુર ચાલી ગઈ.

રાજા અરિમર્દને વિદ્યા વડે પોતાનું સ્વરૂપ એક રાજકન્યાના સુંદર સ્વરૂપમાં ફેરવી નાંખ્યું, અને મતિસાગર મંત્રી બ્રાહ્મણ બની ગયો. એ બ્રાહ્મણ કન્યાને લઇને નગરમાં ફરતો રાજસભામાં આવ્યો. રાજા આગળ આશી-

વાર ઊભો રહ્યો

"ક્યાંથી આવો છો? કોણ છો? કેમ આવ્યા છો?" રાજા રત્નચંદ્રનો પ્રશ્ન સાંભળીને વિપ્ર બોલ્યો, "મહારાજ! તમારું આ મનોહર રત્નમય પ્રાસાદોવાળું નગર જોવાને દૂર દેશથી આવું છું, પણ...!"

"પણ શું?" રાજાએ પૂછ્યું.

"આ મારી કન્યા મને વિઘ્નરૂપ થતી હોવાથી આપ એને આપના અંતઃપુરમાં રાખો, તો હું નિરાંતે નગર જોઈ લઉં, પછી જતી વખતે આ કન્યાને તેડી જઈશ." દ્વિજનાં વચન સાંભળી રાજાએ દ્વિજકન્યાને અંતઃપુરમાં રાજકન્યા સૌભાગ્યસુંદરી પાસે મોકલાવી દીધો. પોતાની કન્યાને રાજકન્યા પાસે મોકલી વિપ્ર નિરાંતે હવે નગરની શોભા જોવા લાગ્યો.

રાજકન્યા સૌભાગ્યસુંદરી પાસે ગયેલી દ્વિજબાળાએ મધુર વાણીથી રાજબાળાને ખુશી ખુશી કરી અને બન્નેને ગાઢ પ્રીતિ થઈ ગઈ. બન્ને એકબીજાને ખાનગી વાત કહેવા લાગી ને સાંભળવા લાગી. એક દિવસે દ્વિજકન્યાએ પૂછ્યું, "સખી! તું નરદ્વેષિણી ક્યારથી થઇ? ગુણવાન અને મનોહર આપણા દિલ હરે તેવા પુરૂષને જોવા છતાં તને દ્વેષ થવાનું કારણ કાંઈ?"

દ્વિજકન્યાની વાત સાંભળી રાજકન્યા બોલી "સખી! નરદ્વેષનું કારણ સાંભળ. પૂર્વભવને વિષે મલયાચલ પર્વત ઉપર ચકલીના ભવમાં હું મારા ચકલા સાથે એક વૃક્ષ ઉપર સુખે રહેતી હતી. મારો ચકલો અન્નાડી, મને ત્રાસ આપનારો ને દરેક કામમાં મને વિઘ્ન કરનારો થયો. છતાં પણ ત્યાં રહેલા જીનેશ્વરના મંદિરમાં ઋષભદેવની પૂજા કરતી હું સુખે મારો કાલ વ્યતીત કરતી હતી. એકદા મને પ્રસવ

સમય નજીક આવવાથી મેં ચકલાને કહ્યું, 'વનમાંથી કાષ્ટ વિગેરે લાવીને માળો બાંધ!' પણ એ આળસુએ મારી વાત સાંભળી નહિ. જેથી મહામુસીબતે મેં માળો બાંધી અમ્બાંને જન્મ આપ્યો તે પછીના એક દિવસે વાંસના સંઘર્ષણથી વનમાં દવ ઉત્પન્ન થયો. તે વનને બાળતો દવ અમારા વૃક્ષ નજીક આવ્યો. મેં ચકલાને એક અમ્બ્યું લઇને ઉડી જવા કહ્યું, પણ એણે મારી વાત માની નહિ. દાવાનલ સળગતો અમારા વૃક્ષને પણ બાળવા લાગ્યો. એટલે દુષ્ટ ચકલો તો ઉડી ગયો, પણ હું અમ્બ્યાં સાથે એ દાવાનલમાં દગ્ધ થઈ ગઈ. યુગાદીશાની પૂજાના પ્રભાવ થકી શુભ ધ્યાનમાં મરણ પામીને અહીંયાં રત્નચંદ્ર રાજાની પુત્રી તરીકે ઉત્પન્ન થઈ. એક દિવસે મને જાતિસ્મરણ જ્ઞાન થવાથી પૂર્વનો ભવ જાણતાં મને પુરૂષ ઉપર દ્વેષ આવ્યો કે, પુરૂષો શું આવા સ્વાર્થલંપટ હોય છે? ખચિત જગતમાં બધા પુરૂષો આવા દુષ્ટ અને સ્વાર્થી આશયવાળા હોય છે." એવી રીતે ભૂપપુત્રીએ નરદ્વેષની વાત દ્વિજપુત્રી આગળ કહી સંભળાવી.

રાજકન્યાની વાત સાંભળી દ્વિજકન્યા બોલી, "હે સખી! તારી વાત સત્ય છે, પણ એથી કાંઈ બધી પુરૂષજાતિ દુષ્ટ છે એ તારો અભિપ્રાય બરોબર નથી. એમ તો મનહર લાવણ્યવાળી સ્ત્રીઓ પણ કુટભાષી, કપટની ભરેલી, અસત્યના ધામસમી, ન કરવાનાં કૃત્યો કરનારી હોય છે; માટે એકલી પુરૂષજાતિનો દ્વેષ કરવો એ ઠીક નથી."

વિપ્રતનયાની વાત સાંભળી રાજબાળા બોલી, "તારી વાત તો ઠીક છે, પણ હવે પુરૂષ ઉપરનો મારો દ્વેષ-ઓછો થતો નથી, હું તેથી શું કરૂં? જેવી ભવિતવ્યતા! અત્યારે પણ પુરૂષજાતિ ઉપર મારો ક્રોધ એવો ને એવો જ છે."

"હે રાજબાળે! તારા જેવી ભાગ્યવતીએ આવો ક્રોધ કરવો યોગ્ય નથી. ક્રોધ કરવાથી પ્રાણી પોતાનાં કરેલાં સુકૃત હારી જાય છે. આકાશમાં રહેલાં ઘનઘોર વાદળાને જેમ પવન વિખેરી નાખે છે. તેમ ક્રોધ પુણ્યરૂપી ધનનો નાશ કરી નાંખે છે." બન્ને સખીઓ રોજ આવી રીતે વાર્તાવિનોદ કરતી કાલનિર્ગમન કરતી હતી.

નગરની શોભા જોઈને પેલો વિપ્ર રાજસભામાં આવ્યો ને રાજા પાસે પોતાની પુત્રીની માગણી કરી. રાજાએ દાસીને મોકલી દ્વિજકન્યાને તેડાવી, પણ દાસીએ બાલી પાછા ફરીને રાજાને કહ્યું, "હે મહારાજ! રાજબાળા દ્વિજકન્યાનો વિયોગ સહન કરી શકે તેમ નથી, માટે એ એને મોકલી શકશે નહિ."

દાસીની વાત સાંભળી રાજાએ વિપ્રને સમજાવ્યો, પણ વિપ્ર તો એમ સમજે તેમ કયાં હતું? એ તો પોતાની પુત્રી માટે રાજસભામાં મરવાને તૈયાર થઈ, રાજાને બ્રહ્મ-હત્યાનું પાપ આપવાને તૈયાર થયો.

વિપ્રના આ સાહસથી રાજાએ સૌભાગ્યસુંદરી પાસેથી દ્વિજકન્યાને લાવીને વિપ્રને અર્પણ કરી. વિપ્ર પોતાની કન્યાને લઈને ચાલ્યો ગયો. બ્રાહ્મણ અને કન્યા નગરને જોતાં ને એનાં વખાણ કરતાં નગરી બહાર પેલા મરૂત્વ-નમાં ઉદ્યાન આગળ આવ્યાં. બન્નેએ પોતપોતાનું મૂળ સ્વરૂપ ધારણ કર્યું. ઠરાવેલ સમયે પેલી મેના કંદોયણ બાટલી ઉપર બેસીને આવી પહોંચી. પછી બાટલી ઉપર બેસીને રાજા અને મંત્રી રત્નપુરનગરીમાં આવ્યા. મેનાએ તેમની સારી રીતે સેવાચાકરી કરી. રાજાએ મેનાને પોતાની હકીકત બધી કહી સંભળાવતાં ઉમેર્યું કે "મારા પરિવાર સાથે હું સૌભાગ્યસુંદરીને લેવા માટે અહીં આવું, ત્યારે તારે મને મારા પરિવાર સહિત આ બાટલીની

સહાય વડે રત્નકેતુપુર પહોંચાડવો!"

"રાજન્! તમારે પરિવાર સાથે ઝટ આવવું, એટલે હું તમને રત્નકેતુપુર નગરે પહોંચાડી દઈશ, એમાં તમારે જરાય શંકા રાખવી નહિ."

મેનાની વાણી સાંભળી રાજા આનંદ પામ્યો ને બોલ્યો, "મેના! આ ખાટલી તારી પાસે શી રીતે આવી?"

રાજાના પ્રશ્નના જવાબમાં મેનાએ પોતાની કથા કહી સંભળાવી, "ધારાપુર નગરમાં ધન નામે શ્રેષ્ઠીને ધન્યા નામે પ્રિયા હતી. બન્ને જૈન ધર્મકર્મમાં પરાયણ થયેલાં શત્રુંજય આદિ તીર્થની યાત્રા કરી પોતાનો માનવભવ સફળ કરતાં હતાં. એવી રીતે શ્રાવકનો ધર્મ પાળી જીને-શ્વરની પ્રતિદિવસ પૂજા કરતાં હું મરણ પામીને પહેલા દેવલોકમાં ઉત્પન્ન થઈ. ત્યાંથી આવી અહીં મેના કંદોયણ થઈ.

"પૂર્વભવનો મારો પતી ધર્મપરાયણ જીવન ગુજારી મરણ પામી, બીજે દેવલોકે ગયો. અવધિજ્ઞાનથી મને અહીં જાણી મોહથી મને આ ખાટલી આપીને ચાલ્યો ગયો. ત્યારથી ખાટલી મારી પાસે છે. તેનાથી મારાથી બને તેટલો ઉપકાર કરી મારો જન્મ સફળ કરું છું."

મેનાની વાત સાંભળી રાજા ખુશી થયો અને સારી રીતે વસ્ત્રાભૂષણ વિગેરે ભેટ આપી પોતાના મંત્રી સાથે પોતાને નગર ચાલ્યો ગયો.

સ્વર્ણપુર નગરમાં આવી, રાજાએ યાત્રાના બહાને જવાની તૈયારી કરી. પોતાનું લશ્કર તથા પ્રધાન, મંત્રી વિગેરે સાથે રાજા સારા શુકને નીકળી પાછો રત્નપુર આવ્યો; અને ખાનગીમાં મેના કંદોયણને મળી, રત્નકેતુપુર પહોંચા-ડવાની તેને સૂચના કરી.

મેના કંદોયણ, રાજાને તેના લશ્કરપરિવાર સહિત ખાટલીની સહાયથી રત્નકેતુપુરના મહત્ત્વના ઉદ્યાનમાં લઇ ગઇ. ત્યાં નગરની બહાર રાજા છાવણી નાખીને પડ્યો, અને પછી એક વાચાળ દૂતને બધી હકીકત સમજાવી અરિમર્દન રાજાએ રત્નચંદ્ર રાજાની સભામાં મોકલ્યો.

આ તરફ રત્નચંદ્ર રાજા પણ મરૂત્વનમાં પરચક્ર આવેલું જાણી યુદ્ધ કરવાને બખ્તર પહેરીને તૈયાર થયો. તે દરમિયાન અરિમર્દન રાજાનો સેવક રાજસભામાં આવી પહોંચ્યો. રાજાને નમી એ વાચાળ અને હોશિયાર દૂત બોલ્યો, "મહારાજ! રત્નચંદ્રનો જય થાઓ! ધર્મકર્મમાં તત્પર અને ધર્મિષ્ઠ અમારા રાજા યાત્રા કરવા નીકળેલા, તે પરિવાર સાથે તમારા નગરના સીમાડે પડાવ નાખી પડેલા છે, તે માનો કે તમારા આજે મહેમાન થયેલા છે. તેઓ તમારા નગરમાં જીનેશ્વરના મંદિરમાં પૂજાયાત્રા કરવાની અભિલાષા રાખી રહ્યા છે. પણ તેમને એક નિયમ છે કે, તે કોઈ સ્ત્રીનું મુખ જોતા નથી. અને સ્ત્રીનાં વાક્ય પણ સાંભળતા નથી." દૂતે પોતાના સ્વામીની વતી રત્નચંદ્ર રાજાને હકીકત કહી સંભળાવી.

દૂતની વાત સાંભળી રાજા રત્નચંદ્ર ખુશી થયો. પોતે સ્વસ્થ થઇ દૂતને વિદાય કરી અરિમર્દનની પાસે જવાને તૈયાર થયો.

પ્રકરણ ૬૬ મું

ધર્મનું ફળ

"બળ કરતાં કળથી સદા, થાય જગતમાં કામ.
હાથીને વશ રાખવા, અંકુશનું છે કામ."

રાજા રત્નચંદ્ર પોતાના પરિવાર સાથે અરિમર્દન રાજાની છાવણીમાં મરૂત્તનમાં આવ્યો. રાજા રત્નચંદ્રને અરિમર્દન રાજાએ ખૂબ માન સન્માન આપ્યું. બન્ને રાજાઓએ સાથે લાવેલા જીનમંદિરને વિષે રહેલા યુગાદીશની અષ્ટ પ્રકારે પૂજા કરી, ભાવથી સ્તુતિ કરી, રાજાએ રત્નચંદ્ર રાજાને ખાનપાનથી તૃપ્ત કર્યો. પછી રાજા રત્નચંદ્રે પોતાની નગરીમાં પધારવાનું આમંત્રણ આપ્યું.

"રાજન્! મારે ત્યાં ભોજન કરવાને પધારો! અમારી નગરીની દિવ્ય રચના તો જુઓ! અદ્‌ભુત જીનમંદિરોનાં દર્શન કરી મનુષ્ય જન્મનો લહાવો લ્યો."

રાજાની વાણી સાંભળી અરિમર્દન રાજાએ પોતાની મનોગત ભાવના રાજા રત્નચંદ્રને કહી સંભળાવી. રાજા રત્નચંદ્ર પણ આ રાજાને ધર્મિષ્ઠ જાણી ખુશી થયો, અને ફરી આગ્રહપૂર્વક પોતાના નગરમાં પધારવા વિનંતિ કરી.

"ત્યારે આજે તો તમે તમારા બધા પરિવાર સાથે મારે ત્યાં ભોજન કરવાને આવો! તમારા સંઘના પગલાંથી અમારી નગરીને પવિત્ર કરો!"

"તમારા નગરમાં આવવાને અમને એક જરા મુશ્કેલી નડે છે, રાજન્! અને એ અમારા સ્વાર્થ ખાતર તમને મુશ્કેલીમાં ઉતારવા તે શું ઠીક છે?"

"અને એ તમારી મુશ્કેલી કયા પ્રકારની છે તે તો કહો!" રાજા રત્નચંદ્રે પૂછ્યું.

"નગરમાં હું કોઈ સ્ત્રીનું મુખ જોતો નથી. અચાનક કોઈ સ્ત્રીની દૃષ્ટિ પડી જાય તો મને વિઘ્ન ઉપસ્થિત થાય છે, અથવા તો મૃત્યુ પણ થાય, માટે હે રાજન્! એ વાત તમે કરશો નહિ."

"અરે, એમાં શું? મારા હુકમથી નગરની બધી

સ્ત્રીઓ ઘરમાં પૂરાઇ જશે, ને મારા અંતઃપુરની રમણીઓ પણ મારા હુકમથી તમારી નજરે નહિ પડે તે માટે હું અત્યારથી જ બંદોબસ્ત કરૂં છું. પણ તમારે આવવું તો પડશે જ!"

રાજાની વાત અરિમર્દન રાજાએ માન્ય કરી. પછી રાજા રત્નચંદ્ર પોતાના નગરમાં ગયો. બધી વ્યવસ્થા કરી મહેમાનોને આવવા માટેનો રસ્તો સાફ કર્યો. નગરીને શોભાયમાન રીતે શણગારીને તેમ જ રસોઇ વિગેરે તૈયાર કરીને રાજાને તેડાવ્યા. રાજા અરિમર્દન પોતાના પરિવાર સાથે નગરીની શોભા જોતા જોતા રાજમહેલમાં આવ્યા. રાજાએ નરદ્વેષિણિની બાજુના મહેલમાં રાજાને ઉતારો આપ્યો. ભોજન વિગેરેથી રાજાએ મહેમાનનું ગૌરવ વધાર્યું.

ભોજન વિગેરેથી પરવારી અરિમર્દન રાજા પોતાના ઉતારામાં આવ્યા. રત્નચંદ્ર પણ ત્યાં આવી રાજા પાસે વાતો કરવા લાગ્યા. બન્નેની વાતો ભીંતને અંતરે રહેલી નરદ્વેષિણી સાંભળી શકે તેમ હતું. ગુપ્તપણે મહેમાનની વાતો સાંભળવાને તે પણ આતુર રહેલી હતી. સૌભાગ્યસુંદરી પોતે નરદ્વેષિણી હતી; રાજા નારીદ્વેષિ હતો. તેથી એને મન પણ કંઈક આશ્ચર્ય તો હતું જ. વાતો કરતાં અરિમર્દન રાજાને રત્નચંદ્રે પૂછ્યું, "હે રાજન્! તમને સ્ત્રીઓનો દ્વેષ કેમ થાય છે? એવા કયા કારણે તમે સ્ત્રીદ્વેષી થયા છો?"

"હેરાજન્! પૂર્વભવના ઋણાનુબંધથી! અથવા પૂર્વભવની સ્ત્રીના સંતાપથી હું સ્ત્રીદ્વેષી થયો છું:"

"એ તમારો પૂર્વભવ જરા વિસ્તારથી કહો તો ખરા!" રાજાના પૂછવાથી અરિમર્દન રાજાએ પોતાનો પૂર્વભવ કહી સંભળાવવો શરૂ કર્યો; જે કથા ગુપ્તપણે

સૌભાગ્યસુંદરી પણ સાંભળતી હતી. અરિમર્દન રાજાના પૂર્વભવની વાત સાંભળી રાજપુત્રી મનમાં વિચાર કરવા લાગી, "રાજા ખોટું બોલે છે, અથવા તો કદાચ મારા જાણવામાં તો ફેરફાર નહિ હોય?"

ભૂપપુત્રી ત્યાંથી જ બોલી, "હે રાજન્! તમે ખોટું બોલો છો. બચ્ચાને ચકલીએ ચાંચમાં લઈ ઉડવાનું કહેવા છતાં ચકલાએ એની વાત સાંભળી નહિ, ને પોતાતો જીવ બચાવવાને તે ઉડી ગયો. ને ચકલી અગ્નિમાં બળી મરી."

"એમ નહિ, પણ ચકલાની વાત ચકલીએ માની નહિ, ને ચકલી પોતાનો જીવ બચાવવાને ઉડી ગઈ." રાજાએ પોતાના પક્ષનું સ્થાપન કર્યું.

રાજપુત્રી સૌભાગ્યસુંદરીએ પછી ત્યાં આવીને રાજાને જોયો એટલે તેનો નરદ્વેષ ગયો. ને રાજાએ સૌભાગ્યસુંદરીને જોવાથી એનો સ્ત્રીદ્વેષ પણ ગયો. "તમારી વાત હરહમ અસત્ય ને જુઠાણા ભરેલી છે." રાજકન્યા બોલી.

"ના, તમારી વાત જુઠી છે. તમે બરાબર જાણી શકતા નથી, તેથી જ આમ બોલો છો," એમ કહીને રાજાએ જવાની તૈયારી કરી. રાજાને જતો જોઈ રાજપુત્રીએ પોતાના પિતાને કહ્યું. "હે પિતાજી! પરભવમાં પણ આ રાજા જ મારા પતિ હતા, તો આ ભવમાં પણ આ રાજા જ મારા પતિ થાઓ! અન્યથા અગ્નિ ભક્ષણ કરવાની રજા આપો," રાજકન્યાના વચનથી કન્યાનો નરદ્વેષ ગયેલો જાણી રાજા ખુશી થયો, ને રાજાને આગ્રહથી રોકયો. રાજા અરિમર્દનને પછી આગ્રહપૂર્વક રાજકન્યા સૌભાગ્યસુંદરીને આડંબર ને મોટા મહોત્સવ સાથે રાજાને પરણાવી; કારણ-કે જગતમાં પ્રાણીઓને ધર્મના પ્રભાવથી શું નથી મળતું? અશકય વસ્તુઓ પણ ધર્મના પ્રભાવથી મળે છે. સ્ત્રીની

ઇચ્છાવાળાને સ્ત્રી મળે છે, ધનની ઇચ્છાવાળાને ધન મળે છે; રાજ્યની ઇચ્છાવાળાને રાજ્ય મળે છે; પુત્રની ઇચ્છાવાળાને પુત્ર મળે છે; પ્રાણીઓના હૃદયમાં રહેલી ઇચ્છાઓ ધર્મના પ્રભાવથી પૂરી થાય છે. સ્વર્ગ અને મોક્ષ જેવી વસ્તુઓ પણ ધર્મના પ્રભાવથી પ્રાપ્ત થાય છે.”

સૌભાગ્યસુંદરીને પરણી રાજા કેટલોક સમય શ્વશુરના નગરમાં રહી પોતાને નગર જવાને તૈયાર થયો. રત્નચંદ્રની રજા લઇને, રાજા પોતાના પરિવાર સાથે સૌભાગ્યસુંદરીને લઇને, મેનાની ખાટલીની સહાયથી રત્નપુરનગરે આવ્યો. મેનાએ રત્નપુરમાં રાજા તથા તેના પરિવારની ખાનપાનથી સારી રીતે ભક્તિ કરી રાજાને પ્રસન્ન કર્યો, રાજાએ લાખ લાખની કિંમતનાં ચાર રત્નો મેનાને આપ્યાં, ને ત્યાંથી આગળ પોતાની નગરી તરફ ચાલ્યો,

રસ્તામાં આવતાં જીનમંદિરમાં જીનેશ્વરોને નમસ્કાર કરતો અને તીર્થસ્થળોની ભક્તિ કરતો ને પ્રભાવના વધારતો રાજા અરિમર્દન પોતાના નગરના ઉદ્યાનમાં આવ્યો. મંત્રીઓએ નગરીને તરિયાતોરણ વિગેરેથી સુશોભિત બનાવી. જલછંટકાવ કરી પુષ્પવૃષ્ટિ કરાવી, અને રાજરસ્તાઓ સારી રીતે શણગાર્યા. રાજાએ સારા મુહૂર્તે નગરમાં ઠાઠ-માઠથી ને મોટા આડંબરપૂર્વક વાજિંત્રોના મધુર ધ્વનિ સાથે પ્રવેશ કર્યો. વાજિંત્રોના નાદ સાંભળી રાજાને અને તેની નવીન પ્રિયાને જોવાને આખું નગર ઉલટ્યું. રસ્તા માણસોથી—સ્ત્રીપુરૂષોથી ઉભરાઇ ગયા. બંદિજનોના જય જયકાર સાથે છુટે હાથે દાનને વર્ષાવતો રાજા જ્યાં ગાનતાન ને નૃત્ય થઈ રહ્યાં છે ત્યાં થઇને અનુક્રમે રાજમહેલમાં આવ્યો. સાત ભૂમિકાવાળા સુવર્ણમય પ્રાસાદમાં સૌભાગ્ય-સુંદરીને નિવાસસ્થાન આપ્યું. સૌભાગ્યસુંદરી અને રાજા

અરિમર્દન બન્ને ચંદ્ર અને રોહિણીના માફક, પાર્વતી અને શંભુની માફક, શચીપતિ અને ઇંદ્રાણીની માફક શોભવા લાગ્યાં. એક બીજામાં પ્રીતિવાળાં તેઓ બન્ને દેવતાની માફક ભોગોને ભોગવતાં, કાલને પણ જાણતાં ન હતાં.

કાળાંતરે સૌભાગ્યસુંદરીને સારા સ્વપ્નથી સુચિત ગર્ભ રહ્યો. કોઇકે પુણ્યવાન આત્મા સ્વર્ગનાં સુખ ભોગવી પુણ્ય-યોગે એના ઉદરમાં ઉત્પન્ન થયો. ગર્ભના પ્રભાવથી દેવી સૌભાગ્યસુંદરીને જે જે મનોરથો થયા તે સર્વ રાજાએ પૂરા કર્યા. શુભ દિવસે સૌભાગ્યસુંદરીએ પુત્રનો જન્મ આપ્યો. પુત્રનો જન્મમહોત્સવ કરી રાજાએ રાજપુત્રનું મેઘ એવું નામ પાડયું.

પાંચ ધાત્રીઓથી લાલન પાલન કરાતો મેઘ બાલ્યાવસ્થા પસાર કરીને ભણવા યોગ્ય અવસ્થાવાળો થયો. રાજાએ તેને પંડિત પાસે અભ્યાસ કરવાને મુકયો. ભણી, ગણી શસ્ત્ર અને શાસ્ત્રવિદ્યામાં તે પારંગત થયો. યૌવનવયમાં આવ્યો ત્યારે રાજાએ ચંદ્રપુરનગરના ચંદ્રસેન રાજાની મેઘવતી નામની કન્યા સાથે મહોત્સવપૂર્વક મેઘકુમારને પરણાવ્યો.

ઋષભદેવના મંદિરમાં પૂજા રચાવી બન્ને વરવહુ આદિનાથને નમવાને ગયાં. આદિનાથની મૂર્તિને જોઇ બન્ને મૂર્છિત થઇ ગયાં. અકસ્માત આ બનાવથી બધો પરિવાર ચિંતાતુર થયો. અનેક શીતોપચારથી વરવહુ સાવધ થયાં, પણ બન્ને મૂંગાં થઈ ગયાં. એમને બોલાવવાને રાજા અને અનેક વૈદ્યો, મંત્રતંત્રને જાણનારાઓ—કોઇપણ સમર્થ થયા નહિ, અંતે રાજા ચિંતાતુરપણે પોતાનો સમય વિતાવવા લાગ્યો

એકદા નગરીના ઉદ્યાનમાં વિહાર કરતા જ્ઞાની સિદ્ધ-સેનસૂરિ પધાર્યા. ઉદ્યાનપાલકની વધામણીથી રાજા ખુશી

થઈને પુત્ર, પુત્રવધુ અને રાણી સાથે દેશના સાંભળવાને આવ્યો. ગુરૂની દેશના સાંભળી રાજાએ સુરિને પૂછયું, "હે ભગવન્ ! કયા પાપના ઉદયથી મારો પુત્ર અને પુત્રવધુ મૂંગાં થઇ ગયાં છે, તે કૃપા કરીને કહેો."

"રાજન્ ! નહિ બોલવાનું કારણ જ્યારે આ બન્ને સાંભળશે ત્યારે તેઓ સંસારથી ભય પામેલાં વ્રતને જ ગ્રહણ કરશે."

સૂરિની વાત સાંભળી રાજા બોલ્યો, "હે ભગવન્ ! જે થવાનું હોય તે થાઓ, પણ આપ એમના મૂંગાપણાનું કારણ કહેો !"

રાજાનો નિશ્ચય સાંભળી સૂરિએ પૂર્વભવનું સ્વરૂપ કહી સંભળાવ્યું.

પૂર્વભવનું સ્વરૂપ સાંભળી એ મેઘ અને મેઘવતી વૈરાગ્ય પામી દીક્ષા લેવાને તૈયાર થયાં. અરિમર્દન રાજાને પણ વૈરાગ્ય આવ્યો, પણ તે પહેલાં તો મેઘ અને મેઘવતીએ દીક્ષા ગ્રહણ કરી તીવ્ર તપ કરવા માંડયું, અને તે બન્ને તીવ્ર તપ કરી કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયાં.

અરિમર્દન રાજાએ પણ ગુરૂને પૂછયું, "હે ભગવન્ ! પરભવે મેં શું સુકૃત કરેલું જેથી આ ભવમાં મને આશ્ચર્યકારી સમૃદ્ધિ મળી ?"

રાજાનો આ પ્રશ્ન સાંભળી ગુરૂ બોલ્યા. "હે રાજન્ ! પૂર્વભવમાં તેં જીનાશ્વરની ભક્તિ કરેલી તેનું આ ફળ છે."

ગુરૂના કથનથી શ્રાવક ધર્મનાં વ્રત અંગીકાર કરી રાજા પ્રિયાની સાથે નગરમાં ગયો. શ્રાવક ધર્મનું પાલન કર્યા પછી ચારિત્ર ધર્મનું આરાધન કરી રાજા શિવલક્ષ્મીનો ભોકતા થયો.

સૂસિદ્ધસેનઆમ રિએ રાજા અને પર્ષદા આગળ

અરિમર્દન રાજાનું અદ્‌ભુત વૃત્તાંત કહી સંભળાવ્યું અને પર્ષદા પોતપોતાને સ્થાનકે ગઈ.

ગુરૂએ તે પછી ખાનગીમાં રાજાને કહ્યું, "હે રાજન્! તમારે હવે રાજ્યખટપટ છોડી ધર્મકર્મમાં વધારે સાવધાન રહેવું. આયુષ્યની કાંઈ ખબર પડતી નથી, માટે તમે પણ હવે પાછળની અવસ્થામાં ધર્મ તરફ અધિક ધ્યાન આપો તો સારૂં!"

"મને પણ હવે એમજ લાગે છે કે હવે મારૂં આયુષ્ય અધિક નહિ હોય. પૂર્વભવના પુણ્યથી આ ભવમાં મને સર્વ વાતે સુખ છે, ને આ ભવમાં પણ એ ધર્મને સારી રીતે આરાધ્યો હોય તો આવતા ભવમાં પણ સુખ મળે. અને ક્રમે કરીને મોક્ષ પણ ધર્મના પ્રભાવથી મળે, ને દુનિયાની મોહમાયા ટળે તેથી ધર્મ કરવો જરૂરી છે." રાજાએ કહ્યું.

"હા! માટે જ ધર્મકર્મ તરફ અધિક લક્ષ આપવું. રાજ્યખટપટ બધી વિક્રમચરિત્રને સોંપી દો, અને ધર્મસાધન કરો પરભવનું ભાથું તમે સારી રીતે બાંધી લો."

રાજા ગુરૂ મહારાજને નમી ગુરૂની વાણિનું ચિંતવન કરતો પોતાને સ્થાનકે ગયો; અને ગુરૂ સિદ્ધસેનસૂરિશ્વર પોતાના પરિવાર સાથે અન્યત્ર વિહાર કરી ગયા.

પ્રકરણ ૬૭ મું

'હા! વિક્રમ!'

"જાતાં તણા જુહાર, વળતાં તણાં વધામણાં,
દેવ તણા વ્યવહાર, વિણસ્યું કે મળશું નહિ."

રાજા વિક્રમ રાજસુખ ભોગવતાં અને ધર્મસાધન કરતાં હવે સૈકાના છેલ્લા દશકામાં પહોંચી ગયા હતા.

પાણીના પ્રવાહની માફક કાલને જતાં કાંઈ વાર લાગતી નથી. સમય સમયનું કામ કર્યે જાય છે, રાજા વિક્રમ સભા ભરીને બેઠા હતા તે દરમિયાન એક ઘોડેસ્વાર દોડતો રાજ-દરબાર આગળ આવી પહોંચ્યો. અશ્વ ઉપરથી કુદકો મારી દ્વારપાલની પણ પરવા નહિ કરતાં રાજદરબારમાં પ્રવેશ કરી રાજા આગળ હાથ જોડી નમીને તે ઉભો રહ્યો.

" ભીમસિંહ, શી નવાજુની છે ? શું કાંઈ નવીન છે ? "

રાજા વિક્રમનો પ્રશ્ન સાંભળી ઘોડેસવાર ભીમસિંહ શ્વાસ લેતો બોલ્યો, "હે મહારાજ ! બાપુ ! જુલમ થઇ ગયો જુલમ થઈ ગયો ! "

" છે શું ? " ભટ્ટરાજ વચમાં બોલ્યો.

" શાલિવાહન રાજાના સૈન્યે આપણો દેશ ઉજ્જડ કર્યો. ગામનાં ગામ ભાગી નાખી, લુંટ ચલાવી પાયમાલ કરી નાખ્યાં, બાપુ ! " ભીમસિંહે દમ લીધો. ભીમસિંહની વાત સાંભળી લઇ રાજાએ ભીમસિંહને રજા આપી. રાજાએ મંત્રીઓ સામે જોયું. રાજાનો અભિપ્રાય જાણી ભટ્ટમાત્ર બોલ્યો, " હે મહારાજ ! આવી રીતે બળનો ગર્વ બતાવી શાલિવાહન આપણાં ગામ ભાગે તે સારૂં નથી. છતી શક્તિએ આવો પરાજય કોણ સહન કરે ? લશ્કરની તૈયારી કરી આપ એની ઉપર ચઢાઈ કરી એનું અભિમાન ઉતારો ! એની પાસેથી દંડ લઇ એને શિક્ષા કરો ! "

અમાત્યની વાત સાંભળી રાજા વિક્રમ વિચારમાં પડ્યો. " નજીવી બાબતમાં યુદ્ધ જેવું મહાભારત કાર્ય આદરીને હજારો પુરૂષોનો ક્ષય કરાવવો એ શું યોગ્ય કહેવાય ? " રાજાનાં વચન સાંભળી મંત્રી બોલ્યો, " મહારાજ ! એમાં નજીવી વાતનો સવાલ નથી. જરાક છિદ્રની ઉપેક્ષા કરતાં કાળાંતરે મોટું ગાબડું પડી જાય છે; એથી

તો શાલિવાહન અને બીજા રાજાઓ આપણી નિર્બળતા જાણી જશે, ભવિષ્યમાં મહા અનર્થ થશે. મહાયુદ્ધ આદરવાનો સમય આવશે. સિંહ શિયાળોનો કોઇએ જરા પણ કરેલો પરાભવ સહન કરતો નથી. બીકણ સ્વભાવથી જ પરાભવ સહન કરવાનો સ્વભાવ છે; માટે ઝટ ઉઠો, શત્રુને ચમત્કાર બતાવો !"

મંત્રીની વાણી સાંભળી રાજા બોલ્યો, "હે મંત્રી ! તમારી વાત તો સત્ય છે, પણ યુદ્ધના ચાર પ્રકાર છે. સામ, દામ, ભેદ અને દંડ. એ ચારે પ્રકારમાંથી પહેલા ત્રણ ભેદથી કામ થતું હોય તો યુદ્ધ કરવાનું કામ જ શું ? માટે પહેલા સામ અને દામથી સમજાવવા પ્રયત્ન કરવો, તે છતાંય ન સમજે તો યુદ્ધ તો છે જ."

"ગમે તેમ પણ શત્રુને ચેતવવો તો જોઇએ. ગામડાં ભાંગીને શત્રુ સહિસલામત પોતાના નગરમાં જઇ અભિમાન લે એ તો ઘણું જ ખરાબ કહેવાય ! મંત્રીએ કહ્યું,

રાજાએ અને મંત્રીઓએ સલાહ કરીને સર્વે હકીકત સમજાવી એક વાચાળ દૂતને શાલિવાહનના દરબારમાં મોકલ્યો. પોતાના રાજાના બળથી અભિમાનમાં પર્વતસમો વિક્રમનો દૂત પ્રતિષ્ઠાનપુરમાં શાલિવાહનના દરબારમાં પહોંચી ગયો. શાલિવાહન રાજા પ્રતિષ્ઠાનપુરના ભવ્ય દરબારમાં કુચેરો ભરીને બેઠો હતો. પોતાના પરાક્રમી સેંકડો સુભટોથી રાજા અભિમાનમાં પર્વત સરખો જગતને તૃણ સમાન માનનારો હતો. એ રાજાના વફાદાર અને પરાક્રમી સુભટો, મોટી મોટી શિલાઓ ઉપાડી પોતાનું ભુજબળ પ્રગટ કરનારા હતા. એવા શૂરાઓના અભિમાનથી પરાક્રમી રાજા શાલિવાહન વિક્રમને પણ કંઇ ગણતો નહિ. રાજા શાલિવાહનને શુદ્રક નામે સેવક મહાપરાક્રમી ને બળવાન

ગણાતો હતો. તેના બળથી રાજાનો ગર્વ વળી આસમાન પર્વતે પહોંચી ગયો હતો. આ સિવાય શાલિવાહનને બીજા પણ અનેક સુભટો હતા.

રાજા શાલિવાહનના દરબારમાં પ્રવેશ કરી વિક્રમ રાજાનો દૂત રાજાને નમી ઉભો રહ્યો, "હે રાજન્! તમે અવંતીપતિ મહારાજ વિક્રમનાં ગામોનો નાશ કર્યો તે સારૂં કર્યું નથી. તમારા સૈન્યના આ અનુચિત કાર્યની તમારે ઉપેક્ષા કરી મહારાજા વિક્રમ સાથે વેર બાંધવું જોઇએ નહિ. જેથી વિચાર કરીને મહારાજા વિક્રમને મળી તમારી એ ભુલની માફી માગો! તમારા આવવાથી મહારાજા વિક્રમ ખુશી થશે ને તમારી વાતને નઠારા સ્વપ્નની માફક ભૂલી જશે; નહિતર મહારાજા વિક્રમનું કટક ધસી આવી તમારા રાજ્યની ખાનાખરાબી કરી નાખી, તમને પાયમાલ કરી નાખશે."

દૂતની કઠિન અને કઠોર વાણી સાંભળીને નમ્રતા વગરનો ગર્વિષ્ઠ રાજા શાલિવાહન ક્રોધ કરતો બોલ્યો, "હે દૂત! ચૂપ રહે, તારા આવા વિતંડાવાદથી શું સરવાનું છે? ગામ ભાગ્યાનો તારા સ્વામીને બદલો લેવો હોય તો શીઘ્રતાથી મારી સામે આવે! હું પણ મારા સૈન્યની સાથે તારા સ્વામી સાથે શીઘ્રતાથી આવું છું." શાલિવાહને દૂતને અધિક ન બોલવા દેતાં વિદાય કર્યો. દૂતે અવંતીમાં આવી રાજા વિક્રમને શાલિવાહનનો યુદ્ધસંદેશો કહી સંભળાવ્યો, "મહારાજ! શાલિવાહન આખા જગતને તૃણ સમાન માને છે. તમને પણ કાંઇ હિસાબમાં ન ગણતાં તે કહેવડાવે છે કે યુદ્ધ કરવા પહોંચ હોય તો વહેલો આવે!"

દૂતનાં વચન સાંભળી રાજા વિક્રમે રણભંભા વગડાવી લશ્કરને એકઠું કર્યું, ને પ્રતિષ્ઠાનપુર તરફ કુચ કરવાનો

હુકમ આપ્યો કવચને ધારણ કરી પરાક્રમી રાજા વિક્રમ અવંતીમાંથી શુભ મુહૂર્તે નીકળ્યો, તેની પછવાડે કવચ, શસ્ત્રાસ્ત્ર ધારણ કરી વિક્રમચરિત્ર નીકળ્યો. શતબુદ્ધિ, સહસ્ત્રબુદ્ધિ, લક્ષબુદ્ધિ અને કોટિબુદ્ધિ તથા અનેક મહારથીઓ નીકળ્યા. રાજાઓ, મુગુટધારી રાજાઓ, સુભટો અને વીર પુરૂષોથી પરવરેલો વિક્રમ પોતાના મંત્રીઓ સાથે અવંતીને છોડી શીઘ્ર કૂચ કરતો તે આગળ જતા લશ્કરને ભેગો થઇ ગયો.

લશ્કરની સાથે રાજા વિક્રમ શીઘ્રતાથી પંથ કાપતો પોતાના રાજ્યના સીમાડે પહોંચી ગયો. યુદ્ધ કરવાના રસવાળો શાલિવાહન પણ શુદ્રક જેવા સેંકડો સુભટો અને અગણિત લશ્કરને લઈ સીમાડે આવી ગયો.

રાજા વિક્રમે પોતાના સૈન્યમાં અનેક નાના મોટા અમલદારોને પુષ્કળ દ્રવ્ય આપીને ઉત્સાહિત કર્યા હતા; કારણકે સ્વામીથી સન્માન પામેલા સેવકો રણ-ઉત્સાહમાં મંદગતિવાળા થતા નથી. જગતમાં પણ કહેવાય છે કે વૈદ્ય જેમ વ્યાધીથી પીડાયેલા લોકોનો ઇચ્છા કરે છે, તેથી તેમનો ધંધો સારો ચાલે, તેમ બ્રાહ્મણો પણ અધિક મરણ થાય તો રાજી થાય છે, કારણ કે લોકોનાં મરણ થવાથી બ્રાહ્મણોને બ્રહ્મભોજનનો લહાવો મળે; ત્યારે સાધુઓ લોકોનું કુશળક્ષેમ ચાહે છે; તેમ ઉત્સાહિત સુભટો પણ રણે ચઢવામાં ઉત્સાહવાળા હોય છે. બન્નેનાં સૈન્યોમાં હાથી, અશ્વો, રથો અને વીર પુરૂષો રણ-ઉત્સાહવાળા હતા. બન્નેનાં સૈન્યોએ એકબીજાને ચેતવીને યુદ્ધ શરૂ કર્યું.

શુદ્રક પોતાના પરાક્રમથી શત્રુને તૃણ સમાન ગણતો શતમતિ ને કોટીમતિ સુભટો સાથે તુમુલ યુદ્ધ કરવા લાગ્યો.

પોતાની રાજધાની અવંતી નગરીમાંથી વિક્રમરાજા પોતાના
ભાવ ઉપકાર સાથે શિક્ષણાર્થી પંથ કાપતો બાજ છે. પૃષ્ઠ ૫૬૦

શુદ્રકે પોતાના પરાક્રમથી વિક્રમના સુભટોને જર્જરિત કરી નાખ્યા. વિક્રમનું સૈન્ય પણ શત્રુના મારથી ત્રાસી ગયું. પોતાના સૈન્યની નિરાશ સ્થિતિ જોઇ હાથીનું મર્દન કરનાર અઘટકુમાર અરિદળમાં પેઠો. શત્રુના સૈન્યને દાવાનળ સમા અઘટકુમારે શત્રુસૈન્યમાં પોતાના બળથી જગા કરી અને દુશ્મનોને પોતાનું પાણી બતાવી, શુદ્રકની સન્મુખ પહોંચી જઇ તેને પડકાર્યો.

શુદ્રક અને અઘટને સામસામે બરાબર ઠેરી ગઇ. બન્ને એકબીજાના જીવના ભૂખ્યા થયેલા તેઓ અતુલ પરાક્રમ દાખવવા લાગ્યા. હાથી ઉપરથી બન્ને લડતા જમીન ઉપર પડયા. યુદ્ધનો ખરો રંગ જોઇ વિક્રમચરિત્ર અને મહારાજા વિક્રમ પણ યુદ્ધમાં ધસી આવ્યા. રાજા અને રાજપુત્રને રણસંગ્રામમાં શૌર મચાવતા જોઇ શાલિવાહને પણ પોતાના બળવાન સુભટો સાથે ધસી આવ્યો.

વિક્રમે શત્રુઓનો નાશ કરતા ને આ બન્ને મહારથીઓના યુદ્ધને જોતા અઘટકુમારને કંઇક સહાય કરવાનો વિચાર કર્યો. પણછ ચડાવીને રાજા વિક્રમે એક બાણ શુદ્રકને ઉદ્દેશીને છોડયું. એ બાણ શુદ્રકના હાથમાં ચોંટયું ને પેલી મજબૂત પકડેલી તલવાર લઇને નીચે પડયું. અઘટ અને શુદ્રક બન્ને બાહુયુદ્ધ કરતા બન્ને સમાન બળવાળા હોવાથી કોઇ કોઇને જીતી શકતું ન હોવાથી વિક્રમે શુદ્રકને ઉદ્દેશીને એક બીજું બાણ ધનુષ્ય ઉપરથી છોડી દીધું. શુદ્રકનું કવચ ભેદીને એ બાણ શુદ્રકના શરીરમાં પેસવાથી શુદ્રક મુર્છિત થઇ જમીન ઉપર તુટી પડયો. પરાક્રમી અઘટકુમાર પરાક્રમી એવા મુર્છિત શત્રુને છોડી દઇને બીજા સુભટોની ખબર લેવાને શસ્ત્ર ધારણ કરીને ધસ્યો. શાલિવાહનને મુર્છિત શુદ્રકને છાવણીમાં મોકલી

આપ્યો, પોતાના મહાસુભટ શુદ્રક અને સૈન્યના હાલહવાલ જોઇ રાજા શાલિવાહન ક્રોધ્યો. તેણે રાજા વિક્રમ સામે ધસી વિક્રમ ઉપર તીર છોડવા માંડયાં. વિક્રમે શાલિવાહનનાં આવતાં તીર કાપી નાખવા માંડયાં. એવી રીતે હવે બન્ને રાજાઓ સામ સામે આવી જઈ યુદ્ધ કરવા લાગ્યા, પણ એવામાં રાજા વિક્રમ શત્રુના એક બાણથી ઘવાયો.

ત્યાં તરત જ શાલિવાહનના અનેક બાણોનો નાશ કરતો વિક્રમચરિત્ર શાલિવાહનના પટ્ટહસ્તી સમીપે પહોંચી ગયો. જીવ ઉપર આવેલો રાજકુમાર પોતાના અસીમ બળથી રાજાને હંફાવતો રાજાની પાસે આવ્યો, એની પછવાડે એના પરાક્રમી સુભટો પણ રાજકુમારનું રક્ષણ કરતા આવી પહોંચ્યા. શાલિવાહનના તેજને ઝાંખું પાડતો આ બાળનરેશ્વર પોતાના હાથી ઉપરથી શાલિવાહનના હાથી ઉપર કુદ્યો. શાલિવાહનના મહાવતે વિક્રમચરિત્રને પોતાના હાથી ઉપર કુદતો જોઈ હાથીને પાછો પાડવા યુક્તિ કરી તો ખરી, અને વિક્રમચરિત્ર કદાચ ફાળભ્રષ્ટ પણ થાત, છતાંય નીચે પડતા કુમારે હાથીની અંબાડી પકડીને હાથી ઉપર ચડી ગયો. શાલિવાહન સાથે ભીષ્મ બાહુયુદ્ધ આરંભ્યું. શાલિવાહન સાથે યુદ્ધ કરતા, મહાવત કાંઇકે પણ કુટિલતા કરે તે પહેલાં એક ડાબા પગની લાત મારી એના જ હાથીના પગ તળે મહાવતને કરી દીધો. રાજા શાલિવાહનના હાથી ઉપર રહેલા રાજાના અંગરક્ષકોને વિક્રમના અઘટ વિગેરે સુભટોએ પોતપોતાના બાણોથી ભૂમી ભેગા કરી દીધા અને શાલિવાહનની મદદે આવતાં એના સુભટોને યુદ્ધ આપીને અટકાવતા તેઓ રાજકુમારનું રક્ષણ કરવા લાગ્યા. વિક્રમના સુભટો અને સૈન્યના ઉત્સાહપૂર્વક પરાક્રમથી શાલિવાહનનું સૈન્ય રણમાં જે જીવતું રહ્યું હતું તે

જીવ બચાવીને નાઠું, અને શાલિવાહન પણ તક મેળવી વિરુદ્ધ દિશાએ નાઠો.

વિક્રમચરિત્ર અને એના સુભટોએ શત્રુની પાછળ પડી તેમનો સરંજામ લુંટી લીધો. તે પછી તેઓ પોતાની છાવણીમાં આવ્યા અને ઘાયલ થયેલા રાજા વિક્રમને લઇને વિક્રમચરિત્ર સૈન્ય સાથે તુરત જ અવંતીમાં આવ્યો.

રાજા વિક્રમ શત્રુના બાણની વેદનાથી દુઃખનો અનુભવ કરતા, અને મંત્રીઓ તેમને ધર્મધ્યાનનો ઉપદેશ કરી સંસારનું સ્વરૂપ સમજાવતા હતા. અનેક વૈદ્યોના ઉપચારો નકામા ગયા, અને રાજાએ પોતાની આખર સ્થિતિ જાણી લઇને અપાય તેટલું યાચકોને દાન અપાવ્યું. અને પંચપરમેષ્ટીનું સ્મરણ કરતો તે રાજા વિક્રમ આખરે આ પૃથ્વીનું રાજ્ય છોડીને સ્વર્ગનો મહેમાન થયો. અને પૃથ્વી આધાર વગરની થઈ ગઈ, તેના મૃત્યુથી પૃથ્વી પર હાહાકાર થઈ ગયો. "અરે કલિકાલનું કલ્પવૃક્ષ અમારા પાપના યોગે અદૃશ્ય થઈ ગયું."

શત્રુને જીતવા છતાં વિક્રમચરિત્રને પિતાનું મૃત્યુ થતાં જરાય હર્ષ થયો નહિ. રાજાના અગ્નિસંસ્કાર સાથે કેટલીય રાણીઓ રાજાની સાથે સતી થઈને પતિની સાથે ચાલી ગઇ. હા! વિક્રમ! હા વિક્રમ!

પ્રકરણ ૬૮ મું

ઉપસંહાર

"કહો! દૂર કોણ કરી શકે, લખ્યા વિધિના અંક,
ઉદધિપિતા તો ય ચંદ્રનું, ધોઇ શકયો ના કલંક."

વિક્રમચરિત્રના શોકને દૂર કરવા ભટ્ટમાત્ર વિગેરે મંત્રીઓએ ઉપદેશ આપીને તેને ઘણો સમજાવ્યો છતાં વિક્રમચરિ-

ત્રનો શોક દૂર ન થવાથી ગુરૂ મહારાજ સિદ્ધસેનસૂરિને તેડાવ્યા. ગુરૂ મહારાજ સિદ્ધસેનસૂરિએ વિક્રમચરિત્રને ધર્મોપદેશ આપીને કહ્યું, 'હે રાજકુમાર ! તારા પિતાનો શોક ન હોય. એમણે તો જન્મીને આ દોહ્યલો નરભવ સફળ કર્યો છે. દાનથી પૃથ્વીને અનૃણી કરી છે. રાજાએ પોતાનો સંવત્સર ચલાવ્યો. કીર્તિસ્થંભ ઉભો કર્યો. તેણે અનેક દીન, દરિદ્ર અને દુઃખી જનોને દુઃખમુક્ત કર્યા. દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ યથાશક્તિ આરાધન કરી શ્રાવકનાં વ્રત પાળી રાજા હોવા છતાં ધર્મ માટે પણ એમણે શું નથી કર્યું? મનુષ્ય લોકનાં સુખ છોડી રાજા વિક્રમ સ્વર્ગમાં ગયા છે. ને ત્યાં સ્વર્ગનાં સુખ ભોગવી થોડા જ ભવમાં તારા પિતા મુક્તિના સુખને પામશે. માટે એવા નરપુંગવનો શોક શો ? હવે તો તું પણ રાજા થઈને પિતાને માર્ગે ચાલી ન્યાયથી પૃથ્વીનું પાલન કરી યથાશક્તિ ધર્મને આરાધ, કે જેથી તારા પિતાની માફક તારો નરભવ પણ સફળ થાય"

આ રીતે સૂરિનાં નિરંતર વૈરાગ્યમય ઉપદેશથી રાજકુમારનો શોક દૂર થયો. પછી મંત્રીઓએ વિક્રમચરિત્રના મોટા રાજ્યાભિષેકની તૈયારી કરી. રાજકુમારનો શોક દૂર કરી ગુરૂ મહારાજ અન્યત્ર વિહાર કરી ગયા. મહારાજા વિક્રમના મૃત્યુ પછી મંત્રીઓએ એક શુભ દિવસે વિક્રમચરિત્રને અવંતીની ગાદી ઉપર અધિષ્ઠિત કરી માળવાનો તાજ તેના મસ્તક ઉપર પહેરાવ્યો. મોટા ઠાઠ માઠ અને આડંબર પૂર્વક એ તાજપોષીની વિધિ કરી. આઠ દિવસ સુધી સારીય અવંતીમાં અને આખા રાજ્યમાં મોટો મહોત્સવ પ્રવર્તો, અને અવંતીના આ મહોત્સવની તો વાતજ શી કરવી ? આઠ દિવસ પર્યંત લોકો દેવતાની જેમ મનોવાંછિત સુખ અને વિલાસ કરતા હતા. આઠ દિવસ

માટે માળવાની અવંતીનગરીને શણગારી શુભોભિત બનાવી રાવણની લંકાનગરી સમી કે કૃષ્ણની દ્વારિકા—દ્વારામતી સમી બનાવી દીધી હતી. રાજકુમાર વિક્રમચરિત્રની એવી રીતે રાજ્યારોહણની ક્રિયા નિર્વિઘ્ને સમાપ્ત થઈ ગઈ. અવંતીનો રાજમુગટ ધારણ કરી રાજકુમાર વિક્રમચરિત્ર મહારાજા, અવંતિરાજ વિક્રમચરિત્ર થયા—માળવાના અધિશ્વર થયા. અવંતીના સિંહાસને આરૂઢ થયેલા મહારાજા વિક્રમચરિત્રને મંત્રીઓ, સામંતો, સુભટો, નાના રાજાઓએ નમીને ભેટ ધરી; વિક્રમચરિત્રની આણ કબુલ કરી. પ્રજાનું માનસન્માન સાચવતા મહારાજા વિક્રમચરિત્ર પ્રજાને ન્યાયથી પાળવા લાગ્યા, અને દુર્જનોને શિક્ષા કરી સજ્જનોનું રક્ષણ કરવા લાગ્યા.

એક દિવસે શુભ મુહૂર્ત મેળવીને મંત્રીઓએ સિંહ મુખવાળા અને ચાર ચામરધારિણી દેવાધિષ્ઠિત પૂતળીઓવાળા અદ્‌ભૂત સિંહાસન ઉપર મહારાજા વિક્રમચરિત્રને બેસાડવા માંડયા. રાજા વિક્રમચરિત્ર સિંહ મુખવાળા સિંહાસન ઉપર બેસવા ગયા તે અવસરે એક ચામરધારિણીએ મનુષ્ય ભાષામાં રાજાને અટકાવ્યા, "હાં! હાં! રાજન્! આ સિંહાસન ઉપર તો રાજા વિક્રમાદિત્ય બેસી શકે, બીજું કોઇ નહિ?"

"કેમ બીજું ન બેસી શકે?" વિક્રમચરિત્રે પૂછ્યું.

"રાજા વિક્રમની તુલના તમારી સાથે થઇ શકતી નથી. ક્યાં રાજા વિક્રમ અને ક્યાં તમે? તેમના જેવું પરાક્રમ કરો ને પછી તમે આ સિંહાસન ઉપર આરૂઢ થાઓ."

"મહારાજા વિક્રમે શું પરાક્રમ કર્યું કે જેનાં તમે વખાણ કરો છો?" વિક્રમચરિત્રના કથનથી પહેલી ચામરધારિણી પૂતળી બોલી. "રાજન્ સાંભળો!" પહેલી પૂતળી

એ અબોલારાણીની વાત કહી સંભળાવીને એ પૂતળી ની અધિષ્ઠાયિકા દેવી આકાશમાં પોતાના સ્થાનકે ચાલી ગઈ. અબોલારાણીની વાત સાંભળી રાજા સહિત બધા મસ્તક ધુણાવવા લાગ્યા.

પુનઃ રાજા સિંહાસને બેસવા જાય છે, ત્યાં તો બીજી પૂતળીએ રાજાને અટકાવ્યા, ને રાજાના પરાક્રમની એક કીર્તિકથા કહીને એ અધિષ્ઠાયિકા પણ અદૃશ્ય થઇ ગઈ.

આમ બત્રીસ પૂતળીઓવાળા સિંહાસન ઉપર આરૂઢ થવા જતાં રાજાને એક એક પૂતળીની અધિષ્ઠાયિકાઓએ અટકાવ્યા અને રાજા વિક્રમચરિત્રને રાજા વિક્રમની એકે એક કીર્તિ કથા કહી સંભળાવી. અને પછી અધિષ્ઠાયિકાઓ અદૃશ્ય થઈ ગઇ. એ બત્રીસ પૂતળીઓવાળું અદ્‌ભુત સિંહાસન પણ અધિષ્ઠાયક રહિત થવાથી મહત્ત્વ વગરનું થઈ ગયું.

અધિષ્ઠાયક વગરના ખાલી બત્રીસ પૂતળીઓવાળા સિંહાસન ઉપર આરૂઢ થઇને રાજા વિક્રમચરિત્ર રાજ્ય કરવા લાગ્યા. પ્રજાને ન્યાયથી પાળવા લાગ્યા. સમયના વહેણને લઈને મંત્રીઓ પણ કાળના ગ્રાસ થતા ગયા, નવા નવા મંત્રીઓથી રાજા શોભવા લાગ્યો. વિક્રમરાજાના પરમપ્રિય સ્નેહી એવા મહાઅમાત્ય ભટ્ટમાત્ર પણ વિક્રમચરિત્રના રાજ્યારોહણ બાદ થોડા વર્ષોમાં આ અવંતીનું મંત્રીપણું છોડી ને વિદાય થઇ ગયા. કારણકે કાળ કોઇના માટે થોભતો નથી.

સિદ્ધસેનસૂરીશ્વરના ઉપદેશથી વિક્રમચરિત્ર પણ ધીરે ધીરે ધર્મ સન્મુખ થયો. જાવડશાહ સંઘ લઈને શત્રુંજય આવ્યા, ત્યારે વિક્રમચરિત્ર પણ સંઘ સાથે શત્રુંજય તીર્થ આવી શ્રી ઋષભદેવને નમ્યો. ભાવથી ભગવાનને વાંદીને સ્તુતિ કરી, અષ્ટ દ્રવ્યથી ભગવાનને પૂજી પોતાનો માનવભવ સફળ કર્યો. મૂળ નાયકને નમી વાંદી પૂજી બીજા

પણ અન્ય તીર્થંકર ભગવાનની પ્રતિમાની પૂજાપ્રભાવના કરી આત્માને પાપ રહિત કર્યો. રાજા વિક્રમચરિત્રે પણ શ્રી યુગાદીશનો મોટા પર્વત સમાન મહાન પ્રાસાદ કરાવી પોતાની લક્ષ્મી સફળ કરી; દીન અને અનાથ જનોને દાન આપી પોતાની શક્તિ પ્રમાણે તીર્થયાત્રાનો લહાવો લીધો. તે સમયે જાવડશાહ શ્રેષ્ઠીએ વજ્રસ્વામીની સહાયથી શત્રુંજયનો મોટો ઉદ્ધાર કરી અમર નામના કરી. તેમની સાથે ગયેલા મોટા ધનપતિઓએ પણ પોતાની લક્ષ્મી સાર્થક કરી. વિક્રમચરિત્ર પણ શ્રી શત્રુંજય તીર્થની ભક્તિ કરી જીનેશ્વરને નમીને ગિરનાર ઉપર નેમિ ભગવાનને નમી મોટો યાત્રા ઉત્સવ કરી પોતાના પરિવાર સાથે પોતાના નગરમાં આવ્યો. રાજા વિક્રમચરિત્ર પણ પિતાને પગલે ચાલી રાજ્યવ્યવહાર સાચવવા પૂર્વક દાન દેવું, અનાથ વિગેરેને ભોજન આપવું, તેમનું રક્ષણ કરવું—એવી રીતે ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરતો ધર્મકર્મથી પણ પોતાના જીવનને પવિત્ર કરતો હતો. પિતાના ચારિત્રને સંભારતો ને સ્મરણ કરતો આ નવો રાજા પિતાના જેવો થવાને પ્રયત્ન કરતો હતો. નવા રાજા વિક્રમચરિત્રે પણ દીર્ઘકાળ પર્યંત પૃથ્વીનું સામ્રાજ્ય ભોગવી પિતાની માફક ધર્મને આરાધી આત્મહિત સાધ્યું.

પરદુઃખભંજન રાજા વિક્રમનું સંપૂર્ણ કથાનક કાંઈ આ કથામાં આલેખાયું નથી. રાજા વિક્રમના અનેક અદ્ભુત કાર્યો અને કથાઓ આલેખવા માટે કેટલા ગ્રંથ રચવા પડે! તેમના યત્કિંચિત પરાક્રમથી આ ગ્રંથ પણ રસિકતાથી ભવ્ય છે. પરદુઃખભંજન રાજા વિક્રમનો સમય કયાં ને આજનો વર્તમાન સમય કયાં? તે સમયની અલૌકિક વાર્તાઓ, શક્તિ, દેવતાઈ ચમત્કારો

આ બધુંય આજે તો આપણને અપૂર્વ અને ન માની શકાય તેવું લાગે, છતાંય આપણી અલ્પજ્ઞ બુદ્ધિને લઇને તે સમયની અલૌકિક વાત સાંભળી તેને કપોળકલ્પિત કલ્પના માની લેવાની રખે કોઈ સાહસિકતા કરે! એક તો અત્યારે મનુષ્યોના અલ્પ પુણ્યને લઇ ને તેમ જ મનુષ્યની તેથી કોઈ શક્તિના અભાવે દેવદર્શન નજરે થતું નથી, તેમ જ એવાં કોઇ મહત્ત્વનાં કાર્યો પણ શક્તિના અભાવે થઇ શકતાં નથી. મોટી સમૃદ્ધિ પણ જણાતી નથી; છતાં આજેપણ અમેરિકા આદિ દેશોમાં વિપુલ સમૃદ્ધિ સંબંધી વાતો આપણે સાંભળીએ છીએ તેમજ વિમાનાદિક (બલુન, એરોપ્લેન)આદિક વડે આકાશગમન અને આકાશયુદ્ધ તેમ જ સમુદ્રયુદ્ધ પણ આજે સાંભળી શકીએ છીએ. જ્યારે આજના જમાનામાં આપણે આ બધું નજરે જોઇએ છીએ—સાંભળીએ છીએ, ત્યારે તે જમાનામાં પણ તે તે ઘટનાઓ બનવી સંભવિત છે એમ સમજી ઉત્તમ પુરૂષોના ચરિત્ર ઉપરથી સારાંશ ગ્રહણ કરી આપણો આત્મા પણ ધર્મ તરફ સ્થિર દૃષ્ટિવાળો થાઓ!

ॐ शान्तिः! शान्तिः! शान्तिः।

છપાય છે! છપાય છે!! છપાય છે!!!

વિક્રમચરિત્રના બીજા ભાગ તરીકે **શ્રી સિંહાસન બત્રીસી** કે જેમાં વિક્રમ રાજાનાં અદ્‌ભુત પરાક્રમો જે બત્રીસ પુતળીઓના મુખેથી કહેવાયેલ તે તથા **વૈતાલ પચ્ચીસી** કે જેમાં વૈતાળે વિક્રમરાજાને કહેલ, રોમાંચક વાતોથી ભરપુર ભાગ ૨જો તૈયાર થાય છે માટે અગાઉથી ગ્રાહક થાઓ.

લખો યા મળોઃ—માસ્તર રતીલાલ બાદરચંદ શાહ
૬૦ દોશીવાડાની પોળ—અમદાવાદ

